BAOU
Education for All

स्वाध्यायः परमं तपः

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# ઔદ્યોગિક અર્થશાસ્ત્ર - I

## MAECON 105

## CPIE03

## ECONMJ703



BAOU
Education
for All

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

BAOU
Education
for All

# Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad
## Industrial Economics- I

| | |
|---|---|
| નિદર્શનઃ | પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખ, નિયામક સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશીયલ સાયન્સસ,<br>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| સંપાદક : | ડૉ.કૃતિ છાયા,આસિસ્ટન્ટ પ્રોફેસર અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| સહસંપાદકઃ | ડૉ.જીવરાજ ઝાપડિયા,આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ.દિલીપચંદ્ર ચાવડા. આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ |
| વિષય સમિતિઃ | ડૉ. કૃતિ છાયા આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ.જી.ડી.ત્રિપાઠી પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ અને બી, ડી. કોમર્સ કોલેજ, કડી<br>ડૉ.ગૌરાંગ રામી પ્રોફેસર,અર્થશાસ્ત્ર ,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી,સુરત<br>ડૉ.વિજય જરીવાલા એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, એસ. પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર<br>ડૉ. ઓમ તેરૈયા એસોસિએટ પ્રોફેસર, આત્મીય યુનિવર્સિટી, રાજકોટ<br>ડૉ. મહેન્દ્ર મૈસુરિયા એસોસિએટ પ્રોફેસર, સિટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ<br>ડૉ. હિમાંશુ પટેલ, સ્કૂલ ઓફ કમ્પ્યૂટર સાયન્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ.મંજુલા લક્ષ્મણ પ્રોફેસર,અર્થશાસ્ત્ર વિભાગ,ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ<br>ડૉ.હિમાની જોષી, સ્કુલ ઓફ લિબરલ સ્ટડીઝ, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર<br>ડૉ.રણીતા નાગર પ્રોફેસર, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર |
| વિષય પરામર્શક | ડૉ.લીલા સ્વામી એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ.સંજય પરદેશી એસોસિએટ પ્રોફેસર, અધ્યક્ષ અર્થશાસ્ત્ર વિભાગ,ગુજરાત યુનિવર્સીટી,અમદાવાદ<br>ડૉ.કલ્પના સતીજા એસોસિએટ પ્રોફેસર અધ્યક્ષ અર્થશાસ્ત્ર વિભાગ કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી. ભુજ |
| લેખનઃ | ડૉ.કૃતિ છાયા આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ,અમદાવાદ<br>ડૉ.જીવરાજ ઝાંપડીયા આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ.દિલીપચંદ્ર ચાવડા આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ<br>ડૉ.લીલા સ્વામી એસોસિએટ પ્રોફેસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ<br>ડૉ.ભાવેશ પરમાર એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ,સરદાર પટેલ યુનિવર્સીટી,વલ્લભ વિધાનગર,આણંદ<br>ડૉ.અરુણા સોલંકી આસિસ્ટન્ટ પ્રોફેસર, વી.એસ પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ બીલીમોરા<br>ડૉ.પ્રિયંકા સોલંકી આસિસ્ટન્ટ પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ.ઇડર<br>ડૉ.દિલાવરખાન પઠાણ આસિસ્ટન્ટ પ્રોફેસર,શ્રી રંગ નાચેતાના આર્ટસ કોલેજ,વળીયા,ભરૂચ<br>ડૉ.દશરથ પ્રજાપતિ, ઇડર અંજણાપાટીદાર કે.એમ આર્ટસ એન્ડ પી.એન પટેલ કોમર્સ કોલેજ,ઇડર<br>ડૉ.રમા શાહ એસોસિએટ પ્રોફેસર,ડી.પી.સી.બી.એલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,ધનસુરા<br>ડૉ.ધવલ દવે આસિસ્ટન્ટ પ્રોફેસર,એચ.એસ.શાહ કોમર્સ કોલેજ,મોડાસા<br>ડૉ.જીજ્ઞેશ બારોટ, અર્થશાસ્ત્ર વિભાગ,સરદાર પટેલ યુનિવર્સીટી,વલ્લભ વિધાનગર,આણંદ<br>ડૉ.ધરતી જૈન આસિસ્ટન્ટ પ્રોફેસર,વી.એન.એસ.બી.લિમિટેડ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,વડનગર |
| ભાષા પરામર્શન : | ડૉ. અજય રાવલ, એસોસિએટ પ્રોફેસર, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ |
| પ્રકાશક : | કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી |
| પ્રથમ આવૃત્તિ : | વર્ષ 2025 ISBN: 978-93-5598-739-6 |


**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad**
**Industrial Economics- I**

| ક્રમ | એકમ શીર્ષક | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| ૧ | ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો પરિચય | અર્થ, સ્વરૂપ, કાર્યક્ષેત્ર, ઔદ્યોગિક અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્વ |
| ૨ | પેઢી | અર્થ, લક્ષણો, વિવિધ બજાર માળખામાં પેઢીનો ખ્યાલ, પેઢીની માલિકીના આધારે પેઢીના પ્રકાર (સ્વરૂપ) |
| ૩ | ઉદ્યોગ | અર્થ, લક્ષણો, પેઢી અને ઉદ્યોગ વચ્ચે તફાવત |
| ૪ | ઉદ્યોગોના પ્રકારો | ઉદ્યોગોના વિવિધ પ્રકારો અને તેનો ભારતના સંદર્ભમાં અભ્યાસ |
| ૫ | ઔદ્યોગિક વિકાસનું મહત્વ | આર્થિક વિકાસમાં ઔદ્યોગિક વિકાસનું મહત્વ, ઉદ્યોગ ક્ષેત્રના કૃષિ તથા સેવા ક્ષેત્ર સાથેના આંતરસંબંધો, સમાજ. રાજ્ય અને બજારના ઉદ્યોગો સાથેના આંતરસંબંધો |
| ૬ | ઔદ્યોગિક ક્રાંતિ-I | પ્રથમ અને દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિ, અર્થ, લક્ષણો, પરિબળો, અસરો |
| ૭ | ઔદ્યોગિક ક્રાંતિ-II | તૃતીય અને ચતુર્થ ઔદ્યોગિક ક્રાંતિ, અર્થ, લક્ષણો, પરિબળો, અસરો |
| ૮ | ઉદ્યોગોનું વર્ગીકરણ | મોટા, મધ્યમ, લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગો, અર્થ, વ્યાખ્યા, લક્ષણો |
| ૯ | ગૃહ ઉદ્યોગ | અર્થ, વ્યાખ્યા, લક્ષણો, મહત્વ, ભારતમાં વિકાસ, ભારતમાં વિકાસ આડેના અવરોધો, |
| ૧૦ | ઉદ્યોગો સંબંધી આધુનિક ખ્યાલો | સ્ટાર્ટ અપ, યુનિકોર્ન, મેક ઇન ઇન્ડિયા, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, MNC, Disinvestment and issues related with disinvestment |
| ૧૧ | ભારતમાં ઔદ્યોગિક વિકાસ | ભારતમાં ઔદ્યોગિક વિકાસની તરાહ, આર્થિક વિકાસના જુદાજુદા તબક્કે મહત્વના સ્થાને રહેલા ઉદ્યોગો ભારતના સંદર્ભમાં, ભારતીય અર્થતંત્રમાં ઉદ્યોગોનું મહત્વ |
| ૧૨ | ઉદ્યોગો અને પર્યાવરણ | ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંબંધ, વૈશ્વિક નીતિ |
| ૧૩ | આર્થિક વિકાસ અને ઉદ્યોગોની માલિકી | ઔદ્યોગિક વિકાસમાં જાહેર અને ખાનગી ક્ષેત્રનો ફાળો,; ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણ નીતિ કારણો અને અસરો |
| ૧૪ | ભારતમાં ઉદ્યોગોનો પ્રાદેશિક વિકાસ | ભારતમાં ઉદ્યોગોનો વિકાસ અને પ્રાદેશિક અસમાનતા-અસમાનતાના કારણો, ઔદ્યોગિક કેન્દ્રીકરણ |

**Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad**
**Industrial Economics- I**

| Unit | Title | Points included |
|---|---|---|
| 1 | Introduction to industrial economics | Meaning, nature, importance of studying industrial economics |
| 2 | Firm | Meaning, features, concept of firm in different market structure, types of firm based on ownership of firm |
| 3 | Industry | Meaning, features, difference between firm and industry |
| 4 | Types of industries | Different types of industries, study in reference to India |
| 5 | Importance of industrial development | Importance of industrial development in economic development, relationship with agriculture and service sector, industries' relation with society, state and market |
| 6 | Industrial revolution-I | First and second industrial revolution, meaning, features, factors, impacts |
| 7 | Industrial revolution-II | Third and fourth industrial revolution, meaning, features, factors, impacts |
| 8 | Classification of industries | Big, medium, small and micro industries, meaning, definition, features |
| 9 | Cottage industries | Meaning, definition, importance, development in India, barriers in development of cottage industries in India |
| 10 | Modern concepts related with industries | Start up, make in India, Ease of doing business Multi-National Corporations, Disinvestment |
| 11 | Industrial development in India | Pattern of industrial development in India, important industries ain different stages of economic development, importance of industries in Indian economy |
| 12 | Industries and environment | Relation between industrial development and environment, global policy |
| 13 | Economic development and ownership of industries | Role and contribution of public and private sector in industrial development, liberalization, privatization and globalization policy, causes and impacts |
| 14 | Regional development of industries in India | Industrial development and regional inequality, causes of regional inequality, industrial centralization |

**Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad**
**Industrial Economics- I**


| એકમ | એકમનું નામ | પાના નં. |
|---|---|---|
| વિભાગ-1 | | |
| 1 | ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો પરિચય | 1 થી 20 |
| 2 | પેઢી | 21 થી 38 |
| 3 | ઉદ્યોગ | 39 થી 50 |
| 4 | ઉદ્યોગોના પ્રકાર | 51 થી 66 |
| 5 | ઔધોગિક વિકાસનું મહત્વ | 67 થી 79 |
| વિભાગ-2 | | |
| 6 | ઔદ્યોગિક ક્રાંતિ-I | 80 થી 93 |
| 7 | ઔદ્યોગિક ક્રાંતિ-II | 94 થી 107 |
| 8 | ઉદ્યોગોનું વર્ગીકરણ | 108 થી 134 |
| 9 | ગૃહ ઉદ્યોગ | 135 થી 147 |
| 10 | ઉદ્યોગ સંબંધી આધુનિક ખ્યાલો | 148 થી 164 |
| વિભાગ-3 | | |
| 11 | ભારતમાં ઔધોગિક વિકાસ | 165 થી 180 |
| 12 | ઉદ્યોગ  અને પર્યાવરણ | 181 થી 198 |
| 13 | આર્થિક વિકાસ અને ઉદ્યોગોની માલિકી | 199 થી 221 |
| 14 | ભારતમાં ઉદ્યોગોનો પ્રાદેશિક વિકાસ | 222 થી 232 |

એકમ 1

# ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો પરિચય

-: રૂપરેખા :-


**1.0** ઉદ્દેશો

**1:1** પ્રસ્તાવના

**1:2** ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ

**1:3** ઔદ્યોગિક અર્થશાસ્ત્રની વ્યાખ્યા

**1:4** ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું સ્વરૂપ

**1.5** ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

**1.6** ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું મહત્ત્વ

**1.7** સારાંશ

**1.8** ચાવીરૂપ શબ્દો

**1.9** તમારી પ્રગતિ ચકાસો

● સંદર્ભ સૂચિ

● તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 1.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) સ્ટાર્ટઅપ કોને કહેવાય છે, સ્ટાર્ટઅપ કયા પ્રકારના હોય છે, સ્ટાર્ટઅપના પડકારો કયા હોય છે વગેરે બાબતો જાણી શકશો.

(2) આ અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થી મિત્રો ઔદ્યોગિક અર્થશાસ્ત્રને સરળતાથી સમજી શકશે.

(3) ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ અને તેનું શાબ્દિક અને વ્યાપક અર્થઘટન જેવી પ્રાથમિક માહિતી અને સમજ મળી રહે તેવો ઉદેશ અભ્યાસનો છે.

(4) ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ, વ્યાખ્યા, તેનું સ્વરૂપ, કાર્યક્ષેત્ર અને મહત્ત્વ વિષે વિગતવાર સમજ કેળવાય અને વિસ્તૃત જાણકારી મેળવી શકાશે.

## 1.1 પ્રસ્તાવના

માનવ જીવનની આર્થિક પ્રવૃત્તિઓનો પ્રારંભ પ્રાથમિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો હતો. માનવજીવન થોડું ઘણું સ્થિર થવા સાથે જીવનપયોગી ચીજવસ્તુઓ સ્વઉત્પાદિત અથવા કેટલીક ચીજવસ્તુઓ બીજા ઉપર આધારિત હતી. કેટલીક જીવનપયોગી ચીજવસ્તુઓના ઉત્પાદનનો પ્રારંભ હસ્ત ઉદ્યોગ સ્વરૂપે ક્રમશઃ કુટીર ઉદ્યોગ, ગૃહઉદ્યોગ સ્વરૂપે ઉદ્યોગ વિસ્તર્યો હતો. પશ્ચિમ યૂરોપમાં કાંતિકારી ફેરફારો થવા સાથે મોટા ભાગના દેશોમાં ખેતીની સાથે ઉદ્યોગોનું મહત્ત્વ વધતા ઔદ્યોગિક સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી. 18 મી સદી દરમિયાન વૈજ્ઞાનિક સંશોધનોને વેગ મળવા સાથે 18 મી સદીના ઉતરાર્ધમાં ઔદ્યોગિક ઉત્પાદનની વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન

આવ્યું અને માનવ શ્રમ તથા પશુબળના સ્થાને કૃત્રિમ ઉર્જાથી ચાલતા યંત્રો વડે ઉત્પાદન થવા લાગ્યું. આ સંદર્ભમાં પ્રશિષ્ઠ અર્થશાસ્ત્રીઓએ સૈદ્ધાતિક સ્વરૂપે અર્થશાસ્ત્રનું વિશ્લેષણ કર્યું. અર્થશાસ્ત્રના સૌપ્રથમ એવા આધારભૂત પુસ્તક "Nature and causes of Wealth of Nations" માં એડમ સ્મિથે ઇ. સ. 1776 માં પેઢી તથા સૂક્ષ્મ શ્રમવિભાજન તથા મુક્ત હરિફાઈ જેવા વિષયનું વિશ્લેષણ કર્યું, ત્યાર બાદ ડેવિડ રિકાર્ડ, એજવર્થ, કાલ માર્કસ, માર્શલ, વિકસેલ વગેરે અર્થશાસ્ત્રીઓએ ઔદ્યોગિક અર્થશાસ્ત્રના સૈદ્ધાંતિક ભાષાઓનું વિશ્લેષણ કર્યું. આલ્ફ્રેડ માર્શલે તેમના પુસ્તકના નામ (1) "Economics of Industry" અને (2) "Industry and Trade" છે જેમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓ તથા વ્યવસાયિક સંગઠનો અને તેમની વિવિધ અસરો વિશે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આમ ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો પાયો 18 મી સદીથી નંખાયો હતો.

18 મી સદીના ઉત્તરાર્ધથી શરૂ થયેલ ઔદ્યોગિક ક્રાંતિના પગલે ઓગણીસમી અને વીસમી સદીમાં ઉદ્યોગોનો ઝડપી વિકાસ થયો અને વીસમી સદીમાં ઉદ્યોગો વિકસિત દેશોમાં સૌથી મહત્ત્વની આર્થિક પ્રવૃતિનું ક્ષેત્ર બની ગયા. આમ ઔદ્યોગિક પ્રવૃતિ એ વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ પૈકી વધુ વળતરદાયી અને વધુ મહત્ત્વની બનવા પામી. બીજા વિશ્વયુદ્ધ સુધી ઉદ્યોગો એક મહત્ત્વની આર્થિક પ્રવૃત્તિનું ક્ષેત્ર બનવા છતાં અર્થશાસ્ત્રના એક સામાન્ય ભાગ તરીકે તેનો અભ્યાસ કરવામાં આવતો હતો, પરંતુ વિસમી સદીના ઉત્તરાર્ધમાં અર્થશાસ્ત્રની એક મહત્ત્વની શાખા તરીકે ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ થયો. સૌ પ્રથમવાર ઈ.સ. 1951-52 માં પી. ડબલ્યુ. એન્ડ્રુઝે તેમના લખાણોમાં ઔદ્યોગિક અર્થશાસ્ત્ર શબ્દોનો ઉપયોગ કર્યો, તેમજ ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો બહોળો પરિચય કરાવ્યો. વર્તમાન સમયમાં ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો વિશાળ પ્રમાણમાં વિકાસ થયો છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના ઘણા સિદ્ધાંતો વિવિધ અર્થશાસ્ત્રીઓએ આપ્યા છે આજે અર્થશાસ્ત્રની એક અલગ શાખા તરીકે ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું વિશિષ્ટ સ્થાન છે. ઘણા તજજ્ઞો અને સંશોધકો ઔદ્યોગિક અર્થશાસ્ત્ર અંતર્ગત તેમના સંશોધન કાર્યો કરી રહ્યા છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રની પ્રારંભિક જાણકારી મેળવ્યા બાદ હવે આપણે તેનો અર્થ અને વ્યાખ્યા સમજીશું.

## 1.2 ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની એક વિશિષ્ટ શાખા છે કે જે ઔદ્યોગિક પ્રવૃત્તિઓના વિશ્લેષણ સાથે સંકળાયેલું છે. દરેક દેશોમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અનેક દ્રષ્ટિએ મહત્ત્વ છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થઘટન બે રીતે થઈ શકે એક શાબ્દિક અને બીજું વ્યાપક કે વિશિષ્ટ અર્થઘટન.

**શાબ્દિક અર્થઘટન :**

અર્થશાસ્ત્રનો અર્થ સમજવા માટે તેના શાબ્દિક અર્થને સરળ ભાષામાં સમજવું જોઈએ. શાબ્દિક ભાષાની દષ્ટિએ ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એટલે ઉદ્યોગોને લગતા વિવિધ વિષયનો અભ્યાસ કરતું શાસ્ત્ર ઉદ્યોગો એ મહત્ત્વની આર્થિક પ્રવૃતિ હોવાથી ઉદ્યોગોને લગતા વિવિધ મુદ્દાઓ જેમ કે ઉદ્યોગ સંબંધી, ઉદ્યોગો વિષયક અથવા ઉદ્યોગોનો સમગ્રલક્ષી અભ્યાસ કરતું શાસ્ત્ર, એ ઉદ્યોગોના અર્થશાસ્ત્ર તરીકે ગણાવી શકાય.

**વ્યાપક કે વિશિષ્ટ અર્થઘટન :**

ઉદ્યોગોના અર્થશાસ્ત્રના અર્થને વ્યાપક કે વિશિષ્ટ રીતે સમજવા માટે ઉદ્યોગોના કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ મુદ્દાઓ અને પાસાંઓને સમજવા જોઈએ. ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં મુખ્ય ત્રણ સ્વરૂપો કે પાસાંઓ ને સમજવા જોઈએ. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના મુખ્ય ત્રણ સ્વરૂપો છે. (1)

સૈધ્ધાંતિક સ્વરૂપ (2) નીતિ વિષયક સ્વરૂપ અને (3) ઉદ્યોગોના પ્રશ્નો અને વ્યવહારનું સ્વરૂપ. આ ત્રણ સ્વરૂપોમાં વિવિધ મુદ્દાઓ તેમના અભ્યાસક્ષેત્રમાં દર્શાવી શકાય.

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એટલે પેઢી અને ઉદ્યોગના આર્થિક વર્તન અને વિશ્લેષણનો અભ્યાસ કરે છે. પેઢી ઉદ્યોગનો મહત્ત્વનો એકમ છે. પેઢીના વિવિધ ઉદ્દેશ સંદર્ભે પેઢીના વર્તનનું વિશ્લેષણ અને તેના સિદ્ધાંતોનું અભ્યાસ કરતું શાસ્ત્ર એ ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો ભાગ કહેવાય.

ઉદ્યોગોનું સૈદ્ધાંતિક વર્તન સમજવા માટે વિવિધ બજાર વ્યવસ્થાઓના લક્ષણો અને તેમાં પેઢી તથા ઉદ્યોગની ટૂંકા ગાળા અને લાંબા ગાળાની સમતુલા સમજાવવામાં આવે છે. પેઢી વિકાસ અને ઉદ્યોગ વિકાસના લાભ અને ગેરલાભ પણ ચર્ચામાં આવે છે. પેઢીનું સ્થાનીયકરણ અને તેને લગતા સિદ્ધાંતોનો અભ્યાસ પણ ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો ભાગ ગણાય છે.

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ રાજયના ઉદ્યોગોના પ્રોત્સાહન અને નિયંત્રણ અંગેની નીતિઓનો અભ્યાસ કરે છે. આમ ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એટલે વિવિધ સંજોગોમાં ખાનગીક્ષેત્રના ઉદ્યોગોના નિયંત્રણ કે ઉદારીકરણની નીતિ, જાહેર ક્ષેત્રના વ્યાપ કે ખાનગીક્ષેત્રને નિયંત્રણોમાંથી મુક્તિ આપતી ખાનગીકરણની નીતિ, સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્ર માટે ઉદારીકરણની નીતિ તથા ઔદ્યોગિક મૂડીરોકાણો, ઉદ્યોગ માટે જરૂરી આયાતો, ટેક્નોલોજિકલ સહયોગ તથા ઔદ્યોગિક ચીજોની નિકાસો વગેરે ઉપરના નિયંત્રણો અને જકાતો હળવી કરી ને વૈશ્વિકીકરણની નીતિ જેવી વિવિધ આર્થિક નીતિઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે ઔદ્યોગિક અર્થશાસ્ત્ર.

ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટેની કર અને સબસીડીની નીતિ તથા ઉદ્યોગોને કારણે વધતાં પ્રદુષણને નિયંત્રિત કરવા માટે ની વિશેષ કરનીતિનો અભ્યાસ કરવામાં આવે છે. આથી ઉદ્યોગો સંબંધિત કરવેરા તથા રાજકોષિય નીતિનો અભ્યાસ કરતું શાસ્ત્ર એ ઔદ્યોગિક અર્થશાસ્ત્ર છે.

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એટલે ઉદ્યોગોના વિવિધ પ્રશ્નો તથા સમસ્યાઓ અને તેના ઉકેલો તથા રાજ્ય દ્વારા લેવામાં આવેલા પગલાં ઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. ઉદ્યોગના વિકાસમાં સહાયરૂપ નાના અને મૂડી સંસ્થાઓના ફાળાનો અભ્યાસ એટલે ઔદ્યોગિક અર્થશાસ્ત્ર.

ટેક્નોલોજી, આધુનિકીકરણ, મલ્ટીનેશનલ કંપનીઓ, કામદારોના પ્રશ્નો, ઔદ્યોગિક રોજગારી, ઉત્પાદનમાં ફાળો, વિદેશી હુંડિયામણની કમાણીમાં ફાળો જેવા મહત્ત્વના વિકાસલક્ષી મુદ્દાઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે ઔદ્યોગિક અર્થશાસ્ત્ર.

આમ ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ તેના બૃહદ કાર્યક્ષેત્ર સંદર્ભે દર્શાવી શકાય.

## 1.3 ઔદ્યોગિક અર્થશાસ્ત્રની વ્યાખ્યા

ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો પ્રવર્તમાન ઘાટ તથા આકાર 50 અને 60 ના દાયકા દરમિયાન બંધાયો છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના વિષય ઉપર એક અલગ સામયિક "The Journal of Industrial Economics" નો 1952 થી પ્રારંભ થયો છે. જે.એસ.બેઈન, રોબિન મારીશ, જે સ્ટીગ્લર, સાયમન, સિઅર્ટ અને જે. માર્ચ, ગાલબ્રેથ વગેરેએ ઔદ્યોગિક અર્થશાસ્ત્રના પ્રવર્તમાન ઘાટ અને આકાર બાંધવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. જે.એસ.બેઈને તેના પુસ્તક "Industrial Organization" 1959માં ઔદ્યોગિક પ્રવૃત્તિઓના વિશ્લેષણના ઢાંચા તરીકે 'માળખા-વર્તન - કામગીરી'' ની સાંકળ રજૂ કરી છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં તેનું પ્રધાન મહત્ત્વ છે. રોબર્ટ મારીસે "The Economic Theory of Managerial Capitalism" (1964) માં વર્તમાન કોર્પોરેશનોના સંદર્ભમાં સંચાલકીય વર્તણૂકનું વિશ્લેષણ કર્યું છે. આ વિશ્લેષણને જે.કે, ગાલબ્રેથે

તેના પુસ્તક The New Industrial State (1967) માં અપનાવીને તેનું નવું સંસ્કરણ કર્યું છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રની વ્યાખ્યા નીચે મુજબ આપી શકાય.

1. J.L.Hanson:-

"Industrial Economics means a term for economic analysis as applied to Industry. This branch of applied economics assumed greater importance with the development"

જે. એન. હાન્સને ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ સમજાવતા જણાવ્યું છે કે ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ ઉદ્યોગો ને લાગુ પડતા આર્થિક વિશ્લેષણ માટે વપરાતો શબ્દ પ્રયોગ છે. વ્યવહારિક અથવા પ્રાયોગિક અર્થશાસ્ત્રની આ શાખા "Business School" ના વિકાસ સાથે વધુ મહત્ત્વ ધરાવતી હોવાનું માનવામાં આવે છે.

2. Penguin Dictionary' Economics:-

"Industrial economics is a general term for that branch of applied economics with deals with the factors affecting the structure of industry and the way it is owned and managed. It can therefore be regarded as an area of applied micro economic".

પેન્ગુઈન ડીક્ષનેરી અનુસાર ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ (Applied) વ્યવહારિક અર્થશાસ્ત્રની સાથે સંકળાયેલો એવો સામાન્ય શબ્દ પ્રયોગ છે, કે જે ઉદ્યોગોના માળખાને અસર કરતા પરિબળો સાથે સંબંધ ધરાવે છે તથા ઉદ્યોગોની માલિકી અને સંચાલન અંગેની બાબતો સાથે સંબંધ ધરાવે છે. આથી ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ (Applied Micro Enonomics) એટલે કે વ્યવહારિક એકમલક્ષી અથવા સૂક્ષ્મ અર્થશાસ્ત્રના વિભાગ સાથે એ સંબંધ ધરાવે છે.

અર્થશાસ્ત્રની વ્યાખ્યા મુજબ અર્થશાસ્ત્ર એ અમર્યાદિત જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગવાળા મર્યાદિત સાધનો સંદર્ભે માનવવર્તન અને માનવીય પસંદગીઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની એક અલગ શાખા છે, જે પેઢીઓ અને ઉદ્યોગોના આર્થિક પ્રશ્નો તથા સમાજ સાથેના તેના સંબંધો સાથે સંબંધ ધરાવે છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર Micro અને Micro-Enonomics એટલે કે અર્થશાસ્ત્રના એકમલક્ષી અને બૃહદલક્ષી બંને પાસાઓ સાથે સંકળાયેલ છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ ઔદ્યોગિક સંગઠનાત્મક તથા માળખાગત બાબતો તેમજ ઔદ્યોગિક નીતિ નિયમો અને નીતિઓ સાથે પણ સંકળાયેલ છે.

## 1.4 ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું સ્વરૂપ:-

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર શું છે ? તેમાં કયા અભ્યાસનો સમાવેશ કરવામાં આવે છે, તેમજ તે વિષય કયો છે ? વગેરે બાબતો તપાસવાથી તેના સ્વરૂપની જાણકારી મળી શકે છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના સ્વરૂપને અર્થશાસ્ત્રની દૃષ્ટિએ વિચારીએ તો ઔદ્યોગિક અર્થશાસ્ત્ર આદર્શલક્ષી અને વાસ્તવલક્ષી વિજ્ઞાન છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના મુખ્ય અને અન્ય સ્વરૂપો નીચે મુજબ છે.

**મુખ્ય સ્વરૂપો :**

**(1) પેઢી, ઉદ્યોગ અને બજાર:-**

ઔદ્યોગિક અર્થશાસ્ત્રના મુખ્યત્વે ત્રણ પાસાં દર્શાવી શકાય છે. જેમાં પ્રથમ પાસું એ પેઢી, ઉદ્યોગ અને બજાર વ્યવસ્થાનું સૈદ્ધાંતિક પાસું ગણાવી શકાય. પેઢીના વર્તમાન સિદ્ધાંતો, પેઢીના ઉદેશો, પેઢીની માલિકીનું સ્વરૂપ, ખાનગી અને કોર્પોરેટર કે સહકારી ક્ષેત્ર ગણી શકાય.

પેઢીનો મહત્તમ નફો એ મુખ્ય ઉદ્દેશ્ય મનાય છે, પરંતુ કોર્પોરેટ પદ્ધતિમાં તેના ઉદ્દેશો બદલાઈ જાય છે. પરંપરાગત ઉદ્દેશ એ મહત્તમ નફો છે, પરંતુ સમય સાથે ફેરફારો થતા કેટલીક પેઢી મહત્તમ ઉત્પાદન, મહત્તમ વેચાણ આવક અને મહત્તમ નફો આ ત્રણેને સંયુક્ત કરી કોઈ એક બિંદુ પસંદ કરે છે.

પેઢીની પ્રતિષ્ઠા માત્ર ઉત્પાદન, કદ, નફો નહીં પણ સમાજના કલ્યાણમાં યોગદાન શું છે ? તે સંદર્ભે ચર્ચા કરે છે. જેમ કે (1) પોતાના શ્રમિકો અને કર્મચારીઓનું કલ્યાણ વધારવા એમને બોનસ આપવું, વધારે સગવડો આપવી જેમ કે રહેઠાણ, હોસ્પિટલ, શિક્ષણની સુવિધાઓ અને સામાજિક સલામતીના કેટલાક લાભ આપી કર્મચારી કે કામદારોમાં ગુડવિલ ઉભી કરવી અને કર્મચારીની કાર્યદક્ષતા વધે તેવી સુવિધાઓ આપવી. (2) એના શેરહોલ્ડરોને લાભ આપવા એમને વધારે ડીવીડન્ડ આપવું, ક્યારેક બોનસ કે શેર આપવા (3) જે વિસ્તારમાં કંપની કે પ્રોડક્શન કે કારખાના છે. એની નજીકના ગામોમાં વસતા લોકોના કલ્યાણ અર્થે સુવિધાઓ ઉભી કરવી જેમ કે રોડ, રસ્તા, સ્કૂલો, દવાખાના, પીવાનો પાણીની સગવડૉ, વીજળીની વ્યવસ્થા, બાગ-બગીચા વગેરે (4) ટ્રસ્ટ બનાવીને બહોળા સમાજના હિતમાં નફાનો ચોક્કસ ભાગ ફંડ તરીકે ફાળવવો અને તેના થકી દેશના અને બૃહદ સમાજના લોકોના કલ્યાણ અર્થે પ્રોજેક્ટ હાથ ધરવા કે તેને અનુદાન કરવા. અર્થશાસ્ત્રમાં પેઢીના ઉદ્દેશોની ચર્ચામાં કોર્પોરેટ પેઢીના ઉદ્દેશો ઉપર જ ભાર મૂકવામાં આવે છે. આધુનિક પેઢી આ વિવિધ દેશો વચ્ચે સમય અને સંજોગો અનુસાર સમતોલ એવો નિર્ણય કરે છે. દરેક પેઢીના ઉદ્દેશો તદ્દન એકસરખા હોતા નથી, પરંતુ આ ઉદ્દેશો પૈકી પેઢીના પોતાના ઉદ્દેશોનો અલગ અગત્યાનુંક્રમ હોય છે. દાખલા તરીકે કેટલીક પેઢીઓ પોતાના કામદાર કર્મચારીઓના બદલેં શેર હોલ્ડરોને વધુ મહત્ત્વ આપીને તેમને બોનસ શેર આપે છે. જ્યારે કેટલીક પેઢીઓ પોતાના કામદાર કર્મચારીઓને બોનસ શેર આપીને અથવા તો પોતાના બોનસ શેર આપીને અથવા તો પોતાના પબ્લિક ઇશ્યુનો કેટલોક ભાગ કે હિસ્સો પોતાના કર્મચારી કે કામદારોને પોતાના વ્યવસાયમાં ભાગીદાર બનાવે છે.

**(2) બજાર માળખું :**

ઉદ્યોગોની સંખ્યા, પ્રવેશની સ્થિતિ, પેઢીનું કદ વગેરેને આધારે ઈજારા અને હરીફાઈના તત્વ નક્કી થાય છે. વિવિધ શરતો અને પરિબળોના સંદર્ભમાં વિવિધ પ્રકારની બજાર વ્યવસ્થાઓ રચાય છે, જેમકે પૂર્ણ હરિફાઈ, અપૂર્ણ હરીફાઈ, ઈજારો, ઈજારાયુક્ત હરીફાઈ, દ્વિ હસ્તક ઈજારો, અલ્પ ઈજારો. આમ મુક્ત પ્રવેશની સ્થિતિ હોય ત્યાં પૂર્ણ હરીફાઈ, અપૂર્ણ હરિફાઈ કે ઈજારાયુક્ત હરીફાઈની સ્થિતિ હોય છે. સૈદ્ધાંતિક ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં આ વિવિધ બજાર વ્યવસ્થાઓની શરતો અને લક્ષણો પેઢી છે. સૈદ્ધાંતિક ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં આ વિવિધ બજાર વ્યવસ્થાઓની શરતો અને લક્ષણો, પેઢી અને ઉદ્યોગની સમતુલા, કિંમત નિર્ધારણ વગેરેનું વિશ્લેષણ કરવામાં આવે છે.

**(3) સ્થાનીયકરણ :**

ઉદ્યોગો ચોક્કસ વિસ્તારમાં ઝડપથી વિકાસ પામતા હોય છે. ચોક્કસ અનુકૂળ પરિસ્થિતિઓમાં ઉદ્યોગોનું ચોક્કસ પ્રદેશોમાં સ્થાનીયકરણ થતું હોય છે. એટલે કે કેન્દ્રીયકરણ થતું હોય છે. કાચામાલની પ્રાપ્યતા અને સરળતા, કામદારોની પ્રાપ્યતા, Skill labour ની પ્રાપ્યતા, જે તે વિસ્તારમાં કર રાહતો અને અન્ય પ્રોત્સાહનો, માળખાકીય સુવિધાઓ વગેરેની અનુકુળતાઓને આધારે કોઈ ચોક્કસ વિસ્તારમાં ઉદ્યોગો વધુને વધુ પ્રમાણમાં સ્થપાય છે અને સ્થાનીયકૃત્ય થતા હોય છે. આ ઉદ્યોગોના સ્થાનીયકરણના સિદ્ધાંતોનું વિશ્લેષણ પણ ઔદ્યોગિક અર્થશાસ્ત્રના સિદ્ધાંતિક સ્વરૂપમાં કરવામાં આવે છે.

**(4) વિકાસના લાભ :**

પેઢી અને ઉદ્યોગના કદ વિકાસના પરિબળો અને તેની લાભ ગેરલાભની ચર્ચા ઔદ્યોગિક વિકાસના સૈદ્ધાંતિક પાસાંમાં કરવામાં આવે છે. આને આંતરિક અને બાહ્ય વિકાસના લાભાલાભ કે પેઢી ના કદ વિકાસના લાભાલાભ કહે છે.

**1.4.2 નીતિ વિષયક ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું સ્વરૂપ :**

ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં નીતિ વિષયક પાસુ મહત્ત્વનું છે. ઔદ્યોગિક વિકાસમાં ઉદ્યોગોને લગતી આર્થિક નીતિઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઔદ્યોગિક નીતિઓ અમુક અંશે રાજ્યની રાજકોષિય તેમજ ઔદ્યોગિક નીતિનો ઉદ્દેશોથી પ્રભાવિત હોય છે. જો સમાજવાદી સમાજરચનાના ઉદ્દેશો હોય તથા મિશ્ર અર્થતંત્રની પદ્ધતિની પસંદગી હોય તો ખાનગી ક્ષેત્ર ઉપર નિયંત્રણ તથા કેટલાક ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણ તથા જાહેર ઉદ્યોગોના વ્યાપ ઉપર ભાર મૂકવામાં આવે છે. આ સંદર્ભમાં મૂડીરોકાણ અને ઉત્પાદન ઉપર વિવિધ પ્રકારના નિયંત્રણો મુકવામાં આવે છે, જેમ કે ઔદ્યોગિક પરવાનાનીતિ (Industrial licensing Policy) ઈસ્પેક્ટર રાજ (વિવિધ તબક્કા, જુદા જુદા વિભાગો દ્વારા તપાસની નીતિ), ભાવ નિયંત્રણ, ઉત્પાદન શક્તિના ઉપયોગ ઉપર નિયંત્રણ, (મંજૂર થયેલી ઉત્પાદન શક્તિ ઉપર વધારે ઉત્પાદન કરી ન શકાય. નહિતર દંડ થાય), મંજૂર થયેલ ઉત્પાદનના પ્રકારમાં ફેરફાર ઉપર નિયંત્રણ (દાખલા તરીકે નાહવાના સાબુની મંજૂરી હોય તો કપડા ધોવાનો સાબુ ન બનાવી શકાય અથવા કપડા ધોવાનો પાઉડર પણ બનાવી ન શકાય) કેટલાક ઉદ્યોગ જે વધુ પડતા નફાખોરી કરતા હોય તેવું જણાય કે ખાનગી ઈજારાશાહી ધરાવતા હોય તેમ જણાય તો તેવા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવાની નીતિ અપનાવવામાં આવે છે. કેટલાક ઉદ્યોગો તો ખાનગી ક્ષેત્રે રાખવાને બદલે રાષ્ટ્રના બહોળા હિતને ધ્યાનમાં રાખીને અથવા સરકારના કબજામાં લેવાના હેતુથી રાષ્ટ્રીયકરણની યાદીમાં મુકવામાં આવતા હતા. કેટલાક ઉદ્યોગો માત્ર જાહેર ક્ષેત્ર માટે અનામત રાખવાની નીતિ અપનાવવામાં આવતી હતી. દાખલા તરીકે સંરક્ષણ, પેટ્રોલિયમ, ખાણ-ખનીજ, અણુશક્તિ, રેલ્વે વગેરે સમયાંતરે નિયંત્રણાત્મક નીતિઓની નિષ્ફળતા જણાતા રાજ્ય દ્વારા નિયંત્રણ નીતિ અને જાહેર ક્ષેત્ર ઉપર ભાર મૂકતી ઔદ્યોગિક નીતિઓમાં પરિવર્તન કરવામાં આવે છે. વિશ્વભરમાં વિશ્વયુદ્ધ પછીના બે-ત્રણ દાયકા સુધી ઘણા અલ્પવિકસિત દેશોએ નિયંત્રણાત્મક નીતિઓ ઔદ્યોગિક ક્ષેત્રે અપનાવી હતી, પરંતુ 1980 ના દાયકાથી વિશ્વભરમાં ઉદારીકૃત આર્થિક નીતિઓનો પવન ફૂંકાયો અને સામ્યવાદી દેશોએ પણ બજાર અર્થતંત્રની પદ્ધતિ અપનાવીને ઉદારીકૃત અને ખાનગીકરણની નીતિને મહત્ત્વ આપ્યું. ભારતમાં 1991થી આપણી પરંપરાગત આર્થિક નીતિ છોડી ને ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની નીતિ અપનાવવામાં આવી. આ નીતિઓના પગલે દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવ્યા. લાયસન્સ અને ઈન્સ્પેક્ટર રાજ ઘણે અંશે નાબૂદ થયા. જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાં વિમુડી કરણ, (Disinvestment) એટલે કે જાહેર ક્ષેત્રના ઉદ્યોગો આંશિક રીતે કે પૂર્ણ રીતે ખાનગી ક્ષેત્રને વેચી દેવામાં આવ્યા. રાજ્યના ઉદ્યોગોની અનામત યાદી તદ્દન સીમિત કરી ને ખાનગી ક્ષેત્રને તેમાં પ્રવેશની છૂટ અપાઈ. આમ મૂડીરોકાણ, ઉદ્યોગના આધુનિકરણ, ઉત્પાદન વગેરે ઉપરના નિયંત્રણો નાબૂદ થતા ઔદ્યોગિક ક્ષેત્રે ઝડપી વિકાસ થયો.

**(1) કરનીતિ - સબસીડી**

કરનીતિ એ આમ તો રાજકોષીય નીતિ અને રાજકોષીય અર્થશાસ્ત્રનો વિષય છે, પરંતુ ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા કે નિરુત્સાહી કરવા માટે કર નીતિનો તથા સબસિડીનો ઉપયોગ થાય છે. આથી ઔદ્યોગિક ક્ષેત્રે મૂડીરોકાણને પ્રોત્સાહન આપતી કરનીતિ અને સબસિડીની

નીતિ એ ઔદ્યોગિક નીતિની સહાયક નીતિ બને છે. હા પરોક્ષ વેરામાં છુટ્છાટ આપવી અથવા નફા ઉપર ચોક્કસ વર્ષો દરમિયાન પ્રત્યક્ષ કરવેરા મુક્તિ (Tax Exemption) આપવી વગેરેનો સમાવેશ થાય છે. કેટલાક ઉદ્યોગો જો વધુ પડતું પ્રદુષણ ફેલાવતા હોય અને પર્યાવરણને ગંભીર નુકસાન કરતા હોય તો તેવા ઉદ્યોગો ઉપર વધારાના કર વિશેષ કરીને પરોક્ષ વેરા નાખવામાં આવે છે. આમ ઉદ્યોગોના વિકાસ અને નિયંત્રણમાં રાજકોષીય નીતિ સહાયક બનતી હોય છે. તેનો અભ્યાસ ઔદ્યોગિક નીતિમાં કરી શકાય.

### 1.4.3 ઔદ્યોગિક સમસ્યાઓ અને વ્યવહારિક પાસું અથવા સ્વરૂપ :

ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું સૌથી મહત્ત્વનું પાસું એ ઔદ્યોગિક સમસ્યાઓ અને વ્યવહારિક પાસું છે. કોઈ પ્રદેશ, દેશ અને વિશ્વમાં વિવિધ ઉદ્યોગોનો ઉદભવ અને વિકાસ, ઉદ્યોગોનું કેન્દ્રીયકરણ અને વિકેન્દ્રીયકરણ, ઉત્પાદનનું કદ, આવક ઉપાર્જન, રાષ્ટ્રીય ઉપજમાં ફાળો, રોજગારી, નિકાસ વગેરે બાબતો સંદર્ભે ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં ચર્ચા કરવામાં આવે છે.

#### (1) ઉદ્યોગોના પ્રશ્નો અને ઔદ્યોગિક જૂથો :

ઉદ્યોગના વિવિધ પ્રશ્નો અને એ પ્રશ્નોના ઉકેલ માટેના ઉપાયો તથા સરકારે લીધેલા પગલાં વગેરેની ચર્ચા કરવામાં આવે છે. કોઈ પ્રદેશના ધીમા ઔદ્યોગિક વિકાસ તથા કોઈ પ્રદેશના ઝડપી ઔદ્યોગિક વિકાસ પાછળનાં પરિબળોની પણ ચર્ચા કરવામાં આવે છે. ઉદ્યોગોમાં આધુનિકીકરણ અને ટેકનોલોજીની પસંદગીની ચર્ચા પણ કરવામાં આવે છે. વધુ રોજગારી કે વધુ ઉપજ એ પસંદગીનો મુદ્દો ગણાય છે. ઉદ્યોગોની તેના કદ સ્વરૂપે પણ ચર્ચા કરાઈ છે. જેમ કે ટાઇની ઉદ્યોગ (બિલકુલ નાના ઉધ્યોગ), લઘુ ઉદ્યોગો અને મોટા ઉદ્યોગોના પ્રશ્નો અને લાભ ગેરલાભની ચર્ચા કરવામાં આવે છે. સમય સાથે ઉદ્યોગોનું સ્વરૂપ બદલાય છે. ઈજનેરી ઉદ્યોગો, ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગો, કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ, ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી એમ જુદા જુદા ઉદ્યોગોનું સમયાંતરે ઉત્પાદન અને રોજગારીના દ્રષ્ટિકોણથી મહત્ત્વ બદલાતું જાય છે. મોટા ઔદ્યોગિક ગૃહોનો પણ વિશેષ અભ્યાસ કરવામાં આવે છે, જેમકે ટાટા, અંબાણી, અદાણી, મહિન્દ્રા, બજાજ વગેરે ઔદ્યોગિક જૂથોનો વિશેષ અભ્યાસ કરવામાં આવતો હોય છે.

#### (2) કૃષિ અને સેવા ક્ષેત્રનો આધાર :

કૃષિ ક્ષેત્ર વિકસિત દેશોમાં ઉપજ અને રોજગારીની દષ્ટિએ તદ્દન ગૌણ મહત્ત્વ ધરાવે છે. ભારત જેવા વિકસતા દેશોમાં પણ કૃષિ ઉપજનું મહત્ત્વ રાષ્ટ્રીય ઉપજમાં સાપેક્ષ રીતે ઘટતું ગયું છે અને હવે તો 15% આસપાસ રહેવા પામ્યું છે. વિકાસની પ્રક્રિયા સાથે ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વ રાષ્ટ્રીય ઉપજની રીતે વધતું ગયું અને સૌથી મહત્ત્વનુ આર્થિક ક્ષેત્ર બની છેલ્લા બે દાયકાથી એટલે કે 21 મી સદીના પ્રારંભથી ભારતમાં તૃતીય ક્ષેત્ર એટલે કે સેવા ક્ષેત્ર ઝડપથી વિકસ્યું છે અને ઔદ્યોગિક ક્ષેત્રથી આગળ નીકળી ગયું છે, પરંતુ સેવા ક્ષેત્રના વિકાસનો મૂળભૂત આધાર એ ઔદ્યોગિક ક્ષેત્ર છે. ઔદ્યોગિક વિકાસને પરિણામે જ વેપાર અને વાણિજયની સેવાઓનો વિકાસ થવા પામ્યો છે અને કૃષિ ક્ષેત્રના વિકાસમાં પણ ઔદ્યોગિક ક્ષેત્ર જુદા જુદા સાધનો, નિક્ષેપો અને આધુનિક પદ્ધતિઓ વડે ઉપયોગી બની રહ્યું છે.

#### (3) નાણાકીય સંસ્થાઓ અને વ્યવસ્થાઓ :

ઔદ્યોગિક વિકાસના વ્યવહારિક પાસામાં ઉદ્યોગોને સહાયરૂપ એવી નાણાકીય સંસ્થાઓ અને વ્યવસ્થાઓનો અભ્યાસ પણ કરવામાં આવે છે. આમ તો આ બાબતો નાણા અને બેંકિંગના અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં આવે છે, પરંતુ ઔદ્યોગિક વિકાસમાં નાણાં બજાર અને મૂડી બજાર એટલે કે ઉદ્યોગોને ટૂંકા અને લાંબા ગાળાનું ધિરાણ અને આર્થિક સહાય પૂરી પાડનારી સંસ્થાઓ અને વ્યવસ્થાનો અભ્યાસ એ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં સમાવેશ પામે છે.

**(4) ઔદ્યોગિક મૂડીરોકાણ સંદર્ભે / ઉદારીકરણ અને વિદેશી કમ્પનીઓ :**

ઔદ્યોગિક મૂડીરોકાણ સંદર્ભે ઉદારીકરણની નીતિ સાથે વૈશ્વિકીકરણ એટલે કે Globalization ની નીતિનો વ્યાપ વધતા વિદેશી મુડીરોકાણ વધવા પામ્યું છે. આ સંદર્ભે વિદેશી મુડીરોકાણ, વિદેશી પેઢીઓ અને મલ્ટીનેશનલ કંપનીઓના સારા નરસા પાસાઓનો અભ્યાસ પણ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**(5) શ્રમિકોના કલ્યાણ અને ઔદ્યોગિક ઝઘડાઓ :**

ઉદ્યોગો મોટાપાયા ઉપર રોજગારી પુરી પાડે છે. આ સંદર્ભે દેશના શ્રમિકોનું બજાર, શ્રમિકોની સામાજિક સલામતી, શ્રમિકોનું કલ્યાણ, શ્રમિકોની કાર્યક્ષમતા, શ્રમિકોના વેતનો, ઔદ્યોગિક અશાંતિ અને ઔદ્યોગિક ઝઘડાઓ અને તેનું નિવારણ જેવા મુદ્દાઓ પણ શ્રમ અર્થશાસ્ત્ર તરીકે ચર્ચવામાં આવે છે અને તેને ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો એક ભાગ ગણાવી શકાય.

**1.4.4 ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં અન્ય સ્વરૂપો :**

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર મુખ્ય ત્રણ સ્વરૂપ ઉપરાંત અન્ય પ્રકાર પણ તેના સ્વરૂપ દર્શાવી શકાય.

**(1) વર્ણનાત્મક સ્વરૂપ :**

ઔદ્યોગિક સાહસો સંદર્ભે જે તે ઉદ્યોગોમાં પેઢીની સંખ્યા, પ્રવેશની શક્યતા, પેટન્ટની વિગતો, ઉત્પાદનના સાધનો તથા કુદરતી સંસાધનોની પ્રાપ્યતા આંતરરાષ્ટ્રીય સ્પર્ધાની શક્યતાઓ જે તે ઉદ્યોગ તથા સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્ર સંદર્ભે સરકારની નીતિઓ નિયમો અને નિયંત્રણો વગેરે વિશેની માહિતીઓનું વર્ણન ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં વર્ણનાત્મક સ્વરૂપમાં આવી શકે છે. ઉદ્યોગપતિઓને અને ઉદ્યોગ સંચાલકોને આવી વર્ણનાત્મક માહિતીઓ ઉદ્યોગની સ્થાપના વિસ્તાર તથા સંચાલનમાં ખૂબ ઉપયોગી નીવડે છે.

**(2) વિશ્લેષણાત્મક સ્વરૂપ :**

ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું આ સ્વરૂપ ઉદ્યોગોના મહત્ત્વના નિર્ણયો સંદર્ભે જેમ કે કિંમત નિર્ધારણ, ઉત્પાદન પ્રમાણ, ટેક્નોલોજીની પસંદગી, ઉદ્યોગનું સ્થાનીયકરણ અથવા ઉદ્યોગના સ્થાનની પસંદગી વગેરે સંદર્ભે ઉદ્યોગ અને બજાર સંદર્ભે સૈદ્ધાંતિક વિશ્લેષણ કરે છે.

**(3) વ્યવહારિક સ્વરૂપ :**

ઔદ્યોગિક સંચાલન અને જાહેર નીતિઓ સંદર્ભે વ્યવહારિક સ્વરૂપની ચર્ચા ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**(4) વાસ્તવદર્શી (Real) સ્વરૂપ :**

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાનની વધુ વાસ્તવદર્શી શાખા છે. જેમાં શું થવું જોઈએ ? એના કરતા ઉદ્યોગ ક્ષેત્રે ખરેખર શું થાય છે ? તેના અભ્યાસને મહત્ત્વ આપવામાં આવે છે.

**(5) અનુભવજન્ય સ્વરૂપ :**

ઔદ્યોગિક અર્થશાસ્ત્રની આ શાખા સૂક્ષ્મ તથા બૃહદ અર્થશાસ્ત્રના સૈધ્ધાંતિક સ્વરૂપ અનુભવજન્ય સ્વરૂપે દર્શાવવા સંદર્ભે પણ ઉપયોગી છે.

આમ ઔદ્યોગિક અર્થશાસ્ત્ર સૈદ્ધાંતિક, નીતિવિષયક ઔદ્યોગિક સમસ્યાઓ અને વ્યવહારિક સ્વરૂપ, વર્ણનાત્મક, વિશ્લેષણાત્મક, વ્યવહારિક, વાસ્તવદર્શી અને અનુભવજન્ય સ્વરૂપોનો સમાવેશ ઔદ્યોગિક અર્થશાસ્ત્રના સ્વરૂપમાં થઈ શકે.

## 1.5 ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

કોઈપણ વિષયનું કાર્યક્ષેત્ર એટલે તે વિષયમાં અભ્યાસ તથા વિશ્લેષણ સંદર્ભે જે તે વિષયને સ્પર્શતા મુદ્દાઓ અને સંબંધિત બાબતોનો અભ્યાસમાં સમાવેશ થવો. કોઈપણ વિષય એક નિશ્ચિત સીમામાં બંધાયેલ હોય છે. કોઈપણ વિષયનું અભ્યાસ અંગેનું કાર્યક્ષેત્ર કોઈ ચોક્કસ સીમામાં નિર્ધારિત થતું હોય છે. કોઈપણ વિષયની અભ્યાસ વસ્તુ કે વિષયવસ્તુ અસિમિત હોઈ શકે નહીં. જે તે વિષય સાથે નજીકથી સંકળાયેલા કેટલાક મુદ્દાઓનો અભ્યાસ એ જે તે વિષયનું કાર્યક્ષેત્ર ગણાય. દરેક વિષયને તેનું કાર્યક્ષેત્ર હોય છે. આ કાર્યક્ષેત્રની મર્યાદામાં રહીને ઊંડાણપૂર્વક અને સચોટ રીતે અભ્યાસ થઈ શકે છે! જો કોઈ વિષયનું અભ્યાસનું કાર્યક્ષેત્ર ચોક્કસ મુદ્દાઓમાં દર્શાવવામાં આવ્યું હોય તો તે વિષયની ચર્ચા કઈ હદ સુધી કરવી અને તેમાં ક્યા મુદ્દાઓનો સમાવેશ અને કયા મુદ્દાઓ ત્યજવા તે નક્કી થઈ શકે નહીં, પરિણામે કોઈ વિષયનો ઊંડાણપૂર્વક યોગ્ય રીતે અભ્યાસ થઈ શકે. ટૂંકમાં, કાર્યક્ષેત્ર એટલે તે વિષયની બાબતમાં કઈ કઈ બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે, તેનું વિશ્લેષણ કરી તપાસવામાં આવે છે. તેને તે વિષયનું કાર્યક્ષેત્ર કહી શકાય.

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ પેઢી, ઉદ્યોગ અને બજારનો અભ્યાસ કરે છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની એક વિશિષ્ટ શાખા છે, જે પેઢી અને ઉદ્યોગના આર્થિક પ્રશ્નો સાથે સબંધ ધરાવે છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ માત્ર ભૌતિક વસ્તુઓનું ઉત્પાદન જ નહીં, પરંતુ માળખાકીય તેમજ ગ્રાહકલક્ષી સેવાઓના ઉત્પાદન અને વિતરણ સંબંધી ક્ષેત્રોનો પણ અભ્યાસ કરે છે. આવા ક્ષેત્રોમાં ઉર્જા, વાહન વ્યવહાર, સંચાર, ટ્રાન્સપોર્ટેશન, કોમ્યુનિકેશન, રેસ્ટોરન્ટ જેવી વિવિધલક્ષી સેવાઓ પૂરી પાડવા અર્થે જરૂરી ઉત્પાદનલક્ષી એકમોનો પણ અભ્યાસ કરે છે.

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ આર્થિક સંચાલનની વિવિધ પદ્ધતિઓ અને ટેક્નીક એટલે કે પ્રયુક્તિઓનો અભ્યાસ કરે છે, કે જે ઉત્પાદકતા વૃધ્ધિ, કાર્યક્ષમતા વૃદ્ધિ અને ગુણવત્તાલક્ષી વૃદ્ધિ સાથે સંકળાયેલ હોય.

રાષ્ટ્રીય આર્થિક આયોજન, શ્રમ અર્થશાસ્ત્ર, આર્થિક ભૂગોળ જેવા સંબંધિત જ્ઞાનના ક્ષેત્રનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

### 1.5.1 પેઢીના સિધ્ધાંતો, વહીવટ અને સંચાલન :

પેઢી એ ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો પાયો છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં પેઢીના વિવિધ ધ્યેયોના સંદર્ભમાં પેઢીના સિદ્ધાંતો તપાસવામાં આવે છે. પેઢીના પ્રણાલિકાગત બિનપ્રણાલિકાગત સિદ્ધાંતોનો અભ્યાસ કરવામાં આવે છે. વળી જુદા જુદા બજારમાં પેઢી કઈ રીતે કામ કરે છે ? પેઢી કઈ રીતે સાધન ફાળવણી કરે છે ? કિંમત અને વેચાણ કઈ રીતે નક્કી કરે છે ? નફો કેટલો પ્રાપ્ત કરે છે ? અને નફા માટે શું કરે છે ? શું કરવું જોઈએ ? વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે. આ ઉપરાંત વહીવટ અને સંચાલનને લગતી બાબતોનો અભ્યાસ પણ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે. ઉદ્યોગો અને પેઢીઓ સાથે સંબંધિત સૈદ્ધાંતિક પાસાં જે એકમલક્ષી અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. તેનો વિશ્લેષણાત્મક અભ્યાસ પણ કરવામાં આવે છે. ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વિકાસના આંતરસંબંધોનું વિશ્લેષણ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં

આવે છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ પેઢી, ઉદ્યોગ અને બજારનો અભ્યાસ કરે છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની એક વિશિષ્ટ શાખા છે, જે પેઢી અને ઉદ્યોગના આર્થિક પ્રશ્નો સાથે સબંધ ધરાવે છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ માત્ર ભૌતિક વસ્તુઓનું ઉત્પાદન જ નહીં, પરંતુ માળખાકીય તેમજ ગ્રાહક લક્ષી સેવાઓના ઉત્પાદન અને વિતરણ સંબંધી ક્ષેત્રોનો પણ અભ્યાસ કરે છે. આવા ક્ષેત્રોમાં ઉર્જા, ટ્રાન્સપોર્ટેશન, કોમ્યુનિકેશન, રેસ્ટોરન્ટ જેવી વિવિધલક્ષી સેવાઓ પૂરી પાડવા અર્થે જરૂરી ઉત્પાદનલક્ષી એકમોનો પણ અભ્યાસ કરે છે,

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ આર્થિક સંચાલનની વિવિધ પદ્ધતિઓ અને ટેક્નીક એટલે કે પ્રયુક્તિઓનો અભ્યાસ કરે, કે જે ઉત્પાદકતા વૃધ્ધિ, કાર્યક્ષમતા વૃદ્ધિ અને ગુણવત્તાલક્ષી વૃદ્ધિ સાથે સંકળાયેલ હોય.

**1.5.2 સ્થાનીયકરણ :**

ઉદ્યોગોના વિકાસ અને વિસ્તારનો આધાર જે તે વિસ્તારના સ્થાન ઉપર રહેલો છે. સ્થાનીયકરણ અંગેના મેક્સ વેબરનો Deductive Approach (સમષ્ટિમાંથી એકમલક્ષી એપ્રોચ) તેમજ સાર્જન્ટ ફ્લોરેન્સના Inductive Approach એટલે કે એકમલક્ષીથી સમગ્રલક્ષી એપ્રોચનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે. તેમજ આધુનિક સિદ્ધાંતોની ચર્ચા પણ કરવામાં આવે છે. ઉદ્યોગોના સ્થાનીયકરણને અસર કરતા પરિબળોનો અભ્યાસ પણ કરવામાં આવે છે.

**1.5.3 ઉદ્યોગોના પ્રશ્નો :**

વિશિષ્ટ આર્થિક વિભાગ SEZ-(-સ્પેશિયલ ઇકોનોમિક ઝોન) ની વિગતો વિકાસ તથા તેના પ્રશ્નો કે સમસ્યાઓ અને તેના ઉકેલનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**1.5.4 ઉદ્યોગોની ઉત્પાદકતા :**

ઉદ્યોગોની ઉત્પાદકતા, ઉત્પાદક્તાને નિર્ધારિત કરતા પરિબળો, ઉત્પાદકતા માપવાની પદ્ધતિઓ તથા ઉત્પાદકતા વધારવાના ઉપાયો વગેરેનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**1.5.5 સંબંધિત ક્ષેત્રો :**

ઊર્જા ઉત્પાદન જેમાં પાવર, કોલસો, ઓઈલ રીફાઇનરી તથા ફૂડ સેક્ટર, હોટલ, ઈન્ડસ્ટ્રીઝ જેવા સંબંધિત ક્ષેત્રોનો અભ્યાસ પણ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**1.5.6 ઔદ્યોગિક અસમતુલા :**

ઔદ્યોગિક સ્થાનીય અસમાનતા અને વિકેન્દ્રીકરણ, સ્થાનીય ઔદ્યોગિક વિકાસ વડે આર્થિક વિકાસ, ઔદ્યોગિક વિકાસની અસમતુલાના કારણો અને તેને નિવારવાના ઉપાયો જેવા વિષયોનો અભ્યાસ પણ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**1.5.7 ઉદ્યોગોના કદ :**

ઉદ્યોગોના વિવિધ પ્રકારના કદ જેમ કે લઘુ અને કુટિર ઉદ્યોગ, મધ્યમ અને મોટા ઉદ્યોગો તથા ઔદ્યોગિક ગૃહો, મલ્ટીનેશનલ કંપનીઓની અસરો તેમના મહત્ત્વ તથા પ્રશ્નો, સરકારની નીતિઓ અને પ્રોજેક્ટસ તેમજ ઉદ્યોગોના વિકાસમાં રોજગારી સર્જન, આવક અને વિકાસ, મૂડી રોકાણ વગેરેનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**1.5.8 ઔદ્યોગિક અને આર્થિક નીતિઓ :**

ઉદ્યોગો સંબંધી સરકારની આર્થિક નીતિઓ જેમ કે મુડીરોકાણ, વિદેશી ભાગીદારી, વિદેશી મૂડી, ટેકનોલોજીની આયાત, આધુનિકરણ, પેઢીનું વિસ્તરણ, ખાનગીકરણ વગેરે સંદર્ભે અભ્યાસ કરવામાં આવે છે. આ ઉપરાંત ઔદ્યોગિક નીતિમાં ઉદ્યોગોની માલિકી, ઔદ્યોગિક નાણા પ્રબંધ, ઉત્પાદન કિંમત નિર્ધારણ, આયાત નિકાસ, કરવેરા, સબસીડી વગેરે બાબતોમાં સરકાર કયા પ્રકારની નીતિ અપનાવે છે, અને તેની આર્થિક અસરો ઔદ્યોગિક વિકાસ ઉપર કેવી થશે તે સર્વે બાબતોનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**1.5.9 બજાર માળખું :**

પેઢીના વિકાસ અને જે તે વિસ્તારના સ્થળનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે. જુદા-જુદા બજારો પૂર્ણ હરીફાઈવાળું બજાર, ઈજારાવાળું બજાર, ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર, અલ્પ હસ્તક ઈજારાવાળું બજાર દ્વિહસ્તક ઈજારાવાળું બજાર વગેરેમાં ઉત્પાદકોની સંખ્યા, ગ્રાહકોની સંખ્યા, બજારમાં પ્રવેશવાની સ્વતંત્રતા, હરીફાઈની પરિસ્થિતિ, વેચાણની અને ભાવનિર્ધારણની સ્થિતિની સમતુલા વગેરેનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**1.5.10 શહેરીકરણ અને પ્રદૂષણના પ્રશ્નો :**

ઔદ્યોગિકરણને પરિણામે વધતા શહેરીકરણ તથા પર્યાવરણના પ્રશ્નો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. ગ્લોબલ વોર્મિંગ એટલે કે વૈશ્વિક વધતા તાપમાન અને પ્રદુષણની સમસ્યાઓ, તેની અસરો અને સમસ્યાઓ હલ કરવાના ઉપાયો તેમજ તે માટેની ઔદ્યોગિક નીતિઓ, કરનીતીઓ વગેરેનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**1.5.11 શ્રમિકોની સમસ્યા અને ઉકેલ :**

ઉદ્યોગો સાથે સંબંધિત શ્રમિકોની સમસ્યા અને ઉકેલ, શ્રમિકોની સમસ્યા, માલિક અને મજૂરો વચ્ચેના સંબંધો, ઔદ્યોગિક ઝઘડા, તેના નિવારણના ઉપાયો વગેરે બાબતોનો વિગતે અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**1.5.12 ઔદ્યોગિક પ્રશ્નો કે સમસ્યાઓ :**

ઔદ્યોગિક ક્ષેત્ર એ વિવિધ આર્થિક ક્ષેત્રોમાં કેન્દ્રીય સ્થાન ધરાવે છે. ઉદ્યોગો એ આંતરમાળખાકીય અને સેવાકીય ક્ષેત્રના વ્યાપ વિસ્તારમાં મહત્ત્વનો ફાળો આપે છે. તે સાથે આંતર માળખાનો વિકાસ એ ઔદ્યોગિક વિકાસને સહાયભૂત થાય છે. ઉદ્યોગો કૃષિ ક્ષેત્રના વિકાસ માટે પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. કૃષિ ક્ષેત્રની પેદાશોની માંગમાં ઔદ્યોગિક વિકાસને કારણે વધારો થાય છે તે ઉપરાંત કૃષિ ક્ષેત્ર ઉત્પાદકતા વધારતા ટેક્નોલોજીકલ નિક્ષેપો ઔદ્યોગિક વિકાસ વડે પુરા પાડી શકાય ઔદ્યોગિક વિકાસ એકંદર આર્થિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે ઔદ્યોગિક ક્ષેત્રનો ઝડપી વિકાસ દેશના ઝડપી આર્થિક વિકાસ માટે જરૂરી છે પરંતુ ખાસ કરીને વિકાસશીલ દેશોમાં ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસમાં ઘણાં અવરોધ અને સમસ્યાઓ રહેલી છે ઔદ્યોગિક વિકાસની આડે એક અગત્યની સમસ્યા એ લોકોનું રૂઢીચુસ્ત જનમાનસ છે પરંપરાગત સામાજિક માળખાને લીધે લોકો બદલાતા આર્થિક માળખાને અને ખાસ કરી ને વધતા જતા ઔદ્યોગિકરણને અનુરૂપ થઈ શકતા નથી તેથી ઔદ્યોગિકરણ સાથે સંકળાયેલી કેટલીક સમસ્યાઓ તરફ વધારે વિરોધ કરે છે અને તેની સરકાર દ્વારા લેવાતા ઔદ્યોગિકરણના નિર્ણયો પર અસર પડે છે. પરંપરાગત સામાજિક માનસિકતા મુજબ ખેતીનું સાપેક્ષ મહત્ત્વ ઘટે

અને ઉદ્યોગોનું સાપેક્ષ મહત્ત્વ વધે છે ઔદ્યોગિકરણને પરિણામે ઉદ્ભવતી રોજગારીની તકનો લાભ લેવા માટે ગ્રામ્યક્ષેત્રમાંથી શ્રમિકો શહેરી ક્ષેત્રમાં સ્થળાંતર કરે છે. ઔદ્યોગિકરણને લીધે વધતું જતું શહેરીકરણ કેટલાક પ્રશ્નો સર્જે છે જેમ કે શહેરોમાં સ્લમ વિતારનો વધારો આવશ્યક સેવાઓ પાણી, રેલ, રસ્તા વગેરેની આપૂર્તિની સમસ્યા કાયદો વ્યવસ્થાની કથળતી વ્યવસ્થા શહેરો ઉપર વધુ વસ્તીનો બોજ તથા ઉદ્યોગોને વિવિધ પ્રકારના પ્રદુષિત કચરાને કારણે પેદા થતા થતું સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નો ઔદ્યોગિકરણની પ્રક્રિયાને ધીમી પાડવા અસર જન્માવે છે આ સિવાય ઔદ્યોગિકરણને પરિણામે વધતી આર્થિક અસમાનતાને લીધે ઉદ્યોગપતિઓ પ્રત્યે પ્રજા માનસમાં પ્રતિકૂળ ભાવ જન્મે છે. ક્યારેક સામાજિક અને રાજકીય સંઘર્ષોનો સામનો ઉદ્યોગપતિઓએ કરવો પડે છે, જેને પરિણામે ઔદ્યોગિક મૂડીરોકાણ પ્રત્યે નિરુત્સાહી વાતાવરણ જન્મે છે. આ સંજોગોમાં ઔદ્યોગિક વિકાસ વધુ સરળતાથી થાય તે માટે ઉદ્યોગો પ્રત્યે પ્રજામાનસમાં હકારાત્મક સર્જાય તેવા પ્રયાસોની જરૂરિયાત ઉદભવે છે. ઉદ્યોગો સામે એક મોટો પડકાર કાચામાલની પ્રાપ્તિનો છે. કાચો માલ જે તે પ્રદેશ કે દેશમાંથી પ્રાપ્ત થાય તે દેશોમાંથી આયાત વડે પણ પ્રાપ્ત થાય છે કાચામાલની પ્રાપ્તિમાં વિવિધ કારણોસર અવરોધો પેદા થાય છે અને તે આર્થિક વિકાસને અવરોધે છે ઉદ્યોગો પર પ્રતિકૂળ અસર કરતા પરિબળોમાં આંતરમાળખાની ન્યૂનતમ સ્થિતિઓ એટલેકે બોટલ નેક દેશ પાયાના માળખાની અછત એ મુખ્ય સમસ્યા છે આથી માળખાકીય અછતની પરિસ્થિતિ કેવી રીતે નિવારી શકાય અગત્યનો ચર્ચાનો મુદ્દો છે વિકાસશીલ દેશોમાં કાર્યક્ષમતાપૂર્વક ઉત્પાદન પદ્ધતિ આગળ વધારવા માટે તાલીમ પામે એટલે કે સ્કીલ લેબર શ્રમિકોની અછત વર્તાતી હોય છે જેને દૂર કરવી આવશ્યક છે ઔદ્યોગિક વિકાસમાં મૂડીની પ્રાપ્તિ એ મહત્ત્વનો મુદ્દો છે વિકાસશીલ દેશોમાં અને મૂડી બજારનો પૂરતો વિકાસ થયો ન હોવાથી ઉદ્યોગો રોજબરોજની નાણાકીય જરૂરિયાતો તેમજ વિકાસલક્ષી મૂડી રોકાણની જરૂરિયાતોમાં ઘણી મુશ્કેલીઓ જોવા મળે છે ઔદ્યોગિક વિકાસમાં સરકારી નીતિઓ જેવી કરનીતિ પરવાનાનીતિ આયાત નિકાસ અંગેની નીતિ વગેરેની અનિશ્ચિતતા પ્રતિકૂળ અસરો જન્માવે છે.

આમ વિકાસશીલ દેશોમાં ઉદ્યોગોના વિકાસની સામે વિવિધ પ્રકારના પ્રશ્નો રહેલા છે આવા પ્રશ્નો વિગતે અભ્યાસ કરો અને આ પ્રશ્નો હલ કરવાના ઉપાયોની ચર્ચા કરવી એ ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો મહત્ત્વનો કાર્યક્ષેત્ર ગણાય છે.

અર્થશાસ્ત્રમાં ઉદ્યોગોને લગતી તમામ નાનામાં નાની બાબતોનો અભ્યાસ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ કરવામાં આવે છે. એટલું જ નહી આ બાબતોનો વિશ્લેષણાત્મક અને સંશોધનાત્મક અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં પેઢી, ઉદ્યોગ અને બજારના ઉદ્ભવથી માંડીને તેનું સંચાલન, ઉત્પાદન, ઉત્પાદકતા શ્રમિકોના વિવિધ પ્રશ્નો, નાણાકીય સંચાલન, ભાવ નિર્ધારણ વગેરે તમામ બાબતો ઔદ્યોગિક અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે.

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ આર્થિક સંચાલનની વિવિધ પદ્ધતિઓ અને ટેક્નીક એટલે કે પ્રયુક્તિઓનો અભ્યાસ કરે છે, કે જે ઉત્પાદકતા વૃધ્ધિ, કાર્યક્ષમતા વૃદ્ધિ અને ગુણવત્તાલક્ષી વૃદ્ધિ સાથે સંકળાયેલ હોય. રાષ્ટ્રીય આર્થિક આયોજન, શ્રમ અર્થશાસ્ત્ર, આર્થિક ભૂગોળ જેવા સંબંધિત જ્ઞાનના ક્ષેત્રનો અભ્યાસ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

## 1.6 ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું મહત્ત્વ

અર્થશાસ્ત્ર એ માનવ જીવનની વિવિધ પ્રવૃત્તિઓ પૈકી સૌથી મહત્ત્વની એવી આર્થિક પ્રવૃતિનો અભ્યાસ કરે છે. તેથી અર્થશાસ્ત્ર એ માનવ જીવનને સ્પર્શતુ સૌથી મહત્ત્વનું

અભ્યાસલક્ષી શાસ્ત્ર છે. ઉદ્યોગોએ અર્થતંત્રના ત્રણ ક્ષેત્રો ખેતી અને ઉદ્યોગો તથા સેવાકીય ક્ષેત્ર પૈકી કેન્દ્ર સ્થાન ધરાવે છે. ઉદ્યોગએ અસંખ્ય લોકોને રોજગારી આપે છે. વિવિધ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરી લોકોની વિવિધ જરૂરિયાતોને વપરાશ વડે સંતોષે છે. ઉદ્યોગએ સ્થાનીય કે દૂરના ઉત્પાદિત કાચા માલનો ઉપયોગ કરે છે અને એ રીતે તેમને મદદ કરે છે. કૃષિ ઉપજોનું પ્રોસેસિંગ અને મૂલ્યવૃદ્ધિ કરી ને, કૃષિ ક્ષેત્રની પેદાશોને સારા ભાવ પૂરા પાડે છે.

### 1.6.1 વેપાર વાણીજય પ્રવૃતિનો વિકાસ :

ઉદ્યોગોના વિકાસને પગલે વિવિધ પ્રકારની વ્યાપાર વાણિજ્ય પ્રવૃત્તિઓ વિકસે છે. આમ દેશની રાષ્ટ્રીય ઉપજ વધારવામાં, લોકોની આવકો વધારવામાં, લોકોને રોજગારી પુરી પાડવામાં, સેવાકીય ક્ષેત્રને વિસ્તારવામાં તથા પ્રજાના જીવનધોરણને ઊંચે લાવવામાં ઉદ્યોગોનો ખૂબ મોટો ફાળો હોય છે. આવા મહત્ત્વના આર્થિક ક્ષેત્ર સાથે સંબંધિત સિદ્ધાંતો, નીતિઓ તથા પ્રશ્નોનો અભ્યાસ કરતા ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું વિવિધ સ્વરૂપે મહત્ત્વ રહેલું છે. ઔદ્યોગિક ક્ષેત્ર આંતરમાળખાકીય ક્ષેત્ર તેમજ વૈપાર, વાણિજ્ય સંબંધી વિવિધ સેવાઓના વિકાસને પ્રેરે છે. આમ સમગ્ર અર્થતંત્રના ઝડપી વિકાસ, આવક વૃદ્ધિ, રોજગારી વૃદ્ધિ, નિકાસ વૃદ્ધિ, હુંડિયામણ કમાણી વૃદ્ધિ, કર ચુકવણી વગેરે સ્વરૂપે રાષ્ટ્રના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે.

### 1.6.2 નિયોજક માર્ગદર્શન

સૈદ્ધાંતિક ઔદ્યોગિક અર્થશાસ્ત્રના વિશ્લેષણમાં તાર્કિક પરિબળોને આધાર લેવામાં આવે છે. તેથી આ વિષયનો અભ્યાસ કરનારની તાર્કિક અને વિશ્લેષણાત્મક ક્ષમતાનો વિકાસ થાય છે સૈદ્ધાંતિક ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં પેઢી અને ઉદ્યોગના કદ વિકાસ, ઉત્પાદન અને કિંમત નિર્ધારણ, ટૂંકા અને લાંબા ગાળાની સમતુલા, બજાર માળખું, સ્થાનીયકરણના સિદ્ધાંતો વગેરેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવતો હોવાથી નિયોજક તથા ધંધા ઉદ્યોગના મેનેજરોને આ વિષયના અભ્યાસમાંથી ઘણું માર્ગદર્શન મળી રહે છે.

### 1.6.3 મુડીરોકાણ અને ઉત્પાદનની વ્યૂહરચનાની ગોઠવણીમાં માર્ગદર્શન :

ઉદ્યોગોના નિયંત્રણ અને વિકાસ સંદર્ભે રાજ્ય દ્વારા વિવિધ આર્થિક નીતિઓ અમલમાં મુકવામાં આવે છે. આ નીતિઓ ઉદ્યોગોને સારી એવી અસર પહોંચાડે છે. તેથી આવી નીતિઓની જાણકારી તથા તેનો વિગતે અભ્યાસ કરવાથી ઔદ્યોગિક ક્ષેત્રના માલિકો, સંચાલકો તથા નિષ્ણાંતોને તેમની મુડીરોકાણ અને ઉત્પાદનની વ્યૂહરચનાઓ ગોઠવવામાં ઉપયોગી માર્ગદર્શન મળી રહે છે.

### 1.6.4 ઔદ્યોગિક નીતિના ફેરફારોની જાણકારી :

દેશની આઝાદીના પ્રારંભિક સમયમાં સમાજવાદી સમાજરચનાના હેતુની પૂર્તિ અર્થે ઉદ્યોગો પર વિવિધ પ્રકારના નિયંત્રણ જેવા કે ઉત્પાદન, મૂડીરોકાણ, ટેક્નોલોજી, કામદાર-રોજગારી, આધુનિકીકરણ, ઉત્પાદનના પ્રકાર, વિદેશી ભાગીદારી, આયાત નિકાસ વગેરે ઉપર વિવિધ નિયંત્રણો નાખવામાં આવ્યા હતા. આ નિયંત્રણો પૈકી કેટલાક ઉદ્યોગો માત્ર રાજ્ય માટે અનામત રાખવામાં આવ્યા હતા. ઔદ્યોગિક ક્ષેત્રના લોકોએ સરકારની આ નીતિઓ પ્રત્યે જાગૃત રહેવું જરૂરી છે. ખાનગીક્ષેત્રને પ્રવેશ માટે અપાતી છૂટછાટના ક્ષેત્રોની જાણકારી તેમજ ઔદ્યોગિક પરવાના નીતિમાં મૂડીરોકાણ, ઉત્પાદન, વિદેશી ભાગીદારી, ટેક્નોલૉજી વગેરેમાં મુકાતી છૂટછાટોની જાણકારી ઉદ્યોગ સાહસિકોને તેમના ઉદ્યોગોના સંચાલન તથા વિસ્તાર માટે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડે છે.

### 1.6.5 ઔદ્યોગિક ક્ષેત્રે છૂટછાટોની જાણકારી

વિશ્વ કક્ષાએ વીસમી સદીના એસીના દાયકામાં આર્થિક ક્ષેત્રે ઉદારીકરણ તરફ ઝોક વધવા પામ્યો અને તેના પગલે વિશ્વ વેપાર સંગઠનની (W.T.O.) ની રચના માટેના પ્રયાસો શરૂ થયા. તે અરસામાં 1990 ના દાયકાના પ્રારંભમાં ભારતમાં ઉદારીકરણની નીતિ અપનાવવામાં આવી. આ ઉદારીકરણની નીતિના પગલે ઔદ્યોગિક નીતિઓમાં આમૂલ પરિવર્તન આવ્યું. ઘણા બધા ઉદ્યોગો ખાનગીક્ષેત્ર માટે ખુલ્લા મુકવામાં આવ્યા. ઔદ્યોગિક (પરવાના) પદ્ધતિ તદ્દન હળવી કરવામાં આવી, અર્ક ઉદ્યોગોને મૂડીરોકાણ, ઉત્પાદન તથા ટેક્નોલોજીની પસંદગી બાબતે વ્યાપક છૂટછાટો આપવામાં આવી છે. આવી છુટછાટોથી ઔદ્યોગિક નીતિના જાણકારી ઉદ્યોગ ક્ષેત્રના દરેક લોકોને ખૂબ ઉપયોગી થાય છે.

### 1.6.6 ખાનગીકરણ અને વિમૂડીકરણની જાણકારી

ઉદારીકરણની નીતિનું એક મહત્ત્વનું પાસું ખાનગીકરણ છે. ઘણા ક્ષેત્રો ખાનગીક્ષેત્ર માટે મુક્ત કરવામાં આવ્યા તથા ઘણા જાહેર ક્ષેત્રોમાં વિમૂડીકરણ (Disinvestment) કરીને તેમાં ખાનગી ક્ષેત્રનો આંશિક કે પૂર્ણ પ્રવેશ કરાવવામાં આવ્યો. આવા ક્ષેત્રોની જાણકારી મોટે ભાગે ઉદ્યોગપતિઓ માટે ખૂબ મહત્ત્વની સાબિત થાય છે, કારણ કે તેઓ આ નીતિનો લાભ લઈ પોતાના ઔદ્યોગિક સામ્રાજ્ય વિકસાવી શકે છે.

### 1.6.7 સામાન્ય નાગરિકને ઉપયોગી

સામાન્ય નાગરિક માટે ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિઓની જાણકારી તેમને વિવેકશીલ અને જાગૃત નાગરિક બનાવે છે. નિયંત્રણાત્મક નીતિઓ જેમ કે પરવાનાનીતિ દેશના અર્થતંત્ર માટે કેટલી નુકસાનકારક છે ? તે જાણી શકે છે, તથા ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિઓ સ્વતંત્ર માટે કેટલી ઉપયોગી છે તે સમજી શકે છે. સામાન્ય નાગરિક આવી જાણકારી વડે રાજકીય પક્ષોની ચુંટણીની પસંદગી ઉપર યોગ્ય પ્રભાવ પાડીને દેશનું અર્થતંત્રને રાજકારણી યોગ્ય લોકોના હાથમાં સોંપી શકે છે.

### 1.6.8 પ્રાદેશિક સમાનતા

રાજકોષીય નીતિઓ પૈકી કરવેરા અને સબસિડીની પ્રોત્સાહક નીતિઓના લાભ ઉદ્યોગકારો લઈ શકે છે. આ દેશી પ્રાદેશિક અસમાનતા ઓછી કરવા સંદર્ભે અપાતાં ટેક્સ બેનિફિટ એટલે કે કર પ્રોત્સાહનો, કર રાહતો તથા સબસિડીઓ વગેરેની માહિતીનો યોગ્ય ઉપયોગ કરીને જે તે વિસ્તારમાં ઉદ્યોગપતિઓ ઉદ્યોગોની સ્થાપના કરી શકે છે. તે દ્વારા પ્રાદેશિક અસમાનતા ઓછી થવા પામે છે. પ્રાદેશિક અસમાનતાની નીતિઓ વડે પછાત વિસ્તારના લોકોને વિકાસના લાભ મળી રહે છે.

### ★ SEZ અને SIR ની જાણકારી

સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) અને ખાસ મૂડીરોકાણ (SIR-Special Investment Region) ની યોજનાઓ ચોક્કસ વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ અર્થે અમલમાં મૂકવામાં આવે છે. તેનો લાભ ઉદ્યોગપતિઓ લઈ શકે છે, આવી યોજનાઓનું મહત્ત્વ સામાન્ય નાગરિક સમજી શકે છે અને તેને ટેકો આપે છે.

### 1.6.9 ઉદ્યોગોની વાસ્તવિક સ્થિતિની જાણકારી :

ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું એક વ્યવહારિક સ્વરૂપ છે, જેમાં જુદા જુદા ઉદ્યોગોના ઉદ્ભવ અને વિકાસ, વિવિધ ઉત્પાદનો, રાષ્ટ્રીય ઉપજમાં ફાળો, રોજગારી સર્જન અને આવક સર્જન,

ઉદ્યોગોના પગલે તેની આસપાસના વિસ્તારોનો વિકાસ, ઉદ્યોગના વિશિષ્ટ પ્રશ્નો જેમ કે કાચો માલ, કુશળ શ્રમિકોની પ્રાપ્યતા, કામદાર કાયદાઓ, ઔદ્યોગિક અશાંતિ, કરવેરાનું ભારણ, વેચાણના પ્રશ્નો, મુડી પ્રાપ્તિના પ્રશ્નો, ટેક્નોલોજીના હસ્તાંતર અને આધુનીકરણના પ્રશ્નો વગેરેની જાણકારી ઉદ્યોગક્ષેત્રના સંચાલકો માટે હોવી ખૂબ જરૂરી ગણાય છે. આ દ્રષ્ટિએ ઔદ્યોગિક અર્થશાસ્ત્ર મહત્ત્વ ધરાવે છે.વળી ઔદ્યોગિક ક્ષેત્રે કામ કરતા તથા આવા પ્રશ્નો સંદર્ભે કામ કરતી સંસ્થાઓ તથા સરકારી વિભાગના કર્મચારીઓ માટે પણ આવી જાણકારી ઉપયોગી બને છે પ્રશ્નોના ઉકેલમાં તેઓ કંઈક યોગદાન આપીને દેશના ઔદ્યોગિક વિકાસમાં પોતાનું પરોક્ષ ફાળો આપી શકે છે.

### 1.6.10 નાગરિકોનું જ્ઞાનવર્ધન

જુદા જુદા ઉદ્યોગો કયા વિસ્તારોમાં કેન્દ્રકૃત થયા છે. આ ઉદ્યોગો ઉત્પાદન, રોજગારી, આવક તથા હુંડિયામણમાં શો ફાળો આપે છે ? તથા આ ઉદ્યોગો કર સ્વરૂપે સરકારને કેટલી આવકો આપે છે ? વગેરે બાબતોની જાણકારી નાગરિકોને જ્ઞાન સર્જક અને વિવેકશીલ બનાવે છે, અર્થતંત્રમાં અને દેશના વિકાસમાં ઉદ્યોગોનું શું મહત્ત્વ છે ? તે સારી રીતે સમજાવે છે. આથી ઉદ્યોગો પ્રત્યે કોઈ પ્રતિકૂળ કે સંઘર્ષયુક્ત વિચાર વર્તન થવાને બદલે ઉદ્યોગો તરફ નાગરિકોમાં સન્માન કેળવાય છે તેથી ઔદ્યોગિક વિકાસ વધુ સરળ બને છે.

### 1.6.11 રોજગારી સર્જનમાં ફાળો :

કોઈપણ દેશના આર્થિક વિકાસની પ્રક્રિયામાં ઉદ્યોગો એટલે કે ઔદ્યોગિકરણની પ્રક્રિયા કેન્દ્રીય સ્થાન ધરાવે છે. કૃષિએ ઘટતા વળતરની પ્રવૃત્તિ છે. જ્યારે ઉદ્યોગમાં ટેક્નોલોજીકલ સંશોધનો તથા પરિવર્તનોને બહોળો અવકાશ છે. આથી ઉદ્યોગો મોટા પાયા પર મૂડીરોકાણ અને ઉત્પાદન વડે ઉત્પાદન પહેલા, ઉત્પાદન દરમિયાન અને ઉત્પાદન પછી બહોળા પ્રમાણમાં રોજગારીની તકો સર્જે છે.

### 1.6.12 કૃષિ વિકાસને સહાયક

ઔદ્યોગિક વિકાસ કૃષિ ક્ષેત્રના વિકાસને બે રીતે ઉપયોગી થાય છે. (1) ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદકો અને કામદારોની વધતી આવકો વડે કૃષિક્ષેત્રની પેદાશોની માગમાં મોટાપાયા પર વધારો કરે છે તે દ્વારા કૃષિ આવકોમાં વધારો કરે છે. (2) ઔદ્યોગિક ક્ષેત્રે થતા સંશોધનો અને ઉત્પાદનો પૈકી કેટલાક સંશોધનો અને ઉત્પાદનો કૃષિ ક્ષેત્રને આધુનિક નિક્ષેપો જેમ કે સિંચાઈ સાધનો, જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતરો, વાવણી અને લણણીના યંત્રો વગેરે વડે કૃષિક્ષેત્રની ઉત્પાદકતામાં વધારો પ્રેરી ક્ષેત્રના ઉત્પાદન અને આવકમાં વધારો સર્જે છે.

### 1.6.13 શહેરી સુવિધાનો વિસ્તાર

ઔદ્યોગિકીકરણના પગલે શહેરીકરણનો વિકાસ થાય છે, કારણ કે જ્યાં જ્યાં ઉદ્યોગો વિકસે છે. ત્યાં ત્યાં સ્થાનીયકરણ થાય છે અને ત્યાં શહેરો વિકસે છે. નાના નાના ગામડાઓમાં એક સાથે મોટા પાયા ઉપર રોજગારી પુરી પાડવી શક્ય હોતી નથી, વળી છુટાછવાયા ગામડાઓમાં શહેરીકરણ જેવી આધુનિક સુવિધાઓ પણ પૂરી પાડવી શક્ય હોતી નથી. આ સંજોગોમાં ઔદ્યોગિકરણને પગલે વધતા શહેરીકરણને પરિણામે વધુ લોકોને આધુનિક સગવડો અને સેવાઓ પૂરી પાડીને લોકોના જીવનધોરણને ઊંચું લાવવામાં મદદ કરે છે.

આમ ઔદ્યોગિકરણ લોકોની જીવન પધ્ધતિ તથા લોકોને ભૌતિક સુખાકારીમાં વિવિધ રીતે વધારો કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવા ઔદ્યોગિક ક્ષેત્ર સંબંધિત વિવિધ સ્વરૂપોનો મહત્ત્વનો અભ્યાસ કરતું શાસ્ત્ર એ ઔદ્યોગિક અર્થશાસ્ત્ર છે.

## 1.7 સારાંશ

અર્થશાસ્ત્ર એક વિષય તરીકે ખૂબ પ્રાચીન સમયથી વિકસતું રહ્યું છે. જો કે એક સુવ્યવસ્થિત સૈદ્ધાંતિક વિશ્લેષણ તરીકે અર્થશાસ્ત્રનો ઉદ્ભવ ઇ.સ. 1776 માં એડમ સ્મિથના પુસ્તક "Nature and Causes Wealth of Nation" થી થયો. પ્રારંભિક અર્થશાસ્ત્રીય વિશ્લેષણમાં ઉદ્યોગોને 18 મી સદીના ઉત્તરાર્ધમાં આવેલ ઔદ્યોગિક ક્રાંતિ પછી સ્થાન મળ્યું. ઔદ્યોગિક ક્રાંતિ પૂર્વે પ્રાચીન સમયથી વિવિધ જીવનપયોગી વસ્તુઓનું ઉત્પાદન માનવશ્રમ વડે થતું હતું. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆતથી વિવિધ વસ્તુઓના ઉત્પાદનમાં માનવશ્રમ અને પશુબળ ગૌણ, બન્યાં, વૈજ્ઞાનિક શોધખોળોના પગલે ઉત્પાદન પ્રક્રિયામાં યંત્રો અને વિવિધ સાધનોનું મહત્ત્વ વધવા પામ્યુ. યંત્રો અને સાધનોના ઉપયોગમાં ઉર્જા તરીકે વરાળ અને વિદ્યુતનો ઉપયોગ વધવા પામ્યો. ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે ઉદ્યોગોનું સ્વરૂપ ઝડપથી બદલાયુ અને કારખાના પદ્ધતિ અસ્તિત્વમાં આવી. જથ્થાબંધ ઔદ્યોગિક ઉત્પાદનો સાથે ઉદ્યોગો એ સમગ્ર આર્થિક પ્રવૃત્તિમાં કેન્દ્રીય સ્થાન પામ્યા. ઝડપી ઔદ્યોગિક વિકાસને પરિણામે જીવન પદ્ધતિ અને જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આવ્યું. 20 મી સદીના પૂર્વાર્ધ સુધી ઉદ્યોગોને લગતા અર્થશાસ્ત્રનો અભ્યાસ સામાન્ય અર્થશાસ્ત્રના ભાગરૂપે થતો હતો, પરંતુ તે પછી ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એક અલાયદા વિષય તરીકે અભ્યાસ થવા લાગ્યો.

સૌ પ્રથમવાર જે. પી. એન્દ્રુઝે તેના લખાણોમાં ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો શબ્દપ્રયોગ ભારપૂર્વક કર્યો અને ઔદ્યોગિક અર્થશાસ્ત્રના વિવિધ પાસાઓની ચર્ચા કરી. ઉદ્યોગોએ ઉત્પાદન, રોજગારી તથા આવક સર્જનની દ્રષ્ટિ તેમજ જીવનધોરણમાં પરિવર્તનની દ્રષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવતા હોવાથી ઉદ્યોગોને લગતા વિવિધ પ્રશ્નો અને વિવિધ પાસાઓની ચર્ચાને ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં સ્થાન મલ્યું.

ઉદ્યોગોમાં માનવજીવનની આર્થિક સુખાકારી તથા આર્થિક વિકાસની દ્રષ્ટિએ ખૂબ મહત્ત્વ ધરાવતા હોવાથી ઔદ્યોગિક અર્થશાસ્ત્રના અભ્યાસનું ઘણું મહત્ત્વ રહેલું છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના અભ્યાસમાં ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ અને સ્વરૂપ, કાર્યક્ષેત્ર અને અભ્યાસનું મહત્ત્વ વગેરેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે.

## 1.8 ચાવીરૂપ શબ્દો

- **ઔદ્યોગિક અર્થશાસ્ત્ર :** ઉદ્યોગોને લગતા વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ અને તેના ઉકેલો તથા રાજ્ય દ્વારા લેવામાં આવેલા પગલાઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે ઔદ્યોગિક અર્થશાસ્ત્ર.
- **સ્થાનીયકરણ :** ઉદ્યોગોને કાચામાલની પ્રાપ્યતા અને સરળતા, કામદારોની પ્રાપ્યતા, માળખાકીય સુવિધાઓ અને જે તે વિસ્તારના વિકાસ માટે જે તે વિસ્તારમાં કરરાહતો અને અન્ય પ્રોત્સાહનોને આધારે કોઈ ચોક્કસ વિસ્તારમાં ઉદ્યોગો વધુને વધુ પ્રમાણમાં સ્થપાય તથા સ્થાનીયકૃત થયા હોય તેને સ્થાનીયકરણ કહેવાય.
- **ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ :** ખાનગી ક્ષેત્રના ઇજારાશાહી ધરાવતા ઉદ્યોગો ઉપર નિયંત્રણ મૂકી એનું સંચાલન અને વહીવટ સરકાર હસ્તક એટલે કે રાષ્ટ્ર હસ્તક કરવામાં આવે તે ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કહેવાય.
- **ઔદ્યોગિક પરવાના નીતિ :** ઔદ્યોગિક એકમને મૂડીરોકાણ, ઉત્પાદન, વેચાણ, આયાત-નિકાસ અને વિસ્તરણ ઉપર લાયસન્સ કે મંજૂરી આપવામાં આવે તેને પરવાના નીતિ કહેવાય.

- **ઈન્સ્પેક્ટર રાજ :** ઔદ્યોગિક એકમોના વિવિધ તબક્કાઓ અને જુદા જુદા વિભાગો દ્વારા તપાસ કરવામાં આવે છે તેને ઇન્સ્પેક્ટર રાજ કહે છે.
- **વિમૂડીકરણ :** સરકાર કે જાહેર હસ્તક ઉદ્યોગો ખોટ કરતા હોય અથવા વ્યવસ્થિત ચાલતા ન હોય તેવા ઉદ્યોગોની માલિકી હસ્તાંતરિત કરી, ખાનગી એકમોને વેચી દઈ, તેમાં રોકાયેલી મૂડી પરત પ્રાપ્ત કરવામાં આવે તેને વિમૂડીકરણ કહે છે.
- **ટાઈની ઉદ્યોગ :** જે ઉદ્યોગોમાં ખૂબ જ ઓછું મૂડીરોકાણ હોય અને કામદારોની સંખ્યા ઓછી હોય તેવા ઉદ્યોગોને ટાઇની ઉદ્યોગ કહેવામાં આવે છે. આવા ઉદ્યોગો મોટે ભાગે હસ્તકલા ઉદ્યોગ કે ગૃહ ઉદ્યોગ સ્વરૂપના હોય છે.
- **ઉદારીકરણ :** આર્થિક પ્રવૃતિઓમાં આંતરિક તેમજ બાહ્ય મૂડી રોકાણો તથા આંતરિક તેમજ બાહ્ય વિદેશ વેપાર સંદર્ભે નિયંત્રણો નાબૂદ કરી મુક્ત ઉદાર આર્થિક નીતિ અમલમાં આવે તેને આર્થિક ઉદારીકરણ કહેવાય.
- **વૈશ્વીકીકરણ :** મૂડીરોકાણ, વેપાર તથા ટેક્નોલોજી સંદર્ભે વિવિધ દેશો વચ્ચે મુક્ત રીતે હેરફેર થઈ શકે તેવી નીતિને વૈશ્વીકીકરણ નીતિ કહે છે.
- **ખાનગીકરણ :** વિવિધ આર્થિક ક્ષેત્રે ખાનગી ક્ષેત્રને મૂડીરોકાણ અને વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ કરવાની વધુમાં વધુ છૂટ આપવામાં આવે તેને ખાનગીકરણ કહે છે.
- **અલ્પવિક્સિત દેશ :** અલ્પવિક્સિત દેશ એટલે જે દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયા અત્યંત ધીમી હોય તથા જેનું અર્થતંત્ર પ્રાથમિક પ્રવૃત્તિઓની પ્રધાનતા વાળું હોય તેને અલ્પવિકસિત દેશ કેહવાય.
- **વિકસતું અર્થતંત્ર :** જે દેશમાં વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવવા માટેના પ્રયાસો વધુ સક્રિયપણે થતા હોય અને તેને પરિણામે પારંપારિક અર્થતંત્રમાં પરિવર્તનો આવતાં હોય તેને વિકસતું અર્થતંત્ર કહેવાય.
- **કોર્પોરેટ સેક્ટર :** જુદા જુદા મુડીરોકાણકર્તાઓની મૂડીના કદના આધારે ધંધાકીય સંચાલનમાં મતનો અધિકાર મળે તથા ડિવિડન્ડ મળે તે આર્થિક સંગઠન કોર્પોરેટ સેક્ટર કહેવાય.
- **જાહેર ક્ષેત્ર :** જે ઉદ્યોગ કે આર્થિક સાહસ રાજ્ય (સરકાર) ની મૂડી દ્વારા શરૂ કરવામાં આવે તથા તેની માલિકી અને સંચાલન રાજ્ય /સરકારની હોય તેને જાહેર ક્ષેત્ર કહે છે.
- **ખાનગી ક્ષેત્ર :** જે ઉદ્યોગ કે આર્થિક પ્રવૃત્તિમાં ખાનગી વ્યક્તિઓ કે સંસ્થાઓનું રોકાણ હોય તથા તેમની માલિકી તથા તેમના હસ્તક સંચાલન હોય તે ખાનગી ક્ષેત્ર કહેવાય.
- **સંયુક્ત ક્ષેત્ર :** જે ઉદ્યોગ કે આર્થિક સાહસ માં સરકાર તેમજ ખાનગી વ્યક્તિઓ કે સંસ્થાઓનું મૂડીરોકાણ હોય તથા સંચાલનમાં સંયુક્ત હિસ્સો હોય અને ખાનગી તથા જાહેર ક્ષેત્રની સંયુક્ત માલિકી હોય તેને સંયુક્ત ક્ષેત્ર કહેવામાં આવે છે.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો

- **નીચેના પ્રશ્નોના સહવિસ્તાર જવાબ આપો :**

1. ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ સમજાવી, ઔદ્યોગિક અર્થશાસ્ત્રની વ્યાખ્યા સમજાવો.
2. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના જુદા જુદા સ્વરૂપોની ચર્ચા કરો.
3. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રની સમજૂતી આપો.

4. ઔદ્યોગિક અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી, ઉદ્યોગો સંબંધી સરકારની આર્થિક અને સામાજિક નીતિઓ જણાવો.
5. નવી ઔદ્યોગિક નીતિનું ભારતીય અર્થતંત્રમાં મહત્ત્વ સમજાવો.
6. રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું મહત્ત્વ ચર્ચો.
7. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એટલે શું ? ઔદ્યોગિક સાથે સંકળાયેલા શહેરીકરણ અને પર્યાવરણના સમજૂતિ આપો.
8. ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ સમજાવી, ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું સૈદ્ધાંતિક સ્વરૂપ સમજાવો.
9. ઔદ્યોગિક અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી, ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું મહત્ત્વ સમજાવો.
10. ઔદ્યોગિકરણ સાથે સંકળાયેલા મુખ્ય પ્રશ્નોની વિગતે ચર્ચા કરો.

- **ટુંકા પ્રશ્નો ના જવાબ આપો :**

1. શ્રમિકોની સમસ્યા અને ઉકેલ
2. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના મુખ્ય સ્વરૂપો
3. ઔદ્યોગિક અર્થશાસ્ત્રનું નીતિ વિષયક સ્વરૂપ
4. કોર્પોરેટ ક્ષેત્ર અને કો-ઓપરેટીવ ટ્રસ્ટ બનાવી નફાની વહેંચણી
5. પર્યાવરણના પ્રશ્નો
6. શ્રમિકોની સમસ્યા અને તેના ઉકેલો
7. ઔદ્યોગિક સમસ્યાઓ અને વ્યવહારિક સ્વરૂપ
8. સ્થાનીયકરણ અને શહેરી કરણ
9. બજાર માળખાનું સ્વરૂપ
10. ઔદ્યોગિક કેન્દ્રીયકરણ
11. ઔદ્યોગિક અર્થશાસ્ત્રનો અર્થ અને વ્યાખ્યા
12. ઉદ્યોગો અને રાજ્યનો સંબંધ
13. શહેરીકરણના પ્રશ્નો

- **સાચો વિકલ્પ જણાવો :**

1. ઔદ્યોગિક ઉત્પાદનની વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન ક્યારે આવ્યું ?
   (A) 18 મી સદીની શરૂઆતમાં (B) 18 મી સદીના ઉત્તરાર્ધમાં
   (C) 19 મી સદીની શરૂઆતમાં (D) 19 મી સદીના ઉત્તરાર્ધમાં
2. Nature and Causes of Wealth of Nations પુસ્તક કયા અર્થશાસ્ત્રી લખ્યું છે ?
   (A) માર્શલ (B) કેઇન્સ (C) રિકાર્ડો (D) એડમ સ્મિથ
3. 'ઔદ્યોગિક અર્થશાસ્ત્ર'શબ્દનો ઉપયોગ સૌપ્રથમ પોતાના લખાણમાં કયા અર્થશાસ્ત્રી કર્યો છે.

(A) પી ડબલ્યુ એન્ડઝ (B) પ્રો. જોન રોબિન્સન

(C) પ્રો. જે. એસ. બેઈન (D) રોબિન મારીશ

4. ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં પ્રોફેસર જે.કે. ગાલબ્રેથે સંચાલકીય વર્તણૂકનું વિશ્લેષણનું નવ સંસ્કરણ કયા પુસ્તકમાં કર્યું છે ?

(A) Theory of Managerial Capitalism (B) The Journal of Industrial Economics

(C) The New Industrial State (D) Industrial Organization

5. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના મુખ્ય કયા પાસાને સૈદ્ધાંતિક સ્વરૂપ ગણી શકાય ?

(A) પેઢી (B) ઉદ્યોગ (C) બજાર વ્યવસ્થા (D) પેઢી, ઉદ્યોગ અને બજાર વ્યવસ્થા

6. કઈ ચોક્કસ અનુકૂળ પરિસ્થિતિમાં ઉદ્યોગોનો ચોક્કસ પ્રદેશોમાં કેન્દ્રિયકરણ થતું હોય છે ?

(A) કાચામાલની પ્રાપ્યતા અને સરળતા (B) કામદારોની પ્રાપ્યતા

(C) માળખાકીય સુવિધાઓ (D) ઉપર ના બધાજ

7. જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાં વિમૂડીકરણની નીતિ એટલે ....

(A) સરકાર હસ્તક ઉદ્યોગો હોવા (B) જાહેર ક્ષેત્રો વિદેશી રોકાણકારો હસ્તક હોવા

(C) ખાનગી એકમોને ઉદ્યોગો વેચવા (D) જાહેર ક્ષેત્રના ઉદ્યોગોને કરરાહત કે સબસિડી આપવી

8. "ટેક્સ હોલિડે" (Tax Holiday) માં શેનો સમાવેશ થાય છે ?

(A) નફા ઉપર ચોક્કસ વર્ષ દરમિયાન પ્રત્યક્ષ કરવેરા મુક્તિ (B) કાયમી કરવેરામાં રાહત

(C) પરોક્ષ વેરો કાયમી ભરવામાં રાહત (D) પ્રત્યક્ષ અને પરોક્ષ વેરો લેવામાં ન આવે

9. "ટાઈની ઉદ્યોગો"માં ક્યાં ઉદ્યોગોનો સમાવેશ થાય છે ?

(A) મોટા ઉદ્યોગનો (B) મધ્યમ ઉદ્યોગો (C) નાના ઉદ્યોગો (D) બિલકુલ નાના ઉદ્યોગો

10. ઔદ્યોગિક ક્ષેત્રે શું થવું જોઈએ ? તેના કરતાં શું થાય છે ? તેનો ઔદ્યોગિક અર્થશાસ્ત્રના કયા સ્વરૂપમાં અભ્યાસ કરવામાં આવે છે ?

(A) અનુભવજન્ય સ્વરૂપ (B) વાસ્તવદર્શી સ્વરૂપ

(C) વ્યવહારિક સ્વરૂપ (D) વિશ્લેષણાત્મક સ્વરૂપ

11. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના કયા સ્વરૂપમાં ઔદ્યોગિક સંચાલન અને જાહેર નીતિની ચર્ચા કરવામાં આવે છે.

(A) વાસ્તવદર્શી સ્વરૂપ (B) અનુભવજન્ય સ્વરૂપ

(C) વર્ણનાત્મક સ્વરૂપ (D) વ્યવહારિક સ્વરૂપ

12. ઔદ્યોગિક અર્થશાસ્ત્રના સૈદ્ધાંતિક વિશ્લેષણમાં કયા પરિબળોનો આધાર લેવામાં આવે છે ?

(A) તાર્કિક પરિબળો (B) વાસ્તવલક્ષી પરિબળો

(C) અનુભવજન્ય પરિબળો (D) ઉપરમાંથી એક પણ નહીં

13. SIRનું પૂર્ણ રૂપ નીચે પૈકી કયુ છે ?

(A) State Investment Record (B) State Investment Record

(C) Special Investment Region (D) Special Investment Review

14. દેશના અર્થતંત્ર માટે નીચે પૈકી કઈ નીતિ નુકસાનકારક છે ?

(A) ઉદારીકરણ (B) ખાનગીકરણ (C) વિમુદ્રીકરણ (D) નિયંત્રણાત્મક

15. કોઈપણ દેશના આર્થિક વિકાસની પ્રક્રિયામાં ઘટતા મળતરની પ્રવૃતિ કયા ક્ષેત્રે જોવા મળે છે ?

(A) ઉપ્યોગ ક્ષેત્રે (B) કૃષિક્ષેત્રે (C) સેવાક્ષેત્રે (D) ટેકનોલોજી ક્ષેત્રે

16. "માળખા- વર્તન -કામગીરી" ની સાંકળ કયા અર્થશાસ્ત્રએ રજૂ કરી હતી ?

(A) જે. એસ. બેઈને (B) જે.કે. ગાલબ્રેથે (C) રોબર્ટ મારીસે (D) માર્ચે

- **સંદર્ભ સૂચિ**


1. P.W.S. Andrews "Industrial Economics as a Specialist Subject" Journal of Industrial Economics Vol-1 (1952)
2. E.H. Chamberlin, the Theory of Monopolistic Competition (Cambridge Mass, Harvard University Press,1933 )
3. J. Robinson, the Economics of Impact of imperfect Competition. (London, Macmillan (1933)
4. P.S. Florence: Logic of Industrial Organization
5. સુથાર હરજીવન, ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6 દ્વિતીય આવૃત્તિ 1995.
6. પટેલ આર.સી. 'ઔદ્યોગિક અર્થશાસ્ત્ર' પોપ્યુલર પ્રકાશન, સુરત બીજી આવૃત્તિ 1992-93.


- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

1-B, 2-D, 3-A, 4-C, 5-D, 6-D, 7-C, 8-A, 9-D, 10-B, 11-D, 12-A, 13-C, 14-D, 15-B, 16-A)

એકમ 2

# પેઢી

-: રૂપરેખા :-

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 પેઢીનો અર્થ

2.3 પેઢીની વ્યાખ્યા

2.4 પેઢીના લક્ષણો

2.5 વિવિધ બજાર માળખામાં પેઢીનો ખ્યાલ

2.6 પેઢીને માલિકીના આધારે પેઢીના પ્રકાર

2.7 સારાંશ

2.8 ચાવીરૂપ શબ્દો

2.9 તમારી પ્રગતિ ચકાસો

● સંદર્ભ સૂચિ

● તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 2.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં પેઢી વિશેની સમજ અને ચર્ચા ખુબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

(2) વિદ્યાર્થીઓને પેઢીનો અર્થશાસ્ત્રીય પરિભાષામાં અર્થ સમજાય તથા પેઢીની માલિકીના સ્વરૂપ વિશે સમજ કેળવાય છે.

(3) વિવિધ બજાર વ્યવસ્થાઓમાં પેઢીના ઉદેશો તથા પેઢીના વર્તન વિશેની સમજણ વિધાર્થીઓ આ પ્રકરણ દવારા પ્રાપ્ત કરી શકશે.

(4) આ પ્રકરણના અભ્યાસથી વિદ્યાર્થીઓ પેઢીના પ્રકારો વિશેની જાણકારી મેળવી શકશે.

## 2.1 પ્રસ્તાવના

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર એ પ્રારંભિક રીતે ઉત્પાદન અને આર્થિક પ્રવૃત્તિ કરતાં આર્થિક એકમો એટલે કે પેઢીઓ, ઉદ્યોગો, વિવિધ બજાર વ્યવસ્થાઓમાં પેઢીઓના વર્તન વગેરેનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરે છે. પેઢી, ઉદ્યોગ અને બજાર વ્યવસ્થા કે બજાર માળખાનો અભ્યાસ એ મૂળભૂત રીતે એકમલક્ષી અર્થશાસ્ત્રમાં સૈદ્ધાંતિક સ્વરૂપે કરવામાં આવે છે. પેઢી, ઉદ્યોગો અને બજાર વ્યવસ્થાઓને સ્પર્શતા કેટલાક વ્યવહારિક પાસાઓની ચર્ચા પણ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે. આમ પેઢીના વર્તનનું વિશ્લેષણ અને ચર્ચા એ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં તદન પ્રારંભિક અને મહત્ત્વનો મુદ્દો ગણાય છે. પેઢીની ચર્ચા માં પેઢીની માલિકીના

આધારે પેઢીના પ્રકાર (સ્વરૂપ), પેઢીના ઉદ્દેશો, પેઢીના વિવિધ બજાર વ્યવસ્થાઓમાં કિંમત અને ઉત્પાદન નિર્ધારણ સંદર્ભે પેઢીના વર્તન વગેરેને મહત્ત્વ આપવામાં આવે છે.

## 2.2 પેઢીનો અર્થ

પેઢી એ આર્થિક પ્રવૃત્તિ કરતુ સ્વતંત્ર આર્થિક એકમ છે. પેઢી એ પરંપરાગત સામાન્ય અર્થમાં વેપારી એકમ માટે વપરાતો શબ્દ પ્રયોગ છે. વાસ્તવમાં ઉત્પાદન કે વિતરણ કે સેવાકીય ક્ષેત્રે કામ કરતા સ્વતંત્ર આર્થિક એકમને પેઢી કહેવાય છે. કોઈ વસ્તુ કે વસ્તુઓ, સેવા કે સેવાઓનું ઉત્પાદન, સંગ્રહ, રૂપાંતર પ્રક્રિયા, પરિવહન વગેરે ઉત્પાદકીય અને આર્થિક કામગીરી થાય છે તેવો પ્લાન્ટ એટલે પેઢી. આધુનિક અર્થઘટન પ્રમાણે પેઢી એટલે જેમાં એક અથવા વધારે વસ્તુઓ કે સેવાઓના ઉત્પાદન સંબંધિત જાણકારી ટેક્નોલોજી અને સાધનો ધરાવતું એકમ એટલે પેઢી.

ઔદ્યોગિક અર્થશાસ્ત્રના સંદર્ભમાં ઉદ્યોગોનું એકમ એ પેઢી છે એટલે કે પેઢીએ ઔદ્યોગિક ક્ષેત્રે એટલે કે ઉત્પાદન ક્ષેત્રે કામ કરતું આર્થિક એકમ છે. જો કે ભૌતિક કે અભૌતિક ચીજવસ્તુ અને સેવાઓનું ઉત્પાદન કરતા આર્થિક એકમને પેઢી કહેવામાં આવે છે. પેઢી એ ઉત્પાદન અને કિંમત નિર્ધારણ કરતું આર્થિક એકમ છે અને તેનું સંચાલન કોઈ એક કે વધારે ખાનગી માલિકો દ્વારા, સહકારી ક્ષેત્ર દ્વારા, કોર્પોરેટ સેક્ટર દ્વારા કે જાહેર ક્ષેત્ર એટલે કે સરકાર ધ્વારા કરવામાં આવતું હોય છે. પેઢીની માલિકીને આધારે પેઢીના ઉદ્દેશ્યો તથા પેઢીના વર્તનમાં ફેરફાર જોવા મળે છે. વળી પેઢી એ વિવિધ બજાર વ્યવસ્થાઓના સંદર્ભમાં અલગ અલગ રીતે કિંમત અને ઉત્પાદન નિર્ધારણ સંદર્ભે વર્તન કરે છે. આમ પેઢીને પેઢીના માલિકી સ્વરૂપ તથા વિવિધ બજારના માળખાના ભાગરૂપે જોઈ શકાય છે. આથી પેઢીની ચર્ચા અલગ અલગ વ્યવસ્થાઓમાં અલગ અલગ રીતે કરવામાં આવે છે.

## 2.3 પેઢીની વ્યાખ્યા

પેઢી ઉત્પાદનના વિવિધ સાધનોને એકત્રીત કરે છે અને તેને સંચાલિત કરી ને ઉત્પાદક કામગીરીમાં રોકે છે અને જે કઈ વસ્તુ કે સેવાઓનું ઉત્પાદન થાય છે. આ ઉત્પાદિત ચીજવસ્તુ કે સેવાનું વેચાણ સંબંધી નિર્ણયો લેતું એકમ છે. આમ ઉત્પાદન માટે પેઢી એ પાયો છે. પેઢીની વ્યાખ્યા જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ નીચે મુજબ આપી છે.

**પ્રો. બેનહામ**

"નિયોજકના અંકુશમાં હોય તેવા સાધનો જેમ કે જમીન, કાચો માલ, મકાન, શ્રમીકો, યંત્રો વગેરેનો સમૂહ એટલે પેઢી".

**પ્રો. ક્રેઈન કોર્સ**

"કઈ વસ્તુનું ઉત્પાદન કેવી રીતે કરવું તેનો નિર્ણય લેનાર અંકુશના એકમ પેઢી કહેવામાં આવે છે."

એ.સી. જોસેફ ના મતે "પેઢી એ નિર્ણયીકરણના પાયાનો એકમ છે."

## 2.4 પેઢીના લક્ષણો

પેઢીનો ખ્યાલ ઔદ્યોગિક ક્રાંતિના પ્રારંભિક સમયમાં પરંપરાગત સ્વરૂપે હતો એટલે કે ઘણેઅંશે પેઢીની માલિકી વ્યક્તિગત કે ભાગીદાર સ્વરૂપની હતી. નાણાબજાર અને મૂડી બજારના વિકાસ થવા સાથે જોઈન્ટ સ્ટોક કંપનીઓ એટલે કે કોર્પોરેટ કંપની સ્વરૂપનો વિકાસ થયો. યાંત્રિક અને વૈજ્ઞાનિક શોધોનો ઉપયોગ કરીને મોટા પાયા ઉપર ઉત્પાદન કરવાની જરૂરિયાત

ઉભી થઈ ત્યારે આર્થિક પ્રવૃત્તિમાં જોખમનું તત્વ વધવા પામ્યું. અનેક ખાનગી કે ભાગીદારી સ્વરૂપની માલિકીવાળી પેઢીઓને બદલેં કોર્પોરેટ ક્ષેત્રની પેઢીઓ અસ્તિત્વમાં આવી પેઢીઓ જોખમનું પ્રમાણ ઘણા લોકો વચ્ચે વહેંચીને ઓછું કરી નાખે છે. પેઢીઓના સંચાલન અને ઉદ્દેશોમાં પણ તેના માલિકી સ્વરૂપના આધારે ફેરફારો થતા રહે છે. પેઢીના લક્ષણોમાં પેઢીની માલિકી સ્વરૂપ, કાયદાની મર્યાદા અથવા કાનૂની જોગવાઈ, પેઢીનું કદ તથા પેઢીનું આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય સ્વરૂપ એ મહત્ત્વનું ગણાય છે.પેઢીના મહત્ત્વના પાંચ લક્ષણો નીચે મુજબ છે.

### પેઢી અંગે ચોક્કસ કાનૂની જોગવાઈ

સામાન્ય રીતે મૂડીવાદી તથા મિશ્ર આર્થિક પદ્ધતિ એટલે કે જયાં ખાનગી મિલકત અને બજાર તંત્રને અવકાશ હોય તેવા દેશોમાં પેઢીના જુદા જુદા પ્રકારોની સ્થાપના તથા સંચાલન બાબતે ચોક્કસ નિયમો રાજ્ય દ્વારા ઘડવામાં આવતા હોય છે અને આ નિયમો અનુસાર પેઢીઓએ વર્તવું પડે છે.

### વ્યક્તિગત માલિકી કે ભાગીદારી પેઢી

પેઢીનું સૌથી સામાન્ય સ્વરૂપ એતિહાસિક દૃષ્ટિએ તે વ્યક્તિગત માલિકી કે ભાગીદારી સ્વરૂપનું ગણાય છે. આવી પેઢીઓની સ્થાપના અને તેનાં રોજબરોજના સંચાલન સંદર્ભે રાજય દ્વારા ચોક્કસ કાયદા કાનૂન નિર્ધારિત કરવામાં આવ્યા છે અને આ પેઢીઓ તેનું ચુસ્તપણે પાલન કરતી હોય છે. દરેક પેઢીએ સામાન્ય રીતે નિયમ અનુસાર સ્થાનિક કક્ષાએ તેમજ સંબંધિત સરકારી વિભાગમાં પેઢીને નોંધણી કરાવવી જરૂરી હોય છે. મોટી ઉત્પાદક પેઢીઓ માટે તેમજ લઘુઉદ્યોગ માટે પેઢીના કદ સંદર્ભે તેમજ પેઢીની માલિકીના સ્વરૂપ સંદર્ભે રાજ્ય દ્વારા ચોક્કસ કાયદા ઘડવામાં આવ્યા હોય છે, તે મુજબ તે પેઢીએ કાયદાઓનો અમલ કરવો જ પડે છે. ઉત્પાદન કે પેઢીના કદ સંદર્ભે ઉત્પાદનની વસ્તુનો પ્રકાર તેની ગુણવત્તા ઉત્પાદનની પ્રક્રિયામાં વપરાતાં યંત્રો અને સાધનો, ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન થતા પ્રદૂષણ, ઉત્પાદનના સ્થળની પરિસ્થિતિ અને સુવિધાઓ કામદારોના હિતો અંગેના નિયમો વગેરે નિયમો પ્રવર્તતા હોય છે. તેનું પાલન પેઢીઓએ ફરજીયાત રીતે કરવું પડે છે. ઉત્પાદનની પદ્ધતિ તથા ટેકનોલોજીના ફેરફારો, વિદેશી ભાગીદારી, ગુણવત્તા નિયંત્રણ, પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરાને લગતા વિવિધ કાયદાઓનું પાલન પેઢીઓએ કરવું પડે છે.

### કોર્પોરેટ સ્વરૂપની પેઢી

જોઇન્ટ સ્ટોક કંપનીઓ માટે અલગ કંપની ધારા અમલમાં હોય છે. આ કંપની ધારા તથા તેમાં વખતોવખત થતાં ફેરફારોનું ચુસ્ત પાલન કંપનીઓએ કરવું પડે છે. શેર ઈશ્યૂ વડે પબ્લિકમાંથી મૂડી ઊભી કરવી, ડિવિડન્ડની વહેંચણી કરવી, બોનસ શેર આપવા, ઓડિટ કરાવવું, સામાન્ય સભાનું સંચાલન વગેરે બાબતે ચોક્કસ નિયમો પ્રવર્તતા હોય છે, તેનું ચુસ્ત રીતે પાલન કોર્પોરેટ સેક્ટરે કરવું પડે છે. પેઢીઓ ઉપરના વિવિધ કાનૂની નિયમનો જો બંધ કરવામાં આવે, તો તે અંગે પેનલ્ટીની કે શિક્ષાત્મક પગલાની જોગવાઈ કરવામાં આવતી હોય છે.

પેઢીની માલિકી સંદર્ભે કોર્પોરેટ સ્વરૂપ એ આધુનિક સમયમાં મહત્ત્વનું ગણાય છે. કોર્પોરેટ સ્વરૂપમાં (1) પ્રાઈવેટ લિમિટેડ અને (2) પબ્લિક લિમિટેડ એવા બે પ્રકાર જોવા મળે છે. કોર્પોરેટ સ્વરૂપમાં વધુ હિસ્સેદારો હોવાથી આર્થિક જોખમ બધા વચ્ચે વહેંચાઈ જાય છે, તેથી આ સ્વરૂપ વધુ વિસ્તાર પામ્યું છે. નાના એકમો હોય ત્યાં કે જયાં બહુ મોટા મૂડીરોકાણની જરૂર ન હોય ત્યાં ચોક્કસ સંખ્યાના હિસ્સેદારો પ્રાઈવેટ લિમિટેડ કંપની રચી પેઢીનું સંચાલન કરે છે. આવી પેઢીઓ

પબ્લિક ઇશ્યૂ બહાર પાડી શકતી નથી, એટલે કે એના હિસ્સેદારો પોતપોતાની શક્તિ અનુસાર રોકાણમાં નાણાકીય ફાળો આપે છે, પરંતુ સામાન્ય લોકો પાસેથી ભાગીદારી સ્વરૂપે એટલે કે શેર સ્વરૂપે મૂડી એકત્ર કરી શકતા નથી. ઔદ્યોગિક મૂડીરોકાણો એ બહુ મોટા પ્રમાણમાં મૂડી માગી લે છે અને તેથી કોર્પોરેટ ક્ષેત્રે પબ્લિક લિમિટેડ કંપનીઓ રચાય છે. આવી કંપનીઓમાં પ્રારંભિક પ્રોમોટર્સ શરૂ કરનારાઓ પોતપોતાની શક્તિ મુજબનો નાણાકીય હિસ્સો પૂરો પાડી વધારાની જરૂરિયાતની મૂડી સામાન્ય પ્રજા પાસેથી પબ્લિક ઇશ્યૂ વડે મેળવી શકે છે. આ પ્રકારની પેઢીઓએ કંપની ધારા અનુસારના નિયમોનું પાલન કરવું પડે છે, જેમ કે પબ્લિક ઇશ્યૂની મંજૂરી, પારદર્શિતા, નફાનું વિતરણ, સામાન્ય સભાની મીટિંગો, સંચાલકોની મીટિંગો અને તેમની સત્તાઓ, ફરજિયાત ઓડિટ જેવા અનેક નિયમોનું પાલન કરવું ફરજીયાત હોય છે. પ્રાઇવેટ લિમિટેડ કંપનીએ પણ આ ક્ષેત્રને લગતા ચોક્કસ કંપની એક્ટ ના નિયમો પાળવા ફરજીયાત હોય છે.

**સહકારી ક્ષેત્રની પેઢી**

ઘણા આર્થિક એકમો એટલે કે પેઢીઓ સહકારી ક્ષેત્ર દ્વારા સ્થાપવામાં આવે છે અને સહકારી ક્ષેત્રના નિયમો અનુસાર તેનું સંચાલન કરવામાં આવે છે. વળી સહકારી ઔદ્યોગિક એકમોએ કંપની એક્ટના નિયમોનું પણ પાલન કરવું પડે છે. આમ સહકારી ઔદ્યોગિક એકમોએ કંપની એક્ટ અનુસારના નિયમો ઉપરાંત સહકારી કાયદા તેમજ સહકારના સિદ્ધાંતો નું વ્યાપકપણે તથા વિશિષ્ટપણે સંચાલન કરવું પડે છે. આવા સહકારી એકમની પેઢીના શ્રેષ્ઠ ઉદાહરણોમાં ઈફકો (Indian Farmers Fertilizers Co-operative Organization-IFFCO) છે. આ ક્ષેત્રે બધા સભાસદો ગમે તેટલાં શેર ધરાવતા હોય અને શેરમૂડી ધરાવતા હોય, પરંતુ સંચાલન માટે દરેકનો મત એકસરખો હોય છે. આવી પેઢીઓ નફા માટે નહીં, પરંતુ સભાસદોના કલ્યાણ હેતુથી કામ કરે છે. આ પેઢીઓએ પણ આંતરિક અને બાહ્ય ઓડિટ કરાવવું પડે છે તથા નિયમ અનુસારનું અનામત ફંડ તથા અન્ય ફાળાની જોગવાઈ કરવી પડતી હોય છે.

**સંયુક્ત ક્ષેત્રની પેઢી**

કેટલાક દેશો કે રાજ્યોમાં ખાનગી અને જાહેર ક્ષેત્ર સાથે મળીને પેઢીની રચના કરે છે. જેને સંયુક્ત ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે.દા.ત. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇજર્સ કોર્પોરેશન (GSFC) રાજ્ય અને ખાનગી માલિકી સંયુક્ત પણે, જયારે કોઈ એક આર્થિક એકમ એટલે કે પેઢી ચલાવે ત્યારે કંપનીના સામાન્ય નિયમો તો તેને લાગુ પડે છે, પરંતુ તે ઉપરાંત વિશિષ્ઠ કરારો અને જોગવાઈઓ પણ તેને લાગુ પડે છે.

ઉદારીકરણની નીતિ પછી કેટલાક જાહેર સાહસોમાં આંશિક વિમૂડીકરણ કરીને ખાનગી ભાગીદારી દાખલ કરવામાં આવી છે. તેથી સંચાલનમાં સરકારી પ્રતિનિધિઓ ઉપરાંત ખાનગી મૂડીરોકાણ ધરાવતા રોકાણકારોના પ્રતિનિધિઓ પણ સંચાલન માં હિસ્સેદારી ધરાવે છે. આમ સંયુક્ત ક્ષેત્ર પ્રારંભથી જ ખાનગી અને જાહેર ક્ષેત્ર કરાર અનુસાર ઉદભવે છે. તે ઉપરાંત જાહેર સાહસના આંશિક વિમૂડીકરણ વડે પણ ઉદભવે છે. 1990 પછી ઉદારીકરણની નીતિના ભાગરૂપે સરકારે ઘણા જાહેર સાહસોમાં આંશિક વિમૂડીકરણ વડે ખાનગી ક્ષેત્રના સંચાલનમાં ભાગીદારી આપી છે. આવા એકમોએ જાહેર તેમજ ખાનગી ક્ષેત્રની સંયુક્ત ભાગીદારી વાળા હોવાથી સંયુક્ત ક્ષેત્ર તરીકે ઓળખાવી શકાય. તેના ઉદાહરણો નીચે મુજબ છે.

- NMDC Steel Limited ( National Mineral Development Corporation Steel Limited.
- BEML (Bharat Earth Movers Limited - રેલ્વેના કોચ, સ્પેર પાર્ટસ.)

- HLL Life Care (High Level Language Life Care-કોમ્પુટર લેગ્વેઝ
- IDBI (Industrial Development Bank of India)
- Container Corporation of India (માલની હેરફેર કરતી કંપની)
- BPCL-Bharat Petroleum Corporation Limited)

**જાહેર માલિકીની પેઢી**

કેટલાક રાજ્યો કે દેશોમાં પોતાની માલિકીની પેઢીઓ એટલે કે આર્થિક એકમો ચલાવે છે. કેટલીકવાર રાજ્યો કે દેશ કોઈ એક ઉદ્યોગની પેઢીઓનું રાષ્ટ્રીયકરણ કરી ખાનગી માલિકી નાબૂદ કરીને જાહેર માલિકીની પેઢી ઉપર પ્રસ્થાપિત કરે છે. આવા જાહેર ક્ષેત્રના એકમો કે પેઢીઓને માટે સરકાર દ્વારા ચોક્કસ નિયમો ઘડવામાં આવ્યા હોય છે. તે અનુસાર પેઢીઓનું સંચાલન કરવામાં આવતું હોય છે. આમ જુદા જુદા પ્રકારની માલિકી સ્વરૂપ હેઠળની પેઢીઓએ જે તે કાનૂની જોગવાઈઓનું અનુસરણ કરીને પેઢીઓનું સંચાલન કરવામાં આવતું હોય છે.

**પેઢીનું કદ**

પેઢી તેના કદ સંદર્ભે ઓળખાતી હોય છે. વિવિધ સંજોગોમાં મૂડી રોકાણની જરૂરીયાત, કાચામાલની પ્રાપ્યતા, સંચાલનની કુશળતા, વેચાણની શક્યતાઓ વગેરે ના સંદર્ભમાં પેઢીનું કદ અલગ અલગ હોય છે. ઘણે અંશે ગૃહઉદ્યોગો, હસ્ત ઉદ્યોગો વગેરેના એકમો ખૂબ નાના કદના હોય છે. પ્રોસેસિંગ ઉદ્યોગો, મૅન્યુફૅક્ચરિંગ ઉદ્યોગો વગેરે સામાન્ય રીતે નાના કદના હોય છે, કેટલાક ઉદ્યોગો લઘુ ઉદ્યોગથી આગળ વધીને મધ્યમ કદના બનતા હોય છે. જ્યારે કેટલાક ઉદ્યોગો ખૂબ મોટા કદના હોય છે. ખાસ કરીને બહોળી વેચાણ શક્યતા અને બહોળી માંગ ધરાવતા ઉદ્યોગો તથા કાર્યક્ષમ સંચાલનવાળા ઉદ્યોગો બહોળા પ્રમાણમાં મૂડી એકત્ર કરી મોટા પાયા ઉપર ઉત્પાદન અને વેચાણ કરે છે. ભારે ઉદ્યોગો, મૂડી પ્રધાન ઉદ્યોગો, અદ્યતન ટેક્નોલોજીવાળા ઉદ્યોગો, વધુ આર્થિક જોખમ ધરાવતા ઉદ્યોગો, લાંબો ફલનકાળ ધરાવતા ઉદ્યોગો વગેરે ખૂબ મોટા કદના આર્થિક એકમો એટલે કે મોટા કદની પેઢીઓ હોય છે. ઓઈલ રિફાઈનરી, રેલ્વે એન્જિન, સમુદ્રી જહાજ, એરોપ્લેન, સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ, ભારે મશીનરી, હેવી ઇલેક્ટ્રોનિક્સ જેવા ઉદ્યોગોમાં ખૂબ મોટા કદની પેઢીઓ કામ કરે છે. આમ પેઢીના લક્ષણો સંદર્ભે પેઢીનું કદ અગત્યનું ગણાય છે. પેઢીના કદ અનુસાર અર્થતંત્રમાં પેઢીનું આર્થિક મહત્ત્વ હોય છે. જુદા જુદા કદની પેઢીઓના વિશિષ્ટ પ્રશ્નો હોય છે તથા તે હલ કરવા માટેના અલગ અલગ પ્રયાસો અને સરકારી નીતિઓ હોય છે.

ભારતમાં કેટલાક મોટા ઔદ્યોગિક ગૃહો જેવા કે ટાટા, બિરલા, અંબાણી વગેરે ખૂબ મોટા કદના ઔદ્યોગિક એકમોનું સંચાલન કરે છે. મોટા કદના ઔદ્યોગિક એકમો ક્યાં તો જાહેર ક્ષેત્રે અથવા તો ખાનગી કોર્પોરેટ ક્ષેત્રે કામ કરે છે. આ ઉદ્યોગોમાં ખૂબ મોટા નફાની તથા એપ્રેશીયેસન ની વધુ તકો હોવાથી મોટા પાયા ઉપર પબ્લીક મૂડી એકત્ર કરી શકાય છે. પબ્લીક મૂડી મોટા પાયા ઉપર એકત્ર કરી શકાતી હોવાથી ઉદ્યોગના સંભવિત જોખમનું તત્વ ઘણા લોકો વચ્ચે વહેંચાઈ જાય છે. મોટા પાયા ઉપર પબ્લીક મૂડી એકત્ર થવાથી અદ્યતન ટેક્નોલૉજીનો ઉપયોગ શક્ય બને છે. જેને પરિણામે આ ઉદ્યોગની કાર્યક્ષમતા અને ઉત્પાદક્તામાં વધારો થાય છે. પરિણામે ઓછા સરેરાશ ખર્ચે મોટા પાયા ઉપર ઉત્પાદન થઈ શકે છે.

ભારતમાં આઝાદી પછીના સમયમાં નાણાં બજાર, મૂડી બજાર તથા વાહન અને સંદેશાવ્યવહાર તેમજ વીમા કંપનીઓના ખૂબ જ ઓછા વિકાસને પરિણામે મોટા ઉદ્યોગો ખાનગી ક્ષેત્રે સ્થાપવાની મુશ્કેલી જણાતી હતી. વિશેષ કરીને ભારે મુડીરોકાણ માંગી લેતા આધુનિક

ટેકનોલોજી અને યંત્રોની જરૂરિયાતવાળા, લાંબો ફલનકાળ ધરાવતા મૂડીલક્ષી અને ચાવીરૂપ ઉદ્યોગોમાં ખાનગી ક્ષેત્ર આવવા તૈયાર ન હતું. અલ્પવિકસિત દેશોમાં પ્રારંભિક તબક્કામાં ભારે અને મૂડીલક્ષી ઉદ્યોગોના ક્ષેત્રે ખાનગી મૂડી શરમાળ હોય છે, તેવું કહેવાય. આ સંજોગોમાં અર્થતંત્રના વિકાસને યોગ્ય દિશા આપવા માટે જાહેર ક્ષેત્રે આગળ આવવું પડે છે. મોટા આર્થિક જોખમો સહન કરવાની ક્ષમતા અને તૈયારી અમુક સંજોગોમાં ખાનગી ક્ષેત્રની હોતી નથી. તેથી જાહેર ક્ષેત્રે આ જવાબદારી ઉઠાવવી પડે છે. જાહેર ક્ષેત્રની મોટા આર્થિક જોખમ ઉઠાવવાની ક્ષમતા ઘણી વધારે હોય છે તથા આ માટે જાહેર ક્ષેત્રની તૈયારી પણ હોય છે. ભારતમાં આર્થિક વિકાસના પ્રારંભિક તબક્કામાં 1948 અને 1956 ની ઔદ્યોગિક નીતિમાં ભારે ચાવીરૂપ મૂડીલક્ષી ઉદ્યોગ જેવા કે ખાણ-ખનિજ, ધાતુઓ, ભારે મશીનરી, ભારે ઇલેક્ટ્રિક સામગ્રી વગેરે ક્ષેત્રે જાહેર ક્ષેત્ર દ્વારા ભારે મૂડીરોકાણ કરીને મોટા પાયાના ઉદ્યોગો સ્થાપવાનું જાહેર કરાયું હતું. આમ જાહેર સાહસોના એકમો ઘણા મોટા કદના હોય છે. આર્થિક વિકાસના આગળના તબક્કાઓમાં બૅન્કિંગ, નાણાંબજાર, મૂડીબજાર, વિમાસેવા તથા અન્ય વાણિજ્ય સેવાઓનો વિકાસ થવા સાથે ખાનગી ઉદ્યોગોની મૂડીરોકાણ ક્ષમતામાં વધારો થાય છે. જોઇન્ટ સ્ટોક કંપનીઓ બજારમાંથી મોટું મૂડી ભંડોળ પ્રાપ્ત કરીને તેમજ ઔદ્યોગિક બેંકો પાસેથી મોટી લોનો મેળવીને મોટા ઉદ્યોગની સ્થાપના તથા ઔદ્યોગિક એકમોના વિસ્તારની યોજનાઓ અમલમાં મૂકી શકે છે. ખાસ કરીને આર્થિક ઉદારીકરણ પછી વિવિધ પ્રકારની વાણિજ્ય સેવાઓના વિકાસને પરિણામે તથા મૂડીરોકાણ પ્રત્યે સરકારની હકારાત્મક અને પ્રોત્સાહક નીતિઓને પરિણામે મોટા ઔદ્યોગિક ગૃહો દ્વારા ઘણા મોટા ઔદ્યોગિક એકમો શરૂ કરવામાં આવ્યા છે. ઓટોમોબાઈલ્સ, યંત્રસામગ્રી, ઇલેક્ટ્રિકલ, ખાણ - ખનિજ અને ધાતુઓ, પેટ્રોલિયમ, ગૅસ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ જેવા ક્ષેત્રોમાં ઘણા મોટા ઔદ્યોગિક એકમો કાર્ય કરે છે. જે ઉદ્યોગોમાં પ્રવેશની સરળતા ખૂબ મુશ્કેલ હોય તથા જેમાં વધુ જોખમ હોય અને મોટા પાયા ઉપર મૂડીરોકાણ આવશ્યક હોય તેવા ઉદ્યોગોમાં સ્પર્ધાનું તત્વ ઓછું અને ઈજારા તત્વ વધુ હોય છે. આવા ક્ષેત્રોમાં સામાન્ય રીતે પેઢીઓ ખૂબ મોટા કદની હોય છે, જે ઘણે અંશે અલ્પ હસ્તક ઈજારાની સ્થિતિ ધરાવતી હોય છે.

### પેઢીનો એક કરતા વધુ દેશો સાથે સંબધ (પેઢીનો બહુ રાષ્ટ્રીય સંબંધ)

સામાન્ય રીતે પેઢીઓ જે તે રાજયો કે દેશમાં પોતાનું કામકાજ ખાસ કરીને ઉત્પાદનનું કામકાજ કરતી હોય છે. જો કે નાના કદની પેઢીઓથી માંડી મોટા કદની પેઢીઓ આયાત અને નિકાસની દૃષ્ટિએ એક કરતા વધુ દેશો સાથે સંબંધ ધરાવતી હોય છે. જેમ કે કાચા માલની આયાત ઉપર ઘણી પેઢીઓ ઉત્પાદન માટે નિર્ભર હોય છે. યંત્ર સામગ્રી અને ટેક્નોલૉજીની આયાત ઉપર પણ ઘણી પેઢીઓ નિર્ભર હોય છે. પેઢીઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ એક યા બીજા દેશોમાં વધતા ઓછા પ્રમાણમાં નિકાસ કરવામાં આવતી હોય છે. આમ છતાં આવી પેઢીઓએ ઘણેઅંશે પોતાના દેશ સાથે જ સંબંધિત હોય છે. આવી પેઢીઓનું મૂડીરોકાણ અને ઉત્પાદન પોતાના દેશ પુરતું જ મર્યાદિત હોય છે. કેટલીક પેઢીઓ બહુરાષ્ટ્રીય પેઢીઓ તરીકે ઓળખાય છે. આવી પેઢીઓના મૂડીરોકાણ અને ઉત્પાદનનું કામકાજ એક કરતા વધુ દેશોમાં હોય છે. આવી પેઢીઓ બહુરાષ્ટ્રીય કંપનીઓ એટલે કે મલ્ટીનેશનલ કંપની તરીકે ઓળખાય છે. ઘણી બધી ફાર્માસ્યૂટિકલ અને ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુની કંપનીઓ મલ્ટીનેશનલ કંપનીઓ તરીકે કામ કરે છે. વોશિંગ મશીન, રેફ્રિજરેટર, ફ્રીજ, ટેલિવિઝન, દવાઓ વગેરેની કંપની જેવી કે સેમસંગ, LG, ફિલિપ્સ વગેરે મલ્ટીનેશનલ કંપનીઓ છે. ભારતમાં હજારો કંપનીઓ મલ્ટીનેશનલ કંપનીઓ તરીકે કામકાજ કરે છે. 1990 ના દાયકામાં જ્યારે વિશ્વ વ્યાપાર સંગઠન અને મુક્ત મૂડીની હેરફેર અંગે ચર્ચાઓ ચાલતી હતી, ત્યારે ભારતમાં 1800 જેટલી મલ્ટીનેશનલ

કંપનીઓ હતી. આવી મલ્ટીનેશનલ કંપનીઓની કેટલીક મર્યાદાઓ અને નકારાત્મક પાસા હોવા છતાં ઘણે અંશે ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ તેમનો ફાળો ખૂબ અગત્યનો ગણાય છે.

અલ્પવિકસિત દેશોમાં કોર્પોરેટ કંપનીઓનો વિકાસ ઓછા પ્રમાણમાં થયો હોવાથી મૂડી અને ટેક્નોલોજીની દ્રષ્ટિએ અછત પ્રવર્તી હોવાથી ઔદ્યોગિક વિકાસ બહુ ધીમો હોય છે. આ સંજોગોમાં દેશમાં ઉત્પાદન, રોજગારી અને આવકો વધારવાના હેતુથી વિદેશી કંપનીઓને ચોક્કસ શરતો સાથે દેશમાં મૂડીરોકાણ કરવા માટે આવકારવામાં આવે છે. ભારતમાં ઘણી જાણીતી વિદેશી કંપનીઓ કામકાજ કરે છે. કોલગેટ, પામોલિન, હિંદુસ્તાન લિવર, GEC, ફિલિપ્સ, મર્ફી, LG, લોઈડ, સેમસંગ જેવી વિદેશી કંપનીઓ ભારતમાં મલ્ટિનેશનલ કંપનીઓ તરીકે ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદન, રોજગારી અને આવક સર્જનમાં મહત્ત્વનો ફાળો આપે છે. ઉદ્યોગો સિવાય ઘણી વાણિજ્ય સેવાઓના ક્ષેત્રે પણ વિદેશી કંપનીઓ ભારતમાં સારું એવું કામકાજ કરે છે. વિદેશી કંપનીઓ એટલે કે મલ્ટીનેશનલ કંપનીઓના ઘણાં લાભ જોવા મળે છે. વિકસતા દેશોમાં મૂડીરોકાણની અછત હોય છે, તે વિદેશી મૂડી વડે પૂર્ણ કરી શકાય. વિકસતા દેશોમાં ઉત્પાદન પદ્ધતિ અને ટેકનોલોજીનો અલ્પ વિકાસ થયો હોય છે, તે સંજોગોમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ આધુનિક ટેકનોલોજી દેશમાં પુરી પાડે છે અને તેમના સહયોગમાં કામ કરતી દેશની કંપનીઓના નિષ્ણાતો અને કારીગરો આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ શીખે છે. તેથી દેશમાં ટેક્નોલોજીના ક્ષેત્રે સુધારણા થાય છે, જેટલા અંશે વિદેશી મૂડીરોકાણ બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા થાય તેટલા અંશે ઊંચા પગારવાળી નોકરીઓનું સર્જન થાય છે, જેને પરિણામે નવો મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગ વિસ્તરે છે. રોજગારી, ઉત્પાદન અને આવક સર્જનમાં વિદેશી કંપનીઓ નોંધપાત્ર ફાળો આપે છે. આ ઉપરાંત બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓની નિકાસો વડે દેશને સારું એવું વિદેશી હુંડિયામણ પ્રાપ્ત થાય છે. દેશની રાષ્ટ્રીય આવક એટલે કે GDP વધારવામાં બહુરાષ્ટ્રીય કંપનીઓનો ફાળો નોંધપાત્ર ગણી શકાય. સરકારની પ્રત્યક્ષ અને પરોક્ષ વેરાની આવકોમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ નોંધપાત્ર ફાળો આપે છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ સામે કેટલીક ફરિયાદો પણ થતી હોય છે. આ કંપનીઓ નફાનો સારો એવો હિસ્સો પોતાના શેરહોલ્ડરોને ચુકવે છે. જેમાં મોટાભાગના શેરહોલ્ડર્સ વિદેશોમાં હોય છે. જો દેશનો નફો જાય છે, બહુરાષ્ટ્રીય કંપનીઓ મોનોપોલીના એટલે કે ઈજારાની સ્થિતિને કારણે ઉંચા ભાવ લઈ ગ્રાહકોનું શોષણ કરે છે. આ કંપનીઓ તેમની અદ્યતન ઉત્પાદન પદ્ધતિ અને ટેકનોલોજી દેશમાં લાવવાના બદલે જૂની થયેલી ટેક્નોલોજી દેશમાં લાવે છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ સામેની આ ફરિયાદોમાં અમુક અંશે વજૂદ છે, પરંતુ આ કંપનીઓ દ્વારા દેશના અર્થતંત્રને થતા લાભની તુલનાએ તેના ગેરલાભ ઓછા જણાય છે.સામાન્ય રીતે વિકસતા જતા દેશોની કંપની વિદેશી કંપનીની ભાગીદારીમાં પોતાના દેશમાં કામકાજ કરે છે, પરંતુ આ કંપનીઓ વિદેશોમાં બહુરાષ્ટ્રીય કંપની તરીકે ભાગ્યે જ કામ કરતી જોવા મળે છે. ભારતમાં, 21 મી સદીના પ્રારંભિક દાયકા સુધી આ સ્થિતિ હતી, પરંતુ છેલ્લા એકાદ બે દાયકાથી આ સ્થિતિમાં પરિવર્તન આવ્યું છે ભારતની કેટલીક કંપનીઓ વિદેશોમાં ઔદ્યોગિક કામકાજ કરે છે એટલે કે ભારતની કેટલીક કંપનીઓ મલ્ટીનેશનલ કંપનીઓ તરીકે કામકાજ કરતી થઈ છે. મધ્ય એશિયાના કેટલાક દેશોમાં શ્રીલંકા, ઇઝરાયલમાંથી ભારતની કેટલીક કંપનીઓએ કેટલાક મહત્ત્વના પ્રોજેક્ટ મેળવ્યા છે, તે ભારતના ઔદ્યોગિક ગૃહોના વિકાસ અને શક્તિનો પરિચય કરાવે છે. ખાસ કરીને અદાણી જૂથે આ દિશામાં સારી એવી નામના મેળવી છે.

ભારતની કંપનીઓ વિદેશોમાં બહુરાષ્ટ્રીય કંપની તરીકે કામકાજ કરે તેથી દેશમાં મૂડીરોકાણ કરવાને બદલે વિદેશમાં મૂડીરોકાણ કરવાથી લાભની સ્થિતિ ગણાય કે ગેરલાભની એ ચર્ચાનો વિષય બને છે. પ્રથમ દ્રષ્ટિએ આપણને એમ લાગે કે દેશની કંપની દેશમાં મૂડીરોકાણ

કરવાના બદલે વિદેશમાં મૂડીરોકાણ કરે તો ઉત્પાદન, રોજગારી અને આવકનું સર્જન વિદેશમાં થાય છે. આ દલીલ આંશિક રીતે સાચી જણાય છે, પરંતુ દેશની કંપની દેશમાં મૂડીરોકાણ કરવાના બદલે વિદેશમાં મૂડીરોકાણ કરે ત્યારે તે મૂડી ઉપરના વળતરને મહત્ત્વ આપે છે. દેશમાં મૂડીરોકાણ કરવાથી કંપનીને જે વળતર મળ્યું હોય તેના કરતા વધુ વળતર વિદેશમાં કરવાથી મળતું હોય તો વિદેશમાં મૂડીરોકાણ કરવું લાભદાયક જણાય છે. આ કંપની વિદેશમાં કામકાજ કરે ત્યારે કેટલાક ઉચ્ચ કક્ષાના ટેકનિશિયનો અને સંચાલકોને દેશમાંથી વિદેશમાં વધુ ઊંચા પગાર સાથે લઈ જાય છે. એથી દેશના ટેકનિશિયનો, તજજ્ઞ અને સંચાલકોને વધુ ઊંચા વેતન મળે છે. આ કંપની વિદેશમાં વધુ ઉચ્ચ નફો કમાય છે, જે દેશમાં પરત લાવે છે અને પોતાના શેરહોલ્ડરોને વધુ ઉચ્ચ ડિવિડન્ડ સ્વરૂપે વહેંચણી કરે છે. તેથી દેશના શેરહોલ્ડરોની આવકમાં વધારો થાય છે. દેશ મલ્ટીનેશનલ કંપનીઓની કમાણી દેશમાં લાવે છે તેના ઉપર સરકારને પ્રત્યક્ષ વેરા સ્વરૂપે સારી એવી આવક થાય છે. વિકસતા દેશની કંપની જ્યારે વિદેશમાં મલ્ટીનેશનલ કંપની તરીકે કામકાજ કરે ત્યારે દેશના અર્થતંત્રમાં લોકોનો વિશ્વાસ વધે તથા દેશના ઉદ્યોગ ગ્રહોની શાખ પણ વધે છે.

**રાજ્ય અને પેઢીના વિશિષ્ટ સંબંધો**

રાજ્યના પેઢીના વિવિધ સ્વરૂપો સંદર્ભે ઘડવામાં આવેલા નીતિ નિયમોનું પાલન પેઢીઓએ કરવું પડતું હોય છે. આ સિવાય રાજ્ય પેઢીઓના પ્રશ્નો સંદર્ભે તથા તેમના વિકાસમાં મદદરૂપ થવા સંબંધે કેટલીક વિશેષ આર્થિક નીતિઓ અને વિશેષ પગલા જાહેર કરે છે. જેના દ્વારા રાજ્ય અને પેઢીઓના વિશિષ્ટ સંબંધો સ્થાપિત થાય છે. સામાન્ય રીતે રાજ્ય દ્વારા કોઈ વ્યક્તિગત પેઢી કે વ્યક્તિગત પેઢીના જૂથને ધ્યાનમાં રાખીને કોઈ વિશેષ કે સામાન્ય આર્થિક નીતિઓ કે પ્રોત્સાહક નીતિઓ ઘડતું નથી. સામાન્ય રીતે ઉદ્યોગોના પ્રશ્નો હલ કરવા તથા ઉદ્યોગોના પ્રશ્નોમાં મદદરૂપ થવા માટે રાજ્ય દ્વારા કેટલીક આર્થિક નીતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.કેટલાક સંજોગોમાં ઉદ્યોગો અને પેઢીઓના કેટલાક વર્તનને પરિણામે ઉદ્ભવતા અર્થતંત્ર પરના વિશિષ્ટ પ્રશ્નો કે પ્રતિકૂળ અસરોને નિયંત્રિત કરવા માટે ખાસ નીતિઓ અને નિયંત્રણો લાગુ કરવામાં આવે છે. કેટલાક સંજોગોમાં રાજ્ય દ્વારા પ્રોત્સાહન માટે કોઈ ચોક્કસ ઉદ્યોગની પેઢીઓ માટે કરરાહતો અને સબસિડીની રાજકોષીય નીતિ અમલમાં મૂકવામાં આવે છે. પેઢીઓની નાણાકીય જરૂરિયાતો અને ધિરાણની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઉદાર નાણાકીય નીતિ એટલે કે સસ્તી વ્યાજદર નીતિ તથા સરળ તરલતા પ્રાપ્તિની નીતિઓ અમલમાં મૂકવામાં આવે છે. આવી નીતિઓને લીધે ચોક્કસ ઉદ્યોગોની પેઢીઓને વિકસવાની ઘણી તકો પ્રાપ્ત થાય છે. પર્યાવરણ સંદર્ભે પ્રતિકૂળ અસરો ધરાવતા ઉદ્યોગોની પેઢીઓને નિયંત્રિત કરવા માટે તથા આવી પેઢીઓ પાસે પર્યાવરણ સુધારણાનો ફાળો એકત્ર કરવા માટે વિશેષ કરનીતિનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રદુષણને નિયંત્રિત કરતી પદ્ધતિઓ તથા સાધનોનો ઉપયોગ વધે તે માટે પ્રોત્સાહક રાજકોષીય નીતિઓ પણ લાગુ કરવામાં આવે છે.

કેટલાક ઉદ્યોગો વધુ પડતા ઈજારાત્મક અને ભારે ખાનગી નફાને લીધે આર્થિક કેન્દ્રીયકરણનું કારણ બનતા હોય ત્યારે રાજ્ય દ્વારા આવા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરી જાહેર ક્ષેત્રે માલિકી હસ્તાંતરિત કરવામાં આવે છે. રાજ્ય દ્વારા કેટલાક મહત્ત્વના ચાવીરૂપ આર્થિક ક્ષેત્રો તેમજ રાષ્ટ્રીય સલામતીની દ્રષ્ટિએ મહત્ત્વના એવા સંરક્ષણલક્ષી ઉદ્યોગો જાહેર ક્ષેત્ર માટે અનામત રાખવામાં આવે છે. આ નીતિઓને ખાનગી ક્ષેત્રે અનુસરવું પડતું હોય છે.

આમ રાજ્યની કેટલીક વિશેષ આર્થિક નીતિઓ સંદર્ભે ખાનગી ક્ષેત્રની પેઢીઓએ અનુકૂલન સાધવું પડતું હોય તે કેટલીક સફળ પેઢીઓના સંચાલકો, નીતિનિર્ધારકો અને સંશોધકોનો

સમાવેશ દેશના આર્થિક આયોજન, દેશની નિકાસ વૃદ્ધિ વગેરે સંબંધિત રાષ્ટ્રીય સમિતિઓમાં સામેલ કરીને તેમના કિમતી સુચનો અને માર્ગદર્શન મેળવવામાં આવે છે, જે દેશના આર્થિક વિકાસમાં ઉપયોગી થાય છે. કેટલીક વધુ મોટા ગજાની પેઢીઓ અમુક સંજોગોમાં રાજ્યની નીતિઓને આંશિક રીતે પ્રભાવિત કરી શકે છે. આમ રાજ્ય અને પેઢીઓના પરસ્પરના સંબંધો સંદર્ભે પેઢીઓ વૂર્તતી હોય છે.

**બજાર માળખા સંદર્ભે પેઢીનું વિશિષ્ટ વર્તન**

પેઢી એ તદ્દન સ્વતંત્ર રીતે વર્તન કરી શકતી નથી. પેઢી એ કોઈ ઉદ્યોગના ભાગરૂપે કામ કરે છે અને ઉદ્યોગો એ વિવિધ બજાર માળખા સાથે સંકળાયેલા હોય છે. પૂર્ણ હરીફાઈ, અપૂર્ણ હરીફાઈ, ઈજારાયુક્ત હરીફાઈ, અલ્પ હસ્તક ઈજારો, ઈજારો એવી અલગ અલગ બજાર વ્યવસ્થાઓમાં જે તે બજાર વ્યવસ્થા સાથે સંકળાયેલ. પેઢીના લક્ષણો અથવા શરતો અલગ અલગ હોય છે. સામાન્ય રીતે પૂર્ણહરીફાઈ અને અપૂર્ણ હરીફાઈમાં પેઢીનું કદ નાનું હોય છે તથા ઘણે અંશે બજારભાવ સ્વીકારવામાં આવે છે અથવા પેઢીના ભાવોમાં સાધારણ તફાવત હોય છે. ઈજારાયુક્ત હરીફાઈની પેઢી તેના જેવી અન્ય પેઢીઓ જેવી વસ્તુઓનું ઉત્પાદન કરે છે, પરંતુ બીજા કરતાં કોઈક રીતે એ ઉત્પાદન અલગ પડે છે એટલે કે વિશિષ્ટ છે. (Similar but not identical). આથી આવી પેઢીઓ પોતાની વસ્તુ માટે કઈક ઈજારાતત્વ ધરાવે છે અને તેથી ભાવ ઉપર થોડી અસર કરી શકે છે. પૂર્ણ હરીફાઈ અને અપૂર્ણ હરીફાઈમાં અને ઈજારાયુક્ત હરીફાઈમાં પણ પેઢીઓની વધુ સંખ્યાને કારણે સામાન્ય નફો પ્રાપ્ત થતો હોય છે.

અલ્પહસ્તક હરીફાઈમાં ક્યાં તો જોડાણ, ક્યાં તો નેતૃત્વ, ક્યાં તો તીવ્ર (ગળાકાપ) સ્પર્ધા જેવી અલગ અલગ પરિસ્થિતિયઓ સર્જાય છે. જો કે અહીં ઓછા હરીફોને કારણે પેઢીનું કદ મોટું હોય છે તથા ઈજારા તત્વને લીધે નફાનું પ્રમાણ વધુ હોય છે. ઈજારામાં એટલે કે શુધ્ધ ઈજારા કે એકાધિકારમાં પેઢીનું કદ ઘણું મોટું હોય છે તથા તે કિંમત નિર્ધારણ ઉપર વધુ અસર ધરાવે છે અને એ વધુ નફો રળે છે. જો કે ઈજારદાર પેઢી ક્યાં તો ભાવ ઉપર અથવા વેચાણ ઉપર બે પૈકી કોઈ એક ઉપર નિર્ણાયક અસર ધરાવે છે, બન્ને ઉપર નહી. આમ બજાર માળખા સંદર્ભે પેઢીનું વિશિષ્ટ વર્તન જોવા મળે છે.

## 2.5 વિવિધ બજાર માળખામાં પેઢીનો ખ્યાલ

પેઢી એ આર્થિક પ્રવૃત્તિનો સ્વતંત્ર એકમ છે. સામાન્ય રીતે પેઢી શબ્દપ્રયોગ વેપારી એકમ માટે વપરાય છે, પરંતુ અર્થશાસ્ત્રના વિશ્લેષણમાં પેઢીનો શબ્દપ્રયોગ ઉત્પાદકીય એટલે કે ઔદ્યોગિક પ્રવૃતિ કરતા એકમ માટે વપરાય છે. અંગ્રેજીમાં પેઢી માટેનો શબ્દ છે Firm. પેઢીના ઉત્પાદન, વેચાણ, કીમત જેવા મહત્ત્વના નિર્ણયો તેમજ રોજબરોજના કામકાજ અંગેના નિર્ણયો પેઢીના માલિક એટલે કે યોજક દ્વારા લેવાય છે અને તેમાં પેઢીના પગાર સંચાલકોનો સહયોગ લેવાય છે. પેઢી એ એક આર્થિક એકમ છે. અર્થશાસ્ત્રમાં કોઈ પણ આર્થિક એકમ મહત્તમ વળતર મેળવવા પ્રયાસ કરે છે, તેવી મૂળભૂત ધારણા કરવામાં આવે છે. વ્યક્તિ અથવા તો આર્થિક એકમ એ તાર્કિક (તર્ક બધ્ધ) રીતે વર્તે છે. આમ પેઢીનું વર્તન એ તાર્કિક એટલે કે Rational હોય છે. પેઢીનો ઉદ્દેશ એ પેઢીના માલિકનો ઉદ્દેશ ગણાય છે. પેઢીનો માલિક એટલે કે યોજક તેની કામગીરીના વળતર રૂપે નફો પ્રાપ્ત કરે છે અને તેથી યોજકનો પ્રાથમિક ઉદ્દેશ એ વધુમાં વધુ નફો એટલે કે મહત્તમ નફો કરવાનો હોય છે. જો કે પેઢીના કદમાં તથા તેના માલિકીના સ્વરૂપમાં ફેરફારો થતા હોય છે. પેઢી એ જુદા જુદા કદની હોય છે તથા તેનું માલિકી સ્વરૂપ પણ અલગ અલગ પ્રકારનું હોય છે. આ સંજોગોમાં પેઢીના ઉદ્દેશો નફા ઉપરાંત કેટલાક અન્ય ઉદ્દેશો પણ હોય છે. સામાન્ય માલિકીની પેઢી અને કોર્પોરેટ વ્યવસ્થાની પેઢીના ઉદ્દેશોમાં તફાવત હોય

છે. પેઢીનું સંચાલન પેઢીના માલિકો એટલે કે યોજકો ઉપરાંત પગારદાર તજજ્ઞ મેનેજરો પણ કરતા હોય છે. તેથી આ પગારદાર સંચાલકો પણ પેઢીના ઉદ્દેશ્ય ઉપર અસર કરે છે. પેઢી એ સંપૂર્ણ અલાયદું આર્થિક એકમ ભાગ્યે જ હોય છે. પેઢી કોઈને કોઈ પ્રકારની બજાર વ્યવસ્થા સાથે સંકળાયેલ હોય છે. બજારના સંજોગો અનુસાર જુદી જુદી બજાર વ્યવસ્થાઓ હોય છે અને આ જુદીજુદી બજાર વ્યવસ્થાઓ અંતર્ગત કેટલાક લક્ષણોને આધારે અન્ય પેઢી કરતાં અલગ રીતે વર્તન કરે છે.

અર્થશાસ્ત્રમાં જુદા જુદા સંજોગો અનુસાર કેટલી બજાર વ્યવસ્થાઓ પ્રવર્તે છે. જેમ કે પૂર્ણ હરીફાઈ, અપૂર્ણ હરિફાઈ, ઇજારાયુક્ત હરીફાઈ, અલ્પ હસ્તક ઇજારો અને એકાધિકાર એટલે કે પૂર્ણ ઇજારો.

**પૂર્ણ હરીફાઈવાળી બજાર વ્યવસ્થામાં પેઢીનો ખ્યાલ**

પૂર્ણ હરીફાઈવાળું બજાર એટલે એવું બજાર કે જેમાં સમાનગુણી વસ્તુના ભાવ, વસ્તુની હેરફેર ખર્ચ એટલે કે વાહન વ્યવહાર ખર્ચને બાદ કરતા બધા બજારોમાં એકસરખા પ્રવર્તતા હોય તેવું બજાર.

પૂર્ણ હરીફાઈ, અપૂર્ણ હરીફાઈ તથા ઈજારાયુક્ત હરીફાઈ (મોટું જૂથ)ની બજાર વ્યવસ્થામાં પેઢી નાના કદની હોય છે. પૂર્ણ હરીફાઈ વાળા બજારમાં નવી પેઢીઓને પ્રવેશ મુક્ત અને સરળ હોય છે, તેથી પેઢીનું કદ નાનું હોય છે અને પેઢી પોતાની પેદાશના ભાવ ઉપર કોઈ કાબૂ ધરાવતી નથી અને બજારમાં પ્રવર્તતો ભાવ સ્વીકારવામાં આવે છે. આવી પેઢી Price Maker નહીં પરંતુ Price Taker એટલે કે કિંમત નિર્ધારક નહીં પરંતુ કિંમત સ્વીકારનાર એકમ હોય છે. આમ પેઢી સમય સંજોગો અનુસાર ટૂંકાગાળામાં સાધારણ કરતા વધુ નફો મેળવી શકે પરંતુ લાંબે ગાળે મુક્ત પ્રવેશને પરિણામે સામાન્ય નફો મેળવી શકે છે.

**અપૂર્ણ હરીફાઈવાળા બજારમાં પેઢીનો ખ્યાલ**

અપૂર્ણ હરીફાઈવાળા બજારમાં પેઢીનો ખ્યાલ જહોન રોબિન્સને આપ્યો છે. અપૂર્ણ હરીફાઈએ પૂર્ણ હરીફાઈવાળા બજારની નજીકની બજાર વ્યવસ્થા છે. જેમાં પેઢીઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓ એક જેવી જ હોય છે, પરંતુ કેટલાક પરિબળો જેવા કે પેઢીનું સ્થળ, પેઢીની શાખ, પેઢી દ્વારા અપાતી વિશેષ સેવાઓ, ગ્રાહકો પ્રત્યેનું વલણ વગેરેને લીધે પેઢીઓની વસ્તુઓના ભાવોમાં સાધારણ તફાવત પ્રવર્તે છે. પેઢી પોતાની વસ્તુના ભાવ ઉપર થોડી અસર કરી શકે છે એટલે કે બીજી પેઢીની પેદાશ કરતાં થોડો જુદો ભાવ લઈ શકે છે. આ વ્યવસ્થામાં પણ પ્રવેશની સરળતાને પરિણામે લાંબે ગાળે પેઢી સામાન્ય નફો મેળવી શકે છે.

**ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર અને પેઢીનો ખ્યાલ**

ઇજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢીઓની સંખ્યા વધુ હોય છે. પ્રવેશની સરળતા પણ હોય છે, તેમ છતાં દરેક પેઢીની વસ્તુઓ બીજી પેઢીની વસ્તુઓ કરતા કોઈક રીતે જુદી પડે છે. રંગ, રૂપ, કદ, આકાર, વજન, સ્વાદ, ટેસ્ટ, પેકિંગ, દેખાવ તથા ગુણવત્તામાં થોડા ફેરફારને પરિણામે પેઢીઓની વસ્તુઓ મૂળભૂત રીતે એક જ જરૂરિયાત સંતોષતી હોય છે. પરંતુ આ વસ્તુઓ એક રૂપ કે સમાન હોતી નથી એટલે કે પેઢીઓની વસ્તુ એક જેવી હોવા છતા એકરૂપ હોતી નથી. પેઢીની વસ્તુની વિશેષતા અને અલગતાને પરિણામે પેઢી પોતાની વસ્તુઓ ઉપર થોડો અંકુશ ધરાવે છે તેથી અન્ય પેઢીઓની વસ્તુઓ કરતા થોડો જુદો ભાવ લઈ શકે છે. આવી પેઢીઓને ઇજારાયુક્ત હરીફાઈ તરીકે ઓળખવામાં આવે છે. આ બજાર વ્યવસ્થાની પેઢીઓ વસ્તુ વિકલનને પરિણામે ઇજારાતત્વ ધરાવવા સાથે અન્ય ઘણી હરીફ પેઢીઓ સાથે હરીફાઈ

કરે છે. તેથી આ પેઢીઓમાં ચીજોની કિંમતોમાં બહુ તફાવત હોતા નથી. આ વ્યવસ્થામાં મુક્ત પ્રવેશ સ્થિતિ હોવાથી પેઢી લાંબેગાળે સામાન્ય નફો કરે છે તથા પેઢીનું કદ નાનું હોય છે. નાના કદને પરિણામે તેમનો ઉત્પાદન કે વેચાણનો હિસ્સો કુલ બજાર પુરવઠામાં ઘણો ઓછો હોય છે અને તેથી અન્ય પેઢીના ભાવો કોઈ એક પેઢી પ્રભાવ પાડી શકતી નથી.

**ઈજારાયુક્ત હરીફાઈનું નાનું જૂથ**

ઈજારાયુક્ત હરીફાઈનું નાનું જૂથ એ અલ્પ હસ્તક ઈજારાની સ્થિતિ જેવું હોય છે. જેનો ઉલ્લેખ ઈજારાયુક્ત હરીફાઈનો ખ્યાલ આપનાર પ્રો. ચેમ્બરલિને આપ્યો હતો. આ સિવાય ઘણા અર્થશાસ્ત્રીઓ જેવા કે પોલ સ્વીઝી, હોલ અને હીંચ, કુર્નોટ, બોમલ વગેરે એ અલ્પહસ્તક ઈજારાની બજાર વ્યવસ્થાનું વિશ્લેષણ કર્યું છે. ઔદ્યોગિક વિકાસ વધવાની સાથે તેમજ જુદા જુદા દેશોનો આર્થિક વિકાસ વધવા સાથે ઔદ્યોગિક પેદાશોના બજારો ખુબજ વિકાસ પામ્યા તેને પરિણામે મોટા પાયા ઉપર ઉત્પાદન કરવાની જરૂરિયાત ઉદ્ભવી કોર્પોરેટ વ્યવસ્થા વિકસાવવાને પરિણામે પેઢીઓ દ્વારા જોઈન્ટ સ્ટોક કંપનીની રચના કરી. બજારમાંથી પબ્લિક પાસેથી મોટા પ્રમાણમાં મૂડી ભંડોળ એકત્ર કરવાની સુવિધા ઉપલબ્ધ બની ? બેંકો તથા ઔદ્યોગિક રોકાણ કરતી સંસ્થાઓ દ્વારા ઉદ્યોગોને મૂડી તે ટુકા અને લાંબા ગાળાના ધિરાણો પૂરા પાડવાની વ્યવસ્થાઓ પણ વિકાસ પામી. આ બધા પરિબળોને લીધે પેઢીઓના કદ વધુ મોટા બન્યા. મોટા કદની પેઢીઓનું સરેરાશ ઉત્પાદન ખર્ચ નીચું રહેતું હોવાથી નવી પેઢીઓ માટે ઉદ્યોગમાં પ્રવેશવું મુશ્કેલ બનતું હોય છે. આવી પેઢીઓ સાથે સ્પર્ધા કરવા માટે શરૂઆતથી જ ખૂબ મોટા મૂડીરોકાણ સાથે ઉદ્યોગમાં પ્રવેશવું પડે છે અને તેમાં મોટું જોખમ હોય છે. આથી અલ્પ હસ્તક ઈજારાની બજાર વ્યવસ્થામાં નવી પેઢીઓનો પ્રવેશ સરળ હોતો નથી. પરિણામે વિશાળ બજારો ઉપર થોડી પેઢીઓ કાબૂ ધરાવે છે. મોટા કદની પેઢીઓ બજારમાં તેમના હિસ્સા વડે ઈજારા તત્વ ધરાવે છે તેથી ભાવો ઉપર અસર કરી શકે છે. અલ્પહસ્તક ઈજારામાં પ્રવેશની સરળતા નહીં હોવાને લીધે પેઢીઓ લાંબે ગાળે પણ અસાધારણ નફો મેળવે છે. અલ્પહસ્તક ઈજારા વ્યવસ્થામાં પેઢીઓના વર્તન સંદર્ભે અન્ય બજાર વ્યવસ્થાઓ જેવી કે પૂર્ણ હરીફાઈ, અપૂર્ણ હરીફાઈ અને ઈજારાયુક્ત હરીફાઈની જેમ કોઈ એક જ મોડેલ નથી, પરંતુ વિવિધ પ્રકારના મોડલ જેવા કે નેતૃત્વ, જોડાણ, સલામત સ્થિતિએ ઉત્પાદન, તીવ્ર સ્પર્ધા, વર્તનમાં અનિશ્ચિતતા જેવા વિવિધ મોડેલો પ્રવર્ત છે.

**ઈજારા વાળું બજાર**

ઈજારો એ એવી બજાર વ્યવસ્થા છે કે જેમાં કોઈ એક પેઢી દ્વારા ઉત્પાદિત કે વેચાણ થતી વસ્તુ જેવી કે નજીકની અવેજીવાળી વસ્તુ ઉત્પાદન કરનાર કે વેચનાર કોઈ અન્ય પેઢી હોતી નથી. આ વ્યવસ્થાને ઈજારો કે એકાધિકાર કહે છે. ઈજારો એ પૂર્ણ હરીફાઈથી તદ્દન વિપરીત બજાર સ્થિતિ છે. ઈજારદાર પેઢીનો કોઈ હરીફ નહીં હોવાથી તે પોતાના પુરવઠા ઉપર પૂરો કાબુ ધરાવે છે પોતાની પેદાશ કઈ કિંમતે વેચવી તે બાબત ઉપર પૂરું નિયંત્રણ ધરાવે છે. જો કે ઈજારદાર પેઢી ભાવ તથા વેચાણ બે પૈકી કોઈ એક ઉપર જ કાબૂ ધરાવી શકે છે. બન્ને ઉપર એક સાથે એક સરખો કાબૂ ધરાવી શકે નહીં. જો વેચાણનો જથ્થો પેઢી નક્કી કરે તો બજાર માંગ અનુસાર ભાવ પેઢીએ સ્વીકારવા પડે અને જો પેઢી ભાવ નિર્ધારિત કરે તો તે ભાવે બજારમાં જે માલ થઈ શકે તેટલું જ વેચાણ તે કરી શકે. ઈજારાની સ્થિતિમાં કોઈ હરીફના પ્રવેશની શક્યતા જુદા જુદા કારણોસર ખુબજ નહિવત્ હોવાથી પેઢી લાંબે ગાળે પણ અસાધારણ નફો મેળવે છે. ઈજારા માટે કુદરતી પરિબળો તેમજ કાનૂની પરિબળો ઘણે અંશે જવાબદાર હોય છે.

પેઢી એ વિવિધ બજાર વ્યવસ્થાઓ અંતર્ગત કાર્ય કરતી હોય છે તેથી જે તે બજાર વ્યવસ્થાની પરિસ્થિતિ અને લક્ષણો અનુસાર પેઢીના કદ અને વર્તન નક્કી થતા હોય છે.

## 2.6 પેઢીને માલિકીના આધારે પેઢીના પ્રકાર

### ખાનગી વ્યક્તિગત કે ભાગીદારી માલિકી

પેઢીએ આર્થિક પ્રવૃત્તિના સંચાલનનું સ્વતંત્ર એકમ છે. પેઢીનું સંચાલન વિવિધ પ્રકારની માલિકી હેઠળ થતું હોય છે. પેઢીની માલિકીનું સૌથી પરંપરાગત અને ખાસ કરીને નાના પાયાના આર્થિક એકમોની માલિકી વ્યક્તિગત કે ભાગીદારી માલિકી સ્વરૂપની હોય છે. ગૃહ ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોની માલીકી ઘણે અંશે ખાનગી વ્યક્તિગત અથવા ભાગીદારી સ્વરૂપની હોય છે. આવી પેઢીઓમાં મૂડીરોકાણનું પ્રમાણ ઓછું હોય છે તથા તેનું ઉત્પાદન અને વેચાણ મર્યાદિત હોય છે.

### કોર્પોરેટ સ્વરૂપ

ઔદ્યોગિક ક્રાંતિ પછી કારખાના પદ્ધતિ અસ્તિત્વમાં આવી. જેમાં મોટા પાયા ઉપર મૂડીરોકાણ કરવાનું જરૂરી બન્યુ. આવા મોટા મૂડીરોકાણો અને મોટા પાયાના ઉત્પાદનમાં આર્થિક જોખમોનું પ્રમાણ વધુ હોય છે. આથી પેઢીના સ્વરૂપમાં ફેરફારો થવા પામ્યા. પેઢીની માલિકીનું નવું સ્વરૂપ એક કોર્પોરેટ સ્વરૂપનું છે. જેમાં (1) પ્રાઈવેટ લિમિટેડ કંપની અને (2) પબ્લિક લિમિટેડ કંપની એવા બે પ્રકાર પડે છે. પ્રાઈવેટ લિમિટેડ કંપની એ ભાગીદારી પેઢી કરતાં વધુ સંખ્યામાં હિસ્સેદારો ધરાવે છે તેથી તેમાં વધુ મૂડી ભંડોળ એકત્ર કરી શકાય છે. જો કે આવી પ્રાઈવેટ લિમિટેડ વાળી પેઢીઓનું કદ પણ લઘુ કે મહત્તમ સ્વરૂપનું હોય છે.

મોટા કદની પેઢીઓએ સામાન્ય પબ્લિક લિમિટેડ સ્વરૂપની હોય છે. પેઢીની સ્થાપના પ્રોમોટર્સ થોડી સંખ્યામાં હોય પરંતુ તેનું રોકાણ વધુ પ્રમાણમાં હોય તે સાથે પેઢીનું કદ બજારની જરૂરિયાતો અને Scope (તક) જોતા બહુ મોટા પાયા ઉપર મૂડી રોકાણની આવશ્યકતા હોય ત્યારે જાહેર ઈસ્યુ વડે લોકો પાસેથી બહોળા પ્રમાણમાં મૂડી ભંડોળ એકત્ર કરવામાં આવે છે, આને પરિણામે પેઢીની માલિકી એ માત્ર તેના પ્રમોટર્સ (સ્થાપકો) ની રહેતી નથી, પરંતુ શેરમૂડીમાં રોકાણ કરનાર તમામ શેરહોલ્ડરોની માલિકીની પેઢી બને છે. આમ જોઈન્ટ સ્ટોક કંપનીમાં પબ્લિક ઈશ્યુના આધારે કંપની સેંકડો કેહજારો માલિકો બને છે પેઢી રોજબરોજના સંચાલન માટે તથા મહત્ત્વના નિર્ણયો લેવા માટે બધા શેરહોલ્ડરો દ્વારા બનેલી સામાન્ય સભા દ્વારા ચૂંટાયેલા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની નિમણૂક થાય છે. આ પધ્ધતિથી પેઢીમાં વિવિધ સભાસદો પોતે રોકેલી શેર મૂડીના આધારે મત ધરાવે છે એટલે કે વધુ શેર ધરાવનાર વધુ મત આપી શકે છે. આથી ઘણે અંશે પ્રોમોટર્સ સંચાલક મંડળમાં સ્થાન ધરાવતા હોય છે. જો કે નવા ઈશ્યૂની ખરીદી તથા જુના શેરની બજારમાંથી ખરીદી વડે જે લોકો મોટા પાયા ઉપર શેર ધારણ કરે તેઓ વધુ મતના આધારે સંચાલક મંડળ (Board of Directors) માં પ્રવેશી શકે છે. આમ કોર્પોરેટ કંપનીનું સંચાલક મંડળ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પ્રવેશી શકે છે. આમ કોર્પોરેટ કંપનીનું સંચાલક મંડળ સમયાંતરે બદલાઈ શકે છે. (ટાટા, અદાણી, અંબાણી, બિરલા વગેરે દ્વારા સ્થાપિત કંપનીઓ).

### સહકારી ક્ષેત્રની પેઢી

ખાનગી માલીકી સ્વરૂપની વધુ એક પ્રકાર એ સહકારી ક્ષેત્રની પેઢી છે. દેશમાં સમાન ઉદ્દેશો ધરાવતા લોકોના હિતાર્થે વિવિધ ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિ ચાલે છે. ઔદ્યોગિક ક્ષેત્રે પણ સહકારી એકમો સ્થપાયા છે. સહકારી ક્ષેત્રની માલિકી કોઈ એક વ્યક્તિ કે થોડા લોકોની હોતી નથી, પરંતુ જે તે સહકારી ઔદ્યોગિક એકમના બધા સભાસદોની સંયુક્ત માલિકી, હોય છે.

સહકારી ક્ષેત્રની ઔદ્યોગિક પેઢીનું સંચાલન પણ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા થાય છે, જે બધા સભાસદો દ્વારા બનેલ સામાન્ય સભા દ્વારા ચૂંટવામાં આવે છે. સહકારી પેઢીની સામાન્ય સભામાં મતનો આધાર એ સભાસદો પાસેના શેર કે શેરમૂડી નહીં, પરંતુ સભાસદ દીઠ એટલે કે વ્યક્તિદીઠ એક મતનો અધિકાર એટલે કે એક સમાન હક હોય છે. વળી સહકારી પેઢીએ માત્ર નફા માટે, મહત્તમ વેચાણ માટે, મહત્તમ વેચાણ આવક માટે કે બજારમાં પોતાનો પ્રભાવ અને પ્રતિષ્ઠા ઉભી કરવા માટે નહીં પરંતુ સભાસદોના કોમન ઇન્ટરેસ્ટ એટલે કે સામાન્ય હિત સંદર્ભે કામ કરે છે. સહકારી ક્ષેત્રના સફળ એકમોમાં ઇફકો, કીભકો જેવા એકમો ગણાવી શકાય.

### જાહેર માલિકીની પેઢી

રાજ્ય પોતે કેટલાક ઔદ્યોગિક એકમોમાં મૂડી રોકાણ કરી આવી જાહેર ક્ષેત્રની પેઢીની માલિકી ધરાવે છે તેનું સંચાલન કરે છે. ક્યારેક સરકાર કેટલાક ઉદ્યોગો કે ઔદ્યોગિક પેઢીઓનું રાષ્ટ્રીયકરણ કરે છે એટલે કે ખાનગી ક્ષેત્રની પેઢીઓ રાજ્ય હસ્તક રહે છે. આમ સરકાર દ્વારા શરૂ કરાયેલ અથવા રાષ્ટ્રીયકરણ દ્વારા હસ્તગત કરાયેલ પેઢીઓ એ જાહેર ક્ષેત્રની પેઢીઓ તરીકે ઓળખાય છે. આવી પેઢીઓના ઉદ્દેશો ખાનગી ક્ષેત્રની પેઢીઓ કરતાં અલગ હોય છે. ગ્રાહકોના વ્યાપક હિતો, રાષ્ટ્રીય સલામતી રાષ્ટ્રની દષ્ટિએ તથા ઔદ્યોગિક વિકાસ અને સમગ્ર આર્થિક વિકાસની દ્રષ્ટિએ મહત્ત્વના ક્ષેત્રોના ઝડપી વિકાસ જેવા ઉદ્દેશોને આધારે જાહેર ક્ષેત્રની પેઢીઓ કાર્ય કરતી હોય છે. આવી પેઢીઓના સંચાલન માટે સરકાર દ્વારા ઉચ્ચ કક્ષાના વહીવટી અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ કે સરકારી પ્રતિનિધિઓ તથા જે તે ઉત્પાદન ક્ષેત્રના તજજ્ઞોની બનેલી સમિતિ રચવામાં આવે છે તેમાં કોઈ એક સંચાલકની મુખ્ય ભૂમિકા સોંપવામાં આવે છે. દાખલા તરીકે ભારતીય રેલવે, જાહેર ક્ષેત્રની બેક્રો, ખાણ-ખનીજ, ધાતુની કંપનીઓ, BHEL (ભારતદેવી ઇલેક્ટ્રીકલ લીમીટેડ).

### સંયુક્ત માલિકીની પેઢી

ખાનગી તેમજ જાહેર ક્ષેત્ર એમ બન્ને ક્ષેત્રો એટલે કે એક સાથે કોઈ એક ઉત્પાદકિય પ્રવૃતિ કરવામાં પેઢીની રચના કરે તો તેવી પેઢીએ સંયુક્ત ક્ષેત્રની પેઢી તરીકે ઓળખાય છે. દાખલા તરીકે વડોદરા સ્થિત ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કોર્પોરેશન GSFC જેમાં રાજ્યો અને ખાનગી ક્ષેત્રનો મૂડી હિસ્સો છે. આવા એકમોમાં રાજ્યના પ્રતિનિધિઓ તથા ખાનગી ક્ષેત્રના પ્રતિનિધિઓ સંયુક્તપણે પેઢીનું સંચાલન ઝડ છે. આવા એકમોમાં ખાનગી મૂડી અને ખાનગી સંચાલનનો હિસ્સો હોવાથી તેમાં કાર્યક્ષમતા જળવાતી હોય છે. વિમૂડીકરણ (Disinvestment) ની નીતિ વડે પણ ઘણી જાહેર ક્ષેત્રની પેઢીઓ સંયુક્ત ક્ષેત્રની પેઢીઓ તરીકે રૂપાંતરિત થવા પામી છે. ભારતમાં ઉદારીકરણની નીતિ પછી ઘણી જાહેર ક્ષેત્રની કંપનીઓની આંશિક મૂડી વધતા ઓછા પ્રમાણમાં ખાનગી ક્ષેત્રને સોંપવામાં આવી છે. કોઈ ખાનગી ક્ષેત્રની એકાદ પેઢી સાથે ડિલિંગ કરીને અથવા પબ્લિક ઇસ્યુ વડે જાહેર ક્ષેત્રની પેઢીમાં ખાનગી ક્ષેત્રને પ્રવેશ આપવામાં આવે છે. દાખલા તરીકે GAIL, SAIL વગેરે.

આમ પેઢીની માલિકીના સ્વરૂપમાં ખાનગી પેઢીએ સૌથી મહત્ત્વનો પ્રકાર છે, કારણ કે મોટાભાગની નાના પાયા ઉપરની આર્થિક પ્રવૃત્તિઓ ખાનગી વ્યક્તિ અથવા ભાગીદારી પેઢી સ્વરૂપે કામકાજ કરતી હોય છે. ખાસ કરીને હસ્તઉદ્યોગ અને કુટિર ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો તથા સ્વતંત્ર વ્યવસાયિકો દ્વારા કરવામાં આવતી આર્થિક પ્રવૃત્તિઓના એકમોની માલિકી વ્યક્તિગત અથવા ભાગીદારી સ્વરૂપની હોય છે. ઔદ્યોગિક કાંતિ પછી ઔદ્યોગિક ક્ષેત્રે કોર્પોરેટ કંપની સ્વરૂપનો સારો એવો વિકાસ થયો છે. જો કે નાના અને મધ્યમ ઉદ્યોગોમાં પ્રાઇવેટ લિમિટેડ કંપનીઓ કામ કરે છે, જ્યારે મોટા કદના આર્થિક એકમોમાં પબ્લિક લિમિટેડવાળી પેઢીઓનું

વર્ચસ્વ જોવા મળે છે. સમાજવાદી અને મિશ્ર આર્થિક પદ્ધતિવાળા અર્થતંત્રોમાં જાહેર ક્ષેત્રની માલિકીની પેઢીઓ સારા એવા પ્રમાણમાં કામ કરે છે, પરંતુ મૂડીવાદી અર્થતંત્રમાં તથા આર્થિક ઉદારીકરણ પછી ખાનગી ક્ષેત્રને કંપનીઓ વધુ મહત્ત્વ ધરાવે છે. ઉદારીકરણ પછી જાહેર ક્ષેત્રની કંપનીઓનું સંપૂર્ણ ખાનગીકરણ થાય છે. દાખલા તરીકે IPCL માંથી રિલાયન્સ રિફાઈનરી તથા આંશિક ખાનગીકરણ પણ થાય છે. આંશિક ખાનગીકરણ એ જાહેર ક્ષેત્રની કંપનીઓના વિમુડીકરણ વડે થાય છે. આને પરિણામે જાહેર ક્ષેત્ર તેમજ ખાનગી ક્ષેત્ર બન્નેની સંયુક્ત માલિકીની પેઢીઓ કામ કરતી થઈ છે. સરકારે ઘણી કંપનીઓના આંશિક ડીશઇન્વેસ્ટમેંટ વડે સંયુક્ત ક્ષેત્રની પેઢીઓ રચી છે. જેના કેટલાક ઉદાહરણો છે. SAIL સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ, GAIL, ડીશઇન્વેસ્ટમેંટ વગેરે. આમ પેઢીની માલિકીના સ્વરૂપના આધારે પેઢીના જુદા જુદા પ્રકાર બનતા હોય છે.

## 2.7 સારાંશ

ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં પેઢી એ ઉત્પાદનનું અને આર્થિક પ્રવૃતિનો કેન્દ્રીય એકમ છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં પેઢીનો ખ્યાલ વિવિધ દૃષ્ટિકોણથી ચર્ચવામાં આવે છે. જેને આધારે પેઢી અંગેની વિવિધ પ્રકારની માહિતી અને પરિસ્થિતિનું ચિત્ર ઉપસવા પામે છે. પેઢીના ચોક્કસ લક્ષણો છે જે ઘણે અંશે રાજ્યના પ્રચલિત કાયદા કાનૂનો સાથે સંકળાયેલ છે. દરેક પેઢી એ જે તે પ્રકારની પેઢી સંદર્ભે રાજ્ય દ્વારા નિર્ધારિત કરાયેલ નીતિ નિયમોનું પાલન કરવું ફરજિયાત હોય છે. આમ રાજ્ય એ પેઢીનો એક મુખ્ય નિયંત્રક પરિબળ છે. પેઢીના કદ આધારિત તેમજ માલિકીના સ્વરૂપ આધારિત વિવિધ પ્રકારો દર્શાવાય છે. પેઢી નાના પાયાની, મધ્યમ કદની કે મોટા કદની હોઈ શકે છે. તેને આધારે એટલે કે કદના આધારે પેઢીના પ્રકાર પડતા હોય છે. આમ પેઢીના કદ આધારીત દરેક પ્રકારના લક્ષણો અને પ્રશ્નો અલગ અલગ હોય છે. પેઢીની માલિકીને આધારે થતાં પેઢીના પ્રકારનું પણ વિશેષ મહત્ત્વ હોય છે. પેઢીઓની માલિકી ખાનગી એટલે કે વ્યક્તિગત સ્વરૂપે, કોર્પોરેટ સ્વરૂપે, જાહેર માલિકી સ્વરૂપે, સહકારી સ્વરૂપે તેમજ સંયુક્ત માલિક સ્વરૂપે હોય છે. રાજ્ય અને પેઢીના વિશેષ સંબંધો હોય છે. જેમાં રાજ્ય એ પેઢીના સહાયક તરીકે અને પ્રોત્સાહક તરીકે કામ કરે છે. તે જ રીતે રાજ્ય તે પેઢીના નિયંત્રક તરીકે પણ કામ કરે છે. પેઢીના સારા એવા પાસાઓ સંદર્ભે રાજ્ય વિવિધ પ્રકારે પ્રોત્સાહક આર્થિક નીતિઓ અમલમાં મૂકે છે, જ્યારે પેઢીની આર્થિક પ્રવૃત્તિઓની પ્રતિકુળ અસરો જેવી કે પ્રદૂષણ અને પર્યાવરણને હાની સંદર્ભે નિરુત્સાહક અને શિક્ષાત્મક આર્થિક નીતિઓ અમલમાં મુકે છે. જે રીતે રાજ્ય પેઢી ઉપર આર્થિક નીતિઓ અને નિયમો વડે પ્રભાવ પાડે છે, તે રીતે કેટલીક પેઢીઓ પણ રાષ્ટ્રીય આયોજન, નિકાસ નીતિ, મૂડીરોકાણ અને ઔદ્યોગિક તેમજ આર્થિક વિકાસ અંગેની નીતિ વગેરે બાબતોમાં રાજ્ય દ્વારા પ્રભાવશાળી સફળ પેઢીઓના સંચાલકો, તજજ્ઞો, સંશોધકો અને ટેકનિશિયનોની સલાહ અને માર્ગદર્શન વિવિધ સમિતિઓના માધ્યમથી લેવામાં આવે છે. કેટલીક વધુ મોટા કદની પેઢીઓ સરકારની નીતિઓ અને નિયંત્રણો ઉપર પણ પ્રભાવ પાડતી હોય છે. આમ સરકાર અને પેઢીઓમાં પરસ્પરના સંબંધો પણ નોંધનીય છે. પેઢીનું વર્તન એ હંમેશાં એકસરખું હોતું નથી. વિવિધ બજાર વ્યવસ્થાઓના સંદર્ભમાં પેઢીનું વર્તન અલગ અલગ હોય છે. જેમ કે પૂર્ણ હરીફાઈ, અપૂર્ણ હરીફાઈ, ઇજારાયુક્ત હરિફાઈ, અલ્પ હસ્તક ઇજારો (એકાધિકાર) જેવી વિવિધ બજાર વ્યવસ્થાઓમાં ભાવ ઉત્પાદન નિર્ધારણ સંબંધિત વર્તન અલગ અલગ હોય છે. પેઢીઓના ઉદ્દેશો પણ વિવિધ પ્રકારના હોય છે. જેમ કે નફો, વેચાણ, વેચાણ આવક, સામાજિક સેવાકીય જવાબદારી સ્વરૂપે, પ્રતિષ્ઠા અને શાખનું નિર્માણ, શેરહોલ્ડરોનો વિશ્વાસ જેવા વિવિધ ઉદ્દેશો પૈકી કોઈ એક કે વધુ દેશોને આધારે પેઢી વર્તન કરે છે.

આમ ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં પેઢીના વર્ણનાત્મક અને વિશ્લેસણાત્મક પાસાઓનું વિવિધ સ્વરૂપે મહત્ત્વ રહેલું છે.

## 2.8 ચાવીરૂપ શબ્દો

1. **ખાનગી ક્ષેત્ર :** જે આર્થિક એકમની માલિકી અને સંચાલન ખાનગી વ્યક્તિ કે વ્યક્તિઓ કે સંસ્થા હસ્તગત હોય તેને ખાનગી ક્ષેત્ર કહે છે.
2. **જાહેર ક્ષેત્ર :** જે આર્થિક એકમની માલિકી, મૂડી અને સંચાલન રાજ્ય અથવા સરકાર હસ્તક હોય તેને જાહેર ક્ષેત્ર કહે છે.
3. **સંયુક્ત ક્ષેત્ર :** જે આર્થિક એકમોમાં સરકાર તેમજ ખાનગી વ્યક્તિઓ કે સંસ્થાઓને સંયુક્ત માલિકી અને સંચાલનમાં પ્રતિનિધિત્વ હોય તેને સંયુક્ત ક્ષેત્ર કહે છે.
4. **કોર્પોરેટ સેક્ટર :** જે આર્થિક એકમની માલિકી એ કોઈ એક વ્યક્તિ કે ભાગીદારી સ્વરૂપની નહીં પરંતુ તેમાં મૂડી રોકનાર ઘણા બધા શેરધારકો (પ્રતિનિધિઓ) વડે સંચાલિત હોય તેને કોર્પોરેટ સેક્ટર કહેવાય છે.
5. **સહકારી ક્ષેત્ર :** જે આર્થિક એકમ સમાન ઉદ્દેશ ધરાવતા સભ્યોની મૂડીથી શરૂ થયું હોય અને તેનું સંચાલન સભાસદો દ્વારા ચૂંટાયેલા સંચાલક મંડળ દ્વારા થતું હોય અને જેમાં દરેક સભાસદને એકસરખો મતાધિકાર હોય તેને સહકારી ક્ષેત્ર કહે છે.
6. **વસ્તુવિકલન :** એક જેવી જરૂરિયાત સંતોષતી કે ઉપયોગિતા ધરાવતી પરંતુ આકાર, દેખાવ, રંગ, રૂપ, સ્વાદ, તથા કોઈ મુખ્ય ગુણવત્તામાં થોડો ઘણો તફાવત હોય તેવી અવેજી વસ્તુઓ એટલે વસ્તુવિકલન.
7. **વેચાણ ખર્ચ :** વસ્તુની માંગ વધારવા તથા સ્થિર કરવા પેઢી દ્વારા કરવામાં આવતો ખર્ચ એટલે વેચાણ ખર્ચ.

## 2.9 તમારી પ્રગતિ ચકાસો

- **નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

1. પેઢીનો અર્થ સમજાવી, પેઢીના મુખ્ય લક્ષણો ની ચર્ચા કરો.
2. પેઢીની વ્યાખ્યા આપી, પેઢી અંગેની કાનૂની જોગવાઈઓ.
3. પેઢીની વ્યાખ્યા સમજાવી, પેઢીનો બહુરાષ્ટ્રીય સંબંધ સમજાવો.
4. વિવિધ બજાર માળખાના સંદર્ભમાં પેઢીનો ખ્યાલ સમજાવો.
5. ઈજારાયુક્ત હરિફાઈવાળું બજાર અને ઈજારાયુક્ત હરીફાઈનું નાના જુથ વિશે સમજૂતિ આપો.
6. પેઢીની માલિકીના આધારે પેઢીના પ્રકારો વર્ણવો.
7. પેઢીનો અર્થ સમજાવી, જાહેર માલિકીની અને સંયુક્ત માલિકીની પેઢીનો ખ્યાલ વિગતવાર સમજાવો.
8. બહુરાષ્ટ્રીય કંપનીનો અર્થ જણાવી તેની દેશના આર્થિક વિકાસના સંદર્ભે વિગતે ચર્ચા કરો.

9. પેઢીની વ્યાખ્યા સમજાવો, રાજય અને પેઢીના વિશિષ્ટ સંબંધોની ચર્ચા કરો

10. બજાર માળખા સંદર્ભે પેઢીના વિશિષ્ટ વર્તનની ચર્ચા કરો.

- **ટૂંકમાં પ્રશ્નોનાં જવાબ આપો**

1. પેઢીનું કદ
2. બજાર માળખા સંદર્ભમાં પેઢીનું વિશિષ્ટ વર્તન
3. પેઢીની કાનૂની જોગવાઈઓ
4. પેઢીના મુખ્ય લક્ષણો
5. બહુરાષ્ટ્રીય કંપનીઓ
6. બજાર માળખાના સંદર્ભમાં પેઢીનું વિશિષ્ટ વર્તન
7. જાહેર માલિકીની પેઢી અને સંયુક્ત માલીકીની પેઢી વચ્ચેનો તફાવત
8. કોર્પોરેટ સ્વરૂપની પેઢી
9. અપૂર્ણ હરીફાઈવાળા બજારમાં પેઢીનો ખ્યાલ
10. વ્યક્તિગત માલિકી કે ભાગીદારી પેઢી
11. મોટા કદની જાહેર ક્ષેત્રની પેઢીઓ

- **બહુ વૈકલ્પિકમાંથી સાચા જવાબ સામે ટીક કરો**

1. પેઢી એ આર્થિક પ્રવૃતિ કરતું .......... એકમ છે

   (A) સ્વતંત્ર (B) પરતંત્ર (C) અવેજી (D) વૈકલ્પિક

2. નિયોજકના અંકુશમાં હોય તેવા સાધનો જેમ કે જમીન, કાચો માલ, મકાન, શ્રમિકો, યંત્રો વગેરેનો સમૂહ એટલે પેઢી. પેઢીની આ વ્યાખ્યા કયા અર્થશાસ્ત્રી આપી છે ?

   (A) પ્રો. કેઈન કોર્ષ (B) માર્શલ (C) પ્રો. બેનહામ (D) એ. સી. જોસેફ

3. જોઈન્ટ સ્ટોક કંપનીઓ કે કોર્પોરેટ કંપની સ્વરૂપનો વિકાસ એ કોના વિકાસ સાથે સકળાયેલો છે ?

   (A) યાંત્રિક સાધનો (B) વૈજ્ઞાનીક શોધો

   (C) નાણાં બજાર અને મૂડી બજાર (D) આર્થિક જોખમો

4. ડિવિડંડની વહેચણી અને બોનસ શેર કયા સ્વરૂપની પેઢી આપી શકે છે.

   (A) ખાનગી સ્વરૂપની (B) ભાગીદારી સ્વરૂપની

   (C) ખાનગી કે ભાગીદારી સ્વરૂપની (D) કોર્પોરેટ સ્વરૂપની

5. કયા સ્વરૂપની પેઢીઓ પબ્લીક ઈસ્યુ બહાર પાડી શકતી નથી ?

   (A) જાહેર ક્ષેત્રની (B) સંયુક્ત ક્ષેત્રની

   (C) પ્રાઈવેટ લીમીટેડ (D) પબ્લીક લીમીટેડ

6. ઇફકો IFFCO નું પૂર્ણ રૂપ આપો.

(A) Indian Fertilizer for Co-operative Limited

(B) Indian Farmrs Fertilizer Co-operative Limited

(C) Indian Fertilizer for Company Limited

(D) Indian Farmers Fertilizer Company Limited

7. કઈ પેઢીઓ નફા માટે નહી પરંતુ સભાસદોના કલ્યાણ હેતુથી કામ કરે છે.

(A) ખાનગી કે ભાગીદારી પેઢી (B) કોર્પોરેટ સ્વરૂપની પેઢી

(C) સંયુક્ત ક્ષેત્ર ની પેઢી (D) સહકારી ક્ષેત્ર ની પેઢી

8. ક્યાં પ્રકારની પેઢીમાં ગમે તેટલા શેરમૂડી ધરાવતા હોય પરંતુ સંચાલન માટે એક મતનો અધિકાર હોય છે.

(A) સંયુક્ત પેઢી (B) જોઇન્ટ સ્ટોક કંપની

(C) જાહેર ક્ષેત્ર ની પેઢી (D) સહકારી ક્ષેત્રની પેઢી

9. નીચે પેકી કઈ પેઢી સંયુક્ત ક્ષેત્રની પેઢી કહેવાય ?

(A) GSFC (B) IFFO (C) KRIFCO (D) IPCL

10. ક્યાં પ્રકારની પેઢીઓના કદ માં સ્પર્ધાનું તત્વ ઓછું અને ઇજારા તત્વ વધુ જોવા મળે છે

(A) નાના કદની પેઢી (B) મદયમ કદ ની પેઢી

(C) મોટાકદ ની પેઢી (D) ખૂબ મોટા કદ ની પેઢી

11. જે પઢીઓના મૂડીરોકાણ અને ઉત્પાદનનું કામકાજ એક કરતાં વધુ દેશોમાં હોય તેવી પેઢીઓ ક્યા પ્રકારની હોય છે.

(A) સહકારી ક્ષેત્રની (B) સંયુક્ત ક્ષેત્રની (C) મલ્ટી નેશનલ (D) પ્રાઈવેટ ક્ષેત્રની

12. ભારતમાં ઇ.સ. 1990 ના દાયકામાં કેટલી મલ્ટીનેશનલ કંપનીઓ કામ કરતી હતી

(A) 1200 (B) 1400 (C) 1800 (D) 2000

13. ‘‘દ્રવ્યનું અપહરણ’’ એ કયા પ્રકારની પેઢીનો ખ્યાલ દર્શાવે છે ?

(A) ખાનગી પેઢી (B) જાહેર ક્ષેત્રની પેઢી

(C) સંયુક્ત ક્ષેત્રની પેઢી (D) બહુ રાષ્ટ્રીય કંપની

14. કઈ બજાર વ્યવસ્થા માં પેઢીએ Price Maker નહી પરંતુ Price Taker કહેવાય છે ?

(A) ઇજારો (B) અલ્પ હસ્તક ઇજારો (C) ઇજારાયુક્ત હરીફાઈ (D) પૂર્ણ હરીફાઈ

15. કયા બજારમાં પેઢીઓની વસ્તુઓ એક જેવી હોવા છતાં એકરૂપ હોતી નથી.

(A) ઇજારો (B) પૂર્ણ હરીફાઈ (C) ઇજારાયુક્ત હરીફાઈ (D) ઉપરનું એકેય નહી

16. કઈ બજાર વ્યવસ્થામાં પેઢી પોતાની પેદાશના ભાવ ઉપર કાબૂ ધરાવતી નથી.

(A) પૂર્ણ હરીફાઈવાળું બજાર (B) ઇજારાવાળું બજાર
(C) ઇજારાયુક્ત હરીફાઈવાળું બજાર (D) અલ્પ હસ્તક ઇજારા વાળું બજાર

17. વસ્તુ વિકલન અને વેચાણ ખર્ચ કઈ બજાર વ્યવસ્થાનું વિશિષ્ટ લક્ષણ છે.

    (A) ઈજારો (B) ઈજારાયુક્ત હરીફાઈ (C) પૂર્ણ હરીફાઈ (D) ઉપરનું એકેય નહી

18. ઈજારાયુક્ત હરીફાઈનો ખ્યાલ આપનાર અર્થશાસ્ત્રી ..........

    (A) પ્રો, એડમ સ્મિથ (B) રોબિન્શન (C) કેઈન્શ (D) ચેમ્બરલીન

## • સંદર્ભ સૂચિ


1. P. K. Cohen and R. M. Cyert "Theory of the Firm (1965)".
2. Edith Penrose, The Theory of the Growth of the Firm. (Oxford, Blackwell (1959)
3. K.W.Rothchild :Price Theory and Oligopoly.
4. સુથાર હરજીવન, ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6 દ્વિતીય આવૃતિ 1995
5. પટેલ આર.સી. "ઔદ્યોગિક અર્થશાસ્ત્ર" પોપ્યુલર પ્રકાસન, સુરત બીજી આવૃતિ 1992-93
6. પટેલ આર.સી. અને અન્ય "ઔદ્યોગિક અર્થશાસ્ત્ર" ન્યુ પોપ્યુલર પ્રકાસન, સુરત પ્રથમ આવૃતિ 2015
7. જોષી એમ.વી. "ઔદ્યોગિક અર્થશાસ્ત્ર" ક્રિએટીવ પ્રકાશન, વેરાવળ


## • તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1-A, 2-C, 3-C, 4-D, 5-C, 6-B, 7-D, 8-D, 9-A, 10-D, 11-C, 12-C, 13-D, 14-D, 15-C, 16-A, 17-B, 18-D)

એકમ 3

# ઉદ્યોગ

-: રૂપરેખા :-


**3.0** ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** પેઢીની સમજૂતી

**3.3** ઉદ્યોગનો અર્થ

**3.4** ઉદ્યોગના લક્ષણો

**3.5** ઉદ્યોગના પ્રકાર

**3.6** પેઢી અને ઉદ્યોગ વચ્ચે તફાવત

**3.7** સારાંશ

**3.8** ચાવીરૂપ શબ્દો

**3.9** તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ સૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 3.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) પેઢી અને ઉદ્યોગના ખ્યાલથી માહિતગાર થઇ શકશો.

(2) પેઢી અને ઉદ્યોગના લક્ષણોથી પરિચિત થઇ શકશો.

(3) પેઢી અને ઉદ્યોગ વચ્ચેનો તફાવત સમજી શકશો.

## 3.1 પ્રસ્તાવના

સમગ્ર વિશ્વના મોટા ભાગના વિકાસશીલ દેશોમાં માનવીની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ કૃષિ પેદાશ પૂરતી માર્યાદિત રહી હતી. 18મી સદીની શરૂઆતમાં પશ્ચિમ યુરોપમાં આ પરિસ્થિતિમાં ક્રાંતિકારી ફેરફારોની શરૂઆત થઇ અને કૃષિને બદલે માનવીની મુખ્ય આર્થિક પ્રવૃત્તિમાં ઉદ્યોગને સ્થાન આપવામાં આવ્યું.

અર્થશાસ્ત્રીઓએ આધુનિક અર્થતંત્રને સમજવાનો પ્રયત્ન કર્યો ત્યારથી જ તેઓનું ધ્યાન ઔદ્યોગિક પ્રવૃત્તિ તરફ ગયું છે. અર્થશાસ્ત્રના પિતા એડમ સ્મિથના પુસ્તક 'વેલ્થ ઓફ નેશન્સ' (1776)ને અર્થશાસ્ત્ર પરના પ્રથમ વ્યવસ્થિત ગ્રંથ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. જેમાં ઉદ્યોગ અને પેઢીના કાર્ય વિષે વિસ્તૃત વિચાર કરવામાં આવ્યો છે. ત્યાર બાદ પ્રો. જેવન્સ, રિકાર્ડો, એજવર્થ, માર્શલ વગેરે જેવા અર્થશાસ્ત્રીઓ એ પોતાનું ધ્યાન ઉદ્યોગ અને પેઢીના વર્તનને સમજવા તરફ કેન્દ્રિત કર્યું. આલ્ફ્રેડ માર્શલે તો તેના બે વિખ્યાત ગ્રંથોનું શીર્ષક જ 'Economics of Industry' અને Industry and Trade રાખ્યું હતું. અર્થશાસ્ત્રીની મુખ્ય શાખામાં ઉદ્યોગોનું

આર્થિક વિશ્લેષણ એડમ સ્મિથના સમયથી જ જોવા મળે છે તેમ છતાં લગભગ બીજા વિશ્વ યુદ્ધની શરૂઆત (1939) સુધી ઉદ્યોગોનું આગવું શાસ્ત્ર અસ્તિત્વમાં આવ્યું ન હતું.

વર્તમાન સમયમાં વિશ્વના મોટા ભાગના દેશોમાં અર્થતંત્રના ઝડપી આર્થિક વિકાસ માટે ઉદ્યોગોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વિકાસશીલ દેશોમાં પણ ખેત વિકાસની સાથે ઔદ્યોગિક વિકાસ પર ભાર મુકવામાં આવે છે.

ભારતને 5 ટ્રિલિયન અર્થવ્યવસ્થા બનાવવાના મહત્ત્વાકાંક્ષી ઉદ્દેશને પ્રાપ્ત કરવા માટે ઔદ્યોગિક ક્ષેત્રની કામગીરી મહત્ત્વ પૂર્ણ છે. અર્થતંત્રના અન્ય બે ક્ષેત્રો સાથે પૂર્વગામી અને અનુગામી અસરો દ્વારા આવક અને રોજગારીમાં ઔદ્યોગિક ક્ષેત્રની ભૂમિકા મહત્ત્વની છે. કુલ મૂલ્ય વૃદ્ધિ (GVA) ઔદ્યોગિક ક્ષેત્ર 300 ટકા જેટલો ફાળો આપે છે. હાલમાં આપણા દેશમાં ઉદ્યોગ ક્ષેત્ર માટે 'ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ' (DPIIT) કાર્યરત છે. જેની સ્થાપના 1995 માં થઈ હતી અને 2000ની સાલમાં ઔદ્યોગિક વિકાસના વિભાગના મર્જર સાથે પુનઃ રચના કરવામાં આવી. અગાઉનું નામ 'ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગ' હતું. જે 2019 માં બદલીને DPIIT કરવામાં આવ્યું. 2018 માં ઇ કૉમેર્સને લગતી બાબતો આ વિભાગમાં તબદીલ કરવામાં આવી. અને 2019 માં આ વિભાગને આંતરિક વેપાર, વેપારીઓ અને તેના કર્મચારીઓના કલ્યાણ અને સ્ટાર્ટઅપ્સ સંબંધિત બાબતોનો હવાલો પણ આપવામાં આવ્યો છે.

ઉદ્યોગનો અર્થ સમજવા માટે પેઢીનો અર્થ સમજવો જરૂરી છે. પેઢીનો અર્થ નીચે મુજબ સમજાવી શકાય.

## 3.2 પેઢીની સમજૂતી

પેઢી એ ઔદ્યોગિક અર્થશાસ્ત્રના અભ્યાસ કેન્દ્ર બિંદુ છે. પેઢીના વર્તનને આધારેજ ઔધ્યોગીક અર્થશાસ્ત્રના સિદ્ધાંતો રચાયા છે. પેઢીનો ખ્યાલ એ વિસ્તૃત ખ્યાલ છે તેમાં કાળક્રમે પરિવર્તનો થયા છે. સમયાંતરે પેઢીના હેતુઓ, સ્વરૂપો, માલિકી, સંચાલન અને અંકુશમાં પરિવર્તનો આવેલ છે. વ્યક્તિગત માલિકોની પેઢીથી માંડીને બહુરાષ્ટ્રીય પેઢીઓ સુધી તેનો વિકાસ થયો છે. પેઢીના વર્તનની બજારના માળખા પર અને પેઢીના સમગ્ર અર્થકારણ ઉપર અસરો થાય છે.

### પેઢીનો અર્થ

કોઈ વસ્તુ કે સેવાઓનું ઉત્પાદન, સંગ્રહ, રૂપાંતર, પ્રક્રિયા, પરિવહન વગેરે ઉત્પાદકીય અને આર્થિક કામગીરી જેમાં થાય છે તેવો એકમ એટલે પેઢી.

આધુનિક અર્થઘટન મુજબ પેઢી એટલે જેમાં એક અથવા વધારે વસ્તુઓ કે સેવાઓના ઉત્પાદન સંબંધી જાણકારી અને ટેકનોલોજી અને સાધનો ધરાવતું એકમ એટલે પેઢી. પેઢી ઉત્પાદન કરે છે અથવા ઉત્પાદન કરવા માટેની ક્ષમતા ધરાવે છે. પેઢીઓ ઉત્પાદનલક્ષી, વ્યાપારલક્ષી, નાણાલક્ષી, હેરફેરલક્ષી, સલાહકારી, પ્રક્રિયાલક્ષી વગેરે અનેક કામગીરી કરે છે.

### પેઢીના વિવિધ સ્વરૂપો

પેઢીની માલિકી, સંચાલન, અને અંકુશના સ્વરૂપમાં સમયાંતરે સતત પરિવર્તનો થતા રહ્યા છે. આ સંદર્ભમાં પેઢીના વિવિધ સ્વરૂપો નીચે મુજબ દર્શાવી શકાય.

ઉપરોક્ત પેઢીના વિવિધ સ્વરૂપોને વિગતવાર સમજીએ.

### 1. વ્યક્તિગત માલિકીની પેઢી

જેમાં એક જ વ્યક્તિ પેઢીનો માલિક હોય અને તેના દ્વારા જ તેનું સંચાલન થતું હોય અને તે પેઢી પર તેનો જ સંપૂર્ણ અંકુશ હોય તેને વ્યક્તિગત માલિકીની પેઢી કહેવામાં આવે છે. પેઢીના સૌથી જુના સ્વરૂપની આ વ્યવસ્થામાં એક વ્યક્તિ જ મૂડી, શ્રમ અને જમીન પુરા પાડી ઉત્પાદન કામગીરી કરે છે. અપૂરતી મૂડી હોય તો બીજાઓ પાસેથી મૂડી ઉછીની લે છે. એક જ વ્યક્તિ સંચાલક, નિયોજક અને સાહસિક તરીકેની કામગીરી કરે છે. તે દેખરેખ રાખે છે, જોખમો ઉઠાવે છે, શ્રમ કાર્ય પણ કરે છે. ઉપરાંત કૌટુંબિક અને અવૈતનિક શ્રૂમનો પણ ઉપયોગ કરે છે. નફો કે ખોટ માટે તેજ જવાબદાર છે. નાના પાયા પર ઉદ્યોગ, ધંધો, વ્યાપારની કામગીરી આ પ્રકારની પેઢી દ્વારા થાય છે.

### 2. ભાગીદારી પેઢી

બે અથવા બે થી-વધારે ભાગીદારો ભેગા મળીને લેખિત કે મૌખિક સમજૂતી કે કરાર દ્વારા સંયુક્ત સંચાલન અને ભાગીદારી તેમજ નફા કે ખોટમાં પણ સંયુક્ત હિસ્સેદારી હોય તેને ભાગીદારી પેઢી કહેવામાં આવે છે. જયારે એક અથવા વધારે વ્યક્તિઓ કોઈ પણ ચાલુ ધંધામાં ભાગીદારી કરે તો વ્યક્તિગત માલિકીની પેઢીનું ભાગીદારી પેઢીમાં રૂપાંતર થાય છે. સગા સંબંધીઓ, મિત્રો, સમાન રસ ધરાવનારાઓ દ્વારા ભાર્ગીદૉરી પેઢી શરુ કરવામાં આવે છે. પેઢીના અન્ય સ્વરૂપો કરતા એ ઘણીજ વિશેષતાઓ ધરાવે છે. વ્યક્તિગત માલિકીની પેઢી કરતા ભાગીદારી પેઢીમાં ધંધાનો વ્યાપ વધારે જોવા મળે છે.

### 3. સંયુક્ત મૂડી કંપની

વર્તમાનમાં મોટા ભાગની કંપનીઓ સંયુક્ત મૂડી કંપનીઓ હોય છે. કેટલાક ઉદ્યોગો ઘણા જ, મોટા પાયા પર શરુ કરવાના હોય છે. જે વ્યક્તિગત કે ભાગીદારી પેઢી દ્વારા શક્ય નથી. સંયુક્ત મૂડી કંપની દ્વારા જંગી મોટા પ્રમાણમાં નાણાં મેળવી મેગા પ્રકારના રાક્ષસી કદના મોટા ઉદ્યોગો વિકસાવી શકાય છે. તે ભાગીદારી ધંધાનું વધારે વિસ્તૃત, વ્યવસ્થિત અને પધ્ધતિસરનું સ્વરૂપ છે. મૂડીના એક સમાન ભાગ ક્રી નને શેર મૂડી દ્વારા જે કંપની અસ્તિત્વમાં આવે છે તેને સંયુક્ત મૂડી કંપની કહેવામાં આવે છે.

કાયદાકીય રીતે સંયુક્ત મૂડી કંપનીનું ગઠન કરવામાં આવે છે. 1913 માં ઇન્ડિયન કંપનીઝ એક્ટ દ્વારા આ પ્રકારના સંગઠનની શરૂઆત થઈ. આ કાયદામાં કાળક્રમે ફેરફારો કરવામાં આવે છે. સંયુક્ત મૂડી કંપની બનાવવા માટે ઓછામાં ઓછા સાત સભ્યોની આવશ્યકતા હોય છે. શરૂઆત પ્રાં આ સાત લોકો પ્રમોટર, પ્રાયોજકો તરીકે ઓળખાય છે. જેઓ કંપનીનો પ્લાન તૈયાર કરે છે. પ્લાન તૈયાર કરીને તેઓ કંપનીના રજિસ્ટ્રાર પાસે નોંધણી કરાવવા માટે પુરી વિગતો અને દસ્તાવેજો સાથે અરજી કરે છે. આ અરજીની સાથે મેમોરેન્ડમ ઓફ એસોસિએશન અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશન નામના બે અગત્યના દસ્તાવેજો જોડવામાં આવે છે.

### 4. ઔદ્યોગિક સહકારી મંડળીઓ

11 અથવા તેથી વધારે લોકો સાથે મળીને કોઈ ઉદ્યોગ સ્થાપવા માટે સહકારી રજિસ્ટ્રાર પાસે નોંધણી કરાવીને ઉદ્યોગ-ધંધાની કામગીરી કરે તો તેને ઔદ્યોગિક સહકારી મંડળી કહેવામાં આવે છે.

ઔદ્યોગિક સહકારી મંડળી એક સ્વૈચ્છિક સંગઠન છે. તેમાં સ્વૈચ્છિક રીતે સભ્યો ભેગા થઇને મંડળી રચે છે. બધા જ સૂભ્યોને સમાન અધિકાર છે બધાનું સમાન સ્થાન છે. એક માટે બધા એને બધા માટે એકના આધારે આ મંડળી રચવામાં આવે છે.

સહકારી મંડળીઓ વિવિધ પ્રકારની હોય છે. તેમાં મુખ્યત્વે સહકારી ધિરાણ મંડળીઓ, ઉત્પાદકોની મંડળીઓ, ગ્રાહક સહકારી મંડળીઓ, ખરીદ-વેચાણ મંડળીઓ, વિવિધલક્ષી સહકારી મંડળીઓ, આવાસ મંડળીઓ, શ્રમ મંડળીઓ વગેરેનો સમાવેશ થાય છે.

**રાજ્યહસ્તકની પેઢી અથવા જાહેર સાહસો**

વ્યાપારી અથવા ઔદ્યોગિક એકમો સરકાર દ્વારા ચલાવવામાં આવતા હોય તો તેને જાહેર સાહસ અથવા રાજ્ય કે સરકાર હસ્તકની પેઢી તરીકે ઓળખવામાં આવે છે. દા.ત., રેલવે, તાર અને ટપાલ વગેરે. ઉપરાંત ઔદ્યોગિક કામગીરી કરતી સંયુક્ત વ્યવસ્થા કે જેમાં અમુક શેરો સરકાર હસ્તક અને અમુક શેરો ખાનગી શેર ધારકો પાસે હોય તેનો પણ તેમાં સમાવેશ થાય છે.

આમ સંચાલન, માલિકી અને અંકુશની રીતે પેઢીઓના વિવિધ સ્વરૂપો જોવા મળે છે. જુદા જુદા સમયે આ સ્વરૂપોનો વિકાસ થયો છે. આપણે ત્યાં આ બધા જ પ્રકારના સ્વરૂપો જોવા મળે છે. આયોજનની શરૂઆતમાં અર્થકારણ છતાં જાહેર સાહસોને વધારે મહત્ત્વ આપવામાં આવેલ, પરંતુ અત્યારે ખાનગીકરણ અને ઉદારીકરણની નીતિ અંતર્ગત ખાનગી સાહસોને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. સંયુક્ત મૂડી કંપનીઓ, ઔદ્યોગિક કોર્પોરેશનો, બહુરાષ્ટ્રીય કંપનીઓ દેશમાં ઔદ્યોગિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે.

પેઢીનો ખ્યાલ સ્પષ્ટ કર્યા પછી આપણે ઉદ્યોગનો અર્થ સમજીએ.

## 3.3 ઉદ્યોગનો અર્થ

કેઈર્ન ક્રોસ ઉદ્યોગના ખ્યાલની સમજૂતી આપતા જણાવે છે કે ઉદ્યોગમાં પ્રતિસ્પર્ધી પેઢીઓ કે વ્યાપારી એકમોનો સમાવેશ થાય છે.

'ઉદ્યોગ એ પેઢીઓનો સમૂહ છે'

દા.ત., કોઈ એક મિલ પેઢી કહેવાય પણ અમદાવાદની કાપડ ઉત્પાદન કરતી બધીજ મિલો અમદાવાદનો સુતરાઉ કાપડ ઉદ્યોગ કહેવાય.

પ્રણાલીગત વ્યાખ્યા પ્રમાણે પેઢીઓના સમૂહને ઉદ્યોગ કહેવામાં આવે છે. પરંતુ આધુનિક સંદર્ભમાં જોઈએ તો 'એકસમાન વસ્તુનું ઉત્પાદન કરવાની ટેક્નિકલ, નાણાકીય અને ભૌતિક ક્ષમતા ધરાવતા જૂથોનો સમૂહ એટલે ઉદ્યોગ.'

અર્થશાસ્ત્રીય વિશ્લેષણમાં ઉદ્યોગનો અર્થ વિશ્લેષણના હેતુ પ્રમાણે બદલાય છે. સમગ્ર અર્થતંત્રના સંદર્ભમાં ઉદ્યોગોમાં સમાવિષ્ટ આર્થિક પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો કે જેમાં મોટા પાયાના, મધ્યમ પાયાના, નાના પાયાના, કુટિર ઉદ્યોગો વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત વીજળી, ગેસ, પાણી પુરવઠો, બાંધકામ વગેરેનો સમાવેશ પણ ઉદ્યોગમાં કરવામાં આવે છે.

પેઢીના વિશ્લેષણમાં એકબીજાની સંપૂર્ણ અવેજીમાં લઈ શકાય એવી વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીઓના સમૂહને ઉદ્યોગ કહેવામાં આવે છે. આ વ્યાખ્યા પ્રમાણે પૂર્ણ હરીફાઈમાં ઉદ્યોગમાં અનેક પેઢીઓનો સમોવેશ થાય છે, જ્યારે ઈજારામાં, ઉદ્યોગ એક જ પેઢીનો બનેલો હોય તેથી પેઢી એ જ ઉદ્યોગ બને છે. ઈજારાયુક્ત હરીફાઈ એને વસ્તુ વિભિન્નકરણ ધરાવતા અલ્પહસ્તક ઈજારામાં ઉદ્યોગની આ વ્યાખ્યા લાગુ પડતી નથી. કારણ કે તેમાં પેઢીઓ એકબીજાની સંપૂર્ણ અવેજીમાં આવી શકે તેવી વસ્તુઓનું ઉત્પાદન કરતી નથી.

## 3.4 ઉદ્યોગના લક્ષણો

### 1. વિવિધતાઃ

જુદા જુદા ઉદ્યોગોમાં વિવિધતા જોવા મળે છે. ઉદ્યોગોમાં રહેલી વિવિધતા કોઈપણ ચોક્કસ ક્ષેત્રમાં આર્થિક મંદી સામે સ્થિતિસ્થાપકતાની ખાતરી આપે છે. દા.ત., કોઈ એક ઉદ્યોગ મંદીનો અનુભવ કરી શકે છે, જ્યારે અન્ય ઉદ્યોગો આર્થિક વૃદ્ધિને આગળ ધપાવી શકે છે.

### 2. સરકારી નીતિઓઃ

દેશની સરકાર ઘણીવાર સહાયક નીતિઓ અને પ્રોત્સાહનો ધ્વારા ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમકે રોકાણકારો માટે કરમાં છૂટછાટ, માળખાકીય વિકાસ માટે સબસીડી, F.D.I. ને આકર્ષવા અનેક રીતો અજમાવે છે.

### 3. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટઃ

ઔદ્યોગિક વિસ્તારોના વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ ખુબજ મહત્ત્વનો છે. દેશમાં રસ્તાઓ, રેલવે, બંદરો અને એરપોર્ટ વગેરેનો વિકાસ જરૂરી છે.

### 4. કુશળ કાર્યબળઃ

આધુનિક ઉદ્યોગોની માંગને પહોંચી વળવા ઔદ્યોગિક પ્રદેશો માટે કુશળ અને શિક્ષિત કાર્યબળ હોવું જરૂરી છે.

### 5. ઉદ્યોગ સાહસિકતાઃ

ધંધામાં નવસંશોધન, જોખમ અને અનિશ્ચિતતા ઉઠાવવા માટે સાહસિકતા જરૂરી છે. સફળ ઉદ્યોગ સાહસિકતા રોકાણ આકર્ષે છે. નવીનતા લાવે છે અને રોજગારીની તકો ઉભી કરે છે.

### 6. ટેક્નોલોજિકલ એડવાન્સમેન્ટઃ

પ્રગતિશીલ પ્રદેશોના ઉદ્યોગો ઉત્પાદકતા, કાર્યક્ષમતા અને સ્પર્ધાત્મકતા સુધારવા માટે તકનીકી પ્રગતિને અપનાવે છે. જેને કારણે ગુણવત્તાયુક્ત ઉત્પાદન વધે છે.

### 7. પર્યાવરણીય ટકાઉપણુંઃ

વૈશ્વિક પર્યાવરણીય પ્રશ્નોની સામે ઉદ્યોગો વધુને વધુ ટકાઉ પ્રથાઓ અમલમાં લાવી રહ્યા છે. ઔદ્યોગિક પ્રદેશો કે જે પર્યાવરણીય ટકાઉપણાની પહેલને પ્રાધાન્ય આપે છે. દા.ત., ઔદ્યોગિક કચરો ઘટાડવા તેનું રિસાયકલિંગ અને પ્રદુષણ નિયંત્રણના પગલાં લેવામાં આવે છે.

ઉપરોક્ત લાક્ષણિકતાઓ સમગ્ર રીતે વિશ્વના ઔદ્યોગિક પ્રદેશોના વિકાસ, ટકાઉપણું અને સ્પર્ધાત્મકતામાં ફાળો આપે છે. તેમના આર્થિક માર્ગને આકાર આપે છે અને સ્થાનિક અને વૈશ્વિક બજારો પર અસર કરે છે.

હવે આપણે ભારતમાં વિવિધ પ્રકારો વિષે માહિતી મેળવીશું.

## 3.5 ઉદ્યોગોના પ્રકારો

ઉદ્યોગોના પ્રકારોને સરળતાથી સમજવા માટે નીચે મુજબ ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

**1. મૂડીરોકાણના આધારે :**

(A) સૂક્ષ્મ ટચુકડા ઉદ્યોગ (Micro Industry) :

જે ઉદ્યોગમાં રૂ. ૨5 લાખ સુધીનું મૂડીરોકાણ હોય તેવા ઉદ્યોગોનો સમાવેશ સૂક્ષ્મ ઉદ્યોગમાં થાય છે. દા.ત., માટી, ધાતુ, ચામડું, વગેરે માંથી વસ્તુ બનાવતા ઉદ્યોગો.

(B) નાના પાયાના ઉદ્યોગો (Small Industry) :

નાના પાયાના એકમો માટે સમયાંતરે અલગ અલગ ખ્યાલો જોવા મળે છે. 1991 માં નવી ઔદ્યોગિક નીતિ મુજબ રૂ. 60 લાખનું મૂડીરોકાણ હોય તેને નાના પાયાના ઉદ્યોગો કહેવામાં આવ્યા. આબીદ હુસૈન સમિતિ (1997) એ રૂ. 3 કરોડનું મૂડીરોકાણ હોય તેને નાના પાયાના એકમો તરીકે ધ્યાને લેવાની ભલામણ કરી. નાના પાયાના ઉદ્યોગોમાં ખાદી, ગ્રામોદ્યોગ, હેન્ડલુમ, કાથીના દોરડા, રેશમ ઉદ્યોગ જેવા પરંપરાગત ઉદ્યોગો ઉપરાંત હોઝિયરી, રબર, પ્લાસ્ટિક, ઈલેક્ટ્રોનિક, કમ્પ્યુટર વગેરેનો સમાવેશ થાય છે.

2006 થી (2020 સુધી) નાના કદના સાહસો (Small Scale Enterprises) અને માધ્યમ કદના સાહસો (Medium Scale Enterprises) તરીકે નવી ઓળખ ઉભી કરવામાં આવી તેમજ MSME એક્ટ - 2006 અંતર્ગત MSME ની મૂડી રોકાણ મર્યાદાનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું જે નીચે મુજબ હતું.

**MSME એક્ટ - 2006 મુજબ MSME નું વર્ગીકરણ (વર્ષ 2006 થી 2020 સુધી)**

| એકમો | મેન્યુફેક્ચરિંગ (પ્લાન્ટ અને મશીનરીમાં મૂડીરોકાણ રૂ.) | સેવાક્ષેત્ર (સાધનોમાં રોકાણ) |
|---|---|---|
| માઈક્રો (સૂક્ષ્મ) | 25 લાખ સુધી | 10 લાખ સુધી |
| નાના કદના (લઘુ) | 25 લાખથી 5 કરોડ | 10 લાખથી 2 |
| માધ્યમ | 5 કરોડથી 10 કરોડ | 2 કરોડથી 2 કરોડ |

Source - Ministry of Micro, Small & Medium Enterprises, G.O.I.

મે - 2020ના રોજ સરકાર દ્વારાની પરિભાષા / માપદંડમાં સુધારણા કરવામાં આવી. નવી પરિભાષા (મે - 2020) મુજબ મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ બને એક સમાન ગણવામાં આવ્યા છે અને મૂડીરોકાણ મર્યાદા નીચે મુજબ વધારવામાં આવી છે.

નવી પરિભાષા (મે -2020 અનુસાર MSME નું વર્ગીકરણ)

| એકમો | મૂડીરોકાણ મર્યાદા (રૂ. કરોડમાં) | ટર્ન ઓવર મર્યાદા (રૂ. કરોડમાં) |
|---|---|---|
| Micro (સૂક્ષ્મ) | 1 | 5 |
| Small (લઘુ) | 10 | 50 |
| Medium (માધ્યમ) | 20 | 100 |

Source - Ministry of Micro, Small & Medium Enterprises, G.O.I.

(C) મધ્યમ પાયાના ઉદ્યોગો (Medium Industry) :

જે ઉદ્યોગમાં રૂ. 5 કરોડ થી રૂ. 10 કરોડ સુધીનું મૂડીરોકાણ હોય તેવા ઉદ્યોગોનો સમાવેશ મધ્યમ પાયાના ઉદ્યોગોમાં થાય છે. આવા ઉદ્યોગો શ્રમપ્રધાન અને મૂડીપ્રધાન બંને ઉત્પાદન પદ્ધતિ અપનાવતા હોય છે. દા.ત., યંત્રો, રસાયણો, બનાવતા ઉદ્યોગો.

(D) મોટા પાયાના ઉદ્યોગો (Large Scale Industry) :

જે ઉદ્યોગમાં રૂ. 10 કરોડ થી વધુનું મૂડીરોકાણ હોય તેવા ઉદ્યોગોનો સમાવેશ મોટા પાયાના ઉદ્યોગોમાં કરવામાં આવે છે. આવા ઉદ્યોગો માત્ર મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો જ ઉપયોગ કરતા હોય છે. દા. ત. મશીન, ભારે વાહનો બનાવતા ઉદ્યોગો.

**2. માલિકીના આધારે :**

(A) જાહેર ક્ષેત્ર :-

જેમાં સરકારી માલિકી અને સંચાલન હેઠળના ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

(B) ખાનગી ઉદ્યોગ :-

જેમાં ખાનગી માલિકી અને સંચાલન હેઠળના ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

(C) સંયુક્ત ઉદ્યોગ :-

સરકારી અને ખાનગી બંનેની ભાગીદારી થી ચાલતા ઉદ્યોગ સંયુક્ત ઉદ્યોગ કહેવાય છે.

(D) સહકારી ક્ષેત્રના ઉદ્યોગો :-

સહકારી મંડળી ઓ દ્વારા ચાલતા ઉદ્યોગો દા. ત. દૂધની ડેરી, સહકારી બેંકો વગેરે.

**3. અન્ય પ્રકારો :**

ઉદ્યોગોના અન્ય પ્રકારોમાં નીચેના ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવે છે.

(A) ગ્રામીણ ઉદ્યોગઃ

ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક જરૂરિયાતોના આધારે સ્થાપવામાં આવતા ઉદ્યોગો.

(B) ગૃહ ઉદ્યોગઃ

નહિવત મૂડીરોકાણ અને સાદા ઓજારો દ્વારા ઘરના સભ્યો દ્વારા જ ચલાવવામાં આવતો ઉદ્યોગ. દા. ત. પાપડ, અથાણાં, ખાખરા, ખાદી ઉદ્યોગ વગેરે.

(C) સહાયક ઉદ્યોગ :

મોટા ઉદ્યોગો માટે કાચો માલ તૈયાર કરતા ઉદ્યોગોને સહાયક ઉદ્યોગો કહેવામાં આવે છે.

(D) પાયાના ઉદ્યોગોઃ

અન્ય ઉદ્યોગો માટે મૂળભૂત વસ્તુઓ જેવી કે વીજળી, લોખંડ પોલાદનું ઉત્પાદન કરતા ઉદ્યોગો.

(E) મૂડીપ્રધાન ઉદ્યોગોઃ-

મોટા મૂડીરોકાણ અને ભારે આધુનિક યંત્ર સામગ્રી આધારિત ઉદ્યોગોને મૂડીપ્રધાન ઉદ્યોગો કહેવાય.

(F) શ્રમ પ્રધાન ઉદ્યોગઃ

જે ઉદ્યોગમાં મૂડીની સરખામણી એ શ્રમનો વધુ ઉપયોગ થાય તેવા ઉદ્યોગોને શ્રમપ્રધાન ઉદ્યોગો કહેવાય. દા.ત., બીડી, પગરખાં વગેરે.

ઉદ્યોગોના લક્ષણો - પ્રકારો સમજ્યા બાદ આપણે પેઢી અને ઉદ્યોગ વચ્ચેનો તફાવત સમજવા પ્રયત્ન કરીશું.

## 3.6 પેઢી અને ઉદ્યોગ વચ્ચે તફાવત

1. પેઢી અને ઉદ્યોગ વચ્ચે મુખ્યત્વે નીચે મુજબનો તફાવત જોવા મળે છે. એક અથવા વધારે વસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન કરવાની ટેક્નિકલ જાણકારી અને સાધનો ધરાવનાર એકમને પેઢી કહેવામાં આવે છે. જયારે એક સરખી વસ્તુનું ઉત્પાદન કરવાની ટેક્નિકલ, નાણાકીય અને ભૌતિક ક્ષમતા ધરાવતા જૂથોનો સમૂહ એટલે ઉદ્યોગ.
2. પેઢીમાં કોઈ એક વ્યક્તિગત પેઢીની જ વાત કરવામાં આવતી હોય છે, જયારે ઉદ્યોગમાં બધીજ પેઢીઓની ચર્ચા કરવામાં આવે છે.
3. પેઢીનો વિકાસ કરવા કોઈ એક પેઢીના વિકાસની જરૂરી છે, જયારે ઉદ્યોગના વિકાસ માટે સમગ્ર પેઢીઓના વિકાસની આવશ્યકતા છે.
4. પેઢી એ એક એકમ છે, જયારે ઉદ્યોગ એક સમૂહ છે.
5. પેઢીનો વિકાસ થાય તો ઉદ્યોગોનો વિકાસ આપોઆપ થાય છે જો પેઢીઓ વિકસે તો ઉદ્યોગોનો પણ વિકાસ થાય છે. પેઢીના વિકાસની સીધી અસર ઉદ્યોગ પર થાય છે.
6. એક જ ઉદ્યોગમાં મોટા ભાગની પેઢીઓ સમસ્યા અનુભવે તો તે સમસ્યા ઓની સમગ્ર ઉદ્યોગ પર પ્રતિકૂળ અસર થાય છે. જયારે કોઈ એક પેઢીની સમસ્યા હોય તો તેની પ્રતિકૂળ અસર માત્ર તે એક જ પેઢી પર પડે છે.
7. પેઢીઓની કામગીરીમાં આંતરિક પરિવર્તનો થતા ઉદ્યોગોની કામગીરીમાં પણ આંતરિક પરિવર્તન થાય છે. જયારે કોઈ એક પેઢીની કામગીરીમાં આંતરિક પરિવર્તન થતા તેની અસર તે જ પેઢી પાર થાય છે.
8. પેઢીનો વિકાસ થવાથી ઉદ્યોગોનો વિકાસ થાય છે જયારે ઉદ્યોગોનો વિકાસ થવાથી અર્થતંત્રમાં રોજગારી, આવક, ઉત્પાદન, નિકાસો વગેરે ઉપર અસર થાય છે.
9. ઉદ્યોગોના વિકાસ માટે પેઢીઓનો વિકાસ જરૂરી છે અને કોઈ એક પેઢીના વિકાસ માટે તે સ્થળે કાચો માલ, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, બેંકો વગેરેનો વિકાસ જરૂરી છે.

## 3.7 સારાંશ

- એક અથવા વધારે વસ્તુઓનું ઉત્પાદન કરતા એકમને પેઢી કહેવાય
- પેઢીઓનો સમૂઠ એટલે ઉદ્યોગ
- મૂડીરોકાણ અને માલિકીના આધારે ઉદ્યોગોના વિવિધ પ્રકારો પડી શકાય
- પેઢીમાં કોઈ એક વ્યક્તિગત પેઢીની જ વાત કરવામાં આવતી હોય છે, જયારે ઉદ્યોગમાં બધી જ પેઢીઓને ધ્યાનમાં લેવામાં આવે છે.
- પેઢીઓનો વિકાસ થાય તો ઉદ્યોગોનો વિકાસ આપોઆપ થાય છે.

## 3.8 ચાવીરૂપ શબ્દો

વિકાશશીલ દેશો -

જે દેશમાં વિકાસની શક્યતાઓ હોય તેવા દેશો દા.ત., ભારત

અવેજી વસ્તુ -

કોઈ એક વસ્તુની વપરાશની બદલામાં અન્ય વસ્તુનો વપરાશ. દા.ત., ચા અને કોફી

ઈજારો -

વસ્તુનો એક જ ઉત્પાદક હોય, અવેજી વસ્તુનો અભાવ હોય અને ઉત્પાદક તે વસ્તુના પુરવઠા ઉપર કાબુ ધરાવતો હોય.

GVA - કુલ મૂલ્ય વૃદ્ધિ

DPIIT - ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ

## 3.9 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(1) પેઢી અને ઉદ્યોગ વચ્ચેના તફાવતની વિસ્તૃત ચર્ચા કરો.

(2) પેઢીના વિવિધ સ્વરૂપો જણાવો.

(ખ) ટૂંકનોંધ લખો :

(1) ઉદ્યોગના લક્ષણો

(2) ઉદ્યોગના પ્રકારો

(ગ) ટૂંકમાં જવાબ આપો :

(1) પેઢી એટલે શું ?

(2) ઉદ્યોગની વ્યાખ્યા આપો.

(3) 1991ની નવી ઔદ્યોગિક નીતિ મુજબ નાના પાયાના ઉદ્યોગો માટે કેટલું મૂડીરોકાણ જરૂરી છે ?

(4) પેઢીના સ્વરૂપો કેટલા છે ?

(5) વ્યક્તિગત માલિકીની પેઢી કોને કહેવાય ?

(6) ભાગીદારી પેઢી એટલે શું ?

(7) સંયુક્ત મૂડી કંપની કોને કહેવાય ?

(8) ઔદ્યોગિક સહકારી મંડળીની રચના કરવા માટે ઓછામાંઓછા કેટલા સભ્યો જરૂરી ?

(9) સૂક્ષ્મ ઉદ્યોગ કોને કહેવાય ?

(10) નાના પાયાના ઉદ્યોગો એટલે શું ?

(11) માલિકીના આધારે ઉદ્યોગોના પ્રકારો જણાવો.

(12) ગૃહ ઉદ્યોગની વ્યાખ્યા આપો.

(13) સહાયક ઉદ્યોગ કોને કહેવાય ?

(14) મૂડીપ્રધાન ઉદ્યોગ એટલે શું ?

(15) શ્રમ પ્રધાન ઉદ્યોગ એટલે શું ?

(16) પાયાના ઉદ્યોગોમાં કયા ઉદ્યોગોનો સમાવેશ થાય છે ?

(ઘ) બહુ વિકલ્પીય પ્રશ્નો :

(1) ઔદ્યોગિક અર્થશાસ્ત્રના સિદ્ધાંતો કોના વર્તનના આધારે રચાયા છે ?

(અ) ગ્રાહક (બ) માનવ (ક) પેઢી (ડ) સરકાર

(2) કિંમત અને સરેરાશ ખર્ચ સરખા થાય ત્યારે પેઢીને કેવો નફો પ્રાપ્ત થાય છે ?

(અ) અસામાન્ય નફો (બ) સામાન્ય નફો

(ક) લઘુતમ ખોટ (ડ) ઉપરના બધા જ

(3) સમયાંતરે પેઢીના હેતુઓ, સ્વરૂપો ઉપરાંત શેમાં પરિવર્તનો આવેલા છે ?

(અ) માલિકી (બ) સંચાલન (ક) અંકુશ (ડ) ઉપરના બધા જ

(4) સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખા થાય ત્યારે પેઢી શું મેળવે છે ?

(અ) સમતુલા (બ) અસમતુલા (ક) સ્થિરતા (ડ) અસ્થિરતા

(5) કોના વર્તનની બજારના માળખા પર અને પેઢીના સમગ્ર અર્થકારણ પર અસરો થાય છે ?

(અ) પેઢી (બ) ગ્રાહક (ક) ઉદ્યોગ (ડ) વ્યક્તિ

(6) કયા બજારમાં પેઢી એજ ઉદ્યોગ બને છે ?

(અ) પૂર્ણ હરીફાઈ (બ) ઈજારો (ક) અપૂર્ણ હરીફાઈ (ડ) અલ્પ હસ્તક ઈજારો

(7) પૂર્ણ હરીફાઈમાં પેઢીની કાર્ય ક્ષમતા શેના દ્વારા માપવામાં આવે છે ?

(અ) કિંમત (બ) ખર્ચ (ક) નફો (ડ) ઉત્પાદન

(8) કોઈ વસ્તુ કે સેવાઓનું ઉત્પાદન, સંગ્રહ, રૂપાંતર, પ્રક્રિયા, પરિવહન વગેરે ઉત્પાદકીય અને આર્થિક કામગીરી જેમાં થાય છે તેવો પ્લાન્ટ એટલે .......

(અ) ઉદ્યોગ (બ) પેઢી (ક) વેપાર (ડ) ઔધ્યોગીક નીતિ

(9) પેઢીઓ ઉત્પાદન લક્ષી, વ્યાપારલક્ષી, નાણાંલક્ષી ઉપરાંત કયા પ્રકારની કામગીરી કરે છે ?

(અ) હેરફેરલક્ષી (બ) સલાહ્કારી (ક) પ્રક્રિયા લક્ષી (ડ) ઉપરના બધા જ

(10) જેમાં એક જ વ્યક્તિ પેઢીનો માલિક હોય અને તેના દ્વારા જ તેનું સંચાલન થતું હોય અને તે પેઢી પર તેનો સંપૂર્ણ અંકુશ હોય તેને કઈ પેઢી કહેવામાં આવે છે ?

(અ) ભાગીદારી પેઢી (બ) વ્યકિગત માલિકીની પેઢી

(ક) સયુંક્ત મુડીકંપની (ડ) ઔદ્યોગિક સહકારી

(11) ભારતીય અર્થતંત્રમાં કયા ઉદ્યોગોનું વિશેષ મહત્ત્વ રહેલું છે ?

(અ) વપરાશી વસ્તુઓના ઉદ્યોગ (બ) મોટા ઉદ્યોગ

(ક) સેવા ક્ષેત્રના ઉદ્યોગ (ડ) નાના અને કુટિર ઉદ્યોગો

(12) નાના કદના સાહસોમાં વણવપરાયેલી ઉત્પાદન શક્તિ માટે કયું પરિબળ જવાબદાર છે ?

(અ) સમતુલાકાચા માલનો અપૂરતો પુરવઠો (બ) વીજળીની અનિયમિતતા

(ક) મૂડીની ખેંચ (ડ) ઉપરોક્ત બધા જ

(13) બેરોજગારીના પ્રશ્નને હલ કરવામાં કયા ઉદ્યોગો સૌથી વધુ મદદરૂપ બની શકે ?

(અ) મોટા ઉદ્યોગો (બ) નાના કદના અને કુટિર ઉદ્યોગો

(ક) મધ્યમ કદના ઉદ્યોગો (ડ) આનુષાંગીક ઉદ્યોગો

(14) મધ્યમ કદના સાહસોની વર્તમાન મુખ્ય સમસ્યા કઈ છે ?

(અ) કાચા માલની સમસ્યા (બ) આધુનિકરણની સમસ્યા

(ક) અનિયમિત વીજ પુરવઠો (ડ) ઉપરોક્ત બધાજ

(15) આપણા પાયાના પ્રશ્નોને હલ કરવામાં કયા ઉદ્યોગો સૌથી વધુ મહત્ત્વના છે ?

(અ) મોટા કદના (બ) નાના અને મધ્યમ કદના

(ક) મધ્યમ કદના (ડ) નાના કદના

(16) મધ્યમ કદના ઉદ્યોગો મોટા ઉદ્યોગોને શું પૂરું પડે છે ?

(અ) ટેકનિકલ સાધનો (બ) યંત્રો

(ક) પ્રોસેસ કરેલો કાચો માલ (ડ) તાલીમ બધ્ધ શ્રમિકો

(17) મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોમાં મોટા પાયાના ઉપરાંત કયા ઉદ્યોગોનો સમાવેશ થાય ?

(અ) મધ્યમ પાયાના (બ) નાના પાયાના

(ક) કુટિર ઉદ્યોગો (ડ) ઉપરોક્ત બધા જ

(18) કયા બજારમાં પેઢી એ જ ઉદ્યોગ બને છે ?

(અ) પૂર્ણ હરીફાઈ (બ) ઈજારો

(ક) ઈજરાયુક્ત હરીફાઈ (ડ) અલ્પ હસ્તક ઈજારો

(19) ઉદ્યોગોના પ્રકારોને કેટલા ભાગમાં વહેંચવામાં આવે છે ?

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

(20) જે ઉદ્યોગોમાં રૂ. 25 લાખ સુધીનું મૂડીરોકાણ હોય તેવા ઉદ્યોગોને કેવા ઉદ્યોગો કહેવામાં આવે છે ?

(અ) સૂક્ષ્મ ઉદ્યોગો (બ) નાના પાયાના ઉદ્યોગો

(ક) મધ્યમ પાયાના ઉદ્યોગો (ડ) મોટા પાયાના ઉદ્યોગો

(21) મોટા પાયાના ઉદ્યોગોમાં મૂડી રોકાણનું પ્રમાણ કેટલું હોય છે ?

(અ) રૂ. ૨5 લાખ સુધીનું (બ) રૂ. 25 લાખ થી ૫ કરોડ

(ક) રૂ. 5 કરોડ થી 10 કરોડ (ડ) રૂ. 10 કરોડ થી વધુ

(22) ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક જરૂરિયાતોના આધારે સ્થાપવામાં આવતા ઉદ્યોગોને કેવા ઉદ્યોગો કહેવાય ?

(અ) ગૃહ ઉદ્યોગો (બ) ગ્રામીણ ઉદ્યોગ (ક) સહાયક ઉદ્યોગ (ડ) પાયાના ઉદ્યોગ

(23) જે ઉદ્યોગમાં મૂડીની સરખામણીએ શ્રમનો વધુ ઉપયોગ થાય તેવા ઉદ્યોગોને કેવા ઉદ્યોગ કહેવામાં આવે છે ?

(અ) મૂડીપ્રધાન (બ) શ્રમ પ્રધાન (ક) પાયાના ઉદ્યોગો (ડ) ગૃહ ઉદ્યોગ

(24) શેમાં કોઈ એક વ્યક્તિગત પેઢીની જ વાત કરવામાં આવતી હોય છે ?

(અ) ઉદ્યોગ (બ) પેઢી (ક) બજાર (ડ) નાના ઉદ્યોગ

(25) મોટા મૂડીરોકાણ અને ભારે આધુનિક યંત્ર સામગ્રી આધારિત ઉદ્યોગોને કયા ઉદ્યોગો કહેવાય ?

(અ) મૂડીપ્રધાન ઉદ્યોગો (બ) શ્રમ પ્રધાન ઉદ્યોગો

(ક) નાના ઉદ્યોગો (ડ) મધ્યમ ઉદ્યોગો

## • સંદર્ભ સૂચિ

1. Galbraith J.K., The New Industrial State, Hamish Hamilton Ltd. London. November, 1970.

2. સુથાર હરજીવન, ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

3. www.shiksha.com

## • તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

1. ક - પેઢી
2. બ - સામાન્ય નફો
3. ડ - ઉપરના બધા જ
4. અ - સમતુલા
5. અ - પેઢી
6. બ - ઈજારો
7. ડ - ઉત્પાદન
8. બ - પેઢી
9. ડ - ઉપરના બધા જ
10. બ - વ્યક્તિગત માલિકીની પેઢી
11. ડ - નાના અને કુટિર ઉદ્યોગો
12. ડ - ઉપરોક્ત બધા જ
13. બ - નાના કદના અને કુટિર ઉદ્યોગો
14. ડ - ઉપરોક્ત બધા જ
15. બ - નાના અને મધ્યમ કળાના
16. ક - પ્રોસેસ કરેલો કાચો માલ
17. અ - મધ્યમ પાયાના
18. બ - ઈજારો
19. બ - ત્રણ
20. અ - સુક્ષ્મ ઉદ્યોગો
21. ડ - રૂ. 10 કરોડથી વધુ
૨૨. બ - ગ્રામીણ ઉદ્યોગ
23. બ - શ્રમ પ્રધાન
24. બ - પેઢી
25. અ - મૂડી પ્રધાન ઉદ્યોગો

એકમ 4

# ઉદ્યોગોના પ્રકાર

-: રૂપરેખા :-


**4.0** ઉદ્દેશો

**4.1** પ્રસ્તાવના

**4.2** ગૃહ અને નાના પાયાનાં ઉદ્યોગોની વ્યાખ્યા

**4.3** ગૃહ અને નાના પાયાનાં ઉદ્યોગોનું મહત્ત્વ

**4.4** ભારતમાં મધ્યમ કદના ઉદ્યોગો

**4.5** ભારતમાં મોટા પાયાના ઉદ્યોગો

**4.6** સારાંશ

**4.7** ચાવીરૂપ શબ્દો

**4.8** તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ સૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 4.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) વિદ્યાર્થીઓને ઉદ્યોગોના વિવિધ પ્રકારો વિશે સમજણ આપવી.

(2) ભારતના સંદર્ભમાં ઉદ્યોગોના વિવિધ પ્રકારો માહિતગાર કરવા.

## 4.1 પ્રસ્તાવનાઃ

ઝડપી ઔદ્યોગિકીકરણને કારણે દરેક જગ્યાએ ઝડપી આર્થિક વિકાસ શક્ય બન્યો છે. ઔદ્યોગિકીકરણ ખરેખર ઝડપી આર્થિક વૃદ્ધિની ચાવી છે, કારણ કે ઉદ્યોગમાં ઉત્પાદકતાનું સ્તર કૃષિ કરતાં ઘણું વધારે છે. તદ્દુપરાંત, ઔદ્યોગિકીકરણને અવિકસિત દેશોમાં મૂળભૂત આર્થિક અને સામાજિક રીતે ફેરફારોને અસર કરવા માટે એક મહત્ત્વપૂર્ણ નીતિ તરીકે ગણવામાં આવે છે જેને આપણે આર્થિક વૃદ્ધિની સંભાવના વધારવા માટેની જરૂરી શરતો તરીકે ગણવામાં આવે છે. ઝડપી ઔદ્યોગિકીકરણ વિકાસલક્ષી ધ્યેય તરીકે સાર્વત્રિક ગણવામાં આવે છે, એ પણ હકીકત એ છે કે ઔદ્યોગિકીકરણથી પ્રદૂષણ, કાચા માલની તંગી, બેરોજગારી અને આવકના વિતરણમાં અસમાનતા જેવી સમસ્યાઓને જન્મ આપી શકે છે. વર્તમાન ભારતીય અર્થતંત્રની વૃદ્ધિ અને વિકાસ માટે તેની સુસંગતતાના સંદર્ભમાં ભારતીય ઔદ્યોગિક ક્ષેત્ર વિશે ચર્ચા કરવી અતિ મહત્ત્વની છે. ભારતની રાષ્ટ્રીય પેદાશ(આવક)માં આ ઉદ્યોગોના વિભાગનો હિસ્સો 1998માં 31.3 ટકા હતો, જ્યારે ખેતીનો ફાળો 24.4 ટકા હતો.

ભારતીય અર્થતંત્રમાં જે બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો તેમાં દેશના ગૃહ ઉદ્યોગોના અને નાના પાયાના વિકાસની અગત્યતાનો પરોક્ષ રીતે સ્વીકાર કરેલ છે. પ્રો. શિનોયે પણ

'Investment Pattern' દ્વારા આ એકમોને આવક અને રોજગારીની દ્રષ્ટિએ મહત્ત્વનાં ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટ રીતે દર્શાવ્યું હતું કે રાષ્ટ્રના વિકાસની વ્યૂહરચનામાં ગ્રામ ઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગોને પ્રોત્સાહન એ મહત્ત્વની બાબત બની રહેશે, કારણ કે આ ઉદ્યોગોમાં મૂડી ઉત્પાદનનું પ્રમાણ સાનુકૂળ છે તથા રોજગારીની સઘનતા ઊંચી જોવા મળે છે.

મોટા પાયાના ઉદ્યોગોમાં ઉચ્ચ મૂડીરોકાણ સાથે અને મોટા પાયે પરિણામ આધારિત ઉત્પાદન જૂથ રોકાણના આત્મા દ્વારા મોટા પાયાના ઉદ્યોગોનો એક ભાગ છે. મોટા પાયાના ઉદ્યોગોમાં ઉચ્ચ મૂડી રોકાણ જરૂરી છે જે રૂ. 100 મિલિયન સુધીનું હોઈ શકે છે. ભારતમાં, આવા ઉદ્યોગોમાં લાયકાત ધરાવતા અને કુશળ લોકોને ઉચ્ચ પ્રમાણમાં રોજગારીની તકો આપવામાં આવે છે.

## 4.2 ગૃહ અને નાના પાયાનાં ઉદ્યોગોની વ્યાખ્યા

જેમાં રૂ. 25 લાખથી વધારે રોકાણ થયું નથી, તેને ગુહ ઉદ્યોગો (Micro Enterprise) કહેવામાં આવે છે. અને રૂ. 25 લાખથી વધારે અને રૂ. 5 કરોડથી ઓછું રોકાણ કરેલ હોય તેને નાના પાયાના ઉદ્યોગો (Small Enterprise) કહે છે.

**મધ્યમકદનાં ઉદ્યોગોની વ્યાખ્યાઃ**

જેમાં રૂ. 5 કરોડથી વધારે પણ રૂ. 10 કરોડથી ઓછું રોકાણ થતું હોય, તેને મધ્યમ કદનાં ઉદ્યોગો Medium Enterprise તરીકે 2006ના MSMED Act માં વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ છે.

**મોટા પાયાના ઉદ્યોગોની વ્યાખ્યાઃ**

ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટ ગુજરાત સરકારના જણાવ્યા પ્રમાણે, પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. 10 કરોડના રોકાણને મોટા ઔદ્યોગિક એકમો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. એક ઉદ્યોગ સાહસિક અથવા કોઈ મોટા પ્રોજેક્ટ સ્થાપવા ઈચ્છતી કંપનીને ઈન્ડસ્ટ્રીઝ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન્સ) એક્ટ, 1951ની જોગવાઈઓ હેઠળ ભારત સરકાર (GOI) પાસેથી ઔદ્યોગિક લાયસન્સના સ્વરૂપમાં મંજૂરીની જરૂર છે.

મોટા પાયાના ઉદ્યોગોને એવા ઉદ્યોગો તરીકે ઓળખવામાં આવે છે કે જેઓ વિશાળ આંતરમાળખા, કાચો માલ, ઉચ્ચ માનવશક્તિની જરૂરિયાતો અને મોટી મૂડીની જરૂરિયાતો ધરાવતા હોય. રૂ. 10 કરોડ થી વધુની સ્થિર સંપત્તિ ધરાવતી સંસ્થાઓને મોટા પાયાના ઉદ્યોગો ગણવામાં આવે છે.

મોટા પાયાના ઉદ્યોગો અને વ્યાપાર સાહસોને એવી રીતે વ્યાખ્યાયિત કરી શકાય છે કે જેઓ વિશાળ માળખાકીય ક્ષમતાઓ ધરાવે છે, નોંધપાત્ર સંખ્યામાં કામદારોને રોજગારી આપે છે (સામાન્ય રીતે 250 લોકો કે તેથી વધુ) અને મોટી માત્રામાં ઉત્પાદન કરે છે.

## 4.3 ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ

**રોજગારીમાં વધારો કરવા માટે અને બેરોજગારીના નિવારણ માટેઃ**

સાધન સંયોજનનો પ્રશ્ન દરેક રાષ્ટ્ર માટે રહે છે કારણ કે શ્રમ અને મૂડી આ બંને સાધનો જુદા જુદા પ્રકારના અર્થતંત્રમાં જુદા જુદા હિસ્સે વહેંચાયેલા છે. સમૃદ્ધ અર્થતંત્રમાં શ્રમની અછત અને મૂડીની છત હોય છે, જ્યારે ભારત જેવા વિકાસશીલ અર્થતંત્રમાં અતિ વસ્તીના વલણો

અને તેમાં ઔદ્યોગિક વિકાસ અને પછાત ખેતી ક્ષેત્રને કારણે શ્રમની છત અને નીચી આવકની સપાટીને કારણે મૂડીની અછત છે.

આવી સ્થિતિમાં શ્રમનો વધુ ઉપયોગ કરીને અને મૂડીની કરકસર કરવામાં આવે તો શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ વાળા ઉદ્યોગો અર્થકારણ માટે જરૂરી બને છે. આ માટે ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો મહત્ત્વના બને છે. ધાર અને લાયડલના અભ્યાસમાં ભારતમાં નાના પાયાના એકમો વધારે પ્રમાણમાં શ્રમપ્રચુર જણાવ્યાં છે. રોજગારી વધારવાની દ્રષ્ટિએ મોટા ઉદ્યોગોની સરખામણીએ ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો વધારે સ્વીકારીય બને છે કારણ કે - (1) ભારત સહિતના અન્ય વિકસતા દેશોમાં મૂડીપ્રચુર ભારે ઉદ્યોગો રોજગારી સર્જવામાં બહુ સફળ રહ્યા નથી. (2) એક સંશોધન અનુસાર ભારતમાં મોટા ઉદ્યોગની સરખામણીએ નાના ઉદ્યોગોમાં 7 ગણી અને કુટીર ઉદ્યોગોમાં 21 ગણી વધુ રોજગારી આપવાની શક્તિ છે. (3) ભારતમાં વધુ રોકાણ વાળા મોટા ઉદ્યોગો ઓછી રોજગારી આપે છે જ્યારે ઓછા રોકાણવાળા ગૃહ ઉદ્યોગો વધુ રોજગારી આપે છે. (4) ચીન અને જાપાનમાં રોજગારીના દષ્ટિબિંદુથી નાનાપાયાના એકમોનો વિકાસ સફળ રહ્યો છે. આમ, ભારતમાં રોજગારી વધારવાના હેતુથી ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ મહત્ત્વનો બને છે.

**આર્થિક અસમાનતા અને આર્થિક સત્તાનું કેન્દ્રીયકરણ ઘટાડવા માટે અને વિકેન્દ્રીકરણ કરવા માટેઃ**

વિકાસશીલ પ્રક્રિયા શરૂ કરી ત્યારથી આપણે ત્યાં આવકની અસમાનતા જોવા મળે છે. એટલું જ નહીં પરંતુ વિકાસની સાથે સાથે આવક અને સંપત્તિની વહેંચણી વધુ અસમાન બને છે. આ અસમાનતા ઓછી કરવાની દ્રષ્ટિએ ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. મોટા ઉદ્યોગોની સરખામણીએ નાના અને ગૃહ ઉદ્યોગો વધારે પસંદ કરવા યોગ્ય છે, કારણ કે આ ઉદ્યોગોમાં શ્રમ છે, જ્યારે મોટા ઉદ્યોગો મૂડી પ્રચુર છે, નાના પાયાના ઉદ્યોગોમાં આવકનો હિસ્સો શ્રમિકોને વેતન સ્વરૂપે પ્રાપ્ત થાય છે, જ્યારે મોટા ઉદ્યોગોમાં આવકનો મોટો હિસ્સો ઉત્પાદકો અને મૂડીપત્તિઓને નફાના સ્વરૂપમાં કે વ્યાજના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. જો કે આ દલીલોનો વિરોધ કરનારાઓ એમ પણ જણાવે છે કે - (અ) મોટા એકમોની સરખામણીએ ગૃહ અને નાના ઉદ્યોગોમાં શ્રમિકોને ઘણો ઓછું વેતન મળે છે. અને (બ) ગૃહ ઉદ્યોગોમાં રોકાયેલા શ્રમિકો સંગઠિત ન હોવાથી તેમનું શોષણ થાય છે.

જો કે આમ હોવા છતાં બેરોજગારીની સરખામણીએ ઓછી આવકનો વિકલ્પ વધારે પસંદ કરવો યોગ્ય ગણી શકાય. આ ઉપરાંત ગૃહ ઉદ્યોગો પૂરક રોજગારી પૂરી પાડતા હોવાથી શ્રમિકોનું જીવન ધોરણ ઊંચે લઈ જવામાં ઘણા અંશે મદદરૂપ બને છે. દેશમાં મોટા પાયા પરના ઉત્પાદનોને કારણે તથા અન્ય કેટલાક કારણોસર ભારત દેશમાં સમાજના મોટાભાગના લોકોના જીવન પર અસર થતી હોય તે રીતે નિર્ણયો લેવાની સત્તા સમાજની ગણી ગાંઠી વ્યક્તિઓ કે કુટુંબોના હાથમાં કેન્દ્રિત થવા પામે છે. આ પ્રકારના આર્થિક સત્તાના કેન્દ્રીકરણને ઘટાડવાની દ્રષ્ટિએ ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોના વિકાસની હિમાયત કરવામાં આવે છે. આથી જ 1977ની નવી ઔદ્યોગિક નીતિમાં મોટા ઉદ્યોગો તરફથી નાના ઉદ્યોગો તરફનો અભિગમ અપનાવવામાં આવ્યો હતો. આર્થિક સત્તાના કેન્દ્રીકરણને અંકુશિત કરવામાં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગનો વિકાસ ખૂબ મદદરૂપ નીવડ્યો નથી, પણ એવું ચોક્કસ કહી શકાય કે સરકારની આ પ્રકારની નીતિને કારણે આર્થિક સત્તાના કેન્દ્રીયકરણની પ્રક્રિયા ધીમી પડી છે.

**પ્રાદેશિક અસમાનતા ઘટાડવા માટેઃ**

ઉદ્યોગોને વિકેન્દ્રિત કરવાની દ્રષ્ટિએ અને પ્રાદેશિક અસમાનતા ઘટાડવા ના દષ્ટિએ ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ મહત્ત્વનો બને છે. ઉદ્યોગો માત્ર મોટા શહેરોમાં કેન્દ્રિત થવાથી વસ્તીની ગીચતા રહેઠાણના પ્રશ્નો અશુદ્ધ હવા પ્રદુષણ અશુદ્ધ પાણી ગુનાખોરી જેવી સમસ્યાઓ સાથે કેટલાક સામાજિક પ્રશ્નો પણ સર્જાય છે.

આ સાથે સાથે પ્રાદેશિક અસમાનતા નોંધપાત્ર પ્રમાણમાં જોવા મળે છે. આથી 1980ની ઔદ્યોગિક નીતિના ઠરાવમાં એમ દર્શાવ્યું હતું કે અસમતુલાઓ દૂર કરવામાં ઔદ્યોગીકરણ મહત્ત્વનો ભાગ ભજવશે. આ માટે પછાત વિસ્તારોમાં ઉદ્યોગોની અને વિશેષ કરીને ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો ઊભા કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

તાજેતરના સંશોધનો એમ દર્શાવે છે કે પછાત અને ગ્રામીણ વિસ્તારોમાં નાના પાયાના એકમોનું ટકાવારી પ્રમાણ વધ્યું છે. આનાથી નીચેની ત્રણ બાબતો ધ્યાન ખેંચે છે. (1) આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો થશે. (2) આત્મનિર્ભરતામાં વધારો થશે. (3) ગરીબાઈ ઘટાડવાના હેતુઓમાં મદદરૂપ થશે.

**વણ વપરાયેલા સાધનોના પૂર્ણ ઉપયોગ માટેઃ**

ભારત જેવા દેશોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કુદરતી સંપત્તિ કાચો માલ તેમજ માનવ સંપતિ અને મૂડી જોવા સાધનો ઘણા અંશે વણવપરાયેલા પડી રહે છે. અથવા તેમનો પૂર્ણત ઉપયોગ થતો નથી, પણ જો ગૃહ ઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગો ઉભા કરવામાં આવે તો આવી સંપત્તિનો કે જે વણવપરાયેલા સાધનો છે તેનો પૂર્ણ કક્ષાએ ઉપયોગ કરી શકીએ, અને તેથી ભારત દેશને સંપૂર્ણપણે લાભ થઈ શકે જેમ કે- (1) દેશમાં કેટલીક જરૂરી વસ્તુઓની અછત નિવારી શકાય છે. (2) ગ્રામીણ વિસ્તારોમાં ગોબરગેસ પ્લાન્ટની મદદથી ઉર્જા અને ખાતરની અછત નિવારી શકાય છે. (3) શહેરી વિસ્તારોમાં નકામા કાગળ ટુકડાઓની મદદથી કાગળ જેવી વસ્તુઓનું ઉત્પાદન કરી શકાય છે. (4) ઓછા ખર્ચે આવક વધારીને આર્થિક લાભ કરી નવા મૂડી રોકાણ માટે ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો ઊભા કરી શકે છે. જયારે મોટા પાયાના એકમો રોજગારી વધારવાની ક્ષમતામાં અસમર્થ હોવાથી મોટા ભાગની યોજનામાં ગૃહ અને નાના પાયાના એકમોના વિકાસને રોજગારી વધારવાના હેતુથી ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

**વિદેશી હુંડિયામણની અછત નિવારવાની દ્રષ્ટિએ અથવા કમાણી કરવાના હેતુથીઃ**

એક વાત સર્વ સ્વીકૃત બની છે, કે ભારતના વિકાસનો આધાર ભારતની આયાત કરવાની શક્તિ પર રહેલો છે. આયાતોનો આધાર વિદેશી હુંડિયામણની પ્રાપ્તિ પર રહેલો છે. ભારત જેવા દેશો માટે ઔદ્યોગિકરણના શરૂઆતથી જ વિદેશી હુંડિયામણ બચાવવાની દ્રષ્ટિએ અને વિદેશી હુંડિયામણ કમાવાની દ્રષ્ટિએ ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો મહત્ત્વના બન્યા છે. કારણ કે - (1) ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોની લગભગ બધી જરૂરિયાતો આંતરિક અર્થતંત્રમાંથી અથવા સ્થાનિક કે પ્રાદેશિક કક્ષાએથી જ સંતોષાઈ જતી હોવાથી મોટા જથ્થામાં વિદેશી હુડિયામણની જરૂર પડતી નથી, તેથી આયાતો પર બિનજરૂરી દબાણ સર્જાતું નથી. (2) આ ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસ કરીને અછતવાળું વિદેશી હુડીયામણ મેળવીને વિદેશના બજારોમાં હેન્ડલુમ અને હસ્તકલાકારીની ચીજવસ્તુઓમાં વિસ્તરણ કરી શકાય છે. આ ઉપરાંત ગૃહ અને નાના પાયાનાની ચીજ વસ્તુઓની નિકાસોને પ્રોત્સાહિત આપીને ભારત દેશની કટોકટી દૂર થઈ શકશે.

**ગ્રામીણ ક્ષેત્રના લોકોની ખરીદશક્તિ વધારાની દ્રષ્ટિએઃ**

ભારતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસની પ્રક્રિયામાં ગ્રામીણ ખરીદશક્તિમાં વધારો થાય તે જરૂરી છે. પ્રો. રગનાર નર્કસ અને આર્થર લેવીસ આ બાબતો ઉપર વિશેષ ભાર મૂકે છે. આર્થર લેવીસ એમ દર્શાવે છે, કે ગ્રામ્ય કક્ષાની વધેલી ખરીદશક્તિ મહત્ત્વના ઉત્તેજક તરીકેની કામગીરી બજાવે છે, તેથી 1980ની ઔદ્યોગિક નીતિમાં ઠરાવવામાં આવ્યું હતું કે દેશની ગ્રામીણ વસ્તીને વધારે રોજગારી મળે તો તેઓની આવકમાં વધારો થઈ શકે છે, અને આ આવકમાં વધારો થાય તો માથાદીઠ આવક પણ વધી શકે છે. આ રીતના અનુકૂળ ઉદ્યોગો જેવા કે પશુપાલન, હેન્ડલુમ, હેન્ડીક્રાફ્ટ અને ખાદી તથા આ ઉપરાંત ગ્રામીણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની બાબતમાં ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો. ગ્રામીણ ક્ષેત્રની વધેલી આવક ખરીદી શક્તિને વધારીને આર્થિક ચીજ વસ્તુઓની માંગ વૃદ્ધિ દ્વારા ભારતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહિત કરી શકાય છે.

**પ્રણાલિકાગત ચીજ વસ્તુઓના ઉત્પાદન માટેઃ**

અન્ય વિકાસશીલ દેશોની જેમ ભારતમાં પણ પશ્ચિમી ટેકનોલોજીની અસર હેઠળ ઔદ્યોગિક વિકાસ થયો હોવા છતાં પ્રણાલીકાગત અને હસ્તકલા કારીગરીવાળી વસ્તુઓની માંગ વિસ્તાર પામી રહી છે, જેમાં હેન્ડલુમના વસ્ત્રો, રેશમી સાડીઓ ખાદીના વસ્ત્રો, પરંપરાગત રમકડા, ઘરેણા, ચંપલ, અથાણા વગેરેની માંગ દેશ અને વિદેશમાં પણ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગૃહ ઉદ્યોગોને મહત્ત્વ આપવું જરૂરી બને છે. આનો મોટો લાભ એ છે કે પરંપરાગત કલાકારીગરીની જાણકારીવાળી પેઢીને લુપ્ત થતી બચાવી શકાય છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ જોઈએ તો પ્રખ્યાત પ્રસિદ્ધ પાટણના પટોળા બનાવતી પેઢી હાલ લુપ્ત અવસ્થામાં જોવા મળે છે, અને કદાચ એક સમય એવો પણ આવે કે પાટણના પટોળા એ ભૂતકાળ બની જાય કારણ કે હાલ વર્તમાનમાં એવું બન્યું છે કે પાટણની અંદર પટોળા બનાવતા માત્ર બે જ કુટુંબો હયાત રહ્યા છે. નાના પાયાના અને ગૃહ ઉદ્યોગના વિકાસથી માત્ર આર્થિક જ નહીં પરંતુ કેટલાક મહત્ત્વપૂર્ણ સામાજિક અને રાજકીય લાભ પણ પ્રાપ્ત થાય છે.

**મોટા ઉદ્યોગોના પૂરક તરીકેઃ**

નાના પાયાના અને મોટા ઉદ્યોગો એકબીજાના હરીફ નહીં પરંતુ પૂરક બની શકે છે. જેમ કે જાપાનમાં આધુનિક ઉદ્યોગો મોટા પાયા પર વિકાસ થયો હોવા છતાં નાના પાયાના એકમોનું સહ અસ્તિત્વ જોવા મળે છે. આ નાના પાયાના એકમો મોટા પાયા પરના એકમના પૂરક છે. નાના એકમો મોટા એકમો માટેની કેટલી જરૂરી વસ્તુઓ બનાવી આપતા છે. કેટલીક વાર મોટા પાયા પરના એકમો નાના એકમોને કાચો માલ પૂરો પાડીને તૈયાર માલ તેમની પાસેથી મેળવતા હોય છે. ભારતમાં આજે કેટલાય નાના પાયાના એકમો મોટા ઉદ્યોગો માટે અર્ધ તૈયાર માલ અથવા તૈયાર માલ પૂરો પાડે છે જેમ કે ઓટોમોબાઇલ ક્ષેત્રમાં વાયર, બલ્બ, વાઈપર, સીટ કવર વિગેરે ચીજ વસ્તુઓ તૈયાર કરીને મોટા ઉદ્યોગોને આપે છે.

**ઓછા ઔદ્યોગિક ઝઘડાઃ**

મોટા આધુનિક ઉદ્યોગોની સરખામણીએ ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોમાં ઔદ્યોગિક ઝઘડા પ્રમાણમાં ઓછા થાય છે. અથવા નહિવત જોવા મળે છે. ગૃહ અને નાના પાયાના ઉદ્યોગના લાભમાંથી નહીં પરંતુ મર્યાદામાંથી સર્જાય છે. મૂડીવાદી સ્વરૂપની ઉત્પાદન વ્યવસ્થામાં એકમ નાનું હોય કે મોટું માલિકો મજૂરોનું શોષણ કરે છે, આથી મોટા ઉદ્યોગોની જેમ નાના ઉદ્યોગોમાં પણ તણાવ કે સંઘર્ષ ઉભો થાય છે પણ માત્ર ફેર એટલો હોય છે કે મોટા ઉદ્યોગોમાં મજૂરો

સંગઠિત હોવાથી સામૂહિક પગલા દ્વારા હડતાલોનો આશરો લઈ શકે છે જ્યારે નાના પાયાના ઉદ્યોગોમાં મજૂરો સંગઠિત કે અસરકારક સોદા શક્તિ વાળા હોતા નથી. આ ઉપરાંત ગૃહ ઉદ્યોગોમાં મોટેભાગે કુટુંબના સભ્યો કામ કરતા હોવાને કારણે ઔદ્યોગિક ઝઘડાનો પ્રશ્ન ઉભો થતો નથી.

**વસ્તી નિયંત્રણ કરવામાં મદદરૂપઃ**

વિકાસમાન દેશો વિશેના તાજેતરના સંશોધનો એવા તારણ ઉપર આવે છે કે ગરીબ દેશોમાં શિક્ષણ કરતા સ્ત્રીઓને રોજગારી આપવાથી વસ્તી વૃદ્ધિના દરને મંદ બનાવવામાં મદદરૂપ થાય છે. ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોમાં સ્ત્રીઓને પણ અને વિશેષ કરીને ગ્રામીણ વિસ્તારમાં સ્ત્રીઓને રોજગારી પૂરી પાડતા હોય તો જન્મદરને અંકુશિત કરવામાં મદદરૂપ નીવડે છે. સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ થવાથી પ્રજાનું જીવન ધોરણ ઊંચું જતા જન્મદર ઘટવાની સંભાવના વધે છે.

**વિપુલ રોજગારી સર્જનઃ**

જેમ દેશનો વિકાસ થાય છે, તેમાં કુલ રાષ્ટ્રીય આવકમાં અને રોજગારીમાં ખેતીનું પ્રદાન ઘટતું જાય છે. ઓસ્ટ્રેલિયાના અર્થશાસ્ત્રી તાતંડ પના મત અનુસાર ગૃહ અને નાના પાયાના ઉદ્યોગમાં નવી રોજગારી સર્જનમાં વૈશ્વિક સ્તરે 70 ટકા પ્રદાન કરે છે, જ્યારે મોટા ઉદ્યોગો રોજગારીનું એટલું સર્જન કરી શકતા નથી. ભારતમાં આ ક્ષેત્રનો ઝડપથી વિકાસ થયેલ છે. 1960માં માત્ર 12,376 ગૃહ અને નાના પાયાના એકમો હતા, જેઓ દસ લાખ લોકોને રોજગારી આપતા હતા. આ ક્ષેત્રનું વાર્ષિક ઉત્પાદન મૂલ્ય રૂ. 875 કરોડનું હતું. 10મી યોજનાના પ્રારંભમાં 449 લાખ ગ્રામીણ અને શહેરી લોકો 105.21 લાખ ગૃહઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગોમાં રોજગારી મેળવતા હતા. અત્યારે 295 લાખ લોકો 128 લાખ એકમોમાં રોજગારી મેળવે છે. આ એકમોની સ્થાપનાના સંદર્ભમાં વાર્ષિક સરેરાશ વૃદ્ધિ દર 4.4 ટકા અને રોજગારી વૃદ્ધિ દર વાર્ષિક સરેરાશ 4.62 ટકા છે. જો ખાદી ગ્રામ ઉદ્યોગ અને અન્ય ઉદ્યોગોને સાથે લઈએ તો આ આંક 332 લાખ લોકોને આ ક્ષેત્ર દ્વારા સીધી રીતે રોજગારી આપે છે. હાથસાળ ઉદ્યોગ. હસ્તકલા કારીગરી. ગરમ અને રેશમી કપડાઓને તેની સાથે ગણતરી લઈએ તો ભારતમાં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોમાં રોજગારી મેળવતા લોકોની સંખ્યા 650 લાખ થાય છે મોટા ઉદ્યોગોમાં એક વ્યક્તિને રોજગારી આપવા માટે લગભગ રૂ. 5.56 લાખના રોકાણની જરૂરિયાત ઊભી થાય છે જેની સામે ગૃહ ઉદ્યોગો અને નાના પાયાના ક્ષેત્રોમાં માત્ર 0.72 લાખ રોકાણથી એક વ્યક્તિને રોજગારી મેળવી શકે છે.

ગ્રામીણ વિસ્તારમાં રોજગારી પૂરી પાડીને ગ્રામીણ શહેરી સ્થળાંતર ઉપર નિયંત્રણ રાખવામાં પણ આ ક્ષેત્રનું પ્રદાન છે, કારણ કે આ ક્ષેત્ર દ્વારા થતા કુલ રોજગારી સર્જનમાં ખાદ્ય પેદાશોનું ફાળો 13.7 ટકા, બિનધાતુ ખનીજ પેદાશોનો ફાળો 10.9 ટકા, ધાતુ પેદાશોનો ફાળો 10.2 ટકા છે. આ ઉપરાંત રસાયણો અને રાસાયણિક પેદાશો ઇલેક્ટ્રિક સિવાય મશીનરી પાર્ટ્સ લાકડાની પેદાશો મુખ્ય ધાતુ પેદાશો, કાગળની પેદાશો, પ્રિન્ટિંગ, હોઝેરી તૈયાર કપડા, રીપેરીંગ સેવાઓ, રબર અને પ્લાસ્ટિકની પેદાશોનો કુલ રોજગારીમાં ફાળો 9,ટકાથી લઈને 15,ટકા છે અને અન્ય ઉદ્યોગોનું પ્રદાન પણ 5 ટકાથી ઓછું છે.

**નિકાસ સાથે વિકાસઃ**

ઉચ્ચ વિકાસ દર સિદ્ધ કરવામાં આ ઉદ્યોગોનું અસાધારણ મહત્ત્વ છે. 11મી યોજનાના વાર્ષિક 10 ટકા વિકાસ લક્ષાંકને સિદ્ધ કરવા માટે ગૃહ અને નાના પાયાના ઉદ્યોગ ક્ષેત્રે 12 ટકાનો વિકાસ કરવો જોઈએ તેવી ભલામણ કરવામાં આવી હતી. આ ક્ષેત્રનો લઘુ ઉદ્યોગ ક્ષેત્ર

દ્વારા કરવામાં આવતી નિકાસમાં 95 ટકા થી વધારે પ્રદાન બિન પ્રણાલીકાગત પેદાશોનું છે. તૈયાર વસ્તુઓ, ચામડાની બનાવટો, રત્નો, ઝવેરાત અને આભૂષણો વિગેરે પેદાશોની નિકાસમાં છેલ્લા દાયકામાં અસાધારણ રીતે વધારો થયો છે. આ ઉપરાંત રમતના સાધનો, ગરમ વસ્ત્રો, પ્લાસ્ટિક પેદાશો, ખાદ્ય પેદાશો વિગેરે પેદાશોની નિકાસ પણ સારા એવા પ્રમાણમાં વધી છે.

પ્રણાલીકાગત પેદાશોની નિકાસમાં પણ સારા એવા પ્રમાણમાં વધારો થઈ શકે તેવું ભવિષ્ય દર્શાવે છે, કારણ કે તેમાં હસ્તકલા કારીગરી અને હાથ બનાવટની પર્યાવરણ મિશ્ર પેદાશોનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રને કદ વિકાસના લાભો મળતા ન હોવાથી તૈયાર વસ્ત્રો, ઘર વપરાશી ચીજો વિગેરેના નાના ઓર્ડર્સ મેળવીને તેની નિકાસ કરી શકાય છે.

**અસાધારણ પ્રગતિઃ**

2000-2001માં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગ ક્ષેત્રમાં રૂ. 1,91,527 કરોડનું મૂડીરોકાણ થયેલું હતું જે વર્ષ 2006માં રૂ. 2,7,3007 કરોડ થયેલ છે. આ સમયગાળા દરમિયાન આ ક્ષેત્રનું ઉત્પાદન મૂલ્ય ચાલુ ભાવે રૂપિયા રૂ. 2,61,297 કરોડથી વધીને રૂ. 5,85,112 કરોડ થયેલ હતું. વિકાસનું પ્રમાણ જોઈએ તો વર્ષ 2003માં રૂ. 8,60,013 કરોડનું હતું, જે વર્ષ 2005માં વધીને રૂ. 11,50,242 કરોડ થયેલ છે. આ ક્ષેત્રની નિકાસ મુખ્યત્વે અમેરિકા, યુરોપ, કેનેડા, પશ્ચિમ એશિયા, ઉત્તર આફ્રિકા, ઓમાન, જાપાન, દક્ષિણ પૂર્વ એશિયા વિગેરે જગ્યાએ થાય છે.

## 4.4 ભારતમાં મધ્યમ કદના ઉદ્યોગો

ભારત સરકારના જણાવ્યા મુજબ, કોઈપણ વ્યવસાય અથવા કંપનીને મધ્યમ સ્કેલ તરીકે ઓળખવામાં આવે છે જયારે તેનું કુલ રોકાણ ૫ થી 10 કરોડની વચ્ચે હોય છે. મધ્યમ ધોરણના ઉદ્યોગો અને વ્યવસાયો દેશના રોજગાર, નિકાસ અને ઉત્પાદન ઉત્પાદનમાં નોંધપાત્ર યોગદાન આપે છે. એક અંદાજ મુજબ, આ ક્ષેત્રનું ઉત્પાદનમાં 4૫ ટકા અને ભારતમાં કુલ નિકાસમાં આશરે 40 ટકા યોગદાન છે. મધ્યમ કદના ઉદ્યોગો દ્વારા કૃષિ ક્ષેત્રથી દૂર નોકરીઓ અને સ્વ-રોજગાર માટેની મહત્તમ તકો રજૂ કરે છે. ભારતના એકંદર આર્થિક વિકાસમાં મધ્યમ કદના ઉદ્યોગોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. આ ઉદ્યોગોએ દેશમાં કામદારોમાં રોજગાર અને સમાનતા લાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. મધ્યમ ધોરણના ઉદ્યોગો શ્રમ-સઘન હોય છે અને આમ રોજગારી મેળવતા મૂડીના દરેક એકમ માટે વધુ રોજગાર માટે એક વિશાળ પ્લેટફોર્મ પૂરું પાડે છે.

આ ક્ષેત્રનો મુખ્ય ફાયદો એ તેની ઓછી મૂડી ખર્ચે રોજગારીની સંભાવના છે. SME ક્ષેત્રની શ્રમ તીવ્રતા મોટા ઉદ્યોગો કરતા ઘણી વધારે છે. દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં મધ્યમ ઉદ્યોગોની ભૂમિકા સારી રીતે સ્થાપિત છે. આ ક્ષેત્ર ઉદ્યોગ સાહસિકતાની નર્સરી છે, જે ઘણીવાર વ્યક્તિગત સર્જનાત્મકતા અને નવીનતા દ્વારા સંચાલિત થાય છે.

મધ્યમ કદના સાહસો પાસે સ્થિરતા, ઝડપી અનુકૂલન, નવીનતા, વિશેષતા અને કાર્યક્ષમ નિર્ણય લઇ શકે છે. આ સાહસો આર્થિક વૃદ્ધિ માટે નિર્ણાયક છે, જે સુગમતા અને સ્વતંત્રતા પ્રદાન કરે છે. જો કે, સંશાધનોની મર્યાદાઓ જેવા પડકારો તેમની નવીનતાની સંભાવનાને અવરોધે છે, જે તેમની સતત કામગીરીને અસર કરે છે. એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ (ERP) સિસ્ટમ અમલમાં મૂકવાથી વ્યાપાર પ્રક્રિયાઓને એકીકૃત કરીને, ભૂલો ઓછી કરીને અને કાર્યક્ષમતામાં વધારો કરીને મધ્યમ કદના સાહસોને નોંધપાત્ર રીતે ફાયદો થઈ શકે છે.

**મધ્યમ કક્ષાના ઉદ્યોગના મહત્ત્વ:**

**ગ્રાહકોની નિકટતા:**

મધ્યમ કક્ષાના ઉદ્યોગમાં અને ખાસ કરીને આ વ્યવસાયોમાં તેમના ગ્રાહકો સાથે સીધો વ્યવહાર કરે છે, જે તેમને તેમની જરૂરિયાતોને વધુ સચોટ રીતે પૂરી કરવામાં અને વધુ વ્યક્તિગત સેવા પ્રદાન કરવા માટે સક્ષમ બનાવે છે, અને તેમના વપરાશકર્તાઓ સાથે સીધો સબંધ સ્થાપિત કરી શકે છે.

**અનુકૂળતા:**

તેમના કદ અને સરળ બંધારણને કારણે, તેમની પાસે ફેરફારોને અનુકૂલન કરવાની વધુ ક્ષમતા રહતી હોય છે. તેથી તેઓ તેમના ગ્રાહકોની નજીક રહેવામાં સફળ થાય છે. જેથી તેમને અન્ય બીજા કરતા પહેલાં બજારની વિવિધતા જાણવાની તક પ્રાપ્ત થાય છે. જેમ કે, જ્યારે સામાન્ય માંગ ન હોય ત્યારે તેમની પાસે તેમના પુરવઠાને ઘટાડવાની વધુ ક્ષમતા હોય છે.

**નાના બજારના માળખાનો લાભ લેવા સક્ષમ:**

મધ્યમ કક્ષાના ઉદ્યોગમાં ગ્રાહકોની ચોક્કસ જરૂરિયાતો શોધવા અને તેમની માંગને સંતોષવાની વધુ ક્ષમતા હોય છે, જે મોટી કંપની શોધી શકતા નથી અથવા તેને આવરી લેવામાં તેમને રસ હોતો નથી.

**ઝડપથી નિર્ણય શક્તિ:**

મધ્યમ કક્ષાના ઉદ્યોગમાં નિર્ણય લેવાની પ્રક્રિયા સામાન્ય રીતે વ્યક્તિ અથવા નાના જૂથની જવાબદારીમાં આવે છે. જયારે મોટી કંપનીઓમાં કરતાં ઠરાવો કંપનીના નિર્ણય લેવામાં વિલંબ થાય અથવા નિર્ણયો માટે ઘણીવાર ઘણા લોકો અને ટીમો સાથે સંકળાયેલા જટિલ નિર્ણય લેવાની પદ્ધતિઓની જરૂર પડે છે. પણ આવી જટિલતા મધ્યમ કક્ષાના ઉદ્યોગમાં જોવા મળતી નથી.

**કર્મચારીને કંપની સાથે જોડવામાં સરળતા:**

મેનેજમેન્ટ સાથે વધુ નિકટતા અને વ્યવસાયની વધુ વૈશ્વિક દ્રષ્ટિ (મોટી કંપનીઓમાં દરેક કર્મચારીનું કાર્ય ઓછું વ્યાપક અને વધુ વિશિષ્ટ હોય છે) કંપનીના ઉદ્દેશ્યો સાથે કાર્યકરને ભાવનાત્મક રીતે જોડવાનું સરળ બને છે. જે ઘણીવાર કર્મચારીની પ્રેરણામાં વધારો કરે છે, અને તેથી તેની ઉત્પાદકતા ઉપર સીધી અસર જોવા મળે છે.

**દરેક વ્યક્તિ એકબીજાને જાણે છે:**

મધ્યમ કદના ઉદ્યોગોમાં અન્યના ગુણો જાણવા સરળ છે. જેનાથી ઉદ્યોગોનું પ્રદર્શન વધારવા અને ટીમ વર્કને સુધારવા માટે થઈ શકે છે. આ ઉપરાંત, કેટલીક પરિસ્થિતિઓમાં, જેમ કે સમસ્યાનું નિરાકરણ, કાર્યોની વહેંચણી વધુ સરળ બને છે. જે વ્યક્તિ વધુ જાણકાર છે અથવા જેમને પ્રશ્ન હલ કરવા માટે વધુ યોગ્યતા ધરાવે છે. તેઓને વધુ સ્વતંત્રતા મળે છે.

**વાતચીતની સરળતા:**

નજીક આવવાથી, કંપનીના વિવિધ સભ્યો માટે એકબીજા સાથે વાતચીત કરવાનું સરળ બનતા, નવા વિચારોનો પ્રવાહ અને ટીમ તરીકે સમસ્યાઓ હલ કરવામાં સક્ષમ બને છે.

**રોજગારઃ**

મધ્યમ કક્ષાના સાહસો શ્રમ-સઘન હોય છે અને તેથી રોજગારી મૂડીના એકમ દીઠ વધુ રોજગારીનું સર્જન કરે છે. વિકાસશીલ અર્થવ્યવસ્થામાં ઉત્પાદનના તમામ ક્ષેત્રોમાં, મધ્યમ પાયાના ઉદ્યોગો માત્ર દુર્લભ મૂડી સાથે રોજગારનું પ્રમાણ વધારવામાં મદદ કરે છે. મધ્યમ સાહસો ઓછી મૂડી વધુ ઉત્પાદન અને વધુ રોજગારીની નિર્માણ કરે છે.

## 4.5 ભારતમાં મોટા પાયાના ઉદ્યોગો

મોટા પાયાના ઉદ્યોગોમાં જરૂરી દરેક વસ્તુ જથ્થાબંધ અથવા મોટી માત્રામાં હોય છે. તમામ વિવિધ સંસાધનો જેવા કે કાર્યબળ, મૂડીનો પ્રવાહ, કાચો માલ, મોટા પાયાના ઉદ્યોગોની સ્થાપના અને અમલ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રચંડ છે. તે તેના કાર્યક્ષેત્રમાં વિવિધ પ્રકારના ઉદ્યોગોનો સમાવેશ કરે છે. મોટા પાયાના ઉદ્યોગમાં બહુવિધ ભારે અને હળવા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. સ્ટીલ, ટેક્સટાઇલ અને ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ જેવા ભારે ઉદ્યોગ મોટા પાયાના ઉદ્યોગની શ્રેણીમાં આવે છે. તાજેતરના વર્ષોમાં IT માં તેજી આવી હોવાનું પણ જોવા મળે છે. IT ઉદ્યોગમાંથી મોટી માત્રામાં આવક પેદા થાય છે. તદુપરાંત મોટા પાયાના ઉદ્યોગોમાં તમામ ઉદ્યોગોએ વિશ્વભરના લાખો નાગરિકો માટે મોટી સંખ્યામાં નોકરીની તકો ઉભી કરી છે. મોટા પાયાના ઉદ્યોગોમાં ઉત્પાદિત ઉત્પાદનોની વિવિધ દેશોમાં નિકાસને કારણે, કોઈપણ દેશની આર્થિક વૃદ્ધિ તેના મોટા પાયાના ઉદ્યોગો પર ખૂબ નિર્ભર છે. મોટા પાયે ઉદ્યોગ પણ વિદેશી ચલણના ઉત્પાદનમાં ફાળો આપે છે.

મોટા પાયાના ઉદ્યોગો તે વ્યવસાયો અથવા સંગઠનો છે જે મોટા પાયે માલનું ઉત્પાદન, વિતરણ અથવા વેચાણ કરે છે. અર્થતંત્ર પર તેમની આર્થિક અસર અને તેઓ જેટલા લોકોને રોજગારી આપે છે તેની સંખ્યા ઘણી નોંધપાત્ર હોય છે. ટેક્નોલોજી, ઓટોમોબાઈલ અને ઊર્જા આ ઉદ્યોગના ઉદાહરણો છે. મોટા પાયે એન્ટરપ્રાઇઝ એ ઔદ્યોગિક ઉપક્રમ છે. જેમાં મોટા પ્રમાણમાં કામદારોનો સમાવેશ થાય છે. જે વીજળીનો ઉપયોગ કરીને માલનું ઉત્પાદન અથવા પ્રક્રિયા કરે છે.

આ ઉદ્યોગો, જેને ભારે ઉદ્યોગો તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમની મોટા પાયે ઉત્પાદન પદ્ધતિઓ, ભારે મશીનરી અને નોંધપાત્ર મૂડી રોકાણ દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે. તેઓ આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન માટે જવાબદાર છે, જેના પર આધુનિક સમાજ આધાર રાખે છે, જેમ કે ઊર્જા, પરિવહન અને બાંધકામ.

### 4.5.1 મોટા પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ

**ઉચ્ચ મૂડી રોકાણઃ**

મોટા પાયાના ઉદ્યોગોમાં, ઉચ્ચ મૂડી રોકાણ મુખ્ય ફાયદો છે. તેને જમીન, મકાન અને મશીનો પર મોટી રકમનું રોકાણ કરવાની જરૂર છે. ઉચ્ચ મૂડી રોકાણને કારણે, વધુ રોકાણકારો અથવા રોકાણ માટે અન્ય લોકોના સમર્થન ખુબ જ સહેલાઈથી પ્રાપ્ત થાય છે અથવા ક્યારેક શેરધારકોને ઉમેરવાની જરૂરીયાત ઉભી થાય તો સરળતાથી પ્રાપ્ત થાય છે.

**ઉચ્ચસ્તરનું સંચાલનઃ**

મોટા પાયાના ઉદ્યોગ એ ઉચ્ચસ્તરીય માનવશક્તિનો એક ભાગ છે, ઉચ્ચસ્તરીય માળખાકીય સુવિધાઓ અને ઊંચી કિંમત તેમજ અદ્યતન મશીનરી સાથે સાથે ઉચ્ચસ્તરીય વ્યવસ્થાપન માળખું હોવાથી યોગ્ય આયોજન, યોગ્ય સહકાર, યોગ્ય કાર્ય વિતરણ, કુશળ

વ્યક્તિ વગેરે ઉચ્ચ સ્તરીય સંચાલનનો લાભ મળે છે.

**નિર્ણયશક્તિઃ**

મોટા પાયાના ઉદ્યોગોમાં, મેનેજિંગ બોડી હોય છે. જેમાં કેટલાક ચોક્કસ નિયમો અને ધોરણો હોય છે. આ ધોરણો અનુસાર પ્રક્રિયાને અનુસરવામાં આવે છે. અહીં એક વાત નોંધવી જોઈએ કે આ પ્રક્રિયા લાંબી હોવાથી સમય માંગી લે છે. તેથી, નાના પાયાના ઉદ્યોગોની તુલનામાં નિર્ણય લેવામાં વધુ સમય લાગે છે. પરંતુ જ્યાં એક કરતાં વધુ માથા હોય છે, ત્યાં વધુ વિકલ્પો મળે છે. તેથી મોટા પાયાના ઉદ્યોગોમાં નિર્ણય લેવામાં સમય લાગે છે પરંતુ વધુ વિકલ્પ મેળવવામાં સક્ષમ હોય છે.

**મશીનરીનો ઉપયોગ કરીને આર્થિક ઉત્પાદનઃ**

મોટા પાયાના ઉદ્યોગમાં સામાન્ય રીતે નવીનતમ મશીનરી સ્થાપિત કરેલી હોય છે, જે આર્થિક જથ્થાબંધ ઉત્પાદનમાં મદદ કરે છે. મશીનરી સતત કામ કરે છે, અને તેથી મોટાઉદ્યોગને ફાયદો થાય છે.

**શ્રમની અર્થવ્યવસ્થાઃ**

કુશળ શ્રમ અને આ શ્રમના શ્રેષ્ઠ પ્રદર્શનથી મોટા પાયાના ઉદ્યોગ તેના કર્મચારીઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરે છે.

**જથ્થાબંધ ખરીદી અને વેચાણઃ**

મોટા પાયાના ઉદ્યોગમાં મોટા પાયે ઉત્પાદન તો થાય છે, પણ તેની સાથે તેના કાચા માલની જથ્થાબંધ ખરીદીનો પણ સમાવેશ થાય છે. તેથી એક તરફ મોટા પાયે ઉત્પાદન અને બીજી બાજુ કાચામાલની જથ્થાબંધ ખરીદીથી નીચા ભાવે થવાથી નફો મોટા પાયાના વ્યવસાયોમાં ઊંચા ચોખ્ખા નફામાં પરિણમે છે.

**ઓછા ઓવરહેડ ચાર્જિસઃ**

ઉત્પાદનના એક એકમ પર વહીવટ અને વિતરણ પરનો ખર્ચ તુલનાત્મક રીતે ઓછો હોય છે. તેથી શક્ય છે કારણ કે નાની રકમનું રોકાણ થવાથી અને મોટા પાયે ઉત્પાદન પર વિતરણ કરવામાં આવે છે. જેનું પરિણામ એ આવે છે, મોટા પાયાના ઉદ્યોગમાં ઓવરહેડ ચાર્જિસ ઓછા હોય છે.

**આર્થિક ભાડુંઃ**

સમગ્ર ભાડું બલ્ક ઉત્પાદનો દ્વારા વિભાજિત કરવામાં આવે છે. તેનો અર્થ એ છે કે જ્યારે કોઈપણ ઉત્પાદન જથ્થાબંધ જથ્થામાં ઉત્પાદીત થાય છે, ત્યારે ભાડા માટે એકમ દીઠ ખર્ચ ખૂબ ઓછું હોય છે.

**સંશોધન અને પૃથ્થકરણઃ**

મોટા પાયાના ઉદ્યોગો માત્ર સંશોધન અને પૃથ્થકરણ પર ખર્ચવામાં આવતા ઉદાર ખર્ચને જ ઉઠાવી શકે છે. તે જાણીતું છે કે સફળ સંશોધન અને વિશ્લેષણ ભવિષ્યમાં વધુ નફો મેળવી આપે છે.

**બાય-પ્રોડક્ટ્સનો પુનઃઉપયોગઃ**

બાય-પ્રોડક્ટ્સ અથવા મોટા પાયાના ઉદ્યોગના કચરાનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે તથા તેને ફેંકવામાં આવતો નથી. તે ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં મદદ કરે છે.

**કર્મચારીઓ માટે ફાયદાકારક:**

બધા કામદારોને મોટા પાયાના ઉદ્યોગો દ્વારા ખૂબ જ ફાયદો થાય છે કારણ કે તેઓને ઉચ્ચ પગાર, રહેઠાણ અને અન્ય વિવિધ મહેનતાણું મળે છે.

**સ્કેલની અર્થવ્યવસ્થા:**

મોટા પાયાના ઉદ્યોગો જથ્થાબંધ માલસામાન અથવા સેવાઓનું ઉત્પાદન કરી શકે છે, એકમના ખર્ચમાં ઘટાડો કરી શકે છે. કાચા માલ અને પુરવઠાની જથ્થાબંધ ખરીદી અને કાર્યક્ષમ ઉત્પાદન પ્રક્રિયાઓ તેમને ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે સક્ષમ બનાવે છે. આ ખર્ચ-બચતને નીચી કિંમતો દ્વારા ગ્રાહકો સુધી પહોંચાડી શકાય છે, જે ઉત્પાદનોને વધુ સસ્તું બનાવે છે અને ઘણા લોકો માટે જીવનધોરણમાં સુધારો કરે છે. જેમ કે ટોયોટા જેવી બહુરાષ્ટ્રીય ઓટોમોબાઈલ ઉત્પાદક કંપનીનું ઉદાહરણ છે. ટોયોટા વિશ્વભરમાં લાખો કારોનું ઉત્પાદન કરે છે, જે સામગ્રીની જથ્થાબંધ ખરીદી અને કાર્યક્ષમ ઉત્પાદન કરીને લાભ મેળવે છે. આ કાર્યક્ષમતા તેમને વાહનોની સ્પર્ધાત્મક કિંમતો ઓફર કરવાની મંજૂરી આપે છે, જે તેમને ગ્રાહકો માટે વધુ સુલભ બનાવે છે.

**તકનીકી નવીનતા:**

નોંધપાત્ર નાણાકીય સંસાધનો અને વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરીને, મોટા પાયાના ઉદ્યોગો ઘણીવાર સંશોધન અને વિકાસમાં ભારે રોકાણ કરે છે. આ નવી તકનીકીઓ, સુધારેલ ઉત્પાદન પદ્ધતિઓ અને નવીન ઉત્પાદનોની રચના તરફ દોરી જાય છે. આ પ્રગતિઓ ઉદ્યોગને લાભ આપે છે અને અન્ય ક્ષેત્રોમાં ફેલાય છે, એકંદર પ્રગતિને આગળ પણ ધપાવે છે. જેમકે જાયન્ટ એપલનો માટે કહી શકાય કે. Apple iPhone અને iPad જેવા અદ્યતન ઉત્પાદનો બનાવવા માટે સંશોધન અને વિકાસમાં ભારે રોકાણ કરે છે. તેમની નવીનતાઓએ આ ઉદ્યોગમાં ક્રાંતિ લાવી છે અને ટચસ્ક્રીન ટેક્નોલોજી, ચિપ ડિઝાઇન અને મોબાઇલ એપ્લિકેશન ડેવલપમેન્ટમાં પ્રગતિને વેગ આપ્યો છે.

**રોજગારી સર્જન:**

મોટા પાયાના ઉદ્યોગોને કાર્યક્ષમ રીતે ચલાવવા માટે નોંધપાત્ર કર્મચારીઓની જરૂર પડે છે. તેઓ કુશળ ટેકનિશિયન અને એન્જિનિયરોથી માંડીને વહીવટી કર્મચારીઓ અને મજૂરો સુધીના વિવિધ કામદારો માટે નોકરીઓનું સર્જન કરે છે. આ રોજગાર સર્જન એક કાસ્કેડિંગ અસર ધરાવે છે, જે ઉપભોક્તા ખર્ચમાં ઘટાડો કરીને અને બેરોજગારીના દરમાં ઘટાડો કરીને સ્થાનિક અર્થતંત્રોને ઉત્તેજિત કરે છે. જેમ કે બોઇંગ કંપની, એક મુખ્ય એરોસ્પેસ ઉત્પાદક, તેનું ઉદાહરણ છે. બોઇંગ 787 ડ્રીમલાઇનર જેવા એરક્રાફ્ટ બનાવવા માટે ઇજનેરો, ટેકનિશિયન અને એસેમ્બલી લાઇન કામદારો સહિત વિશાળ કર્મચારીઓને રોજગારી આપે છે. આ વિવિધ કૌશલ્ય સ્તરોમાં હજારો લોકોને નોકરીઓ પૂરી પાડે છે.

**આંતર માળખાકીય વિકાસ:**

મોટા પાયાના ઉદ્યોગોને તેમની કામગીરીને ટેકો આપવા માટે પરિવહન નેટવર્ક્સ, ઉર્જા પુરવઠો અને સંચાર પ્રણાલીઓ સહિત ઘણી વખત મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર પડે છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવાથી ઉદ્યોગને ફાયદો થાય છે અને સ્થાનિક રહેવાસીઓ માટે જીવનની ગુણવત્તામાં સુધારો થાય છે. લોકોને સુવિધાઓ યુક્ત રસ્તાઓ, વધુ ભરોસાપાત્ર પાવર સ્ત્રોતો અને ઉન્નત કનેક્ટિવિટી તરફ લઇ જાય છે. આનું ઉદાહરણ જોઈએ તો દિલ્હી મેટ્રો અને અમદાવાદ મેટ્રો તેવી જ રીતે મુંબઈ-દિલ્હી એકપ્રેસ હાલમાં તેનું નિર્માણ થઇ રહયું છે એ ભારતના સૌથી

મહત્ત્વપૂર્ણ માળખાકીય પ્રોજેક્ટ્સમાંનો એક છે. તેમાં મોટા પાયે બાંધકામ કંપનીઓ, એન્જિનિયરિંગ કંપનીઓ અને ટેકનોલોજી પ્રદાતાઓ વચ્ચે વ્યાપક સહયોગ સામેલ છે. જુદા જુદા સિસ્ટમના નિર્માણને કારણે આધુનિક મેટ્રો સ્ટેશન, એલિવેટેડ ટ્રેક, ભૂગર્ભ ટનલનો અને રોડ-રસ્તાઓનો વિકાસ થયો છે.

**નિકાસ સંભવિતઃ**

મોટા પાયાના ઉદ્યોગો એવા એકમો પર માલસામાન અથવા સેવાઓનું ઉત્પાદન કરે છે. જે સ્થાનિક વપરાશની બહાર વધારાના ઉત્પાદનને આંતરરાષ્ટ્રીય બજારોમાં નિકાસ કરી શકાય છે, જે દેશ માટે આવક ઉભી કરી શકે છે અને વેપારનું સંતુલન સુધારી શકે છે. નિકાસ-લક્ષી ઉદ્યોગો દેશના વિદેશી હૂંડિયામણ અનામત અને એકંદર આર્થિક સ્થિરતાને પ્રોત્સાહન આપી શકે છે, જે આર્થિક વિકાસમાં ફાળો આપે છે. ઉદાહરણરૂપે જોઈએ તો જર્મનીનો ઓટોમોટિવ ઉદ્યોગ, ફોક્સવેગન, BMW અને મર્સિડીઝ-બેન્ઝ જેવી કંપનીઓ સાથે, આ લાભને દર્શાવે છે. તેઓ ઉચ્ચ-ગુણવત્તાવાળી કારનું ઉત્પાદન કરે છે અને વિશ્વભરના બજારોમાં નિકાસ કરે છે, જર્મનીની નિકાસ આવકમાં નોંધપાત્ર યોગદાન આપે છે અને વૈશ્વિક સ્તરે તેની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવે છે.

## 4.6 સારાંશ

આ ભારતના કેટલાક સૌથી નફાકારક નાના પાયાના ઉદ્યોગો છે. અલબત્ત, ત્યાં ઘણા વધુ છે. જો કે, તે સમજવું આવશ્યક છે કે નફાકારક વિશિષ્ટ સ્થાન પસંદ કરવું એ સફળતાની એકમાત્ર ચાવી નથી. અનુભવની ગેરહાજરીમાં, ઉદ્યોગસાહસિકે તેમના વ્યવસાયિક વિચાર અને તેની સંભવિતતાનું સંપૂર્ણ સંશોધન કરવું જોઈએ. ઉપરાંત, વ્યક્તિએ પોતાનો વ્યવસાય શરૂ કરતી વખતે ઘણી મહેનત કરવા અને બલિદાન આપવા માટે તૈયાર હોવું જોઈએ. ઉપરાંત, ટેકનિકલ જ્ઞાન સાથે, વ્યક્તિ પાસે સોફ્ટ સ્કીલ હોવી જોઈએ જે તેને નેટવર્ક બનાવવામાં અને ગ્રાહક અને વેન્ડર બેઝ બનાવવામાં મદદ કરે છે. વ્યવસાયમાં, નેટવકકિંગ અને વાતચીત કરવા, પિચ કરવા અને ગ્રાહકોને જાળવી રાખવા સક્ષમ બનવું એ વધતા રહેવા માટે નિર્ણાયક છે. એક ઉદ્યોગસાહસિક તરીકે, વ્યક્તિએ તમારા વ્યવસાયની અનન્ય જરૂરિયાતોને ઓળખવી જોઈએ અને હેતુ માટે અનુરૂપ વ્યૂહરચના વિકસાવવી જોઈએ.

મધ્યમ કદના સાહસો અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે ચોક્કસ પડકારોનો સામનો કરતી વખતે અનન્ય શક્તિઓ પ્રદાન કરે છે જેને સતત સફળતા માટે સંબોધિત કરવાની જરૂર છે.

આમ, નાના પાયાના ઉદ્યોગો અને મોટા પાયાના ઉદ્યોગો વચ્ચે ઘણા તફાવત છે. લઘુ ઉદ્યોગોના નિયમો અને ધારાધોરણોમાં ફેરફાર છે. નાના અને મોટા પાયાના ઉદ્યોગોના મૂડી રોકાણની સ્થિતિમાં ફેરફાર થાય છે. નાના અને મોટા પાયાના ઉદ્યોગોના સંચાલન, ઉત્પાદન અને નીતિઓમાં ફેરફારો છે. નાના પાયાના ઉદ્યોગો મોટાભાગે ભારતમાં કૃષિ ઉત્પાદન પર આધાર રાખે છે અને ભારતીય સમાજના ગ્રામીણ ક્ષેત્રો માટે શ્રેષ્ઠ છે.

## 4.7 ચાવીરૂપ શબ્દો

1. **ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોઃ** ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો એટલે પ્રમાણમાં ઓછી મૂડી અને વધુ કામદારોથી ચાલતા વ્યવસાયો.

2. **મધ્યમકદનાં ઉદ્યોગોઃ** 50 કરોડ સુધીના રોકાણ અને 50 થી 250 કરોડની વચ્ચેના ટર્નઓવરવાળા વ્યવસાયોને મધ્યમ કદના સાહસો ગણવામાં આવે છે.

3. **મોટા પાયાના ઉદ્યોગોઃ** મોટા પાયાના ઉદ્યોગોને એવા ઉદ્યોગો તરીકે ઓળખવામાં આવે છે જેઓ વિશાળ માળખાકીય સુવિધા, કાચો માલ, ઉચ્ચ માનવશક્તિની જરૂરિયાતો અને મોટી મૂડીની જરૂરિયાતો ધરાવતા હોય. રૂ. 10 કરોડ થી વધુની સ્થિર સંપત્તિ ધરાવતી સંસ્થાઓને મોટા પાયાના ઉદ્યોગો ગણવામાં આવે છે.

4. **ઔદ્યોગિકીકરણઃ** અઢારમી સદીના ઉત્તરાર્ધ અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધના સમયમાં વિશ્વના કેટલાક દેશોમાં તકનિકી, સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક સ્થિતિમાં ણો મોટો બદલાવ આવ્યો. તેને જ ઔદ્યોગિક ક્રાંતિ (Industrial Revolution) ના નામે ઓળખવામાં આવે છે.

5. **ભારતની રાષ્ટ્રીય પેદાશઃ** વસ્તુઓના નાણાકીય મૂલ્યને કુલ રાષ્ટ્રીય પેદાશ કહેવામાં આવે છે.

6. **આવક અને રોજગારીઃ** વ્યક્તિને કામના બદલામાં મળતું મહેનતાણું એટલે આવક અને રોજગારી એટલે વ્યક્તિને પોતાની ઈચ્છા પ્રમાણે કામ પ્રાપ્ત થાય તેને રોજગારી કહે છે.

7. **વ્યૂહરચનાઃ** ઉત્પાદનના વિવિધ સાધનોનો એવી રીતે ઉપયોગ કરવામાં આવે છે કે જેથી મહતમ ઉત્પાદન પ્રાપ્ત થાય.

8. **ઉત્પાદનઃ** ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનોની મદદથી ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત વસ્તુઓના સમુહને ઉત્પાદન કહેવાય છે.

9. **જૂથઃ** સરખી માન્યતાઓ અને સરખા આદર્શો ધરાવતી તેમજ સરખા ધ્યેયો મેળવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભેગી થયેલી અને એકબીજા સાથે સભાનતાથી આંતરક્રિયાઓ કરતી વ્યક્તિઓનો સમૂહ. જૂથમાં વ્યક્તિઓ એકબીજા સાથે સામાજિક સંબંધોથી જોડાયેલાં હોય છે.

10. **રોકાણઃ** ભવિષ્યમાં ઉચ્ચ વળતર પ્રાપ્ત કરવાની સંભાવના.

11. **શ્રમપ્રચુરઃ** ચીજવસ્તુ અને સેવાનું ઉત્પાદન કરવામાં મૂડી કરતા શ્રમનો વધુ ઉપયોગ થતો હોય.

12. **મૂડીપ્રચુરઃ** ચીજવસ્તુ અને સેવાનું ઉત્પાદન કરવામાં શ્રમ કરતા મૂડીનો વધુ ઉપયોગ થતો હોય.

13. **અસમાનતાઃ** વ્યક્તિના વિકાસમાં સમાનતાનો અભાવ.

14. **પ્લાન્ટઃ** પ્લાન્ટ એક સંકલિત કાર્યસ્થળ છે, સામાન્ય રીતે તમામ એક જ સ્થાને ઉત્પાદન થતું હોય.

15. **હુંડિયામણઃ** જ્યારે કોઈ દેશ વિદેશમાંથી ચીજવસ્તુઓ કે સેવાઓ ખરીદે છે ત્યારે તે દેશ દ્વારા તે વસ્તુઓ અને સેવાઓની કિંમતની ચુકવણી કરવા માટે તે દેશની હૂંડિયામણ કે વિદેશી ચલણની માગ ઊભી થાય છે; તેનાથી ઊલટું, જ્યારે કોઈ દેશ પોતાની ચીજવસ્તુઓ કે સેવાઓ બીજા કોઈ દેશને વેચે ત્યારે તેની કિંમત રૂપે તેને વિદેશમાંથી હૂંડિયામણ પ્રાપ્ત થાય છે.

16. **ઔદ્યોગિક ઝઘડાઃ** જ્યાં માલિક અને મજુર વચ્ચે થતી તકરાર.

17. **નિકાસઃ** માલ અને સેવાઓ છે જે એક દેશમાં ઉત્પન્ન થાય છે અને બીજા દેશમાં ખરીદદારોને વેચવામાં આવે છે .

18. **ગ્રાહકોઃ** ગ્રાહક એટલે ખરીદનાર. કોઈ વેપારી, દુકાનદાર, સંસ્થા કે વ્યક્તિ પાસેથી કિંમતરૂપે નાણાં કે અવેજ ચૂકવીને પોતાના વપરાશ માટેની ચીજવસ્તુઓ કે સેવા મેળવનાર વ્યક્તિ 'ગ્રાહક' કહેવાય.

19. **મૂડીઃ** ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતાં જમીન સિવાયનાં ભૌતિક સાધનો.

20. **મેન્યુફેક્ચરિંગઃ** મેન્યુફેક્ચરિંગ વ્યાખ્યાને કન્વર્ટ કરવાની પ્રક્રિયા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છેકાચો માલ માનવ શ્રમ, મશીનરી, સોફ્ટવેર સોલ્યુશન્સ, સાધનો, સાધનો અને અન્ય પ્રોસેસિંગ ઉપકરણોની મદદથી તૈયાર ઉત્પાદનોમાં રૂપાંતર કરવું.

21. **મશીનરીઃ** યંત્રો અને ઓજારો

22. **જથ્થાબંધઃ** જથ્થાબંધ વેપારીઓ ઉત્પાદકોને સીધી રીતે મદદ કરે છે.

23. **તકનીકીઃ** વ્યક્તિની કામ કરવાની કુશળતા.

24. **આંતર માળખુંઃ** આર્થિક વિકાસ માટે જરૂરી પાયાની સગવડો પૂરી પાડે છે.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો

- **નીચેના લાંબા પ્રશ્નોની યાદી**

1. ભારતના સંદર્ભમાં ઉધોગોના વિવિધ પ્રકારો વિસ્તૃત રીતે સમજાવો.
2. ભારતીય અર્થતંત્રમાં ઉધોગોના કેટલા પ્રકારો થઇ શકે છે? તેનું મહત્વ તમારા શબ્દોમાં સમજાવો.
3. ગૃહ ઉદ્યોગો અને નાના પાયાના ઉધોગોનું મહત્વ સમજાવી મોટા ઉધોગોને આ ઉધોગો કેવી રીતે સહાયરૂપ બની શકે છે. તેની વિસ્તૃતમાહિતી આપો.
4. ભારતીય અર્થતંત્રમાં ગૃહ ઉદ્યોગો અને નાના પાયાના ઉધોગો, મધ્યમ કદના ઉધોગો અને મોટા ઉધોગોનું મહત્વ તમારી ભાષામાં સમજાવો.

- **ટૂંકા પ્રશ્નોની યાદી**

1. ગૃહ ઉદ્યોગો અને નાના પાયાના ઉધોગોની વ્યાખ્યા સમજાવો.
2. મોટા ઉધોગોની વ્યાખ્યા સમજાવો.
3. મધ્યમ કદની વ્યાખ્યા સમજાવો.
4. ઉધોગોના વિવિધ પ્રકારો સમજાવો.
5. ભારતમાં સૌથી સફળ નાના વ્યવસાયના વિચારો કયા છે?

- **ટૂંકા નોંધની યાદી**

1. ગૃહ ઉદ્યોગો અને નાના પાયાના ઉધોગોનું મહત્વ
2. ભારતીય અર્થતંત્રમાં મોટા ઉધોગોનું મહત્વ
3. મધ્યમ કદના ઉધોગોનું મહત્વ

- **બહુવિકલ્પીય પ્રશ્નો :**

1. રૂ. 25 લાખથી વધારે અને રૂ. 5 કરોડથી ઓછું રોકાણ કરેલ હોય તેને ....... ઉદ્યોગો કહે છે.

   (A) નાના પાયાના (B) મધ્યમકદનાં ઉદ્યોગો (C) મોટા પાયાના ઉદ્યોગો (D) આમાંથી કોઈ જ નહી.

2. મધ્યમકદનાં ઉદ્યોગોની ક્યાં વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ છે ?

   (A) MSMED Act (B) Medium Enterprise (C) Small Enterprise (D) ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટમાં.

3. મોટા પાયાના ઉદ્યોગોમાં ઉત્પાદનની ક્ષમતાઓ કેવી ધરાવે છે ?

   (A) વિશાળ માળખાકીય (B) Medium Enterprise (C) Small Enterprise (D) ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટમાં.

4. રૂ. 10 કરોડથી વધુની સ્થિર સંપત્તિ ધરાવતી સંસ્થાઓને ક્યા ઉદ્યોગો ગણવામાં આવે છે ?

   (A) નાના પાયાના (B) મધ્યમકદનાં ઉદ્યોગો (C) મોટા પાયાના ઉદ્યોગો (D) આમાંથી કોઈ જ નહીં

5. વણવપરાયેલા સાધનોના પૂર્ણ ઉપયોગ માટે અને પ્રાદેશિક અસમાનતા ઘટાડવા માટે ક્યા ઉદ્યોગો ઉપર ભાર મુકવામાં આવેલ છે ?

   (A) છ (B) મધ્યમકદનાં ઉદ્યોગો (C) મોટા પાયાના ઉદ્યોગો (D) આમાંથી કોઈ જ નહી.

6. 11મી યોજનાના વાર્ષિક 10 ટકા વિકાસ લક્ષાંકને સિદ્ધ કરવા માટે ગૃહ અને નાના પાયાના ઉદ્યોગ ક્ષેત્રે કેટલા ટકાનો વિકાસ કરવો જોઈએ તેવી ભલામણ કરવામાં આવી હતી ?

   (A) 11 (B) 12 ટકા (C) 13 ટકા (D) 14 ટકા

7. 2000-2001માં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગ ક્ષેત્રમાં કેટલા કરોડનું મૂડીરોકાણ થયેલું હતું ?

   (A) રૂ. 1,91,527 (B) રૂ. 2,12,748 (C) 3,30,456 (D) 4,47,789

8. એક અંદાજ મુજબ, ભારતમાં મધ્યમ કદના ઉદ્યોગ ક્ષેત્રનું ઉત્પાદનમાં ....... ટકા અને ભારતમાં કુલ નિકાસમાં આશરે ....... ટકા યોગદાન છે ?

   (A) 45 ટકા અને 40 ટકા (B) 40 અને 45 ટકા

   (C) 47 ટકા અને 35 ટકા (D) 40 ટકા અને 47 ટકા

9. ક્યાં ઉદ્યોગોની સ્થાપના અને અમલ માટે પ્રચંડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરી હોય છે ?

   (A) નાના પાયાના (B) મધ્યમકદનાં ઉદ્યોગો (C) મોટા પાયાના ઉદ્યોગો (D) આમાંથી કોઈ જ નહી.

10. ટોયોટા જેવી બહુરાષ્ટ્રીય ઓટોમોબાઈલ ઉત્પાદક કંપની ક્યા ઉદ્યોગનું ઉદાહરણ છે ?

    (A) નાના પાયાના (B) મધ્યમકદનાં ઉદ્યોગો (C) મોટા પાયાના ઉદ્યોગો (D) આમાંથી કોઈ જ નહી.

- **નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

1. ભારતમાં સૌથી સફળ નાના વ્યવસાયના વિચારો કયા છે ?
2. ભારતમાં મારો પોતાનો નાના પાયાનો વ્યવસાય શરૂ કરવા માટે મને સંસાધનો અને સમર્થન ક્યાંથી મળી શકે ?
3. ઓછા રોકાણ સાથે ઓનલાઈન બિઝનેસ શરૂ કરવો સસ્તો હશે ?
4. નાના પાયે સાહસ શરૂ કરવા માટે કયા દસ્તાવેજોની જરૂર છે ?

- **સંદર્ભ સૂચિ**


1. https://www.egyankosh.ac.in/bitstream/ 123456789/76263/1/Unit-14.pdf
2. https://gujarativishwakosh.org/ Bylot
3. https://www.ijmra.us/project%20doc/2018/IJMIE_FEBRUARY2018/ lJMIE1Feb18. pdf
4. https://ic.gujarat.gov.in/large-industries.aspx
5. https://byjus.com/commerce/ large-scale-industries/
6. https://blog.tatanexarc.com/ msme/what-are-large-scale-industries/
7. https://www.vedantu.com/commerce/scales-of-business
8. http://tumku runiversity.ac.in/tumkurtutadm/public/uploads/1477131001-UGCMRP2000EXECUTIVES TUWEBSVP.pdf
9. https://www.vedantu.com/commerce/scales-of-business
10. https://typeset.io/questions/what-are-th e-advantages-and-disadvanatages-of-medium-sized-btoey7bkld


- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(1) A (2) A (3) A (4) C (5) A (6) A (7) A (8) A (9) A (10) C

એકમ 5

# ઔદ્યોગિક વિકાસનું મહત્ત્વ

-: રૂપરેખા :-


**5.0** ઉદ્દેશો

**5.1** પ્રસ્તાવના

**5.2** ઔદ્યોગિક વિકાસનો અર્થ

**5.3** ઔદ્યોગિક વિકાસનું મહત્ત્વ

**5.4** ઔદ્યોગિક વિકાસને અસર કરતાં પરીબળો

**5.5** ઔદ્યોગિક ક્ષેત્રનો કૃષિ ક્ષેત્ર સાથેનો સંબંધ

**5.6** ઔદ્યોગિક ક્ષેત્રનો સેવા ક્ષેત્ર સાથેનો સંબંધ

**5.7** ઔદ્યોગિક ક્ષેત્રનો સમાજ સાથેનો સંબંધ

**5.8** ઔદ્યોગિક ક્ષેત્રનો રાજ્ય સાથેનો સંબંધ

**5.9** ઔદ્યોગિક ક્ષેત્રનો રાજ્ય સાથેનો સંબંધ

**5.10** સારાંશ

**5.11** ચાવીરૂપ શબ્દો

**5.12** તમારી પ્રગતિ ચકાસો

● સંદર્ભ સૂચિ

● તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 5.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) એ સમજી શકશે કે શા માટે ઔદ્યોગિક વિકાસ જરૂરી છે;

(2) સમજી શકશે કે શા માટે આર્થિક વિકાસ અને ઔદ્યોગિક વિકાસને એકબીજાના પર્યાય તરીકે પ્રયોજવામાં આવે છે;

(3) વિકાસશીલ દેશો માટે ઔદ્યોગિક વિકાસ શા માટે આવશ્યક છે તેનો ખ્યાલ આવશે;

(4) અર્થતંત્રની સમગ્રલક્ષી સમસ્યાઓ જેવી કે બેરોજગારી, ગરીબી વગેરેના નિવારણમાં ઔદ્યોગિક વિકાસના મહત્ત્વને સમજશે;

(5) ઔદ્યોગિક વિકાસ અને ઉત્પાદકતા વચ્ચેના સંબંધને સમજશે;

(6) ઔદ્યોગિક વિકાસને અસર કરતાં પરીબળોને ઓળખી શકશે;

(7) ઔદ્યોગિક વિકાસના અર્થતંત્રના જુદા-જુદા ક્ષેત્રો જેવા કે કૃષિ અને સેવા ક્ષેત્ર સાથેના આંતરસંબંધોને ઓળખશે;

(8) સમાજ, રાજ્ય અને બજારના ઉદ્યોગો સાથેના સંબંધને સમજશે;

(9) ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટેના યોગ્ય સૂચનો કરી શકશે.

## 5.1 પ્રસ્તાવના:

વિશ્વના વિકસિત દેશોનો આર્થિક ઈતિહાસનો અભ્યાસ કરતાં જણાય છે કે, મોટાભાગના વિકસિત દેશોએ ઔદ્યોગિક વિકાસ થકી જ આર્થિક વિકાસ સાધ્યો છે. ઔદ્યોગિક વિકાસ દેશના આર્થિક વિકાસને ગતિ પ્રદાન કરી આવક અને રોજગારી સર્જનને વેગ આપે છે. આ દેશો ઔદ્યોગિક વિકાસ દ્વારા આંતરરાષ્ટ્રિય વેપારની દિશાને અને વેપાર શરતોને પોતાની તરફેણમાં કરવામાં સફળ રહ્યા છે. ઔદ્યોગિક વિકાસ અર્થતંત્રના દરેક ક્ષેત્રમાં શ્રમ અને મૂડીની ઉત્પાદક્તા વધારી વિભિન્ન આર્થિક ક્ષેત્રોના વિકાસને વેગવંતો બનાવે છે. ઔદ્યોગિક ક્ષેત્ર આર્થિક વિકાસનું એન્જિન છે, જે સરકારની આવક, આંતરરાષ્ટ્રીય વેપાર, સામાજિક સેવાઓ, રોજગારીમાં વૃધ્ધિ, ઉત્પાદન ક્ષમતાનો યોગ્ય ઉપયોગ, ઉત્પાદક્તામાં વૃધ્ધિ, ઉત્પાદનમાં વધારો અને નિકાસ વૃધ્ધિ દ્વારા દેશના આર્થિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપે છે. દેશના સર્વાંગી આર્થિક વિકાસ માટે ઔદ્યોગિક વિકાસને વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે. વર્તમાન સમયમાં બધા જ અર્થતંત્રમાં સેવાક્ષેત્રનું મહત્ત્વ વધતું જાય છે, તેમ છતાં માનવીની વસ્તુઓ માટેની જરૂરિયાત સંતોષવા માટે ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ આવશ્યક છે. આમ, ઔદ્યોગિક ક્ષેત્ર દેશના સર્વાંગી આર્થિક વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ દર દેશના સર્વાંગી વિકાસ દરને સીધી અસર કરે છે. ઔદ્યોગિક વિકાસ દેશના સર્વાંગી વિકાસમાં ફાળો આપી દેશમાંથી ગરીબી અને બેરોજગારી નાબુદીના અભિયાનને મજબૂત ટેકો આપે છે. આમ, ઔદ્યોગિક વિકાસ દેશના આર્થિક વિકાસન લક્ષ્યાંકો સિધ્ધ કરવામાં મહત્ત્વનું યોગદાન આપે છે. પરંતુ અહીં એ બાબતની નોંધ લેવી અત્યંત આવશ્યક છે કે વિકાસના દરેક સ્તરમાં ઔદ્યોગિક વિકાસના ધ્યેયો અલગ અલગ હોય છે અને આ ધ્યેયોના સંદર્ભમાં ઔદ્યોગિક વિકાસનું યોગદાન પણ દરેક દેશમાં ભિન્ન હોય છે. વિકસિત અર્થવ્યવસ્થાના સંદર્ભમાં જોઈએ તો ઔદ્યોગિક વિકાસના ધ્યેયોમાં ઉચ્ચ ઉત્પાદકતા પ્રાપ્ત કરવી, નવી તકનીકોને અપનાવવી, વધુ સારી અને કાર્યક્ષમ ઉત્પાદન પ્રક્રિયાઓ અમલમાં લાવવી અને પર્યાવરણ પર ઔદ્યોગિક વિકાસની વિપરીત અસરોને ઘટાડવી વગેરે બાબતોને પ્રાધાન્ય આપવામાં આવે છે, જ્યારે વિકાસશીલ અર્થવ્યવસ્થાઓમાં આર્થિક માળખામાં પરિવર્તન લાવી પરંપરાગત ખેતી ક્ષેત્ર પરનું અર્થતંત્રનું અવલંબન ઘટાડવું, બેરોજગારી અને ગરીબી નાબુદી દ્વારા લોકોના જીવન ધોરણમાં સુધારો કરવો, લોકો માટે નવી રોજગારીની તકોનું સર્જન કરવું, આયાતો પરનું અવલંબન ઘટાડવું વગેરે મુખ્ય ધ્યેયો હોય છે. આમ, સમગ્ર રીતે જોઈએ તો આર્થિક ઉદ્દેશ્યો સિધ્ધ કરવા અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે ઔદ્યોગિક વિકાસ આવશ્યક છે.

## 5.2 ઔદ્યોગિક વિકાસનો અર્થ

ઉદ્યોગ એટલે એવા એકમો કે જે ઉત્પાદનના સાધનો જમીન, શ્રમ, મૂડી અને નિયોજન શક્તિને સંયોજિત કરી માનવી દ્વારા ઉપયોગમાં લઈ શકાય એવી વસ્તુઓનું ઉત્પાદન કરતા વ્યવસાયિક એકમો. વેપારના સ્વરૂપ અને પ્રમાણમાં આવેલાં પરિવર્તનો સાથે ઉદ્યોગોનું સ્વરૂપ પણ બદલાતું રહ્યું છે. પહેલાંના જમાનામાં વેપાર મર્યાદિત અને બજાર સ્થાનિક સ્તરના હતાં ત્યારે ગૃહ ઉદ્યોગો અને ગ્રામોધ્યોગો મહત્ત્વના હતાં; આંતર રાજ્ય અને આંતરરાષ્ટ્રિય વેપાર વધવા સાથે બજારનો પણ વિસ્તાર થતાં ગૃહ ઉદ્યોગો અને ગ્રામોદ્યોગોનો પણ વિકાસ થયો અને નાના, મધ્યમ અને મોટા કદના ઔદ્યોગિક એકમો અસ્તિત્વમાં આવ્યા. ઉદ્યોગોમાં પરંપરાગત યંત્રોના સ્થાને આધુનિક યંત્રો વપરવા લાગ્યા. ઔદ્યોગિક વિકાસના પર્યાય તરીકે ઔદ્યોગિકરણ શબ્દ પણ પ્રયોજાય છે. ઔદ્યોગિકરણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં ઉત્પાદન પ્રક્રિયા, ઔદ્યોગિક સંગઠન, ઉત્પાદન પધ્ધતિ, ઉત્પાદનના સાધનો, બજાર વગેરેમાં સતત અને મૂળભૂત પરિવર્તનો

થતા હોય છે. ઔદ્યોગિકરણના પરિણામે ઉત્પાદન પધ્ધતિ વધુને વધુ મૂડીપ્રધાન બનતી જાય છે, શ્રમની સરખામણીમાં મૂડીનો વિસ્તૃત અને ઘનિષ્ઠ ઉપયોગ કરી ઉત્પાદન કરવામાં આવે છે. મોટા પ્રમાણમાં મૂડીરોકાણ અને ઉત્પાદનને પરિણામે બજારો વિસ્તૃત થતા જાય છે અને પરિણામે આંતરરષ્ટ્રિય વેપારને વેગ મળે છે.

ઉત્પાદન પ્રક્રિયા અને સાધન સંયોજનમાં થતા સકારાત્મક ફેરફારોને પરિણામે કુલ ઉત્પાદન વધવાની સાથે સાથે શ્રમની ઉત્પાદક્તામાં પણ વધારો થાય છે, જે શ્રમિકોની આવકમાં વધારો લાવી ગરીબી નાબુદીમાં મહત્ત્વનું યોગદાન આપે છે. ઔદ્યોગિકરણને પરિણામે રાષ્ટ્રની સાધન સંપત્તિનો ઈષ્ટ ઉપયોગ શક્ય બને છે જે રાષ્ટ્રના આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે છે. આમ, ઔદ્યોગિક વિકાસ દ્વારા રાષ્ટ્રના આર્થિક વિકાસને ગતિ પ્રદાન થાય જે કુલ રાષ્ટ્રીય ઉત્પાદન, રાષ્ટ્રીય આવક, માથાદીઠ અવકમાં વધારો લાવી લોકોના જીવન ધોરણમાં સુધારો લાવવામાં મહત્ત્વનો ફાળો આપે છે.

## 5.3 ઔદ્યોગિક વિકાસનું મહત્ત્વ

આપણે આગળ નોંધ્યું છે એમ વિકસિત રાષ્ટ્રો મુખ્યત્વે ઉદ્યોગ પ્રધાન છે, તેમનો વિકાસ મહદ્અંશે ઔદ્યોગિક વિકાસને આભારી છે, તો બીજી બાજુ મોટાભાગના વિકાસશીલ રાષ્ટ્રો કૃષિ પ્રધાન છે. બીજી રીતે કહીએ તો કહી શકાય કે મોટાભાગના વિકસિત રાષ્ટ્રોની રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો ઔદ્યોગિક ક્ષેત્રમાંથી આવે છે જ્યારે વિકાસશીલ રાષ્ટ્રોની રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો કૃષિ ક્ષેત્રમાંથી આવે છે. આમ, વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રો વચ્ચેનો મુખ્ય તફાવત રાષ્ટ્રિય આવકનો સ્ત્રોત છે. અહીં એ પણ નોંધવું જોઈએ કે કૃષિ ક્ષેત્ર કરતાં ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદનના સાધનોની ઉત્પાદક્તા વધારે હોવાથી તે કુલ ઉત્પાદનમાંથી વધારે હિસ્સો મેળવે છે એટલે તેમની માથાદીઠ (એકમદીઠ) આવક વધારે હોય છે. આમ, વિકસિત રાષ્ટ્રોની લાક્ષણિક્તાઓ જોઈએ તો ઊંચી માથાદીઠ આવક, કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઔદ્યોગિક ક્ષેત્રનો વધુ હિસ્સો, રોજગારીમાં કૃષિક્ષેત્રની સરખામણીમાં ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રનો વધુ ફાળો વગેરે છે. જ્યારે બીજી બાજુ વિકાસશીલ રાષ્ટ્રની લાક્ષણિક્તાઓમાં નીચી માથાદીઠ આવક, રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં કૃષિક્ષેત્રનું પ્રાધાન્ય, જૂની પુરાણી ઉત્પાદન પધ્ધતિનો ઉપયોગ, ગરીબી, બેરોજગારી વગેરેનો સમાવેશ થાય છે. આમ, આર્થિક વિકાસમાં ઔદ્યોગિક વિકાસની ભૂમિકા મહત્ત્વની ગણવામાં આવે છે. રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે ઔદ્યોગિક વિકાસની આવશ્યક્તાના કારણોની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે કરી શકાય.

### (1) ઉદ્યોગોમાં શ્રમની ઊંચી ઉત્પાદક્તા

વિકસિત દેશોના અનુભવ પરથી જણાયું છે કે કૃષિ ક્ષેત્ર કરતાં ઔદ્યોગિક ક્ષેત્રમાં શ્રમની ઉત્પાદક્તા વધારે હોય છે. ઔદ્યોગિક વિકાસ થતાં વધુ સારા યંત્રોનો ઉત્પાદન પ્રક્રિયામાં ઉપયોગ કરવામાં આવે છે જેથી શ્રમની ઉત્પાદક્તામાં વધારો થાય છે. જ્યારે કૃષિ ક્ષેત્રે વપરાતા સાધનો પરંપરાગત કે જૂના પુરાણા હોય છે જે શ્રમની ઉત્પાદકતા નીચી રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ, ઔદ્યોગિક ક્ષેત્રે કૃષિક્ષેત્ર કરતાં વધારે મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ અપનાવવામાં આવતી હોવાથી શ્રમના એક એકમ સાથે મૂડીના વધારે એકમોનું સંયોજન થાય છે, પરિણામ સ્વરૂપે શ્રમની ઉત્પાદક્તા ઔદ્યોગિક ક્ષેત્રે કૃષિક્ષેત્રની સરખામણીમાં વધારે હોય છે.

### (2) રોજગારી સર્જન

વિકાસશીલ રાષ્ટ્રોમાં ઊંચા વસ્તી વૃધ્ધિદર અને ખેતીપ્રધાન અર્થ વ્યવસ્થાને પરિણામે ખેતી ક્ષેત્ર પર વસ્તીનું અતિશય ભારણ જોવા મળે છે. બીજી બાજુ, ખેડાણ ઘટકોના ખંડ-

વિભાજન અને ઉપ-વિભાજન તેમજ યાંત્રિકરણને પરિણામે ખેતીક્ષેત્રે રોજગારી સર્જનની તકો ઘટી છે. આ બધા પરીબળોના પરિણામ સ્વરૂપે વિકાસશીલ દેશો બેરોજગારીની વિકટ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ ઉપરાંત ખેતીક્ષેત્રે પ્રચ્છન્ન બેરોજગારીનો પ્રશ્ન પણ અગત્યનો છે. આ ઉપરાંત ખેતી ક્ષેત્રે મૌસમી બેરોજગારી પણ જોવા મળે છે. ઔદ્યોગિક ક્ષેત્રે મૂડીરોકાણમાં વધારો કરી વધારાની રોજગારીની તકોનું સર્જન થઈ શકે છે. લુઈસના મત અનુસાર, વિકાસના શરૂઆતના તબક્કામાં ઔદ્યોગિક ક્ષેત્રે શ્રમનો પુરવઠો સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય છે તેથી થોડુંક વધારે વેતન ચૂકવીને શ્રમનું બહુ મોટા પ્રમાણમાં ખેતી ક્ષેત્રેમાંથી ઔદ્યોગિક ક્ષેત્રમાં સ્થળાંતર થઈ શકે છે. આમ, ઔદ્યોગિક ક્ષેત્ર રોજગારી સર્જનમાં બહુ મોટો ફાળો આપી શકે છે.

### (3) ખેતી ક્ષેત્રનો વિકાસ

આગળ નોંધ્યુ એમ અતિ વસ્તીના કારણે વિકાસશીલ દેશોમાં ખેતીક્ષેત્ર પર વસ્તીનું અતિશય ભારન જોવા મળે છે અને પરિણામ સ્વરૂપે ખેડાણ ઘટકો નાના થતાં તેમાં યાંત્રિકરણ યોગ્ય રીતે થઈ શકતું નથી, જેના પરિણામ સ્વરૂપે ખેતીક્ષેત્રે નીચી ઉત્પાદક્તા જોવા મળે છે. ખેતીક્ષેત્રનો વિકાસ કરવો હોય તો ખેતીક્ષેત્રે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવો આવશ્યક છે અને તે ત્યારે જ શક્ય બને જ્યારે ખેડાન ઘટકોનું વિભાજન અટકાવી શકાય, આ માટે ખેતીક્ષેત્રમાંથી શ્રમને ઔદ્યોગિક ક્ષેત્રે ખસેડવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસ દ્વારા ખેતીક્ષેત્રે જરૂરી આધુનિક યંત્રસામગ્રી, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના ઉત્પાદનમાં વધારો કરી તેનો ખેતીક્ષેત્રમાં યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો ખેતી ક્ષેત્રના વિકાસને વેગ આપી શકાય છે. તો બીજી બાજુ ખેત ઉત્પાદનો કેટલાક ઉદ્યોગોમાં કાચામાલ તરીકે ઉપયોગમાં આવે છે આવા ઉદ્યોગોનો વિકાસ થતાં ખેતીક્ષેત્રના વિકાસને પણ વેગ મળે છે. આમ, ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસ દ્વારા ખેતીક્ષેત્રના વિકાસને ઝડપી બનાવી શકાય છે.

### (4) આંતરરાષ્ટ્રિય વેપાર

આંતરરાષ્ટ્રિય વેપારનું વિશ્લેષણ કરતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે વિકાસશીલ દેશોની નિકાસો મહદઅંશે પ્રાથમિક વસ્તુઓ (ખેત ઉત્પાદનો)ની અને આયાતો ઔદ્યોગિક ઉત્પાદનોની હોય છે. ખેત ઉત્પાદનોની માંગની આવક સાપેક્ષતા નીચી હોય છે જ્યારે ઔદ્યોગિક ઉત્પાદનોની માંગની આવક સાપેક્ષતા ઊંચી હોય છે. તેથી લોકોની આવક વધતાં ખેત પેદાશોની માંગની સામે ઔદ્યોગિક ઉત્પાદનોની માંગ ઝડપથી વધે છે. આ ઉપરાંત પારસ્પરિક માંગની મૂલ્ય સાપેક્ષતાનો વિચાર કરીએ તો વિકાસત દેશોની નિકાસોની માંગની તીવ્રતા તેમની આયાતોની માંગની તીવ્રતાની સરખામણીમાં ઓછી હોય છે તેથી વેપારની શરતો વિકાસશીલ દેશોની વિરુધ્ધમાં નક્કી થતી હોય છે. આ ઉપરાંત ઔદ્યોગિક વિકાસ દ્વારા વિકસશીલ દેશો પણ પોતાની નિકાસોમાં વધારો કરી શકે છે અને આયાતો ઘટાડી શકે છે. આમ થતાં વેપારની શરતોની પ્રતિકૂળતા ઓછી થાય અથવા અનુકૂળ થઈ શકે છે.

### (5) વધારાની ક્ષમતાનું સ્થળાંતર

વિકાસશીલ રાષ્ટ્રોની સૌથી મોટી સમસ્યા એ છે કે તેમની પાસે વિકાસ આવશ્યક જરૂરિયાત માટેના નાણાંકીય સંસાધનો ઓછા છે અને જે ઉપલબ્ધ છે તેનો પણ યોગ્ય ઉપયોગ થતો નથી. આવા સંસાધનો નીચી ઉત્પાદક્તાવાળા ક્ષેત્રમાં રોકાયેલા હોય છે. જો આ સંસાધનોને ઔદ્યોગિક ક્ષેત્ર તરફ વાળવામાં આવે કે જ્યાં તેના રોકાણ દ્વારા વધુ સારું વળતર મળી શકે છે તો દેશના આર્થિક વિકાસને વેગ મળી શકે છે.

**(6) કદ વિકાસના લાભ**

વિકાસશીલ રાષ્ટ્રોમાં ઔદ્યોગિક એકમોનું કદ નાનું હોય છે તેથી ઉત્પાદન ખર્ચ ઊંચૂઠ રહેતાં આંતરરાષ્ટ્રિય બજારમાં તેમજ આંતરિક બજારમાં પણ આયાતી વસ્તુ સામે હરિફાઈમાં તેમના ઉત્પાદનો ટકી શકતા નથી. જો ઔદ્યોગિક વિકાસ દ્વારા મોટાપાયા પર ઉત્પાદન કરવામાં આવે તો કદ વિકાસ અને એકમ વિકાસના લાભ પ્રાપ્ત થતાં વસ્તુનું ઉત્પાદન ખર્ચ ઘટે છે, વસ્તુની ગુણવત્તા સુધરે છે જેથી આંતરરાષ્ટ્રિય ઉત્પાદનો સામે હરિફાઈમાં તે ટકી શકે છે.

**(7) બચતો અને મૂડીસર્જન**

ખેતીક્ષેત્રે લોકોની આવકનું સ્તર નીચું જોવા મળે છે જેના પરિણામે બચતોનું પ્રમાણ નીચું રહેતાં મૂડી સર્જનનો દર નીચો રહે છે અને ઝડપી આર્થિક વિકાસ માટે મોટા પ્રમાણમાં મૂડીસર્જન અને મૂડી રોકાણની આવશ્યક્તા રહે છે. બીજી બાજુ, ઔદ્યોગિક આવકનો મોટો ભાગ ઉદ્યોગ પતિઓના હિસ્સામાં જતો હોવાથી અને તેમની બચતવૃત્તિ ઊંચી હોવાથી બચતો વધારે થાય છે આ ઉપરાંત ઔદ્યોગિકક્ષેત્ર લોકોની સરેરાશ આવક પણ ખેતીક્ષેત્રે રકાયેલા લોકો કરતાં વધારે હોવાથી પણ બચતો વધારે થાય છે જે મૂડીસર્જન અને મૂડીરોકાણમાં વધારા દ્વારા આર્થિક વિકાસને વેગ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(8) આર્થિક સ્થિરતા**

કૃષિક્ષેત્ર મહદઅંશે કુદરત પર આધારિત હોવાથી વારંવાર રોજગારી, આવક, કર આવક, વેપાર વગેરેમાં અસ્થિરતાઓ ઉદ્દભવતી હોય છે. જ્યારે ઔદ્યોગિક ક્ષેત્રમાં આવી અસ્થિરતાઓનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે. આવી સ્થિરતાને પરિણામે ભવિષ્ય અંગેના આયોજનો કરવામાં સરળતા રહે છે અને આર્થિક વિકાસમાં સાતત્યતા લાવી શકાય છે.

**(9) જીવનધોરણમાં સુધારો**

ખેતીક્ષેત્રની સરખામણીમાં ઔદ્યોગિક ક્ષેત્રે શ્રમની ઉત્પાદક્તા વધારે હોવાથી તેને ઔદ્યોગિક ક્ષેત્ર વધારે વેતન પ્રાપ્ત થતું હોય છે. આ ઉપરાંત ઔદ્યોગિક વિકાસ થતાં આર્થિક વિકાસ ઝડપી થાય છે જેથી લોકોની પસંદગી વિસ્તૃત બને છે તેમને વધુ સારી વૈવિધ્યસભર વસ્તુઓ નીચી કિંમતે ઉપ્લબ્ધ થાય છે. આ ઉપરાંત ઔદ્યોગિક વિકાસના પરિણામે કૃષિ અને ઔદ્યોગિક બન્ને પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન વધે છે જેથી કૃષિ પેદાશોની નિકાસોમાં વધારો અને ઔદ્યોગિક પેદાશોની આયાતોમાં ઘટાડો થતાં દેશના લોકોની આવકો વધે છે. પરિણામ સ્વરૂપે લોકોના જીવનધોરણમાં સુધારો થાય છે.

**(10) સ્વાવલંબન**

કોઈપણ દેશ હંમેશાં બીજા દેશ પર આધાર રાખી ન શકે, આર્થિક વિકાસ સાધવો હોય તો દેશમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ કરવો અત્યંત આવશ્યક છે. દેશની પરિસ્થિતિઓને અનુકૂળ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ થાય તો તે દેશ માટે વધારે લાભદાયી નીવડે છે. આ ઉપરાં ખેતીક્ષેત્ર કરતાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ટેક્નોલોજીનો વધારે ઉપયોગ શક્ય છે, તેથી ઔદ્યોગિક ક્ષેત્ર નવી ટેક્નોલોજીના વધુ સારા ઉપયોગ દ્વારા દેશના આર્થિક વિકાસમાં વધારે યોગદાન આપી શકે છે. આ ઉપરાંત દેશમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ થતાં આધુનિક ટેક્નોલોજી માટેનું વિદેશો પરનું અવલંબન ઘટે છે જે કિંમતી વિદેશી હૂંડિયામણ બચાવવામાં પણ ફાળો આપે છે.

### (11) સંરક્ષણ

દેશની સુરક્ષા માટે બીજા દેશ પરનું અવલંબન સૌથી વધારે જોખમી છે. જો દેશે સંરક્ષણ માટે વિદેશો પરનું અવલંબન ઘટાડવું હોય તો દેશમાં ઝડપી ઔદ્યોગિકરણ થાય અને સંરક્ષણના સાધનોનું દેશમાં જ ઉત્પાદન કરવામાં આવે તે જરૂરી છે. જો કોઈ દેશ પાસે થી સંરક્ષણના સાધનો ખરીદવામાં આવતા હોય અને તે જ દેશ સાથે દુશ્મની થાય તો દેશ માટે અત્યંત જોખમી પરિસ્થિતિ પેદા થઈ શકે છે તેથી સંરક્ષણની દૃષ્ટિએ પણ દેશનો ઝડપી ઔદ્યોગિક વિકાસ થાય અને દેશમાં જ સંરક્ષણના સાધનો ઉત્પન્ન કરવામાં આવે તે ઈચ્છનિય છે. તેથી સંરક્ષણના સાધનોના ઉત્પાદનની બાબત સ્વવલંબી બનવા માટે પણ કેટલાક ચાવીરૂપ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જરૂરી છે.

### (12) શહેરીકરણ

ઔદ્યોગિક વિકાસ થતાં શહેરોનો વિકાસ થાય છે. શહેરમાં વસવાટ કરતા લોકો ગ્રામીણ લોકો કરતાં વધારે પ્રગતિ શીલ હોય છે, તેઓ અર્થતંત્રમાં આવતાં પરિવર્તનોને ગ્રામીણ લોકો કરતાં વધારે ઝડપથી સ્વીકારે છે. આર્થિક વિકાસ માટેની એક મૂળભૂત ધારણા એ છે કે વિકાસની પ્રક્રિયા દરમ્યાન માળખાગત પરિવર્તનો આવે છે, આવા પરિવર્તનો ઝડપથી ત્યારે જ આવી શકે જ્યારે સમાજના લોકો આવા પરિવર્તનો સ્વીકારવા તૈયાર હોય. ઔદ્યોગિક વિકાસ થતાં ગ્રામીણ વિસ્તારમાં ખેતી પરન નભતા લોકો રોજગારી માટે તેમજ શહેરી સંસ્કૃતિથી આકર્ષાઈને શહેરો તરફ સ્થળાંતર કરે છે આમ, ઔદ્યોગિક વિકાસ થતાં શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળે છે.

### (13) આનુષંગિક ક્ષેત્રોનો વિકાસ

ઔદ્યોગિક વિકાસ થવા સાથે તેની સાથે સંકળાયેલા વ્યવસાયોનો પણ વિકાસ થાય છે. જ્યારે ખેતી ક્ષેત્રની આવી લિક્રેજ અસરો મર્યાદિત હોય છે, ખેતી ક્ષેત્ર નવી આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં ઊણું ઉતરે છે. એની સરખામણીમાં કોઈ ઉદ્યોગ સ્થપાય તો તેની અસર હેઠળ તેની આસપાસ અનેક પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ વિકાસ પામે છે. જેમ કે ઉદ્યોગોનો વિકાસ થતાં તેની આસપાસ સેવાકીય પ્રવૃત્તિઓનો વિકાસ થાય, તે ઉદ્યોગમાં જો કાચોમાલ ખેતીક્ષેત્રમાંથી આવતો હોય તો ખેતીક્ષેત્રનો વિકાસ થાય વગેરે. આમ, ઔદ્યોગિક વિકાસ થવા સાથે તેની અસર હેઠળ અનેક પ્રકારની રોજગારીની તકોનું સર્જન થાય છે.

## 5.4 ઔદ્યોગિક વિકાસને અસર કરતાં પરીબળો

ઔદ્યોગિક વિકાસ થવા સાથે અનેક પરિવર્તનો વિવિધ દિશામાંથી આવતાં હોય છે, જેમ કે શ્રમની હેરફેર, શહેરીકરણ, જૂની શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિના સ્થાને નવી મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિનો ઉપયોગ, વધારે પ્રમાણમાં મૂડીરોકાણ, નવી વસ્તુઓનું આગમન, વેપારની દિશા અને કદમાં પરિવર્તન, આવકમાં ફેરફાર, વપરાશમાં પરિવર્તન, સમાજ રચનામાં પરિવર્તન વગેરે. આવા પરિવર્તનો સમાજમાં એક પ્રકારનો વંટોળ પેદા કરે છે જેથી પરંપરાગત સમાજ વ્યવસ્થામાં તેનો પ્રતિકાર પેદા થાય છે. આ ઉપરાંત ઔદ્યોગિક વિકાસ માટે મોટા પ્રમાણમાં મૂડીની આવશ્યકતા રહે છે, નવા આધુનિક યંત્રો પર કામ કરવા માટે તાલીમ પામેલા શ્રમિકોની જરૂરિયાત રહે છે, વિકાસશીલ દેશોમાં આ બધા પરિબળો ઔદ્યોગિક વિકાસને અવરોધરૂપ પૂરવાર થાય છે. આવા ઔદ્યોગિક વિકાસને અવરોધક પરિબળોની ચર્ચા અહીં કરવામાં આવી છે.

**(1) મૂડીની અછત**

વિકાસશીલ દેશો મહદઅંશે ખેતી પ્રધાન દેશો છે અને ખેતીક્ષેત્રો લોકોની અવકનું સ્તર નીચું હોવાથી બચતોનું સ્તર પણ નીચું રહેવા પામે છે. બચતોનું પ્રમાણ ઓછું હોવાથી આવા દેશો મૂડીની અછતનો સામનો કરે છે, જ્યારે ઔદ્યોગિકરણ માટે મોટા પ્રમાણમાં મૂડીરોકાણની આવશ્યકતા રહે છે. તેથી વિકાસશીલ દેશોએ મૂડીરોકાણ માટે વિકસિત દેશો દ્વારા આપવામાં આવતી સહાય કે વિદેશી મૂડી પર આધાર રાખવો પડે છે, જે તેમના ઔદ્યોગિક વિકાસની ગતિને મંદ પાડે છે.

**(2) બચત અને રોકાણના વલણો**

વિકાસમાન દેશોમાં બચતોનું પ્રમાણ ઓછું હોવાની સાથે સાથે આવી બચતો મોટા ભાગે બિન ઉત્પાદકીય કાર્યોમાં તેનો વિશેષ ઉપયોગ થાય છે. આવકની અસમાનતા વિશેષ હોવાથી કેટલાક લોકો કે જે ઊંચી આવક ધરાવે છે તેમની બચતવૃત્તિ વધારે હોવાથી મોટા પ્રમાણમાં બચતો કરે છે પરંતું તેઓ સમાજમાં પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવા કેટલાક બિનઉપજાઉ વૈભવી ખર્ચમાં અને રોકાણોમાં પોતાની બચતો વાપરે છે. આવા વલણો ઔદ્યોગિક વિકાસને અવરોધે છે.

**(3) ઉદ્યોગોનું સ્વરૂપ અને સંસાધન ફાળવણી**

વિકાસશીલ દેશો પાસે પસંદગીની સમસ્યા હોય છે; (અ) નિકાસી ઉદ્યોગ કે ઘરેલું વપરાશી ઉદ્યોગ અને (બ) વપરાશી વસ્તુ કે મૂડી વસ્તુનું ઉત્પાદન કરવું. નિકાસી ઉદ્યોગનો વિકાસ થાય તો નિકાસ વૃધ્ધિ દ્વારા આયાતો માટે જરૂરી વિદેશી હંડિયામણ મેળવી શકાય. તેથી ઉપલબ્ધ સંસાધનોને આવશ્યક્તા પ્રમાણે નિકાસી ઉદ્યોગો અને ઘરેલું વપરાશ ઉદ્યોગો વચ્ચે ફાળવવા જોઈએ. એજ રીતે અર્થતંત્રમાં રહેલી વિકાસ ક્ષમતાને ધ્યાનમાં રાખીને વપરાશી વસ્તુના ઉત્પાદન અને મૂડી વસ્તુના ઉત્પાદન પાછળ સંસાધનોની ફાળવણી કરવી જોઈએ. સંસાધનોની યોગ્ય ફાળવણી ઝડપી ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાન આપે છે.

**(4) ઉદ્યોગનું સ્થાન**

ઔદ્યોગિક એકમની સ્થાન પસંદગી પણ તેના વિકાસને ખૂબ જ અસર કરે છે. કેટલાક ઉદ્યોગો એવા હોય છે કે જે કાચામાલના પ્રપ્તિસ્થાનની નજીક તો કેટલાક ઉદ્યોગો બજારની નજીક સ્થાપાય તે પરિવહન ખર્ચની દૃષ્ટિએ વધુ યોગ્ય હોય છે. ઉદાહરણ તરીકે લોખંડ - પોલાદ ઉદ્યોગ ખાણની નજીક સ્થાપવામાં આવે તે વધુ યોગ્ય છે કારણ કે આ ઉદ્યોગમાં કાચામાલ કરતાં તૈયાર માલનું વજન ઓછું હોય છે. જો તે ખાણથી દૂર સ્થાપવામાં આવે તો પરિવહન ખર્ચ વધારે આવે. આમ, ઉદ્યોગના સ્થાન અંગેનો નિર્ણય પણ ઔદ્યોગિક વિકાસને નોંધપાત્ર અસર કરે છે.

**(5) ઉદ્યોગનું કદ**

મોટા ઉદ્યોગો સામાન્ય રીતે વધારે મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિનો ઉપયોગ કરે છે જ્યારે નાના ઉદ્યોગોમાં વધારે શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિનો ઉપયોગ થાય છે. મોટા ભાગના વિકાસશીલ દેશો અતિવસ્તી ધરાવે છે, તેથી આ દેશોમાં શ્રમની છત છે તો બીજી બાજુ તેઓ મૂડીની અછતનો સામનો કરતા હોય છે. આવા દેશો માટે ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયામાં શ્રમ પ્રધાન ઉત્પાદન વ્યવસ્થાને પ્રાધાન્ય આપવામાં આવે તો આવા દેશોની રોજગારીની સમસ્યા હલ કરવામાં ઔદ્યોગિક વિકાસ અગત્યની ભૂમિકા ભજવી શકે છે સાથે સાથે ઓછી મૂડી દ્વારા ઔદ્યોગિક વિકાસ શક્ય બને છે.

**(6) પરિવહન સવલતો**

ઔદ્યોગિક વિકાસ માટે પરિવહન સેવાઓનો વિકાસ ખૂબ અગત્યનો છે. ઔદ્યોગિક વિકાસ થતાં મોટા પાયા પર ઉત્પાદન થાય છે આવા ઉત્પાદનને દૂરના વિસ્તારો સુધી પહોંચાડવા માટે પરિવહન સેવાઓનો વિકાસ થયેલો હોવો અત્યંત આવશ્યક છે. જો પરિવહન સેવાઓનો પૂરતા પ્રમાણમાં વિકાસ થયેલો ના હોય તો કાચા માલસામાન અને તૈયાર વસ્તુઓને દૂરના બજારો સુધી પહોંચાડવી મુશ્કેલ બને છે, જે ઔદ્યોગિક વિકાસને અવરૂધરૂપ નીવડે છે.

**(7) ચાલકશક્તિ (કોલસો, વીજળી)ની અછત**

ઔદ્યોગિક વિકાસ થતાં ઉત્પાદન માટે આધુનિક યંત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. આવા યંત્રો ચલાવવા માટે ચાલક શક્તિના સ્ત્રોત તરીકે કોલસા કે વીજળીનો ઉપયોગ થતો હોય છે. વીજળી ઉત્પના કરવા માટે પણ કોલસાનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આધુનિક સમયમાં કોલસાના સ્થાને અણુશક્તિ, પવનશક્તિ, સૌર ઉર્જાનો ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે પરંતુ તેનું પ્રમાણ ખૂબ જ મર્યાદિત છે. આમ, જો દેશમાં ઉદ્યોગોની જરૂરિયાત પ્રમાણેની ચાલકશક્તિ (વીજળી) કોલસા કે વીજળી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ના હોય તો ઔદ્યોગિક વિકાસ અવરોધાય છે.

**(8) બજાર**

બજારનું કદ, બજારનું સ્વરૂપ, બજારનું અંતર વગેરે પરીબળો પણ ઔદ્યોગિક વિકાસને અસર કરે છે. જો વસ્તુ સ્થાનિક બજારમાં જ વેચાતી હોય તો બજારનું કદ નાનું હોવાથી મોટા પાયા પર ઉત્પાદન કરવું શકય બનતું નથી. આ ઉપરાંત બજારમાં વિતરણ વ્યવસ્થાનો બરાબર વિકાસ થયો ના હોય તો તૈયાર માલ ગ્રાહકો સુધી પહોંચાડવાની સમસ્યા થાય છે. જો બજારમાં નવી વસ્તુ મૂકવી હોય અને તેના માટેના સંશોધન અને વેચાણનું ખર્ચ ખૂબ ઊંચું આવતું હોય તો પણ ઉદ્યોગોને તેના માટેનું પ્રોત્સાહન રહેતું નથી અને ઔદ્યોગિક વિકાસ અવરોધાય છે.

**(9) કુશળ શ્રમ**

ઔદ્યોગિક વિકાસ થવા સાથે ઉદ્યોગોમાં આધુનિક યંત્રો ચલાવવા માટે તાલીમ પામેલા કુશળ શ્રમિકોની માંગમાં વધારો થાય છે. જો આવા કુશળ શ્રમિકો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ના હોય તો ઔદ્યોગિક વિકાસની ગતિ મંદ પડે છે. તેથી કુશળ શ્રમિકો તૈયાર કરવા માટે શિક્ષણ અને તાલીમની વ્યવસ્થાનો પણ દેશમાં પૂરતા પ્રમાણમાં વિકાસ થાય તે જરૂરી છે. જો દેશમાં કુશળ શ્રમિકો ઉપલબ્ધ ના હોય તો કેટલીકવાર તેના સંચાલન માટે કુશળ શ્રમિકો વિદેશમાંથી બોલાવવા પડે છે જે અતિશય મોંઘા પડે છે. આમ, કુશળ શ્રમિકોની અછત ઔદ્યોગિક વિકાસને અવરોધે છે.

**(10) સમાજ વ્યવસ્થા**

સમાજ વ્યવસ્થા પણ ઔદ્યોગિક વિકાસને અસર કરતું એક અગત્યનું પરિબળ છે. ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રમાં જ્યાં કુંટુંબ અને સમાજ વ્યવસ્થા મજબૂત હોય ત્યાં પરિવાર સાથેનું જોડાણ ખૂબ જ મજબૂત હોય છે. આવા સંજોગોમાં શ્રમિક પોતાના પરિવારને છોડીને દૂર રોજગારી માટે જવા તૈયાર થતો નથી અને કેટલિકવાર પોતાના પારિવારિક વ્યવસાયમાં જરૂરિયાત ના હોવા છતાં જોડાયેલો રહે છે જે પ્રચ્છન્ન બેરોજગારેની સમસ્યાને ઉત્તેજન આપે છે અને ઔદ્યોગિક વિકાસને અવરોધે છે. આ ઉપરાંત સામાજિક રીત રિવાજો, રૂઢિવાદી વર્તન વગેરે નવા પરિવર્તનોને જલ્દી સ્વીકરવા દેતા નથી અને નિયોજનશક્તિ અને સાહસવૃત્તિને અવરોધે છે. આ બધી બાબતો ઔદ્યોગિક વિકાસને નોંધપાત્ર અસર પહોંચાડે છે.

### (11) સરકારની નીતિ

સરકારની નીતિ ઔદ્યોગિક વિકાસને અસર કરતું એક અગત્યનું પરિબળ છે. જો સરકારની નીતિ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહક હોય તો દેશમાં ઔદ્યોગિક વિકાસ ઝડપી થાય છે. નવા ઉદ્યોગોની સ્થાપનાને કર રાહતો, નીચા વ્યાજ દરે ધિરાણ, નિકાસ પ્રોત્સાહનો વગેરે આપવામાં આવે તો ઔદ્યોગિક વિકાસને વેગ મળે છે. આ ઉપરાન્ત ઔદ્યોગિક નીતિમાં સાતત્યતા પણ અગત્યનો ભાગ ભજવે છે, સાતત્યતાનો અભાવ બજારમાં અનિશ્ચિતતાનું વાતાવરણ ઊભું કરે છે જે મૂડીરોકાણને નિરુત્સાહી કરી ઔદ્યોગિક વિકાસને અવરોધે છે. આમ, સ્થિર, પ્રોત્સાહક અને સાતત્યસભર ઔદ્યોગિક નીતિ ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ આવશ્યક છે.

આમ, ઔદ્યોગિક વિકાસનો આધાર અનેક પરિબળો પર રહેલો છે. આ પરીબળો જો ઔદ્યોગિક વિકાસને અનુકૂળ હોય તો દેશમાં ઝડપી ઔદ્યોગિક વિકાસ થાય છે અને જો પ્રતિકૂળ હોય તો દેશનો ઔદ્યોગિક વિકાસ અવરોધાય છે.

## 5.5 ઔદ્યોગિક ક્ષેત્રનો કૃષિ ક્ષેત્ર સાથેનો સંબંધ

ઔદ્યોગિક ક્ષેત્રના કૃષિ ક્ષેત્ર સાથે પૂરોગામી અને અનુગામી એમ બન્ને પ્રકારના સંબંધો છે. પૂરોગામી એટલે ઉદ્યોગ અને કાચામાલનો પુરવઠો પૂરો પાડનાર વચ્ચેનનો સંબંધ. ઉદ્યોગના કુલ ઉત્પાદનમાં થતા ફેરફારો તેને કાચામાલનો પુરવઠો પૂરો પાડનારના ઉત્પાદનની માંગને અસર કરે છે. જ્યારે અનુગામી સંબંધ એટલે ઉદ્યોગ અને તે ઉદ્યોગના ઉત્પાદનનો કાચામાલ તરીકે ઉપયોગ કરનાર વચ્ચેનો સંબંધ. આવી પરિસ્થિતિમાં ઉદ્યોગના ઉત્પાદનના પ્રમાણ કે તેની કિંમતમાં થતા ફેરફારો વપરાશ કર્તાના ઉત્પાદન પર અસર ઊભી કરે છે. કૃષિક્ષેત્ર એ ઔદ્યોગિક ક્ષેત્રને કાચોમાલ પણ પૂરો પાડે છે અને ઔદ્યોગિક ઉત્પાદનનો કાચામાલ તરીકે ઉપયોગ પણ કરે છે. આમ, ઔદ્યોગિક ક્ષેત્ર નએ કૃષિ ક્ષેત્ર વચ્ચે ના સંબંધો દ્વિમાર્ગી છે.

ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય કે ઔદ્યોગિક વિકાસ અને કૃષિ વિકાસને એકબીજાથી તદ્દન અલગ અથવા એકબીજાના વિરોધી કે અવરોધક ગણવા એ અવાસ્તવિક છે, વાસ્તવમાં ઔદ્યોગિક વિકાસ અને કૃષિ વિકાસ એકબીજાના પૂરક છે, એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. કૃષિ ક્ષેત્રે ઉત્પાદકતામાં વધારો ઔદ્યોગિક વિકાસ માટેનું એક અગત્યનું પ્રોત્સાહક પરીબળ છે. કૃષિ ક્ષેત્રે ઉત્પાદક્તા વધતાં કૃષિ ક્ષેત્રે રોકાયેલા લોકોની આવક વધતાં ઔદ્યોગિક ઉત્પાદનોની માંગમાં પણ વધારો થાય છે, જે ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપે છે. બીજી બાજુ, કૃષિ ઉત્પાદક્તા વધતાં ઉદ્યોગોને કાચોમાલ પૂરતા પ્રમાણમાં વાજબી કિંમતે ઉપલબ્ધ થાય છે. આમ, કૃષિ ક્ષેત્રનો વિકાસ ઔદ્યોગિક વિકાસને પૂરક બની પ્રોત્સાહન પૂરું પાડે છે.

બીજા પાસાનો વિચાર કરી એ તો ઔદ્યોગિક વિકાસ થતાં ઔદ્યોગિક ક્ષેત્રે કાચામાલ તરીકે કૃષિ પેદાશોની માંગમાં વધારો થાય છે. આ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારીનું સર્જન થતાં લોકોની આવકમાં વધારો થતાં પણ કૃષિ પેદાશોની માંગ વધે છે. તો બીજી બાજુ ઔદ્યોગિક વિકાસ થતાં નવી આધુનિક યંત્ર સામગ્રીની શોધ થાય છે, મોટા પાયા પર આધુનિક યંત્ર સામગ્રીનું ઉત્પાદન થતાં તેની કિમતો ઘટે છે. ઔદ્યોગિક વિકાસ સાથે યંત્ર સામગ્રીની કિંમતો ઘટતાં કૃષિ ક્ષેત્રે તેનો સઘન ઉપયોગ શક્ય બને છે. આમ, સમગ્ર રીતે જોતાં ઔદ્યોગિક વિકાસ સાથે કૃષિ ક્ષેત્રનું પણ આધુનિકીકરણ થાય છે એટલે કહી શકાય કે ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ કૃષિ ક્ષેત્રના વિકાસને વેગ મળે છે.

અન્ય રીતે વિચારીએ તો કૃષિ ક્ષેત્ર, ઔદ્યોગિક વિસાસ સાથે વિકસતા શહેરીકરણને પરિણામે વધતી શહેરી વસ્તીની જરૂરિયાતો પૂરી પાડી, ઉદ્યોગો દ્વારા ઉત્પદિત વસ્તુઓને બજાર

પૂરૂ પાડી, નિકાસ વૃધ્ધિ દ્વારા ઉદ્યોગો માટે આવશ્યક મૂડી વસ્તુઓની આયાત માટે જરૂરી વિદેશી હૂંડિયામણ કમાવી આપી ઔદ્યોગિક વિકાસને વેગ આપે છે. દેશમાં માત્ર ઔદ્યોગિક ક્ષેત્રનો ઝડપી વિકાસ થાય અને કૃષિ ક્ષેત્રમાં અનુરૂપ પરિવર્તનો ના આવે અને તે અલ્પવિકસિત રહી જાય તો અર્થતંત્રમાં ફુગાવો, લેણદેણની તુલાની અસમતુલા, વધુ પડતું શહેરીકરણ અને શહેરીકરણ સમસ્યાઓ જેવી અસંતુલિત વિકાસની સમસ્યાઓ ઊભી થાય છે. તેથી, અર્થતંત્રના સંતુલિત અને સર્વાંગી વિકાસ માટે પણ બન્ને ક્ષેત્રોનો એકબીજાને અનુરૂપ વિકાસ થાય તે આવશ્યક છે.

સમગ્ર રીતે જોઈએ તો ઔદ્યોગિક વિકાસ થતાં શ્રમની ઉત્પાદક્તામાં વધારો થાય છે અને પરિણામ સ્વરૂપે તેમની આવક વધે છે. ઔદ્યોગિક વિકાસ સાથે ગ્રામીણ વિસ્તારો કે જ્યાં અતિ વસ્તી છે અને કૃષિ ક્ષેત્ર કે જ્યાં વસ્તીનું ભારણ છે ત્યાંથી શ્રમિકોનું શહેરોમાં ઔદ્યોગિક ક્ષેત્રે સ્થળાંતર થતાં અને નવા સંશોધનોને પરીણામે ઉત્પાદકતામાં વધારો થતાં સતત આર્થિક વિકાસ થતાં લોકો ખોરાકની સરખામણીમાં ઔદ્યોગિક ઉત્પાદનો પાછળ પોતાની આવકનો વધુ હિસ્સો ખર્ચ કરે છે, જે ઔદ્યોગિક વિકાસને વેગ આપે છે. સાથે સાથે ઔદ્યોગિક વિકાસ કૃષિ ક્ષેત્રમાં પણ આધુનિકીકરણ દ્વારા ઉત્પાદકતામાં પણ વધારો કરે છે. આમ, કૃષિ અને ઉદ્યોગો એકબીજાના પૂરક છે પ્રતિસ્પર્ધી નહીં.

## 5.6 ઔદ્યોગિક ક્ષેત્રનો સેવા ક્ષેત્ર સાથેનો સંબંધ

ઉદ્યોગ અને સેવાઓ એકબીજા સાથે ઘનિષ્ટ રીતે જોડાયેલા છે. એક ક્ષેત્રનો વિકાસ બીજા ક્ષેત્રના વિકાસને ગતિ પ્રદાન કરે છે. ઉદ્યોગો ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન વ્યાપક પ્રમાણમાં વિવિધ સેવાઓનો નીક્ષેપ તરીકે ઉપયોગ કરે છે. આ ઉપરાંત ઔદ્યોગિક યંત્રોની જાળવણી માટે સેવાઓનો ઉપયોગ કરવાની સાથે સાથે ઉત્પાદનના વેચાણ સાથે વિવિધ સેવાઓ પણ પૂરી પાડે છે. બીજી બાજુ સેવા ક્ષેત્ર પણ ઉદ્યોગોના ઉત્પાદનોનો ઉપયોગ કરે છે જે તેમને તેમની પ્રવૃત્તિઓને વધુ કાર્યક્ષમ બનાવે છે. વિવિધ સેવાઓ જેવી કે પરિવહન, સંચાર, તાલીમ, વેપાર, સ્વાસ્થ્ય સેવાઓ વગેરે ઔદ્યોગિક વિકાસને વેગ આપે છે, તો બીજી બાજુ ઔદ્યોગિક વિકસ થતાં વિવિધ પ્રકારની સેવાઓની માંગમાં વધારો થતાં સેવાક્ષેત્રનો પણ વિકાસ થાય છે. આમ, ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર બન્ને ક્ષેત્રોનો વિકાસ એકબીજાના વિકાસના પૂરક છે. અહીં એ નોંધવું રહ્યું કે વર્તમાન સમયમાં સાહસ અંતર્ગત મેન્યુફેક્ચરિંગ અને સેવાઓ બન્નેનો સમાવેશ કરવામાં આવે છે. સેવાક્ષેત્રમાં ઔદ્યોગિક વિકાસ સાથે અનેક પરિવર્તનો આવ્યા છે. ઔદ્યોગિક વિકાસ થવા સાથે વિવિધ પ્રકારની સેવાઓની માંગમાં સતત વધારો થયો છે. વર્તમાન સમયમાં સેવા ક્ષેત્રનો રોજગારી અને રસઃત્રિય આવકમાં હિસ્સો વધેલો જોવા મળ્યો છે.

## 5.7 ઔદ્યોગિક ક્ષેત્રનો સમાજ સાથેનો સંબંધ

સમાજ ઉદ્યોગ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. સમાજ વ્યવસ્થા ઔદ્યોગિક વિકાસના સ્વરૂપ અને તેની ગતિને નોંધપાત્ર અસર પહોંચાડે છે. સમાજ જો રૂઢીચુસ્ત હોય તો સામાન્ય રીતે પરિવર્તનોનો પ્રતિકાર કરે છે, આ સંજોગોમાં ઔદ્યોગિક વિકાસ સાથે થતાં પરિવર્તનોના ભયના પરિણામે તે ઔદ્યોગિક વિકાસનો સ્વીકાર જલ્દી કરતો નથી. ઔદ્યોગિક વિકાસ સાથે ઉત્પાદન માળખામાં આમૂલ પરિવર્તનો આવતાં હોય છે, જૂના પુરાણા યંત્રોના સ્થાને આધુનિક યંત્રોનો ઉપયોગ થવાથી શ્રમિકોની જરૂરિયાત અને તેમની આવડતમાં પણ પરિવર્તન થાય છે. રોજગારીનું માળખું બદલાવા સાથે કુંટુંબ અને સમાજ વ્યવસ્થામાં પણ પરિવર્તન આવે છે. તો બીજી બાજુ ઉદ્યોગો એ પોતાનું ઉત્પાદન દેશની સમાજ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને કરવું પડે

છે. આમ, ઔદ્યોગિક વિકાસની દિશા અને ગતિ સમાજ વ્યવસ્થા પર આધાર રાખે છે તો બીજી બાજુ ઔદ્યોગિક વિકાસ થવા સાથે સમાજ વ્યવસ્થામાં પણ પરિવર્તન આવે છે.

## 5.8 ઔદ્યોગિક ક્ષેત્રનો રાજ્ય સાથેનો સંબંધ

વિકાસશીલ દેશોમાં ઔદ્યોગિક વિકાસમાં રજ્યનો ફાળો નોંધપાત્ર રહેવા પામે છે. આવા રાષ્ટ્રો મહદઅંશે મૂડીની અછતનો સામનો કરતાં હોય છે અને ઝડપી ઔદ્યોગિકરણ માટે મોટા પ્રમાણમાં મૂડી રોકાણની આવશ્યક્તા રહે છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિગત ખાનગી રોકાણ પર આધાર રાખવામાં આવે તો ઔદ્યોગિક વિકાસની સાથે સાથે રાષ્ટ્રનો આર્થિક વિકાસ પણ અવરોધાય. તાઈવાનનું ઉદાહરણ લઈએ તો જો માઈક્રો પ્રોસેસર ચીપના ઉત્પાદન માટે ફક્ત ખાનગી ક્ષેત્ર પર જ આધાર રાખવામાં આવ્યો હોત તો આજે તાઈવાન માઈકો ચીપનો વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ બની શક્યો ના હોત. આમ, ઔદ્યોગિક વિકાસમાં રાજ્યની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. તો બીજી બાજુ ઔદ્યોગિક વિકાસ થતાં રાજ્યની કર આવકમાં પણ નોંધપાત્ર વધારો થાય છે. આ કર આવકના પૂનઃ રોકાણ અને પુનઃ વહેંચણી દ્વારા રાજ્ય તેના અનેક લક્ષ્યાંકો સિધ્ધ કરી શકે છે.

## 5.9 ઔદ્યોગિક ક્ષેત્રનો રાજ્ય સાથેનો સંબંધ

બજાર એ અર્થતંત્રનું ચાલક બળ છે. બજારના પરિબળો જ કઈ વસ્તુનું કેટલા પ્રમાણમાં ઉત્પાદન કરવું તે નક્કી કરે છે. જે વસ્તુની બજારમાં માંગ હોય તેનું જ ઉત્પાદન કરાય છે અને જે વસ્તુની માંગ ના હોય તેનું ઉત્પદન કરવામાં આવતું નથી. ઉદ્યોગનો હેતુ નફાનો હોય છે તેથી તે બજારમાં પ્રવર્તમાન માંગને ધ્યાનમાં રાખીને ઉત્પાદનનું પ્રમાણ અને તેની કિંમત નક્કી કરે છે. ઉત્પાદનની કિંમતનો અધાર બજારના સ્વરૂપ અને વસ્તુની માંગની મૂલ્ય સાપેક્ષતા પર રહેલો છે. જો બજાર અપૂર્ણ હોય તો ઉત્પાદક ઊંચી કિંમત વસૂલી શકે છે. તેમજ જે વસ્તુની મૂલ્ય સાપેક્ષતા ઓછી હોય તેની કિંમત ઊંચી અને જેની મૂલ્ય સાપેક્ષતા વધારે હોય તેની કિંમત નીચી રાખવામાં આવે છે. જો વસ્તુ સ્થાનિક બજારમાં જ વેચાતી હોય તો ઔદ્યોગિક ઉત્પાદન ઓછું રહેતાં ઔદ્યોગિક વિકાસ પણ મંદ રહે છે અને જો બજાર વિશાળ હોય તો તે ઉદ્યોગનો વિકાસ ઝડપી થાય છે. બીજી બાજુ, ઔદ્યોગિક વિકાસ થતાં બજારનું કદ પણ વિસ્તરતું જાય છે. મોટા પ્રમાણમાં ઉત્પાદન થતાં કદ વિકાસના લાભ પ્રાપ્ત થતાં વસ્તુ નીચી કિંમતે બજારમાં ઉઅપલબ્ધ થતાં તેનું બજાર વિસ્તાર પામે છે.

## 5.10 સારાંશ

આ પ્રકરણમાં આપણે ઔદ્યોગિક વિકાસના અર્થ, મહત્ત્વ, તેને અસર કરતાં વિવિધ પરીબળો તેમજ ઔદ્યોગિક ક્ષેત્રના અર્થતંત્રના અન્ય ક્ષેત્રો જેવાં કે કૃષિ અને સેવા સાથેના અંતર સંબંધોની સમજ મેળવી. આ ઉપરાંત સમાજ અને રાજ્ય આદ્યોગિક વિકાસ સાથે કેવી રીતે સંકળાયેલા છે તે પણ સમજાવવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. અહીં બજાર રચના અને ઉદ્યોગો વચ્ચેના આંતર સંબંધની પણ ચર્ચા કરવામાં આવી છે.

## 5.11 ચાવીરૂપ શબ્દો

**ઔદ્યોગિક વિકાસ કે ઔદ્યોગિકરણઃ** ઔદ્યોગિકરણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં ઉત્પાદન પ્રક્રિયા, ઔદ્યોગિક સંગઠન, ઉત્પાદન પ્રધ્ધતિ, ઉત્પાદનના સાધનો, બજાર વગેરેમાં સતત અને મૂળભૂત પરિવર્તનો થતા હોય છે.

**આર્થિક વિકાસઃ** રાષ્ટ્રિય આવક અને માથાદીઠ આવકમાં થતા સતત વધારાની સાથે સાથે દેશમાં થતા માળખાલક્ષી પરિવર્તનો જેમાં ગરીબી અને બેરોજગારી નાબુદીનો પણ સમાવેશ થાય છે.

**અલ્પવિકસિત કે વિકાસશીલ દેશઃ** જે દેશની રાષ્ટ્રિય આવક, માથાદીઠ આવક તથા લોકોના જીવનધોરણની કક્ષા વિકસિત દેશોની તુલનામાં ખૂબ નીચી હોય તેવા દેશો.

**ઉત્પાદક્તાઃ** ઉત્પાદન સાધનદીઠ સરેરાશ ઉત્પાદન

$$\text{ઉત્પાદક્તા} = \frac{\text{કુલ ઉત્પાદન}}{\text{ઉત્પાદનના સાધનના એકમોની સંખ્યા}}$$

**મૂડીસર્જનઃ** વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવા માટે જરૂરી મૂડી સાધનો ઉભાં કરવાની પ્રક્રિયા કદ વિકાસના લાભઃ પેઢીનું કદ વધવાથી એટલે કે ઉત્પાદનશક્તિમાં વધારો થવાથી લાંબાગાળામાં સરેરાશ ઉત્પાદન ખર્ચમાં થતો ઘટાડો.

## 5.12 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) ઔદ્યોગિક વિકાસ કે ઔદ્યોગિકરણ એટલે શું ?

(2) આર્થિક વિકાસમાં ઔદ્યોગિક વિકાસના મહત્ત્વની ચર્ચા કરો.

(3) ઔદ્યોગિક વિકાસને અસર કરતાં પરિબળોનું વર્ણન કરો.

(4) કૃષિ ક્ષેત્ર અને ઔદ્યોગિક ક્ષેત્ર વચ્ચેના આંતરસંબંધોની ચર્ચા કરો.

(5) ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવા વચ્ચેના આંતરસંબંધો સમજાવો.

(6) સમાજના ઔદ્યોગિક ક્ષેત્ર સાથેના આંતરસંબંધોની ચર્ચા કરો.

(7) રાજ્ય અને ઉદ્યોગો વચ્ચેના આંતરસંબંધોની ચર્ચા કરો.

(8) બજાર અને ઉદ્યોગો વચ્ચેના આંતરસંબંધો સમજાવો.

**(બ) બહુવિકલ્પી પ્રશ્નોઃ**

1. મોટા ભાગના વિકસિત દેશો એ ............ થકી જ ઝડપી આર્થિક વિકાસ સાધ્યો છે.

   (અ) કૃષિક્ષેત્રના વિકાસ (બ) ઔદ્યોગિક વિકાસ

   (ક) માનવ વિકાસ (ડ) સંસાધન વિકાસ

2. ............ દ્વારા દેશ વેપાર શરતોને પોતાની તરફેણમાં કરી શકે છે.

   (અ) ઔદ્યોગિક વિકાસ (બ) કૃષિ ઉત્પાદનની વૃધ્ધિ

   (ક) શિક્ષણ (ડ) પ્રાથમિક પેદાશોની નિકાસ વૃધ્ધિ

3. ઉત્પાદનના સાધનોને સંયોજિત કરી માનવી દ્વારા ઉપયોગમાં લઈ શકાય એવી વસ્તુઓનું ઉત્પાદન કરતા વ્યવસાયિક એકમોને ............ કહે છે.

   (અ) ઉદ્યોગ (બ) પેઢી

   (ક) વ્યાપાર (ડ) ઉપરમાંથી એકપણ નહિ

4. જે ઉત્પાદન પધ્ધતિમાં મૂડી સાધનનો ઉત્પાદન પ્રક્રિયામાં ઘનિષ્ટ રીતે ઉપયોગ થતો હોય તેવી ઉત્પાદન પધ્ધતિને ............ કહે છે.

   (અ) શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ (બ) મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિ

   (ક) મૂડીની બચત કરતી ઉત્પાદન પધ્ધતિ (ડ) ઉપરમાંથી એકપણ નહિ

5. જે ઉત્પાદન પધ્ધતિમાં શ્રમ સાધનનો ઉત્પાદન પ્રક્રિયામાં ઘનિષ્ટ રીતે ઉપયોગ થતો હોય તેવી ઉત્પાદન પધ્ધતિને ............ કહે છે.

   (અ) શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ (બ) શ્રમ બચત કરતી ઉત્પાદન પધ્ધતિ

   (ક) મૂડી પ્રધાન ઉત્પાદન પ્રધ્ધતિ (ડ) ઉપરમાંથી એકપણ નહિ

6. મોટા ભાગના વિકાસશીલ રાષ્ટ્રોના રાષ્ટ્રિય ઉત્પાદનનો મોટો હિસ્સો ............ ક્ષેત્રમાંથી આવે છે.

   (અ) કૃષિ (બ) ઉદ્યોગ (ક) સેવા (ડ) વેપાર

7. કૃષિ ક્ષેત્ર અને ઔદ્યોગિક ક્ષેત્રમાં સાધનની ઉત્પાદક્તા ............ જોવા મળે છે.

   (અ) સરખી (બ) કૃષિ ક્ષેત્ર કરતાં ઔદ્યોગિક ક્ષેત્રમાં નીચી

   (ક) કૃષિ ક્ષેત્ર કરતાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉંચી (ડ) અનિર્ણિત

8. ............ ક્ષેત્રે પ્રચ્છન્ન અને મૌસમી બેરોજગારી મોટા પ્રમાણમાં જોવા મળે છે.

   (અ) પ્રાથમિક (બ) દ્વિતિય (ક) તૃતિય (ડ) વેપાર

9. ............ ના કારણે ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદનના સાધનો કુલ ઉત્પાદનમાંથી વધારે હિસ્સો મેળવે છે.

   (અ) શ્રમપ્રધાનતા (ક) નીચી ઉત્પાદક્તા (બ) ઉંચી ઉત્પાદક્તા (ડ) શ્રમ પ્રચુરતા

10. વિકાસના શરૂઆતના તબક્કામાં ઔદ્યોગિક ક્ષેત્રે શ્રમનો પુરવઠો ............ હોય છે

    (અ) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ (બ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ

    (ક) એકમ મૂલ્યસાપેક્ષ (ડ) એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ

- **સંદર્ભ સૂચિ**


- Kuchhal S.C. (1960). The Industrial Economy of India. Anmedabad: Chaitanya Publishing House.
- Pei-Kang Chang. (1949). Agriculture and Industrialisation. Cambridge: Harvard University Press.
- सिन्हा वी. सी. (2007), औद्योगिक अर्थशास्त्र, इलाहाबाद: लोकभारती प्रकाशन.
- પટેલ આર. સી., પટેલ સી. એ., એન્ડ મોદી એ. એમ. (1987-88). ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, સુરત: પોપ્યુલર પ્રકાશન.


- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(૧) બ, (૨) અ, (૩) અ, (૪) બ, (૫) અ, (૬) બ, (૭) ક, (૮) અ, (૯) બ, (૧૦) બ

એકમ 6

# ઔદ્યોગિક ક્રાંતિ-I

-: રૂપરેખા :-


**6.0** ઉદ્દેશો

**6.1** પ્રસ્તાવના

**6.2** ઔદ્યોગિક ક્રાંતિ એટલે શું ?

**6.3** પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના લક્ષણો

**6.4** પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા પરિબળો

**6.5** પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિની અસરો

**6.6** દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિ

**6.7** દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના લક્ષણો

**6.8** દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા પરિબળો

**6.9** દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિની અસરો

**6.10** સારાંશ

**6.11** ચાવીરૂપ શબ્દો

**6.12** તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ સૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 6.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) એ સમજી શકશે કે શા માટે ઔદ્યોગિક વિકાસ જરૂરી છે.

(2) આ એકમના અભ્યાસ થકી વિદ્યાર્થી વર્ગ ઔદ્યોગિક ક્રાંતિ એટલે શું ? તે વિષે ચર્ચા કરી શકશે અને બીજાને સમજાવી શકશે.

(3) વિદ્યાર્થીને ઔદ્યોગિક ક્રાંતિના અર્થથી માહિતગાર કરી તેની તલસ્પર્શી સમજુતી પૂરી પાડવામાં આવશે જેથી પ્રથમ અને દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના લક્ષણો વિષે ચર્ચા કરી શકશે અને બીજાને સમજાવી શકશે.

(4) આ પ્રકરણ દ્વારા પ્રથમ અને દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા પરિબળો અંગે વિદ્યાર્થી વર્ગને અવગત કરવામાં આવશે જેથી તે અંગે બીજાને સરળતાથી સમજાવી શકે.

(5) પ્રથમ અને દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના ફળ સ્વરૂપે થયેલ હકારાત્મક અને નકારાત્મક અસરો આ પ્રકરણ દ્વારા વિદ્યાર્થી જાણી શકશે.

[1] Economic Growth and Income Inequality. The American Economic Review. Vol. 45, No.1, Pp. 128.

## 6.1 પ્રસ્તાવનાઃ

આજના ગતિશીલ યુગના સમયગાળામાં વિકાસ શબ્દએ ખુબજ ચર્ચાસ્પદ બની રહ્યો છે, કારણકે વિશ્વના દરેક રાષ્ટ્ર ઉચા વિકાસદરને પામવા માટે કમર કસી રહ્યા છે, તેમજ આર્થિક વિકાસના ઊંચા સ્તરે પહોચવા માટે સતત પ્રયત્નશીલ બની રહ્યા છે. વર્તમાન સમયમાં વિશ્વના સમૃદ્ધ દેશોની આર્થીક વિકાસનો ઈતિહાસ તપાસીએ તો જણાઈ આવે છે કે તેઓએ પોતાનો આર્થિક વિકાસ માળખાગત ફેરફાર દ્વારા કર્યો છે. પ્રો.કુઝનેટ્સના મંતવ્ય અનુસાર[1] કોઈપણ રાષ્ટ્રના આર્થીક વિકાસની પારંભિક તબક્કામાં કૃષિક્ષેત્ર મહત્ત્વ ધરાવતું હોય છે બીજા શબ્દોમાં કહીએ તો કૃષિ ક્ષેત્રનો ફાળો કુલ ઘરેલુ પેદાશમાં તુલનાત્મક રીતે વધુ જોવા મળે છે જયારે વિકસિત રાષ્ટ્રોમાં બિન કૃષિક્ષેત્રો મહત્ત્વ ધરાવતા હોય છે. એટલેકે પ્રવર્તમાન સમયના વિકસિત રાષ્ટ્રોએ પોતાના દેશનો ઉંચો આર્થીક વિકાસ બિન કૃષિ ક્ષેત્ર એટલેકે ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રના વિકાસ દ્વારા કર્યો છે. આ વિચારસરણી મુજબ આપણે આપણા ભારતીય રાષ્ટ્રનો આર્થિક અભ્યાસ કરીએ તો ભારતે આયોજન અપનાવ્યું તે સમયગાળામાં અર્થતંત્ર કૃષિ ક્ષેત્ર ઉપર આધારિત હતું જયારે બિન કૃષિ ક્ષેત્રનો ફાળો નહીવત રહેવા પામ્યો હતો. જયારે વર્તમાન સમયગાળામાં બિન કૃષિ ક્ષેત્રનો ફાળો વધવા પામ્યો છે જયારે કૃષિ ક્ષેત્રનો હિસ્સો કુલ ઘરેલુ પેદાશમાં તુલનાત્મક રીતે ઘટવા પામ્યો છે. આમ, વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક ક્ષેત્રનું તુલનાત્મક મહત્ત્વ વધી જવા પામ્યું છે. આ ઔદ્યોગિક ક્ષેત્ર અને ઔદ્યોગિક વિકાસએ 18મી સદીમાં ઈંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિને આભારી છે.[2] ઔદ્યોગિક કાંતીના ફળસ્વરૂપે ઈંગ્લેન્ડે જે ઔદ્યોગિક વિકાસ સાધ્યો તેમાંથી વિકાસમાં પાછળ રહેલા અલ્પવિકસિત તેમજ વિકાસશીલ રાષ્ટ્રોએ ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વ સ્વીકારી પોતાના રાષ્ટ્રની મહત્ત્વની આર્થિક નીતિના ઘડતરમાં ઔદ્યોગિક ક્ષેત્રને કેન્દ્રમાં રાખી નીતિ ઘડવાનું શરુ કર્યું છે.

વિશ્વની આર્થિક બાબતોનો અભ્યાસ કરવો એ અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે ફળદાયી નીવડતો હોય કારણકે અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓએ વિશ્વના વિવિધ રાષ્ટ્રોએ પોતાનો આર્થિક વિકાસ કઈ રીતે કર્યો છે ? વિવિધ રાષ્ટ્રોની આર્થિક વિકાસની યાત્રામાં કયા ક્ષેત્રનો ફાળો સવિશેષ રહ્યો છે ? કોઈપણ રાષ્ટ્રના આર્થીક વિકાસના પારંભિક તબક્કામાં કયા ક્ષેત્રનો ફાળો વધુ રહેવા પામ્યો હતો. આમ વિશ્વના રાષ્ટ્રોની આર્થીક વિકાસના સંબધિત ઔતિહાસિક વ્યૂહરચના જાણવા અને સમજવા માટે અર્થશાસ્ત્ર વિષયક આર્થીક બાબતો જાણવી વિદ્યાર્થીઓ માટે જરૂરી અને મહત્ત્વની સાબિત થાય છે.

પ્રસ્તુત પ્રકરણમાં અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓને ઔદ્યોગિક ક્રાંતિ એટલે શુ ? ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા પરિબળો, ઔદ્યોગિક ક્રાંતિના લક્ષણો અને ઔદ્યોગિક ક્રાંતિની અસરોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

## 6.2 ઔદ્યોગિક ક્રાંતિ એટલે શું ?

વર્તમાન સમયગાળોએ ઔદ્યોગિક યુગ તરીકે ઓળખાય છે કારણકે વર્તમાન સમયમાં જે ઉદ્યોગોનો વિકાસ થઇ રહ્યો છે, તેનું તુલનાત્મક મહત્ત્વ વધી રહ્યું છે તે ઔદ્યોગિક ક્રાંતિને આભારી છે આ ઔદ્યોગિક કાંતિના મૂળ બ્રિટનમાં નંખાયા અર્થાત ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત 18 મી સદીના મધ્યભાગથી 19મી સદીના શરૂઆતમાં બ્રિટનમાં થઇ હતી. આ ક્રાંતિ વિશ્વમાં એક એતિહાસિક પરિવર્તન ઔદ્યોગિક ક્ષેત્રે લાવ્યું, જેના પરિણામ સ્વરૂપ વિશ્વમાં માનવીના જીવનને ઘરમૂળથી બદલી નાખ્યું અને ઔદ્યોગિક ક્ષેત્ર ઉદ્યોગ સાહસિકની ઉત્પાદન પ્રવૃત્તિને

[2] ઉદ્યોગોનું અર્થશાસ્ત્ર (1972) ઠક્કર ગીરીશ

પણ બદલી નાખી જેમાં વિપુલ પ્રમાણમાં શોધખોળ થવા પામી, નવપ્રવતન કરવાની શક્તિને પ્રોત્સાહન અને વેગ મળવાથી ઉત્પાદન પદ્ધતિમાં અસાધારણ ફેરફાર થયો, મોટાપાયે અને ઉચ્ચ સ્તરે ઉત્પાદન શરુ થતા રોજગારીની તકો વિસ્તરણ પામી, તુલનાત્મક રીતે વધુ શ્રમિકોની જરૂરીયાત ઉભી થતા શ્રમિક વર્ગની આવકમાં વધારો નોધાયો અને તેઓના જીવન ધોરણમાં સુધારો અને વધારો થવા પામ્યો.

ઔદ્યોગિક ક્રાંતિના અર્થને વધુ સરળતાથી નીચેના મુદ્દાઓ દ્વારા સમજી શકાશે.

- હાથ ઉત્પાદન પદ્ધતિથી મશીનો તરફ જવાનું વલણ અર્થતંત્રમાં રહે છે ટૂંકમાં પરંપરાગત ઉત્પાદન પદ્ધતિને બદલે યંત્ર સામગ્રીનો ઉપયોગ મહદઅંશે કરવામાં આવે છે.
- ઉત્પાદન પદ્ધતિ ઘરના સભ્યોના,પાડોશી, કુટુબીજનોના સ્થાને ગ્રામીણ કે શહેરી વિસ્તારમાં રહેલા બેકારો/શ્રમિકો દ્વારા ઉત્પાદન પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.
- ઘરગથ્થુ મૂડી સાધનના ઉપયોગના બદલે નાણાકીય સંસ્થાઓ પાસેથી ધિરાણ મેળવી ઔદ્યોગિક પ્રવૃત્તિ શરુ કરવામાં આવે છે.
- મજુરોને મોટા પાયે ઉત્પાદન પ્રક્રિયામાં રોકવામાં આવે છે.
- કૃષિ, ગ્રામ અને ગૃહ આધારિત ઉદ્યોગ જે નાના પાયે ઉત્પાદન કરતા હતા તે ઔદ્યોગિક ક્રાંતિ બાદ મોટા પાયે ઉત્પાદન હાથ ધરે છે.

## 6.3 પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના લક્ષણો

પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિનો સમયગાળો 1750 થી 1850 ના સૈકાનો ગણવામાં આવે છે[3] આ પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના લક્ષણોનો અભ્યાસ કરવાથી અર્થતંત્રમાં આવેલ પરિવર્તનો સરળતાથી સમજી શકાશે.

1. પહેલા કરતા ઉત્પાદન વિશાળ પ્રમાણમાં કરવામાં આવે છે.
2. વૈજ્ઞાનિક શોધખોળ અને નવપ્રવર્તન દ્વારા વધુ ઉત્પાદન હાથ ધરાય છે.
3. ઔદ્યોગિક ક્ષેત્રે યાંત્રીકરણનો ઉપયોગ કરવાથી સૌથી વધુ તેનો ફાયદો કાપડ ઉદ્યોગને થયો છે કાપડના ઉત્પાદન અને ઉત્પાદકતા બંનેમાં વધારો જોવા મળ્યો છે. ઉદાહરણ તરીકે સ્પીનીંગ મિલ, પાવર લૂમના ઉપયોગ થકી ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો નોધાયો.
4. પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ લોખંડ, કોલસો અને કાપડ સુધી માર્યાદિત રહેવા પામી હતી એટલેકે આ સમયગાળા દરમિયાન તુલનાત્મક રીતે લોખંડ, કોલસો અને કાપડ ક્ષેત્ર પર વધુ ધ્યાન કેન્દ્રિત હતું.
5. પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત વરાળ એન્જીનની શોધને પરિણામે થવા પામી અને યાન્ત્રીકરણને આભારી રહી છે. વરાળ એન્જીનના ઉપયોગને પરિણામે ઔદ્યોગિક ઉત્પાદનની ઝડપ, ઉત્પાદન પ્રક્રિયામાં સુગમતા અને ઉત્પાદકતા વધવા પામી હતી.
6. પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન વરાળ એન્જીન સિવાય ઉર્જા શક્તિ મેળવવા માટે કોલસો અને પેટ્રોલિયમ વપરાશ પણ વધવા પામ્યો.
7. પરંપરાગત કુટીર અને ગ્રામ ઉંધોગોના સ્થાને નવી ફેક્ટરી સીસ્ટમ અને કારખાનાઓ

[3] વિદેશોનો આર્થિક વિકાસ (1973) મહેતા એસ.બી.

અસ્તિત્વમાં આવ્યા અને ઉત્પાદન પદ્ધતિમાં સમૂળગા પરિવર્તનો આવ્યા.

8. માલસામાનનું મોટા પાયે ઉત્પાદન શરુ કરવામાં આવતા શ્રમદળની મોટી માત્રામાં જરૂરીયાત ઉભી થઇ અને ગ્રાહકોની મોટી માત્રામાં માંગ સંતોષવા માટે શ્રમીકોને પાળી મુજબ કાર્ય સોપવામાં આવ્યું.

9. આધોગિક વસાહતો ઉભી થતા વધુ શ્રમિકોની જરૂરિયાત જણાતા ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં શ્રમ દળ ગતિ કરવા લાગ્યું જેને પરિણામે શહેરીકરણ વધવા પામ્યું.

10. ટેકનોલોજીકલના વિકાસના પરિણામે (યાન્ત્રીકરણ) પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન માલસામાન અને લોકોની અવરજવરમાં સુવિધાઓ વધી. ઉદાહરણ તરીકે વાહન વ્યવહાર, પરિવહન અને માળખાગત સુવિધાઓ જેવીકે નહેરો, સુધારેલા રસ્તાઓના વિકાસને લીધે ઉત્પાદનનો કાચો માલ સમાન અને તૈયાર વસ્તુઓના આવાગમન માટે સરળતા વધવા પામી.

11. મોટાપાયે ઉત્પાદન શક્ય બનતા શ્રમ વિભાજનનો લાભ લેવાનું શક્ય બન્યું. ઉત્પાદનના ચોક્કસ પાસાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શ્રમીકની કાર્યક્ષમતા અને સાધનની ઉત્પાદકતા વધવા પામી.

12. પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન મૂડીવાદના મૂળ નંખાયા; ઉદ્યોગ સાહસિકોએ વધુને વધુ નફો કમાવાની વૃતિને લીધે મુડીસંચય તરફ વળ્યા અને પોતાનો હેતુ પરિપૂર્ણ કરવા નવી શોધખોળ, નવીનીકરણ અને ઉત્પાદનની મુડીવાદી પદ્ધતિઓના વિકાસ શક્ય બન્યો.

13. ઔદ્યોગિક ક્રાંતિ પહેલા કારીગર મંડળ અસ્તિત્વ ધરાવતા હતા[4], કુશળ શ્રમિક વર્ગ પોતેજ ઉદ્યોગ સાહસિક હતો કોઈ મજુર સંઘ અસ્તિત્વમાં આવ્યા નહતા. ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે વેતન કમાણી કરનાર વર્ગ ઉદભવ્યો અને વેતનદાર અને તેમને લગતા પ્રશ્નો ચર્ચાયા અને વિકાસ પામ્યા.

14. પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન બે વર્ગ અસ્તિત્વમાં આવ્યા જેમાં ઉદ્યોગપતિ વર્ગ અને કામદાર વર્ગ (શ્રમિક વર્ગ) ત્યારબાદ શ્રમિક વર્ગના પ્રશ્નો ચર્ચામાં આવ્યા.

15. સમાજ જીવન ઉપર ઔદ્યોગિક ક્રાંતિની અસર જોવા મળી જેમકે લોકોની વપરાશ કરવાની તરાહ બદલાઈ, કૌટુંબિક વ્યવસ્થામાં પરિવર્તન આવ્યું, સામાજિક માળખું બદલાયું રહેણી કરણી વગેરે સામાજિક મુદ્દાઓ ઉપર ઔદ્યોગિક ક્રાંતિની આગવી લાક્ષણિકતાઓ જોઈ શકાઈ.

## 6.4 પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા પરિબળો

પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ ઉદ્દભવી જેની પાછળ આર્થીક, સામાજિક, તકનીકી અને રાજકીય પરિબળો રહેલા છે. ઉદ્યોગોના વિકાસ અને વૃદ્ધિ માટે ઘણા બધા પરિબળો રહેલા છે જેના પરિણામ સ્વરૂપ પોષક વાતાવરણ મળ્યું અને પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના ફળ વૈશ્વિક જનતાને ચાખવા મળ્યા. જે પૈકી પ્રથમ ઔદ્યોગિક કાંતિને અસર કરતા પરિબળોમાં નીચેના મુખ્ય પરિબળોનો સમાવેશ કરી શકાય.

1. કૃષિ ક્ષેત્રનું આમૂલ પરિવર્તન : કૃષિ ક્ષેત્રે થયેલું આમૂલ પરિવર્તન એટલે કૃષિ ક્રાંતિ ;

[4] ઉદ્યોગોનું અર્થશાસ્ત્ર (1972) ઠક્કર ગીરીશ

1750 થી 1820 ના સમયગાળામાં બ્રિટનમાં કૃષિ ક્રાંતિ થઈ[5] ખેડૂતોને ઉચ્ચ સ્તરની કૃષિ ઉત્પાદકતા પ્રાપ્ત થવા લાગી જેની હકારાત્મક અસર ખેડૂતોની આવક ઉપર થતા ખેતીના નવા ઓજારોની માંગમાં વધારો થયો, નવી તકનીકી વાપરતા થયા આમ, કૃષિ અને ઉદ્યોગ બન્ને ક્ષેત્ર પુરક તરીકે વિકાસ પામ્યા.

2. તકનીકી નવપ્રવર્તન : તકનીકી નવપ્રવર્તનને કારણે પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને અગત્યનું ચાલક બળ મળી રહ્યું અને ઔદ્યોગિક ક્રાંતિને ચલાવવામાં અને આગળ ધપાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી. જેમાં કોલસો અને વરાળ એન્જીન જેવી શોધને પરિણામે ઉત્પાદન કાર્યક્ષમતા, ઉત્પાદકતા અને ઉત્પાદનમાં વધારો નોધાયો.

3. કુદરતી સંશાધનઃ ભૌગોલીક સાનુકુળતાઓને કારણે બ્રિટનમાં ઔદ્યોગિક ક્રાંતિ થવા પામી બ્રિટનમાં તે સમયગાળા દરમિયાન લોખંડ અને કોલસાની ખાણો મળી આવતા ઔદ્યોગિક ક્રાંતિનો માર્ગ સરળ થઈ જવા પામ્યો.

4. વાહન વ્યવહારનો વિકાસ : બ્રિટનમાં સઢવાળા વહાણો થવાથી દરિયાઈ મુસાફરી સરળ બનવા પામી સ્ટીમ એન્જીન થકી પણ વાહન વ્યવહાર ઝડપી અને સુંગમ બન્યો જેના કારણે ઉત્પાદિત માલનું વેચાણ કરવું સરળ થયું. દરિયાઈ મુસાફરી દ્વારા બજારનો વિકાસ અને વિસ્તાર થવા પામ્યો અને બજારનું વિસ્તરણ અને આંતરરાષ્ટ્રીય બજાર પ્રાપ્ત થયું.

5. ઉદ્યોગ સાહસિકતા : ઉદ્યોગકારની ઉદ્યમશીલતા અને નવીનીકરણ અપનાવવાની ઉદાર ભાવનાએ ઔદ્યોગિક પ્રવૃત્તિને વેગ આપ્યો. જે ઉદ્યોગસાહસિક પાસે મૂડી ઓછી હતી તેઓએ ઉછીની મુડીથી ઔદ્યોગિક પ્રવૃત્તિ શરુ કરી જોખમ ખેડવાની નવતર પહેલ કરી જે આગળ જતા ઔદ્યોગિક ક્રાંતિમાં પરિણમી.

6. સાંસ્કૃતિક અને બૌદ્ધિક પરિવર્તનઃ સંસ્કૃતિક અને બૌદ્ધિક પરિવર્તનો સમાજમાં આવવાથી વૈજ્ઞાનિક વિચારનો ઉદય, નવા વિચારો અપનાવવા, જૂની માન્યતાઓ ત્યજવી, તર્કસંગત પ્રયોગો વગેરે બાબતોમાં હકારાત્મક દિશામાં પરિવર્તન આવવાથી પણ ઔદ્યોગિક ક્રાંતિનો માર્ગ સરળ અને અવરોધ વિનાનો બનવા પામ્યો છે.

7. માળખાગત પરિવર્તન : બ્રિટનમાં 18મી સદીમાં ખેત સુધારાઓ થયા જેમાં બીડાણ ચળવળ / સીમા બંધી[6] (Enclosure movement), જમીનના એકત્રીકરણ, પાક પરિભ્રમણ વગેરે પરિબળોએ ના લીધે નાના ખેડૂતો પાસેની જમીન મોટા ખેડૂતો પાસે હસ્તાંતર થઈ ગ્રામીણ વિસ્તારના નાના ખેડૂતોને (શ્રમના પુરવઠા) શહેરી વિસ્તાર તરફ દોરી ગયા પરિણામે ઔદ્યોગિક ક્ષેત્રમાં શ્રમ સસ્તો મળવા લાગ્યો અને તે સરળતાથી ઔદ્યોગિક ક્રાંતિ તરફ દોરી ગયો.

8. સામાજિક પરિવર્તન : બ્રિટનમાં ઔદ્યોગિક ક્રાંતિ પાછળનું અગત્યનું પરિબળ પૈકીનું એક પરિબળ સામાજીક ગણાવી શકાય ઔદ્યોગિક વિકાસ થતા ગ્રામીણ વિસ્તારમાંથી શ્રમ શહેરમાં આવવા તૈયાર થયો, કૃષિમાંથી ઔદ્યોગિક ક્ષેત્રે સ્થળાંતર થવા તૈયાર થતા ઔદ્યોગિક ક્રાંતિને વેગ મળ્યો.

## 6.5 પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિની અસરો :

પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિએ માનવ ઈતિહાસમાં પરિવર્તનશીલ સમયગાળો હતો, જે આધુનિક ઔદ્યોગિક સમાજોની શરૂઆતને ચિહ્નિત કરે છે, તેના પરિણામ સ્વરૂપ બ્રિટનમાં શરુ

[5] ઉદ્યોગોનું અર્થશાસ્ત્ર (1972) ઠક્કર ગીરીશ

[6] વિદેશોનો આર્થિક વિકાસ (1973) મહેતા એસ.બી. Pp34

થયેલી ઔદ્યોગિક ક્રાંતિના ફળ સ્વરૂપ અનેક અસરો સમગ્ર વૈશ્વિક સ્તરે જોવા મળે છે જે પૈકી કેટલીક અસરો હકારાત્મક તો કેટલીક અસરો નકારત્મક જોવા મળે છે સૌપ્રથમ અહીં હકારાત્મક અસરો ઉપર પ્રકાશ પાડીશું.

**પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિની હકારાત્મક અસરો :**

ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે જે અસરો અર્થતંત્ર ઉપર વર્તાતી જોવા મળી હતી જેને પરિણામે સમગ્ર અર્થતંત્રમાં ઘણા બધા આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રે હકારાત્મક પરિવર્તન આવેલ છે જે નીચે મુજબ દર્શાવી શકાય.

1. આર્થિક વૃદ્ધિ અને તેની અસરો : પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે જે અર્થવ્યવસ્થા પહેલા કૃષિ આધારિત હતી અને ઉદ્યોગો હસ્તકલા આધારિત હતા તે યંત્ર આધારિત ઉદ્યોગો તરફ પરિવર્તિત થવા પામ્યા ટૂંકમાં હાથ વડે જે ઉત્પાદન થતું હતું તે મશીનો દ્વારા બનતું થયું અને તેને પરિણામે ગુણવત્તા યુક્ત અને પ્રમાણમાં સસ્તી વસ્તુ મોટા પાયે ઉપલબ્ધ બની. અને ઔદ્યોગિક અર્થવ્યવસ્થામાં આવેલ આમૂલ પરિવર્તન મૂડી સંચય અને સંપતિના સર્જન તરફ લઇ ગઈ, જે અંતે ઊંચા આર્થિક વૃધ્ધિમાં પરિણમી.

2. તકનીકી નવીનીકરણ : ઔદ્યોગિક ક્રાંતિને કારણે તકનીકી નવીનીકરણ અર્થાત ટેકનોલોજીકલ નવપ્રવર્તન થવા પામ્યું. કારણકે આ સમયગાળા દરમિયાન સ્ટીમ પાવર, સ્ટીમ એન્જીન, આર્યન ઉત્પાદન, સ્પીનીંગ મિલ, પાણીના સ્રોતનો ઉર્જા તરીકે વગેરે શોધો શક્ય બની અને ઔદ્યોગિક ઉત્પાદન પ્રક્રિયાઓમાં ક્રાંતિ લાવી અને આર્થિક વૃદ્ધ અને ઔદ્યોગિક ક્રાંતિને આગળ ધપાવી.

3. શહેરીકરણઃ ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે શહેરીકરણ થવા પામ્યું જેની હકારાત્મક અસર એ જોવા મળી કે ગ્રામીણ વિસ્તારમાંથી શ્રમિકો શહેરોમાં સ્થળાંતર કરે છે અને ઔદ્યોગિક વસાહતોમાં શ્રમ સસ્તો અને સરળતાથી પ્રાપ્ત થઈ રહે છે. શહેરી વિસ્તાર વિકસવાને કારણે રોડ-રસ્તાઓ, પુલો અને રેલ્વે, પરિવહન અને સંચાર નેટવર્કમાં સુધારો થવા પામ્યો.

4. માળખાગત સુવિધાઓનો વિકાસઃ પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારના વિકાસને પરિણામે ઔદ્યોગિક વિકાસને વેગ મળ્યો નહેરો, રેલમાર્ગ, રોડ રસ્તાઓ, પુલને વિકાસના લીધે લોકો અને કાચા માલની અવરજવરને સરળ અને ઝડપી બનાવી, બે વિસ્તાર વચ્ચેનું અંતર ઘટવા પામ્યું, દૂરના પ્રદેશોને જોડયા અને વેપાર અને વાણિજયને ઉત્તેજન આપ્યું.

5. વ્યક્તિના જીવન ધોરણોમાં સુધારોઃ પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને કારણે ઘણા શ્રમિકોના જીવન ધોરણમાં સુધારો અને વધારો કર્યો. ઉત્પાદનમાં વધારો અને તકનીકી પ્રગતિએ માલસામાનની કિંમતમાં ઘટાડો કર્યો વસ્તુ સારી ગુણવત્તાયુક્ત ટકાઉ બનવા પામી, જે પહેલા વ્યક્તિ માટે તેના અંદાજપત્ર બહાર હતી જે સામાન્ય વ્યક્તિ માટે વધુ સુલભ અને પ્રાપ્ય બની.

6. આરોગ્ય વિષયક સુવિધાઓનું વિસ્તરણઃ વ્યક્તિનું સારૂ સ્વાસ્થ્ય તેની ઉંચી ઉત્પાદકતા અને કાર્યક્ષમતા તરફ દોરી જાય છે. ઔદ્યોગિક કાંતિએ જાહેર આરોગ્ય વિષયક સુવિધાઓના વિકાસ અને પ્રગતિને વેગ આપ્યો, તબીબી ક્ષેત્ર વિવિધ રસીકરણના કાર્યક્રમો અને બાળ આરોગ્ય તરફ અપાયેલ ધ્યાનને પરિણામે લાંબા આયુષ્યમાં ફાળો આપ્યો અને મૃત્યુદરમાં ઘટાડો કર્યો.

7. શૈક્ષણિક સુવિધાઓનું વિસ્તરણ : ઔદ્યોગિક ક્રાંતિ થતા સમાજમાં કુશળ તાલીમ પામેલ શ્રમીકની જરૂરીયાત ઉભી થતા તે શિક્ષણ પીરસતી સંસ્થાઓના વિસ્તરણ તરફ દોરી ગઈ. સરકારે પણ શાળા, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, તાલીમી સંસ્થાઓ પાછળ મૂડીરોકાણ કરવા તત્પર બની અને લોકોને શિક્ષણ અને વ્યક્તિગત વિકાસ માટેની તકો પૂરી પાડી.

8. સામાજિક અસરો : ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે શહેરીકરણ થવા પામ્યું જેનાથી વિભક્ત કુટુંબ અસ્તિત્વમાં આવતા કૌટુંબિક ગતિશીલતા અને જીવનશૈલીમાં પરિવર્તન સહિત નોંધપાત્ર સામાજિક ફેરફારો આવ્યા. નવો શહેરી કામદાર વર્ગ અસ્તિત્વમાં આવતા પરંપરાગત સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું. વ્યક્તિ સમાજના જુના પુરાણા રીત રીવાજોથી મુક્ત થઇ નવી વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુથી વિચારતો અને કાર્ય કરતા થયો જેના પરિણામે સમાજમાં અંધશ્રદ્ધા અને પરંપરાગત સામાજીક માળખાને સ્થાને નવું આધુનિક માળખું અસ્તિત્વમાં આવ્યું જે પહેલા કરતા વધુ આર્થિક વિકાસ માટે પોષક સાબિત થયું.

9. કૃષિ ક્ષેત્ર ઉપરની અસરો : ઔદ્યોગિકીકરણની કૃષિક્ષેત્ર ઉપર પણ અસરો થવા પામી, જમીનના ઉપયોગની તરાહ અને ગ્રામીણ અર્થવ્યવસ્થામાં બહુ મોટું અને આમૂલ પરિવર્તન આવ્યું. ઉદાહરણ તરીકે કૃષિમાં યાન્ત્રીકરણ અને કૃષિ નવીનતાઓએ કૃષિ ઉત્પાદકતામાં વધારો કર્યો અને જમીનના ઉપયોગને ઉત્પાદક બનાવ્યું.

10. વૈશ્વિક સ્તરે અસરઃ ઔદ્યોગિક કાંતિએ વિશ્વભરના રાષ્ટ્રો, વિવિધ અર્થવ્યવસ્થાઓ, વૈવિધ્યપૂર્ણ સમાજો અને વિવિધ સંસ્કૃતિઓને જોડવાનું કાર્ય કર્યું છે રાષ્ટ્રો વચ્ચે આંતરરાષ્ટ્રીય વેપાર અને આંતરજોડાણને ઉત્તેજન આપીને વિશીષ્ટિકરણ દ્વારા વેપારમાં અસાધારણ લાભ ઉભા કરી આપે છે અને આધુનિક વૈશ્વિક અર્થતંત્ર માટે પાયો નાખે છે.

**પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિની નકારાત્મક અસરો :**

પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના કારણે ઘણા હકરાત્મક અને વિકાસને પોષક ફેરફાર થવા પામ્યા અને અસરો નોધાય પરંતુ સાથે સાથે કેટલીક નકારાત્મક અસરો પણ જોવા મળી; જે નીચે મુજબ છે.

1. શ્રમિકોની દયનીય પરિસ્થિતિ : પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને કારણે ફેક્ટરીઓ અને ખાણોમાં મજૂરો માટે સખત કામ કરવાની પરિસ્થિતિઓ, કાર્યનું ગંદુ ગોબરું સ્થળ, હવા ઉજાસ વિનાનું, વધુ કામના કલાકો અને ઓછા વેતન, સાથે સાથે શ્રમિક વર્ગ માટે મજૂર યુનિયનો અસ્તિત્વમાં આવ્યા પરંતુ તેઓ એટલા વિકસેલા અને સંવેદનશીલ હતા નહિ. કામદારોના અધિકારોની હિમાયત કરતા જૂથો અને રાજકીય કાર્યકરોએ સુધારેલી કામની પરિસ્થિતિઓ, વાજબી વેતન અને સામાજિક કલ્યાણ સુધારા માટે ઝુંબેશ ચલાવી પરંતુ એટલી સફળ થઇ શકી નહિ, અને કામદારોએ શોષણ અને કામના અસુરક્ષિત વાતાવરણનો સામનો કરવો પડતો હતો.

2. સંશાધનોનું શોષણ અને પર્યાવરણીય અસરોઃ પ્રથમ ઔદ્યોગિક કાંતિના કારણે પર્યાવરણીય બાબતો ઉપર અસર થવા પામી તે સમયગાળા દરમિયાન પર્યાવરણ સરક્ષણ અંગે એટલા લોકો શિક્ષિત નહતા માટે પર્યાવરણની નકારાત્મક અસર રૂપે અમર્યાદિત કોલસા અને અન્ય અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ હવા અને જળ પ્રદૂષણ અને પર્યાવરણીય અધોગતિમાં વધારો થવા પામ્યો. આમ પ્રથમ ઔદ્યોગિક કાંતિ કોલસો, લોખંડ અને લાકડા જેવા કુદરતી સંસાધનોના શોષણને વેગ આપ્યો, જે પર્યાવરણીય અવક્ષય અને વનનાબૂદી તરફ દોરી ગયો.

3. બાળ મજુરી : પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળા દરમિયાન બાળ મજૂરીને લઈને કોઈ સ્પષ્ટ કાયદા અમલી હતા નહિ જેને પરિણામે ફેક્ટરી, કાપડ મિલ, ખાણોમાં બાળકો પાસેથી અસહ્ય કામ લેવામાં આવતું હતું.જેનાથી તેઓ શિક્ષણ અને બાળપણથી વંચિત રહી જવા પામતા હતા.

4. શહેરીકરણની સમસ્યા : પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન શહેરીકરણએ આર્થિક અને સામાજિક સમસ્યા સ્વરૂપે બહાર આવ્યું. શહેરીકરણના હકારાત્મક પાસાની સાથે કેટલીક નકારાત્મક બાબતો પણ જોડાયેલી છે ઉદાહરણ તરીકે ; ગીચ વસવાટ, ચોખ્ખું પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, બાગ બગીચા, શાળા, આરોગ્ય કેન્દ્ર વગેરે પાછળ સ્થાનિક સરકારે મોટા પાયે મૂડીરોકાણ ખર્ચ કરવું પડતું હોય છે, અને સ્થાનિક સરકાર ઉપર વધારાનું આર્થિક ભારણ આવી જતું હોય છે. આ ઉપરોક્ત સગવડ પૂરી પાડવામાં સરકાર જો વિમુખ થાય તો નાગરિકોનું જીવન ધોરણ નબળું અને જોખમાય છે.

5. સામાજિક અસરો; પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે સમાજ શ્રમિક વર્ગ અને માલિક વર્ગ એમ બે વર્ગમાં વિભાજીત થયો. બે વર્ગ અસ્તિત્વમાં આવતા એક તરફ ગરીબ વર્ગ અને બીજી બાજુ અમીર વર્ગ / મુડીપતિ વર્ગ ના પરિણામે સમાજ સામાજીક અશાંતિ અને વર્ગ સંઘર્ષ તરફ દોરી ગયો.

6. પ્રાદેશિક અસમાનતા : ઔદ્યોગિક વિકાસના પરિણામે મુડીસંચય વધવા પામ્યું મુડીપતિ વર્ગ વધુ ને વધુ નફાથી પ્રેરાય નફાકારક વિસ્તારમાં વધુ મૂડીરોકાણ કરતા થયા બીજી તરફ વધુ ઉત્પાદન માટે ગ્રામીણ વિસ્તારમાં પરંપરાગત કુટીર ઉદ્યોગો અને કુશળ હસ્તકલા કારીગરોના સ્થાને મશીનરીઓ ઉપયોગમાં લેવામાં આવતા કુશળ કામદારોનું વિસ્થાપન થયું અને ફેક્ટરીઓમાં ઓછા પગારની નોકરી સ્વીકારવાની ફરજ પડી એટલે ગ્રામીણ વિસ્તાર કરતા શહેરી અને તુલનાત્મક રીતે વિકસિત વિસ્તારમાં મૂડી અને કેળવાયેલ શ્રમનું કેન્દ્રીકરણ થવા પામ્યું અને પ્રાદેશિક અસમાનતા ઉભી થવા પામી.

પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિની આ નકારાત્મક અસરો સમાજ ઉપર, ખાસ કરીને કામદારો અને પર્યાવરણ જેવી સંવેદનશીલ બાબતો ઉપર હાનીકારક અસરો વર્તાય છે તેમ છતાં બ્રિટનમાં પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે વિશ્વને આર્થિક વિકાસ માટેનો એક નવો માર્ગ ચીધ્યો છે. આ પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન પ્રમુખ શોધમાં વસ્તુઓના સ્વરૂપગત અને વૈવિધ્યપૂર્ણતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી ગ્રાહકો સર્વોપરી બન્યા, અને ગ્રાહકોનું જીવન ધોરણ સુધરવા પામ્યું બીજી તરફ ઉદ્યોગપતિ નવી ઉત્પાદનપ્રણાલીઓ, ઉપકરણો, અને સેવાઓના વિકાસે સમાજની સમજ અને સંગઠનમાં મહત્ત્વપૂર્ણ પ્રભાવ પાડ્યો છે. સાથે સાથે માનવ સ્વાસ્થ્ય, જીવનશૈલી, સાંસ્કૃતિક વિકાસ, સામાજિક પરિવર્તન, અને પર્યાવરણને સંબંધિત બધા ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવ્યા છે.

## 6.6 દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિ

આર્થિક વિચારકો ઔદ્યોગિક ક્રાંતિને લગભગ બે સળંગ ભાગોમાં વિભાજિત કરે છે પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ તે માત્ર તુલનાત્મક રીતે બ્રિટન સુધી માર્યાદિત રહી ત્યારબાદ બીજી ઔદ્યોગિક કાંતિ (1850 પછીના સમયને ગણવામાં આવે છે.) 13મી સદીના અંતથી 20મી સદીની શરૂઆત સુધી પાંગરેલી જે બ્રિટન, ખંડીય યુરોપ, ઉત્તર અમેરિકા અને જાપાનમાં થઈ હતી આમ, બીજી ઔદ્યોગિક ક્રાંતિ વિશ્વના અન્ય ભાગોમાં ફેલાઈ ગઈ. બીજી ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન ઇલેક્ટ્રિક લાઇટ બલ્બ, ટેલિફોન, ઇલેક્ટ્રિક પાવર જનરેશન, હેનરી ફોર્ડ દ્વારા

ઓટોમોબાઈલ ઉત્પાદન, રાસાયણિક ઉદ્યોગમાં નોંધપાત્ર વિકાસ, કૃષિ મશીનરી, વગેરે શોધોએ આગળના સમયમાં વધુ ઔદ્યોગિક અને તકનીકી પ્રગતિનો પાયો નાખ્યો.

## 6.7 દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના લક્ષણો

દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિની અગત્યની લાક્ષણિકતાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

1. વીજળીકરણ : દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિનું સૌથી અગત્યનું લક્ષણ વીજળીકરણને ગણીએ તો તેમાં સહેજપણ અતિશયોક્તિ નથી કારણકે વીજળીકરણને પરિણામે અથવા વીજળીકરણના આધારે ઘણા ઉદ્યોગોના કામદારોની કાર્યક્ષમતા વધવા પામી અને ઉદ્યોગો વિકસવામાં સરળતા અને સફળતા પ્રાપ્ત થઈ.

2. વૈશ્વિક ઔદ્યોગિકીકરણ : દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળા દરમિયાન વૈશ્વિક સ્તરે ઔદ્યોગિકીકરણ ફેલાયું છે, જે પમ યુરોપ અને ઉત્તર અમેરિકાની બહારના વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ વિસ્તર્યો જેમાં જાપાન, રશિયા અને એશિયા અને લેઢિન અમેરિકાના ભાગો જેવા દેશોએ ઝડપી ઔદ્યોગિક વિકાસનો અનુભવ કર્યો.

3. તકનીકી નવીનતા અને કુશળતા : આ સમયગાળા દરમિયાન વીજળી, રસાયણશાસ્ત્ર, એન્જિનિયરિંગ અને દવા જેવા લેત્રોમાં પ્રગતિ સાથે તકનીકી નવીનતાનો વિકાસ થયો અને તેમાં પણ કુશળતા પ્રાપ્ત કરી. એકંદરે, બીજી ઔદ્યોગિક ક્રાંતિ ઝડપી તકનીકી નવીનતા, આર્થિક વૃદ્ધિ અને ગહન સામાજિક ફેરફારો દ્વારા વર્ગીકૃત કરવામાં આવી હતી.

4. શ્રમ કાયદાઓ અસ્તિત્વમાં આવ્યાઃ બીજી ઔદ્યોગિક ક્રંતિએ નોંધપાત્ર મજૂર કાયદાઓ લાવ્યા. કામદારોની સખત કામ કરવાની પરિસ્થિતિઓ, કામના કલાકો અને ઓછા વેતનનો સામનો કરવો પડતો હતો, જેના કારણે મજૂર ચળવળોનો ઉદય થયો અને શ્રમિક કાયદા માટેનું વાતાવરણ ઉભું થયું.

5. વાહન વ્યવહાર અને સંચાર માધ્યમ / કોમ્યુનિકેશનઃ વાહન વ્યવહાર અને સંચાર માધ્યમનો વિકાસ આધુનિક ઢબે થવા ડામ્યો જે પ્રથમ ઔદ્યોગિક કાંતિના સમયગાળા દરમિયાન શઢ વાળા વહાણ અને વરાળ એન્જીન સુધી સીમિત રહેલ વાહન વ્યવહાર દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના યુગમાં ટ્રાન્સપોર્ટેશન ટેક્નોલોજીમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી હતી. ટેલિગ્રાફ, ટેલિફોન અને પછીથી, રેડિયોએ સંદેશાવ્યવહારમાં સમુળગી કાંતિ લાવી, જ્યારે સ્ટીમશિપ અને ઓટોમોબાઈલ્સે પરિવહન નેટવર્કનું આમૂલ પરિવર્તન કર્યું.

6. મોટા પાયે ઉત્પાદન : હેનરી ફોર્ડ દ્વારા ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં ક્રાંતિ લાવી, દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના યુગમાં પોટા પાયે ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. મોટા પાયે ઉત્પાદન કરવાથી ઉત્પાદન સાધોનો કાર્યક્ષમતામાં વધારે થયો, ખર્ચમાં ઘટાડો થયો અને મોટા પાયે માલના ઉત્પાદન થવાથી સસ્તા દરે વસ્તુ પ્રાપ્ય બની.

## 6.8 દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા પરિબળો

પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા પરિબળોનો જે અગાઉ અભ્યાસ કર્યો છે તે સિવાય જે દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા પરિબળો છે તેનો અત્રે અભ્યાસ કરવામાં અવ્યો છે. વિવિધ બે સમયના બિંદુ વચ્ચે ઔદ્યોગિક વિકાસ થાય છે તે કયા પરિબળોને કારણે કેટલો વિકાસ નોધાયો તે ચોક્કસ માપી શકાતું નથી અને વિવિધ સમય દરમિયાન કયા પરિબળનો

ફાળો કેટલો રહેવા પામ્યો તે ચોક્કસ કહી શકાતું નથી તેમ છતાં અત્રે કેટલાક પરિબળોને અલગ તારવી તેનો અભ્યાસ કર્યો છે. દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના પરિણામ સ્વરૂપ ઘણા બધા પરિવર્તનો આવ્યા હતા જેની પાછળ રહેલા પરિબળોની છણાવટ અત્રે કરવામાં આવી છે.

1. રેલવે અને પરિવહન નેટવર્કનું વિસ્તરણઃ દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળા દરમિયાન વ્યાપક રેલ્વે નેટવર્ક નિર્માણ અને વિસ્તરણ પામતા કાચો માલ લાવવા અને તૈયાર માલસામાન બજાર સુધી લઈ જવા માટે લાંબા અંતરની પરિવહન સુવિધા મળી. રેલ્વેએ ઔદ્યોગિક વસાહત અને વિવિધ બજારને સાથે જોડ્યા, જેથી દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિને વેગ મળ્યો.

2. વીજળીના સ્ત્રોતઃ દ્વિનીય ઔદ્યોગિક ક્રાંતિ પાછળ વીજળીનો સ્ત્રોત પણ અગત્યનું પરિબળ માનવામાં આવે છે. વીજળીના કારણે ઔદ્યોગિક ઉત્પાદનમાં ક્રાંતિ આવી અને વીજળીથી ચાલતી મોટર્સે વરાળ એન્જીનનું સ્થાન લીધું જેથી મોટાપાયે ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધુ વધારો અને ખર્ચમાં ઘટાડો થયો.

3. વૈશ્વિકીકરણ : બીજી ઔદ્યોગિક ક્રાંતિની સફળતા, વેગ અને પ્રસરણએ વૈશ્વિકીકરણને આભારી છે. આંતરરાષ્ટ્રીય વેપારનું જે વિસ્તરણ થવા પામ્યું તે એકબીજા સાથે પરસ્પર જોડાયેલા બજારોનું સર્જન કર્યું અને આર્થિક વૃદ્ધિને આગળ ધપાવે છે.

4. તકનીકી શૈક્ષણિક જ્ઞાન : બીજી ઔદ્યોગિક કાંતિ દરમિયાન તકનીકી શૈક્ષણિક જ્ઞાન, વૈજ્ઞાનિક શોધ અને શૈક્ષણિક પ્રગતિએ ઔદ્યોગિક વિકાસની યાત્રાને આગળ ધપાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. ઉદાહરણ તરીકે તકનીકી જ્ઞાન પીરસતી યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ જ્ઞાનના આદાન-પ્રદાન અને સંશોધનને પ્રોત્સાહન આપ્યું, જે એન્જિનિયરિંગ ક્ષેત્રમાં ખુબજ ઉપયોગી નીવડ્યું.

5. શહેરીકરણ : બીજી ઔદ્યોગિક ક્રાંતિ માટે અગત્યનું પરિબળ શહેરીકરણને ગણી શકાય કારણકે પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના ફળ સ્વરૂપે જે ગ્રામીણ વિસ્તારોમાંથી ઔદ્યોગિક કેન્દ્રોમાં ધીમી ગતિએ શ્રમિકોનું સ્થળાંતર શરૂ થયું હતું તેના પરિપાક રૂપે ઉદ્યોગોને વિશાળ શ્રમદળ પૂરું પાડ્યું અને વપરાશી ચીજવસ્તુઓ માટે બજારોનું સર્જન કર્યું અને આર્થિક વિસ્તરણને વેગ મળ્યો.

6. ઉદ્યોગ સાહસિકતા અને મુડી સંચયઃ થોમસ એડિસન દ્વારા 1879માં બલ્બ, 1876માં એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલે ટેલિફોનની શોધ કરીને, હેનરી ફોર્ડ દ્વારા ઓટોમોબાઈલ ઉત્પાદનમાં સંશોધન, વિકાસ અને નવપ્રવર્તન દ્વારા ઉદ્યોગ સાહસિકતાની ખીલવણી કરી અને નફાની નવી તકો વિસ્તરતા મૂડીસંચયને વેગ મળવા પામ્યો, અને દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિની સફળતાના મંડાળ થયા.

7. સરકારી નીતિ અને અંકુશો : સરકારી નીતિઓ, નિયમો અને અંકુશોએ દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના વિકાસનો માર્ગ કંડારવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. સરક્ષણાત્મ્ક જકાત, રાહતો અને સરકારી હસ્તક્ષેપના અન્ય સ્વરૂપોએ સ્થાનિક ઉદ્યોગોકારને ટેકો પૂરો પાડ્યો અને તેમને વિદેશી સ્પર્ધાથી સુરક્ષિત કરી પગભર કર્યા. આ સિવાય, ઔદ્યોગિકીકરણના કેટલાક નકારાત્મક પરિણામોને નિયત્રીત કરવા માટે બાળ મજૂરી પ્રતિબંધો અને કાર્યસ્થળ સુરક્ષા જેવા નિયમો અને શ્રમ કાયદાઓ ઘડવામાં આવ્યા હતા.

8. પ્રથમ ઔદ્યોગિક કાંતિ દરમિયાન જે કઈ નકારાત્મક અનુભવો થવા પામ્યા હતા તેમાંથી બોધપાઠ લઈ બીજી ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન તે સુધારી વિકાસની યાત્રા આગળ

ધપાવવામાં સફળતા પ્રાપ્ત કરી અને ઊંચા પ્રગતિના શિખરે ઔદ્યોગિક વિકાસ માટે એક માળખું પૂરું પાડ્યું.

## 6.9 દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિની અસરો

બીજી ઔદ્યોગિક ક્રાંતિએ મુખત્વે વીજળીની શોધ અને તેનો ઉપયોગ પેટ્રોલિયમનો ઉપયોગ, ટેલીકોમ્યુનીકેશન વગેરેએ તેની હકારાત્મક અસરો સ્વરૂપે અર્થતંત્રમાં એક તેજી અને ઉત્સાહનું વાતાવરણ પૂરું પાડ્યું અને બીજી તરફ તેના કેટલાક નકારાત્મક પાસા પણ ઉદભવ્યા જે પૈકીની મોટાભાગની અસરોનો અભ્યાસ પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના વિભાગમાં કર્યો હોવાથી બાડીની અસરોનો અભ્યાસ અહી કરીશું.

**દ્વિતી ગ ઔદ્યોગિક ક્રાંતિની હકારાત્મક અસરો :**

1. તકનીકી પ્રગતિ : દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના વિકાસની સૌથી મોટી હકારાત્મક અસર તકનીકી પ્રગતિ (Technological Advancement) તરીકે થવા પામી. આ તકનીકી પ્રગતિઓમાં વીજળીનો વ્યાપક સ્વીકાર થવાથી ઉત્પાદન પ્રક્રિયાઓ, પરિવહન અને સંચારમાં ક્રાંતિ આવી, જેના કારણે શ્રમિકની કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો થયો.

2. ગ્રાહકની સર્વોપરી / પસંદગીનું ક્ષેત્ર વિસ્તર્યું : દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળામાં ગ્રાહકનું સ્થાન કેનદ્રવર્તિ બનવા પામ્યું. મોટા પાયે ઉત્પાદન હાથ ધરતા તેની અસર વસ્તુની કિમંત ઘટાડા તરફ દોરી ગઈ ઔધોગીકરણ, શહેરીકરણથી ગ્રાહકની વપરાશી ઢબ બદલાઈ. ઓટોમોબાઈલ એપ્લાયન્સીસ અને વપરાશી ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓની માંગમાં વધારો થતાં લોકોની જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન આવ્યું.

3. પ્રગતિશીલ સમાજની રચના : બીજી ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળામાં શહેરી વસ્તી અને વસાહતો તરફ જે લોકો સ્થળાંતર કરીને આવ્યા હતા તેઓનું સામાજિક સ્તર ઊંચું આવ્યું કારણકે શહેરી વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય અને અન્ય સુવિધાઓના વપરાશના કારણે લોકોનું જીવન ધોરણના સ્તરના સાથે તેઓને સામાજિક ગતિશીલતા તરફ દોરી ગયા જેમકે પરંપરાગત રૂઢિ, રીતિ-રિવાજ, સામાજિક બદીથી દૂર થઈ એક પ્રગતિશીલ સમાજની રચના થવા પામી.

4. મહિલા શ્રમિક સુધારાઓ : ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણના ઉદયને કારણે મહિલા શ્રમિકો માટે તકો વધવા પામી મહિલાઓએ પેઢીઓ, કારખાનાઓ, ઓફિસો અને સેવા ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી, આર્થિક વૃદ્ધિ અને સામાજિક પરિવર્તનમાં ફાળો આપ્યો. મજૂર ચળવળએ કામના કલાકો, સુધારેલી કામની પરિસ્થિતિઓ, વાજબી વેતન, બોનસ, કામ અંગેની વય મર્યાદા અને મહિલાઓના અધિકારોની હિમાયત કરી, જે નોંધપાત્ર મજૂર સુધારા તરફ દોરી જાય છે.

ઉપરોક્ત સકારાત્મક અસરો બીજી ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન ઉદભવી તેની સીધી અસરો પેઢીઓ, ઔદ્યોગિક સમાજ, સમગ્ર અર્થતંત્ર, અને ટેક્નોલોજી પર થતાં તેના ફાયદા સમગ્ર વિશ્વને પ્રાપ્ત થયા અને આધુનિક વિશ્વનું નિર્માણ કર્યુ. બીજી ઔવોગિક કાંતિ દરમિયાન કેટલીક નકારાત્મક અસરો ઊભી થવા પામી હતી અને આ અસરો પ્રથમ કે બીજી ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે ઉદભાવી છે તે સ્પષ્ટપણે કહી શકાય નહીં તેમ છતાં તે બે વચ્ચે ભેદરેખા દોરવાનો અહી પ્રયત્ન કરી કેટલીક અસરો દર્શાવી છે, જે નીચે મુજબ છે.

**દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિની નકારાત્મક અસરો :**

1. પર્યાવરણીય અધોગતિઃ દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળામાં નવી શોધખોળ, વીજળીકરણ, નવા યાંત્રિક મશીનો, વીજળીથી ચાલતા એન્જિન, દવા ઉદ્યોગ વિક્સવાને કારણે હવા, પાણી અને જમીનના પ્રદૂષણમાં વધારો નોધાયો. ઝડપી ઔદ્યોગિકીકરણ અને ફેક્ટરીઓના વિસ્તરણને કારણે પણ ધુમાડો, હાનિકારક રસાયણો અને નકામા ઉત્પાદનો, પ્રદૂષકોનું ઉત્સર્જનને કારણે ઔદ્યોગિક વિકાસ એ પર્યાવરણીય વિનાશ તરફ દોરી ગયો.

૨. કુટીર ઉદ્યોગો ઉપર પ્રતિકૂળ અસર : દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળા જે અધોગિકરણ થયું તેને પરિણામે ગ્રામ ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ, હસ્તકલા ઉદ્યોગો ઉપર પ્રતિકૂળ અસર જોવા મળી. ઇ.સ. 1850 થી 1890 બાદ અર્થાત પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના અંત અને બીજી ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન જે યાંત્રિકીકરણ અને મોટા પાયે ઉત્પાદન હાથ ધરાયું તેના કારણે પરંપરાગત હસ્તકલા અને કુટીર ઉદ્યોગોમાં ઘટાડો નોધાયો.

3. ઔદ્યોગિક અકસ્માતઃ દ્વિતીય ઔદ્યોગિક કાંતિના સમયગાળા દરમિયાન જે મોટા પાયે ઉત્પાદન હાથ ધરાયું અને મોટા વિશાળકાય યંત્રો ઉપયોગમાં લેવાયા જેના લીધે ઔદ્યોગિક અકસ્માતો અને વ્યવસાયિક જોખમો ઉદભવ્યા.

4. આરોગ્ય વિષયક જોખમોઃ દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળા દરમિયાન ઔદ્યોગિક રસાયણો, મશીનરી અને પ્રદૂષકોના પ્રસારથી કામદારો અને રહેણાંક વિસ્તારમાં નોંધપાત્ર પ્રદૂષણ-સંબંધિત બિમારીઓ ઊભી થવા પામી જેમાં શ્વસન તંત્રના રોગો અને ચામડીના રોગો સામાન્ય હતા, જેના કારણે રોગિષ્ઠતા અને મૃત્યુદરમાં વધારો થયો હતો.

5. સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદઃ બીજી ઔદ્યોગિક કાંતિના સમયગાળા દરમિયાન કામદાર સમાજમાં જે શોષણ, જુલમ અને સંઘર્ષો થયા તેના પરિણામે યુરોપિયન સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદી વિસ્તરણને વેગ આપ્યો.

## 6.10 સારાંશ

પ્રસ્તુત અભ્યાસના અંતે એ ફલિત થાય છે કે ઔદ્યોગિક ક્રાંતિએ વિશ્વના દેશોના ઔદ્યોગિક વિકાસને ઊંચા સ્તરે લઈ જવામાં અગત્યનો ફાળો આપ્યો છે. બ્રિટનના ઔદ્યોગિક ક્રાંતિની પ્રસારણ અસરોએ વિશ્વના રાષ્ટ્રોને વિકાસના ઊંચા સ્તરે લઈ જવામાં અગત્યનો ફાળો આપ્યો છે. બ્રિટનમાં ઔદ્યોગિક ક્રાંતિએ વિશ્વમાં એક માળખાગત પરીવર્તન લાવવામાં અગત્યની ભૂમિકા ભજવી જે પૈકી રોજગારીનું વિસ્તરણ, શહેરીકરણને લીધે સમાજમાં હકારાત્મક પરીવર્તન, મોટાપાયે ઉત્પાદન, વસ્તુની સરેરાશ કિમંતમાં ઘટાડો જેના લીધે ગ્રાહકોનું જીવન ધોરણ સ્તર ઊંચું આવ્યું વગેરે ... અર્થતંત્રમાં જે કાઈપણ હકારાત્મક પરીવર્તન આવ્યા છે તેની સાથે સાથે નકારાત્મક બાબતો પણ ઉદભવતી હોય છે, જે પૈકી શ્રમિકોના પ્રશ્નો, બાળમજૂરી, શહેરીકરણની સમસ્યા, પર્યાવરણીય અસરો વગેરે પરંતુ આ નકારાત્મક બાબતો અને તેની તુલનામાં હકારાત્મક પરિવતનો પ્રમાણમાં વધુ અર્થતંત્ર માટે ફાયદાકારક નીવડ્યા છે.

આમ, ઔદ્યોગિક કાંતિએ માનવજીવનમાં અનેક મહત્ત્વના સકારાત્મક પરિવર્તનો લાવ્યા છે. એ ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે સંશોધન અને નવીનીકરણ પ્રવૃત્તિઓનો વધુ ને વધુ વિકાસ પામવાને લીધે માનવીના ભૌતિક સુખ સુવિધામાં અનેક ઘણો વધારો જોવા મળે છે.

## 6.11 ચાવીરૂપ શબ્દો

- **બહુવિકલ્પીય પ્રશ્નો :**

1. **ઔદ્યોગિક વિકાસ :** ઔદ્યોગિક વિકાસનો એટલે કે કે એક દેશ કે રાષ્ટ્રમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં થઈ રહેલા પ્રગતિ અને સુધારા. અર્થાત દેશની કુલ રાષ્ટ્રીય પેદાશમાં ઔદ્યોગિક ક્ષેત્રનો હિસ્સો સાપેક્ષ રીતે વધવા પામે છે. આ વિકાસનાં મુખ્ય પાસાંમાં મશીનો, ટેકનોલોજી, ઉત્પાદન પદ્ધતિઓ અને રોજગારીની તકનો વિકાસ સામેલ છે. ટૂંકમાં ઔદ્યોગિક એકમોના વિકાસ અને વિસ્તરણ સાથે આ ખ્યાલ મુખ્યત્વે સંકળાયેલો છે.

2. **ઔદ્યોગિક ક્રાંતિ :** ૧૮ મી સદીના અંતે અને ૧૯ મી સદીની શરૂઆતમાં બ્રિટનમાં થયેલા ઔદ્યોગિક એકમોના વિકાસ સાથે ઔદ્યોગિક ક્રાંતિનો ખ્યાલ સંકળાયેલો છે. ઔદ્યોગિક ક્રાંતિના ફળ સ્વરૂપે અર્થતંત્રમાં આર્થિક અને સામાજિક પરિવર્તનોનો થવા પામે છે. આ ક્રાંતિએ વિશ્વના ઔદ્યોગિક ઉત્પાદનમાં મૂળભૂત બદલાવ લાવવાનું કાર્ય કર્યું છે. જ્યાં હસ્તકલા અને શ્રમ-પ્રધાન ઉત્પાદન પદ્ધતિઓનું સ્થાન મશીનરી અને યંત્રોએ લીધું. ઔદ્યોગિક ક્રાંતિએ વિશ્વના ઔદ્યોગિક પરિપ્રેક્ષ્યમાં ક્રાંતિ કરી અને આર્થિક, સામાજિક, અને ટેકનોલોજી ક્ષેત્રે ભવિષ્યમાં મોટા બદલાવ લાવ્યા.

## 6.12 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

1. ઔધોગિક ક્રાંતિ એટલે શું ? પ્રથમ અને દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિ વિષયક ટૂંકમાં નોંધ લખો
2. પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિની લાક્ષણિકતાઓ વિસ્તૃતમાં જણાવો.
3. પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતાં પરિબળો વિષે વિસ્તૃતમાં નોંધ લખો.
4. પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિની હકારાત્મક અને નકારાત્મક અસરો જણાવો.
5. દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિની લાક્ષણિકતાઓ વિસ્તૃતમાં જણાવો.
6. દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો.
7. દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન ઉદભવેલી હકારાત્મક અને નકારાત્મક અસરો જણાવો.

**(બ) બહુવિકલ્પીય પ્રશ્નો :**

1. નીચેનામાંથી કયું ઔદ્યોગિક ક્રાંતિનું લક્ષણ નથી ?

   (A) ઉત્પાદન વિશાળ પ્રમાણમાં કરવામાં આવે છે.

   (B) નવપ્રવર્તન અને યાંત્રિકરણ જોવા મળે છે

   (C) મજુરોને મોટા પાયે ઉત્પાદન પ્રક્રિયામાં રોકવામાં આવે છે.

   (D) મશીન પદ્ધતિથી હાથ ઉત્પાદન તરફ જવાનું વલણ.

2. નીચેનામાંથી કયા પરિબળો પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિને અસર કરે છે ?

   (A) કૃષિ ક્ષેત્રનું આમૂલ પરિવર્તન (B) તકનીકી નવપ્રવર્તન

   (C) વાહન વ્યવહારનો વિકાસ (D) ઉપરોક્ત તમામ

3. નીચેના થી કઈ ઔદ્યોગિક કાંતિની નકારાત્મક અસર છે ?

   (A) આર્થિક વૃદ્ધિ અને તેની અસરો (B) તકનીકી નવીનીકરણ

   (C) પ્રાદેશિક અસમાનતા (D) શહેરીકરણ

4. નીચેનામાંથી કઈ ઔદ્યોગિક ક્રાંતિની હકારાત્મક અસર છે ?

   (A) પ્રાદેશિક અસમાનતા (B) શૈક્ષણિક સુવિધાઓનું વિસ્તરણ

   (C) સામાજિક અશાંતિ (D) શહેરીકરણની સમસ્યા

- **સંદર્ભ સૂચિ**


- A.N.SADHU. (1988). Industrial Economics. Delhi: Himalaya Publishing House.
- Bryce, M. D. (1960). Industrial Development. London: McGraw-Hill Book.
- S.M, G. a. (1958). Industrial Organasation. Agra: Navyug sahity Sadan.
- S.S.M.DESAI. (1988). INDUSTRIAL ECONOMY OF INDIA. NEW DELHI: HIMALAYA PUBLISHING HOUSE.
- એસ.બી.મહેતા. (1973). હિટેશઓો અક ઈતિહાર, અમદાવાદ, ગુજરાત : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- ગીરીશ ઠક્કર. (1972). ઉદ્યોગોનું અર્થશાસ્ત્ર. ગીરીશ ઠક્કર માં, 6 અથ (પૂ. 533). અમદાવાદ, ગુજરાત : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- વિષ્ણુશંકર એચ જોશી. (2000). ભારતની આર્થિક સમસ્યાઓ, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ.


- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(1) D (2) D (3) C (4) B

એકમ 7

# ઔદ્યોગિક ક્રાંતિ-II

-: રૂપરેખા :-


**7.0 ઉદ્દેશો**

**7.1 પ્રસ્તાવના**

**7.2 ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ**

**7.3 ચોથી ઔદ્યોગિક ક્રાંતિ**

**7.4 સારાંશ**

**7.5 ચાવીરૂપ શબ્દો**

**7.6 તમારી પ્રગતિ ચકાસો**

- **સંદર્ભ સૂચિ**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**


## 7.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) આ એકમના અભ્યાસ પરથી ત્રીજી અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન થયેલા ટેક્નોલોજિકલ પરિવર્તનો અને માનવીય મદદ વગર ઉત્પાદન પ્રક્રિયા સ્વસંચાલિત બની રહી છે તે અંગે વિદ્યાર્થીઓ પરિચિત થશે.

(2) ત્રીજી અને ચોથી ઔદ્યોગિક કાંતિની વિશ્વના વિવિધ દેશો તેમજ ક્ષેત્રો પર થયેલ અસર જાણી શકાશે.

## 7.1 પ્રસ્તાવના:

જ્યારે કૃષિક્ષેત્ર અને હસ્તકોશલ્ય આધારિત અર્થતંત્ર ઉદ્યોગો મશીન ઉત્પાદનમાં રૂપાંતર પામે છે ત્યારે તે પ્રક્રિયાને વિશ્વભરમાં ''ઔદ્યોગિક ક્રાંતિ'' એવું નામ આપવામાં આવે છે. આ પ્રકારના યંત્ર આધારિત પરિવર્તનોને કારણે લોકોની કાર્ય પધ્ધતિ તથા જીવનચર્યામાં અમૂલ પરિવર્તનો થયેલા જોવા મળે છે, જેથી માનવ સમાજમાં પણ પાયાના ફેરફારો થતા હોય છે. વિશ્વમાં આ પ્રક્રિયા બ્રિટનમાં 18મી સદીમાં પ્રારંભ થઈ હતી અને ત્યાંથી તે વિશ્વના અનેક દેશોમાં ફેલાઇ હતી. 'ઔદ્યોગિક ક્રાંતિ' શબ્દાવલીનો સૌ પ્રથમ ઉપયોગ ફ્રેન્ચ લેખકો ધ્વારા કરવામાં આવ્યો હતો, પરંતુ તેને જાણીતી કરવામાં અંગ્રેજ અર્થશાસ્ત્રીય ઈતિહાસકાર આનોર્લ્ડ ટોયન્બીએ (1852-83) ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો હતો. ખાસ કરીને 1760થી 1840 સુધીના સમયગાળા દરમ્યાન બ્રિટનમાં થયેલા 'આર્થિક પરિવર્તેનો'ની સમજૂતી માટે આ શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો હતો. આને પરિણામે, એટલે કે ફક્ત બ્રિટન પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોવાથી ચીન અને ભારત જેવા દેશોમાં, 20મી સદી સુધી ઔદ્યોગિક કાંતિનો પ્રારંભ થયો ન હતો,જ્યારે અન્ય દેશો જેવા કે યુનાઇટેડ સ્ટેટ્સ અને પશ્ચિમી યુરોપના દેશોમાં 19મી સદીના અંતમાં દ્વિતિય ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ થયો હતો.

ટેકનિકલ પ્રગતિને કારણે માનવી ધ્વારા થતા વિવિધ વસ્તુઓના ઉત્પાદનની પ્રક્રિયામાં પરિવર્તનો આવે છે.આમ, ઉત્પાદન પ્રક્રિયાની ટેક્નોલોજીમાં ભરવામાં આવતું પગલું કે જે ભૂતકાળ કરતાં બિલકૂલ અલગ હોય છે,તેને ''ઔદ્યોગિક ક્રાંતિ''કહેવાય છે. ઉત્પાદનની નવી પધ્ધતિઓ, કાર્ય પધ્ધતિઓ તેમ જ લોકોની જીવન જીવવાની રીતોમાં પણ પાયાના પરિવર્તનો લાવે છે.

વિવિધ વસ્તુઓની ઉત્પાદન પ્રક્રિયામાં થતા પરિવર્તનો તપાસીએ તો ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત કાપડ ઉદ્યોગમાં યાંત્રિકરણથી થઈ હોવાનું મનાય છે. આ સાથે લોખંડ બનાવાની તકનિકો આવી અને ખનીજ કોલસનો વધુ ઉપયોગ થવા લાગ્યો. આ રીતે ચાલતા યંત્રોના આગમનથી ખાસ કરીને કાપડ ઉદ્યોગના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થવા લાગ્યો. 19મી સદીના બે દાયકામાં સંપૂર્ણ રીતે ધાતુમાંથી બનેલા સાધનોનો ઉપયોગ પણ શરૂ થયો તેને પરિણામ સ્વરૂપેબીજા ઉદ્યોગમાં ઉપયોગમાં આવી શકે તેવા યંત્રોની શોધ અને ઉપયોગ શકય બન્યો.

ઔદ્યોગિક ક્રાંતિ આધુનિક વિશ્વના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવેછે. વિશ્વભરમાં રાજકીય, સામાજિક અને આર્થિક ફેરફારોને પરિણામે લોકોના જીવન ધોરણમાં સુધારો તેમજ ઉત્પાદનમાં વધારો થયો છે. શહેરી વિસ્તારોનો વિકાસ થયો છે. ઔદ્યોગિક ક્રાંતિને કારણે માનવ સમાજની પ્રાચીન રહેણીકરણી, સંચાલન વ્યવસ્થા અને ઉત્પાદન પધ્ધતિમાં હજારો વર્ષો સુધી જોવા ન મળ્યો હોય એવો અભૂતપૂર્વ અને અજોડ અને પાયાના પરિવર્તનો થયા.

## 7.2 ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ

**અર્થ અને પરિચય**

ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ, વીસમી સદીના સાતમાં દશકામાં શરૂ થઈ હતી. અને તે મેમરી પ્રોગ્રામેબલ કંટ્રોલો તથા કમ્પ્યુટર્સના ઉપયોગ દ્વારા 'આંશિક સ્વયં સંચાલિત' (Partial Automation) વડે અસ્તિત્વમાં આવી હતી, આ પ્રકારની ટેક્નોલોજીના વિકાસને પરિણામે આપણે એક સમગ્ર 'ઉત્પાદન પ્રક્રિયા' ને સ્વયં સંચાલિત બનાવી શકીએ છીએ. જેમાં 'માનવીય મદદ'ની બિલકૂલ જરૂર પડતી નથી. આ પ્રકારના ઉત્પાદનનું સૌથી જાણીતુ ઉદાહરણ રોબર્ટ્સ છે, કે જે માનવીય સહાય વિના પ્રોગ્રામ કરેલા કાર્યો કરી શકે છે.

ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ 1970ના દાયકામાં શરૂ થઈ હતી જેનો પાયો મેમરી પ્રોગ્રામેબલ કંટ્રોલ તથા કોમ્પ્યુટરના ઉપયોગથી પ્રાપ્ત થતા 'આંશિક ઓટોમેશન' પર આધારિત હતો. આ પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ શરુ થવાથી હવે માનવીય મદદ વગર જ સંપૂર્ણ ઉત્પાદન પ્રક્રિયાનું ''સ્વચાલિત'' પરિવર્તન અસ્તિત્વમાં આવ્યું. તેને પરિણામે, વિજળીક ઉર્જા તથા વિશાળ પાયા પરના મશિનો અને ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ થયો હતો.

ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ કે જેને 'ડીજીટલ ક્રાંતિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે મિકેનિકલ અને એનેલોગ ઇલેક્ટ્રોનિક ટેક્નોલોજીમાંથી 'ડીજીટલ ઇલેક્ટ્રોનિક્સ'માં થતું પરિવર્તન દર્શાવે છે. તેને કારણે ડીજીટલ કોમ્પ્યુટર્સનું વિશાળ પાયા પર ઉપયોગ શરૂ થયો જે અત્યાર સુધી ચાલુ જ રહ્યો છે. આ ક્રાંતિના અન્ય પાસાંઓમાં ઉત્પાદનનું સ્વયં સંચાલિતકરણ, ગ્રાહક ઇલેક્ટ્રોનિક્સ, માહિતી તથા સંચારણ (Information and Communication), ટેક્નોલોજી અને ઇન્ટરનેટ ટ્રાન્સફરમેશનનો સમાવેશ થાય છે.

ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિનો ત્યાર પછીનો વિકાસનો તબ્બકો 'ડીજીટલ ટ્રાંસફરમેશન' છે અને જે એક સુરેખ ગતિને બદલે એક ઘાતાંકિય (exponential) ગતિ વેગ ધરાવે છે. જેમાં મુખ્યત્વે ફાળો એમેઝોન, એપલ અને ગૂગલ જેવી મહાકાય કંપનીઓના નેતૃત્વ હેઠળ જોવા

મળે છે. પરંપરાગત ઉત્પાદન અને સંચાલકીય વ્યવસ્થા સામે પડકાર ઉભો થઈ રહ્યો છે. ગ્રાહકો પણ વધુ આધુનિક બની ગયા હોવાથી વ્યાપાર અંગેના મોડેલો રૂપાંતર પામી રહ્યા છે. જો કે હકીકતમાં મોટા ભાગના સંગઠનો આ પ્રકારના પરિવર્તનો સાથે કામ પાર પાડવા માટેની માળખાકીય સુવિધાઓ ધરાવતા હોતા નથી. નવી શોધાયેલ ટેકનોલોજી AI, Robotics, Internet of Things, Autonomous Vehicles, 3D Printing, Neno Technology, Bio-Technology વગેરેને પરિણામે સમગ્ર અર્થતંત્રમાં પરિવર્તનની ગતિ હજી વધુ વધશે એમ માની શકાય છે. અને આ પ્રકારના પડકારો સામે યોગ્ય પગલાઓ લેવાનું કાર્ય ખૂબ અગત્યનું બને છે.

1970 તથા 1980ના બે દાયકા દરમિયાન જે શ્રેણીબધ્ધ ટેકનોલોજીકલ શોધખોળો થઈ અને જેમની ઉત્પાદન તથા વિતરણ પધ્ધતિઓ પર અસર થઈ, જેના પરિણામે વિશ્વના અર્થતંત્રમાં મોટા પરિવર્વનો થયા. આ ટેકનોલોજીક પરિવર્તનોમાં યુ.એસ., જાપાન અને યુ.કે. જેવા રાષ્ટ્રો અગ્રેસર રહ્યા હતા.

ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે ઉત્પાદનનું સંગઠન બદલાયુ. બહુરાષ્ટ્રીય કંપનીઓએ વહીવટ, ઉત્પાદન અને માર્કેટિંગ કાર્યો એક જૂઠ કર્યા અને તેથી મોટા કોર્પોરેશનો સ્થપાયા, ઉત્પાદનમાં વૃધ્ધિ થઈ અને વ્યાપાર જગતમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ શરૂ થયો. આને કારણે મૂડી તથા શ્રમના સંગઠન તેમજ અર્થતંત્ર રાજ્ય વચ્ચેની કડીને પણ અસર થઈ. કલ્યાણ રાજ્યના રાજકીય મોડેલના સ્થાને ઉદારવાદી રાજ્યની સ્થાપના થઈ.

અંતે ત્રીજી ઓધિગિક ક્રાંતિને કારણે વિશ્વભરના એક નવા પ્રકારના સમાજ જેને "માહિતી અને જ્ઞાન સમાજ" કહે છે, તેની આધારશીલા નંખાઇ.

**ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિની લાક્ષણિકતાઓ :**

ત્રીજી ઔધિગિક ક્રાંતિની મુખ્ય લાક્ષણિકતાઓમાં નીચીની બાબતોનો સમાવેશ થાય છે;

1) ઉદ્યોગો અને વ્યવસાયોમાં માહિતીના મુખ્ય સ્ત્રોત તરીકે માહિતી ટેકનોલોજી (Information Technology) નો સમાવેશ થાય છે.

2) ઉત્પાદનની પ્રક્રિયાઓમાં દૂર સંચાર પધ્ધતિ સાથે માહિતી ટેકનોલોજીના સંકલનના પરિણામે ઉત્પાદકતામાં વધારો થાય છે.

3) સંચાલન, ઉત્પાદન અને વિભિન્ન આર્થિક ક્ષેત્રોના પરસ્પરના વેપાર સાથે સંબંધ ધરાવતા કાર્યો અંગે બહુરાષ્ટ્રીય કોર્પોરેશનનો ઉદભવ થઈ રહ્યો છે.

4) વિજ્ઞાનની ચાર મુખ્ય શાખાઓ એટલે કે માહિતી ટેકનોલોજી, બાયોટેકનોલોજી, દૂર સંચાર અને ઉર્જા ઇજનરીમાં તકનિકી વિકાસ થઈ રહ્યો છે.

5) સંચાર અને પરિવહનમાં થયેલા સુધારાને પરિણામે ઔદ્યોગિક તથા કૃષિ ઉત્પાદનમાં પુનઃવિતરણ પણ શકય બન્યું છે.

6) ત્રીજી ઔધિગિક ક્રાંતિને કારણે ગ્રાહક સમાજનું એકીકરણ અને માહિતી સમાજનો ઉદભવ થયો છે.

**ત્રીજી ઔદ્યોગિકક્રાંતિને અસર કરતા પરિબળો :**

ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા મુખ્ય પરિબળોને બે વિભાગમાં વહેંચી શકાયઃ

**(1) ટેકનોલોજીકલ (તકનિકી) પરિબળોઃ**

(1) AI (કૃત્રિમ બુધ્ધિ): ટેકનોલોજીના ક્ષેત્રે થયેલ ઝડપી પ્રગતિને પરિણામે ઉત્પાદન

ક્ષેત્ર, સેવા ક્ષેત્ર અને લોકોના દૈનિક જીવનમાં ઘણા પાંસાઓમાં વિવિધ ટેકનોલોજીકલ પરિવર્તન લાવી રહ્યા છે.

(2) IoT - Internet of Things : IoT ઉપકરણના ઉપયોગ દ્વારા સમગ્ર વાસ્તવિક વિશ્વ અંગેના આંકડા એકત્રિત કરવાની અને તેમનું વિશ્લેષણ કરવાની ક્ષમતા રચાય છે. ઉપરાંત નવા ઉત્પાદનોઅને નવી સેવાઓવધુ કાર્યક્ષમ બનાવે છે.

(3) 3D Printing : 3D Printing પ્રક્રિયાને પરિણામે ઉત્પાદન વધુ કાર્યક્ષમ અને ઓછી કિંમતવાળુ બન્યુ છે.

ઉપરાંત, ગ્રાહકોને અનુકૂળ (કસ્ટમાઇઝડ) ઉત્પાદન માટે પણ તે વધુ સરળ બન્યું છે.

(4) Robotics : વિવિધ ઉત્પાદનો તેમના ઉત્પાદનના પ્રારંભિક તબકકાથી લઈ પરિવહન, સંગ્રહ વગેરે પ્રક્રિયા (Logistic Service) તથા તે પ્રકારના અન્ય ઉદ્યોગોમાં વધુ કાર્યો સ્વચાલિત કરી રહ્યા છે. જેને પરિણામે આ ક્ષેત્રોની ઉત્પાદકતા અને સુરક્ષામાં પણ સુધારો થયો છે.

**(2) સામાજિક-આર્થિક પરિબળોઃ**

**(1) વૈશ્વિકરણ :** વૈશ્વિકરણની પ્રક્રિયાને કારણે વિવિધ કંપનીઓ સમગ્ર વિશ્વમાં કાર્ય કરી શકે છે. એટલું જ નહીં પરંતુ તેઓ પરસ્પર સહયોગ પણ સાધી શકે છે. આ કારણે સમગ્ર વિશ્વમાં વૃદ્ધિ અને નવિનતા બન્ને ને પ્રોત્સાહન પ્રાપ્ત થાય છે.

**(2) જળવાયુ પરિવર્તન :** સમગ્ર વિશ્વમાં છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલા જળવાયુ પરિવર્તનને કારણે અનેક સમસ્યાઓ ઉભી થઈ છે. જેમનો સામનો કરવા માટેનવા પ્રકારની ટેકનોલોજી અને ઉકેલો જરૂરી બન્યા છે. અને તેમનો અમલ કરતા અર્થતંત્ર ફરીથી ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ બની રહ્યું છે.

**(3) વધતી જતી વસ્તી :** વસ્તીમાં થતા નિરંતર વધારાને કારણે અન્ન, પાણી અને વિવિધ પ્રકારની ઉર્જા જેવા કુદરતી સંસાધનો પર વધુ દબાણ આવ્યુ છે, જેને પરિણામે નવી ટેકનોલોજીઓ તેમજ વધુ કાર્યક્ષમ ઉત્પાદન પધ્ધતિઓની જરૂરીયાતોને પ્રોત્સાહન મળે છે.

**(4) બદલાતી ગ્રાહક અપેક્ષાઓ :** સમયના વહેણ સાથે ગ્રાહકો વધુ વ્યક્તિગત અને અનુભવોની માંગણી કરે છે, જેથી જે તે વ્યવસાયોને પોતાને ઉત્પાદનો કે સેવાઓનું અનુકૂલન કરવાની ફરજ પડે છે. આ પરિબળો એકબીજા સાથે સંબંધિત છે. ઝડપી વિકસી રહેલી ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિને સમર્થન આપી રહ્યા છે, અને સાથે લોકોના જીવન અને કામ કરવાની રીતમાં ક્રાંતી લાવી રહ્યા છે.

**ત્રીજી ઔદ્યોગિક ક્રાંતીની અસરો :**

ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિને કારણે વિશ્વના અનેક ક્ષેત્રોમાં સકારાત્મક તેમજ નકારાત્મક એમ બે પ્રકારના પરિવર્તનો જોવા મળ્યા છે, જે નીચે મુજબ છે;

**(1) સકારાત્મક અસરઃ**

**(1) ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો :** નવી ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નવા ઉત્પાદનો અને સેવાઓમાં વૃધ્ધિ જોવા મળે છે, જે પહેલા શક્યન હતું. વધુમાં

વિવિધ ઉત્પાદન પ્રણાલીને સ્વચાલિત તેમજ વધુ કાર્યક્ષમ બનાવવા માટે નવી ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. આમ, ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે ઉદ્યોગોની ઉત્પાદન કરવાની શક્તિમાં વધારો થઈ રહ્યો હોય એવું જોવા મળ્યું છે.

**(2) લોકોના જીવનધોરણમાં સુધારો :** ઉત્પાદનમાં વધારો થવાથી તેમજ નવી ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા શિક્ષણ, આરોગ્ય સેવાઓ ઉપરાંત પરિવહન જેવા અનેક ક્ષેત્રોમાં સુધારો થયો છે. નવી રોજગારીની તકોમાં વધારો થયો છે.

**(3) વૈશ્વિકરણ :** ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા વૈશ્વિકરણ વધુ સરળ બન્યું હોવાથી વેપાર અને સહયોગ માટે નવી સંભાવનાઓ ઉભી થઈ છે. પરિવહન, દૂર-સંચાર અને ઉદ્યોગોમાં ઉપયોગોમાં લેવાયેલી વૈજ્ઞાનિક શોધખોળોને કારણે વૈશ્વિક સ્તરે અર્થતંત્રોનું સંકલન થયુંછે. જેને ટૂંકમાં વૈશ્વિકરણ કહે છે. પરિવહન અને દૂર સંચાર પધ્ધતિઓમાં થયેલા સુધારાને પરિણામે જે દેશોમાં શ્રમ સસ્તો હોય (એટલે કે જેમાં કામદારોના હકકો વિશે ખાતરી અપાતી નથી), તેમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા કારખાનાઓ સ્થાપવાનું શકય બન્યું છે.

એ જ પ્રમાણે, આ પ્રકારના વિકાસના કારણે વેપારમાં પણ વૃધ્ધિ થઈ છે. બજારોના વૈશ્વિકરણ તથા સર્વલક્ષી માધ્યમો (Mass Media), અમુક પ્રકારની વસ્તુઓ તથા સંસ્કૃતિ આધારિત વપરાશની ટેવો પણ અધિકૃત થઈ છે.

**(2) નકારાત્મક અસરો :**

**(1) બેરોજગારીમાં વધારો :** ટેક્નોલોજીના વધતા જતા ઉપયોગને કારણે ઉત્પાદન ક્ષેત્રે કેટલાંક કાર્યો સ્વચાલિત થઈ રહ્યા હોવાથી રોજગારી ગુમાવવાના જોખમમાં વધારો થઈ રહ્યો છે.

**(2) આવકનું ધ્રુવીકરણ :** ટેક્નોલોજીના ઉપયોગમાં જોડાયેલા કેટલાંક લોકો ઘણી ઉંચી આવક મેળવે છે. એ સિવાયના અન્ય ઉદ્યોગોમાં રોકાયેલા કામદારોની આવક ઓછી હોય છે. ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ અને ટેક્નોલોજીના વધુ ઉપયોગને લીધે શ્રમિકોમાં આવકનું કેન્દ્રીકરણ થતું જોવા મળ્યું છે.

**(3) સામાજિક અલગતા :** જ્યારે ટેક્નોલોજીનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે ત્યારે તેની સીધી અસર સામાજિક એકતા પર થાય છે. એટલે કે સમાજમાં અલગતાના ભાવ અને એકલતાની લાગણી પેદા થાય છે.

**(4) ગોપનીયતાને કારણે ઉભું થયેલ જોખમ :** આધુનિક સમયમાં ટેક્નોલોજીના ઉપયોગ વડે અનેક પ્રકારની વ્યક્તિગત સેવાઓ પ્રાપ્ત કરવા માટે વ્યક્તિઓની અંગત માહિતીઓ એકત્રિત કરવામાં આવે છે, જેમાં ટેક્નોલોજીના દૂરપયોગ દ્વારા ગોપનીયતાનો ભય ઉપસ્થિત થાય છે.

**(5) નૈતિક ચિંતાઓ :** કૃત્રિમ બુધ્ધિ (AI) અને તે પ્રકારની અન્ય નવી ટેક્નોલોજીને કારણે મનુષ્યના વ્યવહારમાં નૈતિક ચિંતાઓ ઉપસ્થિત થાય છે.

આમ, લોકોની જીવનશૈલી પર ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિનો ખૂબ મોટો પ્રભાવ પડી રહ્યો છે. જે સકારાત્મક અને નકારાત્મક બન્ને પ્રકારના છે. આ બાબત ધ્યાનમાં લેતા તેના ખરાબ પરિણામો દૂર કરીને અને તેના દ્વારા મહત્તમ લાભો મેળવવા માટે પૂરતી તૈયારી કરવાની જરૂર છે.

## 7.3 ચોથી ઔદ્યોગિક ક્રાંતિ

**અર્થ અને પરિચય :**

વિશ્વ હાલમાં ''ચોથી ઔદ્યોગિક ક્રાંતિ''નું અમલીકરણેકરી રહ્યુંછે. આ ક્રાંતિનું લક્ષણ એ છે કે તેમાં ઉદ્યોગોમાં, માહિતી અને સંચારણ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે, અને તેને ''ઉદ્યોગ4.0'' કહેવામાં આવે છે. આ ક્રાંતિ ''ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ''માં થયેલા વિકાસ પર આધારીત છે. ''ઉત્પાદન પધ્ધતિઓ''માં કમ્પ્યુટર ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો હોય તેનું વિસ્તૃતિકરણ 'નેટવર્ક કનેકશન' દ્વારા કરવામાં આવે છે અને તેનું ઇન્ટરનેટ પર એક 'ડીજીટલ જોડકું' પણ હોય છે. આને પરિણામે, અન્ય સગવડો સાથે કે પોતાના વિષેની માહિતી સાથેપણ સંવાદ સાધી શકાય છે. આમ,'ઉત્પાદન સ્વયં સંચાલનકરણ'માં આ ત્યાર પછીનુંપગલું છે. તમામ સિસ્ટમોના ''નેટવર્કીંગને પરિણામે 'સાયબર ફીઝીકલ ઉત્પાદન પ્રાણાલીઓ'ની રચના થાય છે અને તેથી 'સ્માર્ટ ફેક્ટરીઝ', કે જેમાં ઉત્પાદન પ્રણાલીઓ, ઘટકો અને લોકો, એક નેટવર્ક દ્વારા સંપર્ક કરે છે અને તેથી ઉત્પાદન લગભગ 'સ્વયં સંચાલીત' હોય છે.

આથી, ઉદ્યોગ 4.0માં, ફેકટરી પર્યાવરણમાં કેટલાંક માની પણ ન શકાય તેવો વિકાસ થવાની શક્યતા છે. દા.ત. એવા મશીનો કે જે 'નિષ્ફળતા'ની પણ આગાહી કરી શકે; અને સ્વયં સંચાલીત રીતે 'જાળવણી (maintenance)' પ્રક્રિયાને શરૂ કરી શકે છે. આમ, તે ઉત્પાદનમાં થતા અનઅપેક્ષિત પરિવર્તનોને પ્રતિભાવ આપી શકે છે.

ઉપરાંત, લોકોજે રીતે કાર્ય કરે છે તેમાં પરિવર્તન લાવી શકે છે. દા.ત. વધુ શક્તિશાળી નેટવર્કો અને વધુ કાર્યક્ષમ કાર્ય પધ્ધતિ, યોગ્ય વ્યક્તિને યોગ્ય સમયે, યોગ્ય માહિતી પ્રાપ્ત થાય છે. જાળવણીમાં કાર્યરત વ્યવસાયિકોને 'સાધન ડોક્યુમેન્ટ' તથા 'સર્વિસ હીસ્ટ્રી' આપી શકાય છે, જેથી તેમનો સમય બગડતો નથી.

આમ, ઉદ્યોગ 4.0 એ વિવિધ ઉદ્યોગો માટે એક 'game changer' છે, જેને કારણે ભવિષ્યમાં વસ્તુઓનું ઉત્પાદન તથા વિતરણ કરવાની રીતો બદલાશે. આમ, તેને આધારે કહી શકાય કે તે ચોથી ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ છે.

'ચોથી ઔદ્યોગિક ક્રાંતિ'નું નામાભિધાન ક્લાઉસ સ્કવાબ (એકઝીક્યુટીવ ચેરપર્સન,વર્લ્ડ ઇકોનોમીક ફોરમ (WEF) દ્વારા વર્ષ 2016માં થયું હતું. 'ચોથી ઔદ્યોગિક કાંતિ' એ પદ આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ, મશીન લર્નીંગ, 5G ટેકનોલોજી, ધી ઇન્ટરનેટ ઓફ થીંગ્સ, રોબોટીક્સ, બાયો ટેકનોલોજી, ક્વોન્ટમ કમ્પ્યુટીંગ વગેરેમાં થયેલી ટેકનીકલ પ્રગતિ દર્શાવે છે. આ પ્રકારની ટેકનોલોજીના વિકાસને પરિણામે વિવિધ કંપનીઓ માટે ઉત્પાદનની નવી ક્ષિતિજો ઉઘડી છે, જેથી તેઓ વધુ વિશાળ પાયા પરના ઉત્પાદનની કલ્પના કરી શકે છે, ઉપરાંત ભૂતકાળમાં અશક્ય જણાતી પ્રવૃતિઓમાં વિસ્તરણ કરવાની ઇચ્છા રાખી શકે છે.

- **ચોથી ઔદ્યોગિક ક્રાંતિની તકો:**

(1) આ પ્રકારની ઔદ્યોગિક ક્રાંતિની મદદથી વૈશ્વિક સ્તરે વધુ તેમજ વિવિધ પ્રકારની વસ્તુઓના ઉત્પાદન દ્વારા સમગ્ર વિશ્વના દેશોમાં જન-સાધારણની આવકોનું સ્તર ઉંચુ લાવી શકવાની ખૂબ સારી તકો ઉભી થઈ શકે છે. એ સાથે જ વિશ્વની વસ્તીના મોટાભાગના લોકોમાં જીવનની ગુણવત્તા પણ સુધારી શકાશે.

(2) ઉપરાંત, અર્થશાસ્ત્રની દ્રષ્ટીએ જોતાં વિશ્વમાં ''પૂરવઠા બાજુનો જાદુ પણ જોવા મળી શકે છે, જેથી કાર્યક્ષમતા અને ઉત્પાદકતાનાક્ષેત્રે લાંબાગાળામાં વધુ કાર્યક્ષમતાના લાભો થઈ શકે છે.

(3) સમગ્ર વિશ્વના દેશોમાં પરિવહન અને સંદેશા વ્યવહાર અંગેના ખર્ચમાં ઘટાડો થશે, તેમ જ વૈશ્વિક પુરવઠા શૃંખલા વધુ અસરકારક બનશે અને પરિણામે વ્યાપારનો ખર્ચ ઘટશે, અને આ તમામ કારણોને લીધે નવા બજારો ખૂલશે અને તેના પરિણામે આર્થિક વૃધ્ધિ થશે.

(4) સરકારો, નવી તકનીકી હક્કો મેળવશે, જેને કારણે તેમનો વસ્તીપરનો અંકુશ વધશે, જે અમુક લક્ષ્યો પર નિગરાણી રાખવાથી તેમજ ડીજીટલ સંચાર વ્યવસ્થાના અંકુશના પરિણામે હશે.

(5) ટેકનોલોજીના વિકાસને કારણે, સંરક્ષણનાવિવિધ સાધનોનાવિકાસ અથવા લક્ષ્ય નિર્ધારિત કરવામાં વધુ ચોક્કસતાઈ પ્રાપ્ત થશે.

- **ચોથી ઔદ્યોગિક ક્રાંતિ સામેના પડકારો :**

(1) તાત્કાલિક ભય ''નોકરી ગુમાવવાનો'' છે. જે ખાસ કરીને અનૌપચારિક ક્ષેત્રમાં થવાની શક્યતા છે.

(2) ચોથી ઔદ્યોગિક ક્રાંતિને કારણે, ખાસ કરીને તેની શ્રમ બજારમાં ખલેલ પહોંચાડવાની શક્તિને પરિણામે અસમાનતામાં વૃધ્ધિ થઈ શકે છે.

(3) બેકારી ઉપરાંત એવી અનેક વિટંબણાઓ છે જે સલામતી, નીતિશાસ્ત્રઅને લાંબા તેમજ ટૂંકા ગાળા પરની સામાજિક, આર્થિક અસરો સાથે સંકળાયેલું હોવાથી તેનો સામનો યોગ્ય રીતે કરી શકાતો નથી અને લાંબા તેમજ ટૂંકાગાળાની સામાજિક, આર્થિક અસરો અંગેના પ્રશ્નો અનુત્તર રહે છે.

(4) ચોથી ઔદ્યોગિક ક્રાંતિ અપનાવવાથી તેની અસરો વિવિધ દેશો પર અલગ રીતે થશે કારણ કે વિકાસશીલ તેમજ ઓછા વિકાસ પામેલા દેશોમાં આંકડાકીય માહિતી અને આધારરૂપ વ્યવસ્થાનો અભાવ હોય છે.

(5) આ ઉપરાંત એક વધતી જતી ચિંતા એ છે કે ચોથી ઔદ્યોગિક ક્રાંતિ બાદ માનવીય હક્કો ઘટાડવા અંગેના પ્રશ્નો વધશે. આ અંગે થયેલા અનેક અભ્યાસો એમ દર્શાવે છે કે ચહેરાની ઓળખ પર આધારિત ટેકનોલોજી આફ્રિકન અને એશિયન લોકોની પશ્ચિમી દેશોના લોકોની સરખામણીમાં ખોટા પડવાની સંભાવના વધુ હોય છે.

(6) ચોથી ઔદ્યોગિક કાંતિ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સલામતી પર ખૂબ મોટી અસર કરશે, જેમાં તે અંગેની સંભાવના અને સંઘર્ષના પ્રકારનો સમાવેશ થાય છે.

(7) નવી માહિતી ટેકનોલોજી દ્વારા ઉપસ્થિત રહેલી સૌથી મોટો પડકાર એ ગોપનીયતા છે.

**ચોથી ઔદ્યોગિક ક્રાંતિની લાક્ષણિકતાઓ :**

ચોથી ઔદ્યોગિક ક્રાંતિ ઉત્પાદન ટેકનોલોજીમાં સ્વયં સંચાલિતતા અને માહિતી વિનિમય માટેની ટેકનોલોજીઓ તેમજ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. જેમાં CPS (Cyber Physical Systems), IoT (Industial Internet of Things), Cloud Computing, AI જેવી પધ્ધતિઓનો સમાવેશ થાય છે.

આ મશીનો ઉચ્ચ કક્ષાના નિષ્ણાંતોની જગ્યા લઈ શકતું નથી,પરંતુ વિવિધ પ્રકારના કાર્યો પૂરા પાડવામાં આ મશીનો માનવીઓ કરતા વધુ કાર્યક્ષમ હોય છે. અને મશીન લર્નિંગ અને ગણતરી કરવાની શક્તિ મશીનોને ખૂબ જ જટિલ કાર્યો કરવામાં મદદરૂપ થાય છે.

**(1) પરસ્પર જોડાણઃ** ઇન્ટરનેટ ઓફ થીંગ્સ (IoT) ના ઉપયોગથી વિવિધ સાધનો અને મશીનો વચ્ચે જોડાણ થઈ શકે છે તેથી આંકડાઓનું એકત્રીકરણઅને તેના ઉપયોગ વડે તારણો મેળવવામાં સક્ષમ બને છે.

**(2) સ્વચાલન અને સ્વાયત્તઃ** આ પ્રકારની ક્રાંતિને પરિણામે કુત્રિમ બુધ્ધિ (AI), Robotics, અન્ય કાર્યોમાં ઉપયોગમાં લેવાતા યંત્રો, અદ્યતન મશીનના ઉપયોગ વડે કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધે છે. સાથે કુત્રિમ બુધ્ધિ (AI), Robotics નો ઉપયોગ કાર્યોને સ્વચાલિત કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

**(3) માહિતી (data) આધારિત નિર્ણયઃ** વિશાળ માહિતી (large data), વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત થતી કિંમતી સૂચનાઓનો ઉપયોગ કરીને નિર્ણયીકરણમાં સુધારો કરી શકીએ છીએ.

**(4) વ્યક્તિગતકરણમાં વૃધ્ધિઃ** ડેટાનો ઉપયોગ કરીને વ્યક્તિગત ગ્રાહકોની જરૂરિયાતો અને પસંદગીઓ પૂરી પાડવા માટે ઉત્પાદન અને સેવાઓમાં વ્યક્તિગતકરણ કરવામાં આવે છે.

**(5) આધુનિક સંચાર અને સહયોગઃ** ક્લાઉડ કમ્પ્યુટિંગ અને વિડીયો કોન્ફરન્સ જેવી અતિ આધુનિક ટેકનોલોજીઓ દ્વારા ભૌગોલિક સરહદોને પાર પાડીને સરળ સંચાલન અને સહયોગ પ્રાપ્ત થઈ શકે છે.

**(6) એકીકરણઃ** ચોથી ઔદ્યોગિક ક્રાંતિના આગમનથી ભૌતિક, ડિજીટલ અને જૈવિક ક્ષેત્રોનું એકીકરણ થયેલું જોવા મળે છે. ઘણી જટિલ ઉત્પાદન પ્રક્રિયાઓ અથવા તો વિવિધ ભૌતિક ક્રિયાઓમાં ડીજીટલ ક્ષેત્રના સાધનો, ઉપકરણો વગેરેનો ઉપયોગ થવાથી સમગ્ર ઉત્પાદન પ્રક્રિયા એકરસ થતી જોવા મળે છે.

**(7) વૈશ્વિકરણઃ** ચોથીઔદ્યોગિક ક્રાંતિ ઝડપથી અને વૈશ્વિકસ્તરે થઈ રહી છે. લોકો ટેકનોલોજીનો વધુ ઉપયોગ કરતા થયા છે. દરેક વ્યક્તિના જીવનના વિવિધ પાંસાઓ પર મશીન, ટેકનોલોજીની અસર દેખાઇ રહી છે, એટલું જ નહી પરંતુ વસ્તુઓના ઉત્પાદનથી લઇને લોકો કઇ રીતી ખરીદી કરે છે, કે પછી કોઇ પણ પ્રકારનું કાર્ય કરે છે તે અંગેની માહિતી માત્ર ચોથી ઔદ્યોગિક ક્રાંતિને આભારી છે. આમ, આ પરથી કહી શકાય છે કે ચોથી ઔદ્યોગિક ક્રાંતિનો વિશ્વ સ્તરે પ્રસાર થઈ રહ્યો છે.

**ચોથી ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા મુખ્ય પરિબળો :**

ચોથી ઔદ્યોગિક ક્રાંતિને અસર કરતા મુખ્ય પરિબળો નીચે મુજબ છે;

**(1) નવી ટેકનોલોજીઃ** સૌથી અગત્યની અને મોટા પાયા પર જોવા મળતી ટેકનોલોજી AI એટલે કે કુત્રિમ બુધ્ધિ છે, જેનો ઉપયોગ લગભગ તમામ ક્ષેત્રોમાં જોવા મળે છે. તેમજ તેનો ઉપયોગ વિશ્વના તમામ ઉત્પાદન ક્ષેત્રોમાં ઝડપથી વધી રહ્યો છે. આ ઉપરાંત રોબોટિક્સ, IoT (ઇન્ટરનેટ ઓફ થિંગ્સ) તથા વિશાળ માહિતી (big data) જેવી ટેકનિકોના ઉપયોગથી ઉત્પાદન અને નિર્ણયકરણની શક્તિમાં ખૂબ જ વૃધ્ધિ જોવા મળી રહી છે. અન્ય ક્ષેત્રોમાં 3D પ્રિન્ટિંગ, જીનોમ એડિટીંગ વગેરે જેવી આધુનિક પધ્ધતિઓનો ઉપયોગ પણ ઝડપથી વધી રહ્યો છે.

**(2) વૈશ્વિકીકરણઃ** વિશ્વના લગભગ તમામ દેશોમાં વસ્તુઓની વધતી જતી માંગઅને પૂરવઠાને પરિણામે વૈશ્વિક બજારોમાં સ્પર્ધા વધતી જાય છે. આથી ઉત્પાદન અને સેવાઓની પૂરવઠા સાંકળ (Supply Chain) માં પણ વૃધ્ધિ થતી જોવા મળે છે. તેમજ પ્રવર્તમાન

વૈશ્વકીકરણની પ્રક્રિયાને ધ્યાનમાં લેતા નવિનતા અને વિકાસ માટે વધુ અને વધુ તકો પ્રાપ્ત થાય છે.

(3) **સામાજિક-આર્થિક પરિવર્તનઃ** વિવિધ ક્ષેત્રોમાં વધતીજતી ટેકનોલોજીકલ પ્રગતિ એ વસ્તી અને ખાસ કરીને શહેરીકરણને અસર કરે છે. જેને પરિણામે ગ્રાહકોની વિવિધ વસ્તુઓ માટે માંગ અને અપેક્ષાઓમાં વૃધ્ધિ થતી જણાય છે. જો કે બીજી બાજુએ આ પરિબળોને કારણે પર્યાવરણ અંગેની ચિંતાઓ પણ ઉદભવે છે,જેથી પર્યાવરણને ટકાવી રાખવા માટે જરૂરી પગલાંઓ પણ અનિવાર્ય બની જાય છે.

(4) **સરકારી નીતિઓ :** સ્વભાવિક રીતે જ તમામ સરકારો ટેકનોલોજીકલ નવિનતા તેમજ ઉદ્યોગને પ્રોત્સાહન આપે તેવી નીતિઓ ઘડીને તેમના અમલીકરણ માટે યોગ્ય પગલાં ભરે છે. અને સાથે જ ડેટા માટેની ગોપનીય નીતિઓ તેમજ સાયબર સુરક્ષા માટેના નિયમો ઘડવાની જરૂર પડે છે. નવી ટેકનોલોજીના અસંખ્ય લાભો લેવા માટે સરકારે શિક્ષણ અને તાલીમ પધ્ધતિઓમાં મૂડી અને શ્રમ કૌશલ્યની તાલીમમાં રોકાણ કરવું જરૂરી બને છે.

(5) **અન્ય પરિબળો :** ઉપરોક્ત જણાવેલ પરિબળો ઉપરાંત અન્ય પરિબળો જેવા કે ભોગોલિક રાજકારણ, સાંસ્કૃતિક મૂલ્યો અને માન્યતાઓ, શિક્ષણ અને કૌશલ્ય સ્તર તેમજ માળખાકિય સુવિધાઓ જેવા અન્ય પરિબળો પરસ્પર આશ્રિત હોવાથી તે ઔદ્યોગિક ક્રાંતિના આકાર અને ગતિને પણ અસર કરે છે.

ટૂંકમાં પરિવર્તનનું મુખ્ય ચાલક બળ ટેકનોલોજીકલ હોવા છતા ઉપર જણાવેલ અન્ય પરિબળો પણ તેમાં અગત્યની ભૂમિકા ભજવે છે.

આમ, ચોથી ઔદ્યોગિક ક્રાંતિ ઘણાં પડકારો અને તકો ધરાવે છે. તેથી જ દેશની વ્યક્તિઓ, વિવિધ સંગઠનો અને સરકારોએ આ ક્રાંતિ દ્વારા પરિવર્તન લાવીને તેનો મહત્તમ લાભ મેળવવા માટે તેયાર થવું જરૂરી છે.

**ચોથી ઔદ્યોગિક ક્રાંતિની અસરો :**

હાલની પરિસ્થિતિમાં થઈ રહેલી ચોથી ઔદ્યોગિક ક્રાંતિનો ઊંડો પ્રભાવ વિશ્વના સમાજ, અર્થતંત્ર તેમજ પર્યાવરણ પર થશે. આમાંનીકેટલીક સભંવિત અસરોની ચર્ચા નીચે મુજબ કરી શકાય;

(1) **સકારાત્મક અસર :**

(1) **વધુ ઉત્પાદકતા અને આર્થિક વિકાસ :** AI, Robotics અને તેની સાથે જોડાયેલી અન્ય ટેકનોલોજીનો ઉપયોગ વિવિધ ઉત્પાદન કાર્યોને ઓટોમેટિક એટલે કે સ્વચાલિત કરવા માટે તેમજ વિવિધ વસ્તુઓની ઉત્પાદકતા વધારવા માટે થઈ શકે છે. જેને કારણે સમગ્રઅર્થતંત્રમાં આર્થિક વિકાસ થઈ શકશે.

(2) **નવી રોજગારીનું સર્જન :** એવી ધારણા છે કે ચોથી ઔદ્યોગિક ક્રાંતિને કારણે અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં અનેક નવી રોજગારીનું સર્જન થશે અને તેની સંખ્યા પણ ખૂબ મોટી હશે. મોટેભાગે ડેટા વિશ્લેષણ, કૃત્રિમ બુધ્ધિ (AI) અને મશીન લર્નિગ જેવા ક્ષેત્રોમાં નવી રોજગારીનું સજન મોટા પાયે થશે.

(3) **લોકોના જીવનધોરણમાં સુધારો :** જ્યારે ઉત્પાદનના વિવિધ ક્ષેત્રોમાં અને ખાસ કરીને શિક્ષણ. સ્વાસ્થ્ય અને પરિવહનજેવા ક્ષેત્રો જેનો ઉપયોગ સામાન્ય નાગરિકો

મોટા પાયા પર કરે છે, તેમાં ટેકનોલોજીના ઉપયોગદ્વારા લોકો જીવનની ગુણવત્તામાં ઘણો સુધારો થઈ શકશે.

(4) **વિકાસમાં વૃધ્ધિ અને ટકાઉપણું :** નવી ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સ્વચ્છ ઉર્જાનું ઉત્પાદન થઈ શકે છે. પર્યાવરણનું પ્રદૂષણ ઘટાડી શકાય છે. અને તે રીતે કુદરતી સંસાધનોનું યોગ્ય રીતે સંરક્ષણ કરી શકાય છે.

**(2) નકારાત્મક અસર :**

1. **શ્રમ બજારમાં સંકોચન :** ચોથી ઔદ્યોગિક ક્રાંતિ દરમ્યાન AI, Robotics નો ઉપયોગ ખૂબ મોટા પયા પર થઈ રહ્યો હોવાથી કેટલાક ક્ષેત્રોમાં શ્રમિકોની સંખ્યા ઘટે તેવી પરિસ્થિતિનું જોખમ સર્જાય શકે છે. ખાસ કરીને ઉત્પાદન અને સેવાક્ષેત્રમાં આ પરિસ્થિતિ સર્જાય શકે છે.

2. **આવકનું ધ્રુવિકરણ :** સ્પષ્ટ રીતે જોઇશકાય છે કે જયારે નવી ટેકનોલોજીનો મોટા પાયા પર ઉપયોગ કરવામાં આવે ત્યારેધનિક અને ગરીબ વર્ગોવચ્ચેની આવકની અસમાનતાઓ વધે છે એટલે કે નવી ટેકનોલોજી ધનિક વર્ગની તરફેણમાં હોય છે.

3. **ગોપનિયતા અને સુરક્ષા અંગેની ચિંતાઓ :** જયારે મોટા પાયા પર ડેટા એકત્ર કરવામાં આવે અને ત્યારબાદ તેનો ઉપયોગ કરવામાં તે અંતરાલમાં તેમની સુરક્ષાઓ અંગે ચિંતા ઉભી થાય છે.

4. **નૈતિક સમસ્યાઓ :** નવી ટેકનોલોજીઓ અનેક પ્રકારની નૈતિક સમસ્યાઓનું સજન કરે છે. જે હજી સુધી ભારતમાં મોટા પાયા પર જોવા મળી નથી.

**(3) સમગ્ર સમાજ પરની અસર :**

ચોથી ઔદ્યોગિક ક્રાંતિ દરમ્યાન લોકોની કામ કરવાની પધ્ધતિ, વાતચીત કરવાની રીત તેમજ વિશ્વના અન્ય દેશોના નાગરિકો સાથે ક્રિયા કે પ્રતિક્રિયા કરવામાં અનેક પરિવર્તનો આવશે જે માટેલોકો એ નવા કૌશલ્ય અને નવી ટેકનોલોજી હસ્તગત કરવી પડશે.

**(4) સરકારો પરની અસરો :**

ચોથી ઔદ્યોગિક ક્રાંતિ દરમ્યાન સરકારો પર નીચે દર્શાવેલી મોટી અસરો થઈ રહી છે અથવા તો ભવિષ્યમાં થઈ

- ડિજીટલ વ્યવહારોને કારણે લોકોની (સર્વેલન્સ) દેખરેખમાં વધારો થઈ શકે છે. ઉપરાંત અન્ય માળખાગત સવલતો પણ સરકારના અંકુશ હેઠળ આવે છે. જેથી પોલીસ રાજ્ય ઉદભવવાની અને સરમુખત્યારશાહી વલણો જોવા મળે છે.
- નવી ટેકનોલોજીની કારણે લોકોની ભાગીદારી સરળતાથી વધી શકે છે. જેમાં સરકાર એ વધારવામાટે પ્રયાસ કરે છે. ઉપરાંત સરકાર દ્વારા નિર્ણય લેવામાં અથવા તો કાયદા ઘડવામાં લોકોની સામેલગીરી વધી શકે છે.
- દેશમાં લોકશાહી પણ વધુ વિકેન્દ્રિત બને છે, તેમજ વ્યક્તિઓ પોતાનો મત શાસનમાં બેઠેલા પ્રતિનિધિઓને સરળતાથી પોહંચાડી શકે છે.
- સરકારની યોજનાઓનો સરળ રીતે અમલ થાય છે અને લાભાર્થીઓની ઓળખ શક્ય બને છે.

- સરકારની વધુ પારદર્શિતા ઉભી થાય છે, કારણ કે તેને વિશેની માહિતી ખૂબ ઝડપથી લોકો સુધી પહોંચે છે. જો સરકાર આમ ન કરે તો,લોકોમાં અસંતોષ ફેલાય શકે છે. જેથી સરકારોએ દેશના નાગરિકો તેમજ ઉદ્યોગપતિઓ સાથે સંપર્કમાં રહેવું જરૂરી છે.
- સાયબર સલામતીનો ખ્યાલ રાજ્યમાંલોકોની સલામતીમાં યુધ્ધ સંબંધિત વ્યૂહરચના જોવા મળે છે.

**(4) લોકો પરની અસરો :**

ચોથી ઔદ્યોગિક ક્રાંતિ દરમ્યાન દેશના નિવાસીઓ દ્વારા ફકત ગ્રાહક કે નાગરિક તરીકે નહીં પરંતુ સાથે જ નાગરિકો વાસ્તવમાં શું છે તેના વિશેના ખ્યાલો બદલાય છે. અંગતતા અંગેના ખ્યાલો તથા તે માટેના અધિકારોને પણ એ બાબત સ્પર્શે છે. આ ઉપરાંત અન્ય પધ્ધતિઓ જેવી કે કામ કરવાની, વસ્તુઓના વપરાશની, આરામ માટેની, કુશળતા વિકસાવવાની, કારકિર્દી બનાવવાની, લોકોના સંપર્કમાં રહીને સંબંધો વિકસાવવાની ઇચ્છઓ અને શૈલી વગેરે જેવી તમામ બાબતો પર અસર કરે છે. આયુષ્ય, આરોગ્ય અને શારિરીક ક્ષમતા વગેરે બદલાવાથી નૈતિકતાના ખ્યાલો પણ બદલાય છે. લોકોની જીવનશૈલી ઉપરાંત ચિંતન અને મનન જેવી વસ્તુઓ અલભ્ય બને છે. પ્રેમ અને લાગણીઓ ટેકનિકલ બની જાય છે. અને વિશ્વાસ ભંગ કે દગા જેવી ઘટનાઓ સામાનય બને છે કારણ કે મનુષ્યો વધુ કૂર બની રહ્યા છે, એમ લાગી રહ્યુ છે. સૌથી મહત્ત્વનો પ્રશ્ન અંગતતાના અધિકાર અંગેનો છે. વાસ્તવમાં આપણાં પોતાના વિશેની માહિતી પર આપણો જ અંકુશ રહ્યો નથી અને રાજ્ય એ માટે કોઇ બાંહેધરી આપતુંનથી. માહિતી ટેકનોલોજીએ ખાનગી વ્યક્તિઓ અને સંસ્થાઓ માટે પણ બીજા લોકોની અંગત માહિતી પ્રાપ્ત કરવાનું શકય બન્યું છે.

**(5) ભારત પર ચોથી ઔદ્યોગિક ક્રાંતિની અસરો :**

સમગ્રપણે જોતા ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિથી ઘણો ફાયદો પ્રાપ્ત કરી શકે છે. વિશ્વકક્ષાએ જોતા ભારત એક યુવાન દેશ છે. તેમજ તકનિકી ક્ષેત્રે પણ સક્ષમ નાગરિકો ધરાવતો દેશ હોવાથી ભારત આ નવી ટેકનોલોજીનો ઉપયોગ પોતાના આર્થિક વિકાસના દરને વધારવા તેમજ તે દ્વારા પોતાના નાગરિકોના જીવનધોરણમાં સુધારોકરી શકે છે. ઉપરાંત શિક્ષણ, આરોગ્ય સંભાળ, જાહેર સેવાઓમાં સુધારો કરે છે.

નવા ઉદ્યોગોની સ્થાપના અને નવા કાર્યો માટે રોજગારી ઉભી થશે. બેરોજગારી અને ગરીબીમાં ઘટાડો થશે. આ સંદર્ભમાં ભારત સરકાર ચોથી ઔદ્યોગિક ક્રાંતિના લાભો પ્રાપ્તકરવા અને બીજી તરફ તે અંગે ઉદભવતા જોખમો ઘટાડવા માટે પગલાં લઇ રહી છે.

## 7.4 સારાંશ

ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ (ડીજીટલ ક્રાંતિ) મિકેનીકલ અને એનેલોગ ઇલેકટ્રોનિક ટેકનોલોજીમાંથી ડિજીટલ ઇલેકટ્રોનિક્સમાં થતું પરિવર્તન દર્શાવે છે. અને તેનો ઉપયોગ હજુ સુધી ચાલુ છે. ત્રીજી ઔદ્યોગિક કાંતિ,એ પહેલાની ઔદ્યોગિક ક્રાંતિ કરતા વધુ વ્યાપક અને ઊંડી અસર પાડનારી છે.

ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં AI, Ml, SG, Robotics, Bio-technology વગેરેમાં થયેલી ટેકનીકલ પ્રગતિઓ છે. આ ક્રાંતિની મદદથી વિવિધ પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન ઉપરાંત

અનેક દેશો લોકોની આવકનું ઊંચુ સ્તર લાવી શકવાની સારી તકો ઉભી થઈ છે. જે લોક ના જીવનની ગુણવત્તા પણ સુધારી શકશે.

ઐતિહાસિક દ્રષ્ટીએ ઘણી ઔદ્યોગિક કાંતિઓ થઈ છે. જેને કારણે ઉત્પાદન, પરિવહન અને સંચારમાંખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિની આ શ્રેણીમાં ત્રીજીઅને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ સૌથી આધુનિક છે, જે નાગરિકોના જીવનના તમામ પાસાંને મોટી અસર કરી રહ્યા છે.

## 7.5 ચાવીરૂપ શબ્દો

**ઔદ્યોગિક ક્રાંતિ :** ઉત્પાદન પ્રક્રિયાની ટેકનોલોજીમાં ભરવામાં આવતું પગલું કે જે ભૂતકાળ કરતાં બિલકૂલ અલગ હોય છે, તેને 'ઔદ્યોગિક ક્રાંતિ' કહેવાય છે.

**ટેકનોલોજિકલ પરિવર્તન :** ટેક્નોલોજીકલ પરિવર્તેન એ પહેલાથી જ અસ્તિત્વમાં છે તે ટેક્નોલોજીના સુધારણા અને બજારમાં હાલના ઉત્પાદનોને સુધારવા માટે નવીની શોધનો ઉલ્લેખ કરે છે. આને ઉત્પાદન અથવા પ્રક્રિયાની કાર્યક્ષમતા વધારવાની પ્રક્રિયા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે જેના પરિણામે સાધનોમાં વધારો કર્યા વિના ઉત્પાદનમાં વધારો થાય છે.

**સ્વચાલિત :** સ્વચાલિત (મશીન અથવા ઉપકરણ) માનવ નિયંત્રણથી સ્વતંત્ર રીતે કાર્ય કરવા સક્ષમ છે.

**કૃત્રિમ બુધ્ધિ :** કૃત્રિમ બુધ્ધિએ મશીનો, ખાસ કરીને કમ્પ્યુટર સિસ્ટમ્સ દ્વારા માનવ બુદ્ધિ પ્રક્રિયાઓનું અનુકરણ છે.

## 7.6 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

(1) ત્રીજી ઔદોગિક ક્રાંતિના લક્ષણો જણાવી, ત્રીજી ઔદ્યોગિક કરંતિને આકાર આપનાર ટેકનોલોજીઓ વિશ્વના અર્થતંત્ર પર શું અસરો પોહચાડે છે ? વિગતે સમજાવો.

(2) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિની વ્યાખ્યા જણાવી, તેને અસર કરતા પરિબળોની ચર્ચા કરો.

(3) ચોથી ઔદ્યોગિક ક્રાંતિ એટલે શુ ? આધુનિક સમયમાં ચોથી ઔદ્યોગિક ક્રાંતિ સામેના પડકારો જણાવી,વિશ્વના અર્થતંત્ર પર તેની અસરો જણાવો.

(4) ત્રીજી અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ વચ્ચે તફાવત સમજાવી, ઔદ્યોગિકકાંતિનો ઉત્પાદન પ્રક્રિયામાં શુ ફાળો છે ? સમજાવો

(5) શું તમે માનો છો ત્રીજી અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે વિશ્વના અર્થતંત્ર પર અસર થઈ છે ? તમારા મંતવ્યો જણાવો.

**(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) કઇ ટેક્નોલોજીઓએ ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ ને આકાર આપ્યો ?

(2) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો.

(3) કયા ઉદ્યોગો ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિથી સૌથી વધારે પ્રાભાવિત થયા છે ?

(4) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિના ફાયદા અને ગેરફાયદા જણાવો.

(5) ત્રીજી અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં મુખ્ય તફાવત શું છે ?

(6) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિની સકારાત્મક અને નકારાત્મક અસરો જણાવો.

(7) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિની અર્થતંત્ર પર અસર જણાવો.

(8) ચોથી ઔદ્યોગિક ક્રાંતિની વ્યાખ્યા આપો.

(9) ચોથી ઔદ્યોગિક ક્રાંતિની મુખ્ય લાક્ષણો જણાવો.

(10) ચોથી ઔદ્યોગિક ક્રાંતિની અસરો જણાવો.

(11) કઇ ટેક્નોલોજીઓ ચોથી ઔદ્યોગિક ક્રાંતિને આગળ ધપાવી રહી છે ?

**(ક) નીચેના ટૂંકનોંધ લખો :**

(1) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિની મુખ્ય લાક્ષણિકતાઓ

(2) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિના ફાયદાઓ અને ગેરફાયદાઓ

(3) ત્રીજી ઓદ્યોગિક ક્રાંતિની અર્થતંત્ર પર અસર

(4) ચોથી ઔદ્યોગિક ક્રાંતિની મુખ્ય લાક્ષણિકતાઓ

(5) ચોથી ઔદ્યોગિક ક્રાંતિની અસરો

(6) ચોથી ઔદ્યોગિક સામેના પડકારો

**(ડ) સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત સૌ પ્રથમ કયા ઉદ્યોગમાં યાંત્રિકરણથી થઈ હોવાનું મનાય છે ?

(અ) કાપડ ઉદ્યોગ (બ) શણ ઉદ્યોગ (ક) સિમેન્ટ ઉદ્યોગ (ડ) એક પણ નહી

(2) ઇલેકટ્રોનિક, કમ્પ્યુટર, ટેલિકમ્યુનિકેશન અને ઓટોમેશન જેવી ટેક્નોલોજી કઇ ક્રાંતિને આભારી છે ?

(અ) પ્રથમ (બ) બીજી (ક) ત્રીજી (8) ચોથી

(3) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ બીજા કયા નામથી ઓળખાય છે ?

(અ) ઓટોમેશન કાંતિ (બ) ડિજીટલ ક્રાંતિ (ક) નવીન ક્રાંતિ (ડ) રોબોટિક ક્રાંતિ

(4) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત કયારે થઈ ?

(અ) 1940ના દાયકામાં (બ) 1950ના દાયકામાં

(ક) 1960ના દાયકામાં (ડ) 1970ના દાયકામાં

(5) AI નું પૂર્ણ સ્વરૂપ શું છે ?

(અ) Artificial Intelligence (બ) Artificial Integration

(ક) Automatic Intelligence (ડ) Artificial Innovation

(6) IOT નું પૂર્ણ સ્વરૂપ જણાવો.

(અ) Internet to Tech (બ) Internet of Things

(ક) Internet of Time (3) Internet of Trade

(7) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિમાં સૌથી મોટો ફાળો કઇ કંપનીનો છે

(અ) એમેઝોન (બ) એપલ (ક) ગૂગલ (ડ) આપેલ તમામ

(8) ચોથી ઔદ્યોગિક ક્રાંતિના પિતા કોણ હતા ?

(અ) ક્લાઉસ સ્કવાબ (બ) ફેડરિક વિન્ડ્સ્લો (ક) જહોન કોકેરિલ (ડ) વિલિમ્સન

(9) ચોથી ઔદ્યોગિક ક્રાંતિનું નામાભિધાન કોણે કર્યુ ?

(અ) ક્લાઉસ સ્કવાબ (બ) ફેડરિક વિન્ડ્સ્લો (ક) જહોન કોકેરિલ (ડ) વિલિમ્સન

(10) વિશ્વ હાલમાં કઇ ઔદ્યોગિક ક્રાંતિનું અમલીકરણ કરી રહ્યું છે ?

(અ) બીજી (બ) ત્રીજી (ક) ચોથી (ડ) પાંચમી

## ● સંદર્ભ સૂચિ


- Robert C. Allen. (2017). The Industrial Revolution: A Very Short Introduction (Very Short Introductions), OUP Oxford; 1st edition
- Robert C. Allen. (2009). The British Industrial Revolution in Global Perspective (New Approaches to Economic and Social History), Cambridge University Press; Ist edition.
- Landes, David S. (2003) The Unbound Prometheus: Technological Change and Industrial Development in Western Europe from 1750 to the Present. Cambridge University Press; 2nd edition
- Ahluwalia, I.J. (1985). Industrial Growth in India: Stagnation since Mid-sixties. Oxford University Press.
- https://en.wikipedi.org
- https://humanidades.com>third-industrial-revoluation
- https://www.desoultertools.com


## ● તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) (અ) કાપડ ઉદ્યોગ

(2) (ક) ત્રીજી

(3) (બ) ડિજીટલ ક્રાંતિ

(4) (ડ) 1970ના દાયકામાં

(5) (અ) Artificial Intelligence

(6) (બ) Internet of Things

(7) (ડ) આપેલ તમામ

(8) (અ) ક્લાઉસ સ્કવાબ

(9) (અ) ક્લાઉસ સ્કવાબ

(10) (ક) ચોથી

એકમ 8

# ઉદ્યોગોનું વર્ગીકરણ

-: રૂપરેખા :-

**8.0** ઉદ્દેશો

**8.1** પ્રસ્તાવના

**8.2** ઉદ્યોગનો અર્થ

**8.3** ઉદ્યોગોનું વર્ગીકરણ

**8.4** કદની દૃષ્ટિએ

**8.5** સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોના લક્ષણો

**8.6** સૂક્ષ્મ, નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગો વચ્ચે તફાવત

**8.7** ભારતમાં ગૃહ, નાના અને મધ્યમ ઉદ્યોગોએ સાધેલી પ્રગતિ

**8.8** મોટા ઉદ્યોગોએ સાધેલી પ્રગતિ

**8.9** ઉદ્યોગ વિકાસ સામેના પડકારો

**8.10** સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોની સમસ્યાઓ

**8.11** MSME ના વિકાસ માટે સરકારે લીધેલા પગલાંઓ

**8.12** MSME અને વર્તમાન પ્રવાહો

**8.13** સારાંશ

**8.14** ચાવીરૂપ શબ્દો

**8.15** તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ સૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 8.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) ઔદ્યોગિક વર્ગીકરણને સરળતાથી સમજી શકશો.

(2) ઉદ્યોગનો અર્થ, મોટા પાયાના ઉદ્યોગોનો અર્થ તેમજ તેના લક્ષણોથી તમે માહિતગાર બની ચર્ચા કરી શકશો.

(3) સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને અર્થ, લક્ષણો તેમજ તેમની વચ્ચેના તફાવતો સમજાવી શકશો.

(4) ભારતમાં સૂક્ષ્મ, નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોએ દેશના આર્થિક વિકાસમાં કેવી પ્રગતિ સાધી છે તેનું મહત્ત્વ સમજાવી શકશો.

(5) ઉદ્યોગ વિકાસ સામેના પડકારો તેમજ સૂક્ષ્મ નાના અને મધ્યમ ઉદ્યોગોની સમસ્યાઓ તેમજ આ ઉદ્યોગ વિકાસ માટે સરકારે લીધેલા પગલાંઓ તમને સમજાવી શકાશે.

## 8.1 પ્રસ્તાવનાઃ

વર્તમાન યુગમાં દેશનો વિકાસ ઉદ્યોગોના વિકાસ પર જ આધારિત છે. જે દેશો આજે ઔદ્યોગિક દૃષ્ટિએ વિકસિત છે. તેમની અર્થવ્યવસ્થા એટલી જ મજબૂત બની છે. ઔદ્યોગિક વિકાસ સિવાય આર્થિક વિકાસ શક્ય જ નથી. તેથી જ કહેવાય છે કે આર્થિક વિકાસનું એન્જિન એ ઔદ્યોગિક વિકાસ છે. ભારતમાં નાણાંકીય વર્ષ 2022-23 માં દેશની GDP (કુલ ઘરેલું ઉત્પાદન)માં ખેતીનો ફાળો 17.59%, ઉદ્યોગનો ફાળો 27.55% અને સેવાક્ષેત્રનો ફાળો 54.86% જેટલો છે.

ભારતમાં ઝડપી આર્થિક વિકાસ માટે, વધુ ઉત્પાદન મેળવવા માટે, બજારોનો વિસ્તાર કરવા, આવક અને રોજગારીમાં વધારો કરવા માટે, ચાવીરૂપ ચીજવસ્તુનું ઉત્પાદન કરવા, વિદેશી હૂંડિયામણની પ્રાપ્તિ માટે વગેરે દૃષ્ટિએ ઉદ્યોગોનું મહત્ત્વ રહેલું છે.

ભારતમાં ઉદ્યોગના વિકાસને ત્રણ તબક્કામાં જોઈ શકાય છે. પ્રથમ 1970 ના દાયકા સુધી, જ્યારે ઉદ્યોગ સંપૂર્ણપણે સરકાર દ્વારા નિયંત્રિત હતો. બીજું 1980 નું દશક, જ્યાં મર્યાદિત ઉદ્યોગીકરણ હતું અને ત્રીજું 1991 માં ઉદારીકરણ પછીનો સમયગાળો જેમાં ઔદ્યોગિક ક્ષેત્રએ ખૂબ જ પ્રગતિ સાધી છે.

ભારતમાં પ્રથમ પંચવર્ષીય યોજનામાં ઔદ્યોગિક વિકાસ દર 5.7% હતો. જે ચોથી પંચવર્ષીય યોજનામાં ઘટીને 4.4% થયો. અગિયારમી પંચવર્ષીય યોજનામાં વધીને 7.5% થયો. 2020-21 માં આ દર નકારાત્મક (-8.4%) થયો એના માટે કોરોના જેવી મહામારીનું કારણ જવાબદાર છે. ઓક્ટોબર-2023 માં વધીને તે 11.7% થયો. આ ઔદ્યોગિક ક્ષેત્રની પ્રગતિમાં મોટા ઉદ્યોગોના વિકાસની સાથે જ સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોએ પણ દેશના આર્થિક વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે.


## 8.2 ઉદ્યોગનો અર્થ

સામાન્ય અર્થમાં ઉદ્યોગ માટે ધંધો એવો શબ્દ પ્રયોગ આપણે કરતા હોઈએ છીએ. પરંતુ અર્થશાસ્ત્રની પરિભાષામાં આપણે આ બન્નેને અલગ રીતે જોવા પડે.

"કાચામાલ પર પ્રક્રિયા કરી તૈયાર માલમાં પરિવર્તન કરવાની નાણાંકીય પ્રવૃત્તિને ઉદ્યોગ કહે છે." જ્યારે "ધંધો" એ ચીજવસ્તુઓ કે 'સેવા'નું હસ્તાંતર કરવાની નાણાંકીય પ્રવૃત્તિ છે. આમ, ઉદ્યોગમાં વસ્તુ બીજા સ્વરૂપમાં બદલાય જ્યારે ધંધામાં વસ્તુ બદલાતી નથી પરંતુ એક હાથમાંથી બીજા હાથમાં જાય છે પછી એ કાચામાલના સ્વરૂપમાં હોય કે તૈયાર માલના સ્વરૂપમાં હોય જેને આપણે વેપાર કે ધંધો કહીએ છીએ.

મનુષ્યની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે કાચામાલમાંથી ચીજવસ્તુઓ તૈયાર કરવાની પ્રક્રિયાને ઉદ્યોગ કહે છે. ઉદ્યોગોમાં પ્રવૃત્તિએ કેન્દ્ર સ્થાને રહેલી છે. બીજા અર્થમાં જોઈએ તો મનુષ્ય દ્વારા પોતાની બૌદ્ધિક, સાંસ્કૃતિક અને આર્થિક ક્ષમતા પ્રમાણે કુદરતી રૂપને બદલાવીને ઉપયોગમાં લાવી શકાય તેવી પ્રક્રિયાને ઉદ્યોગ કહે છે.

## 8.3 ઉદ્યોગોનું વર્ગીકરણ




### 8.3.1 કદની દૃષ્ટિએ :

કદની દૃષ્ટિએ ઉદ્યોગોનું વર્ગીકરણ ત્રણ રીતે કરવામાં આવે છે.

**મોટા પાયાના ઉદ્યોગો :**

ભારતમાં ઔદ્યોગિક એકમમાં પ્લાન્ટ અને યંત્ર સામગ્રીમાં કેટલા પ્રમાણમાં મૂડી રોકાણ થયું છે. તેના આધારે તેને નાના પાયાના કે મોટા પાયાના ઉદ્યોગોમાં વિભાજન કરવામાં આવે છે.

**અર્થ :** સામાન્ય અર્થમાં પાયાના ઉદ્યોગો અને મૂડીસર્જક ઉદ્યોગોના સમૂહને મોટા ઉદ્યોગો કહેવામાં આવે છે.

અન્ય ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી નિક્ષેપો પૂરા પાડતા ઉદ્યોગોને પાયાના કે ચાવીરૂપ ઉદ્યોગો કહેવામાં આવે છે. બીજી રીતે કહીએ તો કેટલાક ઉદ્યોગો કુદરતી રીતે જ એવા હોય છે કે જેમાં પેઢીઓએ મોટા પાયા પર મૂડી રોકાણ પર ઉત્પાદન અને વેચાણ કરવું પડે તો જ ખર્ચ ઓછું થાય છે અને આવક વધુ થાય છે જેમ કે : લોખંડ અને પોલાદ ઉદ્યોગ. જે આર્થિક વિકાસની ધરી સમાન છે. આ ઉપરાંત મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ, સ્ટીલ અને કાપડ ઉદ્યોગ, કોલસો, હેવી એન્જિનીયરિંગ, કેમિકલ, સિમેન્ટ, ટેલિકોમ્યુનિકેશન, ઓટોમોબાઈલ, રેલ્વે વેગનો, કાર, ટેક્ષટાઈલ, સુગર, પેટ્રોકેમિકલ્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી બેન્કિંગ અને ઈન્યોરન્સ વગેરેનો મોટા પાયાના ઉદ્યોગોમાં સમાવેશ થાય છે. આ બધા જ ઉદ્યોગો ભારતીય અર્થતંત્રમાં મોટો ફાળો આપી રહ્યાં છે.

મૂડી રોકાણની દૃષ્ટિએ જોઈએ તો રૂ. 50 કરોડથી વધુ મૂડી રોકાણ હોય અને ટર્ન ઓવર રૂ. 250 કરોડ કરતાં વધુ હોય એવા ઉદ્યોગોનો સમાવેશ મોટા ઉદ્યોગોમાં થાય છે.

**લક્ષણો :** ભારતમાં મોટા ઉદ્યોગો એ આર્થિક વિકાસની ધરી સમાન ગણાય છે. તેના ઉત્પાદનોથી અન્ય ઉદ્યોગોના યંત્રો તેમજ અન્ય સંરચનાનું નિર્માણ થાય છે. મોટા ઉદ્યોગોના લક્ષણો આ પ્રમાણે છે.

(1) નાના ઉદ્યોગોની સરખામણીમાં મોટા ઉદ્યોગોમાં મૂડી ઉત્પાદન ગુણોત્તર ઊંચો હોય છે. કારણ કે મોટા ઉદ્યોગોમાં વધુ મૂડીની જરૂરિયાત રહે છે. દા.ત., લોખંડ-પોલાદ ઉદ્યોગ, સ્ટીલ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, રેલ્વે વેગનો, બેન્કિંગ, ઓટોમોબાઈલ વગેરે ઉદ્યોગોમાં મૂડી ઉત્પાદન ગુણોત્તર ઊંચો રહે છે.

(2) મોટા ઉદ્યોગો કેટલીક વાર નાના ઉદ્યોગોને પૂરક ઉદ્યોગ તરીકે કાર્ય કરતા હોય છે. આમ નાના પાયાના ઉદ્યોગોના પૂરક અથવા આનુષંગિક એકમો તરીકે મદદરૂપ થાય છે.

(3) મોટા પાયાના ઉદ્યોગોમાં મૂડી રોકાણનું પ્રમાણ ઊંચુ રહે છે. આ ઉદ્યોગો મોટા પાયા પર ઉત્પાદન કરતા હોય છે. તેથી સ્વાભાવિક રીતે મોટા ઉદ્યોગોમાં યંત્રોની જરૂરિયાત વધુ રહે છે.

(4) નાના ઉદ્યોગોની સરખામણીમાં મોટા પાયાના ઉદ્યોગોમાં કાચામાલની જરૂરિયાત વધુ રહે છે. એનું કારણ એ છે કે મોટા ઉદ્યોગોનું કદ મોટું હોવાથી તેમજ ઉત્પાદન પણ મોટા પ્રમાણમાં થતું હોય છે. તેથી કાચોમાલ આ ઉદ્યોગોને વધુ જરૂરી છે.

(5) નાના ઉદ્યોગોની સરખામણીમાં મોટા પાયાના ઉદ્યોગોમાં ઉત્પાદન વધુ થાય છે.

(6) મોટા ઉદ્યોગોએ ઉત્પાદિત કરેલી વસ્તુઓને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય બજાર મળી રહે છે.

(7) મોટા પાયાના ઉદ્યોગોમાં પાકા માર્ગો વગેરેની જરૂરી વધુ પ્રમાણમાં પડે છે.

(8) મોટા ઉદ્યોગોની સ્થાપના તેમજ તેનો વિકાસ કરવા માટે ખૂબ વધુ મૂડી રોકાણની આવશ્યક્તા રહે છે.

**નાના પાયાના ઉદ્યોગો :**

ભારતીય અર્થતંત્રમાં આયોજનની શરૂઆતથી જ નાના પાયાના ઉદ્યોગો મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

**અર્થ :** 1985 માં ભારત સરકારે કરેલી વ્યાખ્યા અનુસાર જે ઔદ્યોગિક એકમોનું નિયત મૂડી રોકાણ રૂ. 35 લાખથી ઓછું અને મોટા ઔદ્યોગિક એકમોને પૂરક ઉદ્યોગોનું નિયત મૂડી રૂ. 45 લાખ સુધીનું છે તેનો સમાવેશ નાના ઉદ્યોગોમાં થાય છે. ત્યારબાદ 2006 ના ધારા અન્વયે નાના ઉદ્યોગોને બે વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.

(1) મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે કામ કરતા સાહસો : આ સાહસો માટેની મૂડી રોકાણની મર્યાદા રૂ. 5 લાખથી રૂ. 5 કરોડ સુધીની નિયત કરવામાં આવી છે.

(2) વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં કાર્યરત રહેલા સાહસો : આ સાહસો માટેની મૂડી રોકાણની મર્યાદા રૂ. 10 લાખથી રૂ. 2 કરોડ સુધીની નિયત કરવામાં આવી છે.

જોકે ઉદ્યોગ મંત્રાલયે ''માઈક્રો, સ્મોલ અને મીડિયમ એકટના 2020'' ના રિવિઝનમાં મેન્યુફેક્ચરિંગ આધારિત અને સેવાઓ આધારિત MSME વચ્ચેનો તફાવત દૂર કર્યો છે. જેની ચર્ચા આપણે પછી કરીશું.

**ગૃહ ઉદ્યોગો :**

**અર્થ :** જે ઉદ્યોગો મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા છે. જેમાં જુની ઉત્પાદન પદ્ધતિએ

રૂઢિગત વસ્તુઓનું ઉત્પાદન મુખ્યત્વે કુટુંબના સભ્યો તેમજ સાદા યંત્રો દ્વારા થાય છે. જેમાં કાચામાલની પ્રાપ્તિ તેમજ તેના દ્વારા ઉત્પાદિત થયેલી વસ્તુઓના બજાર પણ સ્થાનિક હોય છે. તેને ગૃહ ઉદ્યોગો કહે છે. દા.ત., ખાદી, કાથીની ચીજવસ્તુઓ, માટીના વાસણો, મસાલા, પાવડર, અથાણાં બનાવવા, બુટ, ચંપલ, સુથારી કામ વગેરેને લગતી વસ્તુઓનું ઉત્પાદન ગૃહ ઉદ્યોગો દ્વારા થાય છે.

**લક્ષણો :** (1) મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારમાં આવેલા હોય છે. (2) આ ઉદ્યોગો મુખ્યત્વે ખંડ સમય માટે કામ આપે છે. (3) જુની ઉત્પાદન પદ્ધતિએ ઉત્પાદન કરે છે. (4) રૂઢિગત ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતાં હોય છે. (5) કુટુંબના સભ્યો દ્વારા જ ઉત્પાદન થતું હોય છે. (6) સાદા ઓજારો અને યંત્રોનો ઉપયોગ કરતા હોય છે. (7) કાચામાલનું તેમજ તૈયાર વસ્તુઓના સ્થાનિક બજાર મેળવતા હોય છે.

- **માલિકીની દૃષ્ટિએ :**

  માલિકીની દૃષ્ટિએ ઉદ્યોગોને ચાર વિભાગમાં વર્ગીકૃત કરી શકાય.

**જાહેર ક્ષેત્રના ઉદ્યોગો :**

**અર્થ :** જે એકમોની માલિકી, સંચાલન અને અંકુશ સરકાર હસ્તક હોય તેને જાહેરક્ષેત્રના ઉદ્યોગો કહે છે. વિસ્તૃત અર્થમાં જોઈએ તો જાહેરક્ષેત્રમાં સરકારી વિભાગો ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની કંપનીઓ, સિંચાઈ અને ઉર્જાની પરિયોજનાઓ, રેલ્વે, ટપાલ અને તાર સેવાઓ, શસ્ત્ર સરંજામ, ઉત્પાદનના કારખાના રાષ્ટ્રીયકૃત બેંકો, વીમા નિગમો, રાજ્ય પ્રેરિત નાણાં નિગમો વગેરેનો સમાવેશ થાય છે.

જાહેરક્ષેત્રના ઉદ્યોગોને ત્રણ પેટા પ્રકારમાં વહેંચવામાં આવ્યા છે.

**(1) ખાતાકીય ઉદ્યોગ :**

**અર્થ :** જ્યારે સરકાર કોઈ ઉદ્યોગ કે સાહસ પોતાની સીધી દેખરેખ હેઠળ પોતાના એક ખાતાની જેમ ચલાવે છે અને તેથી તેની આવક અને ખર્ચની નાણાંકીય જોગવાઈઓ અંદાજપત્રમાં દર્શાવવામાં આવે છે. ઉદાહરણ તરકે : રેલ્વે, તાર-ટપાલ વગેરે.

**(2) જાહેર નિગમ :**

**અર્થ :** જ્યારે કોઈ એકમની માલિકી કેન્દ્ર સરકારની કે રાજ્ય સરકારની હોય પરંતુ તેનું સંચાલન જે તે નિગમ દ્વારા થતું હોય અને તેના સંચાલનના નિર્ણયોમાં પણ સરકારનો વિશેષ પ્રભાવ જોવા મળતો હોય તો તેને જાહેર નિગમ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે : સ્ટેટ ટ્રાન્સપોર્ટ નિગમ (જી્.) જીવન વીમા નિગમ, એરલાઈન્સ વગેરે.

(3) સંયુક્ત મૂડીની કંપનીઓ :

**અર્થ :** સંયુક્ત મૂડી કંપનીઓનું સંચાલન સરકાર દ્વારા જ કરવામાં આવે છે અને તે કાર્ય ખાનગી એકમની જેમ જ પ્રવર્તમાન કંપની ધારા મુજબ અંકુશ મુક્ત થઈને કરવામાં આવે છે. આવા એકમો ખાતાકીય અને નિગમોથી અલગ ઓળખ ધરાવે છે.

ઉદાહરણ તરીકે : હિન્દુસ્તાન મશીન ટુલ્સ લિમિટેડ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ.

**ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો :**

**અર્થ :** જે ઔદ્યોગિક પેઢીઓની માલિકી અને સંચાલન ખાનગી હોય છે. તેમનો સમાવેશ ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોમાં થાય છે. બીજા અર્થમાં કહીએ તો ધંધાનું સંચાલન કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ દ્વારા નફાના હેતુ માટે કરવામાં આવે છે તેને ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો કહે છે. દા.ત., સુતરાઉ કાપડની મિલો, શણની મિલો વગેરે. આ ઉદ્યોગોની પેઢીઓનું સંચાલન વ્યક્તિગત માલિકી ભાગીદારી સંયુક્ત મૂડી કંપની વગેરે ધોરણે થતું હોય છે.

**સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો :**

**અર્થ :** જાહેર ક્ષેત્રમાં ચાલતા ભ્રષ્ટાચાર તેમજ બિનકાર્યક્ષમતાને અટકાવવા માટે તેમજ વિકાસ માટે જરૂરી મૂડી એકત્રિત કરવા સરકાર કેટલાક ઉદ્યોગોને સંયુક્ત ક્ષેત્રમાં રાખે છે. પ્રજાની તેમજ સરકારની મૂડીથી આ ઉદ્યોગો ચાલે છે તેમજ તેનું સંચાલન સરકાર દ્વારા વિશેષ હોય છે. જેમ કે સરકારના શેર 51% કે તેથી વિશેષ હોય તો સંયુક્ત ક્ષેત્ર હોવા છતાં તેમાં વર્ચસ્વ સરકારનું રહે છે.

**સહકારી ક્ષેત્રના ઉદ્યોગો :**

**અર્થ :** નાના (સીમાંત) માલિકોનું શોષણ અટકાવવા, શ્રમિકોનું શોષણ અટકાવવા કે ગ્રાહકોના શોષણને અટકાવવા અને બધાના લાભ માટેના મુખ્ય આશયથી કરવામાં આવતી પ્રવૃત્તિઓને સહકારી ક્ષેત્રનાં ઉદ્યોગો કહે છે. જેમાં જીવન જરૂરી (આવશ્યક) વસ્તુઓની કેટલીક દુકાનો, દૂધની ડેરીઓ, ખાંડના કારખાનાંઓ, રાસાયણિક ખાતરનાં કારખાના, મકાન બાંધકામ, કેટલીક બેન્કો વગેરેનું સંચાલન સહકારી ધોરણે થાય છે. સહકારી ક્ષેત્રની મુખ્ય ખાસિયત એ છે કે શોષણ નહિ પરંતુ સમૃદ્ધિ મૂડીવાદ નહિ પણ સમાજવાદ.

- **સ્વરૂપની દૃષ્ટિએ :**

**મૂડી પ્રધાન ઉદ્યોગો :**

જે ઉદ્યોગોમાં મૂડીનો વિશેષ અને શ્રમનો ઓછો ઉપયોગ થતો હોય તેવા ઉદ્યોગોને મૂડી પ્રધાન ઉદ્યોગો કહેવામાં આવે છે. દા.ત., સ્ટીલ ઉદ્યોગ - જેમાં ઉત્પાદન ખૂબ મોટા પાયા પર થાય છે. મૂડી રોકાણ વધુ થાય છે. જ્યારે શ્રમિકોની જરૂરિયાત અલ્પ રહે છે. એજ રીતે વિદેશી વેપાર સાથે સંબંધિત ચીજો કે જેના ઉત્પાદનમાં વિશેષ મૂડીનો ઉપયોગ થાય છે તેના ઉત્પાદનમાં ભારત જેવા દેશોએ પણ મૂડી પ્રધાન પદ્ધતિનો સ્વીકાર કર્યો છે.

**શ્રમ પ્રધાન ઉદ્યોગો :**

**અર્થ :** જે ઉદ્યોગોમાં શ્રમનો વિશેષ અને મૂડીનો ઓછો ઉપયોગ થાય છે. તેવા ઉદ્યોગોને શ્રમ પ્રધાન ઉદ્યોગ કહે છે. દા.ત., ધાતુ, માટી, નેતર, કાપડ, ચામડું, વાંસ વગેરેના ઉપયોગ દ્વારા વિવિધ પ્રકારની કે કલાત્મક કામગીરીવાળી વસ્તુઓ બનાવવાના ઉદ્યોગો શ્રમ પ્રધાન હોય છે.

**મૂડી વિષયક વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો : (મૂડી ચીજોના ઉદ્યોગો)**

**અર્થ :** જે ચીજવસ્તુ માનવસર્જિત છે અને ઉત્પાદન કાર્યમાં આવતી હોય તેને મૂડી વિષયક વસ્તુઓ કહે છે અને તેનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને મૂડી ચીજોના ઉદ્યોગ કહેવામાં આવે છે. દા.ત., યંત્રો, રસાયણો, વાહનો, વીજળી, કોલસો, વીજળી સાધનો વગેરે બનાવતાં ઉદ્યોગો એ મૂડી વિષયક વસ્તુઓનું ઉત્પાદન કરતાં ઉદ્યોગો છે.

**વપરાશી ચીજોના ઉદ્યોગો :**

**અર્થ :** જે ચીજવસ્તુઓ ગ્રાહકની પ્રત્યક્ષ રીતે જરૂરિયાતો પૂર્ણ કરે છે તે વસ્તુઓ વપરાશી વસ્તુઓ છે અને આ વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને વપરાશી ચીજોના ઉદ્યોગો કહે છે. દા.ત., સાઈકલ, સ્કૂટર, ટી.વી. રેડિયો, ખાંડ, ખાદ્યતેલ, સાબુ, શેમ્પૂ તૈયાર વસ્ત્રો, ઘી વગેરેનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને વપરાશી ચીજોના ઉદ્યોગો કહે છે.

## 8.4 સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME)

પ્રસ્તાવના : MSME એ માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસનું ટૂંકુ નામ છે. ભારત સરકાર દ્વારા 2006 ના MSME એક્ટ મુજબ MSME એવા સાહસો છે. જે ઉત્પાદનોની પ્રક્રિયા કરે છે ઉત્પાદન કરે છે અને સાચવે છે. MSME ને દુનિયાભરમાં એકંદરે ઘરગથ્થુ ઉત્પાદનમાં મહત્ત્વનું યોગદાન આપનારા પરિબળ તરીકે અને આર્થિક વૃદ્ધિના ઉદ્દીપક તરીકે ઓળખવામાં આવે છે. MSME દેશના સામાજિક, આર્થિક વિકાસમાં મહત્ત્વની તકો ઊભી કરે છે. આ ઉપરાંત તેઓ દેશનાં દૂરના વિસ્તારોના વિકાસમાં પણ ફાળો આપે છે.

ભારતના આર્થિક સંદર્ભમાં જોઈએ તો આ ક્ષેત્ર વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દેશના 90% જેટલા ઔદ્યોગિક એકમો MSME સેક્ટરમાં આવેલા છે અને ભારતના માનવબળના 40% લોકોને આ ક્ષેત્ર રોજગારી પૂરી પાડે છે. પરંપરાગત ચીજવસ્તુથી માંડીને ચોકસાઈ પૂર્ણ હાઈટેક ચીજવસ્તુઓનો પણ સમાવેશ થાય છે. ભારતનું અર્થતંત્ર જયારે સતત વૃદ્ધિના વળાંક તરફ આગળ વધી રહ્યું છે. ત્યારે MSME સેકટરમાં વર્ષ 2025 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બને તેવી સંભાવના રાખેલ હોવાથી આ ક્ષેત્રનો વિકાસ અત્યંત મહત્ત્વનો બની ગયો છે. આ રીતે સમગ્ર MSME તંત્ર વ્યવસ્થા સરકાર માટે અગ્રતા ધરાવતો વિષય બની રહ્યો છે. MSME એ ઉદ્યોગ સાહસિકતાને (સ્ટાર્ટ અપ ઈન્ડિયા) સતત પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. તેમજ ઓછા ખર્ચે વધુ રોજગારીની તકો ઊભી કરી છે. છેલ્લા 5 વર્ષમાં તે ભારતીય અર્થતંત્રમાં અત્યંત ગતિશીલ ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે. MSME નો મુખ્ય હેતુ ભારતમાં નાના અને મધ્યમ ઉદ્યોગોને ઓળખવા અને સમર્થન આપવા રાષ્ટ્રની આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં યોગદાન આપવું.

1 જુલાઈ, 2020 થી કેન્દ્રિય કેબીનેટે રોકાણની આવશ્યક્તા તેમજ ઉદ્યોગોમાં વાર્ષિક ટર્ન ઓવરને આધારે MSME ની વ્યાખ્યામાં સત્તાવાર સુધારો કર્યો છે અને મેન્યુફેકચરિંગ આધારિત MSME અને સેવા-આધારિત MSME વચ્ચેનો તફાવત દૂર કર્યો છે.

**સૂક્ષ્મ ઉદ્યોગ :**

**અર્થ :** 2006 ના ધારા અન્વયે મેન્યુફેકચરિંગ ક્ષેત્રે કામ કરતા સાહસો માટેની મૂડી રોકાણની મર્યાદા રૂ. 25 લાખ હોય અને વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં કાર્યરત રહેલાં સાહસોની મૂડી રોકાણની મર્યાદા રૂ. 10 લાખ સુધીની હોય તેઓને સૂક્ષ્મ કે લઘુ ઉદ્યોગો કહે છે. આ સાહસો મોટે ભાગે ગ્રામ્ય વિસ્તારમાં હોય છે.

પરંતુ જુલાઈ, 2020ની વ્યાખ્યા અનુસાર INR 1 કરોડ રૂ. સુધીનું મૂડી રોકાણ હોય અને INR રૂ. 5 કરોડ સુધીનું ટર્ન ઓવર કરતાં ઉદ્યોગોને સૂક્ષ્મ કે Micro ઉદ્યોગો કહે છે. દા.ત., બ્યુટી, સલુન્સ, હોમ બેકરીઓ, સ્વતંત્ર સમારકામની દુકાનો (સાયકલ, મોબાઈલ રીપેરિંગ), નાના ઉત્પાદન એકમો (કપડાં, ફર્નિચર વગેરે) નાના કાફેથી લઈને સ્ટ્રીટ વેન્ડર્સ, સ્થાનિક કરિયાણાની દુકાનોથી લઈને આઈસ્ક્રીમ પાર્લર સુધીનો સમાવેશ સૂક્ષ્મ ઉદ્યોગોમાં થાય છે. જેમાં દસ કરતા ઓછા કર્મચારીઓ જોડાયેલા હોય છે અને થોડાંક જ મૂડી રોકાણથી શરૂ થાય છે.

**નાના ઉદ્યોગો :**

**અર્થ :** 2006 ના ધારા અન્વયે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે કામ કરતાં ઉદ્યોગો માટેની મૂડી રોકાણની મર્યાદા રૂ. 5 લાખથી 5 કરોડ સુધીની હોય અને વિવિધ પ્રકારની સેવાઓમાં કાર્ય કરતા હોય તેવા ઉદ્યોગો માટેની મૂડી રોકાણ માટેની મર્યાદા રૂ. 10 લાખથી રૂ. 2 કરોડ સુધીની હોય તેવા ઉદ્યોગોને નાના ઉદ્યોગો કહે છે. જુલાઈ 2020 ની વ્યાખ્યા અનુસાર જે ઉદ્યોગોનું મૂડી રોકાણ રૂ. 1 કરોડથી રૂ. 10 કરોડનું હોય અને ટર્ન ઓવર રૂ. 50 કરોડ સુધીનું હોય તેવા ઉદ્યોગોને Small Industry કે નાના ઉદ્યોગો કહે છે.

નાના ઉદ્યોગોમાં કર્મચારીઓની સંખ્યા ઓછી હોય છે તેમજ વેચાણનું પ્રમાણ ઓછું હોય છે. જો કે નાના ઉદ્યોગોમાં કર્મચારીઓની સંખ્યા સરેરાશ રીતે સૂક્ષ્મ ઉદ્યોગો કરતાં વધુ હોય છે. દા.ત., રેસ્ટોરાં અને કાફે, ટ્રાવેલ, એજન્સીઓ, આઈ.ટી. (Information Technology) અને સોફ્ટવેર, મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટસ, બેકરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે.

**મધ્યમ ઉદ્યોગો :**

**અર્થ :** 2006 ના ધારા અન્વયે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે કામ કરતાં સાહસો માટેની મૂડી રોકાણની મર્યાદા રૂ. 5 કરોડથી રૂ. 10 કરોડ સુધી તેમજ વિવિધ પ્રકારની સેવાઓમાં કાર્યરત સાહસો માટેની મૂડી રોકાણની મર્યાદા રૂ. 2 કરોડથી રૂ. 5 કરોડ સુધીની હોય એવા ઉદ્યોગોને મધ્યમ ઉદ્યોગો કહે છે.

જુલાઈ 2020 થી કેન્દ્રિય કેબીનેટે સત્તાવાર સુધારેલી વ્યાખ્યા અનુસાર રૂ. 50 કરોડ સુધીનું મૂડી રોકાણ હોય અને વાર્ષિક ટર્ન ઓવર રૂ. 250 કરોડથી વધુ ન હોય એવા વ્યવસાયોને મધ્યમ કદના ઉદ્યોગો સાહસો કહે છે. જો કે સામાન્ય રીતે મધ્યમ ઉદ્યોગો સૂક્ષ્મ અને નાના કદનાં વ્યવસાયો છે જે સમય જતાં સતત વિકસ્યાં છે.

જેમ જેમ એક નાનો વ્યવસાય વધે છે અને વિસ્તરણ પામે છે તે તેની આવકો, ઈમારતો તેમજ કર્મચારીઓની જાળવણી પર ખર્ચ છે, તેને એક મધ્યમ વ્યવસાયમાં પરિવર્તિત કરે છે, જેમ કે મધ્યમ કદના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટસ, હોસ્પિટલો અને ક્લિનિક્સ, ઓટોપાર્ટસ કાપડ, બંધકામ કંપનીઓ, જથ્થાબંધ વેપારીઓ અને વિતરકો, હોટેલ્સ અને રિસોર્ટસ વગેરેનો સમાવેશ મધ્યમ ઉદ્યોગોમાં થાય છે.

## 8.5 સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોના લક્ષણો

ભારતમાં આર્થિક સંદર્ભથી MSME સેક્ટર તપાસીએ તો આ ક્ષેત્ર વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારતીય અર્થતંત્ર જ્યારે સતત વૃદ્ધિના વળાંક તરફ આગળ વધી રહ્યું છે ત્યારે MSME સેક્ટર વર્ષ 2025 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બને તેવી સંભાવના છે અને આ કારણે જ આ ક્ષેત્રને, વિકાસ અત્યંત મહત્ત્વનો બની ગયો છે. આ રીતે સમગ્ર MSME તંત્રવ્યવસ્થા પણ સરકાર માટે અગ્રતા ધરાવતો વિષય બની ગયો છે. ભારતમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોની લાક્ષણિકતાઓ ખાસિયતો આ પ્રમાણે છે.

**(1) મૂડી-ઉત્પાદનનો નીચો ગુણોત્તર :**

સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોમાં મૂડી-ઉત્પાદન ગુણોત્તર મોટા ઉદ્યોગોની સરખામણીમાં નીચો હોય છે. એટલે કે અમુક પ્રમાણમાં ઉત્પાદન કરવા માટે તેમાં ઓછી મૂડીની જરૂરિયાત રહે છે. આ રીતે જોઈએ તો MSME ઉદ્યોગોમાં ઓછા મૂડી રોકાણથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે એટલું જ નહીં. MSME એકમોમાં મૂડી પ્રચુરતા ઓછી

હોવાથી તેઓ વધુ પરિવર્તનશીલ જણાય છે. બજારની માંગની તરાહ, નિકાસ ક્ષેત્રે બદલાતા જતા પ્રવાહો તેમજ ટેકનોલોજીમાં આવતા સુધારાને તેઓ ઝડપથી અનુકૂલન સાધી શકે છે.

**(2) સમતોલ પ્રાદેશિક વિકાસ :**

MSME સમતોલ પ્રાદેશિક વિકાસના ધ્યેયને સિદ્ધ કરવામાં સહાયભૂત થઈ શકે તેમ છે. દેશમાં જુદા-જુદા પ્રદેશો વચ્ચેની અસમાનતામાં ઘટાડો કરી બધા રાજ્યોનો સમતુલિત વિકાસ કરવો એ આપણી પંચવર્ષીય યોજનાઓ અને નીતિઆયોગનું એક મહત્ત્વનું ધ્યેય રહેલું છે. મોટા ઉદ્યોગ કે ચાવીરૂપ ઉદ્યોગોની સ્થાપના દરેક જિલ્લામાં દરેક તાલુકામાં કે દરેક ગામમાં કરવી શક્ય નથી. જ્યારે MSME જુદા-જુદા વિસ્તારોમાં સરળતાથી સ્થાપી શકાય છે. અર્થાત્ આ પ્રકારના ઉદ્યોગોનો દેશના જુદા-જુદા વિસ્તારોમાં ફેલાવો કરીને પ્રાદેશિક અસમાનતામાં ઘટાડો લાવીને સમતોલ પ્રાદેશિક વિકાસના ઉદ્દેશને સિદ્ધ કરી શકાય. MSME પછાત વિસ્તારો, ગ્રામીણ વિસ્તારો અને નાના શહેરોના વિકાસમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેઓ આર્થિક પ્રવૃત્તિઓનું વિકેન્દ્રીકરણ કરે છે અને સ્થાનિક ઉદ્યોગ સાહસિકતાને વિકસાવે છે તેમજ રોજગારી પૂરી પાડે છે.

**(3) શ્રમ પ્રધાન :**

ભારત જેવા દેશમાં વસ્તી વૃદ્ધિનો દર ઊંચો હોવાથી શ્રમની વિપુલ છત છે અને સાપેક્ષ રીતે મૂડીની અછત પ્રર્વતે છે. તેથી આ પ્રકારના ઉદ્યોગો રોજગારી સર્જનમાં ખૂબ જ સહાયભુત પુરવાર થાય છે. સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો તત્વતઃ શ્રમ પ્રધાન હોવાથી ભારત જેવા દેશમાં મહત્ત્વના પુરવાર થઈ શકે તેમ છે આમ MSME ની મહત્ત્વની ખાસિયત એ છે કે તે શ્રમ પ્રચુર છે.

**(4) ઔદ્યોગિક ઉત્પાદન :**

MSME ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં નોંધપાત્ર યોગદાન આપે છે. તે વિવિધ ક્ષેત્રો જેમ કે કાપડ, ચામડું, ફુડ, પ્રોસેસિંગ, હસ્તકલા, એન્જિનિયરિંગ સામાન સાથે સંકળાયેલા છે. ઉત્પાદનો અને સેવાઓની તેમની વિવિધ શ્રેણી મૂલ્યમાં ઉમેરો કરે છે અને સ્પર્ધાત્મકતામાં વધારો કરે છે. આથી જ MSME ને ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રની કરોડરજ્જૂ તરીકે ગણવામાં આવે છે.

**(5) આર્થિક વિકાસ :**

સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો આર્થિક પ્રવૃત્તિને વેગ આપીને દેશની GDP (કુલ ઘરેલું પેદાશ)માં ફાળો આપે છે. વર્ષ 2021-22 માં MSME નો GDP માં ફાળો 29.20% છે અને મેન્યુફેક્ચરિંગ ઉત્પાદનમાં આજ વર્ષમાં MSME નો ફાળો 36.6% છે. તે ઉદ્યોગ સાહસિકતા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. MSME નો વિકાસ ઉચ્ચ આવક વપરાશમાં વધારો કરે છે અને એકંદરે આર્થિક વિકાસને પોષે છે.

**(6) નિકાસોમાં નિર્ણાયક ભૂમિકા :**

MSME ભારતમાંથી નિકાસને પ્રોત્સાહન આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ઘણાં MSME નિકાસલક્ષી પ્રવૃત્તિમાં રોકાયેલા છે. તેઓ વિદેશી હૂંડિયામણની કમાણીમાં ફાળો આપે છે અને વેપાર ખાદ્ય ઘટાડવામાં મદદરૂપ થાય છે. એટલું જ નહીં આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે ભારતની હજારીમાં વધારો કરે છે. આમ નિકાસના સંદર્ભમાં MSME સપ્લાય

ચેઈનનો અભિન્ન ભાગ છે. વર્ષ 2021-22 માં નિકાસમાં 45.2% યોગદાન MSME નું છે. તેમજ યોગ્ય નીતિવિષયક પગલા દ્વારા હજુ પણ તેમાં વધારો કરવાનો વિશાળ અવકાશ છે. ભારતની નિકાસી પેદાશોમાં અનેકવિધ હસ્તકળાની પેદાશો, ભરતકામ, નકશીકામ, હાથીદાંતની વસ્તુઓ, કલાત્મક વસ્તુઓ ધાતુ અને લાકડા પરનું કોતરકામ, તૈયાર વસ્ત્રો વગેરેનો સમાવેશ થાય છે.

**(7) પરિપક્વતાનો ટૂંકો ગાળો :**

સૂક્ષ્મ, મધ્યમ અને નાના ઉદ્યોગોની એક લાક્ષણિકતાએ છે કે તેમાં પરિપક્વતાનો ગાળો ટૂંકો હોય છે. સામાન્ય રીતે પરિપક્વતાનો ગાળો એટલે અમુક પ્રકારના ઉદ્યોગોમાં કરવામાં આવેલું મૂડી રોકાણ અને ખરેખર થયેલ ઉત્પાદન વચ્ચેનો સમયગાળો. મોટા અને પાયાના ઉદ્યોગોમાં કરવામાં આવેલ મૂડી રોકાણ અને ખરેખર થયેલ ઉત્પાદન આ બન્ને વચ્ચેનો સમયગાળો લાંબો હોય છે. અર્થાત્ આ ઉદ્યોગોમાં થયેલ મૂડી રોકાણ સમયના લાંબાગાળામાં ઉત્પાદન આપે છે. આમ મોટા અને પાયાના ઉદ્યોગોમાં જંગી મૂડી રોકાણ કરવું પડે છે. જ્યારે MSME પ્રમાણમાં ઓછું મૂડી રોકાણ માંગે છે. એટલું જ નહિ પરંતુ તેમનો પરિપક્વતાનો સમયગાળો પણ સાપેક્ષ રીતે ટૂંકો હોય છે.

**(8) સામાજિક ખર્ચમાં બચત :**

સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો મુખ્યત્વે નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં હોવાથી એ સામાજિક ખર્ચમાં અમુક બચત કરે છે. એનું કારણ એ છે કે તેને લીધે ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટા શહેરો અને નગરો તરફ વસ્તીનું સ્થળાંતર અટકવા પામે છે. લોકોને જો એમના પોતાના જ વિસ્તારમાં રોજગારીની તકો ઉપલબ્ધ થાય તો મોટા શહેરો તરફ જવાના તેમના વલણમાં ઘટાડો થાય છે. આના પરિણામે શહેરી વિસ્તારોમાં આંતરરાષ્ટ્રીય માળખાં રચવાનો ખર્ચ (જેમ કે રસ્તા, વીજળી, પાણી, રહેઠાણ, આરોગ્ય, શિક્ષણની સવલતો વગેરે)માં બચત થાય છે. આ ઉપરાંત શહેરી વિસ્તારોમાં મહાકાય ઉદ્યોગોના વિકેન્દ્રીકરણને કારણે અનેક સામાજિક, આર્થિક અનિષ્ટો અસ્તિત્ત્વમાં આવે છે. જેમ કે ઝૂપડપટ્ટીઓ, દારૂ-જુગાર, વેશ્યાવૃત્તિની બંદીઓ, હવા, પાણી, ધ્વનિનું પ્રદૂષણ વગેરે.

**(9) સ્થાનિક ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ :**

MSME સામાન્ય રીતે સાધનોના ઉત્પાદનમાં સ્થાનિક ઉપલબ્ધ સાધનોનો વધુ ઉપયોગ કરતાં હોય છે. જેમ કે સ્થાનિક ઉપલબ્ધ માનવસંસાધનો, કાચોમાલ, ભૌતિક સાધનો, માનવ શક્તિ, મૂડી વગેરે. જેને પરિણામે જમીન વન-સંપત્તિ, ખનીજ-સાધનો તેમજ કૃષિની પેદાશો વગેરેનો વધુ ગહન રીતે ઉપયોગ થાય છે. જેને કારણે ગ્રામીણ અર્થતંત્રના અન્ય ક્ષેત્રોના વિકાસમાં પણ મદદરૂપ થાય છે.

આ ઉપરાંત MSME માં વણવપરાયેલા સાધનોનો પૂર્ણ ઉપયોગ થતાં કેટલીક જરૂરી વસ્તુઓની અછત નિવારી શકાય છે.

**(10) રોજગારલક્ષી ઉદ્યોગો :**

મોટા ઉદ્યોગોની સરખામણીમાં MSME વધુ રોજગારલક્ષી છે. આમ, રોજગારી વધારવાની દૃષ્ટિએ મોટા ઉદ્યોગોની સરખામણીએ MSME વધારે સ્વીકારાત્મક બન્યા છે. કારણ કે...

(અ) ભારત સહિતના અન્ય વિકસતા દેશોમાં ભારે ઉદ્યોગો રોજગારી સર્જવામાં બહુ સફળ રહ્યા નથી.

(બ) એક અભ્યાસ અનુસાર ભારતમાં મોટા ઉદ્યોગોની સરખામણીમાં MSME સાત ગણી રોજગારી આપવાની શક્તિ ધરાવે છે. Portal of Udyam ફેબ્રુઆરી-2024 અનુસાર ડિસેમ્બર-2022 માં 1.28 કરોડ રજિસ્ટર્ડ થયેલા MSME માં 9.31 કરોડ માણસોને રોજગારી મળેલ છે. જેમાં 2.18 કરોડ મહિલાઓનો સમાવેશ થાય છે.

(ક) ભારતમાં વધુ રોકાણવાળા મોટા ઉદ્યોગો ઓછી રોજગારીનું સર્જન કરે છે. જ્યારે ઓછા રોકાણવાળા સૂક્ષ્મ ઉદ્યોગો વધુ રોજગારી આપે છે.

(ડ) ચીન અને જાપાનમાં રોજગારીના દૃષ્ટિબિંદુથી નાના પાયાના એકમોનો વિકાસ સફળ રહ્યો છે.

પ્રો. શિનોટો પણ “Investment Pattern” દ્વારા આવા સૂક્ષ્મ અને નાના પાયાના સાહસોને આવક અને રોજગારીની દૃષ્ટિએ મહત્ત્વનાં ગણાવ્યા છે.

## 8.6 સૂક્ષ્મ, નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગો વચ્ચે તફાવત

સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોનું વર્ગીકરણ 2020 દર્શાવતો ચાર્ટ નીચે દર્શાવેલ છે જેના આધારે સૂક્ષ્મ, નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગો વચ્ચેનો તફાવત સ્પષ્ટ થશે.

| ઉદ્યોગો | મૂડી રોકાણનું પ્રમાણ | વાર્ષિક ટર્ન ઓવર | ઉદાહરણો |
|---|---|---|---|
| સૂક્ષ્મ ઉદ્યોગો | રૂ. 1 કરોડ સુધીનું રોકાણ | રૂ. 5 કરોડ સુધીનું | નાની છૂટક દુકાનો, સ્ટ્રીટ વેન્ડર્સ, બ્યુટી, સલુન્સ, સ્વતંત્ર સમારકામની દુકાનો, હોમ બેકરીઓ વગેરે. |
| નાના ઉદ્યોગો | રૂ. 10 કરોડથી વધુ નહીં | રૂ. 50 કરોડ સુધીનું | રેસ્ટોરા કાફે, ટ્રાવેલ્સ, એજન્સીઓ, આઈ.ટી. અને સોફ્ટવેર સેવા પ્રદાતાઓ, શૈક્ષણિક સંસ્થાઓ (કોચિંગ કેન્દ્રો, પૂર્વ શાળાઓ), નાના ઉત્પાદન એકમો (દા.ત., કપડા, ફર્નિચર). |
| મધ્યમ ઉદ્યોગો | રૂ. 50 કરોડથી વધુ નહીં | રૂ. 250 કરોડથી વધુ નહીં | મધ્યમ કદના મેન્યુફેક્ચરિંગ, પ્લાન્ટસ, હોસ્પિટલો, બાંધકામ કંપનીઓ, જથ્થાબંધ વેપારી અને રિસોર્ટસ વગેરે. |
| મોટા ઉદ્યોગો | રૂ. 50 કરોડથી વધુ મૂડી રોકાણ ધરાવતા | રૂ. 250 કરોડથી વધુ ટર્ન ઓવર ધરાવતા | - ઓટો મોબાઈલ કેમિકલ્સ<br>- આઈરન અને સ્ટીલ ઉદ્યોગ<br>- સિમેન્ટ ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ<br>- ઈલેક્ટ્રોનિક ટેકનોલોજી<br>- ટેક્ષટાઈલ ઉદ્યોગ, I.T. સેક્ટર<br>- રીયલ એસ્ટેટ, સોફ્ટવેર ઈન્ડસ્ટ્રી, ખાતર ઉદ્યોગ વગેરે |

## 8.7 ભારતમાં ગૃહ, નાના અને મધ્યમ ઉદ્યોગોએ સાધેલી પ્રગતિ

ભારતમાં સૂક્ષ્મ ઉદ્યોગો, નાના ઉદ્યોગો તેમજ મધ્યમ ઉદ્યોગોની કામગીરી તેમજ આ એકમોએ સાધેલી પ્રગતિનો ખ્યાલ નીચેનાં મુદ્દાઓ પરથી આવી શકશે.

**(1) MSME ની સંખ્યામાં વધારો :**

ભારતમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોની સંખ્યામાં વધારો થયો છે. એમાંય સૂક્ષ્મ ઉદ્યોગનું પ્રમાણ MSME માં સૌથી વધુ છે. MSME માં 99.47% એકમો સૂક્ષ્મ ઉદ્યોગોના છે. જ્યારે નાના, મધ્યમ ઉદ્યોગોનું પ્રમાણ માત્ર 0.53% છે. ભારતમાં વર્ષ 2021-22 માં MSME નું પ્રમાણ સંખ્યા નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે :

**ભારતમાં ગૃહ, નાના અને મધ્યમ ઉદ્યોગોની સંખ્યા :** **(લાખમાં)**

| અનું. નંબર | વિભાગ | ઉદ્યોગ | | | | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| | | સૂક્ષ્મ | નાનો | મધ્યમ | કુલ | |
| 1. | ગ્રામીણ | 324.09 | 0.78 | 0.01 | 324.88 | 51% |
| 2. | શહેરી | 306.43 | 2.53 | 0.04 | 309.00 | 49% |
| 3. | કુલ | 630.52 | 3.31 | 0.05 | 633.88 | 100% |

પ્રાપ્તિ સ્થાન : ઉદ્યમ રજિસ્ટર : વર્ષ-2022

સરકારી આંકડા અનુસાર ડિસેમ્બર-2023 માં કુલ 3 કરોડ કરતાં વધુ MSME રજિસ્ટર થયેલા છે. જેમાં 40% માત્ર મહારાષ્ટ્ર, તામિલનાડુ અને ઉત્તરપ્રદેશમાં છે. આ ઉપરાંત ઉદ્યમ રજિસ્ટર-2022 અનુસાર ભારતમાં 72% સાહસો મેન્યુફેક્ચરિંગ અને 28% સાહસો સેવાક્ષેત્રમાં છે. એમાં 81% સાહસો પુરુષોએ રજિસ્ટર્ડ કર્યા છે. જ્યારે 19% મહિલાઓએ કર્યા છે.

**(2) G.D.P. (કુલ ઘરેલું પેદાશ)માં હિસ્સો :**

ભારતની કુલ ઘરેલું પેદાશમાં સૂક્ષ્મ ઉદ્યોગો, નાના ઉદ્યોગો તેમજ મધ્યમ કદના ઉદ્યોગોનો હિસ્સો MSME ના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ભાનુ પ્રતાપસિંહ વર્માએ રાજ્યસભામાં 1-8-2023 માં માહિતી આપેલ એ મુજબ નાણાંકીય વર્ષ 2019-20 માં 30.5%, 2020-21 માં 27.2% અને 2021-22 માં 29.2% જેટલો રહ્યો છે. એ જ રીતે મેન્યુફેક્ચરિંગ ઉત્પાદનમાં પણ MSME નો ફાળો નોંધપાત્ર રહ્યો છે. જે 2019-20 માં 36.6%, 2020-21 માં 36.9% અને 2021-22 માં 36.2% જેટલો છે. આમ GDP માં MSME નો ફાળો નોંધપાત્ર રહ્યો છે.

**(3) નિકાસ કમાણીમાં ફાળો :**

ભારતમાં MSME ના વિકાસ માટે સરકાર ખૂબ જ પ્રયત્નશીલ રહી છે. એટલા માટે ધિરાણની સવલતો, ટેકનોલોજિકલ સપોર્ટ, માળખાકીય વિકાસ, કુશળ શ્રમિકોને ટ્રેનિંગ વગેરે સહાય સરકાર MSME સેક્ટરને કરી રહી છે. પરિણામે MSME નો વિકાસ થતા નિકાસ કમાણીમાં પણ નોંધપાત્ર હિસ્સો તેનો રહ્યો છે. Directorate General of Commercial Intelligence and Statistics (DGCIS) ની માહિતીને આધારે ભારતની નિકાસોમાં MSME દ્વારા મુખ્ય ઉત્પાદિત વસ્તુઓની નિકાસોનો ફાળો વર્ષ 2019-20 માં 49.4%, વર્ષ 2020-21 માં 45% અને વર્ષ 2021-22 માં 43.6% જેટલો રહ્યો છે.

**(4) રોજગારીમાં વધારો :**

ભારતમાં સૂક્ષ્મ ઉદ્યોગો, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોની સંખ્યામાં વધારો થતા આ એકમો અને એમાંય સૂક્ષ્મ ઉદ્યોગોએ રોજગારીની વધુ તકો ઊભી કરી છે. ભારતમાં નાણાંકીય વર્ષ 2020-21 થી 2023-24 દરમિયાન તેમજ ગુજરાતમાં આજ વર્ષો દરમિયાન MSME એ રોજગારીમાં કેવો ફાળો આપ્યો છે તે નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

MSME (સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો)નો રોજગારીમાં ફાળો

| અનું. નંબર | વિગત | વર્ષ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | **2021-21** | **2021-22** | **2022-23** | **2023-24** | **કુલ** |
| 1 | ભારત | 27510401 | 35365249 | 45275820 | 15464211 | 123615681 |
| 2 | ગુજરાત | 2466078 | 2241194 | 2439554 | 822168 | 5414185 |
| 3 | આંધ્રપ્રદેશ (સૌથી વધુ MSME) | 709811 | 1231311 | 2745495 | 727568 | 7968994 |

પ્રાપ્તિ સ્થાન : Registered under udyam registridion portal * અંદાજિત (pib.gov.in)

ભારતમાં વર્ષ 2021-21, 2021-22, 2022-23 અને ડિસેમ્બર 2023 એમ કુલ ચાર વર્ષોમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોમાં કુલ 123615681 કર્મચારીઓએ રોજગારી મેળવી છે. ગુજરાતમાં આજ સમયગાળામાં MSME માં કુલ 5414185 જેટલા કર્મચારીઓએ રોજગારી મેળવી છે. ભારતમાં MSME સેક્ટરમાં સૌથી વધુ રોજગારી મેળવનાર કર્મચારીઓની સંખ્યા આંધપ્રદેશ રાજ્યમાં છે. જેમાં MSME સેક્ટરમાં કુલ 7968994 જેટલા કર્મચારીઓએ રોજગારી મેળવી છે.

આ ઉપરાંત ભારતમાં વર્ષ 2021-22 માં 75000 જેટલા સ્ટાર્ટ અપ શરૂ થયા છે. 9% હેલ્થકેર અને લાઈફ સાયન્સ 7% શિક્ષણમાં, 5% વ્યાવસાયિક અને વાણિજ્ય સેવામાં તેમજ 5% ખેતીમાં એમ ઓવરઓલ છેલ્લા 6 વર્ષમાં નોકરીની ક્રીએટીવીમાં અનેકગણો વધારો થયો છે.

આ ઉપરાંત MSME-Statistics માંથી મેળવેલ માહિતીને આધારે વર્ષ 2021-22 માં કુડ ઉદ્યોગમાં સૌથી વધુ રોજગારીની તકો ઊભી થઈ છે. આજ નાણાંકીય વર્ષમાં કુડ ઉદ્યોગમાં 480000 કર્મચારીઓ બીનધાતુ ખનીજની વસ્તુઓમાં 450000 કર્મચારીઓ અને મેટલ ઉત્પાદનમાં 370000 કર્મચારીઓએ રોજગારી મેળવેલ છે.

(5) મોટા ઉદ્યોગોની સરખામણીમાં MSME માં શ્રમ-મૂડી ગુણોત્તર વધુ ઊંચો જોવા મળે છે. આ ઉદ્યોગો ઓછી મૂડીના ઉપયોગથી વધુ કર્મચારીઓને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે. આ ઉદ્યોગો મોટે ભાગે શ્રમ પ્રધાન હોવાથી દેશના આર્થિક વિકાસમાં મોટું યોગદાન આપી રહ્યા છે એમાંય સૂક્ષ્મ ઉદ્યોગોનું પ્રદાન ઊંચું છે.

(6) સૂક્ષ્મ ઉદ્યોગો નાના અને મધ્યમ ઉદ્યોગો કરતા પણ વિસ્તારની દૃષ્ટિએ વધુ વ્યાપક પ્રસાર તેનો થઈ રહ્યો છે. જેથી ગ્રામ્ય વિસ્તારનો વિકાસ થઈ શક્યો છે. સરકાર પણ સમાનતા અને સમાવેશકારી વિકાસનો રાષ્ટ્રીય ધ્યેય સ્વીકાર કરવા જઈ રહી છે ત્યારે દેશમાં MSME સેક્ટર તેમાં મહત્ત્વનો ભાગ ભજવશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

## 8.8 મોટા ઉદ્યોગોએ સાધેલી પ્રગતિ

ભારતનો ઔદ્યોગિક વિકાસ ત્રણ તબક્કામાં જોઈ શકાય છે. 1970 ના દાયકા સુધી ઉદ્યોગ સંપૂર્ણપણે સરકાર દ્વારા નિયંત્રિત હતો. જે પ્રથમ તબક્કો હતો. બીજો તબક્કો 1980 નો દાયકો. જેમાં ઔદ્યોગિક વિકાસ મર્યાદિત રહ્યો અને ત્રીજો તબક્કો જે 1991 માં ઉદારીકરણની નીતિ દાખલ કરી તે સમયગાળો. આપણે ઔદ્યોગિક વિકાસ ભારતમાં કેવો રહ્યો છે તે જોઈએ.

દેશના આર્થિક વિકાસમાં ઔદ્યોગિક ઉત્પાદનનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. રૂ. 10 કરોડ કરતાં વધુ મૂડી રોકાણ હોય અને ટર્નઓવર રૂ. 250 કરોડ કરતાં વધુ હોય એવા ઉદ્યોગોનો સમાવેશ મોટા ઉદ્યોગોમાં થાય છે. ભારતમાં સામાન્ય રીતે મુખ્યત્વે છ ઉદ્યોગના વિકાસે ભારતના આર્થિક વિકાસને બળ પૂરું પાડ્યું છે. (આયરન અને સ્ટીલ, ટેક્ષટાઈલ, જ્યુટ, સુગર, સિમેન્ટ, પેપર વગેરે).

ભારતીય આયોજનના 33 વર્ષમાં દેશમાં 9 ગણી ફેકટરીઓમાં વધારો થયો છે. મેન્યુફેક્ચરિંગમાં ભારત બીજો સૌથી આકર્ષક દેશ છે. ભારત ટુ-વ્હીલરમાં પ્રથમ, સ્ટીલમાં બીજો, કારમાં ત્રીજો સૌથી મોટો ઉત્પાદન દેશ છે. 1952 માં દેશમાં મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રી નાની મોટી મળીને માત્ર 28872 રજિસ્ટર્ડ ફેકટરીઓ હતી. આજે 1400 થી વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓએ તેમનાં વૈશ્વિક ક્ષમતા સેન્ટરો ભારતમાં સ્થાપ્યા છે. જેમાં 13 લાખ કર્મચારીઓ કામ કરે છે. 2019-20 ના વાર્ષિક સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ અનુસાર દેશમાં રજિસ્ટર્ડ ફેકટરીઓની સંખ્યા લગભગ અઢી લાખ છે. ટી.વી., કન્ઝયુમર ક્યુરેબલ્સમાં પણ આગળ છે. નિકાસોમાં મોટો વધારો નોંધાયો છે. આઝાદી પછી આયોજન બદ્ધ રીતે આગળ વધીને ભારતે ઔદ્યોગિક આંતરમાળખાનું નિર્માણ કર્યું છે. ભારતમાં 1950-51 થી 2021-22 દરમિયાન મેન્યુફેક્ચરિંગ કન્સ્ટ્રક્શન, વીજળી, ગેસ, જળસ્ત્રોત માટે Gross Value added (GVA) કેટલું છે તે નીચે દર્શાવ્યું છે.

**Gross Value added (GVA) માં ઉદ્યોગોનું યોગદાન**

| વર્ષ | GVA (કરોડ રૂ.) |
|---|---|
| 1950-51 | 71025 |
| 1960-61 | 130235 |
| 1970-71 | 223972 |
| 1980-81 | 326155 |
| 1990-91 | 577004 |
| 2000-01 | 1011518 |
| 2010-11 | 2226276 |
| 2021-22 | 3749971 |

પ્રાપ્તિ સ્થાન : આર્થિક સમીક્ષા-2021-22

ઔદ્યોગિક વિકાસદર ભારતમાં પ્રથમ યોજનાથી વર્ષ 2021-22 સુધી કેવો રહ્યો છે તે અહીં દર્શાવેલ છે.

| યોજના | ઔદ્યોગિક વિકાસ દર (ટકાવારીમાં) |
| --- | --- |
| પ્રથમ | 5.7 |
| બીજી | 7.2 |
| ત્રીજી | 9.0 |
| ચોથી | 4.4 |
| પાંચમી | 5.9 |
| છઠ્ઠી | 5.9 |
| સાતમી | 8.5 |
| આઠમી | 7.3 |
| નવમી | 6.3 |
| દસમી | 8.2 |
| અગિયારમી | 7.5 |
| 2020-21 | 8.4 |
| 2021-22 | 11 |
| ઓક્ટોબર-2023 | 11.9 |

પ્રાપ્તિ સ્થાન : Statistics Time.com

ત્રીજા પંચવર્ષીય યોજનામાં ઔદ્યોગિક વિકાસ દર 9% થી ઘટીને ચોથી યોજનામાં 4.4% થયો. પછી તે દરમાં વધારો થયો આઠમી યોજનામાં અને નવમી યોજનામાં ઘટ્યો. દસમી યોજનામાં વધ્યો. પુનઃ અગિયારમી યોજનામાં પુનઃ ઘટાડો થયો. 1991 માં ઉદારીકરણને પગલે ઔદ્યોગિક લાયસન્સિંગ પ્રથા નાબૂદ કરવામાં આવી હતી. જાહેર ક્ષેત્ર માટે ઉદ્યોગોની સૂચિ ટૂંકી કરી. કસ્ટમ અને એક્સાઈઝ ડ્યૂટી ઘટાડવામાં આવી હતી. આવક અને કંપની કરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આ સુધારા પછી તરત જ ઔદ્યોગિક દરમાં ઘટાડો થયો. પરંતુ એક કારણ એ વિદેશી સ્પર્ધાનું હતું. ભારતીય કંપનીઓ નિકાસમાં સ્પર્ધા કરવા માટે એટલી મજબૂત નહોતી. તે સમયે ઈન્ફ્રાસ્ટ્રકચર પણ નબળું હતું. જ્યારે અર્થવ્યવસ્થાને વિદેશી રોકાણ માટે ખુલ્લી મૂકવામાં આવી પછી ઔદ્યોગિક વિકાસ વધ્યો. વર્ષ 2007 માં ટાટા સ્ટીલે ઈંગ્લેન્ડની કોરસ કંપનીને 13 અબજ ડોલરમાં ખરીદી તે જ વર્ષે આદિત્ય બિરલા જુથની હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીએ અમેરિકાની નોવેલિસને 6 અબજ ડોલરમાં ખરીદી પાછળથી આ યાદી મોટી થતી ગઈ. આજે ભારતની પ્રમુખ ઈન્ડસ્ટ્રીમાં ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રિકલ્સ, કાર, સ્ટીલ વગેરે કંપનીઓનો સમાવેશ થાય છે.

**રોજગારી :** એપ્રિલ 2022 માં શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ત્રિમાસિક રોજગાર સર્વેક્ષણનાં આંકડા અનુસાર ઓક્ટોબર-ડિસેમ્બર 2021 માં નવ મોટા ક્ષેત્રોમાં (ઉત્પાદન, બાંધકામ વેપાર, પરિવહન, શિક્ષણ, આરોગ્ય, હોસ્ટેલ-રેસ્ટોરન્ટ, IT-BPO અને નાણાંકીય સેવાઓ) 10 કરતાં વધુ કર્મચારીઓ ધરાવતા એકમોમાં 85% રોજગારી પૂરી પાડવામાં આવી હતી.

**નિકાસો :** નેશનલ બ્યુરો ઓફ ઈકોનોમિક રિસર્ચ માટેના એક લેખમાં જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. જગદીશ એમ. ભગવતી અને ટી. એન. શ્રીનિવાસને જણાવ્યું હતું કે 1948 માં ભારતમાંથી 1.36 અરબ ડોલરની નિકાસ કરવામાં આવી હતી અને તે સમયે વિશ્વની નિકાસમાં ભારતનો હિસ્સો 2.6% હતો. વાણિજ્ય મંત્રાલયના નવા ડેટા મુજબ વર્ષ 2021-22 માં ભારતમાંથી 42.2 અબજ ડોલરની ફેક્ટરીથી બનેલી વસ્તુઓની નિકાસ કરવામાં આવી હતી. આમ ભારતની નિકાસ વધતા ઉત્પાદનમાં પણ વધારો થયો છે.

## 8.9 ઉદ્યોગ વિકાસ સામેના પડકારો

પ્રો. મોરિસના મત મુજબ સમગ્ર ભારત સહિત ગુજરાતમાં પણ ઉદ્યોગોને વીજળી, પાણી અને વાહનવ્યવહારનો ઊંચો ખર્ચ વગેરે પ્રશ્નો નડે છે જે ઉદ્યોગોના વિકાસ માટે સાવ વિપરીત પરિસ્થિતિના સંકેત આપે છે.

આ ઉપરાંત તાત્કાલિક પડકાર ઉદ્યોગ વિકાસ સામે મંદીનો છે. રુસ-યુકેન યુદ્ધ અને મોંઘવારીને કારણે યુરોપમાં ટૂંક સમયમાં મંદી આવવાની આગાહી નિષ્ણાંતો કરી રહ્યા છે. કેટલાકે માની લીધું છે કે યુરોપ અને અમેરિકા મંદીમાં છે તો તેની અસર ભારતમાં થયા વગર રહેશે નહિ. અર્થશાસ્ત્રી ડૉ. ડી. કે. જોષીના મતે જો વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં મંદી આવે તો ટૂંકાગાળામાં તેનો કોઈ ઉકેલ નથી. મંદી કેવી છે તેના આધારે બધુ નક્કી કરવામાં આવશે. જો મંદી ટૂંકાગાળા માટે હોય તો તે કોઈ સમસ્યા નથી પરંતુ જો આ મંદી લાંબી રહેશે તો તે ચિંતાજનક હશે.

**WTO નો પડકાર :**

પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ સ્કીમ પર જેએનયુના સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સના પ્રો. વિશ્વજીત ધર કહે છે કે, સરકાર ઉદ્યોગને જે પણ મદદ કરે છે તે WTO ની વ્યાખ્યામાં સબસિડી છે. WTO માં ઉદ્યોગ માટે સબસિડી સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. પીએલઆઈ યોજના હેઠળ જ્યારે ઉત્‍ાદન થશે ત્યારે તે મોટા પાયા પર થશે ત્યારે સમસ્યાનું સર્જન થશે. જો વિદેશી ઉત્પાદકો જોશે કે તેમનો માલ ભારતમાં વેચવામાં આવી રહ્યો નથી કારણ કે સરકારી સબસિડીને કારણે સ્થાનિક ઉત્પાદકોએ બજાર પર કબજો જમાવ્યો છે, તો તેઓ WTO ને ફરિયાદ કરશે. જેથી આગામી દિવસોમાં આ એક મોટો મુદ્દો બનવા જઈ રહ્યો છે.

**પ્રદૂષણ :**

મોટા ઉદ્યોગોના વિકાસને કારણે પ્રદૂષણમાં પણ વધારો થયો છે. ઉદ્યોગો થકી ચાર પ્રકારના પ્રદૂષણ જોવા મળે છે. હવા પ્રદૂષણ, જળ પ્રદૂષણ, ભૂમિ પ્રદૂષણ અને હવા પ્રદૂષણ. ધ્વનિ પ્રદૂષણ પણ માનવજીવન માટે બહેરાશનું એક કારણ છે. ઉદ્યોગોમાં જુની મશીનરી તથા પરિવહનનાં સાધનોના કારણે અવાજનું પ્રદૂષણ વધ્યું છે. ઘણાં કારખાના નિયમને અવગણીને ઔદ્યોગિક રીતે દૂષિત થયેલા પાણીને નદીમાં વહાવી દે છે. જેથી પાણી દૂષિત થતા જળપ્રદૂષણ વધ્યું છે. આ ઉપરાંત ઔદ્યોગિક કચરાને કારણે પણ જળપ્રદૂષણ વધ્યું છે. પેટ્રોલિયમ, રિફાઈનરીઓને કારણે સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન, ડાયોક્સાઈડ જેવા વાયુ પ્રદૂષકો ઉત્પન્ન થતા હવાના પ્રદૂષણ માટે જવાબદાર છે.

આમ, વર્તમાન સમયમાં મોટા ચાવીરૂપ ઉદ્યોગોએ દેશના આર્થિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. છતાં ઉપર જણાવેલ પડકારોનો સામનો ઉદ્યોગો કરી રહ્યા છે. આ ઉપરાંત દા.ત. કાપડ ઉદ્યોગ-ઉત્તમ પ્રકારના કપાસની અછત, જૂના યંત્રોનો વપરાશ અનિયમિત વિદ્યુત પુરવઠો, કૃત્રિમ રેશાના કાપડની સ્પર્ધા તથા વૈશ્વિક બજારમાં તીવ્ર સ્પર્ધાની સમસ્યાનો સામનો

કરી રહ્યા છે.

## 8.10 સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોની સમસ્યાઓ

MSME ભારતીય અર્થતંત્રની કરોડરજ્જૂ બની ગયા છે. આ ઉદ્યોગો નાના હોવા છતાં ગ્રાહકો તેમજ મોટા ઉદ્યોગોને ઘણી બધી ચીજવસ્તુઓ અને સેવાઓ પૂરી પાડે છે. છતાં તેમને કેટલીક સમસ્યાઓ સામે ઝઝુમવું પડે છે જે આ પ્રમાણે છે.

**(1) ટેક્નોલોજીની સમસ્યા :**

MSME પૈકીના કેટલાય એકમો ઉત્પાદનની પરંપરાગત પદ્ધતિનો ઉપયોગ કરતા હોય છે. આવી રૂઢિગત પદ્ધતિ બિનકાર્યક્ષમ તેમજ સમય લાંબો માંગી લેતી હોવાથી પેદાશોની ગુણવત્તા નીચી રહે છે. જેનાથી ઉત્પાદન ખર્ચ ઊંચું આવે છે. આ ઉપરાંત નવી ટેક્નોલોજીનો બધા જ નાના ઔદ્યોગિક એકમોમાં પ્રસારણ થઈ શકતું નથી. તેમજ નવી ટેક્નોલોજી અંગેની તાલીમ માટેની પણ કોઈ અસરકારક વ્યવસ્થા જણાતી નથી.

અગાઉ MSMEs સરકારી સંસ્થાઓ અને જાહેર કંપનીઓ પાસેથી ટેક્નોલોજી મેળવતા હતા. પરંતુ હવે આ બન્ને માર્ગો બંધ છે. આ ગેપને ભરવા માટે ભારતીય MSME ને વિદેશી કંપનીઓ સાથે ભાગીદારીની જરૂર છે. પરંતુ તેમનું કદ આડે આવી રહ્યું છે. 99% જેટલા MSME સૂક્ષ્મ છે. શ્રી ભારદ્વાજના જણાવ્યા અનુસાર 6.3 કરોડ સાહસોમાંથી 20000 પણ મધ્યમ ઉદ્યોગો નથી. ટૂંકમાં ઉદ્યોગોનું નાનું કદ તેમના માટે ટેક્નોલોજીમાં વધારો કરવાનું મુશ્કેલ બનાવે છે.

**(2) નાણાંભીડ :**

MSME ની સૌથી મહત્ત્વની સમસ્યા ટૂંકાગાળાનું અને લાંબાગાળાનું સંસ્થાકીય ધિરાણ મેળવવાની છે એનું કારણ એ છે કે MSME ને મળતું ધિરાણ અને એમની જરૂરિયાતનું ધિરાણ આ બે વચ્ચે અંતર રહે છે. એટલું જ નહિ MSME ની નફાકારકતા નીચી હોવાથી તેમની ધિરાણ પાત્રતા ઓછી જણાય છે. આ ઉદ્યોગોએ ખાનગી ધિરાણ સંસ્થાઓ પાસેથી નાણાંકીય સહાય લેવા મજબૂર થવું પડતું હોવાથી તેમને વ્યાજદર ઊંચો ચૂકવવો પડે છે. પરિણામે તેમની પેદાશોનું ખર્ચ ઊંચું આવે છે.

**(3) નોંધણી :**

કોઈપણ MSME શરૂ કરવા માટેનું પ્રથમ પગથિયું નોંધણી છે. જો કે આ પ્રક્રિયા સમય લે છે અને તેમાં ખૂબ જ નિયમનકારી પૂર્વ જરૂરિયાતો છે. જેમ કે કર અનુપાલન, શ્રમ કાયદામાં ફેરફાર વગેરે. આમ MSME માટે તેની નોંધણીની પ્રક્રિયા અને તેનું પાલન કરવું એ પડકારજનક છે.

**(4) બજારનો પ્રશ્ન :**

MSME ને બજાર વ્યવસ્થાનો પ્રશ્ન નડે છે. આ ઉદ્યોગો તેમની પેદાશોના વેચાણ માટે અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. નવા સ્ટાર્ટઅપ્સ અને ઈ-કોમર્સ કંપનીઓ પ્રવેશ કરી રહી છે અને MSME ક્ષેત્રમાં નાના કંપનીઓ માટે સ્પર્ધા વધારી રહી છે. વધારાની સ્પર્ધાએ બજારના ગતિશીલ પરિબળોને અસ્થિર બનાવ્યા છે અને તે MSME ની કામગીરીને નકારાત્મક અસર કરી શકે છે. આવા સક્રિય બજાર વચ્ચે જો કોઈ નાનો વ્યવસાય સારો દેખાવ કરી ન રહ્યો હોય અને સતત નફો ન કરી રહ્યો હોય તો તેને રોકડની તંગી વચ્ચે આ સાહસ બંધ કરવું પડી શકે છે. જોકે MSME ની બજાર વ્યવસ્થાની સમસ્યા માટે કેટલાંક પરિબળો જવાબદાર છે.

(1) ઉત્પાદનનું કદ નાનું હોય છે. (2) બજાર પરિસ્થિતિ અંગેની સંપૂર્ણ માહિતીનો અભાવ. (3) ઉત્પાદિત ચીજવસ્તુઓના યોગ્ય વર્ગીકરણ અને પ્રમાણબદ્ધતાનો અભાવ. (4) ગ્રાહકોની બદલાતી રૂચિ, પસંદગી તેમજ ફેશન. (5) બજારના પ્રવાહો અંગેની આધારભૂત માહિતીનો અભાવ. (6) કાર્યક્ષમ એકમો સામેની હરિફાઈ. (7) માલનો સંગ્રહ કરવાની અપૂરતી ક્ષમતા.

આ તમામ પરિબળો MSME ની પેદાશના વેચાણમાં અવરોધક નીવડે છે.

**(5) માળખાકીય સુવિધાઓ :**

દરેક MSME ને તેની વ્યાવસાયિક પ્રવૃત્તિઓ કરવા માટે ફેકટરી અથવા તો એક ઓફિસ જેવી માળખાકીય સુવિધાઓની આવશ્યકતા રહે છે જે પ્રમાણમાં મોંઘી છે. એટલું જ નહીં વધુ મૂડી માંગી લે તેવી છે જે MSME માટે મુશ્કેલીરૂપ છે.

**(6) સંગઠનનો અભાવ :**

મોટા ઉદ્યોગો વ્યવસ્થિત રીતે સંગઠિત છે એટલું જ નહીં તેમના અનેક સંગઠનો કાર્યરત છે જેમ કે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ઓલ ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન, ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિયેશન, વિવિધ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ વગેરે. આ બધા સંગઠનો ઉદ્યોગોની સમસ્યાઓ અને પ્રશ્નો અંગે સંગઠિત રીતે સરકાર સમક્ષ રજૂ કરે છે અને તેના ઈચ્છિત પરિણામો પ્રાપ્ત થયા હોય એવું પણ આપણને જાણવા મળે છે. જ્યારે MSME ના વિવિધ પ્રશ્નોની અસરકારક રજૂઆત કરવા માટે આવા કોઈ પ્રભાવશાળી સંગઠનો ન હોવાથી ઘણી વખત તેમને પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે.

**(7) ઔદ્યોગિક માંદગી :**

MSME ની એક સમસ્યા તેમની માંદગી અંગેની છે. અગાઉ જણાવ્યું તેમ તાજેતરના અનેક સમસ્યાઓના તારણ મુજબ મોટા ભાગની ઔદ્યોગિક માંદગીનું પ્રમાણ નાના પાયાના એકમોમાં સવિશેષ જણાય છે. આ માંદગી માત્ર નાણાંકીય ખોટ પૂરતી જ સીમિત રહી નથી. તેમજ તે નાણાંકીય નુકસાનીનું જ પ્રતિબિંબ પાડતી નથી. પરંતુ ઉત્પાદનમાં ઘટાડો, નિકાસોમાં ઘટાડો અને રોજગારી પર વિપરીત અસર જેવી 'વાસ્તવિક ખોટ'નું પણ પ્રતિબિંબ પાડે છે. આ સમસ્યા અંગે સત્ત્વરે યોગ્ય નીતિવિષયક પગલાં લેવા પડે.

**(8) MSME નું અસમાન વિસ્તરણ :**

ભૌગોલિક દૃષ્ટિએ જોઈએ તો MSME ઉદ્યોગોનું વિસ્તરણ દેશમાં અસમાન રીતે થયેલું જણાય છે. દા.ત., મોટા ભાગના MSME અમુક રાજ્યો પૂરતાં જ સીમિત રહ્યા છે. સરકારી આંકડા અનુસાર ભારતમાં ડિસેમ્બર-2023 માં કુલ MSME ના 40%, MSME માત્ર મહારાષ્ટ્ર, તામિલનાડુ અને ઉત્તરપ્રદેશમાં જ રજીસ્ટર્ડ થયેલા છે. ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં પણ MSME એકમોનું કેન્દ્રીકરણ મેટ્રોપોલિટન વિસ્તારો અને મોટા શહેરો નજીક જ રહ્યું છે. દા.ત., ગુજરાતમાં મહેસાણા-વાપી પટ્ટી, મહારાષ્ટ્રમાં મુંબઈ-પુણે પટ્ટી. આમ MSME નું વિસ્તરણ જુદા-જુદા રાજ્યો અને વિસ્તારો વચ્ચે તેમજ શહેરી અને ગ્રામ્ય વિસ્તારો વચ્ચે અસમાન રીતે થયેલું જણાય છે.

**(9) સ્પર્ધા અને કુશળતા :**

MSME ની એક ગંભીર સમસ્યા મોટા ઉદ્યોગો તરફથી થતી હરિફાઈ અંગે છે. મોટા પાયાના ઉદ્યોગોનું આધુનિક ઢબે આધુનિક રીતે સંચાલન થતું હોય છે. તેમજ તેઓ અદ્યતન ઉત્પાદન ટેકનોલોજીનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે છે તેથી તેમને કદના લાભ, ગુણવત્તા-નિયંત્રણની સવલતના લાભ, બજાર સર્વેક્ષણ તેમજ બજાર સંશોધનના લાભ, વિજ્ઞાપન તેમજ પ્રચારના લાભ વગેરે મળી રહે છે. જ્યારે MSME ને આ બધા જ પ્રકારના લાભ પૂરતા પ્રમાણમાં મળતા ન હોવાથી તેઓ મોટા ઉદ્યોગો સાથેની હરિફાઈમાં ટકી રહેવાની મુશ્કેલી અનુભવે છે. એમાંય ભારતમાં ઉદારીકરણ અને વૈશ્વિકીકરણની નીતિના અમલને લીધે આ સમસ્યા વધુને વધુ તીવ્ર બનતી જાય છે.

**(10) વ્યાવસાયિકતાનો અભાવ :**

ભારતમાં ઘણા MSME માં વ્યાવસાયિકતાનો અભાવ જોવા મળે છે. જે તેમને ભ્રષ્ટાચાર અને વીજળીનો દૂર ઉપયોગ કરવા માટે સંવેદનશીલ બનાવે છે. આ તેમની બિઝનેસ ઉત્પાદકતા અને એકંદર વૃદ્ધિને નોંધપાત્ર રીતે અસર કરે છે.

આ ઉપરાંત MSME ની અન્ય સમસ્યાઓમાં ઉત્પાદન શક્તિનો અપૂર્ણ ઉપયોગ, સંશોધન અને વિકાસનો અભાવ એકાએક શ્રીમંત બની જવા માટેનું આંધળુકિયાપણું, ગજા ઉપરાંતની દોડ, અણધાર્યા વિપરીત સંજોગો, અટપટો કંપનીધારો વગેરેનો સમાવેશ થાય છે.

## 8.11 MSME ના વિકાસ માટે સરકારે લીધેલા પગલાંઓ

આપણે જોયું કે MSME દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ ઉદ્યોગોની સમસ્યાઓના નિવારણ માટે સરકારે લીધેલા પગલાંને બે ભાગમાં વર્ગીકૃત કરી શકાય.

**સંરક્ષણાત્મક પગલા :**

સંરક્ષણાત્મક પગલાંઓનો મુખ્ય હેતુ સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને મોટા ઉદ્યોગોની હરિફાઈ સામે ટૂંકા સમય માટે રક્ષણ આપવાનો છે.

**(1) ઉત્પાદના અનામત ક્ષેત્રો :**

અનામત ક્ષેત્ર એટલે હરિફાઈ વગરનું ક્ષેત્ર. મોટા ઉદ્યોગોને અમુક ક્ષેત્રોમાંથી હાંકી કાઢીને MSME ને વિકસવાની મોકળાશ આપવાની નીતિ અનામત તરીકે ઓળખાય છે. આ નીતિની શરૂઆત ઓગસ્ટ 1967 થી થયો હતો. તે સમયે શરૂઆતમાં 47 જેટલી વસ્તુઓ અનામત રાખવામાં આવી હતી. ત્યારબાદ આ યાદીમાં ઉત્તરોત્તર ઘટાડો થતો રહ્યો. આ અનામતની વ્યવસ્થા 1991 માં જાહેર કરાયેલી ઔદ્યોગિક નીતિ અન્વયે પણ ચાલુ રાખવામાં આવી હતી અને ફેબ્રુઆરી 2008 ના જાહેરનામા અન્વયે અનામત યાદીની વસ્તુઓની સંખ્યા 35 હતી. જે ફેબ્રુઆરી 2014 માં 20 જેટલી કરવામાં આવી.

**(2) મોટા ઉદ્યોગોની પેદાશો પર વિશેષ વેરા :**

નાના પાયાના ઉદ્યોગોને સંરક્ષણ આપવા માટે સરકારે મોટા ઉદ્યોગોની પેદાશો પર વિશેષ વેરા નાંખવાની નીતિ અપનાવેલ છે. જેના મુખ્યત્વે બે ઉદ્દેશો છે : (અ) મોટા અને નાના ઔદ્યોગિક એકમો વચ્ચે ઉત્પાદન તફાવતમાં ઘટાડો લાવી તેમની સ્પર્ધાત્મક ક્ષમતા સમાન બનાવવી. (બ) આ વેરામાંથી પ્રાપ્ત થતી રકમનો ઉપયોગ નાના પાયાના ઉદ્યોગોની ઉત્પાદન પદ્ધતિમાં સુધારો લાવીને તેમની કાર્યક્ષમતામાં વધારો કરવો. જેમ કે, ખાદી અને ગ્રામોદ્યોગના વિકાસ માટે મિલના કાપડ પર વેરો નાંખવામાં આવે અને એ રીતે

ખાદીના વેચાણ પર સબસિડી અપાય છે એ જ રીતે ચર્મ ઉદ્યોગની પેદાશો તથા સાબુ ઉદ્યોગો વગેરેના નાના એકમોને સંરક્ષણ પૂરું પાડવામાં આવે છે.

**(3) સંરક્ષણનું પ્રત્યક્ષ સ્વરૂપ :**

સરકાર તરફથી MSME ને પ્રત્યક્ષ રીતે સંરક્ષણ આપવામાં આવે છે. આ અનુસાર :

(અ) MSME ને સબસિડી તથા રાહત વ્યાજદરે ધિરાણ.

(બ) અમુક સમય મર્યાદા સુધી ફેકટરી એકટ અને અન્ય શ્રમધારાઓની કેટલીક જોગવાઈઓમાંથી મુક્તિ.

(ક) અમુક સમય સુધી આ ઉદ્યોગોને આબકારી જકાત અને અન્ય વેરામાંથી મુક્તિ.

(ડ) સરકાર અને અન્ય રાજ્ય પ્રેરિત સંસ્થાઓને તેમની જરૂરિયાતોની ખરીદી કરતી વખતે નાના ઉદ્યોગોની પેદાશોને અગ્રિમતા.

**વિધેયાત્મક પગલા :**

MSME ના વિકાસ માટે લેવાયેલાં વિધેયાત્મક પગલાંનો પ્રમુખ ઉદ્દેશ આ ઉદ્યોગોની સ્પર્ધાત્મક ક્ષમતામાં સુધારો લાવી તેમને આત્મનિર્ભર બનાવવાનો છે. આ અન્વયે આ ઉદ્યોગો માટે પૂરતી નાણાંકીય વ્યવસ્થા, કાચોમાલ, બજાર વ્યવસ્થા, બજાર સંશોધન તેમજ ટેકનોલોજીક ઉર્ધ્વીકરણ દ્વારા આ ક્ષેત્ર અર્થતંત્રનું એક 'ગતિશીલ અને ચેતનવંતુ ક્ષેત્ર' તરીકે ઉપસી આવે એ જોવાનું છે. વિધેયાત્મક પગલામાં.

**(1) વિવિધ બોર્ડો અને એજન્સીઓ :**

MSME દ્વારા જે ઉત્પાદિત પેદાશો હોય તેના વિકાસ માટે વિવિધ પ્રકારના બોર્ડો અને એજન્સીઓનું ગઠન કરવામાં આવ્યું છે. આ બોર્ડો અને સંસ્થાઓ જે તે પેદાશો માટે ઉત્પાદન કાર્યક્રમ તૈયાર કરીને તે માટે જરૂરી એવા કાચા માલ, બજાર વ્યવસ્થા તથા ટેકનિકલ કૌશલ્ય અને તાલીમને સવલતો પૂરી પાડે છે. આ પૈકીના કેટલાક મુખ્ય બોર્ડ નીચે છે :

(અ) ઓલ ઈન્ડિયા હેન્ડલુમ હેન્ડીક્રાફ્ટસ બોર્ડ (બ) ખાદી અને ગ્રામોદ્યોગ પંચ (ક) કેન્દ્રીય સિલ્ક બોર્ડ (ડ) કેન્દ્રીય કોયર બોર્ડ (ઈ) ઓલ ઈન્ડિયા ટી એન્ડ કૉફી બોર્ડ (એફ) નાના ઉદ્યોગો માટેની વિકાસ સંસ્થા (જી) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો (એચ) મહાત્મા ગાંધી ઈન્સ્ટીટ્યૂટ ફોર રુરલ ઈન્ડસ્ટ્રીઆલાઈઝેશન (MGIRI).

**(2) ધિરાણની સવલતો :**

MSME માટે ધિરાણની સવલતો પૂરી પાડવા માટે કાર્યરત સંસ્થાઓની માહિતી આ પ્રમાણે છે :

(અ) **સિડ્યુલ્ડ વેપારી બેન્કો :** સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સહિતની સિડ્યુલ્ડ વેપારી બેન્કો એ ભારતમાં MSME ને 2014-15 માં 383500 કરોડનું ધિરાણ પૂરું પાડ્યું હતું. જે પ્રાયોરિટી સેક્ટરમાં ફેબ્રુઆરી 2023 માં આ ધિરાણ વધીને રૂ. 20.46 લાખ કરોડ થયું હતું.

(બ) **રાજ્ય નાણાં કોર્પોરેશન :** SFC Act 1951 અનુસાર ભારતમાં નાના, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોને ધિરાણ પૂરું પાડવા માટે દેશના 18 જેટલા જિલ્લાઓમાં રાજ્ય નાણાં કોર્પોરેશન કાર્યરત છે.

(ક) **નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન :** આ કોર્પોરેશનની સ્થાપના ફેબ્રુઆરી 1954 થી રૂ. 10 લાખની અધિકૃત મૂડીથી કરવામાં આવી હતી પછી આ મૂડીમાં વધારો કરવામાંઆવ્યો હતો. આ કોર્પોરેશન MSME ને ધિરાણની સગવડો પૂરી પાડે છે.

(ડ) **સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ કોર્પોરેશન :** પણ MSME ને ધિરાણ આપવા માટે કાર્યરત છે.

(ઈ) **ઔદ્યોગિક સહકારી મંડળીઓ :** તાજેતરના વર્ષોમાં MSME ની ધિરાણની જરૂરિયાત સંતોષવામાં ઔદ્યોગિક સહકારી મંડળીઓ અગત્યનો ફાળો આપી રહી છે. જેમ કે વણકરોની સહકારી મંડળીઓ, ઓલ ઈન્ડિયા હેન્ડલૂમ એન્ડ હેન્ડી ડ્રાફ્ટ બોર્ડ વગેરે MSME ને સહાય કરે છે.

(એફ) **નાના ઉદ્યોગો માટેની વિકાસ બેન્ક :** નાના ઉદ્યોગો માટેની વિકાસ બેન્ક એ નાના, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોના ધિરાણ ક્ષેત્રે એક ટોચની સંસ્થા તરીકે કાર્ય કરે છે. તે જોખમ સામે રક્ષણ આપીને નાણાંકીય સ્થિરતા MSME ને આપે છે અને ઔદ્યોગિક વૃદ્ધિ દર અને સેવાઓમાં વધારો થાય એ હેતુ આ સંસ્થાનો છે.

(જી) **મુદ્રા બેન્કની સ્થાપના (Micro Units Development and Refinance Agency) :** 8 એપ્રિલ 2015 માં ભારત સરકારે નાના વ્યાવસાયિકો અને ધંધાદારીઓ માટે મુદ્રા બેન્કની સ્થાપના રૂ. 20000 કરોડના ભંડોળથી કરી હતી. આ બેન્ક રૂ. 10 લાખ સુધીનો વેપાર ધરાવતા નાના એકમોને ધિરાણ આપશે તથા અન્ય એકમલક્ષી નાણાંકીય સંસ્થાઓની કામગીરીનું નિયમન કરશે. નાના ઉદ્યોગોના વિકાસ બેન્કની સબસિડિયરીના રૂપમાં રિઝર્વ બેન્કને આધીન રહેશે. ચૂંટણીના સંકલ્પપત્રમાં મુદ્રા લોનની મર્યાદા રૂ. 10 લાખથી વધારીને રૂ. 20 લાખ 2024 માં કરવાની રજૂઆત છે.

મુદ્રા લોન 18 વર્ષથી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિ કે જે બેરોજગાર હોય અને સ્ટાર્ટઅપ્સ, ગૃહ ઉદ્યોગ, દુકાનદાર, રોકડી ધારક, છૂટક કર્મચારી, કારીગર વગેરે લઈ શકે છે. જેનો વ્યાજનો દર 10 થી 12% જેટલો હોય છે. આ લોનનો હેતુ નિર્માણ, સેવાઓ, છૂટક ધંધો તેમજ ખેતીમાં આવક સર્જન તેમજ રોજગારી સર્જન પૂરા પાડવાનો છે. આ બેન્કનો લાભ વર્ષ 2022-23 માં 29 કરોડ જેટલા નાના એકમોને મળેલ છે. વળી, પ્રધાનમંત્રી જનધન યોજનાને આ મુદ્રા બેન્ક સાથે સાંકળી લેવામાં આવશે. જેવી રીતે જેમનાં બેન્ક ખાતાં નથી, તેમનાં ખાતાં જન ધન યોજના દ્વારા શરૂ કરવામાં આવ્યા છે. એ જ રીતે નાના વ્યવસાયકારો પૈકી જેમની પાસે ધંધો કરવા માટે ફંડ નથી. તેમને જરૂરી ફંડ મળી રહે તેવી વ્યવસ્થા આ મુદ્રા બેન્ક દ્વારા કરવામાં આવી છે.

CGTMSE સ્કીમ (Credit Guarantee Fund Trust for Micro and Small Enterprises) ભારત સરકારે આર્થિક વિકાસ માટે - સ્કીમ અમલમાં મૂકી છે. વર્કીંગ કેપિટલ ફેસિલીટીમાં 2 કરોડ સુધીની લોન 5 વર્ષ કરતાં વધુ સમય માટે દેવાદાર હોય તેને સેટલ થવા માટે, ભાર ઓછો કરવા માટે રૂ. 2 કરોડથી ઉપરની રકમ અપાય છે. માટે વ્યાજનો દર 1.35% છે. આ માટે KYC ડોક્યુમેન્ટ પ્રોજેક્ટ રિપોર્ટ, ફાઈનાન્સિલ સ્ટેટમેન્ટ બધુ એક સાથે તૈયાર કરવું પડે છે.

**(3) કાચામાલની પ્રાપ્તિ :**

MSME ને કાચોમાલ તથા અન્ય જરૂરિયાતની વસ્તુઓનો પુરવઠો પૂરતા પ્રમાણમાં વ્યાજબી દરે પ્રાપ્ત થઈ રહે તે માટે

(અ) દરેક રાજ્યના ડેપો દ્વારા રાજ્ય લઘુ ઉદ્યોગો કોર્પોરેશનની કાચામાલની વહેંચણીનું કાર્ય સોંપવામાં આવ્યું છે.

(બ) સરકાર કાચોમાલ અને અન્ય ઉપકરણોનો બફરસ્ટોક ઊભો કરવાનો પ્રયત્ન કરે છે જેથી MSME ને કાચોમાલ નિયમિત રીતે મળતો રહે.

(ક) સરકાર પોતે MSME ને અગ્રીમ ધોરણે કાચામાલનો પુરવઠો ઉપલબ્ધ થાય એવું કાર્ય કરવાનો નિર્ણય કરેલ છે.

**(4) ઉત્પાદન પદ્ધતિમાં સુધારો અને નવી ટેકનોલોજીનો ઉપયોગ :**

MSME ની ઉત્પાદન પદ્ધતિમાં સુધારો થાય તેમજ તેઓ અદ્યતન ટેકનોલોજીને વધુ પ્રમાણમાં અપનાવે એ માટે સરકાર દ્વારા રાજ્યના ઉદ્યોગ નિયામકશ્રીની કચેરી, સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ સર્વિસ ઈન્સ્ટિટ્યૂટ્સ તેમજ ટેકનિકલ સહાય પૂરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો હેતુ MSME ને 'આધુનિક' બનાવવાનો છે.

આ ઉપરાંત ટેકનોલોજીકલ ઉર્ધ્વીકરણ માટે તાજેતરના સમયમાં ક્રેડિટ લિંકડ કેપિટલ સબસિડી શરૂ કરવામાં આવી છે અને એ માટે દેશના જુદા જુદા વિસ્તારોમાં ટેકનોલોજી રીસર્ચ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે.

**(5) બજાર વ્યવસ્થામાં સુધારા :**

MSME એ ઉત્પાદિત કરેલ વસ્તુઓની વેચાણ વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારા અતિ આવશ્યક છે કારણ કે કાર્યક્ષમ વેચાણ વ્યવસ્થા સિવાય આ ઉદ્યોગો આત્મનિર્ભર બની શકે નહીં. શ્રેષ્ઠ ગુણવત્તાવાળી પેદાશોનું ઉત્પાદન તથા ગ્રાહકની વપરાશમાં આવતા પરિવર્તન આ બન્ને બાબતો વેચાણ વધારવામાં સહાયક બની શકે આ દિશામાં કેટલાક વિધેયાત્મક પગલાં લેવા આવશ્યક છે.

**(6) ઉચ્ચ ગુણવત્તાવાળી પેદાશો અને તેમની બદલાતી જતી તરાહ પર વિશેષ ભાર :**

MSME ની પેદાશો ઉચ્ચ ગુણવત્તાવાળી હોય અને ગ્રાહકોની બદલાતી જતી અભિરૂચિ અને પસંદગી સાથે સુસંગત હોય એ અતિ આવશ્યક છે અને તો જ આ વસ્તુઓને સ્થાનિક બજાર તથા વિદેશી બજારમાં 'બજાર સ્વીકૃતતા' મળે આ માટેની કાર્યક્ષમ વ્યવસ્થા કરવાની રહે છે.

આ માટે MSME ના મંત્રાલય તરફથી શ્રેષ્ઠ ગુણવત્તાવાળી પેદાશો તેમજ 'સંશોધન અને વિકાસ'ના પ્રયત્નો માટે સાહસિકોને રાષ્ટ્રીય એવોર્ડ આપવાની નીતિ સ્વીકારાઈ છે. તેમજ મહિલા સાહસિકો તેમજ અનુસૂચિત જાતિ અને જનજાતિના સાહસિકો માટે વિશેષ એવોર્ડ આપવાની જોગવાઈ કરાઈ છે.

**(7) ઔદ્યોગિક શિક્ષણ અને તાલીમ :**

MSME ના કર્મચારીઓ માટે ઔદ્યોગિક શિક્ષણ અને તાલીમનો કાર્યક્રમ રાખવામાં આવે છે જેથી તેઓ ઔદ્યોગિક ક્ષેત્રે વિકસેલા વૈજ્ઞાનિક જ્ઞાનનો લાભ મેળવી શકશે અને ઉત્પાદનમાં અદ્યતન પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત થશે. તાજેતરમાં સરકારે

તાલીમ આપતી સંસ્થાઓ અને તાલીમ-કાર્યક્રમો અમલમાં મૂક્યા છે.

**(8) માળખાકીય સવલતો :**

MSME ના વિકાસ માટે રાજ્ય સરકાર નાના ઉદ્યોગ સાહસિકોને ભાડેથી અથવા માલિકીના ધોરણે શેડ ઉપલબ્ધ કરાવે છે અને તેમાં જમીન, રસ્તા, પાણી વીજળી, સંદેશા વ્યવહાર, રેલ્વે જેવી તમામ માળખાકીય સવલતો પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકારો તરફથી આ માટે સબસિડી અને રાહત વ્યાજ દરે લોન પણ આપવામાં આવે છે.

## 8.12 MSME અને વર્તમાન પ્રવાહો

ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC) ઝુંબેશને લાગુ કરવા સરકાર MSME માટે મહત્ત્વની ભૂમિકા ભજવશે જેવી કે ઈલેક્ટ્રિક વાહનો માટે લોન પરના વ્યાજદરમાં ઘટાડો કર્યો છે. જેથી ઈલેક્ટ્રિક વાહનો 2021 માં 3.20 લાખ, 2022 માં 10.25 લાખ અને 2023 માં 15.30 લાખનું વેચાણ થયું હતું. ઓટો ડીલર્સ ઓર્ગેનાઈઝેશન અનુસાર 2022 માં 38240 જેટલી E-Car નું વેચાણ થયું હતું. જે 2023 માં 82105 E-Car વેચાઈ હતી. જેમાં સરકારનો મુખ્ય હેતુ ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવાનો છે. 2047 સુધીમાં દેશને વિકસિત દેશ બનાવવાના લક્ષ્યને હાંસલ કરવા FDI ને 100% મંજૂરી આપવામાં આવશે.

દેશમાં MSME સહિત નાના વ્યવસાયો પર કોવિડ-19 ની નકારાત્મક અસરો ઘટાડવા માટે આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ ઘણી પહેલ કરી છે જેવી કે :

(અ) તનાવગ્રસ્ત MSME માટે રૂ. 20000 કરોડનું ગૌણ દેવું.

(બ) MSME સહિતના વ્યવસાયો માટે રૂ. 3 લાખ કરોડની ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ હેઠળ 2022-23 ના બજેટમાં 5 લાખ રૂ. કરી છે.

(ક) સ્વનિર્ભર ભારત ફંડ દ્વારા રૂ. 50000 કરોડ ઈક્વિટી ઈન્ફ્યુઝન MSME ના વર્ગીકરણના નવા સુધારેલા માપદંડનો સ્વીકાર.

(ઈ) વેપાર કરવાની સરળતા માટે 'ઉદ્યમ નોંધણી' દ્વારા MSME ની નવી નોંધણી વગેરે.

MSME માં આવતી સમસ્યાઓ અને પડકારોનું મૂલ્યાંકન કરવા માટે સેમિનાર, વીડિયો કોન્ફરન્સિંગ, મીટિંગ વગેરે દ્વારા સ્ટોક હોલ્ડર્સ, ઉદ્યોગ, સંગઠનો, વ્યક્તિગત સાહસો વગેરે રાજ્ય સરકાર સાથે નિયમિતપણે વાતચીત કરે છે અને MSME મંત્રાલય MSME ના પ્રમોશન અને વિકાસ માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો લાગુ કરે છે. (PMEGP) પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, પરંપરાગત ઉદ્યોગોના પુનઃજન્મ માટેની ફંડની યોજના, નવીનતાને પ્રોત્સાહન આપવા માટેની યોજના, ગ્રામીણ ઉદ્યોગ અને સાહસિકતા, માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝના કલસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો માટે ક્રેડિટ ગેરંટ યોજના વગેરેનો સમાવેશ થાય છે.

MSME મંત્રાલયે MSME ને તકનીકી રીતે વિકાસ કરવામાં અને તેમની સ્પર્ધાત્મકતા વધારવામાં મદદ કરવા માટે સમગ્ર દેશમાં નવા ટેકનોલોજી કેન્દ્રો અને વિસ્તરણ કેન્દ્રોની સ્થાપના કરી છે. આ ટેકનોલોજી કેન્દ્રો MSMEs અને કૌશલ્ય શોધનારાઓને ટેકનોલોજી સપોર્ટ, કૌશલ્ય અને કન્સલ્ટન્સી જેવી વિવિધ સેવાઓ પૂરી પાડે છે. જે કૌશલ્ય શોધનારાઓની રોજગાર ક્ષમતામાં વધારો, MSME ની સ્પર્ધાત્મકતા વધારે છે અને દેશમાં નવા MSME ની રચનાને પ્રેરે છે. આ ઉપરાંત ભારત સરકાર તેના 18 ટેકનોલોજી કેન્દ્રો દ્વારા સારી રીતે સંરચિત મોડ્યુલર પ્રેક્ટિકલી

ઓરિએન્ટેડ શિક્ષિત યુવાનો તેમજ ઉદ્યોગોના ટેકનિશિયન માટે તાલીમની જોગવાઈ પર આધારિત વિવિધ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે. વૈશ્વિક ટેક્નોલોજિકલ એડવાન્સિસ સાથે તાલમેલ રાખવા માટે તમામ અભ્યાસક્રમો નિયમિત રીતે અપડેટ કરવામાં આવે છે. તે અનુસાર 76 જેટલા અભ્યાસક્રમો રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત, ફ્રેમવર્ક, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા વગેરે મંત્રાલય સાથે સુસંગત છે.

**લેબર કોડસ :**

દેશમાં જે નવો લેબર કોડસ તૈયાર થઈ ગયો છે તે MSME ના કામકાજમાં અવરોધરૂપ બનવાનો ભય ઊભો થયો છે. નવા લેબર કોડસ લાગુ થશે તો MSME ક્ષેત્રનો ખર્ચ વધી જવાની ચિંતા છે. જેથી 2024 ની લોકસભાની ચૂંટણી બાદની નવી સરકાર સમક્ષ રજૂઆત કરવા MSME ના આગેવાનો તૈયારી કરી રહ્યા છે.

લેબર કોડસમાં કર્મચારીઓના વીમા, ગ્રેજ્યુઈટી તથા ઊંચા વેતન સ્તરને કારણે નાણાંકીય બોજમાં વધારો થશે તેવો ભય MSME ક્ષેત્રને છે. આ સ્થિતિમાં MSME ને નવા શ્રમ કાયદાઓમાં રાહત મળી રહે તે જરૂરી છે.

લેબર કોડસને કારણે MSME ની સ્થિતિ ફરી પડકારરૂપ ન બે તેની ખાતરી આવનારી નવી સરકારે આપવાની રહેશે. "મેક ઈન ઈન્ડિયા" સૂત્રને સફળ બનાવવા આ ઉપક્રમોની તંદુરસ્તી મહત્ત્વની બની રહે છે.

## 8.13 ઉપસંહાર

ભારતમાં ઉદ્યોગોના વર્ગીકરણની ચર્ચાને આધારે એમ કહી શકાય કે આપણાં ઔદ્યોગિક વિકાસની યાત્રા ઘણાં ચઢાવ-ઉતારવાળી રહી છે. વિવિધ રાજકીય અને આર્થિક પરિબળો ભારતના ધીમા ઔદ્યોગિક વિકાસ માટે જવાબદાર રહ્યા છે. ઔદ્યોગિક ક્ષેત્રે એક તરફ કેટલીક નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ થઈ છે તો બીજી તરફ કેટલીક નિષ્ફળતાઓ પ્રાપ્ત કરી છે. ભારતીય આયોજનના 73 વર્ષ પછી ભારતીય ઉદ્યોગોની કાયાકલ્પ થઈ છે. ફેક્ટરીઓમાં 9 ગણો વધારો થયો છે. મેન્યુફેક્ચરિંગમાં વિશ્વમાં બીજો સૌથી આકર્ષક દેશ બન્યો છે. 1400 થી વધુ મલ્ટીનેશનલ કંપનીઓએ તેમના વૈશ્વિક ક્ષમતા સેન્ટર ભારતમાં સ્થાપ્યા છે. કાપડ ઉદ્યોગ ચીન પછી બીજા નંબરનો સૌથી મોટો ઉદ્યોગ છે. ઉદ્યોગની આ વિકાસની ગતિને કારણે ગ્રોસ વેલ્યુ એડેડમાં ઉદ્યોગનું યોગદાન 73 વર્ષોમાં 53 ગણું વધ્યું છે. આમ છતાં મોટો પડકાર મંદીનો છે. જો આ મંદી ટૂકા સમયની હોય તો સમસ્યા નથી પરંતુ જો લાંબી રહે તો તે ચિંતાજનક રહેશે. એ જ રીતે WTO નો પડકાર (સરકારી સબસિડીનું કારણ) મુખ્ય છે. જેથી મોટા પાયા પર ઉત્પાદન તો થશે પરંતુ નિકાસ પર અસર થશે.

એ જ રીતે MSME ઉદ્યોગો અર્થતંત્રના વિકાસ માટેનો મુખ્ય સ્તંભ છે. જે ખેતી અને મોટા ઉદ્યોગો વચ્ચેની સાંકળ તરીકેનું કામ કરે છે. તેની સાથે રોજગારી સર્જનમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. MSME એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જૂ બની ગયા છે. આ ઉદ્યોગો નાના હોવા છતાં ગ્રાહકો અથવા મોટી કંપનીઓની ઘણી બધી સેવાઓ-વસ્તુઓ પૂરી પાડે છે. આમ છતાં તેમને કેટલીક સમસ્યાઓ જેવી કે ટેકનોલોજીની સમસ્યા, બજારની સમસ્યા, લોનની સમસ્યા, હરિફાઈ, નવો લેબર કોડસ વગેરે સામે ઝઝુમવું પડે છે. "મેક ઈન ઈન્ડિયા" સૂત્રને સફળ બનાવવા માટે પણ MSME ની તંદુરસ્તી મહત્ત્વની બની છે. જોકે સરકાર દ્વારા MSME માટે કેટલા હકારાત્મક પગલાં લેવામાં આવ્યા છે. આ અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ જણાવ્યું હતું કે MSME ક્ષેત્ર ભારતના અર્થતંત્રમાં લગભગ ત્રીજા ભાગનું યોગદાન આપે

છે. MSME ક્ષેત્રનું મજબુતીકરણએ સમગ્ર સમાજનું મજબુતીકરણ છે અને તેથી જ સરકારે છેલ્લા 8 વર્ષમાં આ ક્ષેત્ર માટે બજેટની ફાળવણીમાં 650% કરતાં વધારે વૃદ્ધિ કરી છે. MSME એ ભારતની આઝાદીના 'અમૃત કાળ'ના સંકલ્પોને પ્રાપ્ત કરવા માટેનું એક મુખ્ય માધ્યમ છે. MSME ને "ઉદ્યમ ભારત"ના કાર્યક્રમની શરૂઆતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, "હું MSME ક્ષેત્રને ખાતરી આપું છું કે સરકાર એવી નીતિઓ ઘડવા માટે કટીબદ્ધ છે, જે તમારી જરૂરિયાતોને પૂરી કરે અને તમારી સાથે સક્રિયપણે આગળ વધે". આ ઉપરાંત આત્મનિર્ભર ભારત અંગે જણાવ્યું હતું કે "ઉદ્યમશીલ ભારતની દરેક સિદ્ધિ આપણને આત્મનિર્ભર ભારત તરફ દોરી જશે મને તમારામાં અને તમારી ક્ષમતાઓમાં ભરોસો છે". આપણે આશા રાખીએ કે ઉદ્યોગ ક્ષેત્રને સરકાર તરફથી જરૂરી રાહત મળી રહે અને ઔદ્યોગિક ક્ષેત્રનો આવનારો સમય પડકારરૂપ ન બને.

## 8.14 ચાવીરૂપ શબ્દો

- **ઉદ્યોગ :** કાચામાલ પર પ્રક્રિયા કરી તૈયાર માલમાં પરિવર્તન કરવાની નાણાંકીય પ્રવૃત્તિને ઉદ્યોગ કહે છે.
- **સૂક્ષ્મ ઉદ્યોગ :** રૂ. 1 કરોડ સુધીનું મૂડી રોકાણ અને રૂ. 5 કરોડ સુધીનું ટર્નઓવર કરતાં ઉદ્યોગોને સૂક્ષ્મ ઉદ્યોગ કહે છે.
- **નાના ઉદ્યોગ :** રૂ. 10 કરોડ સુધીનું મૂડી રોકાણ હોય અને ટર્નઓવર રૂ. 50 કરોડ સુધીનું હોય તેવા ઉદ્યોગોને Small Industry કે નાના ઉદ્યોગ કહે છે.
- **મધ્યમ ઉદ્યોગો :** રૂ. 50 કરોડ સુધીનું મૂડી રોકાણ હોય અને ટર્નઓવર રૂ. 250 કરોડ સુધીનું હોય તેવા ઉદ્યોગોને મધ્યમ ઉદ્યોગો કહે છે.
- **મોટા ઉદ્યોગો :** અન્ય ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી નિક્ષેપો પૂરા પાડતા ઉદ્યોગોને પાયાના, મોટા કે ચાવીરૂપ ઉદ્યોગો કહે છે. દા.ત., સ્ટીલ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ.

## 8.15 તમારી પ્રગતિ ચકાસો

- **નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) જુલાઈ 2020 ની વ્યાખ્યા અનુસાર ઉદ્યોગોને કઈ રીતે વર્ગીકૃત કરવામાં આવ્યા છે ? સમજાવો.

(2) સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોની મુખ્ય સમસ્યાઓ નિર્દેશો.

(3) ભારતમાં સૂક્ષ્મ, નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોએ સાધેલી પ્રગતિ તપાસો.

(4) ભારતમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો - ની સમસ્યાઓના નિરાકરણ માટેનાં સંરક્ષણાત્મક અને વિધેયાત્મક પગલાં દર્શાવો.

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) જુન 2006 ના સૂક્ષ્મ, નાના અને મધ્યમ સાહસોના વિકાસ અંગેના કાયદા અન્વયે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે કામ કરતાં સૂક્ષ્મ સાહસો માટે મૂડી રોકાણની મર્યાદા કઈ છે ?

(અ) રૂ. 25 લાખ (બ) રૂ. 30 લાખ (ક) રૂ. 40 લાખ (ડ) રૂ. 50 લાખ

(2) રૂ. 250 કરોડ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા ઉદ્યોગોનો સમાવેશ નીચેનામાંથી કયા ઉદ્યોગોમાં થાય છે ?

(અ) લઘુ ઉદ્યોગ (બ) નાનો ઉદ્યોગ (ક) મધ્યમ ઉદ્યોગ (ડ) મોટો ઉદ્યોગ

(3) ભારતમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોએ નીચેનામાંથી કઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે ?

(અ) ટેકનોલોજીની સમસ્યા (બ) ઔદ્યોગિક માંદગી (ક) વેચાણની સમસ્યા (ડ) ઉપરોક્ત તમામ

(4) ગ્રામીણ વિસ્તારમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ કદનાં સાહસો પૈકી ટકાવારીની દૃષ્ટિએ સૌથી વધુ સાહસો કયા છે ?

(અ) સૂક્ષ્મ સાહસો (બ) નાના ઉદ્યોગો (ક) મધ્યમ ઉદ્યોગો (ડ) એક પણ નહીં

(5) મોટા ઉદ્યોગોમાં મૂડી ઉત્પાદન ગુણોત્તર કેવો હોય છે ?

(અ) સામાન્ય (બ) ઊંચો (ક) નીચો (ડ) સ્થિર

(6) સૂક્ષ્મ ઉદ્યોગ, નાના પાયાના ઉદ્યોગોનો મૂડી ઉત્પાદન ગુણોત્તર કેવો હોય છે ?

(અ) ઊંચો (બ) સ્થિર (ક) અસ્થિર (ડ) નીચો

(7) નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનની સ્થાપના ક્યારે થઈ ?

(અ) ફેબ્રુઆરી 1951 (બ) ફેબ્રુઆરી 1954 (ક) ફેબ્રુઆરી 1969 (ડ) ફેબ્રુઆરી 1951

(8) નાના પાયાના ઉદ્યોગોએ મોટા ઉદ્યોગો માટે કેવા છે ?

(અ) હરીફ (બ) પૂરક (ક) અવેજી (ડ) સ્વતંત્ર

(9) નાના પાયાના સૂક્ષ્મ ઉદ્યોગોમાં પરિપક્વતાનો સમયગાળો કેવો હોય છે ?

(અ) ટૂંકો સમયગાળો (બ) મધ્યમ સમયગાળો (ક) લાંબો સમયગાળો (ડ) અતિ લાંબો સમયગાળો

(10) મુદ્રા બેન્કની (Micro Units Development and Refinance Agency) ની સ્થાપના ક્યારે થઈ ?

(અ) એપ્રિલ 2015 (બ) એપ્રિલ 2016 (ક) એપ્રિલ 2017 (ડ) એપ્રિલ 2018

(11) નીચેનામાંથી કયા પ્રકારના ઉદ્યોગમાં વિકેન્દ્રીકરણ વધુ શક્ય બને છે ?

(અ) મોટા ઉદ્યોગમાં (બ) નાના ઉદ્યોગમાં (ક) નિકાસલક્ષી ઉદ્યોગમાં (ડ) એક પણ નહીં

(12) નાના ઉદ્યોગો માટે વાર્ષિક ટર્નઓવરની મર્યાદા કેટલી છે ?

(અ) રૂ. 1 કરોડ સુધીની (બ) રૂ. 5 કરોડ સુધીની (ક) રૂ. 10 કરોડ સુધીની (ડ) રૂ. 50 કરોડ સુધીની

(13) MSME Act ક્યારે શરૂ થયો ?

(અ) 2001 (બ) 2005 (ક) 2006 (ડ) 2010

(14) કયા ઉદ્યોગોના વિકાસને કારણે પ્રદૂષણમાં વધારો થાય છે.

(અ) મોટા ઉદ્યોગો (બ) નાના ઉદ્યોગો (ક) મધ્યમ ઉદ્યોગો (ડ) સૂક્ષ્મ ઉદ્યોગો

- **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) MSME નું પૂર્ણ નામ આપો.

(2) Mudra બેન્કનું પૂર્ણ નામ આપો.

(3) નાના પાયાના ઉદ્યોગોની મુખ્ય સમસ્યાઓ જણાવો.

(4) ભારત સરકારની કઈ ઔદ્યોગિક નીતિમાં નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વપણે સ્પષ્ટપણે સ્વીકારવામાં આવ્યું હતું ?

(5) કયા ઉદ્યોગોમાં સ્થાનિક  નો ઉપયોગ થાય છે ?

(6) શ્રમની વિપુલ છત હોય અને મૂડીની સાપેક્ષ અછત હોય તો તેવી ઉત્પાદન પદ્ધતિને કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિ કહેવાય ?

(7) મધ્યમ ઉદ્યોગો માટેની મૂડી રોકાણની મર્યાદા કેટલી છે ?

(8) પરિપક્વતાનો ટૂંકો ગાળો એટલે શું ?

- **સંદર્ભ સૂચિ**

1. જોષી એમ.વી. ‘‘ઔદ્યોગિક અર્થશાસ્ત્ર’’ ક્રિએટીવ પ્રકાશન.
2. પટેલ બી.એસ. અને ભટ્ટ કાર્તિકેય એસ ‘‘ભારતીય અર્થશાસ્ત્ર’’ સી. જમનાદાસ પ્રકાશન ગૃહ, અમદાવાદ.
3. જોષી આર.સી. સ્વામી લીલાબેન તથા શાહ રમા જે. તેમજ અન્ય સહલેખક : ‘‘નાણું વિષવ્યવસ્થા અને ભારતીય અર્થતંત્ર-2’’ બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ. (2021-22)
4. આર્થિક સમીક્ષા વર્ષ 2021-22
5. MSME Udyam Portal

   Website : Annual Report 2022-23 Govt. of India. Ministry of Micro, Small and Medium Enterprises New Delhi.
6. www.msme.gov.in
7. https://pib.gov.in
8. https://statisticstimes.com
9. www.sidbi.in

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(1) અ (2) ક (3) ડ (4) અ (5) બ (6) ડ (7) બ (8) બ (9) અ (10) અ (11) બ (12) ડ (13) ક (14) અ

એકમ 9

# ગૃહ ઉદ્યોગો

-: રૂપરેખા :-

**9.0 ઉદ્દેશો**

**9.1 પ્રસ્તાવના**

**9.2 ગૃહ ઉદ્યોગોનો અર્થ**

**9.3 ગૃહ ઉદ્યોગોની વ્યાખ્યા**

**9.4 ગૃહ ઉદ્યોગોના લક્ષણો**

**9.5 ગૃહ ઉદ્યોગોનું મહત્ત્વ**

**9.6 ગૃહ ઉદ્યોગોનો ભારતમાં વિકાસ**

**9.7 ભારતમાં ગૃહ ઉદ્યોગોના વિકાસ આડેના અવરોધો**

**9.8 સારાંશ**

**9.9 ચાવીરૂપ શબ્દો**

**9.10 તમારી પ્રગતિ ચકાસો**

- **સંદર્ભ સૂચિ**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 9.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) આ એકમના અભ્યાસ પરથી ગૃહ ઉદ્યોગો એટલે શું તે સમજાવી શકાશે.

(2) ભારતમાં રોજગારી ક્ષેત્રે તેમજ દેશના આર્થિક અને સામાજિક ક્ષેત્રે ગૃહ ઉદ્યોગોનું મહત્ત્વ કેટલું બધું છે તે જાણી અને ચર્ચા કરી શકશો.

(3) ભારતમાં ગૃહ ઉદ્યોગોનો વિકાસ અને વિકાસ આડેના અવરોધો વિશે સમજાવી શકાશે.

## 9.1 પ્રસ્તાવના

ભારત જેવા વિકસતા અર્થતંત્રના આર્થિક વિકાસ માટે ઔદ્યોગિક વિકાસ એ એક અનિવાર્ય બાબત છે. દેશના આર્થિક વિકાસ માટે માત્ર મોટા ઉદ્યોગોનો જ વિકાસ નહીં પરંતુ તેની સાથે-સાથે નાના અને ગૃહ ઉદ્યોગોનો વિકાસ કરવો તે પાયાની જરૂરિયાત છે.

એક સમય હતો કે જ્યારે ભારત વિશ્વનો વિકસીત અને સમૃદ્ધ દેશ કહેવાતો હતો. ત્યારે ભારતના ગામડાઓમાં ગૃહ ઉદ્યોગો દ્વારા તૈયાર થયેલી કામગીરીની પેદાશો વિશ્વભરમાં જતી હતી અને વિશ્વમાંથી સોનું, ચાંદી ભારતમાં આવતું હતું. આમ, કોઈપણ રાજ્યનાં આર્થિક અને સામાજિક વિકાસ માટે નાના અને ગૃહ ઉદ્યોગોનો વિકાસ એ ખૂબ જ જરૂરી છે.

આજે 21 મી સદીમાં પણ લઘુ અને ગૃહ ઉદ્યોગોનું ખૂબ જ મહત્ત્વ જોવા મળે છે. તે દેશનાં કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં 40% અને નિકાસ ક્ષેત્રમાં 47% નો હિસ્સો ધરાવે છે.

ગૃહ ઉદ્યોગો મોટે ભાગે ગામડાઓમાં જોવા મળે છે. પરંતુ તેનો વિકાસ નાના શહેરોમાં પણ થયેલો છે. આ ગૃહ ઉદ્યોગો લોકોને ખંડ સમયનું અને પૂર્ણ સમયનું કામ પૂરું પાડે છે. દા.ત., હાથ વણાટ, છાદડી બનાવટ, દોરડા કામ, બાજ-પડીયા, સાવણી વગેરે બનાવી ગામડાઓના લોકોનું ખંડ સમયનું કામ પૂરું પાડે છે. જ્યારે સુથારી કામ, મોચી કામ, માટીના વાસણની બનાવટ, તેલ પીલવાનું કામ આપે છે.

## 9.2 ગૃહ ઉદ્યોગોનો અર્થ

"ગૃહ ઉદ્યોગોને કેટલીકવાર કુટિર ઉદ્યોગ અને ગ્રામ ઉદ્યોગથી પણ ઓળખવામાં આવે છે. જે મોટે ભાગે ગામડાઓમાં ચાલતાં હોય છે કે જે ગામડાઓમાં વસવાટ કરતાં લોકોનો ઘરમાં ખૂબ જ ઓછી મૂડી અથવા તો મૂડી વગર ચલાવવામાં આવે છે. તેને ગૃહ ઉદ્યોગો તરીકે ઓળખવામાં આવે છે."

"જે ઉદ્યોગ ઘરના સભ્યો દ્વારા જ અને ઘરના સાદા ઓજારોનો ઉપયોગ કરીને ચલાવવામાં આવતો હોય કે જેમાં વીજળીનો વપરાશ કરવામાં ન આવતો હોય તેને ગૃહ ઉદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે."

## 9.3 ગૃહ ઉદ્યોગોની વ્યાખ્યા

**ગુન્નાર મીરડાબના શબ્દોમાં**

"ગૃહ ઉદ્યોગો કદમાં નાના હોય છે. જે મોટા ભાગે ઘરમાં ચાલે છે તે જેઓ પ્રણાલીકાગત સાધનો અને પદ્ધતિઓ વડે પ્રણાલીકાગત વસ્તુઓ બનાવતા હોય છે. જેમાં વીજળીનો પણ વપરાશ કરવામાં આવતો નથી. આ ગૃહ ઉદ્યોગો ઘરનાં સભ્યો દ્વારા જ ચલાવવામાં આવે છે. જે ગામની જરૂરિયાત મુજબની ચીજો ઉત્પન્ન કરે છે અને તેનું વેચાણ પર ગામમાં જ કરવામાં આવે છે."

**ફિસ્કલ કમિશનના મતે :**

"જે ઔદ્યોગિક એકમોમાં બધા જ શ્રમિકો કે મોટા ભાગના શ્રમિકો કુટુંબના જ સભ્યો હોય તેને ગૃહ ઉદ્યોગ ગણવો."

**ફોર્ડ ફાઉન્ડેશન સમિતિના અભિપ્રાય મુજબ :**

"જે ઔદ્યોગિક એકમોની પેદાશોનું ઘણું કરીને સ્થાનિક બજારોમાં વેચાણ થતું હોય તેને ગૃહ ઉદ્યોગ ગણવો."

## 9.4 ગૃહ ઉદ્યોગોના લક્ષણો

ભારતમાં કુટીર ઉદ્યોગો ઘણી વિશિષ્ટ લાક્ષણિકતાઓ ધરાવે છે. ગૃહ ઉદ્યોગો અર્થતંત્રમાં મહત્ત્વનો ફાળો આપે છે. ગૃહ ઉદ્યોગોની મહત્ત્વની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

**નાના પાયે કામગીરી :**

કુટીર ઉદ્યોગો સામાન્ય રીતે નાના પાયે ચલાવવામાં આવે છે, ઘણીવાર ઘરમાં જ અથવા નાની વર્કશોપમાં મર્યાદિત મૂડી રોકાણ સાથે આવા ઉદ્યોગો કામ કરે છે. અહીં ખૂબ ઓછી સંખ્યામાં કામદારોને રોજગારી આપે છે. આવા ઉદ્યોગો કુટુંબની માલિકીના હોય છે.

**સ્થાનિક સંસાધનોનો ઉપયોગ :**

આ ઉદ્યોગો સ્થાનિક રીતે ઉપલબ્ધ કાચા માલ અને સંસાધનો પર આધાર રાખે છે, જે પ્રદેશના આધારે બદલાઈ શકે છે. ઉદાહરણ તરીકે હેન્ડલૂમ વણાટમાં સ્થાનિક રીતે ઉગાડવામાં આવતા કપાસ અથવા રેશમનો ઉપયોગ થાય છે, જ્યારે માટીના વાસણોમાં નજીકમાંથી મેળવેલી માટીનો ઉપયોગ થાય છે. આમ, અહીં સ્થાનિક સંસાધનોનો ઉપયોગ થાય છે.

**પરંપરાગત (વારસાગત) તકનીકો અને કૌશલ્યો**

કુટીર ઉદ્યોગો મોટે ભાગે પેઢીઓથી ચાલ્યા આવતા હોય છે. જેમાં કારીગરો માલ-સામાનનું ઉત્પાદન કરવા સાંસ્કૃતિક વારસાનો ઉપયોગ કરે છે અને તેમની કારીગરી જાળવી રાખવા માટે ઘરગથ્થુ સાધનો તેમજ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

**શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ :**

કુટીર ઉદ્યોગોમાં મૂડી પ્રધાન ઉત્પાદન પદ્ધતિને બદલે શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ થાય છે. અહીં, શ્રમિકો (કારીગરો) ઉત્પાદન પ્રક્રિયામાં કેન્દ્રિય ભૂમિકા ભજવે છે, મોટે ભાગે અહીં, તમામ કાર્યો શ્રમપ્રધાન (સઘન) છે.

**ભૌગોલિક એકાગ્રતા :**

આ ઉદ્યોગો મોટે ભાગે ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં કેન્દ્રિત હોય છે, જ્યાં કુશળ કારીગરો વસતા હોય છે. ભારતના અમુક પ્રદેશો વિશિષ્ટ કુટીર ઉદ્યોગો માટે જાણીતા છે, જેમ કે ભરતકામ માટે કચ્છ, બ્લોક પ્રિન્ટિંગ માટે જયપુર અને મેટલ ક્રાફ્ટ માટે મુરાદાબાદ.

**વૈવિધ્યસભર ઉત્પાદન શ્રેણી :**

કુટીર ઉદ્યોગો કાપડ, હસ્ત કલા, માટી કામ, ધાતુ કામ, લાકડા કામ અને બીજી વસ્તુઓ સહિત ઉત્પાદનોની વિશાળ શ્રેણીનું ઉત્પાદન કરે છે.

**બજાર અભિગમ :**

પરંપરાગત રીતે કુટીર ઉદ્યોગો સ્થાનિક બજારો અને સમુદાયની જરૂરિયાતો પૂરી કરે છે. જો કે વૈશ્વિકીકરણ અને વધેલી કનેક્ટિવિટીને કારણે ઈ-કોમર્સ પ્લેટફોર્મ તથા વિશિષ્ટ હસ્તકલા પ્રદર્શનો દ્વારા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે આ ઉત્પાદનો માટેનું બજાર પણ વધતું જાય છે.

**રોજગાર સર્જન :**

કુટીર ઉદ્યોગો રોજગારમાં નોંધપાત્ર ફાળો આપે છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં નોકરી-ધંધાની તકો ખૂબ મર્યાદિત હોય છે. ત્યાં ગ્રામીણ કારીગરો કે મહિલાઓને તેમજ સીમાંત સમુદાયોને આજીવિકા પૂરી પાડે છે.

## 9.5 ગૃહ ઉદ્યોગોનું મહત્ત્વ

ગૃહ ઉદ્યોગો દેશની અર્થવ્યવસ્થામાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગૃહ ઉદ્યોગો એ રોજગાર સર્જનમાં મોખરે છે. આ ઉપરાંત પણ ગૃહ ઉદ્યોગોનું મહત્ત્વ અનેક દૃષ્ટિએ ગણાવી શકાય છે. જે નીચેના મુદ્દાઓ દ્વારા સ્પષ્ટ થાય છે.

**પૂરક રોજગારી :**

ભારતમાં બેકારી અને અર્ધ બેકારીનું ખૂબ ઊંચું પ્રમાણ છે. ગ્રામીણ વિસ્તારોમાં પ્રચ્છન્ન બેકારી અને અર્ધ બેકારી વિશેષ જોવા મળે છે. આવા લોકોને રોજગારી પૂરી પાડી તેમની આવકમાં

વધારો કરી શકાય છે. આમ, ગૃહ ઉદ્યોગો પૂરક રોજગારી સર્જે છે.

**સ્વયં રોજગારીનું સર્જન :**

ગૃહ ઉદ્યોગોમાં શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ થાય છે. જેથી ગૃહ ઉદ્યોગોમાં આવકનો મોટો હિસ્સો શ્રમિકોને વેતન કે વળતરરૂપે પ્રાપ્ત થાય છે. આમ, નાના અને ગૃહ ઉદ્યોગો મોટા ઉદ્યોગોની સરખામણીમાં ઓછી મૂડીએ કામ કામ કરી શકે છે. આમ, ગૃહ ઉદ્યોગો આવક અને સંપત્તિની અસમાનતા તથા આર્થિક સત્તાના કેન્દ્રીકરણમાં ઘટાડો થાય છે.

**ઉત્પાદનમાં ઝડપી વધારો :**

ગૃહ ઉદ્યોગો ઓછા મૂડી રોકાણે ચાલુ થતા હોવાથી ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરવાનો સમય ખૂબ જ ટૂંકો હોય છે. ભારત જેવા દેશમાં ભાવવૃદ્ધિની સમસ્યા છે. ત્યાં ઉત્પાદનમાં જો ઝડપી વધારો થાય તો ચીજ વસ્તુઓમાં પૂરવઠામાં વધારો થાય છે. આવી ભાવો પણ ઓછા થાય છે.

**સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ :**

મોટા પાયાના ઉદ્યોગોમાં ઉચ્ચ પ્રકારની વિદેશી ટેકનોલોજીના ઉપયોગ કરવો પડે છે. જ્યારે ગૃહ ઉદ્યોગોમાં માત્ર સ્વદેશી ટેકનોલોજીનો જ ઉપયોગ કરી શકાય છે. આમ, ગૃહ ઉદ્યોગો સ્થાપીને દેશ સ્વનિર્ભર બની સ્વાવલંબન મેળવી શકે છે.

**સ્થાનિક કાચોમાલ અને સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ :**

સ્થાનિક કાચોમાલ અને સાધનોના કાર્યક્ષમ ઉપયોગ કરવાની દૃષ્ટિએ ગૃહ ઉદ્યોગો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ગ્રામીણ વિસ્તારના શ્રમિકો અને સ્થાનિક કાચામાલનો ઉપયોગ કરી શકાય છે. જેથી શહેરો તરફનું સ્થળાંતર પણ અટકે છે.

**પેદાશમાં વિવિધતા :**

ગૃહ ઉદ્યોગોમાં ઉત્પાદન થતી ચીજવસ્તુઓ વિવિધતાવાળી હોય છે. દા.ત., હસ્તકલા કારીગરીની મદદથી થતી વસ્તુઓમાં વૈવિધ્ય જોવા મળે છે. જેમ કે, પાટણના પટોળા, હાથચાવી કાપડ, નકશી કામ, માટી કામ, ઘરેણાં બનાવવા, ચામડાનું કામ વગેરેની વિવિધતા ગ્રાહકોને વિશેષ તુષ્ટિગુણ પૂરો પાડે છે. ગ્રાહકોને આવી ચીજવસ્તુઓ વાપરવી ગમે છે.

**ઓછું સામાજિક ખર્ચ :**

ગૃહ અને નાના ઉદ્યોગો ગ્રામીણ વિસ્તારોમાં કસ્બાઓમાં, નાના-મોટા શહેરોમાં સ્થાપી શકાતા હોવાથી સ્થાનિક કાચોમાલ મળી રહે છે. તેમજ ઉત્પાદનના તમામ સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય છે. આવા ઉદ્યોગો પાછળ રસ્તાઓ, પાણી, વીજળી, વાહન-વ્યવહાર અને અન્ય આંતર માળખાકીય સગવડો પાછળ થતું સામાજિક ખર્ચ કરવું પડતું નથી.

**સમતુલિત પ્રાદેશિક વિકાસ :**

ગૃહ ઉદ્યોગો આર્થિક રીતે પછાત વિસ્તારમાં નાના અને અલ્પવિકસીત ગામડાઓમાં સરળતાથી સ્થાપી શકાય છે. મોટા ઉદ્યોગોનું સ્થાનિકરણ થવાનું વલણ રહે છે. જ્યારે વિકેન્દ્રિત ધોરણે સ્થપાતા ગૃહ ઉદ્યોગો સમતુલિત પ્રાદેશિક વિકાસને ઉત્તેજન આપે છે. રાજ્ય સરકારે પણ પછાત વિસ્તારોના વિકાસ કરવા ગૃહ નાના ઉદ્યોગોના વિકાસ માટે ખાસ સગવડ પૂરી પાડે છે.

**નિકાસ કમાણીમાં વધારો**

ગૃહ ઉદ્યોગો દ્વારા તૈયાર થતી ચીજ વસ્તુઓની વિદેશોમાં માંગ રહેતી હોવાથી તે નિકાસ કમાણી કરવામાં ઉપયોગી બને છે.

**અન્ય ક્ષેત્રનો વિકાસ**

આ ઉદ્યોગોમાં જંગલ, ખાણ, ખેતી પેદાશો અને પશુ પેદાશોનો ઔદ્યોગિક કાચા માલ તરીકે ઉપયોગ થાય છે. જેના થકી જુદા જુદા ક્ષેત્રોનો વિકાસ થાય છે.

**સ્થાનિક કૌશલ્યો અને સંસ્કૃતિનું રક્ષણ**

ગૃહ ઉદ્યોગો સ્થાનિક કૌશલ્યો અને સંસ્કૃતિનું રક્ષણ કરે છે. કુટીર ઉદ્યોગો પરંપરાગત કૌશલ્યોને સાચવે છે અને પ્રોત્સાહન પણ આપે છે. ગૃહ ઉદ્યોગો મોટે ભાગે સાંસ્કૃતિક વારસાના મૂળ હોય છે અને ભારતની હસ્તકલા પરંપરાઓની વિવિધતામાં ફાળો આપે છે.

**પર્યાવરણીય ટકાઉપણુ**

કુટીર ઉદ્યોગો સામાન્ય રીતે સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કાચો માલ અને પરંપરાગત ઉત્પાદન તકનિકોનો ઉપયોગ કરે છે. જે મોટા પાયાના ઉદ્યોગોની તુલનામાં પર્યાવરણ માટે ઓછી હાનિકારક હોય છે. આમ, આ ઉદ્યોગ ટકાઉ પ્રથાને પ્રોત્સાહન આપે છે અને પર્યાવરણને અનુકૂળ ઉત્પાદન પદ્ધતિઓનું સમર્થન કરે છે.

**ગ્રામીણ વિકાસ**

કુટીર ઉદ્યોગો ગ્રામીણ અર્થ વ્યવસ્થાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. તેઓ સ્થાનિક સમુદાયોને આવક પેદા કરવા અને તેમના જીવન ધોરણમાં વધારો કરીને આર્થિક અને સામાજિક રીતે સશક્ત બનાવે છે. આથી શહેરો તરફનું સ્થળાંતર પણ અટકે છે.

## 9.6 ગૃહ ઉદ્યોગોનો ભારતમાં વિકાસ

પરંપરાગત કૌશલ્યના ક્ષેત્રમાં છેક 18 મી સદીના મધ્યકાળ સુધી ભારત વિશ્વવિખ્યાત હતું. કાશ્મીરની સાલ તથા ગાલીચા, ઢાંકાની મલમલ, રેશમી વસ્ત્રો, પટોળાં કે જરીનાં વસ્ત્રો, હાથીદાંતની વિવિધ કલાત્મક બનાવટો, સોના-ચાંદીનાં ઘરેણાં તથા વાસણો, તાંબા પિત્તળનાં વાસણો જેવી વસ્તુઓની પરદેશમાં મોટા પાયા પર નિકાસ થતી હતી. ઔદ્યોગિક ક્રાંતિ પછીના ગાળામાં યંત્રો દ્વારા બનાવવામાં આવતી આયાતી સસ્તી વિદેશી વસ્તુઓ સાથેની ગળાકાપ હરિફાઈ, ભારતના પરંપરાગત કુટીર ઉદ્યોગો પ્રત્યેની બ્રિટિશ સરકારની વિધાતક નીતિ તથા રાજ્યશ્રયનો ક્રમશઃ લોપ થવાના કારણે કુટીર ઉદ્યોગો ઓછા વિકસ્યા હતા.

સ્વાતંત્ર્ય બાદ કુટીર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે વીજ શક્તિ વાપરવાની છૂટ ખાદી- ગ્રામોદ્યોગ આયોગે આપી છે. તેલીબિયાના પીલાણ માટે પણ વીજ શક્તિ વાપરવાની છૂટ અપાઈ છે. વળી, સુતરાઉ ખાદીને વધુ આકર્ષક અને ટકાઉ બનાવવા રૂ સાથે પોલિયેસ્ટરના મિશ્રણથી બનેલ પોલીવસ્ત્રને ખાદી-ગ્રામોદ્યોગ આયોગે માન્ય રાખ્યું છે.

**ગ્રામોદ્યોગનો વિકાસ અને શક્યતા**

સરકારના સતત વિકાસ અને પ્રોત્સાહનને પરિણામે ખાદી-ગ્રામોદ્યોગના ઉત્પાદન તેમજ રોજગારીમાં ગણનાપાત્ર વૃદ્ધિ થઈ છે. ખાદી-ગ્રામોદ્યોગ અહેવાલ પ્રમાણે 1987-88 માં ખાદી-ગ્રામોદ્યોગનું કુલ ઉત્પાદન રૂ. 1488.39 કરોડ થયું હતું અને 41.80 લાખ વ્યક્તિઓને રોજી મળી હતી.

વર્ષ 2002-03 માં ભારતમાં વિવિધ ગ્રામોદ્યોગનું ઉત્પાદન રૂ. 8126 કરોડનું અને વેચાણ રૂ. 9615 કરોડનું થયું હતું તેમણે આશરે 58 લાખ માણસોને રૂ. 3075 કરોડની રોજી પૂરી પાડી હતી.

**ગ્રામ દિવાસળી :**

કુટીર અયાવા ગ્રામોદ્યોગ તરીકે દિવાસળી ઉદ્યોગ ભારતમાં 1921 થી શરૂ થયો તે પહેલાં ઈ.સ. 1894-95 માં ભારતમાં દિવાસળીના ઉત્પાદનની પહેલ કરવાનું શ્રેય બિલાસપુરની અમૃત મેચ ફેક્ટરી અને અમદાવાદની ગુજરાત મેચ ફેક્ટરીને ફાળે જાય છે. એ પહેલાં ભારત અને દુનિયાને દિવાસળી પૂરી પાડવા માટેનો ઈજારો સ્વીડન ભોગવતું હતું. પહેલાં વિશ્વયુદ્ધ સ્વીડનની આયાત ઘટી અને જાપાન ભારતના બજારમાં પ્રવેશ્યું હતું.

ભારતના રૂ. 200 કરોડના દિવાસળીના ઉત્પાદનમાં ગ્રામ દિવાસળીનો 13 થી 15% ફાળો છે. આ ઉદ્યોગના યંત્રથી ચાલતા એકમોએ ટેકનિકલ પરિવર્તન કર્યા છે. જ્યારે ગ્રામ દિવાસળીના એકમો જરૂરી પરિવર્તનો અભાવે પાંગળી બન્યા છે.

**ગ્રામીણ ચર્મોદ્યોગ :**

માનવજાતને પરિચિત હોય એવો આ જૂનામાં જૂનો ઉદ્યોગ છે. વિશ્વ વ્યાપારમાં ચામડું અગત્યની બાબત છે. તે વિદેશી હુંડિયામણ કમાવી આપે તેમ છે. ભારતમાં બનતાં પગરખાંમાં ચંપલો વધુ લોકપ્રિય છે.

આ ઉપરાંત કોમટેનરી, સઘન ઉતરણ કેન્દ્ર, અસ્થિ કચરણ એકમ, ગ્રામ આદર્શ ચર્મ સંસ્કરણ કેન્દ્ર, પગરખાં એકમ, ચર્મ સેવા એકમ, મોચીપેઢી, કાર્યકારી મૂડી વગેરે માટે રાજ્ય ખાદી ગ્રામ બોર્ડ મારફત આર્થિક સહાય મળે છે.

**ગ્રામીણ કુંભારી કામ :**

ગ્રામીણ કુંભારી કામ એવો માટી કામ, ઉદ્યોગ. માનવ-સંસ્કૃતિના પ્રારંભકાળથી આ ઉદ્યોગ ભારતમાં ચાલતો આવ્યો છે. કુંભારો રસોઈ માટેની હાંડલી, તાવડી, માટલાં ઘડા, કોડિયાં, કૂંડાં તથા રમકડાં અને અનાજ તથા પાણી ભરવાની કોઠીઓ વગેરે બનાવતા આવ્યા છે. આજે માટીનાં વાસણોનું સ્થાન એલ્યુમિનિયમ, પ્લાસ્ટિક અને ચિનાઈ માટીના વાસણો લેતાં કુંભારના વ્યવસાયને ધક્કો પહોંચ્યો છે.

કુંભારી કામના ઉદ્યોગની સહકારી મંડળીઓને વાસણ, રમકડાં, ઈંટો, મેંગલોરી ટાઈલ્સ વગેરે બનાવવા માટે ખાદી-ગ્રામોદ્યોગ આયોગ વિવિધ યોજનાઓ ચલાવે છે. તે અન્વયે શેર કેપિટલ લોન, કાર્યકારી મૂડી રોકાણની લોન, વેચાણ સહાય, સુધારેલા સાધનો તથા અન્ય જરૂરી મદદ આપવામાં આવે છે. આ ઉદ્યોગમાં સુધારણા અર્થે સંશોધન કાર્ય પણ ચાલે છે.

**ચૂના-નિર્માણ ગૃહ ઉદ્યોગ :**

બાંધકામમાં ચૂનાનો ઉપયોગ આદિકાળથી થાય છે. ઈજિપ્ત, બેબિલોન અને રોમન સંસ્કૃતિના કાળમાં પણ બાંધકામમાં ચૂનાનો ઉપયોગ થતો હતો. ભારતમાં પણ મંદિરો, રાજા-મહારાજાના મહેલો, નગરના કોટ તથા દરવાજા, બંધો તથા પુલો વગેરે ચૂનાથી ચણવામાં આવતાં જે આજે પણ તેની મજબૂતાઈના લીધે ટક્યા છે.

ખાદી-ગ્રામોદ્યોગ આયોગના અહેવાલ પ્રમાણે, 1988-89 ના વર્ષમાં ભારતમાં ચૂનાનું ઉત્પાદન રૂ. 4059 લાખનું થયું હતું. જેમાં રાજસ્થાન, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, કેરળ, કર્ણાટક અને અન્ય રાજ્યોમાં વધુ ઉત્પાદન નોંધાયું છે. સૌરાષ્ટ્રમાં જામનગર

તથા જૂનાગઢ જિલ્લામાં અને ગુજરાતમાં સાબરકાંઠા અને બનાસકાંઠામાં ચૂનાના પથ્થરો મળે છે. ભારતમાં આ ઉદ્યોગ દ્વારા 59 હજાર વ્યક્તિઓને રોજી મળી હતી.

**નીરો-તાડ ગોળ :**

દેશના જુદા-જુદા ભાગોમાં તાડ જૂથનાં ખજૂરી, નાળિયેરી, તાડ અને સાગોપાસ એ ચાર પ્રકારના ઝાડ મળે છે. તાડ-ખજૂરાં ઉષ્ણ કટિબંધમાં ખાસ ઊગે છે. તાડ-ખજૂરાંની આશરે 100 વિવિધ જાતો ભારતમાં છે. દેશમાં તાડ તથા ખજૂરાંનાં લગભગ 18 કરોડ વૃક્ષો છે. તેમાંથી આશરે રૂ. 1800 કરોડની વાર્ષિક આવક થઈ શકે છે અને બેકારીના સમયે આ ઉદ્યોગ ગ્રામજનોને પૂરક રોજગારી પૂરી પાડે છે.

**પિલોવસ્ત્ર :**

ખાદી-ગ્રામોદ્યોગ આયોગ તરફથી પોલિયેસ્ટર રેસા અને રૂના મિશ્રણથી હાથે ક્રાંતિને હાથે વણેલ કાપડને પોલિવસ્ત્ર તરીકે માન્યતા મળી છે. ગુજરાતનું પોલિવસ્ત્રનું ઉત્પાદન તામિલનાડુ પછી બીજા નંબરે છે.

આ ઉદ્યોગમાં કામ કરનાર કાંતનાર-વણનારને ખાદી કામના કારીગરો કરતાં પ્રમાણમાં વધુ રોજગારી મળે છે. આ કામ કરનાર રજિસ્ટર્ડ સંસ્થા કે સહકારી મંડળીઓને તાલીમ અને ઉત્પાદનના કામમાં ખાદી આયોગ કે રાજ્ય બોર્ડો દ્વારા યોજના પ્રમાણે મદદ કે ધિરાણ મળે છે.

**રેસા ઉદ્યોગ :**

ખેડૂતો તથા ખેતમજૂરો ભીંડી, શણ, કેતકી, મુંજ, કેળ વગેરેના રેસામાંથી દોરી દોરડાં, સૂતળી વગેરેની સાથે સાથે અમુક જાતના ઘાસમાંથી સુંદર આસન, શેતરંજી, પાટી પેકિંગનું કાપડ વગેરે બનાવીને કમાણી કરી શકે છે.

ભારતમાં અને ગુજરાતમાં પણ જંગલ-વિસ્તારના ઊંડાણનાં ગામડામાં વસતાં આદિવાસી કુટુંબો સારી જાતનાં પડિયા-પતરાળાં બનાવી શકે તે માટે વીજળીથી ચલાવી શકાય તેવાં મશીનો ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા આપવામાં આવે છે. 1988-89 ના વર્ષમાં આવાં 11 મશીનોનું વિતરણ થયું હતું.

આ ઉદ્યોગ સાથે જોડાયેલા કારીગરો ઝડપથી અને સારી રીતે દોરડાં-દોરડી બનાવી શકે તે માટે ખાદી આયોગ મારફત બિન-આદિવાસી માટે 50 ટકા લોન અને 50 ટકા સહાય તથા આદિવાસી માટે 25 ટકા લોન અને 75 ટકા સહાયથી દોરડાં બનાવવાનાં મશીનો પૂરા પાડવામાં આવે છે. આ માટે તાલીમ વર્ગો પણ યોજવામાં આવે છે.

ખાદી આયોગના અહેવાલ પ્રમાણે 1988-89 માં રેસા ઉદ્યોગમાં રૂ. 52.15 કરોડનું ઉત્પાદન થયું હતું અને 2.48 લાખ વ્યક્તિઓને રોજી મળી હતી.

ભારતમાં આ ઉદ્યોગ મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, પંજાબ, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં વધુ વિકસ્યો છે.

અખિલ ભારત ખાદી ગ્રામોદ્યોગ આયોગના રિપોર્ટ મુજબ 2002-03 માં હાથકાગવી અને રેસા-ઉદ્યોગનું ભેગું ઉત્પાદન રૂ. 39,700નું થયું હતું. જ્યારે 3.48 લાખ માણસોને રોજગારી મળી હતી અને તેમને રૂ. 13,094 લાખ જેટલી આવક મળી હતી.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અહેવાલ પ્રમાણે રેસા-ઉદ્યોગમાં 2002-03 માં રૂ. 3.72 લાખનું ઉત્પાદન થયું હતું. જ્યારે એ જ વર્ષોમાં 30 હજાર માણસોને રોજગારી મળી હતી.

**વાંસ અને નેતર ઉદ્યોગ :**

જંગલનાં વસતા કોટવાળિયા જ્ઞાતિના તેમજ હરિજનો, વાદી અને આદિવાસીઓ દ્વારા ચાલતાં ઉદ્યોગમાં કારીગરો સહકારી મંડળી જેવી સંસ્થા પાસેથી રાહતદરે કાચામાલ તરીકે વાંસ ખરીદે છે. તેમાંથી ટોપલા, સાવરણા, સૂપડાં વગેરે બનાવીને વેપારીઓને અને છૂટક ગ્રાહકોને વેચે છે.

અખિલ ભારત ખાદી ગ્રામોદ્યોગ આયોગના અહેવાલ મુજબ 1988-89 ના વર્ષમાં રૂ. 40.69 કરોડનું ઉત્પાદન આ ઉદ્યોગમાં થયું હતું. તેમાં આશરે 1.42 લાખ માણસોને રોજી મળી હતી, જ્યારે ગુજરાતમાં તે વર્ષે રૂ. 14.06 લાખનું ઉત્પાદન થયું હતું અને 1329 માણસોને રોજી મળી હતી.

ભારતમાં મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં આ ઉદ્યોગ વિકસ્યો છે.

**સુથારી-લુહારી ઉદ્યોગ :**

આર્થિક રીતે નબળા અને અપૂરતાં સાધનો દ્વારા સ્વરોજગારી મેળવતા સુથાર-લુહારને આર્થિક મદદ કરી ધંધાના વિકાસ અર્થે સાધનો પૂરાં પાડી રોજગારીની નવી તકો ઊભી કરવા ખાદી કમિશન અને રાજ્ય બોર્ડો પ્રયત્ન કરે છે.

આ જોડિયા ઉદ્યોગ ખેતી જેટલાં જ જૂના અને એકબીજાનાં પૂરક છે. ખેતીનાં સાધનોમાં હળ, દંતાળી, ખરપડો વગેરેમાં લાકડાનું ઘડતર કામ સુથાર કરે છે અને તેમાં દાંતા-કોશ-રાંપ વગેરે ઘડી આપવામાં આવે છે.

1988-89 માં ખાદી ગ્રામોદ્યોગ આયોગના અહેવાલ પ્રમાણે આ ઉદ્યોગમાં ભારતમાં રૂ. 204.48 કરોડનું ઉત્પાદન થયું હતું અને 2.74 લાખ માણસોને રોજી મળી હતી. જ્યારે ગુજરાતમાં તે વર્ષે રૂ. 764 લાખનું ઉત્પાદન થયું હતું અને 1924 માણસોને રોજી મળી હતી.

**હાથ કાગળ :**

ભારત સરકારે હાથ બનાવટના કાગળને ખાદી-ગ્રામોદ્યોગ આયોગની દેખરેખ નીચે મૂક્યો છે. તે માટે નાણાંકીય સહાય, માર્ગદર્શન, તાલીમ અને સંશોધન વગેરે કાર્યક્રમો આયોગે વ્યવસ્થિત ગોઠવતાં તેનો વિકાસ થયો છે. આ કાગળનું ઉત્પાદન દેશની કાગળની કુલ જરૂરિયાતના આશરે છ-સાત ટકા જેટલું થવા જાય છે. કાગળની મિલના કામદાર દીઠ લગભગ રૂપિયા 75,000 થી 1,00,000 નું રોકાણ જરૂરી બને છે. જ્યારે હાથ કાગળમાં કામદાર દીઠ રૂ. 4,000 થી 5,000 નું રોકાણ જરૂરી છે. આ ઉપયોગ શ્રમ પ્રધાન હોવાથી તેને સરકાર કરવેરામાંથી રાહત આપે છે.

**હાથછડ ઉદ્યોગ :**

આ ઉદ્યોગમાં ડાંગરમાંથી ચોખા, મમરા, પૌંઆ તથા કઠોળમાંથી દાળ તૈયાર કરવાની પ્રક્રિયા ચાલે છે. તેમજ મસાલા, પાપડ, ચણા, દાળિયા, પોપકોર્ન તેમજ બેકરીની ચીજવસ્તુઓ ઉત્પન્ન કરવામાં આવે છે. આ ઉદ્યોગ ગ્રામલક્ષી હોવાથી પછાત ગામોમાં વસતા કારીગરો તથા બહેનોને રોજી મળી શકે છે અને સ્થાનિક લોકોને શુદ્ધ સાત્ત્વિક આહાર પૂરો પાડી શકે છે.

ભારતની કુલ ખેતીમાં લગભગ 37 ટકા ખેતી ડાંગરની છે અને 70 લોકો ખોરાકમાં ચોખાનો ઉપયોગ કરે છે. દેશનાં 30 ટકા લોકોનો તો ચોખા એ જ મુખ્ય ખોરાક છે. આ ઉદ્યોગથી બહેનોને વર્ષમાં સરેરાશ 150 દિવસ પૂરી કે આંશિક રોજી મળી શકે છે.

## 9.7 ભારતમાં ગૃહ ઉદ્યોગોના વિકાસ આડેના અવરોધો

ભારતીય અર્થકરણમાં ગૃહ ઉદ્યોગો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમ છતાં આ ઉદ્યોગો કેટલીક વિશિષ્ટ સમસ્યાઓનો સામનો કરે છે. આ સંદર્ભે ભારતમાં કુટીર ઉદ્યોગોના વિકાસ આડેના કેટલાક અવરોધો કે જે આ ઉદ્યોગોની પ્રગતિ પર અસર કરે છે. તે જોઈએ...

**ધિરાણ પ્રાપ્તિની સમસ્યા :**

ગૃહ ઉદ્યોગોને ટૂંકા અને લાંબાગાળાના ધિરાણની સતત જરૂરિયાત રહે છે. પરંતુ આ ઉદ્યોગોની મોહમાં મોટી સમસ્યા ધિરાણ પ્રાપ્તિની છે. ગૃહ ઉદ્યોગો કદમાં ખૂબ નાના હોવાથી વેપારી બેંકો ધિરાણ આપતાં ખચકાય છે. ગૃહ ઉદ્યોગો પાસે વ્યવસ્થિત અને ઓડિટ થયેલા હિસાબોનો અભાવ, અપૂરતી જામીનગીરી, ઓછી શાખનીતિ વગેરેને કારણે ધિરાણ મેળવવામાં ખૂબ મુશ્કેલી સહન કરવી પડે છે. ધિરાણ મેળવવાની લાંબી કાર્યવાહી તથા જરૂરી શરતોમાં પાલનની મુશ્કેલીને કારણે નાના એકમોને ધિરાણ મેળવવામાં મુશ્કેલી પડે છે.

**કાચોમાલ મેળવવાની મુશ્કેલી - ઊંચું ઉત્પાદન ખર્ચ ઉદ્યોગ માટે**

ભારતમાં કાચોમાલ મેળવવાની મુશ્કેલી છે. ગૃહ ઉદ્યોગોમાં નાણાંકીય સાધનો મર્યાદિત હોવાથી મોટા જથ્થામાં કાચોમાલ ખરીદીને સંઘરી રાખવાનું શક્ય હોતું નથી. જેને લીધે નાના ઉત્પાદકોને આર્થિક રીતે સહન કરવું પડે છે. પરિણામે ઉત્પાદન ખર્ચ પણ ઊંચું આવે છે.

**સખત હરિફાઈ / સ્પર્ધા :**

ગૃહ ઉદ્યોગો પાસે કોઈ વ્યવસ્થિત સંસ્થાકીય માળખું હોતું નથી. તથા તેમની પાસે પ્રચાર અને જાહેરાત માટે પુષ્કળ નાણાં ખર્ચવાની તાકાત હોતી નથી. અન્ય ઉદ્યોગોની સરખામણીએ ઉત્પાદનનું માર્કેટિંગ કરવા માટે સખત સ્પર્ધાનો સામનો કરવો પડે છે. ઘણીવાર સ્પર્ધામાં ટકી ન શકતા હોવાથી ગૃહઉદ્યોગો બંધ થઈ જાય છે.

**વેચાણ માટે બજારોનો અભાવ :**

ગૃહ ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત થયેલ પેદાશોના વ્યવસ્થિત નજારો હોતા નથી. જેથી પોતાની પેદાશો અનુકૂળ શરતોએ વેચવાની મુશ્કેલી પડે છે. નાના પાયા પર થતું ઉત્પાદન કે જેના વેચાણ માટે મધ્યસ્થીઓ પર આધાર રાખવો પડે છે. ઉત્પાદિત જથ્થાનું સમયસર વેચાણ થતું હોવાથી માલ સંગ્રહ કરવાનો ખર્ચ થાય છે. જેને પરિણામે ન પેદાશોના યોગ્ય ભાવ મળતાં નથી.

**જૂની યંત્ર સામગ્રી તથા પ્રણાલિકાગત ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ :**

ગૃહ ઉદ્યોગોમાં ઓછી મૂડીએ કામ થતું હોવાથી જૂની-પુરાણી યંત્ર સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. તેમજ અહીં પ્રણાલિકાગત જૂની-પુરાણી ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી આવા ઉદ્યોગો ઝડપી ઉત્પાદન કરવામાં અસફળ રહે છે.

**સંશોધન અને તાલીમનો અભાવ :**

ગૃહ ઉદ્યોગો વૈયક્તિક માલિકીના કે ભાગીદારી સ્વરૂપના હોય છે. આવા ઉદ્યોગોને સંશોધન અને તાલીમ ખર્ચ કરવું પોષાય તેમ નથી. તેમજ શ્રનિકો પણ અભણ કે અણઘડ હોય છે. જેઓએ કોઈ વિશેષ તાલીમ મેળવેલી હોતી નથી. ચીલાચાલુ પદ્ધતિએ ઉત્પાદન થતું હોવાથી ઉત્પાદન ખર્ચ વિશેષ આવે છે.

**ખામીયુક્ત સંચાલન :**

ગૃહ ઉદ્યોગો વૈયક્તિક માલિકીના હોય છે. તેમજ મૂડીની અછત પણ હોય છે. મોટા ઉદ્યોગોની સરખામણીમાં કંપની સ્વરૂપના સંગઠનના લાભ પણ મેળવી શકતા નથી. રૂઢિગત-જડ પ્રણાલીવાળું સંચાલન હોવાથી વિકાસ કરવાની શક્તિ ઓછી ધરાવે છે. આમ, ગૃહ ઉદ્યોગોનું સંગઠન અને સંચાલન ખામીયુક્ત હોય છે.

**અપૂરતી સગવડો :**

મોટા ઉદ્યોગોની સરખામણીમાં નાના ઉદ્યોગો જે પ્રકારની સ્થિતિમાં કામગીરી બજાવે છે. તેમાં સગવડોનો સદંતર અભાવ હોય છે. જરૂરી જગ્યાનો અભાવ, સંકડાશ, હવા-ઉજાસ, પાણી વગેરેની સવલતોનો અભાવ, અપૂરતી વાહન-વ્યવહારની સગવડતાનો અભાવ હોય છે. વગેરે કારણોસર ઉત્પાદકતા નીચી રહેવા પામે છે.

## 9.8 સારાંશ

ભારત જેવા ખેતી પ્રધાન દેશમાં કુટિર-ઉદ્યોગોનું આર્થિક સ્થાન ઘણું અગત્યનું છે. ઓછી મૂડી તથા અન્ય અલ્પ સાધનો દ્વારા તે ચાલે છે. મોટા ભાગે કુટુંબના જ સભ્યો દ્વારા તેમાં ઉત્પાદન થતું હોવાથી અન્ય ક્ષેત્રના એકમો કરતાં તેનું સરેરાશ ઉત્પાદન ખર્ચ ઓછું હોય છે. સાદાં અને સસ્તા ઓજારો દ્વારા પૂરક રોજગારી અને પૂરક આવકનું અગત્યનું સાધન તે પૂરું પાડે છે. તેમાં વપરાતા સાધનોની ખરીદી અને તૈયાર થતાં માલનું વેચાણ સ્થાનિક કે આજુ-બાજુના વિસ્તારમાં થતું હોવાથી તેની સંચાલન વ્યવસ્થામાં કોઈ આંટીઘૂંટી હોતી નથી. આ ઉપરાંત અહીં નિષ્ક્રિય અવસ્થામાં પડેલા ઉત્પાદનના સાધનોને ઉત્પાદન ક્ષેત્રે સક્રિય બનાવી તેનો ઈષ્ટ ઉપયોગ કરી શકાય છે. આવા ઉદ્યોગો શ્રમપ્રધાન હોવાથી ગ્રામીણ વિસ્તારના ઘણા લોકોને તે રોજગારી પૂરી પાડે છે. ઓછી તાલીમ કે તાલીમ વગરના અભણ લોકો પણ આ ઉદ્યોગો દ્વારા રોજગારી મેળવી શકે છે. ઈજારાની શક્યતાઓ પ્રમાણમાં ઓછી હોવાથી ગ્રાહકોનું શોષણ અટકાવી શકાય છે. ખેતીની ઋતુ સિવાયના સમયમાં પણ તે ખેતી સાથે સંકળાયેલા માનવશ્રમને રોજગારીની તક પૂરી પાડી શકે છે. જેને પરિણામે ખેતી પરનું ભારણ પણ અટકે છે. આવા ઉદ્યોગો દ્વારા ગ્રામીણ ગરીબી તથા બેકારીમાં ઘટાડો થવાથી રાષ્ટ્રીય ઉત્પાદન અને માથાદીઠ ઉત્પાદનમાં વધારો કરી શકાય છે.

કુટિર ઉદ્યોગોના આ લાભોને કારણે સ્વાધીનતા પછી અને ખાસ કરીને આર્થિક આયોજનના અત્યાર સુધીના ગાળા દરમિયાન તે ઉદ્યોગોના વિકાસ માટે રાજ્ય મારફત સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે અને તે દિશામાં આ ઉદ્યોગોને અનેક પ્રકારની રાહત અને છૂટછાટો આપવામાં આવી છે. કલાકૌશલ્ય ધરાવતી વસ્તુઓ તથા જે વસ્તુઓની માંગમાં વ્યક્તિગત પસંદગી સવિશેષ ભાગ ભજવે છે. તેના ઉત્પાદનમાં તથા સર્જનમાં કુટિર-ઉદ્યોગોનું સ્થાન અનન્ય છે.

## 9.9 ચાવીરૂપ શબ્દો

**ગ્રામોદ્યોગ :**

"ગ્રામીણ વિસ્તારમાં મુખ્યત્વે સ્થાનિક જરૂરિયાત સંતોષવા માટે ચાલતા ઉદ્યોગો એટલે ગ્રામોદ્યોગ".

**સંસાધન :**

"સંસાધન એટલે જે વસ્તુ પર માનવી આશ્રિત કે આધારિત હોય, જેનાથી માનવીની જરૂરિયાતો પૂરી થતી હોય અને માનવી પાસે તેનો ઉપયોગ કરવાની શારીરિક કે બૌદ્ધિક ક્ષમતા

હોય ટૂંકમાં કોઈપણ વસ્તુ માનવીની જરૂરિયાતો પૂરી કરવા ઉપયોગમાં લેવાય ત્યારે તે સંસાધન કહેવાય છે.''

**બેકારી :**

''વ્યક્તિ પાસે કામ કરવાની શક્તિ હોય અને કામ કરવાની ઈચ્છા હોય, પરંતુ તેને પ્રવર્તમાન વેતનના દર પ્રમાણે કામ ન મળતું હોય ત્યારે તે વ્યક્તિ બેકાર છે તેમ કહેવાય.''

**રોજગારી :**

''રોજગારી એ ભૌગોલિક વિસ્તાર અથવા કોઈ વ્યવસાય કે ઉદ્યોગના સંદર્ભમાં કામ કરનાર શ્રમદળની સંખ્યા અથવા ટકાવારીનો નિર્દેશ કહે છે, જેના પરથી બેકારીને અંદાજ કાઢવામાં આવે છે. કલ્યાણલક્ષી રાજ્યમાં રોજગારીનું વિસ્તરણ કરી બેકારીનું પ્રમાણ ઓછામાં ઓછું રાખવા અંગેની નીતિ સમગ્ર આર્થિક નીતિનો અગત્યનો ભાગ ગણવામાં આવે છે.''

## 9.10 તમારી પ્રગતિ ચકાસો

- **નીચેના પ્રશ્નોના વિસ્તૃતમાં જવાબ લખો : (લાંબા પ્રશ્નો)**

1. ગૃહ ઉદ્યોગો એટલે શું ? ભારત જેવા વિકસતા દેશમાં ગૃહ ઉદ્યોગો કઈ રીતે મહત્ત્વના છે તે વિસ્તૃતમાં સમજાવો.
2. ભારતમાં ગૃહ ઉદ્યોગોનો વિકાસ વર્ણવી તેમની સમસ્યાઓ ચર્ચો.
3. ગૃહ ઉદ્યોગોનો અર્થ સ્પષ્ટ કરી તેના લક્ષણો અને મહત્ત્વ સમજાવો.

- **ટૂંકા પ્રશ્નો :**

1. ગૃહ ઉદ્યોગોનો અર્થ સ્પષ્ટ કરી તેની વ્યાખ્યા લખો.
2. ભારતના ગૃહ ઉદ્યોગોનો પરિચય ટૂંકમાં આપો.
3. ગૃહ ઉદ્યોગોના લક્ષણો જણાવો.
4. ગૃહ ઉદ્યોગોના વિકાસમાં નડતી મુશ્કેલીઓ સમજાવો.
5. ગૃહ ઉદ્યોગોનું મહત્ત્વ સમજાવો.

- **ટૂંકનોંધ લખો :**

1. ભારતમાં ગૃહ ઉદ્યોગોનું મહત્ત્વ
2. ભારતમાં ગૃહ ઉદ્યોગોના લક્ષણો
3. ગૃહ ઉદ્યોગોની સમસ્યા

- **વૈકલ્પિક પ્રશ્નો :**

1. ''જે ઔદ્યોગિક એકમોમાં બધા જ શ્રમિકો કે મોટા ભાગના શ્રમિકો કુટુંબના જ સભ્યો હોય તેને ગૃહ ઉદ્યોગ ગણવો.'' - આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (અ) ફિસ્કલ કમિશન (બ) ફાઈનાન્સ કમિશન (ક) ભારત સરાક (ડ) એક પણ નહીં

2. નીચેનામાંથી કયા મુદ્દાનો ગૃહ ઉદ્યોગોના લક્ષણોમાં સમાવેશ થતો નથી ?

   (અ) શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ (બ) બજાર અભિગમ (ક) મોટા પાયે કામગીરી (ડ) સ્થાનિક સંસાધનોનો ઉપયોગ

3. નીચેનામાંથી સામાજિક ખર્ચમાં કોનો સમાવેશ કરી શકાય ?

   (અ) રરસ્તાઓ (બ) વીજળી (ક) વાહન-વ્યવહાર (ડ) ઉપરોક્ત તમામ

4. કયા ઉદ્યોગો ગૃહ ઉદ્યોગો તરીકે ગણાવી શકાય ?

   (અ) ગ્રામીણ ચર્મોદ્યોગ (બ) ગ્રામીણ કુંભારી કામ (ક) રેસા ઉદ્યોગ (ડ) તમામ

5. પોલિયેસ્ટર રેસા અને રૂના મિશ્રણથી હાથે ક્રાંતિને હાથે વણેલ કાપડને ........ કહે છે.

   (અ) પોલિ વસ્ત્ર (બ) સુતરાઉ કાપડ (ક) ઊની વસ્ત્ર (ડ) ખાદી

6. દોરી, દોરડા, સુતરી, આસન, શેતરંજી વગેરે કયા ઉદ્યોગમાં બનાવાય છે.

   (અ) ચર્મોદ્યોગ (બ) રેસા ઉદ્યોગ (ક) વાંસ અને નેતર ઉદ્યોગ (ડ) સુથારી ઉદ્યોગ

7. કુટીર ઉદ્યોગોમાં કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ થાય છે ?

   (અ) શ્રમ પ્રધાન (બ) મૂડી પ્રધાન (ક) અંશતઃ શ્રમ પ્રધાન (ડ) ઉપરના તમામ

8. કુટીર ઉદ્યોગોમાં કુલ મૂડી રોકાણની મર્યાદા લગભગ ........ જેટલી રહે છે.

   (અ) 1 કરોડ (બ) 3 કરોડ (ક) 5 કરોડ (ડ) 20 કરોડ

9. નીચેનામાંથી કયા ઉદ્યોગો પૂરક રોજગારી સર્જે છે ?

   (અ) ગૃહ ઉદ્યોગો (બ) નાના ઉદ્યોગો (ક) ગૃહ અને નાના ઉદ્યોગો (ડ) મોટા ઉદ્યોગો

10. ડાંગરમાંથી ચોખા, મમરા, પૌંઆ તથા કઠોળમાંથી દાળ તૈયાર કરવાની પ્રક્રિયા કયા ઉદ્યોગોમાં કરાય છે ?

   (અ) હાથછડ ઉદ્યોગ (બ) રેસા ઉદ્યોગ (ક) સુથારી ઉદ્યોગ (ડ) વાંસ ઉદ્યોગ

## • સંદર્ભ સૂચિ


1. "સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો", વિકાસને સમર્પિત માસિક, 'યોજના', નવેમ્બર-2017.
2. ijmra.us/project%20doc/2017/ijrss-december-2017.
3. https://gujarativishwakosh.org
4. https://www.zigya.com
5. https://myvedant.com
6. bjvm.ac.in/doc/kr/kps/bcom/sem6/2022
7. એકવીસમી સદીમાં ભારતમાં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ, KCG, Journal of Social Science Issue-21, April-May-2016.
8. https://www.iifl.com/gu/blogs/business-loan/small-scale-industries-in-india.
9. https://gu.wikisource-org.
10. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ક્રિએટીવ, પ્રકાશન, અદ્યતન આવૃત્તિ.
11. ઔદ્યોગિક કલ્યાણની પ્રવેશિકા, શાંતિ લાલ મ. દેસાઈ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-9.
12. ઔદ્યોગિક સંગઠન અને જાહેર નીતિના સિદ્ધાંતો, પ્રા.જો.એસ.બેઈન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય.

13. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સૂરત, પ્રથમ આવૃત્તિ :2009-10.

14. Industrial Economics, M.A. Part-I, Bharat Prakashan.

15. ભારતના ઉદ્યોગીકરણ માટેનું આયોજન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6, પ્રથમ આવૃત્તિ - 1974.

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(1) અ (2) ક (3) ડ (4) ડ (5) અ (6) બ (7) અ (8) ક (9) ક (10) અ

# એકમ 10 ઉદ્યોગો સંબંધી આધુનિક ખ્યાલો

-: રૂપરેખા :-


**10.0 ઉદ્દેશો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 સ્ટાર્ટઅપ**

**10.3 યુનિકોર્ન**

**10.4 મેક ઈન ઈન્ડિયા**

**10.5 ઈઝી ઓફ ડુઈંગ બિઝનેસ**

**10.6 બહુરાષ્ટ્રીય કંપનીઓ**

**10.7 વિનિવેશીકરણ**

**10.8 સારાંશ**

**10.9 ચાવીરૂપ શબ્દો**

**10.10તમારી પ્રગતિ ચકાસો**

- **સંદર્ભ સૂચિ**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**


## 10.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) સ્ટાર્ટઅપ કોને કહેંવાય છે, સ્ટાર્ટઅપ કયા પ્રકારના હોય છે, સ્ટાર્ટઅપના પડકારો કયા હોય છે વગેરે બાબતો જાણી શકશો.

(2) યુનિકોર્ન કોને કહેવાય છે ? વિશ્વના અને ભારતના મુખ્ય યુનિકોર્ન કયા કયા છે તે જાણી શકશો.

(3) મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ શું છે, તેમાં કઈ જોગવાઈઓ છે, તેની શું અસર થઈ છે તે જાણી શકશો.

(4) ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ કોને કહેવાય છે, ભાર તમાં ઈઝી ઓફ ઈંગ બિઝનેસની શું પરિસ્થિતિ છે તે જાણી શકશો.

(5) બહુરાષ્ટ્રીય કંપની એટલે શું અને બહુરાષ્ટ્રીય કંપનીઓ કઈ કઈ છે અને ભારતમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ કઈ કઈ છે, બહુરાષ્ટ્રીય કંપનીઓના લાભ-ગેરલાભ કયા છે તે જાણી ચર્ચા કરી શકશો.

(6) વિનિવેશીકરણ કોને કહેવાય છે, ભારતમાં વિનિવેશીકરણ વિશે જાણી શકશો.

## 10.1 પ્રસ્તાવના

વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ કરનાર એકમને પેઢી તરીકે ઓળખવામાં આવે છે. આ પેઢી વિવિધ પ્રકારની હોય છે. જેમ કે વ્યક્તિગત પેઢી, ભાગીદારી પેઢી, સહકારી પેઢી, કોર્પોરેટ પેઢી વગેરે. આ પ્રકરણમાં આપણે પેઢી સંબંધિત વિવિધ ખ્યાલો જેમ કે સ્ટાર્ટઅપ, યુનિકોર્ન, ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ, બહરાષ્ટ્રીય કંપની અને વિનિવેશીકરણ જેવા મુદ્દાઓની સમજૂતી મેળવીશું.

## 10.2 સ્ટાર્ટઅપ

સ્ટાર્ટઅપનો ખ્યાલ "પેઢી" સાથે સંબંધિત છે. એટલે કે સ્ટાર્ટઅપ એ કોઈ પેઢી હોય છે. સ્ટાર્ટઅપ એટલે એવી પેઢી જેને શરૂ થયાને વધુ સમય થયો નથી. આમ કોઈ પેઢીની સ્થાપના શરૂઆતના સમયમાં તે સ્ટાર્ટઅપ શબ્દ વપરાય છે, પરંતુ દરેક નવી પેઢી માટે સ્ટાર્ટઅપ શબ્દનો ઉપયોગ કરી શકાય નહીં. સ્ટાર્ટઅપ પેઢી નવા વિચાર સાથે શરૂ થઈ હોય છે, જેમ કે નવી વસ્તુ અથવા જૂની વસ્તુમાં ફેરફાર, ઉત્પાદન અથવા વેચાણમાં નવીનતા વગેરે. સ્ટાર્ટ અપ પેઢીમાં નવીનતાનો ગુણ હોવો જરૂરી છે. આથી જ્યારે આપણે કોઈ પેઢી માટે સ્ટાર્ટઅપ શબ્દ સાંભળીએ તો આપણે સમજી જવું કે આ પેઢી કોઈ નવા વિચાર સાથે શરૂ થઈ છે. જે પેઢીની સ્થાપના થયાને ઘણો લાંબો સમય થઈ ગયો હોય તેવી પેઢી માટે સ્ટાર્ટઅપ શબ્દ ઉપયોગ કરી શકાય નહીં. જોકે એ પેઢી પોતાના શરૂઆતના સમયમાં સ્ટાર્ટઅપ હતી એવું કહી શકાય.

### 10.2.1: સ્ટાર્ટઅપની વ્યાખ્યાઃ

સામાન્ય શબ્દોમાં કહીએ તો સ્ટાર્ટઅપ એટેલે એવી નવી પેઢી કે જે નવી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ કરે છે, અથવા જૂની વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ નવી રીતે કરે છે, ઉત્પાદન અથવા વેચાણમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

ઓક્સફર્ડ એડવાન્સ લર્નર્સ ડિક્શનરીમાં જણાવ્યા અનુસાર સ્ટાર્ટઅપ એટલે એવી નવી કંપની જેણે હમણા નવીનતા સાથે કામ કરવાનું શરુ કર્યું છે.

ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રાલય ભારત સરકાર દ્વારા સ્ટાર્ટઅપની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે.

કોઈ એકમને સ્ટાર્ટઅપ ત્યારે ગણવામાં આવશે જ્યારે તે એકમ નીચે આપેલી શરતોનું પાલન કરતો હોય.

- રજિસ્ટ્રેશનની તારીખ થી 10 વર્ષ સુધી પ્રાઈવેટ લિમિટેડ કંપની તરીકે (કંપની અધિનિયમ 2013 મુજબ) સામેલ હોય અથવા ભાગીદારી પેઢી તરીકે નોંધાયેલી હોય (પાર્ટનરશિપ એક્ટ 1932ની કલમ 59 હેઠળ નોંધાયેલ હોય) અથવા મર્યાદિત જવાબદારી ભાગીદારી (મર્યાદિત જવાબદારી ભાગીદારી અધિનિયમ 2008 હેઠળ) નોંધાયેલી હોવી જોઇએ.
- એકમની નોંધણી, પછીના કોઈ પણ વર્ષમાં ટર્નઓવર 100 કરોડ રૂપિયાથી વધુ ના હોય.
- એકમ ઉત્પાદન અથવા પ્રક્રિયા અથવા સેવાઓના નવપ્રવર્તન, વિકાસ અથવા સુધારણા માટે કામ કરી રહી હોય અથવા તે એકમ રોજગારી સર્જન અથવા સંપત્તિ સર્જનની ઉચ્ચ સંભાવના ધરાવતો હોય.

- જો કોઈ પેઢીનું વિભાજન થયું હોય અથવા પુનઃનિર્માણ દ્વારા પેઢી તૈયાર થઈ હોય અને ઉપર મુજબના લક્ષણો ધરાવતી હોય તો પણ તે પેઢીને સ્ટાર્ટઅપ ગણવામાં આવશે નહીં.

**10.2.2: સ્ટાર્ટ્પના લક્ષણોઃ**

સ્ટાર્ટઅપ પેઢી નીચે મુજબના લક્ષણો ધરાવતી હોય છેઃ

(1) સ્ટાર્ટઅપ પેઢી એ નવી વસ્તુનું ઉત્પાદન અથવા વેચાણ કરે છે.

(2) સ્ટાર્ટઅપ પેઢી એજૂની વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ નવી રીતે કરે છે.

(3) સ્ટાર્ટઅપ પેઢી નવા વિચારને અમલમાં મૂકે છે.

(4) સ્ટાર્ટઅપ પેઢી એ ઉત્પાદન અથવા વેચાણમાં નવી રીત, નવી પદ્ધતિ અથવા નવી ટેક્નોલોજી ઉપયોગમાં લે છે.

**10.2.3: સ્ટાર્ટઅપના ઉદાહરણઃ**

નીચે આપેલી કંપનીઓ હાલમાં સ્ટાર્ટઅપ તરીકે કાર્યરત્ છે અથવા સ્ટાર્ટઅપ તરીકે શરૂ થઈ હતી અને વર્તમાન સમયમાં પોતાના ક્ષેત્રમાં મોટું નામ ધરાવતી કંપનીઓ બની ગઈ છે. વિશ્વમાં અને ભારતમાં નામાંકિત કેટલાક સ્ટાર્ટઅપ નીચે મુજબ છે.

Airbnb, Uber, SpaceX, Stripe, Ola Cabs, Swiggy, Paytm, Nykaa, Byju's, Cred, Dream11, Delhivery, Meeshu, Groww, Zomato, boAt, Flipkart, OYO rooms, Unacadamy.

**10.2.4: સ્ટાર્ટઅપના પ્રકારઃ**

સ્ટાર્ટઅપ કઈ રીતે શરૂ થયો છે ? શા માટે શરૂ થયો છે ? તેનો મુખ્ય ધ્યેય શું છે ? વગેરેના આધારે સ્ટાર્ટઅપના વિવિધ પ્રકારો નીચે મુજબ છેઃ

(1) જીવનશૈલી સ્ટાર્ટઅપ્સઃ આ પ્રકારના સ્ટાર્ટઅપમાં વ્યક્તિ પોતાની આવડત, કૌશલ્ય અથવા શોખને વ્યવસાયનું સ્વરૂપ આપે છે. જેમ કે કોઈ વ્યક્તિને પ્રવાસ કરવાનો શોખ હોય અને તેમાં જે સમસ્યાઓ/અગવડ આવતી હોય તેના ઉપાય માટે શું થઈ શકે તે અંગેના ઉપાયો માટે સ્ટાટ અપ શરૂ કરે તો તેને જીવનશૈલી સ્ટાર્ટ અપ કહી શકાય. જેમ કે હોટલ બુકિંગ. આ પ્રકારના સ્ટાર્ટઅપ્સમાં મુખ્ય હેતુ નફો કમાવવાનો હોતો નથી, પરંતુ પોતાના શોખ, આવડત અથવા કૌશલ્યનો લાભ લોકો સુધી પહોંચાડવાનો હોય છે.

(2) સ્કેલેબલ સ્ટાર્ટઅપ્સઃ આ પ્રકારના સ્ટાર્ટઅપ્સ એ નવીન વિચાર સાથે શરૂ થાય છે. આ પેઢીઓ અન્ય પેઢીઓ સાથે સ્પર્ધા કરીને ઊંચી વૃદ્ધિ અને ઊંચા નફાની શોધ કરે છે. આ પેઢીઓ નવા ઉપાયો દર્શાવે છે. આ પેઢીઓને વધુ મૂડીરોકાણની જરૂર હોય છે. આ પ્રકારના સ્ટાર્ટઅપ્સમાં ઉબેર, ફેસબુક અને ગુગલનો થાય છે. મોટાભાગે યુનિકોર્ન સ્ટાર્ટઅપ્સ એ સ્કેલેબલ સ્ટાર્ટઅપ્સ હોય છે.

(3) નાના વ્યવસાય સ્ટાર્ટઅપ્સઃ નાના વ્યવસાય સ્ટાર્ટઅપ્સમાં લોકો પોતાના માટે કામ કરે છે. આ સ્ટાર્ટઅપ્સનો મુખ્ય હેતુનફો મેળવવાનો હોય છે, તેઓ આસસ્ટાર્ટઅપ્સના કદમાં વધારો કરવાની ઈચ્છા ધરાવતા હોતા નથી. નાના વ્યવસાય સ્ટાર્ટઅપ્સ સરળ હોય છે. નાના વ્યવસાય સ્ટાર્ટઅપ્સ માલિકની આવકનો મુખ્ય સ્ત્રોત હોય છે.

(4) ખરીદવા યોગ્ય સ્ટાર્ટઅપ્સઃ આ પ્રકારના સ્ટાર્ટઅપનો મુખ્ય ધ્યેય મોટી કંપનીઓ આ સ્ટાર્ટઅપને ખરીદે તે માટે આકર્ષિત કરવાનો હોય છે. એટલે કે આ પ્રકારના સ્ટાર્ટઅપ શરૂ થયા પછી મોટી કંપનીઓને વેચી દેવામાં આવે છે. ખાસ કરીને મોબાઈલ ફોન એપ્લિકેશન, વેબસાઈટ વગેરે ક્ષેત્રોમાં જોવા મળે છે.

(5) સામાજિક સ્ટાર્ટઅપ્સઃ સામાજિક સ્ટાર્ટઅપ એ એવા પ્રકારના સ્ટાર્ટઅપ હોય છે કે જેઓ વિશ્વમાં પર્યાવરણ, સામાજિક સમાનતા વગેરે માટે કાર્ય કરતા હોય છે. આ પ્રકારના સ્ટાર્ટઅપનો મુખ્ય ધ્યેય નફા પ્રાપ્તિનો નહીં પરંતુ સામાજિક કલ્યાણનો હોય છે.

### 10.2.5: સ્ટાર્ટઅપ પેઢીના પડકારોઃ

સ્ટાર્ટઅપ તરીકે શરૂ થયેલી કંપનીઓમાંથી અમુક કંપની સ્ટાર્ટઅપના સમય ગાળા દરમિયાન અને ત્યાર પછી પણ બજારમાં ટકી રહે છે. વિકાસ પામે છે અને વૃદ્ધિ પામે છે. જયારે સ્ટાર્ટઅપ તરીકે શરૂ થયેલી અન્ય કેટલીક કંપની શરૂઆતના સમયમાં જ અથવા તો સ્ટાર્ટઅપના સમય દરમિયાન. બંધ થઈ જાય છે, ખોટ કરતી થઈ જાય છે અથવા અન્ય કંપનીઓ તેમને ખરીધી છે.

સ્ટાર્ટઅપ પેઢીને નીચેઃ મુજબના પડકારોનો સામનો કરવો પડે છેઃ

- નાણાકીય પડકાર
- માનવસંસાધન પડકાર
- બજારના કદનો પડકાર
- કાયદાકીય પડકારો

### 10.2.6: સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલઃ

સ્ટાર્ટઅપ ઈન્ડિયા એ ભારત સરકારની મુખ્ય પહેલ છે. ભારતમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ 16 જાન્યુઆરી 2016ના રોજ શરૂ કરવામાં આવી હતી. સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ અંતર્ગત રોજગારની તકોનું સર્જન થાય, ઉદ્યોગસાહસિકોને સહાયક થવા અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ(નિવસનતંત્ર)ને પ્રોત્સાહન આપવા માટે અનેક કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલનું સંચાલન સ્ટાર્ટઅપ ઈન્ડિયા ટીમ દ્વારા કરવામાં આવે છે, જે DPIIT (ડિપાર્ટમેન્ટ ફૉર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ટરનલ ટ્રેડ)ને રિપોર્ટ કરે છે.

## 10.3 યુનિકોર્ન (Unicorn) :

સ્ટાર્ટઅપના વિવિધ પ્રકારોમાંથી એક પ્રકાર યુનિકોર્ન છે, એટલે કે યુનિકોન એ સ્ટાર્ટઅપ પેઢી જ હોય છે. યુનિકોર્ન સ્ટાર્ટઅપની ઓળખ કરવા માટે પેઢીના મૂલ્યને ધ્યાનમાં લેવામાં આવે છે.

### 10.3.1: યુનિકોર્ન સ્ટાર્ટઅપની વ્યાખ્યાઃ

યુનિકોર્ન સ્ટાર્ટઅપ એટલે એવી ખાનગી સ્ટાર્ટઅપ પેઢી હોય છે કે જેનું મૂલ્ય એક બિલિયન અમેરિકન ડોલર અથવા તેથી વધુ હોય અને 10 વર્ષ કરતા ઓછા સમયથી કાર્યરત હોય છે પરંતુ જાહેર રીતે સૂચિબદ્ધ (Publicty Listed) થયેલી હોતી નથી.

### 10.3.2: યુનિકોર્ન સ્ટાર્ટઅપની સમજુતીઃ

યુનિકોન સ્ટાર્ટઅપ શબ્દનો સૌપ્રથમ પ્રયોગ વર્ષ 2013માં કાઉબોય વેન્ચર્સની સંસ્થાપક

એલેન લી દ્વારા કરવામાં આવ્યો હતો. એલીએ ‘Welcome to the Unicorn Club : Learning from Billion-Dollar Startups’ નામના પોતાના લેખમાં કર્યો હતો. એલન લી ના મતે 1990માં 100 બિલિયન ડોલર કરતા વધુ મૂલ્ય સાથે Alphabet (ગૂગલની પેરેન્ટ કંપની) પ્રથમ યુનિકોર્ન બની હતી. વર્ષ 2000ના દાયકામાં બીજી ઘણી કંપનીઓનો યુનિકોર્ન તરીકે ઉદ્ભવ થયો, જેમાંથી મેટા (Meta) કે જે અગાઉ ફેસબુકના નામથી ઓળખાતી હતી તે કંપની વર્ષ 2000ના પ્રથમ દાયકાની એકમાત્ર સુપર યુનિકોર્ન કંપની બની હતી.

**10.3.3.: યુનિકોર્ન સ્ટાર્ટઅપના લક્ષણોઃ**

જે સ્ટાર્ટઅપ પેઢી 1 બિલિયન ડોલર અથવા તેથી વધુ મૂલ્ય ધરાવતી હોય છે તેવા યુનિકોર્ન સામાન્ય રીતે નીચે મુજબના લક્ષણો ધરાવે છેઃ

- પ્રથમ નવપ્રવર્તન હાથ ધરે છે.
- અભૂતપૂર્વ નવપ્રવર્તન હાથ ધરે છે.
- ઉચ્ચ અને અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.
- મોટાભાગે ગ્રાહકલક્ષી(ગ્રાહકને ઉપયોગી થાય) એવી વસ્તુ અથવા સેવાના ઉત્પાદન અથવા વેચાણની પ્રવૃત્તિ કરે છે.
- મોટાભાગે ખાનગી વ્યક્તિગત પેઢી હોય છે, જોકે ક્યારેક ભાગીદારી પેઢી હોય છે.
- પ્રવર્તમાન સમસ્યાના સરળ ઉકેલ પર ધ્યાન આપે છે.
- આ પેઢી પાસે ગ્રાહકલક્ષી(ગ્રાહકને ઉપયોગી થાય) એવી વસ્તુ અથવા સેવાના ઉત્પાદન અથવા વેચાણ માટે પરીક્ષકો અને ગ્રાહકો પૂરતા પ્રમાણમાં હોય છે.
- આ પેઢીનું મૂલ્ય 1 બિલિયન ડોલર અથવા તેથી વધુ હોય છે.

**10.3.4: વિશ્વના અને ભારતના ખ્યાતનામ યુનિકોર્નઃ**

વિશ્વના ખ્યાતનામ યુનિકોર્ન નીચે મુજબ છે;

Alphabet, Meta (Formally Facebook), Starship Technologies, Einride, Rimac Automobili, Adyen, Spacex, ByteDance, Stripe etc.

ભારતના ખ્યાતનામ યુનિકોર્ન નીચે મુજબ છે;

Flipkart, Meesho, Paytm, BharatPay, Razorpay, CRED, Zeta, PharmEasy, Urban Company, Mindtickle, Oneg7, Byju’s, Oyo, Ola Cabs, Swiggy, Zomato, Udaan, Inmobi etc.

**10.3.5: વર્ષ 2024 સુધીમાં વિશ્વમાં યુનિકોર્નઃ**

Hurun Global Unicorn Index-2024 અનુસાર અમેરિકા 703 યુનિકોર્ન સાથે સમગ્ર વિશ્વમાં પ્રથમ નંબર ધરાવે છે, ત્યાર પછી 340 યુનિકોર્ન સાથે ચીન બીજા નંબર પર છે અને વર્ષ 2024 સુધી ભારતમાં 67 યુનિકોન સ્ટાર્ટઅપ કંપનીઓ છે.

**10.3.6: યુનિકોન સ્ટાર્ટઅપના લાભોઃ**

જે સ્ટાર્ટઅપ પેઢી યુનિકોર્ન બને છે તે પેઢીને નીચે મુજબના લાભો મળે છેઃ

- સ્ટાર્ટઅપ કંપનીની બજાર પ્રતિષ્ઠામાં વધારો થાય છે.

- યુનિકોર્ન કંપનીને સરળતાથી વધુ પ્રમાણમાં મળી રહે છે.
- યુનિકોર્ન કંપનીને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા માનવસંસાધન (કર્મચારીઓ) મળી રહે છે.

10.3.7: યુનિકોન સ્ટાર્ટઅપના પ્રકારોઃ

સ્ટાર્ટઅપ કંપનીના મૂલ્યના આધારે વિવિધ પ્રકારો નીચે મુજબ દર્શાવી શકાય છેઃ

() યુનિકોર્ન (Unicorn) સ્ટાર્ટઅપઃ યુનિકોર્ન સ્ટાર્ટઅપ એટલે એવી ખાનગી સ્ટાર્ટઅપ પેઢી હોય છે કે જેનું મૂલ્ય એક બિલિયન અમેરિકન ડોલર અથવા તેથી વધુ હોય અને 10 વર્ષ કરતા ઓછા સમયથી કાર્યરત હોય છે પરંતુ જાહેર રીતે સૂચિબદ્ધ (Publicly Listed) થયેલી હોતી નથી. યુનિકોર્ન શબ્દ 'Uni' પરથી આવ્યો છે, જેનો અર્થ ''એક' થાય છે.

(8) ડેકાકોર્ન (Decacorn) : ડેકાકોર્ન એટલે એવી ખાનગી સ્ટાર્ટઅપ કંપની કે જેનું મૂલ્ય 10 બિલિયન ડોલર અથવા તેથી વધુ હોય છે. ડેકાકોર્ન શબ્દ 'Deca' પરથી આવ્યો છે જેનો અર્થ ''દસ' થાય છે. ડેકાકોર્ન સ્ટાર્ટઅપ કંપનીને ''સુપર યુનિકોર્ન' પણ કહેવામાં આવે છે. Dropbox, SpaceX, Wework, Byju's વગેરે ડેકાકોર્ન અથવા સુપર યુનિકોર્ન સ્ટાર્ટઅપ કંપનીઓ છે.

(0) સેન્ટીકોર્ન/હેક્ટોકોર્નઃ સેન્ટીકોર્ન અથવા હેક્ટોકોર્ન એટલે એવી ખાનગી સ્ટાર્ટઅપ કંપની કે જેનું મૂલ્ય 100 બિલિયન ડોલર અથવા તેથી વધુ હોય છે. સેન્ટીકોર્ન શબ્દ 'Centi' પરથી આવ્યો છે જેનો અર્થ ''સો' થાય છે. Meta (Formally Facebook) એ સેન્ટીકોર્ન અથવા હેક્ટોકોર્ન કંપની છે.

(D) Soonicorn: Soonicorn એટલે એવી ખાનગી સ્ટાર્ટઅપ કંપની કે જે ઝડપથી વિકાસ પામી રહી હોય અને તેમાં નજીકના ભવિષ્યમાં 1 બિલિયન ડોલર એટલે કે યુનિકોર્ન બનવાની ક્ષમતા રહેલી હોય છે.

(8) મિનિકોર્ન (Minicorn) : મિનિકોર્ન એટલે એવી ખાનગી સ્ટાર્ટઅપ કંપની કે જેનું મૂલ્ય 10 મિલિયન ડોલર અથવા તેથી વધુ હોય છે.

## 10.4 મેક ઈન ઈન્ડિયા

કોઈપણ દેશના અર્થતંત્રમાં ખેતીક્ષેત્ર, ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવાક્ષેત્ર હોય છે. વિકસિત દેશોના આર્થિક વિકાસના અનુભવ પરથી એવું કહી શકાય છે કે કોઈ દેશના આર્થિક વિકાસમાં ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો ખૂબ જ મહત્ત્વનો હોય છે. ઔદ્યોગિક ક્ષેત્રને મૅન્યુફૅક્ચરિંગ ક્ષેત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતની વાત કરીએ તો ભારતીય અર્થતંત્રમાં કુલ જીડીપીમાં સૌથી વધુ હિસ્સો સેવા ક્ષેત્રનો છે. સેવા ક્ષેત્રની સાથે સાથે ભારતે ઔદ્યોગિક ક્ષેત્રને પણ મજબૂત બનાવવાની જરૂર છે. સરકાર દ્વારા અર્થતંત્રના ત્રણેય ક્ષેત્રો- ખેતીક્ષેત્ર, ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવા ક્ષેત્રના વિકાસ માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મુકવામાં આવતા હોય છે. આવા વિકાસલક્ષી કાર્યક્રમમોમાંથી ઔદ્યોગિકક્ષેત્ર/મેન્યુફેક્ચરિંગક્ષેત્રના વિકાસ માટેનો એક કાર્યક્રમ ''મેક ઈન ઈન્ડિયા'' છે.

### 10.4.1: મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમઃ

મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ એ ભારત સરકારનો રાષ્ટ્રીય કાર્યક્રમ છે જેની શરૂઆત 25 સપ્ટેમ્બર 2014 થી કરવામાં આવી છે. મેક ઇન ઇન્ડિયાનો મુખ્ય હેતુ ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર એટલે કે ઔદ્યોગિક ક્ષેત્રને મજબૂત બનાવવાનો અને વિદેશી મૂડીરોકાણને આકર્ષિત કરવાનો છે. મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમમાં 25 ઉદ્યોગો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેમાં

ઓટોમોટિવ, ઓટોમોટિવ કમ્પોનેન્ટ, એરોસ્પેસ, બાયોટેક્નોલોજી, કેમિકલ્સ, કન્સ્ટ્રક્શન, ડિફેન્સ મૅન્યુફૅક્ચરિંગ, ઇલેક્ટ્રિકલ મશિનરી, ઇલેક્ટ્રોનિક સિસ્ટમ, ફૂડ પ્રોસેસિંગ, આઇટી, લેધર, મિડીયા એન્ડ એન્ટરટેઇનમેન્ટ, માઇનિંગ, ઓયલ એન્ડ ગેસ, ફાર્માસ્યૂટિકલ, પોર્ટ્સ એન્ડ શિપિંગ, રેલ્વે, રિન્યૂએબલ એનર્જી, રોડ અને હાઇવે, સ્પેસ, ટેક્સટાઇલ, થર્મલ એનર્જી, ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી વગેરેનો સમાવેશ થાય છે.

**10.4.2: મેક ઈન ઈન્ડિયાનો લૉગોઃ**

મેક ઇન ઈન્ડિયાનો લૉગો એક સિંહ છે, જે મેન્યુફેક્ચરિંગક્ષેત્ર, રાષ્ટ્રના ગૌરવ અને શક્તિનો પ્રતિક છે.

**10.4.3.: મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમના મુખ્ય હેતુઓઃ**

મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમના મુખ્ય હેતુઓ નીચે મુજબ છેઃ

- મૅન્યુફૅક્ચરિંગ ક્ષેત્રમાં વાર્ષિક 12 થી14 ટકા વૃદ્ધિ દર પ્રાપ્ત કરવું.
- મૅન્યુફૅક્ચરિંગ ક્ષેત્રમાં વર્ષ 2022 સુધી 100 મિલ્યન (10 કરોડ) રોજગારીની તકોનું સર્જન કરવું.
- વર્ષ 2022 સુધીમાં મેન્યુફેકચરિંગક્ષેત્રનો જીડીપીમાં 25 ટકા સુધી હિસ્સો કરવો.

**10.4.4: મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમનું મહત્ત્વઃ**

મેક ઇન ઇન્ડિયા 'કાર્યક્રમ દ્વારા ભારતીય અર્થતંત્રને ઉત્પાદન, રોજગારી, ટેક્નોલોજી, નિકાસ, વિદેશી મૂડીરોકાણ વગેરેના સંદર્ભમાં લાભ મળવાની શક્યતા છે. મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ દ્વારા ભારત વિશ્વમાં ''મૅન્યુફૅક્ચરિંગ હબ' બની શકે છે. મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ દ્વારા ભારત આત્મનિર્ભર બની શકે છે.

**10.4.5: મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ સામેના અવરોધો/પડકારોઃ**

ભારતમાં મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમના હેતુઓ સિદ્ધ કરવામાં કેટલાક પરીબળો અવરોધો બની શકે છે. ભારતમાં મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ સામેના અવરોધોમાં તાલીમ પામેલા શ્રમિકોનું ઓછું પ્રમાણ. રસ્તા વીજળી જેવી માળખાકીય સુવિધાઓની નીચે ગુણવત્તા કુદરતી સંપત્તિ જેમ કે જમીન, પાણી, ખનિજ વગેરેને ઉદ્યોગ દ્વારા થતું નુકસાન વિવિધ પ્રકારનું પ્રદૂષણ રાજકીય દખલગીરી વગેરે પરિબળોનો સમાવેશ થાય છે, જેના લીધે ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્ર/મૅન્યુફૅક્ચરિંગ ક્ષેત્રને મજબૂત બનાવવા માટેનો મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ કમજોર બની જાય છે.

## 10.5 ઈઝી ઓફ ડુઈંગ બિઝનેસ

ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસનો ખ્યાલ કોઈપણ દેશમાં વ્યવસાય સંબંધિત વાતાવરણ કેવા પ્રકારનું છે તે દર્શાવે છે. એટલે કે ઈઝી ઓફ ડૂઇંગ બિઝનેસનો ખ્યાલ આપણને એ'બાબતની સમજુતી આપે છે કે કોઈ દેશમાં વ્યવસાય શરૂ કરવા, વ્યવસાય શરૂ કર્યા પછી વ્યવસાય ચાલુ રાખવા માટે કાયદાકીય પરિબળ, વિવિધ પરવાનગીઓ, કરવેરાની પરિસ્થિતિ, આયાત-નિકાસ નીતિ, નાણાકીય પરિબળ, રાજકીય પરિબળ, સંસ્થાકીય પરિબળ વગેરે સરળ અને અસરકારક છે કે નહીં તે બાબતની સમજુતી આપે છે.

10.5.1: ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ ઈન્ડેક્સ:

વિશ્વ બેંક દ્વારા વિશ્વના વિવિધ દેશોમાં વ્યવસાય શરૂ કરવા અને વ્યવસાય ચાલુ રાખવા માટેની પરિસ્થિતિ સાનુકૂળ છે કે પ્રતિકૂળ છે તેને વિવિધ માપદંડ દ્વારા માપવામાં આવે છે અને એક આંક દ્વારા દર્શાવવામાં આવે છે, જેને ''ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ ઈન્ડેક્સ' કહેવામાં આવે છે. આમ ઈઝી ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સ વિશ્વ બેંક દ્વારા વિશ્વના 190 દેશોના સંદર્ભમાં પ્રકાશિત કરવામાં આવે છે. આ આંકમાં વિવિધ નિર્દેશકોના આધારે કોઈ દેશમાં વ્યાપાર કરવામાં રહેલી સરળતા અથવા મુશ્કેલીને દર્શાવવામાં આવે છે. આ આંકનું મૂલ્ય 0 થી 100 સુધીનું હોય છે. ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ ઈન્ડેક્સ શૂન્ય મૂલ્ય કોઈ દેશમાં વેપાર કરવાની સૌથી ખરાબ પરિસ્થિતિ દર્શાવે છે અને ઈઝી ઓફ ડુઈંગ બિઝનેસ આંકનો 100 મૂલ્ય કોઈ દેશમાં વ્યાપાર કરવાની સૌથી સારી પરિસ્થિતિ દર્શાવે છે. કોઈ દેશનો ઇઝી ઓફ ડૂઇંગ બિઝનેસ કોઈ દેશમાં વેપાર કરવામાં રહેલી સરળતા/મુશ્કેલી દર્શાવે છે. વિશ્વ બેક્ર ગૃપ દ્વારા તૈયાર કરવામાં આવતા ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસના રિપોર્ટ https://archive.doingbusiness.org પરથી જોઈ શકાય છે.

ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ આંક 10 માપદંડ દ્વારા તૈયાર કરવામાં આવે છે, જે નીચે મુજબ છે:

(1) બધા માટે વેપાર' શરૂ કરવાની તક

(2) બાંધકામ માટેની પરવાનગી

(3) વીજળી પ્રાપ્ત કરવી

(4) મિલકતની નોંધણી કરવી

(5) ઉધાર અથવા લોન મેળવવી

(6) લઘુમતી રોકાણકારોની રક્ષા

(7) કરવેરાની ચૂકવણી

(8) સરહદપારનો વ્યાપાર

(9) કરારોનું અમલીકરણ

(10) નાદારીનું નિરાકરણ.

આમ, ઈઝી ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સ આપણને એ બાબતની સમજૂતી આપે છે કે વિશ્વના વિવિધ દેશોમાં વ્યવસાય સંબંધિત ઉપરની બાબતોની પરિસ્થિતિ કેવી છે. જે દેશનો ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ ઈન્ડેક્સ શૂન્ય તરફ હોય તો તેનો અર્થ એવો થશે કે તે દેશમાં વ્યાપાર

સંબંધિત ઉપર આપેલા માપદંડની પરિસ્થિતિ વિપરિત છે, જ્યારે બીજી તરફ જે દેશનો ઈઝી ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સ 100 તરફ હોય તો તેનો અર્થ એવો થશે કે તે દેશમાં વ્યાપાર સંબંધિત ઉપર આપેલા માપદંડની પરિસ્થિતિ અનુકૂળ છે. ઈઝી ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સ રિપોર્ટ અનુસાર ભારતનો ક્રમ વર્ષ 2014 માં 134મો ક્રમ, 2015માં 131મો ક્રમ, 2016માં 131મો ક્રમ, 2017માં 130મો ક્રમ, 2018માં 100 મો ક્રમ, 2019માં 77મો ક્રમ, 2020માં 63મો ક્રમ, 2023 માં 63મો ક્રમ છે, વર્ષ 2023માં 190 દેશોમાં સિંગાપોર પ્રથમ ક્રમ ધરાવે છે.

## 10.6 બહુરાષ્ટ્રીય કંપની (Multi National Company/Corporation-MNC) :

બહુરાષ્ટ્રીય કંપનીનો ખ્યાલ એવી કંપની માટે છે કે જે પોતાના દેશની સાથે સાથે વિશ્વના અન્ય દેશમાં પણ ઉત્પાદન અથવા વેચાણના કેન્દ્રો(શાખાઓ) ધરાવતી હોય છે.

### 10.6.1.: બહુરાષ્ટ્રીય કંપનીની વ્યાખ્યા:

બહુરાષ્ટ્રીય કંપની એટલે જે કંપની એકથી વધુ દેશોમાં ઉત્પાદન અથવા વેચાણના કેન્દ્રો ધરાવે છે. એટલે કે બહુરાષ્ટ્રીય કંપનીની શાખાઓ અથવા સહાયક કંપનીઓ એકથી વધુ દેશોમાં હોય છે. બહુરાષ્ટ્રીય કંપની એક કરતા વધુ દેશોમાં ઉત્પાદન માટેના કારખાના/ફેક્ટરી/કંપની ધરાવતી હોય છે અથવા એક કરતા વધુ દેશોમાં વેચાણ(વ્યવસાય) માટેની કંપની ધરાવતી હોય છે. જોકે કોઈ કંપની પોતાના દેશમાં ઉત્પાદન કરી અન્ય દેશોમાં નિકાસ કરતી હોય તો તેવી કંપનીને બહુરાષ્ટ્રીય કંપની કહી શકાશે નહી.

બહુરાષ્ટ્રીય કંપનીને અંગ્રેજીમાં Multi National Company/Corporation કહેવાય છે જેને ટૂંકમાં MNC તરીકે પણ ઓળખવામાં આવે છે. આમ, હવે જો વર્તમાનપત્રોમાં, ટેલિવિઝન(ટી.વી.)માં, રેડીયો પર, ઈન્ટરનેટ પર, સોશ્યલ મીડિયામાં કોઈ કંપની માટે MNC શબ્દ વાંચીએ અથવા સાંભળીએ તો આપણે સમજી જવું કે આ કંપની એક કરતા વધારે દેશોમાં ઉત્પાદન અથવા વેચાણના કેન્દ્રો ધરાવે છે, એક કરતા વધારે દેશોમાં તે કંપનીની શાખાઓ છે. બહુરાષ્ટ્રીય કંપની એક કરતા વધારે દેશોમાં ઉત્પાદન અથવા વેચાણના કેન્દ્રો ધરાવતી હોવાથી તે મોટા પાયા પર ઉત્પાદન કરીને કદ વિકાસના લાભો મેળવે છે અને મોટા બજારમાં વેચાણ પણ કરી શકે છે. જેના લીધે આ કંપની ઓછા ખર્ચે ઉત્પાદન કરીને પોતાની વસ્તુની કિંમત નીચી રાખી શકે છે, બજાર હરીફાઈમાં ટકી શકે છે અને અન્ય કંપનીઓને મજબૂત હરીફાઈ આપી શકે છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતી હોય છે. જેમ કે અમુક બહુરાષ્ટ્રીય કંપનીઓ વાહનનું ઉત્પાદન અને વેચાણ કરે છે, અમુક બહુરાષ્ટ્રીય કંપનીઓ ખાદ્ય પદાર્થ અથવા પીણા(કોલ્ડડ્રિંક્સ)નું ઉત્પાદન અને વેચાણ કરે છે, અમુક બહુરાષ્ટ્રીય કંપનીઓ મનોરંજનક્ષેત્રમાં કામ કરતી હોય છે, અમુક બહુરાષ્ટ્રીય કંપનીઓ કોમ્પ્યુટર અને ટેક્નોલોજીક્ષેત્રે કામ કરતી હોય છે.

### 10.6.2: બહુરાષ્ટ્રીય કંપનીના લક્ષણો:

બહુરાષ્ટ્રીય કંપની નીચે મુજબના લક્ષણો ધરાવતી હોય છે, બીજા શબ્દોમાં કહીએ તો જે કંપની નીચે આપેલા લક્ષણો ધરાવતી હોય તે કંપનીને બહુરાષ્ટ્રીય કંપની કહી શકાય:

એક કરતા વધારે દેશોમાં શાખાઓ(ઉત્પાદન અથવા વેચાણના કેન્દ્રો) હોય છે.

- અન્ય દેશોમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ કરે છે.
- ખૂબ મોટા પાયા પર ઉત્પાદન અને વેચાણ(ખુબ વધારે ટર્નઓવર) હોય છે.
- મુખ્યશાખાનું અન્ય બધી શાખાઓ પર નિયંત્રણ હોય છે.

- અધ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.
- ઉચ્ચ ગુણવત્તાવાળા સંચાલકો દ્વારા કંપનીનું સંચાલન કરવામાં આવે છે.

**10.6.3: બહુરાષ્ટ્રીય કંપનીના ઉદાહરણ:**

નીચે આપેલી કંપનીઓ પ્રખ્યાત બહુરાષ્ટ્રીય કંપનીઓ છે.

IBM, Microsoft, Infosys, Google, HP, PepsiCo, Coca-Cola, Amazon, Apple, Sony, Panasonic, LG, Samsung, Nestle, Tata, Honda, Toyota, Suzuki, Mercedes-Benz, Adidas, Puma વગેરે બહુરાષ્ટ્રીય કંપનીઓ છે.

**10.6.4: બહુરાષ્ટ્રીય કંપનીના લાભો:**

જ્યારે કોઈ દેશમાં બહુરાષ્ટ્રીય કંપની પોતાની સહાયક કંપની શરૂ કરે છે અથવા તે દેશની કંપની સાથે મળીને સંયુક્ત સાહસ (Joint Venture) શરૂ કરે છે ત્યારે તે દેશને બહુરાષ્ટ્રીય કંપનીના લીધે કેટલાક લાભો મળે છે, જે નીચે મુજબ છે:

- વિદેશી મૂડી પ્રાપ્ત થાય છે: જ્યારે કોઈ બહુરાષ્ટ્રીય કંપની કોઈ અન્ય દેશમાં સહાયક કંપની શરૂ કરે છે અથવા સંયુક્ત સાહસ શરૂ કરે છે ત્યારે ખૂબ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરે છે. જેના મારફતે તે દેશને વિદેશી મૂડી સરળતાથી પ્રાપ્ત થાય છે.
- અદ્યતન ટેક્નોલોજીનો લાભ: જ્યારે કોઈ બહરાષ્ટ્રીય કંપની કોઈ અન્ય દેશમાં સહાયક કંપની શરૂ કરે છે અથવા સંયુક્ત સાહસ શરૂ કરે છે ત્યારે તે બહુરાષ્ટ્રીય કંપની પોતાની સાથે ઉત્પાદન અથવા વેચાણ સંબંધિત ઉચ્ચકક્ષાની અને અદ્યતન ટેક્નોલોજી પણ પોતાની સાથે લાવે છે. ખુબ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરીને અને લાંબા સમય સુધી સંશોધન અને વિકાસ કરીને પછી પ્રાપ્ત થનાર ટેક્નોલોજી બહુરાષ્ટ્રીય કંપનીઓના લીધે તે દેશને સરળતાથી અને ઝડપથી પ્રાપ્ત થાય છે.
- સહાયક ક્ષેત્રોના વિકાસમાં મદદરૂપ: જ્યારે કોઈ બહુરાષ્ટ્રીય કંપની કોઈ અન્ય દેશમાં સહાયક કંપની શરૂ કરે છે અથવા સંયુક્ત સાહસ શરૂ કરે છે ત્યારે તે બહુરાષ્ટ્રીય કંપની જે વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ કરવાની હોય છે તે વસ્તુ અથવા સેવાના ઉત્પાદન અથવા વેચાણ સાથે સંબંધિત અન્ય ક્ષેત્રો જેમ કે કાચોમાલ પૂરા પાડનારા, સહાયક સેવાઓ પૂરી પાડનારા ક્ષેત્રોનું પ્રમાણ વધે છે, તેમનો વિકાસ થાય છે, સહાયક ક્ષેત્રોમાં મૂડીરોકાણ-ઉત્પાદન-રોજગારી-લોકોની આવકમાં વધારો થાય છે.
- સરકારની કરવેરાની આવકમાં વધારો: જ્યારે કોઈ બહુરાષ્ટ્રીય કંપની કોઈ અન્ય દેશમાં સહાયક કંપની શરૂ કરે છે અથવા સંયુક્ત સાહસ શરૂ કરે છે ત્યારે તે બહુરાષ્ટ્રીય કંપની ખૂબ મોટા પ્રમાણમાં વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ કરવાની હોય છે. આથી સરકારને બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા વસ્તુઓ અથવા સેવાઓના ઉત્પાદન અથવા વેચાણ પર કરવેરાની આવક પ્રાપ્ત થાય છે. આમ, બહુરાષ્ટ્રીય કંપનીઓ એ સરકારની જાહેર આવક(કરવેરાની આવકમાં) મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.
- વ્યવસાયિક વાતાવરણમાં ફેરફાર: બહુરાષ્ટ્રીય કંપનીઓને વિશ્વના જુદા જુદા દેશોમાં કામ કરવાનો અનુભવ હોય છે.' આ કંપનીઓ જ્યારે કોઈ દેશમાં પોતાની શાખા શરૂ કરે છે ત્યારે પોતાનો સંચાલકીય અનુભવ પણ સાથે લઈ આવે છે. આથી કોઈ બહુરાષ્ટ્રીય કંપની જે દેશમાં સહાયક કંપની શરૂ કરે છે અથવા સંયુક્ત સાહસ શરૂ કરે છે ત્યારે તે બહુરાષ્ટ્રીય કંપની કામ કરવાની પદ્ધતિઓ, વેચાણની પ્રક્રિયા, હરીફાઈની કક્ષા, માનવ

મૂડી સંચાલન વગેરે બાબતોમાં પણ ફેરફાર લાવી દે છે. જેના પરિણામે તે દેશની સ્થાનિક પેઢીઓએ પણ પોતાની કામ કરવાની પદ્ધતિ, વેચાણની પ્રક્રિયા, માનવૂડી સંચાલન વગેરેમાં ફેરફાર કરવો પડે છે. આ બાબત તે દેશના અર્થતંત્રને વધુ કાર્યક્ષમ, વધુ શિસ્તબદ્ધ અને વધુ જવાબદાર બનાવે છે.

**10.6.5: બહુરાષ્ટ્રીય કંપનીના ગેરલાભો:**

જ્યારે કોઈ દેશમાં બહુરાષ્ટ્રીય કંપની પોતાની સહાયક કંપની શરૂ કરે છે અથવા તે દેશની કંપની સાથે મળીને સંયુક્ત સાહસ (Joint Venture) શરૂ કરે છે ત્યારે તે દેશને બહુરાષ્ટ્રીય કંપનીના લીધે કેટલાક ગેરલાભ થાય છે, જે નીચે મુજબ છે:

- નાના પાયાના અને મધ્યમ ઉદ્યોગોના અસ્તિત્વ સામે જોખમ: જ્યારે કોઈ બહુરાષ્ટ્રીય કંપની કોઈ અન્ય દેશમાં સહાયક કંપની શરૂ કરે છે અથવા સંયુક્ત સાહસ શરૂ કરે છે ત્યારે તે બહુરાષ્ટ્રીય કંપની જે વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ કરવાની હોય છે તે વસ્તુ અથવા સેવાના ઉત્પાદન અથવા વેચાણ સાથે સીધી હરીફાઈમાં આવતી હોય એવી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન અથવા વેચાણ કરનારા નાના પાયાના અને મધ્યમ ઉદ્યોગોના અસ્તિત્વ સામે જોખમ ઉભું થાય છે. બહુરાષ્ટ્રીય કંપનીની નાણાકીય પરિસ્થિતિ મજબૂત હોવાથી લાંબા સમય સુધી ખોટ સહન કરી શકે છે, મોટા પાયા પર ઉત્પાદન અથવા વેચાણ કરવાનું હોવાથી કિંમત ઓછી રાખી શકે છે, અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગના લીધે વસ્તુની ગુણવત્તા ઊંચી રહે છે, સંચાલકીય અનુભવ વધારે હોય છે- આ બધા કારણોના લીધે બહુરાષ્ટ્રીય કંપનીઓની સામે નાના પાયાના અને મધ્યમ પાયાના ઉદ્યોગો ટકી શક્તા નથી. આમ, બહુરાષ્ટ્રીય કંપનીઓના લીધે દેશમાં નાના પાયાના અને મધ્યમ પાયના ઉદ્યોગોને ખૂબ નુકસાન થાય છે.
- નફાકારક ક્ષેત્રોમાં વધુ રોકાણ: જ્યારે કોઈ બહુરાષ્ટ્રીય કંપની કોઈ અન્ય દેશમાં સહાયક કંપની શરૂ કરે છે અથવા સંયુક્ત સાહસ શરૂ કરે છે ત્યારે તે બહુરાષ્ટ્રીય કંપની જે વસ્તુ અથવા સેવાના ઉત્પાદનમાં અથવા વેચાણમાં વધુ નફો મળવાની શક્યતા હોય તે વસ્તુ અથવા સેવાના ઉત્પાદન અથવા વેચાણમાં કામ કરે છે. આથી ક્યારેક પર્યાવરણ માટે નુકસાનકારક હોય, સમાજ માટે નુકસાનકારક હોય એવી વસ્તુઓ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ પણ બહુરાષ્ટ્રીય કંપનીઓ કરતી હોય છે.
- દેશના કુદરતી સંસાધન અને માનવ સંસાધનનો ઉપયોગ: જ્યારે કોઈ બહુરાષ્ટ્રીય કંપની કોઈ અન્ય દેશમાં સહાયક કંપની શરૂ કરે છે અથવા સંયુક્ત સાહસ શરૂ કરે છે ત્યારે તે બહુરાષ્ટ્રીય કંપની જે વસ્તુ અથવા સેવાના ઉત્પાદન અથવા વેચાણ માટે તે દેશના કુદરતી સંસાધનો જેમ કે પીવાલાયક પાણી, ખેતીલાયક જમીન, જંગલો, ખનિજ સંપત્તિ વગેરેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરે છે. જેના પરિણામે આ કુદરતી સંસાધનોનું પ્રમણા ઝડપથી ઘટવા લાગે છે. એ જ રીતે દેશના તાલીમ પામેલા, ઉચ્ચ શિક્ષણ મેળવેલા લોકોનો કર્મચારી તરીકે ઉપયોગ કરે છે. એટલે કે એક રીતે આ બહુરાષ્ટ્રીય કંપની જે દેશની છે તે દેશ કુદરતી સંસાધન અને માનવ સંસાધનનો ઉપયોગ કરીને નફો મેળવે છે.
- દેશના આર્થિક અને બિન-આર્થિક મહત્ત્વના નિર્ણયોમાં દખલગીરી: જ્યારે કોઈ બહુરાષ્ટ્રીય કંપની કોઈ અન્ય દેશમાં સહાયક કંપની શરૂ કરે છે અથવા સંયુક્ત સાહસ શરૂ કરે છે ત્યારે બહુરાષ્ટ્રીય કંપની સરકાર દ્વારા લેવામાં આવતા મહત્ત્વના નિર્ણયોમાં દખલગીરી કરી શકે છે. લાંચરુશ્વત, રાજકીય પક્ષને ''પાર્ટી ફંડ'' વગેરેના સ્વરૂપમાં દેશના આર્થિક અને બિન-આર્થિક મહત્ત્વના નિર્ણયો પોતાની તરફેણમાં લાવવાનો પ્રયાસ કરે છે.

## 10.7 વિનિવેશીકરણ (Disinvestment) :

સામાન્ય શબ્દોમાં કહીએ તો નિવેશીકરણ એટલે નિવેશ(રોકાણ) કરવું, એ જ રીતે વિનિવેશીકરણ એટલે નિવેશ(રોકાણ) પાછું લઈ લેવું. વિનિવેશીકરણને અંગ્રેજીમાં Disinvestment કહેવામાં આવે છે. વિનિવેશીકરણનો ખ્યાલ જાહેર પેઢીઓ/જાહેરક્ષેત્રના એકમો સાથે સંબંધિત છે. જાહેર પેઢીઓ અથવા જાહેરક્ષેત્રના એકમો એટલે જે પેઢીઓની માલિકી અને સંચાલન સરકાર હસ્તક હોય છે. જાહેર પેઢીઓમાં સરકાર મૂડીરોકાણ કરતી હોય છે. જાહેર પેઢીઓને જાહેર સાહસ/ જાહેરક્ષેત્રના એકમો તરીકે પણ ઓળખવામાં આવે છે, જેને અંગ્રેજીમાં Public Sector Undertakings/Units (PSUs)/Enterprises(PSEs) કહેવાય છે. આથી હવે જ્યારે આપણે વર્તમાનપત્રોમાં, ટી.વી.માં, ઈન્ટરનેટ પર અથવા સોશ્યલ મીડિયમાં PSUs/ PSEs શબ્દ સાંભળીએ અથવા વાંચીએ તો આપણે સમજી જવું કે અહીં જાહેરક્ષેત્રના એકમોની વાત થઈ રહી છે. જાહેરક્ષેત્રના એકમો કેન્દ્ર સરકાર હસ્તકના પણ હોય છે જેને CPEs (Central Public Sector Undertakings/Enterprises) તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે જુદા જુદા રાજ્ય હસ્તકના પણ જાહેરક્ષેત્રના એકમો હોય છે, જેને State-owned Public Sector Undertakings/Enterprises તરીકે ઓળખવામાં આવે છે. જાહેરક્ષેત્રના એકમોમાં સરકારે મૂડીરોકાણ કરેલું હોય છે. જ્યારે કોઈ દેશ અલ્પવિકસિત અવસ્થામાં હોય છે ત્યારે ઝડપી આર્થિક વિકાસ માટે, ઔદ્યોગિકક્ષેત્રનો પાયો નાંખવા, રોજગારીની તકોનું સર્જન કરવા, મૂડીની અછતને દૂર કરવા, પ્રાદેશિક અસમાનતા ઘટાડવા માટે, નાનાપાયાના ઉદ્યોગોને સહાયક થવા માટે સરકાર જાહેર પેઢીઓની સ્થાપના કરે છે. જેમ કે સ્વતંત્રતા પછી આયોજનકાળ દરમ્યાન સરકારે BSNL, IISCO, ONGC, LIC, એર ઈન્ડિયા વગેરે જેવા જાહેરક્ષેત્રના એકમો શરૂ કર્યા હતા. જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ અર્થતંત્ર અલ્પવિકસિત અવસ્થામાંથી વિકાસશીલ અવસ્થામાં આવે છે. આથી સરકાર જાહેરક્ષેત્રના એકમોની કાર્યક્ષમતામાં વધારો કરવા, જાહેરક્ષેત્રના એકમોને સ્પર્ધાત્મક બનાવવા, મૂડીનું વિકેન્દ્રિકરણ કરવા માટે જાહેરક્ષેત્રના એકમોના કુલ મૂડીરોકાણમાં પોતાના હિસ્સામાંથી અમુક હિસ્સાને સામાન્ય પ્રજા, ખાનગી મૂડીરોકાણ કરનારાઓને વેચી દે છે, જેને વિનિવેશીકરણ કહેવાય છે. વિનિવેશીકરણથી જાહેરક્ષેત્રના એકમોમાં કુલ મૂડીરોકાણમાં સરકારના હિસ્સામાં ઘટાડો થાય છે. એટલે કે જાહેરક્ષેત્રના એકમોમાં સરકારનો હિસ્સો અગાઉ જે 100 ટકા હોય છે તેમાં ઘટાડો થાય છે. આમ, વિનિવેશીકરણને આપણે જાહેરક્ષેત્રના એકમોના ખાનગીકરણ કરવાની નીતિ પણ કહી શકીએ છીએ.

### 10.7.1: વિનિવેશીકરણનો અર્થ:

વિનિવેશીકરણ એટલે સરકારે જાહેરક્ષેત્રના એકમોમાં જે મૂડીરોકાણ કર્યું હોય તેમાંથી અમુક હિસ્સો અથવા સંપૂર્ણ હિસ્સો સામાન્ય પ્રજાને, નાણાકીય સંસ્થાઓને, ખાનગીક્ષેત્રને વેચાણ કરવું.

### 10.7.2: વિનિવેશીકરના હેતુઓ:

સરકાર દ્વારા જાહેરક્ષેત્રના એકમોમાંથી પોતાની કુલ મૂડી અથવા મૂડીના અમુક હિસ્સાનું વેચાણ એટલે કે વિનિવેશીકરણ નીચે આપેલા હેતુઓ માટે કરવામાં આવે છે:

(1) સરકારના નાણાકીય બોજમાં ઘટાડો કરવા.

(2) જાહેરક્ષેત્રના એકમોમાં સ્પર્ધાત્મકતા લાવવા

(3) જાહેરક્ષેત્રના એકમોમાં બજારશિસ્તનો વિકાસ કરવા

(4) જાહેરક્ષેત્રની માલિકીહક્કનું વિસ્તરણ કરવા

**10.7.3: ભારતમાં વિનિવેશીકરણ:**

જુલાઈ-1991 પછી આર્થિક ઉદારીકરણના સંદર્ભમાં ભારત સરકારે જાહેરક્ષેત્રના એકમોનું ખાનગીકરણ કરવા માટે વિનિવેશીકરણની નીતિ અપનાવી છે. ભારતમાં સરકાર વિનિવેશીકરણ બે રીતે કરે છે; (1) વ્યૂહાત્મક વિનિવેશ/ખાનગીકરણ: જેમાં સરકાર જાહેરક્ષેત્રના એકમોમાંથી પોતાના મૂડીરોકાણના અમુક ભાગ અથવા સંપૂર્ણ ભાગનું સંચાલકીય નિયંત્રણ સહિત ખાનગીક્ષેત્રને વેચાણ કરે છે. અમુક સમયે સરકાર જાહેરક્ષેત્રના કોઈ એક એકમની મૂડીરોકાણના સંપૂર્ણ ભાગને સંચાલકીય નિયંત્રણ સહિત જાહેરક્ષેત્રના બીજા એકમને હસ્તાંતરિત કરે છે. (2) જાહેરક્ષેત્રના એકમોની શેરમૂડીના અલ્પ ભાગનું વેચાણ કરવું: આ પદ્ધતિમાં સરકાર જાહેરક્ષેત્રના એકમોના સંચાલકીય નિયંત્રણ પોતાની પાસે જ રાખે છે, માત્ર આ જાહેર ક્ષેત્રના એકમોની કુલ મૂડીના અલ્પ ભાગનું વેચાણ સેબી (SEBI) દ્વારા પ્રમાણિત કરેલી પદ્ધતિઓ મારફતે કરવામાં આવે છે. જેમ કે IPO (Initial Public Offer), OFS (Offer For Sale), શૅરનું Buyback વગેરે. સરકાર જાહેરક્ષેત્રના એકમોનું વિનિવેશીકરણ કરતી વખતે આર્થિક વિકાસની સાથે સાથે રોજગારીની તકોમાં વધારો થાય એવા હેતુને ધ્યાનમાં રાખતી હોય છે. નવેમ્બર-1992માં ભારત સરકારે ડૉ.સી. રંગરાજનના અધ્યક્ષપદે જાહેરક્ષેત્રના એકમોની શેર મૂડીના વિનિવેશ ઈકરણ માટેની યોગ્ય રચના તૈયાર કરવા માટે સમિતિની રચના કરી હતી. આ સમિતિએ જાહેર ક્ષેત્રના એકમોના વિનિવેશીકરણ માટે અમુક ભલામણો કરી હતી. જેમાં જાહેરક્ષેત્ર માટે અનામત રાખવામાં આવેલા ઉદ્યોગોમાં વિનિવેશીકરણનું મહત્તમ પ્રમાણ 49 ટકા જેટલું રાખવું, જે ઉદ્યોગો જાહેરક્ષેત્ર માટે અનામત નથી તેવા ઉદ્યોગોમાં વિનિવેશીકરણ 100 ટકા જેટલું કરી શકાય, કોલસો અને લિગ્નાઇટ, ખાણ અને ખનિજતેલ, રેડિયોએક્ટિવ મિનરલ, શસ્ત્રો અને સંરક્ષણ માટેના સાધનો, રેલ્વે - આ ઉદ્યોગોમાં સરકારની શેર મૂડી 51 ટકા જેટલી રાખવી, વિનિવેશીકરણ માટે વર્ષ પ્રમાણે લક્ષ્ય નક્કી કરવાના બદલ એક સર્વગ્રાહી અને સ્પષ્ટ કાર્યક્રમ તૈયાર કરવો વગેરે ભલામણોનો સમાવેશ થાય છે. ઓગષ્ટ-1996માં ભારત સરકારે જાહેરક્ષેત્રના એકમો માટે લાંબાગાળાના વિનિવેશીકરણ કાર્યક્રમ તૈયાર કરવા માટે વિનિવેશીકરણ પંચની રચના કરી હતી.

ભારતમાં વિનિવેશીકરણ કરવામાં આવેલા જાહેરક્ષેત્રના એકમોમાં NLC INDIA Ltd., Housing & Urabn Development Corporation Ltd., NHPC Ltd., IRCON International Ltd., Indian Renewable Energy Development Agency Ltd., SUVN Ltd., Rail Vikas Nigam Ltd., Coal India Ltd., Hindustan Aeronautics Ltd. વગેરેનો સમાવેશ થાય છે. ભારતમાં Department of Investment and Public Asset Management (DIPAM)કેન્દ્રીય જાહેરક્ષેત્રના એકમો (CPSEs) ના વિનિવેશીકરણ સંબંધિત તમામ બાબતો સંભાળે છે. ભારતમાં કેન્દ્રીય જાહેરક્ષેત્રના એકમો (CPSEs) ના વિનિવેશીકરણ સંબંધિત માહિતી આ વિભાગની વેબસાઈટ https://dipam.gov.in પરથી મેળવી શકાય છે. આ વિભાગ કેન્દ્ર સરકારના નાણા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

ભારતમાં 2018-19 થી 2022-23ના સમય દરમ્યાન વિનિવેશીકરણના લક્ષ્યાંક અને પ્રાપ્તિની માહિતી નીચે મુજબ છે:

કોષ્ટક-1: ભારતમાં 2018-19 થી 2022-23ના સમય દરમ્યાન વિનિવેશીકરણના લક્ષ્યાંક અને પ્રાપ્તિની માહિતી(રૂ. કરોડમાં)

| વર્ષ | લક્ષ્યાંક | પ્રાપ્તિ |
|---|---|---|
| 2018-19 | રૂ. 80,000 કરોડ | રૂ. 84,972 કરોડ |
| 2019-20 | રૂ. 65,000 કરોડ | રૂ. 50,300 કરોડ |
| 2020-21 | રૂ. 32,000 કરોડ | રૂ. 32,886 કરોડ |
| 2021-22 | રૂ. 78,000 કરોડ | રૂ. 13,534 કરોડ |
| 2022-23 | રૂ. 50,000 કરોડ | રૂ. 35,294 કરોડ |

સ્ત્રોત : https://dipam.gov.in/dipam-faq

## 10.8 સારાંશ

આમ કોઈ પણ દેશના અર્થતંત્રમાં સ્ટાર્ટ અપ, વિનિવેશીકરણ, બહુરાષ્ટ્રીય કંપનીઓ ખૂબ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. બેકારી, ગરીબી, પ્રાદેશિક અસમાનતા વગેરે જેવી આર્થિક સમસ્યાઓ દૂર કર આ માટે સ્ટાર્ટ અપ, વિનિવેશીકરણ, બહુરાષ્ટ્રીય કંપનીઓ ઉપયોગી થઈ શકે છે, પરંતુજો યોગ્ય રીતે ધ્યાન આપવામાં ન આવે તો લાભ મળવાના બદલે નુકસાન થઈ શકે છે.

## 10.9 ચાવીરૂપ શબ્દો

**(1) સ્ટાર્ટઅપ:** સામાન્ય શબ્દોમાં કહીએ તો સ્ટાર્ટઅપ એટલે એવી નવી પેઢી કે જે નવી વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ કરે છે, અથવા જૂની વસ્તુ અથવા સેવાનું ઉત્પાદન અથવા વેચાણ નવી રીતે કરે છે, ઉત્પાદન અથવા વેચાણમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

**(2) યુનિકોર્ન સ્ટાર્ટઅપ:** યુનિકોર્ન સ્ટાર્ટઅપ એટલે એવી ખાનગી સ્ટાર્ટઅપ પેઢી હોય છે કે જેનું મૂલ્ય એક બિલિયન અમેરિકન ડોલર અથવા તેથી વધુ હોય અને 10 વર્ષ કરતા ઓછા સમયથી કાર્યરત હોય છે પરંતુ જાહેર રીતે સૂચિબદ્ધ (Publicty Listed) થયેલી હોતી નથી.

**(3) મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ:** મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ એ ભારત સરકારનો રાષ્ટ્રીય કાર્યક્રમ છે જેની શરૂઆત 25 સપ્ટેમ્બર 2014 થી કરવામાં આવી છે. મેક ઇન ઇન્ડિયાનો મુખ્ય હેતુ ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર એટલે કે ઔદ્યોગિક ક્ષેત્રને મજબૂત બનાવવાનો અને વિદેશી મૂડીરોકાણને આકર્ષિત કરવાનો છે.

**(4) ઈઝી ઓફ ડૂઇંગ બિઝનેસ ઈન્ડેક્સ:** વિશ્વબેંકદ્વારા વિશ્વના વિવિધ દેશોમાં વ્યવસાય શરૂ કરવા અને વ્યવસાય ચાલુ રાખવા માટેની પરિસ્થિતિ સાનુકૂળ છે કે પ્રતિકૂળ છે તેને વિવિધ માપદંડ દ્વારા માપવામાં આવે છે અને એક આંકદ્વારા દર્શાવવામાં આવે છે, જેને ''ઈઝી ઓફ ડૂઇંગ બિઝનેસ ઈન્ડેક્સ' કહેવામાં આવે છે. આમ ઈઝી ઓફ ડૂઇંગ બિઝનેસ ઈન્ડેક્સ વિશ્વ બેંક દ્વારા વિશ્વના 190 દેશોના સંદર્ભમાં પ્રકાશિત કરવામાં આવે છે. આ આંકમાં વિવિધ નિર્દેશકોના આધારે કોઈ દેશમાં વ્યાપાર કરવામાં રહેલી સરળતા અથવા મુશ્કેલીને દર્શાવવામાં આવે છે. આ આંકનું મૂલ્ય 0 થી 100 સુધીનું હોય છે. ઈઝી ઓફ

ડૂઈંગ બિઝનેસ ઈન્ડેક્સ શૂન્ય મૂલ્ય કોઈ દેશમાં વેપાર કરવાની સૌથી ખરાબ પરિસ્થિતિ દર્શાવે છે અને ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ આંકનો 100 મૂલ્ય કોઈ દેશમાં વ્યાપાર કરવાની સૌથી સારી પરિસ્થિતિ દર્શાવે છે.

**(5) બહુરાષ્ટ્રીય કંપનીની વ્યાખ્યાઃ** બહુરાષ્ટ્રીય કંપની એટલે જે કંપની એકથી વધુ દેશોમાં ઉત્પાદન અથવા વેચાણના કેન્દ્રો ધરાવે છે. એટલે કે બહુરાષ્ટ્રીય કંપનીની શાખાઓ અથવા સહાયક કંપનીઓ એકથી વધુ દેશોમાં હોય છે. બહુરાષ્ટ્રીય કંપની એક કરતા વધુ દેશોમાં ઉત્પાદન માટેના કારખાના/ફેક્ટરી/કંપની ધરાવતી હોય છે અથવા એક કરતા વધુ દેશોમાં વેચાણ(વ્યવસાય) માટેની કંપની ધરાવતી હોય છે. જોકે કોઈ કંપની પોતાના દેશમાં ઉત્પાદન કરી અન્ય દેશોમાં નિકાસ કરતી હોય તો તેવી કંપનીને બહુરાષ્ટ્રીય કંપની કહી શકાશે નહી.

**(6) વિનિવેશીકરણનો અર્થઃ** વિનિવેશીકરણ એટલે સરકારે જાહેરક્ષેત્રના એકમોમાં જે મૂડીરોકાણ કર્યું હોય તેમાંથી અમુક હિસ્સો અથવા સંપૂર્ણ હિસ્સો સામાન્ય પ્રજાને, નાણાકીય સંસ્થાઓને, ખાનગીક્ષેત્રને વેચાણ કરવું.

## 10.10 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) સ્ટાર્ટઅપની વ્યાખ્યા આપી તેના લક્ષણો અને પ્રકારોની ચર્ચા કરો.

(2) બહુરાષ્ટ્રીય કંપની એટલે શું ? બહુરાષ્ટ્રીય કંપનીના લાભ-ગેરલાભની વિસ્તૃત ચર્ચા કરો.

**(બ) નીચેના ટૂંકા પ્રશ્નો આપો :**

(1) સ્ટાર્ટઅપની વ્યાખ્યા આપો.

(2) કોઈપણ ચાર સ્ટાર્ટઅપ કંપનીઓના નામ જણાવો.

(3) સ્ટાર્ટઅપના લક્ષણો જણાવો.

(4) સ્ટાર્ટઅપના પ્રકારોના નામ આપો.

(5) યુનિકોર્ન સ્ટાર્ટઅપ એટલે શું ?

(6) યુનિકોર્ન શબ્દનો સૌપ્રથમ પ્રયોગ કોણે કર્યો હતો ?

(7) યુનિકોર્ન સ્ટાર્ટઅપના લક્ષણો જણાવો.

(8) વિશ્વના ખ્યાતનામ યુનિકોર્નના નામ લખો.

(9) ભારતના ખ્યાતનામ યુનિકોર્નના નામ લખો.

(10) યુનિકોર્ન સ્ટાર્ટઅપના પ્રકારોના નામ આપો.

(11) મેક ઇન ઈન્ડિયા કાર્યક્રમ કયારે શરૂ કરવામાં આવ્યો છે ?

(12) મેક ઇન ઈન્ડિયા કાર્યક્રમનો લૉગો કયો છે ?

(13) મેક ઇન ઈન્ડિયા કાર્યક્રમના મુખ્ય હેતુઓ જણાવો.

(14) ઈઝી ઓફ ડૂઇંગ બિઝનેસ ઈન્ડેક્સ જણાવો.

(15) ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ ઈન્ડેક્સના 10 માપદંડ જણાવો.

(16) બહુરાષ્ટ્રીય કંપનીનો અર્થ આપો.

(17) બહુરાષ્ટ્રીય કંપનીના લક્ષણો જણાવો.

(18) બહુરાષ્ટ્રીય કંપનીઓના નામ જણાવો.

(19) બહુરાષ્ટ્રીય કંપનીઓના લાભો જણાવો.

(20) બહુરાષ્ટ્રીય કંપનીઓના ગેરલાભ જણાવો.

(21) વિનિવેશીકરણનો અર્થ આપો.

(22) વિનિવેશીકરણના હેતુઓ જણાવો.

(23) ભારતમાં કેન્દ્રીય જાહેરક્ષેત્રના એકમોના વિનિવેશીકરણ સંબંધિત તમામ બાબતો કયો વિભાગ સંભાળે છે ?

(24) ગુજરાતમાં શરૂ થયેલા સ્ટાર્ટઅપના નામ લખો.

(25) મેક ઈન ઇન્ડિયા કાર્યક્રમને સફળ બનાવવા માટે તમારા સૂચનો આપો.

(26) આ પ્રકરણમાં આપવામાં આવેલી બહુરાષ્ટ્રીય કંપનીઓ સિવાયની બહુરાષ્ટ્રીય કંપનીઓના નામ લખો.

(27) ભારતમાં કયા કયા જાહેરક્ષેત્રના એકમોનું વિનિવેશીકરણ કરવામાં આવ્યું છે તેની યાદી લખો.

**(ક) નીચેના ટૂંકનોંધ આપો :**

(1) યુનિકોર્ન

(2) મેક ઈન ઈન્ડિયા

(3) વિનિવેશીકરણ

(4) ઈઝી ઓફ ડૂઈંગ બિઝનેસ

**(ધ) નીચેના બહુવિકલ્પિય પ્રશ્નો આપો :**

(1) જે ખાનગી સ્ટાર્ટઅપ પેઢીનું મૂલ્ય 1 બિલિયન ડોલર અથવા તેનાથી વધુ હોય તેને શું કહેવાય છે ?

(A) સ્ટાર્ટઅપ (B) યુનિકોર્ન (C) ડેકાકોર્ન (D) સેન્ટિકોર્ન

(2) જેખાનગી સ્ટાર્ટઅપ પેઢીનું મૂલ્ય 10 બિલિયન ડોલર અથવા તેનાથી વધુ હોય તેને શું કહેવાય છે ?

(A) સ્ટાર્ટઅપ (B) યુનિકોર્ન (C) ડેકાકોર્ન (D) સેન્ટિકોર્ન

(3) જે ખાનગી સ્ટાર્ટઅપ પેઢીનું મૂલ્ય 100 બિલિયન ડોલર અથવા તેનાથી વધુ હોય તેને શું કહેવાય છે ?

(A) સ્ટાર્ટઅપ (B) યુનિકોર્ન (C) ડેકાકોર્ન (D) સેન્ટિકોર્ન

(4) ભારતમાં મેક ઇન ઈન્ડિયા કાર્યક્રમની શરૂઆત કયારે થઈ હતી ?

(A) 25 સપ્ટેમ્બર 2004 (B) 25 સપ્ટેમ્બર 2014

(C) સપ્ટેમ્બર 2018 (D) 27 સપ્ટેમ્બર 2020

(5) ભારતમાં મેક ઇન ઈન્ડિયા કાર્યક્રમનો લૉગો શું છે ?

(A) હાથી (B) ઘોડો (C) સિંહ (D) ગાય

(6) ઈઝી ઓફ ડૂઇંગ બિઝનેસ ઈન્ડેક્સ અહેવાલ કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ?

(A) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (B) આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન

(C) વિશ્વ બેંક (D) આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ

(7) વર્ષ 2023માં ઈઝી ઓફ ડૂઇંગ બિઝનેસ ઈન્ડેક્સ અહેવાલ પ્રમાણે ભારતનો ક્રમ કયો છે ?

(A) 36મો ક્રમ (B) 63 મો ક્રમ (C) 100 મો ક્રમ (D) 134મો ક્રમ

(8) સરકાર જાહેર ક્ષેત્રના એકમોમાં જે મૂડીરોકાણ કર્યું હોય તેમાંથી અમુક હિસ્સો અથવા સંપૂર્ણ હિસ્સો સામાન્ય પ્રજાને, નાણાકીય સંસ્થાઓને અથવા ખાનગી ક્ષેત્રોને વેચાણ કરે તેને શું કહેવાય ?

(A) જાહેર મૂડીરોકાણ (B) પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ

(C) વિનિવેશીકરણ (D) ઉપરના બધા

(9) ભારતમાં નવેમ્બર-1992માં કોની અધ્યક્ષતામાં વિનિવેશીકરણ માટેની સમિતિની રચનિ કરવામાં આવી હતી ?

(A) ડૉ.મનમોહનસિંહ (B) ડૉ.સી. રંગરાજન

(C) ડૉ. પી. ચિદમ્બરમ (D) ડૉ.આઈ.જી. પટેલ

## • સંદર્ભ સૂચિ

(1) https://www.oxfordlearne rsdictionaries.com/defin Itionenglish/start-up

(2) www. makeinindia.com

(3) www.investopedia.com

(4) https://a rchive.doingbusiness.org

(5) https://dipam.gov.in

(6) https://m.economictimes.com/definit ion/unicorn/amp

(7) ntths://corporatefinanceinstitute.com/resources/management/multination al-corporation

(8) www.startupindia.gov.in

## • તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) (B) યુનિકોર્ન (2) (C) ડેકાકોર્ન (3) (D) સેન્ટિકોર્ન (4) (B) 25 સપ્ટેમ્બર 2014 (5) (C) સિંહ (6) (C) વિશ્વ બેંક (7) (B) 63 મો ક્રમ (8) (C) વિનિવેશીકરણ (9) (B) ડૉ.સી. રંગરાજન

એકમ 11

# ભારતમાં ઔદ્યોગિક વિકાસ

-: રૂપરેખા :-


**11.0 ઉદ્દેશો**

**11.1 પ્રસ્તાવના**

**11.2 ભારતમાં ઔદ્યોગિક વિકાસની તરાહ**

**11.3 ભારતમાં ઔદ્યોગિક વિકાસ પંચવર્ષીય યોજનાઓના સંદર્ભમાં**

**11.4 ભારતમાં ઉદ્યોગોનો વિકાસ**

**11.5 ભારતીય અર્થતંત્રમાં ઉદ્યોગોનું મહત્ત્વ**

**11.6 ચાવીરૂપ શબ્દો**

**11.7 તમારી પ્રગતિ ચકાસો**

- **સંદર્ભ સૂચિ**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**


## 11.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) ભારતમાં ઔદ્યોગિક વિકાસની તરાહ સમજાવી શકશો.

(2) ભારતની પંચવર્ષીય યોજના દરમિયાન થયેલ ઔદ્યોગિક વિકાસ સમજાવી શકશો.

(3) ભારતના અર્થતંત્રમાં ઉદ્યોગોનુ મહત્ત્વ જાણી શકશો અને તેની ચર્ચા કરી શકશો.

## 11.1 પ્રસ્તાવના

મેન્યુફેક્ચરિંગ અને તેની સાથે સંબંધિત પ્રવૃત્તિઓના સર્વાંગી વિકાસને ઔદ્યોગિક વિકાસ કહેવામાં આવે છે. ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદન વધે છે. નવા ઉદ્યોગો અસ્તિત્વમાં આવે છે.અને ચાલુ ઉદ્યોગનું વિસ્તરણ અને આધુનિકીકરણ થાય છે. રાષ્ટ્રીય આવક વધવામાં ઉદ્યોગોનો ફાળો વધે છે.અને કુલ નિકાસમાં ઔદ્યોગિક પેદાશનું પ્રમાણ વધે છે. બેરોજગારી અને ગરીબીની સમસ્યાને હલ કરી શકાય છે. આ સમગ્ર પરિણામોના સમુચ્ચને ઉદ્યોગીકરણ કહેવામાં આવે છે.

“દેશમાં ઉદ્યોગોની સ્થાપના, વિસ્તરણ સંચાલન અને વિકાસ અંગેની સરકારનિ નીતિને ઔદ્યોગિક નીતિ કહેવામાં આવે છે.”

## 11.2 ભારતમાં ઔદ્યોગિક વિકાસની તરાહ

- **પ્રાચીન સમયમાં ઔદ્યોગિક વિકાસ:**

ભારત આધુનિક યુગથી નહીં, પરંતુ પ્રાચીન સમયથી ઉદ્યોગોનો વિકાસ કરતો આવ્યો છે.ભારતમાં ઉદ્યોગોની પરંપરા સિંધુ ખીણની સભ્યતાથી જ ચાલી આવે છે. એ સમયમાં ભારતમાં

સુતરાઉ કાપડ, માટીના વાસણો, અને કાંસાની વસ્તુઓ તથા મણકા બનાવવામાં આવતા. ભારતમાં પ્રાચીન સમયમાં ખેતી તો સમૃદ્ધ હતી જ, પરંતુ ઉદ્યોગો પણ વિકસિત થયા હતાચીની મુસાફર યુ.એન.સંગે પોતાની પ્રવાસી ડાયરીમાં લખ્યું હતું કે, લોકો સમૃદ્ધ અને પ્રગતિશીલ હતા. શહેરો અને ગામો એકબીજાથી નજીક હતા, ભૂમિ ફળદ્રુપતા દૃષ્ટિએ સમૃદ્ધ હતી અને લોકોના સ્વભાવ અને વર્તન અતિશુદ્ધ અને પ્રામાણિક હતા. વસ્તી ઓછી હતી અને તેમની જરૂરિયાતોની વસ્તુઓ ગામોમાં જ મળી રહે તેવી સુવિધાઓ કરવામાં આવતી કુદરતી સાધનો અને માનવ શક્તિનો ઉત્તમ ઉપયોગ કરીને શ્રેષ્ઠ વસ્તુ બનાવવામાં આવતી. ભારતીય કારીગરો દ્વારા બનાવેલા માલ અરબ, મિસ, ફ્રાંસ, ઇંગ્લેન્ડ વગેરે દેશોના બજારોમાં વેચાતો હતો. ભારત સાથે વેપાર કરવા માટે અન્ય દેશોની સ્પર્ધા હતી એટલે જ વિદેશીઓ ભારતમાં લૂંટવા આવેલા અને જેમાં અંગ્રેજો છેલ્લા હતા. સન્ 1600 માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની અંગ્રેજો દ્વારા સ્થાપના કરવામાં આવી હતી.ભારતની વસ્તુઓ અને જેમાં ખાસ કરીને રેશમ અને મખમલ માંથી બનેલું કાપડ ઇંગ્લેન્ડમાં ખૂબ જ લોકપ્રિય હતું. કેટલાક વિદ્વવાન મત મુજબ ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત સન્ 1850 થી શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. સન્ 1853-54 માં ભારતમાં રેલ અને તારની સુવિધાઓ શરૂ થઈ હતી. રેલના ઉદ્યોગોને કારણે ભારતના ઉદ્યોગોને નવી દિશા પ્રાપ્ત થઈ. બીજા વિશ્વયુદ્ધ પછી ભારતમાં વિવિધ ક્ષેત્રે મશીનોનો વિકાસ થયો હતો. ભારત સાબુ, સાકર, સિમેન્ટ વગેરેના ઉત્પાદનમાં સ્વનિર્ભર દેશ હતો. વળી ભારતમાંથી આશરે ઈ.પૂર્વે 4000 વર્ષ પહેલા ઊન અને રેશમ ઉપર છાપકામ થયેલા કાપડના નમુના મળેલ છે. આ નમૂના ઉત્તમ વણાટની કામગીરી દર્શાવે છે. તાંતણની પ્રક્રિયામાં વિકાસમાં પાયારૂપ સ્પિનિંગ વ્હિલ રેંટિયો ભારતમાંથી બીજા દેશમાં ગયેલો તેમજ આડી હાથસાળ પણ ભારતમાં સૌપ્રથમ બનેલી એમ માનવામાં આવે છે. ઢાંકાની મલમલ કાશ્મીરી અને દક્ષિણ ભારતનું રેશમ, ગુજરાતના યુગના પટોળા, બાંધણીને કચ્છનું બાટીક છાપકામ, ભારતની કાપડ કારીગરી માટે દુનિયાભરમાં જાણીતા હતા. 1915 પછી શરૂ થયેલ સ્વરાજ્યની ચળવળમાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ રેંટિયાને સ્વરોજગારના પાયાના સાધન તરીકે મહત્ત્વ આપ્યું.

પ્રાચીન સમયમાં ગ્રામીણ ક્ષેત્રે કુટિર ઉદ્યોગનો પણ સારો એવો વિકાસ થયેલો હતો. જેમાં કુંભારી, સુથારી, લુહાર કામ, ચર્મ ઉદ્યોગ, હાથશાળ, ઘાણીઓ, હાથીદાંતનુ કામ, જેવા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. જ્યારે શહેરી વિસ્તારના કુટિર ઉદ્યોગમાં ચર્મકામ, સોના ચાંદીના દાગીના, કાષ્ઠ તથા હાથીદાંતની બનાવટો, ધાતુના વાસણો તથા કોતરણી કામ, રમકડા, રેશમી તથા સુતરાઉ કાપડનું વણાટ, રંગાટી તથા ખડીકામ, જરીકામ જેવા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. વળી શહેરી વિસ્તારમાં ઈંટ ચુનાની ભટ્ઠીઓના સમાવેશ થાય છે. 18મી સદી સુધી કારીગરો પોતાની કામગીરી દ્વારા તેમની પેદાશોને વિશ્વવિખ્યાત બનાવતા હતા. પરંતુ અઢારમી સદીથી ભારતમાં કલાકારીગરી આધારિત ગૃહ ઉદ્યોગ અને ગૃહ ઉદ્યોગોનું પતન થયું. તેના કારણોમાં ઇંગ્લેન્ડ સરકારની ભારત વિરોધી નીતિને કારણે તેમજ ભારતની વસ્તુઓ પર આકરા કરવેરા નાખવાથી ભારતના ઉદ્યોગો પડી ભાગ્યા.વળી વાહન વ્યવહારનો વિકાસ થવાથી બ્રિટિશ બનાવટની વસ્તુઓ દેશભરમાં પહોંચવા લાગ્યો. બ્રિટિશ શાસનની નીતિને ભારતના ઔદ્યોગિક ઢાંચાની કમર તોડી નાખી. પરાધીનતા દરમિયાન ભારતમાં આધુનિક પધ્ધતિએ ઉદ્યોગોની સ્થાપના ખાસ ન થઈ શકી. આ બધા કારણોસર ભારતમાં વિશ્વવિખ્યાત ગૃહ ઉદ્યોગ ગ્રામ ઉદ્યોગ અને કલાકારીના ઉદ્યોગોનો નાશ થયો.

- **ભારતમાં આધુનિક ઉદ્યોગોનો વિકાસ :**

વર્તમાન સમયમાં ભારત ઔદ્યોગિક માળખામાં ઘણા પરિવર્તનો જોવા મળે છે.કલકત્તામાં સૌથી પહેલી કાપડ મિલ 1818માં સ્થપાઈ હતી. જ્યારે પહેલી શણની મીલ 1952 માં સ્થપાઈ

હતી. 19મી સદીના અંત સુધીમાં આખા ભારતમાં ઘણા બધા ઉદ્યોગો સ્થપાયા હતા.. આધુનિક યુગમાં ઉદ્યોગોમાં ઉદ્યોગોનું સ્વરૂપ અને માલિકીમાં પણ ફેરફાર થવા લાગ્યા.વેપારી પોતાની મૂડી રોકીને કે બીજા પાસે ઉછીના લઈને પણ ધંધા ઉદ્યોગોમાં નાણા રોકવા લાગ્યા.તેના કારણે ઉત્પાદન વધવા લાગ્યું અને યંત્રોની વપરાશ પણ વધવા લાગી અને વધુ મૂડીની જરૂર હતી, એટલે કે વેપારીઓ એક વેપારી કે એક વ્યક્તિથી ઉદ્યોગ ચાલી શકે તેમ ન હતું. દેશમાં ભાગીદારી પેઢીનો વિકાસ થયો "પરંતુ આમાં પણ સમસ્યા ઉત્પન્ન થવા લાગી આથી સંયુક્ત મુડી કંપનીઓનો વિકાસ પામવા લાગી.મોટા મોટા ઉદ્યોગોની સ્થાપના થઈ જેમાં શણ, ખાંડ ઉદ્યોગ, ખાણ ઉદ્યોગ, મેટલ ઉદ્યોગ, લોખંડ અને સ્ટીલ ઉદ્યોગ હાર્ડવેર ઉદ્યોગ, મશીનરી ઉદ્યોગ, વાહન ઉદ્યોગ, ઓટોમોબાઇલ સ્પેર સપ્લાય ઉદ્યોગ, જથ્થાબંધ ઓટોમોબાઈલ કાર, ઓટોમોબાઇલ રિસાયકલિંગ ઉદ્યોગ, હવા અને અવકાશ ઉદ્યોગ, સીપ બિલ્ડીંગ ઉદ્યોગ, વિદ્યુત ઉદ્યોગ, ઓફિસ મશીન ઉદ્યોગ, રેડિયો અને ટેલિવિઝન સાધનોનો ઉદ્યોગ, ઓપ્ટિકલ્સ ઘડિયાળ ઉદ્યોગ રસાયણીક ઉદ્યોગોમાંપેટ્રોલિયમ ઉદ્યોગ, ખાતર ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ કાચ ઉદ્યોગ, કાગળ ઉદ્યોગ, કોલસા ઉદ્યોગ, પ્લાસ્ટિક ઉદ્યોગ ફાર્માસ્યૂટીકલ ઉદ્યોગ, રિસાયકલિંગ ઉદ્યોગ, ખાદ્ય ઉદ્યોગ, તમાકુ ઉદ્યોગ, કપડા ઉદ્યોગ ફર્નિચર ઉદ્યોગ, રમકડા ઉદ્યોગ, પ્રિન્ટ ઉદ્યોગ, કોમ્પ્યુટર ઉદ્યોગ, ડીઝલ એન્જિન પંપ સેન્ટ, સીવાના સંચાની સોય, કટીંગ ટુલ્સ વગેરે ઉદ્યોગોનો વિકાસ થવા લાગ્યો. પરંતુ બીજા વિશ્વયુદ્ધ પછી ભારતમાં ઉદ્યોગોમાં ઉત્પાદન અને વહેચણી પ્રશ્નો વધવા લાગ્યા. ઉત્પાદન ઘટવા લાગ્યું. મૂડીની અછત સર્જાઈ અને ભાવ ઘટવા માંડ્યા.ઉત્પાદન ઘટવા લાગ્યું મૂડીની અછત સર્જાઈ અને ભાવ ઘટવા માંડ્યા. 1947માં જ્યારે ભારત અને પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે નિરાશ્રીતોનો પ્રશ્ન ગંભીર બન્યો હતો. લેણદેણની તુલા પણ પ્રતિકૂળ બનવા લાગી. પરંતુ ભારત સરકારે દેશના ઔદ્યોગિક વિકાસ માટે 1948 તુલા પણ પ્રતિકૂળ બનવા લાગી. પરંતુભારત સરકારે દેશના ઔદ્યોગિક વિકાસ માટે 1948માં ઔદ્યોગિક નીતિની જાહેર કરી 1951, 1967, 1970, 1973, 1977, 1985, 1990 અને છેલ્લે 1999 માં ઔદ્યોગિક નીતિમાં મહત્ત્વના ફેરફાર થયા.

## 11.3 ભારતમાં ઔદ્યોગિક વિકાસ પંચવર્ષીય યોજનાઓના સંદર્ભમાં

ભારતમાં ઉદ્યોગોનો વિકાસ ઘણા બધા વર્ષોથી થયેલો જોવા મળે છે. ભારતે તા.1 એપ્રિલ 1951 થી આર્થિક આયોજનનો માર્ગ અપનાવ્યો છે. ભારતે આયોજન દ્વારા ઉદ્યોગીકરણ વધારવાના સતત પ્રયાસો કર્યો છે. અને વર્તમાનમાં પણ તેને ઓપ આપવાન પ્રયાસો ચાલુ જ રાખ્યા છે. સરકારે દરેક પંચવર્ષીય યોજનામાં ઔદ્યોગિક નીતિને પ્રથમ પસંદગી કરી છે. અને દેશમાં ઔદ્યોગિકરણનું માળખું સ્થાપ્યું છે.જેમાં મોટા ચાવીરૂપ, મધ્યમ, નાના પાયાના અને કુટીર ઉદ્યોગોની સ્થાપના અને વિકાસને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે.અત્યાર સુધીમાં 12 પંચવર્ષીય યોજનાઓ પૂરી કરી છે. ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં દરેક પંચવર્ષીય યોજનાઓએ આ ક્ષેત્રે કેવી અને કેટલી પ્રગતિ કરી છે તેને સંક્ષિપ્તમાં તપાસવુ મુશ્કેલ છે. પરંતુ આપણે દરેક પંચવર્ષીય યોજનાને ઔદ્યોગિકરણ વિકાસની તરાહ તપાસીશું. વર્તમાન સમયમાં 1 જાન્યુઆરી 2015 થી કેટલાક કારણોસર પંચવર્ષીય યોજના રદ કરીને નીતિ આયોગ ની રચના કરવામાં આવેલી છે. ભારતમાં પંચવર્ષીય યોજનાના પિતા તરીકે એમ.વિશ્વેસ્વરાય જાણીતા છે.જેમને "Planned Economy" પુસ્તકમાં અર્થવ્યવસ્થામાં યોજનાની જરૂરિયાત વિશેનું વર્ણન કર્યું છે. પંચવર્ષીય યોજનાની શરૂઆત ભારતમાં 1954 થી થઈ હતી.

**(1) પ્રથમ પં. યોજના (1951-56) :** પ્રથમ યોજના દરમિયાન કૃષિઉત્પાદન ક્ષેત્ર ખૂબ જ સફળ રહી હતી. કેન્દ્ર તરફથી રાજ્યોને કુલ રૂ.1430 કરોડની સહાય મળી હતી. પરંતુ યોજનામાં

કુલ રૂ.1960 કરોડ જાહેરક્ષેત્રમાં ખર્ચવામાં આવ્યા હતા. જેમાં નાના પાયાના અને ગૃહ ઉદ્યોગો પાછળ 42 કરોડ અને જ્યારે સંગઠિત ઉદ્યોગો અને ખાણ ઉદ્યોગોના વિકાસમાં રૂ.55 કરોડ ખર્ચ કરવામાં આવ્યો. હતો ઔદ્યોગિક વિકાસનો દર વાર્ષિક સરેરાશ 7.5% રહ્યો હતો. આ યોજના દરમિયાન ઔદ્યોગિક વિકાસ માટે ખાસ પ્રયત્નો થયા જ ન હતા. ઔદ્યોગિક ઉત્પાદનમાં ખાસ કરીને વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં પણ સ્થિતિ સ્થાપકતા અને વણ વપરાયેલી શક્તિના ઉપયોગને લીધે થોડો ગણો વધારો થયો હતો. આમતો રાષ્ટ્રીય આવકનું લક્ષ્યાંક 2.1 % હતું તે લગભગ 3.6 % જેટલું થયું હતું.

**(2) બીજી પં.યોજના (1956-61) :** બીજી પંચવર્ષીય યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ઔદ્યોગિકરણની શરૂઆત કરવાનો હતો. અને રાષ્ટ્રીય આવકમાં પણ 25% વધારો કરવાનો હતો. આ યોજનામાં જાહેર ક્ષેત્રે કુલ રૂ. 4.672 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. તેમાંથી રૂ.9338 કરોડ સંગઠિત ઉદ્યોગો અને ખનીજ ઉદ્યોગના વિકાસ માટે તેમજ નાના અને ગૃહ ઉદ્યોગો માટે રૂ.187 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન ઉત્પાદન અને પુરવઠા અંગેની સ્થિતિ ખાસ સંતોષકારક રહી ન હતી. તેથી ભાવો પર તીવ્ર દબાણ આવ્યું હતું. પરંતુ આ યોજનામાં ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક દર 6.23 % રહ્યો હતો. ઔદ્યોગિક વિકાસ માટેના કુલ મૂડીરોકાણની 24 ટકા રકમ જાહેરક્ષેત્રના ઉદ્યોગો માટે ફાળવવામાં આવ્યો હતો. પરિણામે બીજી યોજનાના ગાળા દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદન બમણું થયું હતું. આ યોજનામાં ભારેપાયાના ઉદ્યોગોની સ્થાપના કરી અને ઔદ્યોગીકરણનો પાયો નાખવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન કૃષિ, વાહનવ્યવહાર, કાપડ, કાગળ, સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ થયો હતો. આ બધા કારણસર 1956 થી 1961 નો સમયગાળાને ઔદ્યોગિક ક્રાંતિનો સમયગાળો કહેવામાં આવે છે.

**(3) ત્રીજી પંચવર્ષીય યોજના (1961-66) :** આ પંચવર્ષીય યોજનાનો મુખ્ય ઉદ્દેશ આર્થિક ગતિશીલતાની અવસ્થાનો હતો. વિકાસમાં વધારો અને ઉદ્યોગનો વિકાસ કરવો અને શ્રમશક્તિનો મહત્તમ ઉપયોગ કરવો હતો. આ યોજનામાં જાહેરક્ષેત્ર કુલ રૂ.8577 કરોડ ખર્ચના લગભગ 133 ટકા જેટલી હતી. તેમાંથી 241 કરોડ નાના અને ગૃહ ઉદ્યોગોનો વિકાસ માટે ખર્ચવામાં આવ્યા હતા. અને સંગઠિત ઉદ્યોગો અને ખનીજો માટે રૂ.1726 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. આમ ઔદ્યોગિક વિકાસ માટે કુલ 23 % રકમ ખર્ચવામાં આવી હતી.

આ યોજનામાં ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક સરેરાશ દર 8.25 ટકા રહ્યો હતો. આ યોજનામાં ઉદ્યોગીકરણને ઝડપી બનાવવા માટે મૂડી માલના ઉદ્યોગોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ હતુ. અને ખાનગી ક્ષેત્રને વપરાશી વસ્તુઓના ઉત્પાદનની જવાબદારી સોંપવામાં આવી હતી.

નોધ :- વર્ષ 1962 માં ચીન સાથે યુદ્ધ થયું

વર્ષ 1965 માં પાકિસ્તાન સાથે યુદ્ધ થયું.

1966-1969 સુધી પ્લાન હોલી ડે ચાલી જેમાં ચૌથી પંચવર્ષીય યોજનાને સ્થાને 1966-67, 1967-68, 1968-69 આમ એક એક વર્ષની યોજના જેને પ્લાન હોલી ડે કહે છે. આ વર્ષમાં ઔદ્યોગિક પ્રગતિનો વાર્ષિક સરેરાશ દર લગભગ ૨2 % રહ્યો હતો.

**(4) ચોથી પંચવર્ષીય યોજના (1969 - 1974) :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સ્થિરતા સાથે વિકાસ સાધવાનો હતો. વિકાસનો લક્ષ્યાંક 5.5 ટકા હતો જેની સામે 3.3% પ્રાપ્ત થયો. હતો જેમાં કાચા માલની અછત, ખાનગીક્ષેત્ર પરના અંકુશો, વીજળીની તંગી કૃષિ ક્ષેત્ર પ્રગતિ ઓછી,

ઔદ્યોગિક અશાંતિ વગેરે કારણો ગણાવી શકાય. આ યોજનામાં જાહેરક્ષેત્રે રૂ.15709 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. તેમાંથી રૂ.243 કરોડ ગૃહ અને નાના ઉદ્યોગો માટે તેમજ રૂ.2864 કરોડ સંગઠિત અને ખનીજ ઉદ્યોગો માટે ખર્ચવામાં આવ્યા હતા. આ યોજના દરમિયાન ઓદ્યોગિક વિકાસ માટે વાર્ષિક સરેરાશ દર 4.68 ટકા પ્રાપ્ત થયો હતો. જે ખૂબ જ ઓછો હતો.

**(5) પાંચમી પંચવર્ષીય યોજના (1974-79) :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગરીબી નિવારણ આત્મા નિર્ભરતા અને ગરીબી હટાવો હતો. આથી ઔદ્યોગિકરણમાં વિકાસ કરવો અતિ આવશ્યક બની રહ્યું હતું. આ સમય દરમિયાન જાહેર ક્ષેત્રે રૂ. 39, 430 કરોડ ખર્ચાયા હતા. જેમાંથી ગૃહ અને નાના ઉદ્યોગો માટે રૂ. 592 કરોડ અને સંગઠિત ઉદ્યોગ અને ખનીજ ઉદ્યોગો માટે રૂ. 8, 989 કરોડ ખર્ચાયા હતા. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક દર સરેરાશ 5.9 ટકાનો રહેવા પામ્યો હતો. આ યોજનામાં 4.4 % વિકાસના લક્ષ્યાંક સામે 5 ટકા પ્રાપ્ત થયો હતો.

નોંધઃ આ યોજના 1978 માં નવી ચૂંટાયેલી સરકાર દ્વારા સમાપ્ત કરી દેવાઈ હતી.એટલે 1978-1980 દરમિયાન રોલિંગ પ્લાન અમલમાં આવ્યો હતો.

**(6) છઠ્ઠી પંચવર્ષીય યોજનાઃ- (1980-1985) :** આ યોજનામાં જાહેર ક્ષેત્રે રૂ.110467 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. જેમાં નાના પાયાના અને ગૃહ ઉદ્યોગો માટે રૂ.1782 કરોડ ખર્ચવામાં આવ્યા અને સંગઠિત ઉદ્યોગો માટે રૂ.20407 કરોડ વાપરવામાં આવ્યા હતા. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક સરેરાશ દર 4.5 ટકા રહ્યો હતો. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગરીબી અને બેરોજગારી દૂર કરવાનો હતો. વિકાસનો લક્ષ્યાંક 5.2 % ની સામે 5.4 % પ્રાપ્ત થયો હતો.

**(7) સાતમી પંચવર્ષીય યોજના (1985-1990) :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્પાદન અને રોજગારીનું સર્જન કરી ટેકનોલોજીનો વિકાસ કરવાનો હતો. અને તે ઉદ્યોગોના વિકાસ દ્વારા જ શક્ય બની શકે આ યોજનામાં જાહેરક્ષેત્ર રૂં.2, 21, 436 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. તેમાંથી રૂ.49102 કરોડ સંગઠિત ઉદ્યોગો માટે અને નાના પાયાના ગૃહ ઉદ્યોગો માટે રૂ.3248 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. સાતમી પંચવર્ષીય યોજનાનો ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક સરેરાશ દર 7 ટકા હતો. જે ઔદ્યોગિક વિકાસ દરના લક્ષ્યાંકથથી ઓછો હતો.

નોંધઃ 1990-91 વચ્ચેના સમયગાળામાં જુદા જુદા વાર્ષિક પ્લાન બનાવાયા હતા. ભારતીય અર્થવ્યવસ્થાના પિતા વડાપ્રધાન પી.વી.નરસિંહરાવ દ્વારા અર્થવ્યવસ્થામાં મોટો ફેરફાર કરાયો હતો.

**(8) આઠમી પંચવર્ષીય યોજના (1992-97) :** આ યોજનામાં જાહેરક્ષેત્રનો ખર્ચ રૂ.434100 કરોડ હતો. જેમાંથી રૂ.40, 623 કરોડ ઉદ્યોગો પાછળ ખર્ચવામાં આવ્યા હતા. જે કુલ ખર્ચના લગભગ 8.4 ટકા થાય છે. આ યોજના દરમિયાન ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક સરેરાશ દર 7.4 ટકા હતો.

**(9) નવમી પંચવર્ષીય યોજના : (1997 -2002) :** આ સમયગાળા દરમિયાન જાહેર ક્ષેત્રમાં રૂ.8, 59, 200 કરોડ ખર્ચવામાં આવ્યા હતા.જેમાંથી 4.7 ટકા ઉદ્યોગો અને ખાણો પર ખર્ચવામાં આવ્યા છે. અહીં ઔદ્યોગિક વિકાસનો સરેરાશ વાર્ષિક દર 5.2 ટકા હતો જે લક્ષ્યાંકથી ઘણો ઓછો છે. આ સમયગાળા દરમિયાન વિકાસનું લક્ષ્યાંક 7% હતો જે 6.5% થી પણ ઓછું થયું હતું.

**(10) દસમી પંચવર્ષીય યોજના (2002 -2007) :** આ યોજનામાં જાહેરક્ષેત્રે લગભગ રૂપિયા રૂ.12, 12802 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસનો દર લગભગ 8% જેટલો અંદાજ કાઢવામાં આવ્યો હતો. 2007 સુધીમાં ગરીબીમાં પાંચ ટકાના દરે

ઘટાડો કરાયો હતો. વિકાસનો લક્ષ્યાંક 8.1% રાખવામાં આવ્યો હતો જે વાસ્તવિક 7.7 % થયો હતો.

**(11) અગિયારમી પંચવર્ષીય યોજના (2007-2012) :** આ યોજનામાં ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસનો વાર્ષિક લક્ષ્યાંક લગભગ 11 % રાખવામાં આવ્યો હતો. આ યોજનામાં ખાનગી મૂડીરોકાણને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. સેવાક્ષેત્રે પણ 9.7 ટકા નો વૃદ્ધિદર જોવા મળ્યો હતો.

**(12) બારમી પંચવર્ષીય યોજના(2012-2017) :** બારમી પંચવર્ષીય યોજના 8% ના વાર્ષિક વૃદ્ધિ દરનું લક્ષ્ય રાખેલ છે. આ યોજના ઔદ્યોગિક વિકાસના 10% અને કૃષિવૃદ્ધિને 4% સુધી વેગ આપવાની વાત કરી હતી. વાસ્તવિક જી.ડી.પી દર વર્ષ 8% ના દરે વધી રહ્યું હતું.

ભારતમાં આયોજનકાળ દરમિયાન ઔદ્યોગિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરે છે. દેશમાં પાયાના અને ચાવીરૂપ, મોટા ઉદ્યોગોનો વિકાસ ચોક્કસપણે થયો છે. ઔદ્યોગિક માળખામાં પણ વિવિધતા સર્જાઈ છે. પાયાના અને ચાવીરૂપ ઉદ્યોગોનો વિકાસ જેમાં કાપડ ઉદ્યોગ, શણ ઉદ્યોગ, ખાંડ ઉદ્યોગ, કાગળ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ, કોલસા, લોખંડ, પોલાદ, રસાયણ ઉદ્યોગનો સમાવેશ થાય છે અને બેકારી અને ગરીબીની સમસ્યાઓને હળવી કરવામાં પણ ઔદ્યોગિક વિકાસનો મોટો ફાળો રહેલો છે.

## 11.4 ભારતમાં ઉદ્યોગોનો વિકાસ

આયોજનકાળ દરમિયાન ઔદ્યોગિક ક્ષેત્રનું માળખું મૂડી સાધનો ઉત્પન્ન કરતાં ભારે અને પાયાના ઉદ્યોગોની તરફણેમાં બદલાયુ છે.અર્થતંત્રમાં ઉત્પાદક મૂડીના કુલ જથ્થામાં આ ઉદ્યોગોનો હિસ્સો 1959માં 50 ટકા હતો તે વધતો જ રહ્યો છે. લોખંડ, પોલાદ, રાસાયણિક ખાતરો, સિમેન્ટ, કાપડ ઉદ્યોગ, શણ ઉદ્યોગ, ધાતુઓ, ખાંડ ઉદ્યોગ, યંત્ર સામગ્રી અને ઓજારો વગેરે અનેક ભારે ઉદ્યોગોની સ્થિતિ સુધરી છે અને વિકાસ પામ્યો છે. ઈસ્ટ ઈન્ડિયાના આવવાથી ભારતના ઔદ્યોગિક માળખામાં ઘણા પરિવર્તનો જોવા મળ્યો છે. 1952માં શણની મીલ સૌથી પહેલી સ્થપાઈ અને કલકત્તામાં 1818 માં પહેલી કાપડની મીલ સ્થપાઈ હતી.19 મી સદીના અંત સુધી આખા દેશમાં ઘણા બધા નવા ઉદ્યોગોની સ્થાપના થઈ અને મંદ પડેલા ઉદ્યોગોનો પણ વિકાસ થયો ઔદ્યોગિક કરણ દરમિયાન મોટા ઉદ્યોગોના વિકાસને મહત્ત્વ આપવામાં આવે છે. અને નાના ઉદ્યોગોની ઉપેક્ષા થઈ છે.1997-98 માં મોટા ઉદ્યોગોનો હિસ્સો કુલ ઉત્પાદક મૂડીમાં 74 ટકા મૂલ્ય વૃદ્ધિમાં 64 ટકા અને રોજગારી સર્જનમાં 37 ટકા હતો. જ્યારે નાના ઉદ્યોગોનો હિસ્સો અનુક્રમે 6.8 %, 12.1% અને 24.7 ટકા હતો. તે ખૂબ જ ઓછો હતો ભારત સરકારે દેશમાં ઔદ્યોગિક નીતિની જાહેરાત 1948 માં જ કરી લીધી હતી ત્યારપછી તબક્કા પ્રમાણે ચોક્કસપણે ફેરફાર થયો અને 1991 ની ઔદ્યોગિક નીતિમાં ઘણાબધા ફેરફાર કરીને ઔદ્યોગિક કરણને આપોઆપ આપવામાં આવ્યો.આર્થિક વિકાસના જુદા-જુદા તબક્કે મહત્ત્વના સ્થાને રહેલા ઉદ્યોગો વિશે સહેજ વિગતે માહિતી લઈશું. જેમાં આપણે સુતરાઉ કાપડ, કાગળ ઉદ્યોગ, શણ ઉદ્યોગ, ખાંડ ઉદ્યોગ, કોલસા ઉદ્યોગ, લોખંડ-પોલાદ, સ્ટીલ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ, ઈજનેરી અને રસાયણ ઉદ્યોગ, પ્લાસ્ટિક ઉદ્યોગની માહિતી જોઈશું.

### (1) સુતરાઉ કાપડ ઉદ્યોગ

ભારતની ઔદ્યોગિક અર્થવ્યવસ્થામાં સુતરાઉ કાપડનો ઉદ્યોગ મુખ્ય છે.કાપડ ઉદ્યોગનું ઘણું મહત્ત્વ રહેલું છે.ભારતનો સૌથી વધુ રોજગારી આપતો અને ઉત્પાદન કરતો ઉદ્યોગ છે.તે દેશમાં લગભગ 3.5 કરોડ લોકોને રોજગારી આપે છે. ભારતમાં મુંબઈ અને ગુજરાતમાં સૌથી

વધારે આ ઉદ્યોગોનો વિકાસ થયો છે. આજે સુતરાઉ કાપડની મિલો દેશના લગભગ 100 શહેરોમાં આવે છે. તેમાં મોટાભાગની મિલો મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાં છે. ભારત અનેક દેશમાં સુતરાઉ કાપડની નિકાસ કરે છે. યુ. કે, યુ. એસ. એ, સુદાન, નેપાલ, ફ્રાન્સ, રશિયા, ઓસ્ટ્રેલિયા તથા દક્ષિણ આફ્રિકાના દેશો તેના મુખ્ય ગ્રાહકો છે. કપાસના ઉત્પાદનમાં ભારત અગ્રિમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ઉદ્યોગો દ્વારા ઔદ્યોગિક વિકાસમાં કુંલ 20 % અને કુલ નિકાસમાં 35% યોગદાન છે. સુતરાઉ કાપડ ઉદ્યોગ આપણા દેશનો વિશાળ જૂનો અને મુખ્ય ઉદ્યોગ રહ્યો છે.આજે લગભગ 5.8 મિલિયન ખેડૂતો કપાસ ઉગાડીને આજીવિકા મેળવે છે. 1996-97માં 176.5 લાખ રૂ. નું ઉત્પાદન થયું હતું.અને માનવસર્જિત રેસાઓનું ઉત્પાદન 588 હજાર ટન થયું હતું. દેશમાં લગભગ 1000 થી વધારે સુતરાઉ કાપડ ઉદ્યોગની મિલો હતી.જેમાં 700 થી વધારે મિલો ખાનગી ક્ષેત્રમાં અને 179 થી વધારે જાહેર ક્ષેત્ર દ્વારા સ્થપાઈ હતી.2003-04 માં કુલ ટેક્સટાઇલ ઉત્પાદનનું મૂલ્ય 54, 727 કરોડ રૂપિયા હતું.જેમાં રૂ.27, 977 કરોડ રેડીમેટ કાપડની નિકાસ કરવામાં આવી હતી. વર્ષ 1974 માં 103 માંદા સુતરાઉ કાપડની મિલોનું રાષ્ટ્રીકરણ કરવામાં આવ્યું હતું. સુતરાઉ કાપડ મિલોમાં કાચો માલનો અભાવ નવીનીકરણની સમસ્યા, ઉત્પાદનની કાર્યક્ષમતા ઓછી, શ્રમિકોની સમસ્યાઓ, કાપડોની ઊંચી કિંમતો 1998 ના અંતે 220 કાપડની મિલો બંધ પડી હતી.જેમાં 260340 શ્રમિકો કામ કરતા હતા. ઘણા બધા નાણાકીય પ્રશ્નોની સમસ્યાઓ નડી હતી. હવે તાજેતરમાં કાપડ મંત્રાલયે ઉદ્યોગોના વિકાસ માટે ઘણા બધા પગલાં ભર્યા છે અને અંદાજપત્રમાં પણ કાપડ ઉદ્યોગોનો વિકાસ થાય તેવા પગલાં ભર્યા છે.

**(2) કાગળ ઉદ્યોગ**

ભારતમાં કાગળ ઉદ્યોગની શરૂઆત કાશ્મીરમાં પ્રથમ કાગળ ઉત્પાદન મિલની સ્થાપના કરવામાં આવી. ત્યારબાદ આધુનિક ટેકનોલોજી પ્રમાણે પ્રથમ પેપર ઉત્પાદક મિલની સ્થાપના 1870 માં કલકત્તા નજીક હુગલી નદીના કિનારે થઈ પછી 1882 ટીટાગઢ પેપર મીલ્સ અને 1887 માં બંગાળ પેપર મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીની સ્થાપના કરવામાં આવી પરંતુ આ મિલો કાગળનું ઉત્પાદન કરવામાં નિષ્ફળ ગઈ. 1951 પછી 17 પેપર મિલોની સ્થાપના કરવામાં આવી હતી.અને હાલમાં 600 થી વધુ નાના-મોટા કાગળ એકમો ઉત્પાદન કાર્યમાં યોગદાન આપી રહ્યા છે.કાગળના ઉત્પાદનમાં ભારતે આજે 20 મું સ્થાન ધરાવે છે. આ ઉદ્યોગમાં 130 કરોડનું રોકાણ થયું છે અને લગભગ 1 લાખ લોકોને રોજગારી આપે છે. અગિયારમી પંચવર્ષીય યોજનામાં કાગળ ઉદ્યોગોનું કુલ ટર્ન ઓવર 217, 000 કરોડ હતું. અને તે ભારત સરકારમાં રૂ. 2500 કરોડનું રાષ્ટ્રીય યોગદાન આપે છે.ભારતમાં માથાદીઠ કાગળનો વપરાશ છે 7.2 કિલો છે જે બીજા દેશોની સરખામણીમાં ઓછો છે.અલબત્ શ્રીલંકા જેવા દેશમાં પણ આપણા કરતાં વધારે વપરાશ છે.

ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની કામગીરી કાગળ પર જ આધારિત છે. કાગળ ઉદ્યોગોને હવે તો અલગ-અલગ વિભાગમાં વહેંચવામાં આવે છે. આ કાગળમાં મુખ્યત્વે બેંક પેપર, બોન્ડ પેપર, બુક પેપર, યાન પેપર, ડ્રાફ્ટ પેપર વોશી પેપર, પ્રિન્ટિંગ પેપર, ડાઈંગ પેપર, વેક્સપેપર, અને વોલ પેપરનો સમાવેશ થાય છે.

કાગળ બનાવવા માટે ઘાસની જગ્યાએ બાંબુનો ઉપયોગ થવા લાગ્યો અને કાચો માલ તરીકે આ લાકડાનો ઉપયોગ કરીને પલ્પ, કાગળ, કાર્ડબોર્ડ અને અન્ય સેલ્યુલોઝ આધારિત ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે.આજે વિશ્વમાં આર્થિક કે સામાજિક વ્યવસ્થામાં કાગળને અવગણી ના શકાય કાગળ વિના કોઈપણ કામગીરી પૂરી ના થઈ શકે 2007-08 માં ભારતમાં 4260

હજાર મેટ્રિક ટન કાગળનું ઉત્પાદન થયું હતું. દેશમાં 50 ટકા કાગળ નાના એકમો દ્વારા બનાવવામાં આવે છે. જ્યારે બાકીનું ઉત્પાદન 30 મોટા એકમો દ્વારા કરવામાં આવે છે.

**(3) શણ ઉદ્યોગ**

શણ એ ભારતનો એક મુખ્ય ઉદ્યોગ છે. શણ અને શણથી બનેલી ચીજ વસ્તુઓના ઉત્પાદનમાં ભારતનું સ્થાન મહત્ત્વનું છે. શણની નિકાસમાં બાંગ્લાદેશ પછી ભારતનો ક્રમ આવે છે. દેશના શણના કુલ ઉત્પાદનમાં બંગાળ લગભગ 80%, આંધ્રપ્રદેશ 10% અને બાકીનું બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, અસમ, ત્રિપુરામાં શણનું ઉત્પાદન થાય છે. શણને સંશાધિત કરવા પુષ્કળ પાણીની જરૂર પડે છે. સસ્તો માનવશ્રમ, બેંક અને વીમા સુવિધા, નિકાસ માટે બંદરોની સગવડના કારણે પશ્ચિમ બંગાળમાં આ ઉદ્યોગ કેન્દ્રિત થયો છે. તાજેતરમાં લગભગ 73 શણની મિલો છે. જેમાં 205 લાખ લોકો શણ ઉદ્યોગમાં સંગઠિત કામ કરે છે. વિશ્વના કુલ ઉત્પાદનમાં શણ ઉદ્યોગમાં ભારતનો હિસ્સો 32 % જેટલો છે.અને કુલ નિકાસમાં 46% હિસ્સો વિશ્વમાં ભારત ધરાવે છે.શણ ઉદ્યોગોમાં 300 કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થયું છે. જેમાં 30 લાખ ખેડૂતો જે શણનું ઉત્પાદન કરે છે તેમને ફાયદો થયો છે.

શણ ઉદ્યોગમાં કેટલીક સમસ્યાઓ પણ રહેલી છે.વિવિધ ચીજ-વસ્તુના પેકિંગમાં અન્ય વિકલ્પના કારણે શણની માંગમાં ઘટાડો થયો છે, સાથે સાથે કાચા માલના પ્રશ્નો પણ ઘણા છે. વળી જુની પુરાણી પદ્ધતિ જ ચાલુ છે. હવે શણને બદલે પ્લાસ્ટિકનો પણ વિકલ્પ છે જેને કારણે શણની માંગમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. આ સાથે વધુ ઉત્પાદન ખર્ચ પણ શની માંગ ઘટાડા કારણરૂપ છે.

**(4) ખાંડ ઉદ્યોગ**

કાપડ ઉદ્યોગ પછી કૃષિ આધારિત બીજો કોઈ ઉદ્યોગ હોય તો તે ખાંડ ઉદ્યોગ છે. લગભગ 5 કરોડ શેરડીના ખેડૂતો, ખેત મજૂરો શેરડીની ખેતી, કાપણી અને સંબંધિત પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે. જે ગ્રામ્ય વસતિના 7.5% છે. આ ઉપરાંત લગભગ 5 લાખ કુશળ અને અર્ધ-કુશળ કામદારો, જે મોટાભાગે ગ્રામીણ વિસ્તારોમાંથી આવે છે તે ખાંડ ઉદ્યોગોમાં રોકાયેલા છે.આ સિવાય તેની આડપેદાશોમાંથી પ્લાસ્ટિક, આલ્કોહોલ, ફાઈબર, ફાર્માસ્યુટિકલ્સ જેવી ઘણી બધી વસ્તુઓ બનાવવામાં પણ ઉપયોગી થાય છે.સરકારને પણ આ ઉદ્યોગમાંથી લગભગ 300 કરોડ જેટલો કર પ્રાપ્ત થાય છે. એટલે કે દેશના મહત્ત્વના ઉદ્યોગોમોનો આ એક ઉદ્યોગ છે.ભારતમાં ખાંડના ઉદ્યોગોના કારખાનાઓની સ્થાપના ઈ. સ. 1903 માં થઈ હતી. 1932 માં ભારતમાં ફક્ત 32 ખાંડની મિલો હતી જે 1937 માં વધીને 132 મિલો થઈ હતી.વિશ્વમાં બીજા નંબરનું ખાંડનું ઉત્પાદન ભારત દેશમાં થાય છે.190 લાખ મિલિયન ટન ઉત્પાદનની ક્ષમતા ધરાવતી 554 જેટલી ખાંડ ફેક્ટરીઓ છે.ભારતમાં 18 જેટલા રાજ્યોમાં ખાંડની ફેક્ટરીઓ છે. તેમજ તેમાંની લગભગ 60 ટકા સહકારી ક્ષેત્રની છે. જ્યાં શેરડીનું ઉત્પાદન વધુ થાય છે ત્યાં આ ઉદ્યોગો વધુ વિકસે છે. જેમ કે, ઉત્તર ભારતમાંનિહત, સહારાનકોટ, બીજનૌવ, મુઝફરનગર, મુરાદાબાદ, બહેરી, રામપુર તેમજ મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક, તમિલનાડ, આંધ્રપ્રદેશના જિલ્લાઓમાં અને ઉત્તર પ્રદેશ અને બિહારમાં પણ આ ઉદ્યોગ સારો વિકસ્યો છે.ગુજરાતમાં પણ ખાંડ ઉદ્યોગ સારા પ્રમાણમાં વિકસ્યો છે.17 જેટલા કારખાનાઓમાં 65000 ટનની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. આ તમામ કારખાનાઓ સહકારી ક્ષેત્રના છે.

ખાંડ ઉદ્યોગીની શરૂઆત દેશમાં મોડી થઈ. ખાંડની આયાતો બંધ કરી નિકાસોમાં વૃદ્ધિ થઈ પરંતુ હજી પણ ગુણવત્તાવાળી શેરડીઓનું ઉત્પાદન ઓછું છે. જૂની પુરાણી ઉત્પાદન પદ્ધતિ, ઉત્પાદન ખર્ચ વધારે અને તેના લીધે કિંમત પણ વધારે જોવા મળે છે.

**(5) કોલસા ઉદ્યોગઃ**

કોલસાનો ઉપયોગ ઊર્જા મેળવવા તથા ધાતુના નિષ્કર્ષમાં હોઈ કોલસાનો ખાણ ઉદ્યોગ અને ખનીજ ઉદ્યોગમાં પાયાનો ઉદ્યોગ ગણવામાં આવે છે. કોલસો લોખંડ ઉદ્યોગમાં મોટા પ્રમાણમાં જરૂરી છે. કોલસાકરણ શરૂઆતના તબક્કામાં સ્થિર કાર્બનનું પ્રમાણ ઓછું અને ઓક્સિજનનું પ્રમાણ વધુ હોય છે. કોલસાનું રેક્ર જેમ ઊંચું તેમ સ્થિર કાર્બનનું પ્રમાણ વધે છે. જ્યારે ઓક્સિજન, હાઇડ્રોજન અને નાઈટ્રોજના પ્રમાણમાં ઘટાડો થાય છે. ભારતીય ભૂસ્તરીય સર્વેક્ષણ દ્વારા આકારવામાં આવેલી બધી જાતના કોલસાની કુલ સંપત્તિ 1991 માં 19, 235 કરોડ ટન જેટલી છે. દુનિયાની કોલસા-સંપત્તિનો કુલ અંદાજ આશરે 13, 73, 200 કરોડ મેટ્રિક ટન જેટલો મૂકવામાં આવેલો છે. સમગ્ર દુનિયાના કોલસાના કુલ અનામત જથ્થાનો 75 % કોલસો ઉત્તર અમેરિકા અને યુરોપમાં રહેલો છે. દુનિયાની સરખામણીએ ભારતની કુલ કોલસા-સંપત્તિ 13000 કરોડ ટન આંકી છે. જે યુ. એસ., રશિયા અને ચીન પછી ચોથા ક્રમે આવે છે.

1853 માં બ્રિટનમાં વરાળથી ચાલતા રેલ્વે એન્જિન શોધાયા તે પછી કોલસોનું ઉત્પાદન અને ઉપયોગ વધવા લાગ્યા.વીસમી સદીની શરૂઆત સુધીમાં ભારતમાં કોલસાનું ઉત્પાદન વર્ષે 61 લાખ ટન સુધી પહોંચ્યું હતું. આઝાદી પછી વીજળી ઉત્પન્ન કરવા માટે કોલસાની જરૂરિયાત પણ વધતી ગઈ. ભારત પોતાની જરૂરિયાતના 70 ટકા થી વધુ વીજળી કોલસા આધારિત વીજમથકમાંથી પ્રાપ્ત કરે છે. ઇ.સ. 1973 માં કોલસાની ખાણોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે.અને દેશમાં કોલસાનું ઉત્પાદન મોટાભાગે સરકારી કંપનીઓ દ્વારા જ થઈ રહ્યું છે. કોલસાના ક્ષેત્રોમાં ઓરિસ્સા, બિહાર, પશ્ચિમબંગાળ, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગણા, મેઘાલય, આસામ, સિક્કિમ, નાગાલેન્ડ અને અરુણાચલપ્રદેશમાં પણ કોલસો મળે છે.ભારતના કોલસા મંત્રાલયના જણાવ્યા અનુસાર ભારત પાસે 319 અબજ ટન કોલસાનો ભંડાર છે.ભારતમાં 100 વર્ષ ચાલે તેટલો જ કોલસાનો જથ્થો છે. આથી જો નવા કોલસાના ક્ષેત્રો શોધવામાં નહીં આવે તો ભવિષ્યમાં કોલસાની કટોકટી સર્જાશે.ભારતમાં ફક્ત 319 અબજ ટન જેટલો જ કોલસાનો ભંડાર છે. ભારતમાં 2019-20 ના વર્ષમાં કુલ 73, 08 કરોડ ટન કોલસાનું ઉત્પાદન થયું હતું. જ્યારે 2020-21ના વર્ષમાં તે ઘટીને 71.60 કરોડ ટન થયું હતું.વિશ્લેષકોનું માનવું છે કે, "ભારતમાં કોલસાના ઉત્પાદન માટે જવાબદારી કોલ ઇન્ડિયાની છે. પણ તે કોલસાની કેટલી માંગ રહેશે તેનો અંદાજ લગાવવામાં નિષ્ફળ ગઈ છે."

કોલસા ઉદ્યોગનું આટલું બધું મહત્ત્વ હોવા છતાં કેટલીક સમસ્યાઓ પણ રહેલી છે. તેમાં મુખ્ય સમસ્યા વાહન-વ્યવહાર ની છે. વળી કોલસા પ્રાપ્ત કરવાની પદ્ધતિ પણ જુની-પુરાણી છે, વળી કોલસાની કિંમતનો પણ પ્રશ્ન છે.

**(6) લોખંડ પોલાદ અને સ્ટીલ ઉદ્યોગ :**

લોહ ઉત્પાદન એક પાયાનો ઉદ્યોગ ગણાય છે. કોઈ પણ દેશના આર્થિક અને ઔદ્યોગિક વિકાસનું સ્તર તેની પોલાદ-ઉત્પાદન ક્ષમતા તેમજ માથાદીઠ વપરાશ પરથી નિશ્ચિત કરવામાં આવે છે. આ ઉદ્યોગ ઇજનેરી, યંત્ર સામગ્રી, રેલ્વે, બાંધકામ વગેરે મહત્ત્વના ઉદ્યોગો માટે કાચો માલપુરો પાડનાર આધાર સ્તંભ છે. ભારત દેશમાં ખાનગી ક્ષેત્ર અને જાહેરક્ષેત્ર બંને ક્ષેત્રમાં લોખંડ-પોલાદ ઉદ્યોગ ચાલે છે. 1853 માં ઈસ્ટ ઇન્ડિયા આયર્ન કંપનીએ દક્ષિણ આર્કોટ અને કોઈમ્બતુરમાં વાત ભઠ્ઠીઓની સ્થાપના કરી હતી.જે બંધ પડી હતી.1874 માં બેંગાલ આયર્ન વર્કસે કુલ્ટી, આસનસોલ (પશ્ચિમ બંગાળમાં) માં ખનીજ કોલસાનો ઉપયોગ કરી પદ્ધતિસર કાચું લોખંડ ગાળવાનો પ્રારંભ કર્યો હતો.1994 માં ભારત લોખંડ-પોલાદ ઉદ્યોગમાં વિશ્વમાં આઠમું સ્થાન ધરાવતું હતું. ભારતમાં લોખંડની વપરાશ 1614 માથાદીઠ છે. જે બીજા

દેશ કરતા ઓછી છે. વિશ્વની સરેરાશ માથાદીઠ વપરાશ 150 કીગ્રા છે. વિશ્વના પોલાદ-ઉદ્યોગ વર્તમાનમાં મંદીની અસર નીચે છે. 2002માં વિશ્વના સમગ્ર લોહ ઉદ્યોગ 106.8 કરોડ ટન ઉત્પાદન ક્ષમતામાંથી 83.5 કરોડ ટન પોલાદ નું ઉત્પાદન થયું હતું. જેમાંથી 72% કરોડ ટન ની વપરાશનો અંદાજ છે. આ મંદીનો પ્રશ્ન હલ કરવા વિશ્વના 30 દેશોના લોહ ઉદ્યોગપતિઓ એ પોલાદના ઉત્પાદનમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો હતો. ધ ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપનીએ સ્ટીલ ક્ષેત્રની મોટામાં મોટી કંપની છે. ઇ. સ. 1907 માં જમશેદપુર નામના સ્થળ પર કરવામાં આવી હતી.આ કંપની TISCO એ નામે પણ ઓળખાય છે.તે 28 મિલિયન ટન ની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા સાથે વિશ્વની પાંચમાં નંબરની મોટી સ્ટીલ કંપની છે.34 માર્ચ 2008ના રોજ પૂરા થયેલા વર્ષમાં રૂ. 12, 350 કરોડ ના ચોખ્ખા નફા સાથે ટાટા સ્ટીલ રૂ. 1, 32, 110 કરોડની કુલ વાર્ષિક આવકની સાથે ભારતની બીજી સૌથી નફાકારક ખાનગી ક્ષેત્રની કંપની પણ છે. આ ઉદ્યોગોનો એકમો બિહાર, મેસુર, ઓરિસ્સા, કર્ણાટક તથા મધ્યપ્રદેશ જેવા રાજ્યમાં પણ આવેલા છે.

આ ઉદ્યોગો ભારતમાં ખૂબ જ મહત્ત્વના હોવા છતાં વાહન વ્યવહારની સમસ્યાઓ, મૂડી રોકાણ પણ ઊંચું હોય છે તે પણ ઉત્પાદનમાં ઘણી સમસ્યાઓ સર્જે છે. ભાવનીતિમાં ટેકનિકલ પ્રશ્નો, આ ઉદ્યોગોમાં નવી ટેકનોલોજી માટેની તાલીમનો અભાવ અને શ્રમની મોટી સમસ્યાઓ કાચા માલ માટે સરકારી-નિયંત્રણો જોવા મળે છે.

**(7) સિમેન્ટ ઉદ્યોગઃ**

દેશના મહત્ત્વના ઉદ્યોગમાં સિમેન્ટ ઉદ્યોગ આગવું સ્થાન ધરાવે છે. ભારતમાં પ્રથમ આધુનિક સિમેન્ટ ઉત્પાદન કારખાનું ચેન્નઈમાં 1904 માં સ્થાપવામાં આવ્યું હતું. જે સફળ થયું ન હતું. તેના પછી 1912-13 ના સમય દરમિયાન ગુજરાતમાં પોરબંદરમાં એક ફેક્ટરીની સ્થાપના કરવામાં આવી હતી. તેના પછી 1934 માં, દેશમાં સિમેન્ટનું ઉત્પાદન વધારવા માટે એસોસીએટેડ સિમેન્ટ કંપનીની રચના કરવામાં આવી હતી.1950-51 માં ભારતમાં માત્ર 21 ફેક્ટરીઓમાં સિમેન્ટનું ઉત્પાદન થયું હતું. જ્યારે હાલમાં લગભગ 144 જેટલી ફેક્ટરીઓ થઈ છે. આ સિમેન્ટની ફેક્ટરીઓ તમિલનાડુ, ઝારખંડ, બિહાર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, કેરળ, ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, જમ્મુ કશ્મીર જેવા રાજ્યોમાં અલગ-અલગ સ્થળ માં આવેલી છે. આ ઉદ્યોગમાં લગભગ 70, 000 શ્રમિકોને સીધી રોજગારી આપે છે. 110 કરોડ રૂપિયાનો વાર્ષિક ઉત્પાદન કરે છે. વર્ષ 2002-03 માં ભારતે 69.2 લાખ ટન સિમેન્ટ ની નિકાસ કરવામાં આવી હતી.

સિમેન્ટ ઉદ્યોગના ઉત્પાદન માટે મોટી માત્રામાં કાચા માલનો ઉપયોગ થાય છે અને આ ઉદ્યોગો જ્યારથી કાચો માલ સરળતાથી મળે તેવી જગ્યાએ વિકસે છે. જેમાં મુખ્ય કોલસો, ચુનાના પથ્થર, જીપ્સમ અને ચોકની જરૂર પડે છે. આવા કાચા માલની ખાણો 30 થી 40 માઈલમાં પથરાયેલી જોવા મળે છે. ભારતમાં સિમેન્ટની માથાદીઠ વપરાશ અન્ય વિકસિત દેશો કરતા ઓછી છે. 1947 માં માથાદીઠ વપરાશ 5.5 કિ.ગ્રા, 1972 માં 27 કિ.ગ્રા, 1979 માં 23 કિ.ગ્રા, ઘટીને થયું હતું. 1985 માં પાછું વધીને 40 કિ.ગ્રા., અને 1999 માં માથાદીઠ વપરાશ 86 કિ.ગ્રા.થઈ હતી. પણ હજી બીજા દેશના પ્રમાણમાં વપરાશ ઓછી છે. 1985 માં જાપાનમાં માથાદીઠ વપરાશ 631 કિ.ગ્રા. સ્વીટઝલેન્ડમાં 546 કિ.ગ્રા.અને બેલ્જિયમ માં 763 કિ.ગ્રા. વપરાશ હતી.2006-07 માં દેશમાં કુલ 1547 લાખ મેટ્રિક ટન સિમેન્ટ નું ઉત્પાદન થયું હતું.

સિમેન્ટ ઉદ્યોગની શરૂઆત ઈ.સ.1913 એટલે કે આઝાદી પહેલા થઈ હતી. સિમેન્ટના

ઉદ્યોગોમાં ઝડપી પ્રગતિ નોંધાઈ છે. પરંતુ સ્થાનિયકરણની સમસ્યા એક મોટી છે. વાહન-વ્યવહાર અને પેકેજીંગની સમસ્યાએ પણ ઘણા પ્રશ્નો ઊભા કર્યા છે.

**(8) રસાયણ ઉદ્યોગ :**

રસાયણ ઉદ્યોગના ઉત્પાદનમાં ભારતનું સ્થાન મહત્ત્વનું છે. ખેતી, દવાઓ, સંરક્ષણ, વગેરેનું ઉત્પાદન રસાયણ ઉદ્યોગ દ્વારા જ થાય છે. રસાયણ ઉદ્યોગમાં કૃત્રિમ રેસા, રબર, પ્લાસ્ટિકની વસ્તુઓ, રંગ, તેજાબ નાઈટ્રિક એસિડ, સોડા એશ, ક્લોરિન, જંતુનાશક દવાઓ, ટાયર, લેધર, ટેક્સટાઇલ, પેપર એકમો, ડ્રગ્સ, ફાર્માસ્યુટિકલ વગેરે રસાયણ ઉદ્યોગના જુદા જુદા ક્ષેત્રો છે. રસાયણ ઉદ્યોગ એ વિશ્વની વર્તમાન અર્થવ્યવસ્થાની પાયાનો અને મહત્ત્વનો ઉદ્યોગ છે. રસાયણ ઉદ્યોગના ઉત્પાદનના પ્રકારમાં અકાર્બનિક ઉદ્યોગ, કાર્બનિક ઉદ્યોગ, સીરામીક, પેટ્રો કેમિકલ્સ, કૃષિ રસાયણો, પોલીમર, ઇલાસ્ટોમર, તેલ, વિસ્ફોટક, પરફ્યુમસ અને ફલેવર્સ નો સમાવેશ કરી શકાય છે. 1983-84 માં દવાઓની નિકાસ દ્વારા 161 કરોડ રૂપિયા મળ્યા હતા. 2022 માં દેશના કુલ સ્થાનિક ઉત્પાદન માં 7 % ફાળો આપે છે. 2022 માં ભારત વિશ્વનું છઠ્ઠું મોટું અને એશિયામાં ત્રીજું સૌથી મોટું રસાયણ ઉત્પાદક છે.

**(9) પ્લાસ્ટિક ઉદ્યોગ :**

પ્લાસ્ટીક ઉદ્યોગ ને Sunrise Industry પણ કહે છે. દેશમાં દર વર્ષે ઉતરોતર પ્લાસ્ટિકની કાચામાલની માંગમાં વધારો થાય છે. વોટર પ્રૂફરીંગ તથા બીબામાં ઢાળી શકાય તેવા ગુણના કારણે પેકિંગ રસાયણોના સંચયન, ટેકસટાઇલ, મકાન બાંધકામ, વાહન નિર્માણ, ઈલેક્ટ્રોનિકસ વગેરેમાં તેનો ઉપયોગ થાય છે. દિલ્લી, મુંબઈ, કોલકાતા. બેંગલુરુ, વાપી, વડોદરા, કાનપુર, કોઈમ્બતુર, ચેન્નઇ પ્લાસ્ટિક ઉત્પાદનના મહત્ત્વનાં કેન્દ્રો છે; પ્લાસ્ટિક નો ઉપયોગ રોજબરોજ વધતો જાય છે. લગભગ બધી જ વસ્તુઓમાં આપણને પ્લાસ્ટિક જોવા મળે છે. તેનો ઉપયોગ. ફીલર તરીકે કોટન ફલોક, વુડ ફલોર, કલે, ફાઈબર, સિલીકા, ફીલ્મ પેકેજીંગ, ઓટોમોબાઈલ મોલ્ડીંગ, હાઉસવેર, ફડ કન્ટેઈનર, રમકડાં, સોફ્ટ ડ્રીંક બોટલ, મોલડીંગ પ્રોડક્ટસ ફિલ્મ ટ્યૂબ, નોન-બ્રેકેલન સ્ટ્રીટ લાઈટ, હાઉસ હોલ્ડએપ્લાયન્સ ઈ રેફરીજરેટર દરવાજા, એર કન્ડીશન કેશ, ઈલેક્ટ્રીક ઈકવીપમેન્ટ, રેડિયો કેબીનેટ, ઘડિયાળ, થર્મલ ઇન્સ્યુલેશનર, આઇસ બકેટ, વોટર કુલર, વાયર કોટિંગ, ટેક લાઈનીંગ, પેઈન્ટસ, પાવર ટુલ્સ હાઉઝીંગ, ઈલેક્ટ્રીક ઈકવીપમેન્ટ, ઓટો કમ્પોનેટ, કમ્પ્યુટર કમ્પોનેટ, વાયર અને કેબલ કોટીંગ, ઓટો મોબાઇલ બજાર, વગેરે જેવી વસ્તુઓ બનાવવા માટે પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે.

ભારતમાં ફિનોલ - ફોર્મોલ્ડીહાઇટ રેજિન માટેના કાચા માલનું ઉત્પાદન 1948 માં શરૂ કરવામાં આવ્યું હતું. 1958માં ભારતમાં પ્રથમ પોલિઇથિલીન પ્લાન્ટ સ્થપાપો હતો. તેની ક્ષમતા વાર્ષિક 4500 ટનની હતી. કાચા માલના ઉત્પાદન માટે પ્રથમ વિશાળ ક્ષમતાવાળો એકમ ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન દ્વારા 1978માં શરૂ કરવામાં આવ્યો. હાલમાં ભારતમાં કાચા માલનું ઉત્પાદન કરતી કંપનીઓમાં આઇ.પી.સી. એલ. નોશિલ, રિલાયન્સ, ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ વગેરે જાણીતી છે. ભારતના નિકાસ - વેપારમાં પણ પ્લાસ્ટિક ઉદ્યોગનો હિસ્સો વધતો જાય છે. 1991-92 માં 10.5 કરોડ ડોલરની કિંમતની પ્લાસ્ટિકની ચીજોની નિકાસ વધીને 1995-96 મા 50 કરોડ ડોલર સુધી પહોંચી હતી. પેકેજિંગ ક્ષેત્રે ભારત અગત્યનું સાધન બન્યું છે. લગભગ 15%. જેટલું પ્લાસ્પિ પેકિંગ માટે વપરાય છે.

AIPMA ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન અરવિંદ મહેતાએ જણાવ્યું હતું કે, ''ભારતીય પ્લાસ્ટિક ઉદ્યોગ ઝડપી વિકાસ માટે તૈયાર છે. પ્લાસ્ટિક ઉદ્યોગનું કદ 2022-23 માં 3.50 લાખ કરોડથી વધીને 2027-28માં રૂ. 10 લાખ કરોડ થવાનો અંદાજ છે. પ્લાસ્ટિક ઉત્પાદનોની

નિકાસ 40, 000 કરોડ થી વધીને રૂ. 1 લાખ કરોડ થવાની ધારણા છે. જે ભારતીય ઉત્પાદનોની વૈશ્વિક સ્વીકૃતિને પ્રતિબિંબિત કરે છે. ભારતીય ઉદ્યોગ માટે આ એક ઉત્તમ તક છે. અને આપણે તેનો મહત્તમ લાભ ઉઠાવવો જોઈએ. શાહે કહ્યું." અમને વિશ્વાસ છે કે ભારતીય પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ દેશને 5 ટ્રીલિયનની અર્થ વ્યવસ્થા બનાવવામાં મદદરૂપ મહત્ત્વ પણ ભૂમિકા ભજવશે. ભારતના પ્લાસ્ટિક વેપારમાં છેલ્લા 10 વર્ષમાં જેગી વૃદ્ધિ જોવા મળે છે. જે 2013-14માં 50 19 બિલિયનથી વધીને નાણાકીય વર્ષ 2022-23 માં USD 37 બિલિયન થઈ છે. ભારતીય પ્લાસ્ટિક ઉદ્યોગમાં હાલમાં 50 હજારથી વધુ પ્રોસેસરનો સમાવેશ થાય છે જે પાંચ લાખથી વધુ લોકોને રોજગારી આપે છે. પર્યાવરણ પ્રત્યે સભાન યુવા વ્યક્તિઓ માટે ભારતમાં પ્લાસ્ટિક ઉદ્યોગ ટકાવપણું અને પર્યાવરણીય જવાબદારી પ્રત્યેની તેની સતત પ્રતિબધ્ધતાને જોતા અનન્ય આકર્ષણ ધરાવે છે. ટકાઉ પેકેજીંગ, સામગ્રી રિસાયકલિંગ તકનીકો અને બાયોડીગ્રેદડેબલ પોલીમર્સમાં પ્રગતિશીલ પ્રગતિ સેક્ટરમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે. આ ટકાવુપણું અભિગમ વૈશ્વિક પર્યાવરણીય ઉદ્દેશો સાથે થાય છે અને યુવાસાહસિકો અને સ્ટાર્ટઅપને અત્યાધુનિક, ઈકો ફ્રેન્ડલી ઉત્પાદનનો સાથે બજારને વિક્ષેપિત કરવાની સોનેરી તક આપે છે.

ભારતમાં ઉપરના પૈકી ઘણા બધા ઉદ્યોગો છે જે મહત્ત્વના છે. જેમ કે રેશમી કાપડ, ઉની કાપડ, કૃત્રિમ કાપડ, તાબુ, એલ્યુમિનિયમ, ખાતર ઉદ્યોગ, પરિવહન ઉપકરણો, ઈલેક્ટ્રોનિકસ ઉદ્યોગ, પ્લાસ્ટિક ઉદ્યોગ, રેલવે ઉપકરણ ઉદ્યોગ, સડક વાહનોનું ઉત્પાદન કરતાં ઉદ્યોગ, જહાજ બાંધવાના ઉદ્યોગો, તેના સિવાય નાના પાયાના, કુટીર ઉદ્યોગો, એ પણ મહત્ત્વનું સ્થાન ધરાવ્યું છે.

## 11.5 ભારતીય અર્થતંત્રમાં ઉદ્યોગોનું મહત્ત્વ

વર્તમાન યુગમાં જો આર્થિક વિકાસ કરવો હોય તો ઉદ્યોગોના વિકાસ વગર સંભવ નથી. જે દેશો ઔદ્યોગિક દ્રષ્ટિએ જેટલો વધારે સક્ષમ હશે તેની અર્થવ્યવસ્થા પણ એટલી જ મજબૂત હશે. યુ.એસ.એ, રશિયા, જાપાન જેવા દેશો પોતાના ઔદ્યોગિક વિકાસને કારણે જ સમૃદ્ધ અને મજબૂત થયો છે. ભારતમાં સમગ્ર રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉત્પાદનના ઉદ્યોગોનો 29% ફાળો છે. દેશમાં ઉદ્યોગો ઉપર જેટલી અપેક્ષા હતી તેટલા કામ કરી શક્યા નથી. રોજગારીના પ્રશ્નો, ઉત્પાદકતાના પ્રશ્નો, મંદીના પ્રશ્નો, આર્થિક વિકાસના પ્રશ્નો વગેરેને કારણે જોઈએ તેટલો વિકાસ થયો નથી. પરંતુ 2004-05 નો આરંભ થયો તે આશાસ્પદ રહ્યો છે. એપ્રિલ 2004 થી ડિસેમ્બર 2005 દરમિયાન પ્રાપ્ત થયેલા ઔદ્યોગિક વિકાસનો 8.4 ટકા દર રહ્યો જે સૌથી વધારે દરનો છે. આ સમયગાળા દરમિયાન મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોનો વિકાસ દર 9% ખાણો અને ખનીજોનો વિકાસ દર 4.8% અને ઈલેક્ટ્રીક સીટીનો વિકાસ દર 6.4 ટકા રહ્યો હતો.

ભારતમાં ઔદ્યોગિકીકરણ એ હંમેશાં વિકાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવ્યું છે. કારણ કે જો ઔદ્યોગિક વિકાસ થાય તો ખેતી ક્ષેત્રમાં પણ વિકાસની સંભાવનાઓ વધી જાય છે. ઝડપી આર્થિક વિકાસ તો થાય જ છે પરંતુ ખેતી ક્ષેત્રે શ્રમિકનું ભારણ પણ ઘટે છે. રોજગારીની દ્રષ્ટિએ પણ ઉદ્યોગો મહત્ત્વના છે.મૂડીના પુરવઠામાં પણ સતત વૃદ્ધિની શક્યતા, ખેતીની સરખામણી કરીએ તો ઉદ્યોગોમાં શ્રમની ઉત્પાદકતા પણ ઊંચી રહે છે.ખેતી ક્ષેત્રના વિકાસમાં પણ ઉદ્યોગોનો વિકાસ જરૂરી છે.નિકાસો વધારવા અને આયોતોમાં ઘટાડો કરવામાં પણ ઉદ્યોગોનું મહત્ત્વ રહેલું છે.માથાદીઠ આવક વધારવામાં, જી. ડી. પી વધારવા માટે પણ ઉદ્યોગોનું મહત્ત્વ રહેલું છે. ટેકનોલોજીનો વિકાસ પણ ઉદ્યોગોને કારણે થવાનો છે ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ થવાથી આર્થિક લાભોની સાથે સાથે સામાજિક લાભો અને રાજકીય લાભો પણ પ્રાપ્ત થવાના છે.

શહેરીકરણ પણ વધશે અને આંતરમાળખાકીય સેવાઓ પણ વધે છે. મોટાભાગના લોકોને ઉદ્યોગોમાંથી રોજગારી પ્રાપ્ત થશે એટલે ગરીબીનું પ્રમાણમાં પણ ઘટાડો જોવા મળે છે. સમતોલ પ્રાદેશિક વિકાસ પણ ઉદ્યોગોને કારણે થવા પામ્યા છે. આમ, હેન્સન ના કહેવા પ્રમાણે, "ઔદ્યોગિકરણ એ મૂડીનો પાયો વધારે મહાન અને વધારે વિસ્તૃત કરવાની પ્રક્રિયા છે."

## 11.7 ચાવીરૂપ શબ્દો

- **ઔદ્યોગિકીકરણઃ** અઢારમી સદીના ઉત્તરાર્ધ અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધના સમયમાં વિશ્વના કેટલાક દેશોમાં તકનિકી, સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક સ્થિતિમાં ઘણો મોટો બદલાવ આવ્યો. તેને જ ઔદ્યોગિક ક્રાંતિના નામે ઓળખવામાં આવે છે.
- **આધુનિકરણ** (Modernization) એ એવો પ્રક્રિયા છે જેનાથી કોઈ વસ્તુ, વ્યવસ્થા, પ્રણાલી, કે વિચારધારા સમયનાં આધુનિક માનદંડો અને ટેક્નોલોજીના આધારે સુધારાય છે અને નવીન બને છે.
- **પંચવર્ષીય યોજના** (Five-Year Plan) એ સરકાર દ્વારા આરંભિત એક વિશિષ્ટ અર્થતંત્ર અને સામાજિક વિકાસનો વ્યૂહાત્મક આયોજિત કાર્યક્રમ છે, જે પાંચ વર્ષના સમયગાળામાં દેશના વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે તૈયાર કરવામાં આવે છે.
- **મેન્યુફેક્ચરિંગ** (Manufacturing) એટલે કાચા માલ અથવા ઘટકોને વિધિવત પ્રક્રિયાઓ અને સાધનો દ્વારા ઉદ્યોગમાં પરિવર્તન કરીને તૈયાર માલ (Finished Goods) બનાવવાની પ્રક્રિયા. આ પ્રક્રિયા સામાન્ય રીતે ફેક્ટરીઓમાં થાય છે અને તે માનવશ્રમ, મશીનરી, અને ટેક્નોલોજીની મદદથી કરાય છે.

## 11.8 તમારી પ્રગતિ ચકાસો

- **નીચેના લાંબા પ્રશ્નોના જવાબ આપો.**

1. ભારતમાં ઔદ્યોગિક વિકાસની તરાહ સમજાવો
2. ભારતના ઔદ્યોગિક વિકાસમાં પંચવર્ષીય યોજનાઓનો પારો સમજાવો.
3. ભારતમાં સુતરાઉ કાપડ અને કાગળ ઉદ્યોગની સમજુતી આપો.
4. ભારતમાં શણ ઉદ્યોગ, ખાંડ ઉદ્યોગ, અને કોલસા ઉદ્યોગની સમજુતી આપો.
5. ભારતમાં લોખંડ, પોલાદ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ અને રસાયણ ઉદ્યોગની સવિસ્તાર માહિતી આપો.
6. ભારતમાં ઔદ્યોગિક વિકાસની તરાહ સમજાવી તેનું મહત્ત્વ સમજાવો.

- **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. ઔદ્યોગિક નીતિ એટલે શું ?
2. ભારતે આર્થિક આયોજનનો માર્ગ કયા વસ્તી અપનાવ્યો હતો.
3. ભારતમાં પંચવર્ષીય યોજના ની શરૂઆત કયા વર્ષથી થઈ હતી.
4. અત્યાર સુધીમાં કેટલી પંચવર્ષીય યોજના પૂરી થઈ છે.
5. કયા વર્ષથી પંચવર્ષીય યોજના રદ કરી નીતિ આયોગની રચના કરવામાં આવી.
6. ભારતમાં પંચવર્ષીય યોજનાના પિતા કોને કહેવામાં આવે છે.

7. પ્રથમ પંચવર્ષીય યોજનામાં કેન્દ્ર તરફથી રાજ્યોને કુલ કેટલા કરોડની સહાય મળી હતી.

8. 1956 થી 1961 નો સમયગાળો કઈ ક્રાંતિનો હતો.

- **ટૂંક નોંધ લખો.**

(1) ભારતમાં ઔદ્યોગિક વિકાસની તરાહ

(2) પ્રથમ અને બીજી પંચવર્ષીય યોજનામાં ઔદ્યોગિક વિકાસ

(3) ત્રીજી અને ચોથી પંચવર્ષીય યોજનામાં ઔદ્યોગિક વિકાસ

(4) ભારતમાં સુતરાઉ કાપડ સમજાવો.

(5) ભારતમાં ઔદ્યોગિક વિકાસમાં કાગળ ઉદ્યોગ

(6) ભારતમાં ઔદ્યોગિક વિકાસમાં શણ ઉદ્યોગ

(7) ભારતમાં મહત્ત્વના ઉદ્યોગ તરીકે ખાંડ ઉદ્યોગ અને કોલસા ઉદ્યોગ

(8) ભારતમાં લોખંડ, પોલાદ ઉદ્યોગ સમજાવો.

(9) ભારતમાં સિમેન્ટ અને રસાયણ ઉદ્યોગ સમજાવો.

(10) ભારતીય અર્થતંત્રમાં ઉદ્યોગોનું મહત્ત્વ સમજાવો.

- **નીચેના વૈકલ્પિક પ્રશ્નોનો સાચા જવાબ લખો :**

(1) કયા વર્ષમાં આર્થિક આયોજનનો માર્ગ અપનાવ્યો હતો.

(A) 1951 (B) 1947 (C) 1949 (D) 1955

(2) અત્યાર સુધીમાં કેટલી પંચવર્ષીય યોજનાઓ પૂરી થઈ છે.

(A) 11 (B) 12 (C) 10 (D) 13

(3) વર્તમાન સમયમાં કયા વર્ષથી કેટલાક કારણોસર પંચવર્ષીય યોજના રદ કરીને નીતિ આયોગની રચના કરવામાં આવેલી છે.

(A) 2020 (B) 2021 (C) 2016 (D)2015

(4) ભારતમાં પંચવર્ષીય યોજના ના પિતા તરીકે કોણ જાણીતા છે.

(A) એમ. વિશ્વેસ્વરાય (B) ગાંધીજી (C) વિનોબા ભાવે (D) અમત્ય સેન

(5) એમ. વિશ્વસ્વરાયએ કયા પુસ્તકમાં અર્થ વ્યવસ્થામાં યોજનાની જરૂરિયાત વિશેનું વર્ણન કર્યું છે.

(A) Principal of economics (B) Planned economy

(C) Das capital (D) ઉપરમાંથી કોઈ નહીં

(6) પંચવર્ષીય યોજના ની શરૂઆત ભારતમાં કયા વર્ષથી થઈ હતી.

(A) 1947 (B) 1950 (C) 1949 (D)1951

(7) પ્રથમ પંચવર્ષીય યોજનામાં કુલ કેટલા કરોડ રૂપિયા જાહેર ક્ષેત્રમાં ખર્ચવામાં આવ્યા હતા.

(A) 1960 કરોડ (B) 1430 કરોડ (C) 42 કરોડ (D) 55 કરોડ

(8) ત્રીજી પંચવર્ષીય યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી.

(A) 1955-1960 (B) 1961 થી 1966 (C) 1969 થી 1974 (D) 1974 થી 1979

(9) 1966-1969 ના સમયગાળાને શું કહેવામાં આવે છે.

(A) પ્લાન હોલીડે (B) ઔદ્યોગિકરણ સમય

(C) આમાંથી એક પણ નહીં (D) A અને B બંને

(10) ભારતમાં કયા વર્ષ ચીન સાથે યુદ્ધ થયું હતું.

(A) 1965 (B) 1955 (C) 1950 (D) 1962

(11) ચોથી પંચવર્ષીય યોજનાનો મુખ્ય ઉદ્દેશ કયો હતો.

(A) સ્થિરતા સાથે વિકાસ (B) ગરીબી નિવારણ

(C) ઔદ્યોગિકકરણ (D) ઉપરના બધા જ

(12) 1978-1980 દરમિયાન કયો પ્લાન અમલમાં આવ્યો હતો.

(A) વાર્ષિક પ્લાન (B) પ્લાન હોલી ડે

(C) રોલિંગ પ્લાન (D) ઉપરનું કોઈ પણ નહીં

(13) કયા વર્ષમાં શણની મિલ સૌથી પહેલી સ્થપાઈ હતી.

(A) 1952 (B) 1818 (C) 1959 (D) 1950

(14) કલકત્તામાં કયા વર્ષમાં પહેલી કાપડની મિલ સ્થપાઈ હતી.

(A) 1952 (B) 1949 (C) 1818 (D) 1947

(15) સુતરાઉ કાપડ ઉદ્યોગમાં ભારતમાં કયું શહેર સૌથી વધારે વિકાસ પામ્યું છે.

(A) મુંબઈ અને ગુજરાત (B) તમિલનાડુ (C) ઉત્તર પ્રદેશ (D) પશ્ચિમ બંગાળ

(16) ભારતમાં કાગળ ઉદ્યોગની શરૂઆત સૌથી પહેલા કયા શહેરમાં કરવામાં આવી.

(A) મુંબઈ (B) કાશ્મીર (C) કલકત્તા (D) ગુજરાત

(17) આધુનિક ટેકનોલોજી પ્રમાણે પ્રથમ પેપર ઉત્પાદક મિલ ની સ્થાપના 1870 માં કલકત્તા નજીક કઈ નદીના કિનારે થઈ.

(A) ગંગા (B) સરસ્વતી (C) યમુના (D) હુગલી

(18) 2007-08 માં ભારતમાં કેટલા હજાર મેટ્રિક ટન કાગળનું ઉત્પાદન થયું હતી.

(A) 4260 (B) 5260 (C) 3050 (D) 17000

(19) શણની નિકાસમાં બાંગ્લાદેશ પછી કયા દેશનો ક્રમ આવે છે.

(A) રશિયા (B) ભારત (C) ચીન (D) યુ.કે

(20) ખાંડ ઉદ્યોગમાંથી તેની આડ પેદાશો માંથી કઈ કઈ વસ્તુઓ નીચેનામાંથી બને છે.

(A) પ્લાસ્ટિક, ફાઈબર (B) આલ્કોહોલ (C) ફાર્માસ્યુટીકલ્સ (D) ઉપરના બધા જ

(21) ખાંડના ઉદ્યોગોના કારખાનાઓની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી.

(A) 1903 (B) 1910 (C) 1950 (D) 1945

(22) કયા વર્ષમાં બ્રિટનમાં વરાળથી ચાલતા રેલવે એન્જિન શોધાય તે પછી કોલસાનું ઉત્પાદન અને ઉપયોગ વધવા લાગ્યા.

(A) 1857 (B) 1903 (C) 1853 (D) 1942

(23) 1994 માં ભારત લોખંડ-પોલાદ ઉદ્યોગમાં વિશ્વમાં કયા નંબરનું સ્થાન ધરાવતું હતી.

(A) પહેલું (B) આઠમું (C) દસમું (D) ત્રીજી

(24) 1912-13 ના સમય દરમિયાન ગુજરાતના કયા શહેરમાં સિમેન્ટની ફેક્ટરીની સ્થાપના કરવામાં આવી.

(A) પોરબંદર (B) સુરત (C) રાજકોટ (D) અમદાવાદ

(25) સિમેન્ટ ઉદ્યોગની શરૂઆત કયા વર્ષથી થઈ હતી.

(A) 1945 (B) 1950 (C) 1857 (D) 1913

(26) 2022 માં ભારત એશિયામાં રસાયણ ઉત્પાદકનું કયું સ્થાન ધરાવે છે.

(A) પહેલું (B) બીજું (C) ત્રીજું (D) ચોથું

- **સંદર્ભ સૂચિ**

ભારતની આર્થિક સમસ્યાઓ અને નીતિઓ, બી એસ.શાહ પ્રકાશન જુન 1980

વિકસતા દેશોનું અર્થશાસ્ત્ર, ભારત પ્રકાશન જુન 2005

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ન્યુ પોપ્યુલર પ્રકાશન, 2015

ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, પ્રકાશ રાવલ. 2015-16

https : //. gpsc.app.org

https : // gujarativishwakosh.org

https : // gu. m. wikipedia.org

https:// hi.wikipedia.org.

https:// www.e gujaratishala.com

https:// www.thehindubusinessline.com

https:// www.gujaratsamachar.com

https:// www.whatpackaging.in

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(1) A (2) B (3) D (4) A (5) B (6) D (7) A (8) B (9) A (10) D (11) A (12) C (13) A (14) C (15) A (16) B (17) D (18) A (19) B (20) D (21) A (22) C (23) B (24) A (25) D (26) C

એકમ 12

# ઉદ્યોગ અને પર્યાવરણ

-: રૂપરેખા :-


**12.0** ઉદ્દેશો

**12.1** પ્રસ્તાવના

**12.2** ઉદ્યોગ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ

**12.3** ઔદ્યોગિક વિકાસથી પર્યાવરણ ઉપર પ્રભાવ

**12.4** પર્યાવરણીય અસમતુલા / પ્રદૂષણની ટકાઉ ઔદ્યોગિક વિકાસ ઉપર અસર

**12.5** ભારત સરકારની ઉદ્યોગો અને પર્યાવરણ અંગેની નીતિ

**12.6** સારાંશ

**12.7** ચાવીરૂપ શબ્દો

**12.8** તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ સૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 12.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

(1) ઉદ્યોગો અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ સમજાવી શકશો.

(2) ઔદ્યોગિક વિકાસથી પર્યાવરણ ઉપર થતી અસરોને ઓળખી શકશો.

(3) પર્યાવરણીય સમતુલાથી ટકાઉ ઔદ્યોગિક વિકાસ માટે ઉભી થતી સ્થિતિ અંગે ચર્ચા કરી શકશો.

(4) પર્યાવરણીય સમતુલા જાળવીને ઔદ્યોગિક વિકાસ થઇ શકે તે માટે ભારત સરકારની નીતિની સમીક્ષા કરી શકશો.

## 12.1 પ્રસ્તાવનાઃ

ઔદ્યોગિક વિકાસ આર્થિક વિકાસની જરૂરી પ્રક્રિયા છે. માત્ર ખેતી ઉપર આધારિત અને સ્વવપરાશ માટે થતાં ઉત્પાદનથી વિકાસ શક્ય નથી. વૈશ્વિક અને ઔદ્યોગિક ક્ષેત્રે યંત્રોનો ઉપયોગ અને પરિણામે ઝડપથી ઉત્પાદન થવાને લીધે ઉત્પાદનમાં વધારો થયો છે. આ સ્થિતિનું હકારાત્મક પરિણામ એ આવ્યું છે કે વધુ લોકો તેમની જરૂરીયાત પૂરી કરી શકે છે. ઓછાં ઉત્પાદનને લીધે ઉત્પાદનની માંગ કરતાં પુરવઠો ઓછો રહેતો, પરિણામે કિંમતો વધારે રહેતી. ઔદ્યોગિક ક્રાંતિથી યંત્રોનો ઉપયોગ તો વધ્યો જ છે પરંતુ તે સાથે રોજગાર, આવક અને જરૂરિયાતો સંતોષવાનાં સાધનોમાં પણ વધારો થયો છે. આમ, ઔદ્યોગિક વિકાસ રોજગારીની તકો વધારવામાં ગરીબી દૂર કરવામાં અને આર્થિક વિકાસ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

જો કે ઔદ્યોગિક ઉત્પાદનથી થતાં ઝડપી ઉત્પાદનની બીજી નકારાત્મક અસરો એ થઈ છે કે ખનીજો, ઉર્જા, જંગલ પેદાશો વગેરેનું અતિ શોષણ થઈ રહ્યું છે. યંત્રોથી ઉત્પાદન ઝડપી અને મોટા પ્રમાણમાં તતુ હોવાથી તેના માટે કાચો માલ, ઈંધણ વગેરે પણ મોટા જથ્થામાં અને ઝડપથી, સતત જોઈએ છે. આ કુદરતી પદાર્થોનો જથ્થો સ્વયં પુનઃસ્થાપિત થાય તેના કરતાં ઝડપથી તેનો વપરાશ થાય છે. આમ, પ્રકૃતિ સંપત્તિનું અતિ શોષણ પર્યાવરણીય અસમતુલા સર્જે છે.

આગળ જતાં આ જ પ્રાકૃતિક સંપત્તિનો પુરવઠો નિયમિત હ રહેવાથી ઔદ્યોગિક વિકાસ ધીમો પડે છે. અથવા કાચા માલ/ ઊર્જા સ્રોતના વિકલ્પો શોધવા પડે છે. તેને અનુસાર ટેક્નોલોજી પણ શોધવી પડે છે. આમ, ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણીય સમતુલા પરસ્પર હકારાત્મક અને નકારાત્મક એમ બંને પ્રકારની અસરો કરે છે. માત્ર નફાને ધ્યાનમાં રાખીને ખાનગી ક્ષેત્રે ઉત્પાદન પ્રવૃત્તિ થતી હોવાથી પર્યાવરણીય અસમતુલાનો પ્રસાર ખર્ચ પેઢી તેમના ઉત્પાદન ખર્ચમાં સમાવિષ્ટ કરતી નથી. અહી સરકારની ભૂમિકા મહત્વની બને છે. કલ્યાણલક્ષી સરકાર પ્રોત્સાહક અને દંડાત્મક એમ બંને રીતે પ્રદૂષણ કરતી પેઢીઓ માટે નીતિનિર્માણ કરે છે. આ માટે કરવેરા, સબસિડી જેવાં આર્થિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત ન્યાયતંત્રની પણ મદદ લઈને જુદાજુદા કાયદાઓ ઘડવામાં આવે છે. આ કાયદાઓનું પાલન થાય તે જોવાની જવાબદારી રાજ્ય (કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા) ની રહે છે.

આ એકમમાં આપણે ઉદ્યોગોની પર્યાવરણ ઉપર અસર, સતત ઔદ્યોગિક વિકાસ માટે પર્યાવરણીય સમતુલાનું મહત્વ તથા તે માટેની જાહેર નીતિઓનો અભ્યાસ કરીશું.

## 12.1 ઉદ્યોગ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ

આર્થિક પ્રવૃત્તિ દ્વારા વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે તે ઉત્પાદન ઉપભોક્તા સુધી પહોંચાડવામાં આવે છે. પરંતુ ઉત્પાદન કરવા માટે વિવિધ કુદરતી સંસાધનો કાચા માલ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. જેથી પર્યાવરણ પ્રભાવિત થાય છે. તો બીજી બાજુ ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન વિવિધ પ્રકારનો કચરો પણ પેદા થાય છે. જે પર્યાવરણને પ્રભાવિત કરે છે.

ઉત્પાદન અને વપરાશ બંને પ્રવૃત્તિઓ પર્યાવરણને અસર કરે છે. પરંતુ જ્યાં સુધી પર્યાવરણમાં કચરાને આત્મસાત કરવાની ક્ષમતા હોય ત્યાં સુધી પર્યાવરણના પ્રશ્નો ઉપસ્થિત થતા નથી, પરંતુ તેના કરતાં વધારે પ્રમાણમાં કચરાનું વિસર્જન થતાં પ્રદૂષણ પેદા થાય છે. કુદરત કચરાનું જૈવિક તેમજ રાસાયણિક પ્રક્રિયા દ્વારા વિઘટિત કરે છે. ઉદાહરણ તરીકે દારૂના ભઠ્ઠામાંથી પાણીમાં છોડેલો કેટલો કચરો જૈવિક અને રાસાયણિક પ્રક્રિયા દ્વારા પાણીમાં ભળી જાય છે. પરંતુ આ કચરા નું પ્રમાણ વધુ હોય તો પાણીમાં પ્રાણ વાયુનું પ્રમાણ ઘટતા જળચર જીવો પર તેની સીધી અસર થાય છે. વળી બધા જ કચરોનું વિઘટન પણ શક્ય નથી જેમ કે ડીડીટી (DDT) જ્યારે કેટલાક કચરાને પુનઃ ઉપયોગમાં પણ લઈ શકાય છે પણ તેનું પ્રમાણ પણ મર્યાદિત છે.

આમ પર્યાવરણ સંસાધનોનો પુનઃસ્થાપિત થવાના દર કરતા વધુ ઉપયોગ અને પર્યાવરણમાં કચરાને આત્મસાત કરવાની ક્ષમતા કરતા વધુ કચરો. આ બંને બાબતો પર્યાવરણના અનેક પ્રશ્નોનું પેદા થયા છે.

### 12.2.1 પર્યાવરણની ઉદ્યોગોની અસરો

18 મી સદીના અંતમાં અને ૧૯ મી સદીની શરૂઆતમાં વિશ્વના કેટલાક દેશોમાં તકનીકી, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સ્થિતિમાં ઘણા પરિવર્તનો થયા જેને આપણે ઔદ્યોગિક ક્રાંતિ તરીકે ઓળખીએ છીએ. જેની શરૂઆત બ્રિટનમાં થઈ હતી. ઉદ્યોગીકરણની અસરો આપણને

સારી અસરો કે જેનાથી લોકોએ પોતાના જીવનમાં વધુ ભૌતિક સુવિધાઓ પ્રાપ્ત કરી શક્યા. જ્યારે માઠી અસરોમાં ઉદ્યોગના કારણે પર્યાવરણ અને લોકોના આરોગ્ય બાબતે થયેલી અસરોનો અભ્યાસ કરવાનો છે.

**1. ઝડપી આર્થિક વૃદ્ધિઃ**

ઉદ્યોગીકરણના કારણે દેશના આર્થિક માળખામાં પરિવર્તન આવે છે. ઉત્પાદનની પદ્ધતિઓ આધુનિક બને છે ખેતી, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે વિવિધ યાંત્રિક પદ્ધતિઓનો અમલ થાય છે. વિશાળ પાયા પર ઉત્પાદન, શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ શક્ય બને છે. વસ્તુના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરીને નિકાસલક્ષી ઉદ્યોગોનો વિકાસ કરી મોટા પ્રમાણમાં ઉત્પાદન કરી શકાય છે. આ પ્રક્રિયા દરમિયાન રોજગારી, વપરાશ, મૂડી રોકાણ અને નિકાસ વધારો થતા દેશમાં આર્થિક વૃદ્ધિ ઝડપી બને છે.

**2. રોજગારી વૃધ્ધિઃ**

રોજગારીની નવી તકો વિકસાવવામાં ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો શરૂઆતના તબક્કામાં હંમેશા નોંધપાત્ર હોય છે. કૃષિ ક્ષેત્રની સરખામણીમાં ઉદ્યોગો અને સેવાઓના ક્ષેત્રમાં રોજગારીના વૃદ્ધિ દર ઘણા ઊંચા રહે છે. નિકાસની શક્યતાઓ અને આયાત અવેજીકરણને લીધે ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન મળે છે. ઔદ્યોગિક પેદાસની વૃદ્ધિ સાથે ઔદ્યોગિક રોજગારીમાં પણ વધારો થાય છે. બીજું કે દેશ જો નિકાસો આધારિત ઉદ્યોગોનો વિકાસ થાય તો, સામાન્ય રીતે વિકાસશીલ દેશોની નિકાસો શ્રમ પ્રચલ વસ્તુ હોવાથી ઝડપી રોજગારીમાં વધારો થાય છે.

**3. આર્થિક અને સામાજિક પરિવર્તનઃ**

વિકસતા દેશોમાં કેટલીક વાર આર્થિક અને સામાજિક ક્ષેત્રે આમૂલ પરિવર્તનના સાધન તરીકે પણ ઉદ્યોગીકરણને ગણવામાં આવે છે ઉદ્યોગીકરણની સાથે શહેરીકરણ થાય છે અને આધુનિક વિચારસરણી વિકસે છે. પાશ્ચાત્ય યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કરેલા ત્રીજા વિશ્વના દેશના નેતાઓ આ વિચારસરણીના પ્રભાવ નીચે મોટા ઔદ્યોગીકરણ સંકુલોને દેશના તીર્થ સ્થાનો તરીકે ઓળખાવે છે. આ અર્થમાં ઉપયોગી કરણ આધુનિકરણનો પર્યાય બને છે.

**4. કૃષિ વિકાસઃ**

ખેતીવાડીમાં પરંપરાગ ગત ઉત્પાદન પદ્ધતિ મુખ્યત્વે શક્તિ તરીકે પશુ બળ અને વરસાદના પાણીનો ઉપયોગ કરે છે અને કુટુંબના સભ્યો ખેતરમાં કામ કરે છે. મૂડીનો ઉપયોગ ઓછો થાય છે. ટૂંકમાં શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ દ્વારા ઉત્પાદન કરવામાં આવે છે. પરંતુ ટેકનોલોજી અને ઉદ્યોગના કારણે સુધારેલા બિયારણો રાસાયણિક ખાતરો, જંતુનાશક અને વિવિધ યાંત્રિક ઓજારોના ઉપયોગ ઉદ્યોગ દ્વારા શક્ય બન્યો છે. આ કૃષિના વિવિધ વિક્ષેપો નો ઉપયોગ કરી શ્રમ અને જમીનનું પ્રમાણ સ્થિર હોવા છતાં ઉત્પાદન વધતું હોવાથી એકર દીઠ અને શ્રમ દીઠ ઉત્પાદન વધે છે. વળી ઉદ્યોગ વિકાસના કારણે જીવન નિર્વાહ ખેતી માંથી બજાર આધારિત ખેતી બની છે. લોકોની આવક વધે છે કૃષિ ક્ષેત્રની આવકો વધવાથી ઔદ્યોગિક પેદાસની માંગ વધે છે. જો ઔદ્યોગિક પેદાશની માંગ પુરી ન પાડવામાં આવેલ તો કૃષિ વિકાસ અવરોધાય છે.વધુ ઉત્પાદન અને આવક પ્રાપ્ત કરવા પાછળ ઔદ્યોગિક પેદાશોનું પ્રાપ્તિનું પ્રેરકબળ કામ કરતું હોય છે. કંબોડિયાના પ્રિન્સ સિંહાનું એકવાર એવું વિધાન કરેલ કે " મારા દેશનો કૃષિ વિકાસ અવરોધાય છે.


કારણ કે સાયકલોનો પુરવઠો અપપર્યાપ્ત છે.''આ વિધાન ઉદ્યોગનું કૃષિ વિકાસમાં મહત્વ દર્શાવે છે.

**5. પર્યાવરણ મિત્ર ટેકનોલોજીનો વિકાસ :**

ઉત્પાદન કરતા એકમો અસંખ્ય પર્યાવરણીય સાધનોના ઉપયોગ સંપત્તિ બદલ ખાનગી સંપત્તિ ખર્ચ જેટલી જ કીમત ચુકવે છે. પરંતુ સીમાંતસામાજિક ખર્ચ તેના કરતા વધારે હોય છે. આ બંને પ્રકારના ખર્ચમાં સમતુલા સ્થાપવા સીમાંત સામાજિક ખર્ચ અને સીમાંત ખાનગી ખર્ચ વચ્ચેના તફાવત જેટલો સરકાર દ્વારા પ્રદૂષણ કરતા એકમો પર કર નાખવામાં આવે છે. જેથી વસ્તુની કિંમતમાં વધારો થશે. જો આવા એકમો વસ્તુની કિંમત વધારે તો હરીફાઈ ના કારણે બધા જ ગ્રાહકો ગુમાવવા પડે. આ સ્થિતિને ટાળવા પેઢી સંશોધન અને વિકાસ કાર્યક્રમો પાછળ વધારે ધ્યાન આપી પ્રદૂષણ પ્રમાણમાં ઘટાડી શકે અથવા સરકાર દ્વારા કર સ્વરૂપે મેળવેલ આવક પર્યાવરણ મિત્ર ટેકનોલોજી વિકસાવા વાપરી શકે છે. જેથી નવી ટેકનોલોજી નો વિકાસ શક્ય બને છે.

### 12.2.2 ઉદ્યોગીકરણની પર્યાવરણ પરની નકારાત્મક અસરોઃ

ઉદ્યોગીકરણના કારણે પર્યાવરણની બગડતી પરિસ્થિતિ એ પર્યાવરણના વિવિધ ઘટકો ભૂમિ જળવાયું વનસ્પતિ વગેરેનો અતિ અને અવિવેક પૂર્વક ઉદ્યોગ કરીને પ્રદૂષિત કર્યા છે. આ પ્રદૂષણને કારણે અનેક પ્રકારના પ્રશ્નો પેદા થયા છે. જેને આપણે એક આલેખ સ્વરૂપમાં આ રીતે જોઈ શકાય.



ઔદ્યોગીકરણના કારણે પર્યાવરણના વિવિધ ઘટકો પ્રદુષિત થાય છે ઔદ્યોગીકરણની પર્યાવરણ પર થતી નકારાત્મક અસરો આપણે તપાસવી છે આ અસરો સ્થાનિક કક્ષાએથી લઈ વૈશ્વિક કક્ષા સુધી થતી અસરોના અભ્યાસ કરીશું.

**1. વિશ્વના ઔદ્યોગિક પર્યાવરણનો પ્રશ્નઃ**

વિકસિત દેશો પણ ઔદ્યોગિક પ્રદૂષણનો પ્રશ્ન હજુ ઉકેલી નથી શક્યા. ઔદ્યોગિક કચરા ના ઢગલાઓ દિનપ્રતિદિન વધતા જાય છે. આ કચરાના ઢગલાઓને સાફ કરવા માટે અબજો ડોલર ખર્ચવા પડે તેમ છે. પરંતુ વિકસિત દેશો પર્યાવરણ બાબતે વધારે તકેદારી રાખે છે. કારણકે આવા કચરાના નિકાલ માટે ખાનગી કંપનીઓ ઊભી થઈ છે.આ કંપનીઓ જહાજોમાં કચરો ભરી અલ્પ વિકસિત દેશો તરફ ખાસ કરીને આળિકાના દેશોના શાસકોને પૈસાની લાલચ આપીને કચરો ઠાલવવા દેવાની પરવાનગી મેળવવામાં આવે છે. જો પરવાનગી ન આપવામાં આવે તો છુપી રીતે કચરો દૂર દૂર સાગરોમાં ઠાલવી ચાલ્યા જાય છે જેનાથી અનેક પ્રકારના પ્રશ્નો પેદા થાય છે. કેટલાંક રાસાયણિક ઉદ્યોગોના કારણે સૌથી વધારે પ્રદૂષણ થાય છે. વિકસિત દેશોમાં પર્યાવરણ સંબંધિત કાયદાઓનું કડક પાલન થતું હોવાના કારણે રાસાયણિક પેદાશો સ્થાનિક પેદાશ કરવાના બદલે અલ્પવિકસિત દેશોમાંથી વિકસિત દેશો આયાત કરતા હોય છે. જેથી અલ્પવિકસિત દેશોમાં વિકસિત દેશોમાં ઠલવાતો કચરો અને અનેક જોખમી રસાયણના ઉત્પાદનના કારણે પ્રદૂષણનો પ્રશ્ન વિકટ બને છે.

**2. તાપમાનમાં વધારોઃ**

ઔદ્યોગીકરણના પરિણામો પ્રદૂષણમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે પૃથ્વી પરના તાપમાનમાં વધારો થયો છે. 22 મી સદીની શરૂઆતમાં જ સમુદ્રની સપાટીમાં એક મીટરનો વધારો થવાનો અંદાજ છે. જેના કારણે પ્રભાવિત લગભગ 5764 ચોરસ કિલોમીટર વિસ્તારમાં વસતા 70 લાખથી વધુ લોકોને સ્થળાંતરિત કરવા પડશે. વરસાદની તરાહ{ાં પરિવર્તન થશે. કુલ વરસાદમાં વધારો થશે. પરંતુ ઘણા વિસ્તારોમાં વરસાદના દિવસોમાં અને પ્રમાણમાં ઘટાડો થશે. તેના કારણે ભયંકર પુર અને દુષ્કાળની સ્થિતિ સર્જાશે. ઘણા અભ્યાસો અનુસાર તાપમાનમાં વધારો થવાથી અનાજનું ઉત્પાદન ઘટશે. (કેટલાક પાકોમાં 20 ટકાથી પણ વધુ) દરિયાઈ પાણીમાં તાપમાનમાં પરિવર્તનના કારણે સમુદ્રના ઉત્પાદન પર અસર થશે. જેના પરિણામે માછીમારીના વ્યવસાયમાં મુશ્કેલી સર્જાશે.

**3. ગુણવત્તા યુક્ત પાણીના પુરવઠામાં ઘટાડોઃ**

ઔદ્યોગીકરણના કારણે લોકોને ઉપભોગ અને ઉત્પાદન પદ્ધતિમાં પરિવર્તન આવ્યું છે. જેનાથી પાણીના વપરાશમાં વધારો થયો. વિવિધ પાણીના પુરવઠાની સાથે ગુણવત્તામાં ઘટાડો થયેલ છે. ઉદ્યોગોના વિકાસના કારણે અનેક પ્રકારના રસાયણો જમીનમાં છોડવામાં આવે છે. સાથે સાથે ખેતીમાં વપરાતા રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વગેરે જમીનમાં ભૂગર્ભ જળમાં ભળે છે. જેનાથી ભૂગર્ભજળની ગુણવત્તામાં ઘટાડો થાય છે. વળી રાસાયણિક ખાતરો અને જંતુનાશકોને બેફામ ઉપયોગના કારણે જમીનની ભેજ ધારણ ક્ષમતામાં ઘટાડો થયો છે. જેનાથી પાકોને વધારે પિયત આપવાની જરૂર પડે છે. વધુ પિયત માટે વધુ ઊંડેથી ભૂગર્ભજળ કાઢવામાં આવે છે. ભૂગર્ભજળમાં ઘટાડો થતાં દરિયાના ખારા પાણી ભૂગર્ભમાં આગળ વધે છે. જેનાથી પીવાય યોગ્ય મીઠા પાણીના જથ્થામાં અને જમીનમાં ક્ષારનું પ્રમાણ વધતાં બંનેની ગુણવત્તા ઘટે છે.

ભૂગર્ભજળની સમસ્યા ચિંતાનો વિષય છે કેમકે, ખેતી, ઉદ્યોગ અને સ્વ વપરાશ માટેના દોહનથી ભારતના ઘણા વિસ્તારોમાં 50% થી વધુ ભૂગર્ભજળ જેટલી ઝડપથી વપરાય છે એટલી ઝડપથી પુનઃસંગ્રહહિત થતું નથી. સંસદમાં પુછાયેલા પ્રશ્નોના જવાબમાં દેશના જિલ્લાઓમાં 33% ભૂગર્ભ જળ પીવા માટે યોગ્ય નથી, કારણ કે તેમાં ફ્લોરાઈડે, શિશુ અને ક્ષારસ્તર ઘણો ઊંચો છે ભારતમાં પાણીના કુલ વપરાશ( લગભગ 750 અરબ ઘર મીટર) કરતાં હાલમાં પાણીની પ્રાપ્યતા ઓછી (લગભગ 1869 અરબ ઘન મીટર) છે. પરંતુ પ્રાપ્યતા 2025 પછી તરત જ તેમાં તેના સ્તરમાં ઘટાડો થશે અને 2050 સુધીમાં આ ઘટાડો તીવ્ર બનશે આ પ્રમાણે માત્ર માનવીના ઉપયોગને ધ્યાનમાં લઈને છે. અન્ય પ્રજાતિ તથા ઉપયોગ હેતુ ધ્યાનમાં લઈ વિચારીએ તો સમસ્યા અતિ ગંભીર જણાય છે.

**4. કુદરતી સાધનોનો બેફામ ઉપયોગઃ**

કોઈપણ દેશના વિકાસમાં તેના કુદરતી સંસાધનોનો પ્રાથમિક ફાળો રહે છે. દાખલા તરીકે ઇંગ્લેન્ડને મળેલ દરિયા કિનારો, કોલસો અને લોખંડની ખાણો તથા અનુકૂળ આબોહવાને કારણે તે ઔદ્યોગિક દેશ છે. પરંતુ વિજ્ઞાનની પ્રગતિને લીધે માનવી એવું માનવા માંડ્યા છે કે કુદરત પર કાબુ મેળવી શકાય વળી બજારવાદ અને ઉપભોગવાદ આ સમસ્યાને વિકરાળ બનાવી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીનો અવિવેકી ઉપયોગથી માણસ આજે કુદરતી સંસાધનોનો બેફામ ઉપયોગ કરી રહ્યો છે. વળી ઊર્જાની માંગમાં વધારો થવાથી કુદરતી સંસાધનોનો ભંડારો ખૂટવા લાગ્યા છેઃ

**5. જંગલોનો નાશ :**

પોતાના વર્તમાન અને ટૂંકા ગાળાના લાભો માટે માનવીએ મહામૂલા અને પર્યાવરણની સમતુલા જાળવવામાં પ્રમુખ ભાગ ભજવતા જંગલોનો નાશ કરી માણસે પોતાના પગ પર કુહાડી મારી છે જંગલ જીવન વર્તુળના નામ કેન્દ્રમાં છે, પર્યાવરણ અને જંગલો વચ્ચે સીધો સંબંધ છે. વન, પર્યાવરણ અને જીવન સાથેનો અતૂટ સંબંધ છે. એટલા માટે પર્યાવરણીય તંત્ર (ઈકોલોજિકલ સિસ્ટમ)માં ઝાડ પાનને નહીં ઉત્પાદક શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. ઝાડ, જમીનનો ભેજ, ભીનો પવન, છાયો, ફુલ, ફળ અને જમીન ધોવાણ સામે રક્ષણ આપે છે. હવામાં કાર્બન ડાયોક્સાઈડ ગ્રહણ કરીને વાતાવરણ અને તાપમાનમાં સમતુલા જાળવે છે. પરંતુ ઔદ્યોગિકરણને કારણે જંગલોના પ્રમાણમાં ઘટાડો થતો જાય છે જેના કારણે અસંખ્ય પર્યાવરણીય પ્રશ્ન પેદા થયા છે.

**6. રાસાયણિક પ્રદૂષણ**

કોઈપણ પદાર્થ કાર્બનિક હોય કે અકાર્બનિક તે રાસાયણિક ક્રિયા દ્વારા ગેસ બનીને હવામાં ભળે છે. વિવિધ કારખાનાઓ, મિલો દ્વારા નીકળેલો કચરો રાસાયણિક ક્રિયા દ્વારા વાતાવરણને પ્રદૂષિત કરે છે. જીવાણુઓ માટે વપરાતી દવાઓ, ખેતીમાં ઉત્પાદન વધારવા માટે વપરાતા રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પાણી, જમીન અને વાતાવરણની પ્રદૂષિત કરે છે. જેના કારણે લોકોની વિવિધ ચામડીના રોગો, શ્વાસની બીમારી, કેન્સર, આંખોની બીમારી જેવા રોગોમાં વધારો થયો છે.

## 12.4 પર્યાવરણીય અસમતુલાની ટકાઉ ઔદ્યોગિક વિકાસ ઉપર અસર

ઔદ્યોગિક વિકાસથી લોકોનું જીવનધોરણ સુધારે છે, રોજગારીની તકો પ્રાપ્ત થાય છે, વૈજ્ઞાનિક શોધખોળોને કારણે ટેકનોલોજીનો વિકાસ થાય છે તથા રાષ્ટ્રની આવકમાં વધારો થાય

છે. રોજગારીની તકોમાં વધારો, વધતી વસતીની જરૂરીયાતો પૂરી થવી, આર્થિક વિકાસ તવો વગેરે માટે ઔદ્યોગિક વિકાસ મહત્વનો હોવાથી તે ટકાઉ હોય તે પણ જરૂરી છે. જો કુદરતી સંપત્તિ કે ખૂટી જાય તેવા ઊર્જા સ્રોતનો ઉપયોગ વધુ કરવામાં આવે તો નિયમિત પુરવઠાને અભાવે ઔદ્યોગિક વિકાસ અટકી જાય છે. ટકાઉ ઔદ્યોગિક વિકાસને પર્યાવરણીય અસમતુલા કેવી રીતે અસર કરે છે તે જાણવા પહેલાં આપણે ટકાઉ ઔદ્યોગિક વિકાસનો ખ્યાલ સમજીએ.

### 12.4.1 ટકાઉ ઔદ્યોગિક વિકાસનો ખ્યાલઃ

ટકાઉ ઔદ્યોગિક વિકાસનો અર્થ બે રીતે કરી શકાય; (1) ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રહે તે અર્થ અને (2) ઔદ્યોગિક વિકાસ પરિસ્થિતિને નુકસાન ન કરે તે અર્થ. પ્રથમ અર્થ પ્રમાણે ઔદ્યોગિક ઉત્પાદન પ્રક્રિયા માટે કાચો માલ, ઉર્જા, શિક્ષિત અને સ્વસ્થ શ્રમિકો વગેરે નિયમિત અને જરૂર પ્રમાણે મળતાં રહે તો ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રહી શકે. આ માટે ઉત્પાદનનાં સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ, સ્વચ્છ ઊજાર્સ્રોત, બિનઉપયોગી (waste) ઉપ ઉત્પાદન (byproduct) નું ઓછું પ્રમાણ, પ્રદૂષિત રસાયણો, જળ અને વાયુની સ્વચ્છતા વગેરે જરૂરી છે.

બીજા અર્થ પ્રમાણે ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા પર્યાવરણીય સમતુલાને- પરિસ્થિતિ તંત્રને નુકસાન ન કરે તે રીતે ઔદ્યોગિક ઉત્પાદન પ્રક્રિયા કરવાની થાય છે. તેમાં પણ ટેકનોલોજી (પ્રૌદ્યોગિકી) અને ઉત્પાદન પદ્ધતિનું મહત્વ છે. આગળના મુદ્દામાં જે ચર્ચા થઇ તે મુજબ ઔદ્યોગિક ક્રાંતિ પછીના સમયમાં ઔદ્યોગિક પ્રક્રિયા અને પદ્ધતિએ પ્રદૂષણ સર્જવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આમ, ઉદ્યોગોથી પર્યાવરણ અસમતોલ બન્યું છે તેનું બીજું પાસું એ છે કે પર્યાવરણીય અસમતુલા પણ ઉદ્યોગો, ઔદ્યોગિક વિકાસ અને સતત ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયામાં જોખમ ઉભું કરે છે.

### 12.4.2 ટકાઉ ઔદ્યોગિક વિકાસથી થતા લાભો

i. આર્થિક લાભઃ ટકાઉ ઔદ્યોગિક વિકાસનો પાયો કરકસર, સંસાધનોનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ તથા પુનઃ ઉપયોગ ઉપર છે. તેનાથી પેઢીઓનો ઉત્પાદન ખર્ચ ઓછો આવશે. આ રીતે સમગ્ર રીતે પણ બધી પેઢીઓનો ઉત્પાદન ખર્ચ ઓછો આવશે. શુદ્ધ પર્યાવરણથી સ્વાસ્થ્ય સારું રહેવાથી શ્રમિકોની ઉત્પાદકતામાં પણ વધારો થશે.

ii. સમાજનાં જીવનની ગુણવત્તામાં સુધારોઃ પ્રદૂષણમાં ઘટાડો થતાં લોકોનું સ્વસ્થ સુધરશે. તેનાથી લોકોની કાર્યક્ષમતામાં વધારો થશે. કરકસર, ટકાઉ વસ્તુઓનો ઉપયોગ વગેરેને કારણે લોકોના ઉપભોગ ખર્ચમાં બચત થતાં રોકાણ માટે ભંડોળ વધુ મળશે. આમ, સ્વાસ્થ્યમાં સુધારો વગેરેથી જીવનની ગુણવત્તામાં સુધારો થશે.

iii. પર્યાવરણ સુરક્ષાઃ ટકાઉ ઔદ્યોગિક વિકાસથી સૌથી મહત્વનો અને દેખીતો લાભ પર્યાવરણની સુરક્ષાનો છે. પર્યાવરણીય ઘટકોને હાની ન પહોંચે તે જોવાની નૈતિક ફરજ પેઢીઓની પણ છે. તેનાથી ગ્રીન હાઉસ વાયુઓનું ઓછું ઉત્સર્જન, ઊજાર્સ્રોતની બચત વગેરેથી ઉદ્યોગો અને પર્યાવરણ બંનેને પરસ્પર લાભ થશે.

### 12.4.3 પર્યાવરણીય અસમતુલાની ટકાઉ ઔદ્યોગિક વિકાસ ઉપર અસર

i. સાધનોની અછતઃ ઔદ્યોગિક ઉત્પાદન માટે જરૂરી કાછો માલ કુદરતી સ્રોતોમાંથી મળે છે. જેમ કે ખનિજો, પાણી, કૃષિ પેદાશો વગેરે. પર્યાવરણીય અસમતુલાથી આ સાધનોની અછત સર્જાય છે. જેમ કે કૃષિ આધારિત ઉદ્યોગ માટે કૃષિ ઉત્પાદનની અછત સર્જાય તો

ઉત્પાદન કરી શકાતું નથી. દા.ત. પર્યાવરણીય અસમતુલાથી કપાસનાં ઉત્પાદનમાં ઘટાડો થાય તો કાપડ ઉદ્યોગને નકારાત્મક અસર થાય છે. આમ જે ઉદ્યોગો કૃષિ આધારિત છે તેને નુકસાન થઈ શકે છે. પર્યાવરણીય અસમતુલાથી પશુ ઉછેર ઉપર અસર થાય છે તો તેની સીધી અસર ડેરી ઉદ્યોગ ઉપર થાય છે.

ii. પ્રદૂશય નિયંત્રણનો ખર્ચ: પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે ઉદ્યોગોએ પણ ખર્ચ કરવો પડે છે. દાખલા તરીકે કોઈ ઉદ્યોગમાં પાણીનો ઉપયોગ થતો હોય તો તે પાણી શુદ્ધ હોય અને રસાયણોથી મુક્ત હોય તે જરૂરી છે. કદાચ કોઈ ઉદ્યોગે પાણી શુદ્ધ કરવા માટે વિશેષ ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડે તેવું બની શકે છે. આમ કરવાથી ઉદ્યોગનો ઉત્પાદન ખર્ચ વધે છે. કર્મચારીઓના સ્વાસ્થ્યની જાળવણીનો ખર્ચ પણ વધી શકે છે. જો કોઈ કર્મચારી કે શ્રમિક જોખમી ઉત્પાદન પ્રક્રિયા કે રસાયણના સંપર્કમાં આવે તો તેની સુરક્ષા કે સારવાર માટે ઉત્પાદકોનો ખર્ચ વધે છે.

iii. સ્થાનિક રહેવાસીઓના પ્રશ્નો અને કાયદાકીય કાર્યવાહી: સ્થાનિક રહેવાસીઓને ઔદ્યોગિક પ્રક્રિયાથી પ્રદૂષણનો સામનો કરવો પડતો હોય છે. આ સ્થિતિમાં રહેવાસીઓ કાયદાકીય પગલાં લઈને ઉદ્યોગ એકમ માટે પ્રશ્નો ઉભા કરી શકે છે.

iv. {ર્યાદિત બજાર: પર્યાવરણની સમતુલા પ્રત્યે જાગૃત પ્રજા પ્રદૂષણ કરતી પેઢીનાં ઉત્પાદનો ખરીદવાનું પસંદ ન કરે તો પેઢીને માટે બજાર મર્યાદિત બને છે. તેમ થવાથી નફો ઓછો થાય અથવા ખોટ જવાની સંભાવના છે.

v. સ્વાસ્થ્ય ઉપરની અસરો: આસપાસનું પ્રદૂષિત વાતાવરણ ઉદ્યોગોમાં કામ કરતાં શ્રમિકો માટે સ્વાસ્થ્ય સામેનું જોખમ ઉભું કરી શકે છે. તેનાથી શ્રમિકોની ઉત્પાદકતામાં ઘટાડો થાય છે. ઉત્પાદન સાધનોની ઉત્પાદકતામાં ઘટાડો એ પેઢીના ઉત્પાદન ખર્ચમાં સીધો વધારો છે.

vi. જલવાયુ પરિવર્તનની અસરો: જલવાયુ પરિવર્તનથી તાપમાનમાં થતાં આત્યંતિક ફેરફારો ઉત્પાદનની પ્રક્રિયા ઉપર અસર કરે છે. કેટલાક ઉદ્યોગોમાં તાપમાન નિયંત્રિત કરવા માટે વધારાનો ખર્ચ કરવો પડે છે.તે માટે નવી ટેકનોલોજી અને યંત્રો ઉપયોગમાં લેવાં પડે છે. જૂનાં યંત્રો અને ટેકનોલોજી કામમાં ન આવે તેવાં થતાં ઘસારાખર્ચ અને સાધનબદલીનો ખર્ચ (replacement cost) વધી જાય છે. પ્રદૂષણથી નિયમિત માળખાંકીય સુવિધાઓમાં પણ ભંગાણ પડે છે. પુરવઠો પણ નિયમિત રહી શકતો નથી.

### 12.4.4 ટકાઉ ઔદ્યોગિક વિકાસ સામેના પડકારો (સમસ્યાઓ)

ટકાઉ વિકાસનો અર્થ માત્ર આધુનિક ટેકનોલોજીના ઉપયોગ પૂરતો જ સીમિત ન રાખી શકાય, ટકાઉ ઔદ્યોગિક વિકાસ માટે એ ખાસ જરૂરી છે કે ઉદ્યોગો પ્રકૃતિ સાથે સંવાદ સાધે. ખાસ કરીએ નિર્માણ (Manufacturing) અને બાંધકામ ઉદ્યોગોને આ વાત વિશેષ રીતે લાગુ પડે છે. જ્યારે કોઈ નવી ટેકનોલોજી કે ઉત્પાદન પદ્ધતિ અપનાવવામાં આવે ત્યારે પ્રદૂષણમાં ઘટાડો તેમજ સાધનો અને કુદરતી સંપત્તિનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ થાય તે જરૂરી છે. જો કે તેમ કરવા જતાં ઉદ્યોગો કેટલીક સમસ્યાઓનો સામનો કરે છે, જે નીચે મુજબ છે:

i. ઉંચો શરૂઆતનો મૂડીરોકાણ ખર્ચ: ટકાઉ ઉત્પાદન પદ્ધતિ માટે નવાં સંશોધન પાછળ ઔદ્યોગિક એકમોએ બહુ ઉંચો ખર્ચ કરવો પડે છે. તે સાથે જૂની ઔદ્યોગિક ટેકનોલોજી બિનઉપયોગી થતાં તેનો ઉપયોગ કર્યા વિના તે પડી રહે છે અથવા જતી કરવી પડે છે.

આમ, કુલ મૂડીરોકાણ ખર્ચ વધુ આવે છે. આ પ્રકારે ખર્ચ કરવો ઘણી નાની પેઢીઓને પરવડે નહિ તેવું બની શકે.

ii. ટેકનિકલ જ્ઞાન ધરાવતાં લોકોની અછત..

iii. નવી ટેકનોલોજી મુજબ યંત્રોનો ઉપયોગ, જાળવણી વગેરેથી કર્મચારીઓ જાણકાર હોતા નથી એટલે તેનો ઉપયોગ યોગ્ય રીતે થઇ શકતો નથી. જો તેના માટે તાલીમ આપવાની થાય તો પણ તાલીમનો ખર્ચ પેઢીએ કરવો પડતો હોય છે.

iv. નવી પદ્ધતિ અપનાવવામાં ખચકાટઃ ઘણાં લોકો પરિવર્તન અપનાવવામાં ખચકાટ અનુભવે છે. તેનાથી ઉદ્યોગોની પ્રગતિ અને ટકાઉ વિકાસની પદ્ધતિ તુરંત અપનાવી શકાતી નથી.

### 12.4.5 ટકાઉ ઔદ્યોગિક વિકાસનાં તત્ત્વોઃ

ટકાઉ ઔદ્યોગિક વિકાસ કરવા માટે નીચે મુજબનાં ત્રણ તત્ત્વો ધ્યાનમાં રાખવાનાં હોય છે:

i) સાધનોની કાર્યક્ષમતાઃ ટકાઉ ઔદ્યોગિક વિકાસ પદ્ધતિ ઉત્પાદન સાધનોના કરકસરપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગની ખાતરી આપે છે. ખનિજો કે અન્ય કાચા માલનો સ્રોત કયો છે? તેનું કેવી રીતે શોષણ કે ખનન થાય છે? ઉત્પાદનની ડિઝાઈન, પેકેજિંગ, માર્કેટિંગ વગેરે તબક્કે સાધનોનો વેડફત ન થાય તે સાથે પર્યાવરણને પણ નુકસાન ન કરે તે જોવાનું રહે છે.

ii) પ્રદૂષણ નિયંત્રણઃ એક સમયે રસાયણ સંબંધી કેટલાક ઉદ્યોગો જ પ્રદૂષણ કરતા હતા, જો કે જળપ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, બિનઉપયોગી કચરો વગેરે લગભગ બધાં જ ઉદ્યોગોથી થાય છે. ઘન તથા પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન, પુનઃ ઉપયોગ (Reuse) જેવાં પગલાંઓથી પર્યાવરણને અનુકૂળ ટકાઉ ઔદ્યોગિક વિકાસ સાધી શકાય છે.

iii) રસાયણોનું સુરક્ષિત વ્યવસ્થાપનઃ રસાયણો જે ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવામાં આવે છે અને ઉત્પાદન પછી નિકાલ કરવામાં આવે છે તે બંને તબક્કે રસાયણો ઉપર યોગ્ય પ્રક્રિયા કરીને નિકાલ કરવામાં આવે તો ઉદ્યોગ એકમના કર્મચારીઓ કે આસપાસના રહેવાસીઓનાં સ્વાસ્થ્ય સામે ઊભું થતું જોખમ ટાળી શકાય છે.

## 12.5 ભારત સરકારની ઉદ્યોગો અને પર્યાવરણ અંગેની નીતિ

ભારત સરકારની નીતિના પરિણામે ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણ સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવામાં મદદ મળી છે. જેમ કે પ્રદૂષણનું પ્રમાણ વધવું અને કુદરતી સંસાધનોનું ઘટવું. ભારત સરકારે પર્યાવરણની સુરક્ષા માટે વધુ પગલાં લેવાની જરૂર છે.

### 12.5.1 પર્યાવરણ નીતિ એટલે શું ?

પર્યાવરણીય નીતિ એટલે સરકાર, અન્ય જાહેર અથવા ખાનગી સંસ્થા દ્વારા પર્યાવરણને સુરક્ષિત રાખવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઘડવામાં આવેલી માર્ગદર્શિકા, નિયમો અને કાયદાઓનો સમૂહ. આ નીતિઓનો મુખ્ય હેતુ પ્રદૂષણ ઘટાડવા, કુદરતી સંસાધનોનું જતન કરવા, અને માનવ પ્રવૃત્તિઓની પર્યાવરણ પર થતી નકારાત્મક અસરોને ઘટાડવાનો છે.

પર્યાવરણીય નીતિનો વિચાર એવી જ રીતે કરી શકાય જેમને દારૂ પીરસવા માટે લાયસન્સની જરૂર હોય તેવા રેસ્ટોરન્ટ્સ સાથે થાય છે. આમાંના ઘણા રેસ્ટોરન્ટ્સ દારૂ વેચવાનો ફાયદો ઇચ્છે છે, પરંતુ યોગ્ય પરમિટ સાથે જ આવું શક્ય છે - પર્યાવરણીય નીતિ એ જ રીતે કાર્ય કરે છે જેથી ખાતરી થાય કે સંસ્થાઓ અને વ્યવસાયો ચોક્કસ માપદંડોને પૂર્ણ કરે છે જેથી સ્પષ્ટ થાય કે તેમની પ્રવૃત્તિઓ પર્યાવરણ પર નકારાત્મક અસર કરશે નહીં.

પર્યાવરણીય નીતિઓ સરકારના વિવિધ સ્તરે ઘડવામાં આવે છે, જેમાં સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરોનો સમાવેશ થાય છે. આ નીતિઓના અમલીકરણ માટે કાયદાકીય માળખું, નિયમનકારી સંસ્થાઓ અને નાણાકીય પ્રોત્સાહનોનો ઉપયોગ કરવામાં આવે છે.

**પર્યાવરણ નીતિના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છેઃ**

૧) પર્યાવરણનું સંરક્ષણ અને સંવર્ધન.

૨) ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવો.

૩) આબોહવા પરિવર્તનની અસરોને ઘટાડવી.

૪) પુનઃપ્રાપ્ય અને નવો ઉર્જાસ્ત્રોત પ્રોત્સાહન.

૫) ઉદ્યોગો માટે પર્યાવરણમૈત્રી નીતિ.

૬) કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન.

૭) પર્યાવરણ નીતિ અને કાયદા અમલમાં લાવવી.

૮) પર્યાવરણીય જાગૃતિ અને શિક્ષણ.

### 12.5.2 ઉદ્યોગ અંગેની પર્યાવરણ નીતિ.

પર્યાવરણ ઉદ્યોગ નીતિએ નિયમો અને યોજનાઓ છે જે સરકાર અને સંગઠનો દ્વારા પર્યાવરણનું રક્ષણ કરવા અને ટકાઉ વિકાસ પ્રોત્સાહન આપવા માટે લાગુ કરવામાં આવે છે, જેમાં પ્રદૂષણ નિયંત્રણ, કચરો વ્યવસ્થાપન અને જૈવવિવિધતા સંરક્ષણ જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવે છે. ઉદ્યોગો દ્વારા પર્યાવરણ પર થતી અસરને ઘટાડવા અને ટકાઉ વિકાસ માટે ઉદ્યોગ માટે પર્યાવરણ નીતિ બનાવવામાં આવી છે. ઉદ્યોગો પ્રદૂષણનું મુખ્ય સ્રોત હોય છે, તેમની નીતિઓ પર્યાવરણલક્ષી હોવી જરૂરી છે.

ઉદ્યોગો માટેની પર્યાવરણ નીતિ એ નિયમો અને માર્ગદર્શિકાઓનો સમૂહ છે જેનો હેતુ ઔદ્યોગિક પ્રવૃત્તિઓથી પર્યાવરણને થતા નુકસાનને ઘટાડવાનો છે. આ નીતિઓનો હેતુ આર્થિક વિકાસ અને પર્યાવરણીય સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવવાનો છે.

#### 12.5.2.1 ગ્રીન ઔદ્યોગિક નીતિ

ગ્રીન ઔદ્યોગિક નીતિએ એવી નીતિ છે જે ઔદ્યોગિક વિકાસને પર્યાવરણની જાળવણી સાથે સંતુલિત કરવાનો પ્રયાસ કરે છે. આ નીતિનો હેતુ ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો, ગ્રીન ટેકનોલોજીને અપનાવવાનો અને ઔદ્યોગિક પ્રદૂષણને ઘટાડવાનો છે.

''ગ્રીન ઔદ્યોગિક નીતિ'' એટલે એવી ઔદ્યોગિક નીતિ કે જેમાં ઉદ્યોગોનો વિકાસ તો થાય, પણ તે પર્યાવરણીય દૃષ્ટિએ ટકાઉ હોય અને પ્રકૃતિને નુકસાન પહોંચાડ્યા વિના થાય. આવી નીતિઓનો ઉદ્દેશ પર્યાવરણના સંરક્ષણ સાથે આર્થિક વૃદ્ધિ હાંસલ કરવાનો હોય છે.

ગ્રીન ઔદ્યોગિક નીતિ એ સરકારી વ્યૂહરચનાઓ અને પગલાંઓનો સમૂહ છે જેનો

ઉદ્દેશ ઔદ્યોગિક વિકાસને એવી રીતે પ્રોત્સાહન આપવાનો છે કે જેથી પર્યાવરણીય સ્થિરતા જળવાઈ રહે. આ નીતિ આર્થિક વૃદ્ધિ અને પર્યાવરણીય સંરક્ષણ વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ કરે છે. તે ઉદ્યોગોને વધુ સંસાધન-કાર્યક્ષમ, ઓછું પ્રદૂષણ ફેલાવનારા અને નીચા-કાર્બન ઉત્પાદન પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

**ગ્રીન ઔદ્યોગિક નીતિના મુખ્ય હેતુઓ:**

૧. પર્યાવરણીય અસર ઘટાડવીઃ ઉદ્યોગો દ્વારા થતા હવા, પાણી અને જમીનના પ્રદૂષણને ઓછું કરવું, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવું અને કુદરતી સંસાધનોનો બગાડ અટકાવવો.

૨. ગ્રીન ટેકનોલોજી અને ઉદ્યોગોને પ્રોત્સાહનઃ રિન્યુએબલ એનર્જી (સૌર, પવન), ઉર્જા કાર્યક્ષમતા, કચરાનું વ્યવસ્થાપન અને રિસાયક્લિંગ, ઇલેક્ટ્રિક વાહનો, ટકાઉ મકાન સામગ્રી જેવા ક્ષેત્રોમાં નવીનતા અને વિકાસને ટેકો આપવો.

૩. ગ્રીન જોબ્સનું નિર્માણઃ પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજી અને સેવાઓ સંબંધિત ક્ષેત્રોમાં રોજગારીની નવી તકો ઊભી કરવી.

૪. આર્થિક સ્પર્ધાત્મકતા વધારવીઃ ગ્રીન ટેક્નોલોજી અને ટકાઉ પ્રથાઓ અપનાવીને ઉદ્યોગોને લાંબા ગાળે વધુ કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક બનાવવા.

૫. ટકાઉ વિકાસઃ આર્થિક વિકાસની સાથે સાથે પર્યાવરણ અને સામાજિક કલ્યાણની ખાતરી કરવી.

❖ **ગ્રીન ઔધોગિક નીતિ ફાયદાઓ**

૧. પર્યાવરણીય લાભોઃ આ નીતિ ઉદ્યોગોને હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ ઘટાડવા માટે પ્રોત્સાહિત કરે છે. તેનાથી પર્યાવરણની ગુણવત્તા સુધરે છે અને પ્રદૂષણમાં ઘટાડો થાય છે. કુદરતી સંસાધનોનું સંરક્ષણનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે, જેનાથી કુદરતી સંસાધનોની બચત થાય છે અને ભવિષ્યની પેઢી માટે તે સુરક્ષિત રહે છે. ગ્રીન ટેકનોલોજી અને રિન્યુએબલ ઉર્જા સ્રોતોના ઉપયોગને પ્રોત્સાહન મળવાથી કાર્બન ડાયોક્સાઇડ અને અન્ય ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

૨. આર્થિક લાભોઃ ગ્રીન ટેકનોલોજી, ઉત્પાદનો અને સેવાઓ માટે નવા બજારો ખુલે છે, જે આર્થિક વિકાસને વેગ આપે છે. ઉર્જા અને સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગથી ઉદ્યોગોનો ઉત્પાદન ખર્ચ ઘટે છે, ઉર્જા અને સંસાધનોની બચત થાય છે. ગ્રીન ઉદ્યોગો અને ટેક્નોલોજીના વિકાસથી નવી નોકરીઓનું સર્જન થાય છે, નવી ગ્રીન રોજગારીનું સર્જન થાય છે અને ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ પ્રોજેક્ટ્સમાં સ્થાનિક અને વિદેશી રોકાણ આકર્ષાય છે.

ભારતમા ગ્રીન ઔધોગિક નીતિના અમલીકરણમાં કેટલાક પડકારો પણ છે,

- ઊંચો પ્રારંભિક ખર્ચઃ ગ્રીન ટેક્નોલોજી અને ટકાઉ પદ્ધતિઓ અપનાવવાનો પ્રારંભિક ખર્ચ વધારે હોઈ છે, જે નાના અને મધ્યમ કદના ઉદ્યોગો માટે મુશ્કેલ થાય છે.
- જાગૃતિનો અભાવઃ ઘણા ઉદ્યોગો અને લોકોને ગ્રીન ઔધોગિક નીતિના ફાયદાઓ અને પર્યાવરણની સુરક્ષાના મહત્વ વિશે પૂરતી જાગૃતિ નથી.
- નબળું અમલીકરણઃ કાયદાઓ અને નિયમો હોવા છતાં, તેનું યોગ્ય રીતે અમલીકરણ ન થવું એ એક મોટી સમસ્યા છે.

- આંતરરાષ્ટ્રીય સ્પર્ધા: વૈશ્વિક બજારમાં સ્પર્ધા ટકાવી રાખવા માટે ઉદ્યોગો પર ખર્ચ ઘટાડવાનું દબાણ હોય છે, જેના કારણે ગ્રીન પહેલ અપનાવવામાં અવરોધ આવી શકે છે.

ભારતમા ગ્રીન ઔધોગિક નીતિના પડકારો હોવા છતાં, ભારત સરકાર ગ્રીન ઔધોગિક નીતિને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે અને આ દિશામાં સતત કામ કરી રહી છે. આ નીતિ ભારતના ટકાઉ વિકાસ અને પર્યાવરણની સુરક્ષા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### 12.5.2 પ્રદૂષણ નિયંત્રણ અંગે વૈશ્વિક સ્તરે ચર્ચા.

૧૯૭૨ માં પર્યાવરણના વર્ષના સંદર્ભમાં સ્ટોકહોમ ખાતે યુનાઈટેડ નેશન્સની માનવ પર્યાવરણની વિશ્વપરિષદમાં પર્યાવરણની વૈશ્વિક કટોકટીની બહુલક્ષી ચર્ચા થઈ. આ ચર્ચાને Rene Dubos, Debos અને Barbara ward દ્વારા only one earth નામના પુસ્તક સ્વરૂપ પ્રકાશિત કરાઈ આથી વિશ્વભરમાં પર્યારણ અંગે સમજ વધતી ગઈ. ૧૯૮૭ માં The World Commission on Environment and Development માં જણાવવામાં આવેલ કે કુદરતી પરિબળોમાં વધતી જતી દખલગીરીને કારણે ગંભીર પ્રશ્નો સર્જાયા છે. જૂન ૧૯૯૨ માં મળેલ રિયો પરિષદ વૈશ્વિક પર્યાવરણ ચળવળમાં સૌથી વધારે સફળ ગણાવી શકાય. જેમાં વિશ્વના મોટાભાગના દેશોએ ભાગ લીધો હતો. તેમજ 45 જેટલા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. એમાં પર્યાવરણ અને વિકાસ અંગે મુખ્ય ચર્ચા થઈ હતી. ઉપરાંત તેમાં ગ્રીનહાઉસ અસરો, ઓઝોન પ્રસારણ, એસિડ વરસાદ વગેરે પણ ગંભીરતાથી ચર્ચા થઈ હતી.

વિશ્વમાં ઉદ્યોગો દ્વારા વાતાવરણમાં ૧૦૦ લાખ ટન સલ્ફર ડાયોકસાઈડ વાયુ ફેંકાય છે. આમા અમેરિકા અને રશિયામાં ૫૦ ટકા અને ચીનનો ૧૨ ટકા ફાળો છે. ચીનમાં ૧૯૮૧માં શાંગહાઈમાં અને ૧૯૮૩માં બેજીંગમાં એસિડનો વરસાદ પડેલ. ભારતમાં કલકતા, દિલ્હી અને મુંબઈમાં એસિડ વરસાદ થયેલ. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા પ્રમાણિત કરેલ માત્રા મુજબ તત્વો અંગેની તપાસ કેટલાક શહેરોમાં કરવામાં આવેલ છે. કવાલાલમ્બપુર, મનીલા, જાકાર્તા, સિંગાપૂર, બેંગકોક જેવા શહેરોમાં એસિડ પ્રદૂષણનું પ્રમાણ વધતું જાય છે. બ્રાઝિલના કયુબેટીઓમાં એસિડ વરસાદના કારણે રાતા પાણીના સમુદ્રમાં રહેલ માછલીઓનો નાશ થવા લાગ્યો છે. તેમજ નજીકના વિસ્તારોમાં ૮૦ ટકા ફૂલછોડો તથા વૃક્ષોનો નાશ થવા લાગ્યો છે. પશ્ચિમ જર્મનીમાં એસિડ પ્રદૂષણને કારણે ૬.૫ લાખ હેકટરના જંગલોનો નાશ થયો છે. કેનેડા, સ્વીડન, નોર્વેફિનલેન્ડ, વેનેઝુએલામાં એસિડ પ્રદૂષણની આરોગ્યની અસરોના સંદર્ભમાં ત્યાંની સરકારો દ્વારા શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા છે.

પેરિસ કરાર (Paris Agreement) એક આંતરરાષ્ટ્રીય કરાર છે જેનો હેતુ વૈશ્વિક સ્તરે આબોહવા પરિવર્તનના ખતરા સામે લડવાનો છે. આ કરાર ડિસેમ્બર ૨૦૧૫ માં પેરિસ, ળાન્સમાં યોજાયેલી યુનાઈટેડ નેશન્સ ળેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC) ની ૨૧મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP21) માં અપનાવવામાં આવ્યો હતો. વૈશ્વિક સ્તરે પ્રદૂષણ નિયંત્રણ માટે કાર્યરત કેટલીક મુખ્ય સંસ્થાઓ નીચે મુજબ છે:

1. યુનાઇટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP): આ સંસ્થા પર્યાવરણીય મુદ્દાઓ પર વૈશ્વિક નેતૃત્વ પ્રદાન કરે છે અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપે છે. અને તે વૈજ્ઞાનિક માહિતી પ્રદાન કરે છે, આંતરરાષ્ટ્રીય કરારો વિકસાવે છે અને દેશોને તેમની પર્યાવરણીય નીતિઓ સુધારવામાં મદદ કરે છે.

**2.** વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO): આ સંસ્થા પર્યાવરણીય પ્રદૂષણની સ્વાસ્થ્ય અસરો પર સંશોધન કરે છે અને માર્ગદર્શિકા પ્રદાન કરે છે. તે દેશોને તેમની જાહેર આરોગ્ય પ્રણાલીઓને મજબૂત કરવામાં અને પર્યાવરણીય જોખમોને ઘટાડવામાં મદદ કરે છે.

**3.** આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંસ્થા (IMO): આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંસ્થા (IMO) એ સંયુક્ત રાષ્ટ્રની એક વિશેષ એજન્સી છે જે દરિયાઈ સલામતી અને સુરક્ષા અને દરિયાઈ પ્રદૂષણ નિવારણ માટે જવાબદાર છે. IMO દરિયાઈ પ્રદૂષણને રોકવા અને નિયંત્રિત કરવા માટે આંતરરાષ્ટ્રીય નિયમો અને ધોરણો વિકસાવે છે, જેમાં તેલના પ્રદૂષણ, કચરાના નિકાલ અને હાનિકારક રસાયણોના પરિવહનનો સમાવેશ થાય છે. તે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનને ઘટાડવા અને આબોહવા પરિવર્તનની અસરોને ઘટાડવા માટે પણ કામ કરે છે.

**4.** ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (IPCC): એ સંયુક્ત રાષ્ટ્રનું વૈશ્વિક વૈજ્ઞાનિક સંસ્થા છે, જે 1988 માં વિશ્વ મૌસમી સંસ્થા (WMO) અને સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) દ્વારા સ્થાપવામાં આવ્યું હતું. આ પેનલ વિશ્વભરના વૈજ્ઞાનિકો દ્વારા સંચાલિત એક સ્વતંત્ર સંસ્થા છે, જે વિશ્વના વિવિધ દેશોના સરકારો માટે વાતાવરણ પરિવર્તન (Climate Change) સંબંધિત વૈજ્ઞાનિક માહિતી તૈયાર કરે છે.

આ ઉપરાંત, વિવિધ દેશોની સરકારો અને બિન-સરકારી સંસ્થાઓ (NGOs) પણ પ્રદૂષણ નિયંત્રણ માટે સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત છે.

ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રોનો પ્રદૂષણ સૂચકાંક દ્વારા કંપનીઓને તેમની પ્રવૃત્તિઓના આધારે બહુવિધ પરમિટ આપવામાં આવે છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય ઉદ્યોગોને લાલ, નારંગી, લીલો અને સફેદ રંગમાં વર્ગીકૃત કરે છે, દરેકને પ્રદૂષણ સૂચકાંકનો સ્કોર સોંપવામાં આવે છે. પરમિટ/સંમતિ પ્રક્રિયામાં SPCB પાસેથી મુખ્ય પર્યાવરણીય પરવાનગીઓ મેળવવાનો સમાવેશ થાય છે.

ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રોનો પ્રદૂષણ સૂચકાંક.

| શ્રેણી | પ્રદૂષણ સૂચકાંક (PI) | ઉદ્યોગો |
|---|---|---|
| લાલ | Pl સ્કોર 60 અને તેથી વધુ | 60 ઉદ્યોગો. ઉદાઃ એસ્બેસ્ટોસ, ન્યુક્લિયર પાવર પ્લાન્ટ, શિપબ્રેકિંગ, તેલ અને ગેસ નિષ્કર્ષણ |
| નારંગી | Pl સ્કોર 41 થી 59 | 83 ઉદ્યોગો. ઉદાઃ ફૂડ અને ફૂડ પ્રોસેસિંગ, પ્રિન્ટિંગ શાહી ઉત્પાદન, પેઈન્ટ મિશ્રણ અને મિશ્રણ અને ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન |
| લીલા | Pl સ્કોર 21 થી 40 | 63 ઉદ્યોગો. ઉદાઃ સો મિલ, ટાયર/ટ્યુબ રીટ્રીટીંગ, પોલીથીન અને પ્લાસ્ટિક ઉત્પાદનો. |
| સફેદ | Pl 20 સુધીનો સ્કોર | 36 ઉદ્યોગો. ઉદાઃ સૌર પીવી કોષો, પવન ઉર્જા, મીની હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કરતાં ઓછી 25 મેગાવોટ. |

સંદર્ભઃ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય

પર્યાવરણ અંગેની પ્રદૂષણનિયંત્રણની નીતિ.

પ્રદૂષણને કારણે સમાજને જે હાનિ થાય તે દૂર કરવા સમાજ જે કિંમત ચૂકવવા તૈયાર

હોય તેના આધારે પ્રદૂષણ નીતિ ઘડવામાં આવે છે. તેમાં પ્રદૂષણની કિંમત, પ્રદૂષણ અટકાવવા માટેની કિંમત, પ્રદૂષણ નિવારવા માટેની કિંમત પ્રદૂષણના સર્જન બાદ ઉપાયાત્મક ખર્ચનો સમાવેશ થાય છે. પ્રદૂષણનિયંત્રણ માટે બે પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. (૧) પ્રદૂષણ નિયંત્રણ માટેની પ્રત્યક્ષ નીતિ અને (૨) પ્રદૂષણનિયંત્રણ માટેની પરોક્ષ નીતિ. પ્રદૂષણનિયંત્રણ માટે પ્રત્યક્ષ નીતિના સંદર્ભમાં (૧) પ્રદૂષણ કરવેરા (૨) સબસીડીનાં પગલાંનો નિર્દેશ કરવામાં આવે છે.

પ્રદુષણને લગતા કાયદા: પ્રદૂષણના નિયંત્રણ અને નિવારણ માટે પણ ભારત સરકાર દ્વારા સમયાંતરે નિયમો બનાવવામાં આવે છે. જેમાં પ્રદૂષણ નિયંત્રણ અને નિવારણ ઉપરાંત પર્યાવરણ સુરક્ષા, જળ ઉપકર, જોખમી રાસાયણિક ઉત્પાદન, તેના સંગ્રહ અને તેના સંગ્રહ અંગેના નિયમો. આયાત, કચરાના સંચાલન અંગેના નિયમો, રાસાયણિક અકસ્માતો અંગે આપત્તિ વ્યવસ્થાપન માટેના નિયમો, બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ, ઓઝોન ઘટતા પદાર્થોને લગતા નિયમો અને અવાજ, પાણી અને જમીનના પ્રદૂષણને લગતા કાયદા વગેરેનો સમાવેશ થાય છે.

મોનીટરીંગ: આ કાયદાઓ અને નિયમો બનાવવા ઉપરાંત તેનું મોનિટરિંગ પણ સરકારી સ્તરે સતત કરવામાં આવે છે. દેશમાં, કેન્દ્રીય અને રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ વિવિધ રાજ્યોમાં નિયમિતપણે તપાસ કરે છે અને તપાસ કરે છે કે વિવિધ ઉદ્યોગો દ્વારા પર્યાવરણને અનુકૂળ અને યોગ્ય રીતે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે કે કેમ. આ સિવાય તે ઉદ્યોગોમાં પાણી, હવા, જમીન અને જંગલ જેવા કુદરતી સંસાધનોનું ઉલ્લંઘન થતું નથી. વળી, તેઓ ક્યાંક પ્રદૂષણનું પ્રમાણ વધારી રહ્યા છે.

**12.5.3 ભારતમાં પર્યાવરણની સુરક્ષા માટે લેવાયેલાં પગલાં.**

ભારતમાં પર્યાવરણની સુરક્ષા માટે નીચે મુજબનાં પગલાં લેવામાં આવે છે.

1) **ધારાકીય ઉપાયો:**

પર્યાવરણની સુરક્ષા માટે સરકારે અનેકવિધ કાયદાઓ ઘડયા છે, જે નીચે મુજબ છે.

(1) 1974 નો વન્યપ્રાણીઓની સુરક્ષાનો ધારો.

(2) 1974 નો પાણીપ્રદૂષણ નિયંત્રિત કરવાનો ધારો.

(3) 1980 નો હવાના પ્રદૂષણને નિયંત્રિત કરવાનો ધારો.

(4) 1980 નો વનસંપત્તિની જાળવણીનો ધારો.

(5) 1986 નો પર્યાવરણસુરક્ષા ધારો.

(6) The Plastic Waste Management Rules, 2016,

આ વિવિધ કાનૂનો ઉપરાંત કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં અને ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સ્થાપના કરવામાં આવેલી છે. જેના દ્વારા પ્રદૂષણ ઉપર કેટલાક પ્રમાણમાં નિયંત્રણ મૂકવામાં આવે છે. પાણી અધિનિયમ, અને હવા અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગુજરાત રાજ્ય માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની રચના કરવામાં આવેલી છે. આ બોર્ડની મુખ્ય કચેરી ગાંધીનગરમાં આવેલી છે.

❖ **દરિયાકિનારા માટેની કાયદાકીય જોગવાઈઓ જોઈએ તો,**

- **પાણી અધિનિયમ, 1974 :** આ અધિનિયમનો મુખ્ય હેતુ પાણીનું પ્રદૂષણ અટકાવવાનો છે અને કૂવાઓ, નદીઓ અને અન્ય પાણીની ગુણવત્તા જાળવવાનો છે.

- પ્રાદેશિક પાણી, સમુદ્ર છાજલી, ઈકોનોમિક ઝોન અને અન્ય મેરીટાઈમ ઝોન અધિનિયમ, 1976.
- ધ ઈન્ડિયન કોસ્ટગાર્ડ અધિનિયમ, 1975.
- કોસ્ટલ રેગ્યુલેશન ઝોન નોટીફીકેશન, 1991 : આ નોટીફીકેશન દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં અમુક પ્રકારની વિકાસ પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સી.આર.ઝેડ.ના નોટીફીકેશનમાં એવો ઉલ્લેખ છે કે, આ ઝોનમાં પ્રદૂષણ ન કરે તેવી જેમ કે, આઈ.ટી.ઈન્ડસ્ટ્રીઝ અને સર્વિસ ઈન્ડસ્ટ્રીઝને, પરવાનગી આપવી જોઈએ, પરંતુ, આ ઈન્ડસ્ટ્રીઝ પણ પ્રદૂષણ રહિત નથી. તેમાં સંસાધનો વપરાય છે અને કર્મચારી તરીકે કાર્યરત વ્યક્તિઓ કચરો ઉત્પન્ન કરે જ છે. જેથી આવી ઈન્ડસ્ટ્રીઝને પણ આ ઝોનમાં પરવાનગી ન જ મળવી જોઈએ.

**2) પર્યાવરણની જાળવણી માટેની સંસ્થાઓ:**

સરકાર દ્વારા પર્યાવરણ જાળવણી માટે અનેકવિધ સંસ્થાઓ સ્થાપવામાં આવી છે, જે નીચે મુજબ છેઃ

(1) 1985માં કેન્દ્ર સરકારે પર્યાવરણ અને વનમંત્રાલયમાં રૂપાંતરિત કર્યું હતું તે જ રીતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરવામાં આવેલ છે.

(2) ન કાઉન્સિલ ઑફ ફોરસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન.

(3) 1985માં નેશનલ લેન્ડ યુઝ એન્ડ વેસ્ટ લેન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલ.

(4) 1985 માં નેશનલ લેન્ડ ડેવલપમેન્ટ બોર્ડ.

(5) પ્રત્યેક જિલ્લામાં પર્યાવરણ માહિતીની રચના.

**(3) આર્થિક પગલાં:**

પર્યાવરણની સુરક્ષા તેમજ જાળવણી માટે નીચે મુજબનાં આર્થિક પગલાં લઈ શકાય :

(1) શહેરી વિસ્તારોમાં પ્રદૂષણનું સર્જન કરતા ઉદ્યોગોની પરવાનગી ન આપવી.

(2) સુતરાઉ કાપડ, ચામડાઉદ્યોગ વગેરે પ્રદૂષિત રહિત ટેક્નોલોજી અપનાવે તેવો આગ્રહ રાખવો જોઈએ.

(3) ઓછા અને શૂન્ય પ્રદૂષણનું સર્જન કરે તેવા ઉદ્યોગોની સ્થાપના કરવી.

(4) ઉદ્યોગો ઊંચી ગુણવત્તાવાળી ટેક્નોલોજીનો અભિગમ અપનાવે તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ.

ભારતમાં ઉદ્યોગોનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે, પરંતુ આ સાથે પર્યાવરણીય સમસ્યાઓ પણ વધી રહી છે. સરકાર પર્યાવરણની સુરક્ષા માટે વિવિધ પગલાં લઈ રહી છે. ઉદ્યોગો અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજીનો ઉપયોગ કરી ઉદ્યોગોએ પ્રદૂષણ ઘટાડતી અને સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરતી ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. તેમજ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા પર્યાવરણીય નિયમોનું પાલન કરવું જોઈએ. ઉદ્યોગોએ ટકાઉ વિકાસના સિદ્ધાંતોને અનુસરવા જોઈએ, જે આર્થિક વિકાસ અને પર્યાવરણની જાળવણી વચ્ચે સંતુલન જાળવી રાખે છે. અને પર્યાવરણની સુરક્ષા માટે સામૂહિક જાગૃતિ જરૂરી છે. લોકોએ પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અપનાવવી જોઈએ અને ઉદ્યોગોએ પર્યાવરણીય જવાબદારી નિભાવવી જોઈએ.

## 12.6 સારાંશ

ઔદ્યોગિકીકરણ માનવ જીવનનો એક જરૂરિયાત ભાગ બની ગયું છે. આને નિયંત્રિત કરવું મુશ્કેલ છે. જો માણસ પર્યાવરણ અને તેના વિકાસ વચ્ચે સુમેળ સ્થાપશે તો પર્યાવરણનું સંતુલન જળવાઈ રહેશે. માનવીએ પ્રદૂષણ ઘટાડવું અને પ્રકૃતિ અને પ્રાણીઓનું સંરક્ષણ કરવું જરૂરી છે. વિકાસની સાથે સાથે કુદરતના રક્ષણ માટે જરૂરી અને ઉપયોગી પગલાં લેવા પડશે. તો જ આપણે સુંદર પ્રકૃતિ અને પર્યાવરણનું નિર્માણ કરી શકીશું. હવે સમગ્ર માનવજાત પર્યાવરણની આ દયનીય સ્થિતિથી ચિંતિત છે. હવે સ્થાનિક કક્ષાએથી લઇ વૈશ્વિક સ્તરે લોકો અને સરકાર એવી સમિતિઓ અને કાયદાઓ બનાવી રહ્યા છે, જે આ પર્યાવરણીય સંકટને રોકી શકે અને આ પૃથ્વીને બચાવીને એક ચિરંતન વિકાસ કરી શકાય.

## 12.7 ચાવીરૂપ શબ્દો

- **પર્યાવરણ** એટલે આપણા આસપાસનું એ સમગ્ર પરિપ્રેક્ષ્ય, જેમાં આપણે જીવીએ છીએ. તેમાં પ્રાકૃતિક તત્વો (જેમ કે હવા, પાણી, જમીન, વૃક્ષો, પ્રાણીઓ) અને માનવીય તત્વો બંનેનો સમાવેશ થાય છે.
- **ઉદ્યોગો** એટલે મનુષ્ય પોતાની જરૂરિયાતો અને સમાજની માંગને પૂરી કરવા માટે કાચા માલને ઉપયોગી વસ્તુઓમાં પરિવર્તન કરે છે તે પ્રક્રિયા. આ પ્રક્રિયાને ઉદ્યોગ કહેવામાં આવે છે.
- **આર્થિક વિકાસ** એ એક એવી પ્રક્રિયા છે જેમાં દેશની વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં લાંબા ગાળા સુધી વધારો થતો રહે છે.
- **ઔદ્યોગિકરણ**નો અર્થ છે ઉત્પાદનમાં મશીનો અને ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ. આ એક એવી પ્રક્રિયા છે જેમાં અર્થવ્યવસ્થા કૃષિ અને હસ્તકલા પર આધારિત હોવાને બદલે ઉત્પાદન અને સેવાઓ પર આધારિત બને છે.
- **ટકાવ વિકાસ** (Sustainable Development) એટલે ભવિષ્યની પેઢીઓની પોતાની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતા સાથે સમાધાન કર્યા વિના વર્તમાન જરૂરિયાતોને સંતોષતો વિકાસ.
- **ટકાઉ ઔદ્યોગિક વિકાસ** એ એક એવો ખ્યાલ છે જે આર્થિક વિકાસ અને પર્યાવરણની જાળવણી વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. આ ખ્યાલનો ઉદ્દેશ્ય ભવિષ્યની પેઢીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વર્તમાન જરૂરિયાતોને સંતોષવાનો છે.

## 12.8 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1. ઉદ્યોગ અને પર્યાવરણ વચ્ચેના આંતર સંબંધો જણાવો.
2. પર્યાવરણીય અસમતુલાની ટકાઉ ઔદ્યોગિક વિકાસ ઉપર અસર સમજાવો.
3. ભારત સરકારની ઉધોગો અને પર્યાવરણ અંગેની નીતિ જણાવો.
4. ટકાઉ ઔદ્યોગિક વિકાસ સામેના પડકારો (સમસ્યાઓ) જણાવો.
5. ગ્રીન ઔદ્યોગિક નીતિ વિષે નોંધ લખો.
6. પ્રદૂષણ નિયંત્રણની અંગે વૈશ્વિક સ્તરે ચર્ચા કરો.

7. ભારતમાં પર્યાવરણની સુરક્ષા માટે લેવાયેલાં પગલાં સમજાવો.

(બ) **ટૂંકનોંધ લખો.**

1. પર્યાવરણની ઉદ્યોગ પરની અસર જણાવો.
2. ઉદ્યોગોની પર્યાવરણ પરની અસરો જણાવો.
3. ગ્રીન ઉદ્યોગિક નીતિ

(ક) **બહુવિકલ્પીય પ્રશ્નો ઉત્તર સહિત**

1. ભારતમાં ઔધોગિક ક્ષેત્ર પ્રદૂષણ સૂચકાંક પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા કયા રંગમાં વર્ગીકૃત કરે છે. ?

   (A) લાલ, નારંગી, લીલો અને સફેદ (B) લાલ, નારંગી, પીળો અને સફેદ

   (C) લાલ, વાદળી, લીલો અને સફેદ (D) લાલ, નારંગી, લીલો અને જામલી

2. પ્રદૂષણ નિયત્રણ માટે કેટલા પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.?

   (A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

3. પાણીપ્રદૂષણ નિયંત્રિત કરવાનો ધારો ક્યાં વર્ષે પસાર કરવામાં આવેલ છે ?

   (A) 1977 (B) 1974 (C) 1986 (D) 1984

4. પર્યાવરણસુરક્ષા ધારો ક્યાં વર્ષે પસાર કરવામાં આવેલ છે.

   (A) 1977 (B) 1974 (C) 1986 (D) 1984

5. The Plastic Waste Management Rules, ક્યાં વર્ષે પસાર કરવામાં આવેલ છે.?

   (A) 1977 (B) 2014 (C) 1986 (D) 2016

6. પર્યાવરણ ________ પ્રવૃત્તિથી પ્રભાવિત થાય છે.

   (A) ઉત્પાદન (B) ઉપભોગ

   (C) A અને B બંને (D) ઉપરોક્ત એક પણ નહીં

7. પર્યાવરણીય પ્રદૂષણ ________ થી ઓછુ કરી શકાય છે.

   (A) પર્યાવરણીય મિત્ર ટેકનોલોજીનો વિકાસ (B) સંસાધનોનો મહત્તમ ઉપયોગ

   (C) ઉદ્યોગિક કચરાનો પુનઃ ઉપયોગ (D) ઉપરોક્ત બધાં

- **સંદર્ભ સૂચિ**


- https://iskalo.com/insights/sustainable-industrial-development/
- https://greenly.earth/en-us/blog/ecology-news/what-was-the-industrial-revolutions-environmental-impact
- https://terrapass.com/blog/environmental-impact-industry/#:~:text=Better%20Waste%20Management,and%20ecosystems%20will%20benefit%20greatly. https://www.netsolwater.com/

impact-of-industrial-pollution.php?blog=1141

- https://oizom.com/how-do-industrial-emissions-contribute-to-climate-change#:~:text=Using%20fossil%20fuels%20to%20generate%20power%20and,potent%20greenhouse%20gases%20that%20blanket%20the%20Earth
- https://www.nextias.com/blog/environmental-laws-india/
- https://www.india-briefing.com/news/environmental-compliance-for-companies-in-india-key-legislation-and-esg-guidelines-32012.html/#:~:text=India's%20environmental%20regulatory%20framework%20is,of%20Pollution)%20Act%2C%201981
- ડૉ. જે. સી. પટેલ. ''પર્યાવરણ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ'' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

1. (A) લાલ, નારંગી, લીલો અને સફેદ 2. (A) બે 3. (B) 1974 4. (C) 1986 5. (D) 2016 6. (C) A અને B બંને 7. (B) સંસાધનોનો મહત્તમ ઉપયોગ

એકમ 13

# આર્થિક વિકાસ અને ઉદ્યોગોની માલિકી

-: રૂપરેખા :-


**13.0** ઉદ્દેશો

**13.1** ભારતમાં જાહેર ક્ષેત્ર

**13.2** ખાનગી ક્ષેત્ર

**13.3** ખાનગીકરણ

**13.4** ઉદારીકરણ

**13.5** વૈશ્વિકીકરણ

**13.6** સમીક્ષા

**13.7** ચાવીરૂપ શબ્દો

**13.8** તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ સૂચિ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 13.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

(1) ભારતમાં જાહેર ક્ષેત્રનો અર્થ, જાહેર સાહસોનું મહત્ત્વ તેમજ ભારતીય અર્થતંત્રમાં જાહેર સાહસોની ભૂમિકા વગેરે સરળતાથી સમજી શકશો.

(2) જાહેર સાહસોની મુખ્ય સમસ્યાઓ, જાહેર ક્ષેત્રનાં સાહસોની કામગીરી, કામગીરી સુધારવા માટેનાં સૂચનો તેમજ ૧૯૯૧ ની ઔદ્યોગિક નીતિ અન્વયે જાહેર ક્ષેત્રના સાહસોની ભૂમિકામાં આવેલા બદલાવો અંગે સમજૂતી મેળવી શકશો.

(3) ખાનગી ક્ષેત્રનો અર્થ તેમજ ખાનગીક્ષેત્રની લાક્ષણિકતાઓ અંગે માહિતગાર થઈ શકશો.

(4) આ એકમમાં અર્થતંત્રમાં આવેલા નવા ત્રણ આર્થિક સુધારાઓ : ખાનગીકરણ ઉદારીકરણ અને વૈશ્વકીકરણનો અર્થ કારણો તેમજ અસરો અંગેની જાણકારી મેળવી શકશો.

## 13.1 ભારતમાં જાહેર ક્ષેત્ર

1947 પૂર્વે ભારતમાં જાહેર ક્ષેત્ર ખૂબ જ મર્યાદિત હતું. તાર, ટપાલ, રેલ્વે, દારૂગોળો, ઓલ ઈન્ડિયા રેડિયો શસ્ત્રોના કારખાના વગેરે અપવાદો સિવાય જાહેર ક્ષેત્રનું અસ્તિત્વ જ નહોતું. જોકે આયોજન અને દેશના ઔદ્યોગિક વિકાસમાં રાજ્યના ફાળા અંગેના ખ્યાલનો વિકાસ થવા લાગ્યો. દા.ત., 1929 માં લાહોરમાં એક ઠરાવમાં એવું જાહેર કર્યું હતું કે ''ભારતીય પ્રજાની ગરીબી અને યાતનાઓ દૂર કરવા માટે તેમજ આમ જનતાની હાલત સુધારવા માટે સમાજના આર્થિક તેમજ સામાજિક માળખામાં ક્રાંતિકારી ફેરફારો કરવા તેમજ ગંભીર અસમાનતાઓ દૂર કરવી એ અનિવાર્ય છે.''

ત્યાર પછી કરાંચીમાં પણ એક ઠરાવ કરવામાં આવ્યો હતો અને એ ઠરાવમાં પણ રાષ્ટ્રીયકરણ અને ઉદ્યોગોના સામાજિક અંકુશના પ્રમાણમાં વધારો કરવો એવા એક સ્પષ્ટ ઉદ્દેશનો સમાવેશ થતો હતો.

1948 ની ઔદ્યોગિક નીતિના ઠરાવમાં પણ જાહેરક્ષેત્રના મહત્ત્વનો સ્વીકાર કર્યો હતો. 1956 ની ઔદ્યોગિક નીતિનો બીજો ઠરાવ પહેલા ઠરાવ સાથે સામ્ય ધરાવતો હોવા છતાં તે અંશતઃ જાહેર ક્ષેત્રની અગત્યતા અને સરકારના વધુ ખુલ્લા એવા સમાજવાદી વલણ તરફના ફેરફારો તેમાં સ્પષ્ટ દેખાતા હતા. ત્યાર બાદ ક્રમશઃ આયોજનના ગાળા દરમિયાન જાહેર ક્ષેત્રનો ઝડપી વિસ્તાર થતો રહ્યો. જોકે 1991 ની ઔદ્યોગિક નીતિમાં અગાઉની ઔદ્યોગિક નીતિઓ કરતાં ભારે પરિવર્તનો જોવા મળ્યા. જાહેર ક્ષેત્રમાં સરકારે પોતાનું રોકાણ ખાનગીક્ષેત્રને જરૂરિયાત મુજબ વેચવાની શરૂઆત કરી અને ખાનગીક્ષેત્રને વધુ સ્વાયતતા આપવાનું સ્વીકાર્યું.

**જાહેર ક્ષેત્રનો અર્થ :**

જે એકમોની માલિકી, સંચાલન અને અંકુશ સરકાર હસ્તક હોય તેને જાહેર ક્ષેત્રના સાહસ કહે છે. બીજા શબ્દોમાં કહી શકાય કે રાષ્ટ્રીય હિસાબ રાખવાના સંદર્ભમાં તેમજ આયોજનની દૃષ્ટિએ ભારતમાં જે કોઈ પ્રવૃત્તિ સરકારના અંદાજપત્ર દ્વારા મળતા નાણાંકીય અનુદાન દ્વારા થાય તે તમામનો સમાવેશ જાહેરક્ષેત્રમાં થાય છે. આવા એકમની અંશતઃ અથવા પૂરેપૂરી માલિકી કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારની હોય છે. સરકાર આવા જાહેરક્ષેત્રના એકમ દ્વારા આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગીદાર બને છે.

વિસ્તૃત અર્થમાં જોઈએ તો જાહેર ક્ષેત્રમાં સરકારી વિભાગો ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની કંપનીઓ, સિંચાઈ અને ઉર્જાની પરિયોજનાઓ, રેલ્વે, ટપાલ અને તાર સેવાઓ, શસ્ત્ર સરંજામ, ઉત્પાદનનાં કારખાના, રાષ્ટ્રીયકૃત બેન્કો, વીમા નિગમો, રાજ્ય પ્રેરિત નાણાં નિગમો વગેરેનો સમાવેશ થાય છે.

**ભારતમાં જાહેરક્ષેત્રના સાહસોનું મહત્ત્વ :**

ભારત જેવા મિશ્ર અર્થતંત્ર ધરાવતા દેશમાં જાહેર ક્ષેત્રનું સ્થાન મહત્ત્વનું છે. એનું કારણ એ છે કે ઉદ્યોગીકરણના શરૂઆતના તબક્કામાં ઉદ્યોગોના વિકાસ માટે રાજ્યની સહાય આવશ્યક હોય છે. આ અંગે આર્થર લેવિસ જણાવે છે કે ઔદ્યોગિકકરણની શરૂઆત કરવામાં મુખ્યત્વે ત્રણ પ્રકારની મુશ્કેલીઓનો સામનો દેશે કરવો પડે છે.

- ઉદ્યોગોના વિકાસમાં શરૂઆતમાં કેટલુંક અજ્ઞાન હોય છે જે રાજ્યની સહાય દ્વારા દૂર કરવાનું હોય છે.
- ઉદ્યોગોના વિકાસનું પ્રારંભિક ખર્ચ ખૂબ જ ઊંચું હોય છે. જે ખાનગી સાહસો ઉઠાવી શકે તેમ હોતા નથી.
- નવા વિકસતા ઉદ્યોગો માટે બજારની સમસ્યા હલ કરવી ખૂબ જ આવશ્યક છે.

આ ત્રણેય સમસ્યાઓ હલ કરવામાં રાજ્યનો હસ્તક્ષેપ અનિવાર્ય થઈ પડે છે. આ મદદ રાજ્ય પોતાની માલિકીના એકમો (ઉદ્યોગો) સ્થાપીને પૂરી પાડી શકે છે. રાજ્યની માલિકીના એકમો અર્થાત્ જાહેર ક્ષેત્રના સાહસો ઊભા કરવા નીચેના કારણોસર જરૂરી હોય છે.

**(1) પાયાના ઉદ્યોગોની સ્થાપના :**

જાહેર સાહસોની સ્થાપનાનો એક મુખ્ય હેતુ ઝડપી ઔદ્યોગિકરણ માટે પાયાની સુવિધાઓ ઊભી કરવા અંગેનો છે. જેના માટે મોટા પ્રમાણમાં મૂડી રોકાણ કરવું આવશ્યક બને છે.

જે આઝાદી પછીના વર્ષોમાં ખાનગી ઉદ્યોગો માટે શક્ય નહોતું. આ ઉપરાંત પાયાના ઉદ્યોગોમાં કરવામાં આવતા મૂડી રોકાણના પ્રમાણમાં તેમાંથી મળતો વળતર દર શરૂઆતના વર્ષોમાં ઓછો રહે છે. આથી ખાનગી ઉદ્યોગો આવા પાયાના ઉદ્યોગોની સ્થાપના કરવામાં રસ દાખવતા નથી. આથી આર્થિક સ્વતંત્રતા અને ઔદ્યોગિક સર્વોપરિતા હાંસલ કરવા માટે આવા ઉદ્યોગોનો વિકાસ કરવો અતિ આવશ્યક મનાયો છે.

**(2) સમતોલ પ્રાદેશિક વિકાસ :**

ભારતીય આયોજનનો એક હેતુ દેશના જુદા જુદા પ્રદેશોમાં પ્રવર્તતી આર્થિક અસમાનતામાં ઘટાડો કરવો. લોકશાહી આયોજનની સફળતા માટેની એક મહત્ત્વની શરત એ છે કે વિકાસના લાભ દેશના અલ્પ વિકસિત તેમજ પછાત વિસ્તારો સુધી પહોંચી શકે. ખાનગી ક્ષેત્રનો મુખ્ય હેતુ નફો હોવાથી સામાન્યતઃ દેશના વિકસિત પ્રદેશોમાં જ તેઓ તેમની પ્રવૃત્તિઓ કરે છે. જ્યારે પછાત વિસ્તારોની મદદઅંશે ઉપેક્ષા થાય છે. આ સંજોગોમાં રાજ્ય પહેલવૃત્તિ દાખવીને આવા પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક એકમો તેમજ અન્ય માળખાકીય સવલતો વિકસાવવાની જવાબદારી સ્વીકારે છે. અર્થાત્ જાહેર ક્ષેત્રના સાહસો પ્રાદેશિક અસમાનતાને ઘટાડવામાં અગત્યની ભૂમિકા ભજવી શકે છે.

**(3) માળખાકીય સવલતોનો વિકાસ :**

માળખાકીય સગવડ ઉભી થવી એ દેશના ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વિકાસને ઝડપી અને વેગીલો બનાવવા માટેની એક આવશ્યક પૂર્વ શરત છે. માળખાકીય સવલતોમાં વીજળી, સિંચાઈ, શિક્ષણ, આરોગ્યની સંસ્થાઓ, વાહન વ્યવહાર અને સંદેશા-વ્યવહાર, બંદરો, તાલીમ અને સંશોધન, બેન્કિંગ સંસ્થાઓનો વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. ખાનગીક્ષેત્રને આ સવલતોના વિકાસ માટેનું કોઈ પ્રોત્સાહન હોતું નથી. એનું કારણ એ છે કે તેમાં મૂડી રોકાણ પરનો વળતરનો દર આકર્ષક ન હોવાથી આ ક્ષેત્રોના વિકાસની જવાબદારી રાજ્ય સ્વીકારે છે. એટલું જ નહીં આવા માળખાકીય ક્ષેત્રોમાં જાહેર ક્ષેત્ર દ્વારા થયેલું મોટા પ્રમાણમાં મૂડી રોકાણ ખાનગી ક્ષેત્રના સાહસો માટે પણ લાભદાયી પુરવાર થાય છે.

**(4) આવકની અસમાનતા ઘટાડવા :**

જાહેર ક્ષેત્રના સાહસોનું વિસ્તરણ આવકની અસમાનતામાં ઘટાડો કરીને આવકની વધુ સમાન અને ન્યાયી વહેંચણી માટે મદદરૂપ થઈ શકે છે. વધુ મૂડી રોકાણની આવશ્યક્તા હોય એવા ઉદ્યોગો ખાનગી હસ્તક હોય તો ઈજારાશાહીની શક્યતા રહે છે અને ઈજારાશાહીને કારણે ગ્રાહકોનું શોષણ થવાની શક્યતા રહે છે આથી આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અટકાવવા માટે જાહેર ક્ષેત્ર ઉપયોગી સાબિત થાય છે. જાહેર સાહસોનો નફો જો ખાનગી ક્ષેત્રને બદલે સરકારને મળે તો તેનો ઉપયોગ સમાજના નિમ્ન-આવકવાળા જૂથ અને અન્ય નબળા વર્ગો માટે કરી શકાય અને જાહેર સાહસો પણ વસ્તુઓના વેચાણમાં ભાવ ભેદભાવ અપનાવીને આવકની અસમાનતા ઘટાડવામાં અગત્યનો ભાગ ભજવી શકે છે.

**(5) આર્થિક વિકાસ માટે નાણાં પ્રાપ્તિ :**

શ્રી જગદીશ ભગવતી જાહેર ક્ષેત્રની તરફેણમાં એક બીજુ પૂરક કારણ એ પણ જણાવે છે કે કેટલાક રોકાણ વ્યક્તિગત નિયોજકો કે ખાનગી ક્ષેત્રના ગજા બહારની વાત હોય છે. અર્થાત્ દેશમાં અસ્તિત્વ ધરાવતી નાણાંકીય સંસ્થાઓ પાસેથી નાણાંકીય સાધનો પ્રાપ્ત

કરવાનું ખર્ચ ખૂબ જ ઊંચું આવે છે. દા.ત., મૂડી જન્ય માલસામાન પ્રોજેક્ટ. આવા પ્રોજેક્ટો ખૂબ જ મૂડી રોકાણ માંગી લેતા હોવાથી જાહેર ક્ષેત્ર આવશ્યક બન્યું છે.

**(6) રોજગારીમાં વધારો :**

ભારતમાં કૃષિ ક્ષેત્રે રોજગારીમાં વધારાનો અવકાશ ઓછો રહેલો છે. તેથી રોજગારીમાં વધારો કરવા માટે ઔદ્યોગિક ક્ષેત્ર પર આધારિત રહેવું પડે તેમ છે. રોજગારીમાં વૃદ્ધિ કરવાનો ઉદ્દેશ જાહેર ક્ષેત્રના વિકાસ દ્વારા સિદ્ધ કરી શકાય તેમ છે. જોકે આ સાથે એ ત્યારે જ શક્ય બને કે જ્યારે જાહેર ક્ષેત્ર વિશાળ ઔદ્યોગિક એકમો ઊભા કરવાના મોહમાંથી મુક્ત થાય.

**(7) આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અટકાવવા :**

કેટલાક મહત્ત્વનાં ઉદ્યોગોનું સ્વરૂપ જ એ પ્રકારનું હોય છે કે જેમાં પુષ્કળ મૂડી રોકાણની આવશ્યક્તા રહે છે. આથી જો આવા ઉદ્યોગો ખાનગી ક્ષેત્ર પાસે હોય તો તેઓ સંગઠન જોડાણ રચીને ઈજારો સ્થાપે છે અને ગ્રાહકોનું શોષણ થાય છે. પરિણામે વિપુલ મૂડી અને નફાનો સંચય અલ્પ સંખ્યક વ્યક્તિઓના હાથમાં જતા ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ થાય છે. આથી આવા મહત્ત્વના ઉદ્યોગો જાહેર ક્ષેત્રે સ્થાપવાનો ઉદ્દેશ આર્થિક સભાનું કેન્દ્રીકરણ અટકાવીને લોકશાહી સમાજવાદને સ્થાપવાનો હોય છે.

**ભારતીય અર્થતંત્રમાં જાહેર ક્ષેત્રના સાહસોની ભૂમિકા :**

આયોજનકાળ દરમિયાન અને નીતિ આયોગના અમલ પછી ભારતના આર્થિક વિકાસમાં જાહેર ક્ષેત્રે અતિ મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. અર્થતંત્રના નિયમનથી માંડીને સામાજિક પરિવર્તનના સાધન તરીકે જાહેર ક્ષેત્રે ભૂમિકા ભજવવાની હોય છે. ઝડપી વિકાસ માટેની અતિ અગત્યની એવી ઝડપી મૂડીસર્જનની પ્રક્રિયા પણ જાહેરક્ષેત્રે જ પાડવાની હોય છે. આ પ્રકારની મહત્ત્વની ભૂમિકા ભજવવામાં ભારત કેટલે અંશે સફળ રહ્યું છે. તેની ચર્ચા આપણે અહીં કરીશું.

**(1) કુલ ઘરેલું પેદાશમાં ફાળો :**

આયોજનકાળ દરમિયાન ભારતની કુલ ઘરેલું પેદાશમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. દા.ત., 1950-51માં ભારતની કુલ ઘરેલું પેદાશમાં જાહેર સાહસોનો ફાળો માત્ર 2.8% જેટલો હતો. જે 1970-71 માં વધીને લગભગ 14.5% જેટલો થયો હતો. ત્યારબાદ 2013-14 માં તે વધીને લગભગ 23% થવા પામ્યો હતો. પુનઃ તેમાં ઘટાડો થઈને 2022-23 માં 14% જેટલો થયો હતો.

જોકે જુલાઈ 1991 થી દેશમાં અપનાવવામાં આવેલી આર્થિક ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની નીતિના અમલથી રાજ્યનો સાપેક્ષ હિસ્સો ઘટવા પામ્યો છે અને તેને પરિણામે જાહેર ક્ષેત્રનો હિસ્સો કુલ ઘરેલું પેદાશમાં ઘટ્યો છે.

**(2) મજબૂત ઔદ્યોગિક પાયો :**

દેશના આર્થિક વિકાસ માટે પાયાની જરૂરિયાત એ છે કે દેશનો ઔદ્યોગિક પાયો મજબૂત કરવામાં આવે. જાહેર ક્ષેત્રની ઘણી બધી મર્યાદાઓ હોવા છતાં આપણે એ સ્વીકારવું પડશે કે 1950-51 થી આયોજન શરૂ થયું. ત્યારથી અને નીતિ આયોગના અમલ પછી પણ આજ સુધીના સમયગાળામાં દેશના ઝડપી ઔદ્યોગિકરણમાં જાહેર ક્ષેત્રનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ભારે અને પાયાના ઉદ્યોગો, વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો જરૂરી સેવાઓ પૂરી પાડતા ઉદ્યોગો ઊભો કરવામાં જાહેર ક્ષેત્રનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે.

શરૂઆતની ત્રણ પંચવર્ષીય યોજનાનો અનુભવ એવો છે કે ખાનગીક્ષેત્રના વિકાસમાં અવરોધો આવતા હતા અને ખાનગી ક્ષેત્રની મર્યાદાઓ હતી. આ પરિસ્થિતિમાં જાહેર ક્ષેત્રે ઔદ્યોગિક પાયો તૈયાર કરી આપવાની મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

**(3) જાહેર સાહસોની સંખ્યા અને તેમાં થયેલ મૂડી રોકાણનું પ્રમાણ :**

ભારતમાં જાહેર સાહસોની સંખ્યા માર્ચ 1951 માં માત્ર 5 હતી. જે માર્ચ 2014 ના અંતે 290 જેટલી થઈ હતી. જેમાંથી 234 જેટલા એકમો કાર્યરત હતા. વર્ષ 2021-22 માં જાહેર સાહસોની સંખ્યા વધીને 389 જેટલી થઈ હતી. જે પૈકી 248 જેટલા સાહસો કાર્યરત હતા.

માર્ચ 1951 ના અંતે જાહેર ક્ષેત્રમાં રૂ. 29 કરોડનું મૂડી રોકાણ થયું હતું. જે માર્ચ 2022 ના અંતે 22.81 લાખ કરોડ રૂ. થયું હતું.

**(4) સામાજિક પરિવર્તન :**

જાહેર ક્ષેત્રએ માત્ર ટેકનિકલ કારણોસર જ મહત્ત્વ ધરાવે છે એમ નથી. પરંતુ સાથે તે સામાજિક પરિવર્તનનું એક અગત્યનું કારણ પણ છે. ઈટાલિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડસ્ટ્રીઅલ રીકન્સ્ટ્રક્શનના પ્રોફેસર પાસ્કેલ સેરસેનોના શબ્દોમાં કહીએ તો "આપણો ઉદ્દેશ પોલાદ અને મોટરો બનાવવાનો નથી પરંતુ મોટરોનો ઉપયોગ સામાજિક પરિવર્તન અને આર્થિક પ્રગતિના સાધન તરીકે કરવાનો છે." એમ કહી શકાય કે જાહેર ક્ષેત્રમાં સરકારે માલિક બનવાથી ખાનગી ક્ષેત્રનો ઈજારો તૂટે છે અને પ્રજાના હિતમાં જાહેર ઈજારો રચાય છે. જે સામાજિક પરિવર્તન માટે આવશ્યક છે.

**(5) રોજગારી :**

જાહેર ક્ષેત્રના સાહસોમાં રોજગારીની તકોમાં વધારો થયો છે. જોકે છેલ્લા કેટલાક સમયથી કાયમી નોકરીનું સ્થાન કરાર આધારિત નોકરીએ લીધેલ છે. 1971 માં કેન્દ્રીય સાહસોમાં જોડાયેલા કર્મચારીઓની સંખ્યા લગભગ 111 લાખની હતી. જે માર્ચ 2012 ના અંતે વધીને 176.1 લાખ જેટલી થઈ જવા પામી હતી. જે વર્ષ 2022-23 માં 2000 લાખ જેટલી થવા પામી હતી. જોકે દેશના પ્રાપ્ય સાધનોનો પૂરતો ઉપયોગ કરી શકાય તેવી શ્રમ પ્રધાન ટેક્નોલોજી અપનાવવાનું ધ્યેય જાહેર ક્ષેત્ર દ્વારા પાર પાડી શકાયું નથી.

**(6) નિકાસ કમાણીમાં જાહેર ક્ષેત્રનો ફાળો :**

દેશે જો ઝડપી આર્થિક વિકાસ કરવો હોય તો મૂડી રોકાણનો દર ઊંચો લઈ જવો પડે અને એ માટે દેશની બચત ખાદ્ય અને હૂંડિયામણ ખાદ્ય ઘટાડવી પડે. આ ખાદ્ય નિવારવામાં નિકાસો મદદરૂપ બની શકે. આ ખાદ્ય નિકાસો વધારીને અને આયાતો ઘટાડીને હળવી કરી શકાય છે. આ બાબતમાં જાહેર ક્ષેત્રના એકમોએ નિકાસ વધારવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

કેટલાક જાહેર ક્ષેત્રના એકમોએ નિકાસો વધારવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. Indian Oil Corporation Coal India Limited, Indian Tabacco Company (I.T.C.), Oil and Natural Gas Corporation (O.N.G.C.), National Thermal Power Corporation (N.T.P.C.), Power Grid Corporation of India (P.G.C.I.) વગેરેએ જાહેર ક્ષેત્રે મહત્ત્વની કામગીરી બજાવી છે. આ ઉપરાંત હિંદુસ્તાન સ્ટીલ લિમિટેડ (H.S.L.) અને હિંદુસ્તાન મશીન ટુલ્સે (H.M.T.) પણ નિકાસો વધારવામાં ઠીક ઠીક ફાળો આપ્યો છે. આમ, નિકાસ કમાણીના ક્ષેત્રે પણ જાહેર સાહસોની કામગીરી એકંદરે પ્રશંસનીય છે.

જોકે આ દિશામાં હજુ વધુ વિધેયાત્મક પગલાં લેવાનો અવકાશ છે. માર્ચ 2022 ને અંતે કુલ જાહેર ક્ષેત્રની નિકાસો યુએસ ડોલર 778.55 બિલિયન જેટલી થવા પામી હતી.

**(7) અર્થતંત્રનું નિયમન :**

અર્થતંત્રને યોગ્ય દિશામાં લઈ જવા માટે અર્થતંત્ર પર રાજ્યનું અસરકારક નિયંત્રણ આવશ્યક છે. જોકે નાણાંકીય નીતિ, રાજકોષીય નીતિ, ઔદ્યોગિક નીતિ, ઔદ્યોગિક પરવાના નીતિ વગેરે દ્વારા રાજ્ય બજારનું નિયમન કરી શકે છે. પરંતુ આ પૂરતું નથી અને એ માટે જાહેર ક્ષેત્ર યોગ્ય ભૂમિકા નિભાવી શકે છે. જાહેર ક્ષેત્રનો અસરકારક પ્રભાવ અનિવાર્ય બને છે અને આ ત્યારે જ શક્ય બને કે જ્યારે ઉત્પાદનના સાધનો મોટા પ્રમાણમાં રાજ્ય હસ્તક હોય. દા.ત., લોખંડ, પોલાદ, વીજળી જેવા પાયાના અને મહત્ત્વનાં ઉદ્યોગો પોતાના હસ્તક રાખીને તેની કિંમતો નિયંત્રિત કરી શકે છે.

**(8) જાહેર સાહસોનો નફો :**

જાહેર સાહસોએ 1972-73 માં સૌ પ્રથમવાર રૂ. 17.8 કરોડનો નફો કર્યો હતો. ત્યાર પછીના વર્ષોમાં નફાના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. 1981-82 માં કેન્દ્રીય જાહેર સાહસોએ લગભગ રૂ. 446 કરોડનો નફો કર્યો હતો. જે 2013-14 માં રૂ. 129.109 કરોડ જેટલો થયો હતો. આમ છતાં જાહેર સાહસોની નફાકારકતામાં વધારો કરવાનો હજુ દેશમાં વિશાળ અવકાશ છે.

**ભારતમાં સૌથી વધુ નફો કરતા જાહેર સાહસોના નામ અને આ સાહસોએ કરેલ નફો વર્ષ 2022-23**

| અનુ. નં. | જાહેર સાહસનું નામ | નફો (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1. | Oil and Natural Gas Corporation Limited (O.N.G.C.) | 40305 |
| 2. | Indian Oil Corporation Limited (I.O.C.L.) | 24184 |
| 3. | Power Grid Corporation of India (P.G.C.I.) | 17074 |
| 4. | National Thermal Power Corporation (N.T.P.C.) | 16111 |

Sourse : https://www.business.standard.com

ભારતીય અર્થતંત્રમાં જાહેર ક્ષેત્રના સાહસોની ભૂમિકા અંગેની ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થશે કે ભારતના આર્થિક વિકાસમાં જાહેર ક્ષેત્રની ભૂમિકા અત્યંત મહત્ત્વની રહી છે. આમ છતાં એક બાબત ખાસ સ્પષ્ટ થાય છે કે જાહેર ક્ષેત્રના કેન્દ્રીય સાહસોની કામગીરી પર પેટ્રોલિયમ ક્ષેત્ર, ખાણ-ખનીજ ક્ષેત્ર, વીજળી વગેરે ક્ષેત્રોનું પ્રભુત્વ વધુ છે. જ્યારે Bharat Sanchar Nigam Limited (BSNL) જેવા સાહસો ખોટ કરી રહ્યા છે. તેથી જ તેમને ધોળા હાથી કહે છે. એટલું જ નહીં બીજા કેટલાક જાહેર ક્ષેત્રના સાહસોમાં વણવપરાયેલી ઉત્પાદન ક્ષમતાનો પ્રશ્ન છે.

**જાહેર ક્ષેત્રના સાહસોની મુખ્ય સમસ્યાઓ :**

ભારતમાં જાહેર ક્ષેત્રના સાહસોની મુખ્ય સમસ્યાઓ-મર્યાદાઓ નીચે પ્રમાણે છે.

**(1) પ્રોજેક્ટના અમલમાં બિનકાર્યક્ષમતા :**

ઘણા બધા જાહેર ક્ષેત્રના પ્લાન્ટમાં ભારે મૂડીરોકાણ અને વધુ પડતું ખર્ચ થતું હોય છે.

પરંતુ આ જાહેર સાહસ પોતાના આંતરિક સાધનો અપેક્ષા પ્રમાણે કાર્ય કરી શકતું નથી. નવી ટેકનોલોજીના અમલમાં સમય વિલંબ થાય છે. આથી ખર્ચ વધુ થાય છે. એટલું જ નહીં આવા વધુ પડતા ખર્ચવાળા એકમોમાં એટેમીક એનર્જી, રેલ્વે, પેટ્રોલિયમ, પેટ્રોકેમિકલ્સ, ફર્ટિલાઈઝર્સ, કોલ પાવર તેમજ ભારે ઉદ્યોગોનો સમાવેશ થાય છે. આવા એકમો શરૂ કરવામાં થતો વિલંબ ભારે મૂડીના ખર્ચમાં તેમજ આવક ખાદ્યમાં પરિણમે છે અને તેના અમલમાં બિનકાર્યક્ષમતા હોય છે.

**(2) તાલીમબદ્ધ ટેકનિકલ કર્મચારીઓનાં પ્રશ્નો :**

જાહેર સાહસોમાં તાલીમબદ્ધ ટેકનિકલ કર્મચારીઓ તેમજ સંચાલનના કેટલાક પ્રશ્નો છે. જાહેર ક્ષેત્ર વિકસાવવાનો એક ઉદ્દેશ સરકારનો એ રહ્યો છે. કે સામાજિક ન્યાય સ્થપાય અને રોજગારીની તકો વધે. પરંતુ જાહેર ક્ષેત્રના સાહસોમાં રાજકીય સંડોવણીને કારણે શ્રમની જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં ભરતી કરવાને કારણે શ્રમની કાર્યક્ષમતા પર માઠી અસર થઈ છે. આ ઉપરાંત જાહેર ક્ષેત્રના સાહસોમાં થતા સંઘર્ષની બાબતમાં અંતિમ નિર્ણય પ્રધાનોના હાથમાં હોય છે. તેથી ઔદ્યોગિક સાહસના હિતોની સાથોસાથ પોતાની રાજકીય કારકિર્દી પર પણ નજર રાખવી પડે છે. જેથી જાહેર સાહસોના કર્મચારીઓની અન્યત્ર જતા રહેવાની વૃત્તિ રહે છે.

**(3) સ્વાયત્તતાનો અભાવ :**

જાહેર સાહસોનું સંચાલન કાર્યક્ષમ રીતે કરવું હોય તો એ આવશ્યક છે કે જે તે અધિકારીઓને પૂરતી સ્વતંત્રતા આપવામાં આવે. પરંતુ રોજબરોજના વહીવટી કાર્યમાં પણ જો ઉપલા અધિકારી કે તે જે તે ખાતાના પ્રધાનની મંજૂરીની આવશ્યક્તા હોય તો તેમાં નિર્ણય લેવામાં વિલંબ થાય છે. જે અધિકારીની કામ કરવાની વૃત્તિ અને શક્તિ પર વિપરીત અસર કરે છે. તેનું આત્મસમ્માન તેમજ કાર્ય કરવાની નિષ્ઠાને વિપરીત અસર કરે છે.

**(4) આયાતી ટેકનોલોજી પરનું અવલંબન :**

ભારતમાં જાહેર ક્ષેત્રે આયાતી ટેકનોલોજી પરના અવલંબનમાં નોંધપાત્ર પ્રમાણમાં વધારો થયો છે એમ કેટલાક અભ્યાસો અને સંશોધન દર્શાવે છે. આયાતી ટેકનોલોજી ઊંચી કિંમત વસૂલ કરે છે. ખર્ચમાં વધારો કરે છે. વિદેશી ચૂકવણીનું ખર્ચ વધારે છે. પરિણામે જાહેર દેવાના બોજામાં પણ વધારો થાય છે.

**(5) અનુત્પાદક ભારે ખર્ચાઓ :**

જાહેર સાહસોના સંચાલનમાં ''ખર્ચમાં કરકસર'' અંગેની ''સંસ્કૃતિ''નો અભાવ જોવા મળે છે. વહીવટી, વેચાણ અને વાહનવ્યવહાર પાછળનાં ખર્ચમાં કાળજીનો - કરકસરનો અભાવ જોવા મળે છે. એજ રીતે અધિકારીઓની સગવડો જેવી કે ખર્ચાળ હવાઈ મુસાફરી, પંચતારક હોટલમાં રહેઠાણ, ખર્ચાળ કલબોનું સભ્યપદ, નોકર-ચાકરની વિશાળ ફોજ વગેરેમાં થતું ખર્ચ વધતું જાય છે. જે ખર્ચ કર્મચારીઓની ઊંચી કાર્યક્ષમતામાં પરિણમતું નથી. આ પ્રકારના ખર્ચમાં સંયમ દાખવવાની તાતી જરૂરિયાત છે.

**(6) ખૂબ લાંબા ફલનકાળવાળાં એકમો :**

જાહેર ક્ષેત્રના એકમમાં થતાં મૂડી રોકાણનો સમય અને તે એકમ શરૂ કરે તે સમય - આ બન્ને વચ્ચેનાં સમયને ફલનકાળ કહે છે. જેમ જેમ ફલનકાળ લાંબો થતો જાય તેમ તેમ મૂડી રોકાણ વધતું જાય છે. પરિણામે ભાવો પણ વધતા જાય છે. આ સંદર્ભમાં ઉત્પાદન

શક્તિમાં એટલો વધારો થતો નથી જે ભાવોને અંકુશિત કરી શકે. એમ પણ કહેવાય છે કે જાહેર ક્ષેત્રમાં જેટલું મૂડી રોકાણ થાય છે એના અડધા જ મૂડી રોકાણથી જાહેર ક્ષેત્રની વર્તમાન પ્રસ્થાપિત ઉત્પાદન શક્તિ ઊભી થઈ શકે તેમ છે.

**(7) જાહેર સાહસોની ભાવનીતિ :**

ખાનગી સાહસનો મુખ્ય ઉદ્દેશ નફો હોય છે જ્યારે જાહેર સાહસનો મુખ્ય ઉદ્દેશ 'જાહેર હિત' હોય છે. માત્ર અધિકતમ નફાનો નહિ. તેથી એવી એક વિચારધારા પ્રવર્તતી હતી કે જાહેર સાહસ પાસે કેટલીક સામાજિક જવાબદારીઓ હોવાના કારણે તેમની ભાવનીતિ 'નહિ નફો, નહિ નુકસાન' ના સિદ્ધાંત પર આધારિત હોવી જોઈએ. જોકે આ વિચારધારામાં હવે પરિવર્તન આવ્યું છે કે જાહેર સાહસોએ પણ નફો કરવો જોઈએ. જેથી જાહેર સાહસના વિસ્તાર માટે, તેને આધુનિક બનાવવા માટે આ નફાનો ઉપયોગ કરી શકાય. આમ, જાહેર સાહસોએ નફાસહિતની ભાવનીતિ અપનાવવી જોઈએ એ વિચારધારા હવે પ્રબળ બનતી જાય છે.

**(8) રાષ્ટ્રીયકૃત માંદા એકમો :**

જાહેર સાહસોની કાર્યક્ષમતા માટેનું એક અગત્યનું પરિબળ છે - રાષ્ટ્રીયકૃત માંદા એકમો કે જેઓ અનેક કારણોસર કેટલાક એકમો બંધ પડી ગયેલ છે અથવા તો તાળાબંધી જાહેર કરવામાં આવેલી હોય છે અને જો આ એકમો પુનઃ કાર્યરત કરવા હોય તો ખૂબ મોટા પ્રમાણમાં મૂડી રોકાણ કરવાની આવશ્યક્તા રહે છે. ભારતમાં વર્ષ 2022-23 માં 59 જેટલા જાહેર સાહસોએ કુલ રૂ. 1148.73 કરોડની ખોટ કરેલ છે.

**ભારતમાં સૌથી વધુ ખોટ કરતા જાહેર સાહસોના નામ અને આ સાહસોએ કરેલ ખોટ (રૂ. કરોડમાં) વર્ષ 2022-23**

| અનુ. નં. | જાહેર સાહસનું નામ | ખોટ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1. | Bharat Sanchar Nigam Limited (BSNL) | 6981 |
| 2. | Mahanagar Telephone Nigam Limited (MTNL) | 2602 |
| 3. | Air India Assets holding Ltd. | 1416 |
| 4. | Eastern Coalfield Ltd. | 1060 |

Sourse : https://www.business.standard.com

**જાહેર ક્ષેત્રના સાહસોની કામગીરી સુધારવા માટેનાં સૂચનો :**

જાહેર સાહસોની કામગીરી અને નફાકારકતામાં સુધારો લાવવા માટે નીચેનાં કેટલાક મહત્ત્વના સૂચનોનો અમલ કરી શકાય.

(1) જાહેર ક્ષેત્રની કામગીરી સુધારવા માટે ઉત્પાદન શક્તિનો પૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. જાહેર ક્ષેત્ર ઉત્પાદન શક્તિનો પૂર્ણ ઉપયોગ કરીને ઉત્પાદનમાં વધારો કરી શકે તેમ છે. જોકે દેશમાં ઘણાં બધા જાહેર સાહસોના એકમોએ આ મર્યાદા દૂર કરવાના પ્રયાસો કર્યા છે. વસ્તુઓના ઉત્પાદનમાં વિવિધતા, કાચો માલ વધારવાના પગલાં, જાહેર ક્ષેત્રમાં સહાયક એકમો, વ્યવસ્થાકીય કાર્યક્ષમતામાં વૃદ્ધિ અને શ્રમિકોને પણ પૂરતા પ્રમાણમાં પ્રોત્સાહનો આપવામાં આવે તો ઉત્પાદન શક્તિનાં પૂર્ણ ઉપયોગમાં અવરોધક પરિબળોને

દૂર કરી શકાય.

(2) જાહેર સાહસોના સુયોગ્ય સંચાલન અને વહીવટ માટે યોગ્ય તાલીમ, કૌશલ્ય અને તજ્જ્ઞતા ધરાવતા સંચાલકોની એવી શ્રેણી ઊભી કરવી જોઈએ. કે જેઓને જાહેર સાહસ અંગે ટેકનિકલ જ્ઞાન હોય. એટલું જ નહીં આ સાહસોના સંચાલન માટે. વહીવટી સેવાઓમાંથી અમલદારોને ડેપ્યુટેશન પર મૂકવાની પ્રથા બંધ કરવી આવશ્યક છે. જેથી સંચાલકીય નીતિમાં સાતત્ય જળવાય અને આ અમલદારો યોગ્ય રીતે પોતાના વિભાગમાં યોગ્ય રીતે ફરજ બજાવી શકે.

(3) જાહેર સાહસોના પ્રામાણિક, કાર્યક્ષમ અને નિષ્ઠાવાન કર્મચારી ગણની નોંધ લઈ તેમને 'યોગ્ય પ્રોત્સાહન' આપવું જોઈએ અને બીજી તરફ બિનકાર્યક્ષમ, અપ્રામાણિક અને યોગ્ય રીતે ફરજ ન બજાવનાર કર્મચારીઓને શિક્ષા કરવી જોઈએ. આમ માનવ-સંસાધનના સુચારુ સંચાલનથી જાહેર સાહસોની કામગીરીમાં નોંધપાત્ર સુધારો લાવી શકાય.

(4) આર્થિક તેમજ ટેકનિકલ પરિબળોને અગ્રીમતા આપીને જાહેર સાહસોની સ્થળ-પસંદગીમાં યોગ્ય જરૂરી નિર્ણય લેવામાં આવે તો જાહેર સાહસોની કામગીરીમાં સુધારો લાવી શકાય.

(5) દેશ-વિદેશમાં બજાર સંશોધન અને બજાર મોજણીઓ હાથ ધરીને જાહેર સાહસોની પેદાશોમાં વૈવિધ્યકરણ કરવામાં આવે અને તેની ઉત્પાદન ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરવામાં આવે એ અતિ આવશ્યક છે.

(6) જાહેર સાહસોએ ખર્ચનું આયોજન કરીને તમામ પ્રકારના બિન ઉત્પાદકીય ખર્ચ પર કડક નિયંત્રણો દાખલ કરવા અર્થાત્ જાહેર સાહસોમાં 'ખર્ચ-કરકસર' અપનાવવી જોઈએ.

(7) જાહેર સાહસોમાં 'નફાસહિતની ભાવનીતિ'નો અમલ કરી શકાય.

(8) જાહેર ક્ષેત્રના એકમો સામે હરિફાઈ આવશ્યક બને છે. આ હરિફાઈ ખાનગી ક્ષેત્ર અથવા વિદેશી આયાતો દ્વારા પણ હોઈ શકે છે. આ પ્રકારની હરિફાઈ જાહેર ક્ષેત્રના સાહસોની કાર્યક્ષમતામાં સુધારો લાવી શકે છે.

(9) જાહેર ક્ષેત્રની કામગીરીમાં સુધારો લાવવા માટે વ્યવસ્થાકીય ચાતુર્ય વિકસે તે અત્યંત આવશ્યક હોવાથી જાહેર સાહસોમાં વ્યવસ્થાકીય ચાતુર્ય હોય તેવા મેનેજરોની પસંદગી કરવી જોઈએ.

(10) જાહેર સાહસોએ સરકાર તરફથી મળતી સહાયનો આધાર ક્રમશઃ ઘટાડીને સ્વાવલંબી થવાની દિશામાં સક્રિય પગલા લઈ આગળ વધવું જોઈએ.

(11) જાહેર સાહસોની કામગીરીનું સમયાંતરે મૂલ્યાંકન તેમજ સમીક્ષા થતી રહેવી જોઈએ અને એ માટે ઉચ્ચ કક્ષાની સમિતિનું ગઠન કરવું જોઈએ.

1991 ની ઔદ્યોગિક નીતિ અન્વયે જાહેર ક્ષેત્રનાં સાહસોનું પુનઃગઠન અને તેમની ભૂમિકામાં આવેલો બદલાવ.

જુલાઈ 1991 માં તત્કાલિન નાણાંમંત્રી ડૉ. મનમોહન સિંઘે જાહેર કરેલ ઔદ્યોગિક નીતિ અન્વયે જાહેર સાહસોનું પુનઃગઠન કરી તેમની ભૂમિકાની નવેસરથી વિચારણા કરવામાં આવી છે. જોકે એ વાતનો સ્વીકાર કરવો જ પડે કે અત્યાર સુધીની આર્થિક વિકાસની વ્યૂહરચનામાં જાહેર ક્ષેત્રનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે. અર્થતંત્રમાં મજબૂત ઔદ્યોગિક પાયો નાંખવા માટે, સામાજિક પરિવર્તન માટે, પ્રાદેશિક અસમાનતામાં ઘટાડો કરવા માટે, નિકાસ કમાણીની દૃષ્ટિએ, રોજગારી

માટે તેમજ આર્થિક સત્તાના કેન્દ્રીકરણને અટકાવવા માટે જાહેર સાહસોની ભૂમિકા પ્રશંસનીય રહી છે. 1991 ની ઔદ્યોગિક નીતિ અન્વયે જાહેર સાહસોના વિકાસ માટેના અગ્રીમ વિસ્તારો ભવિષ્યમાં હવે આ પ્રમાણે રહેશે.

- આંતરરાષ્ટ્રીય માળખાના વિકાસ માટેની આવશ્યક પેદાશો તેમજ સેવાઓ.
- ઉદ્યોગોમાં શસ્ત્રો અને દારૂગોળો, વિમાનો, યુદ્ધ જહાજો, અણુ ઉર્જા, કોલસો અને લિગ્નાઈટ, ખનિજ તેલ, તાંબુ, સીસુ, જસત, સોનું, હીરા વગેરેની ખાણો, રેલ પરિવહન જેવા વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા ક્ષેત્રોમાં ઉત્પાદન.
- જાહેર ક્ષેત્ર માટે અનામત નહીં રખાયેલ વિસ્તારોમાં પણ જાહેર ક્ષેત્રના સાહસોના પ્રવેશને મંજૂરી આપવામાં આવશે.
- જાહેર ક્ષેત્ર માટે અનામત નહીં રખાયેલ વિસ્તારોમાં ખાનગી ક્ષેત્રને પણ પ્રવેશની મંજૂરી આપી શકાશે.
- જાહેર ક્ષેત્રની ભૂમિકામાં નવીનીતિમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે જાહેર સાહસો માટે અમુક વિસ્તારો અનામત રાખવામાં આવશે. પરંતુ ખાનગી સાહસ માટે પણ પસંદગીના ધોરણે તે પૈકીના અમુક વિસ્તારોમાં પ્રવેશ માટેના કોઈપણ પ્રતિબંધો રાખવામાં આવશે નહિ. આવું કરવા માટેનો મુખ્ય હેતુ આવા અમુક વિસ્તારોમાં જાહેર ક્ષેત્રની ભૂમિકા ઘટાડવાનો છે.
- 1991 ની ઔદ્યોગિક નીતિમાં એવું પણ ઠરાવવામાં આવ્યું હતું કે જાહેર સાહસોમાં સરકારનું જે મૂડી રોકાણ છે તેનો કેટલોક ભાગ મ્યુચ્યુઅલ ફંડ, નાણાંકીય સંસ્થાઓ જાહેર જનતા તેમજ કામદારોને આપવામાં આવશે. જેથી જરૂરી સાધનો ઊભા કરી શકાય. આ માટે સરકારે નવેમ્બર, 1992 માં ડૉ. સી. રંગરાજનના અધ્યક્ષપદે એક વિનિવેશીકરણ પંચની રચના કરી છે.
- જાહેર ક્ષેત્રે જે બિનકાર્યક્ષમ અને માંદા એકમો છે. તે એકમોને BIFR (Board of Industrial Finance Reconstruction) નામની સંસ્થાને સોંપવામાં આવશે. આ સંસ્થા માંદા જાહેર સાહસોના એકમોની સમીક્ષા કરશે. જેના માટે સરકારે ફેબ્રુઆરી 1992 માં રાષ્ટ્રીય પુનરુત્થાન ભંડોળની રચના કરી છે.
- જાહેર સાહસની કંપનીના બોર્ડને વધુ ધંધાદારી બનાવવામાં આવશે તેમજ તેમને વધુ સંચાલકીય અને નાણાંકીય સત્તાઓ આપવામાં આવશે. એટલું જ નહીં માર્ચ 1997 માં નીચે જણાવેલ નવ સાહસોને 'નવરત્ન'નો દરજ્જો આપવામાં આવશે.

  (i) Indian Oil Corporation.

  (ii) Indian Oil and Natural Gas Corporation.

  (iii) Hindustan Petroleum Corporation.

  (iv) Bharat Petroleum Corporation Limited.

  (v) Indian Petrochemicals Ltd.

  (vi) Bharat Heavy Electricals Limited.

  (vii) Bharat Sanchar Nigam Limited.

  (viii) National Thermal Power Corporation.

(ix) Steel Outhority of Indian Limited.

માર્ચ 2009 ના અંતે આ "નવરત્નો"ની સંખ્યા 18 જેટલી થવા પામી છે. ત્યાર પછી ભારત સરકારે વર્ષ 1997 માં ભારત સરકારે બીજા 97 જેટલાં જાહેર સાહસોના એકમો તારવીને આ એકમોને 'લઘુરત્નો' તરીકેનો દરજ્જો આપ્યો હતો. જેમાં પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, ઓઈલ ઈન્ડિયા લિમિટેડ, ભારત એલ્યુમિનિયમ કંપની જેવા સાહસોનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત (i) Indian Oil and Natural Gas Corporation. (ii) Indian Oil Corporation. (iii) Steel Outhority of Indian Limited. (iv) National Thermal Power Corporation વગેરેને નવેમ્બર 2010 માં કેન્દ્ર સરકારે "મહારત્નો"નો દરજ્જો આપ્યો હતો.

- મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડઝ પદ્ધતિ દ્વારા જાહેર ક્ષેત્રના એકમોની કામગીરીની સુધારણાને મહત્તમ અગત્યતા અપાશે અને મેનેજમેન્ટને પણ વધુ સ્વતંત્રતા આપીને તેમની જવાબદારીનો ખ્યાલ રાખવામાં આવશે.

## 13.2 ખાનગી ક્ષેત્ર

ખાનગી ક્ષેત્ર એ અર્થતંત્રનું સૌથી જૂનું સ્વરૂપ છે. ધંધાકીય પ્રવૃત્તિઓની શરૂઆત જ ખાનગી ક્ષેત્રથી થઈ હતી. અગાઉના સમયમાં ધંધાકીય પ્રવૃત્તિઓ ખાનગી ક્ષેત્રથી જ સંચાલિત થઈ હતી. ખાનગી ક્ષેત્રની કેટલીક મર્યાદાઓ અને સમયની કેટલીક વિશિષ્ટ જરૂરિયાતોને કારણે આયોજનકાળ દરમિયાન જાહેર ક્ષેત્ર અસ્તિત્વમાં આવ્યા. ખાનગી ક્ષેત્ર આજે પણ દેશના અર્થતંત્રમાં અગત્યનું ક્ષેત્ર છે. રાષ્ટ્રીય આવકમાં ખાનગી ક્ષેત્રનો સિંહફાળો છે. ખાનગી ક્ષેત્રનું અસ્તિત્વ સદીઓથી ચાલતું આવે છે. સમય અને સંજોગોના કારણે તેમાં સતત ફેરફાર થતા રહ્યાં છે. ખાનગી ક્ષેત્રનો વ્યાપ વધે તે માટે સરકાર દ્વારા સકારાત્મક વલણ સ્વીકારાયું છે અને તે માટે સતત પગલાં લેવામાં આવી રહ્યાં છે.

ભારતમાં ઈ.સ. 1951 થી 1991 સુધી આયોજનનાં 40 વર્ષો દરમિયાન કેન્દ્ર સરકારે જાહેર ક્ષેત્રમાં અનેક ઉદ્યોગો શરૂ કર્યા હતા. પરંતુ સમય જતાં તેમાંના કેટલાક જાહેર સાહસોનો નફો ઘટવા લાગ્યો. કેટલાક જાહેર સાહસો ખોટ કરવા લાગ્યાં તો કેટલાંક એકમો માંદા પડવાથી બંધ થયા. આથી દેશનાં અર્થતંત્ર પર માઠી અસરો થઈ. બીજી બાજુ વિશ્વભરમાં 'ખાનગીકરણ'નું મોજું ફરી વળ્યું હતું. સરકારને વિશ્વના ઘણાં દેશોમાં ખાનગી સાહસો નફો કરતાં જણાયા. આથી કેન્દ્ર સરકારને ખાનગીકરણ તરફ વળવું પડ્યું. આમ સરકારે જાહેર ક્ષેત્રના સાહસો એક પછી એક ખાનગી ક્ષેત્રનાં માલિકોને સોંપવાનું શરૂ કર્યું.

**ખાનગી ક્ષેત્રનો અર્થ :**

ધંધાનું સંચાલન કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમૂહ દ્વારા નફાના હેતુ માટે કરવામાં આવે છે. તેને ખાનગી ક્ષેત્ર કહે છે. ખાનગી ક્ષેત્રમાં વૈયક્તિક માલિકી, ભાગીદારી, હિંદુ અવિભક્ત કુટુંબ, સહકારી મંડળી અને સંયુક્ત હિસ્સાવાળી કંપનીનો સમાવેશ થાય છે.

ટૂંકમાં જાહેર ક્ષેત્ર અથવા સરકારી ક્ષેત્રના સીધા અંકુશ હેઠળ ન હોય તેવી ઔદ્યોગિક, આર્થિક અને વાણિજ્યિક પ્રવૃત્તિઓનો ખાનગી ક્ષેત્રમાં સમાવેશ થાય છે.

**ખાનગી ક્ષેત્રની લાક્ષણિકતાઓ :**

**(1) સૌથી જૂનું સ્વરૂપ :**

ખાનગી ક્ષેત્રએ ધંધાકીય સાહસોનું સૌથી જૂનું સ્વરૂપ છે. ધંધાકીય પ્રવૃત્તિઓની શરૂઆત

ખાનગી ક્ષેત્રના સ્વરૂપથી થઈ હતી. આજે પણ ખાનગી ક્ષેત્ર અર્થતંત્રમાં અસ્તિત્વ ધરાવે છે અને તેમાં વધારો થઈ રહ્યો છે.

**(2) મુખ્ય હેતુ નફો :**

ખાનગી ક્ષેત્રનો મુખ્ય હેતુ નફો છે. જોકે નફાની સાથે સાથે ખાનગી ક્ષેત્ર સામાજિક જવાબદારીનો હેતુ સ્વીકારે છે. આ ઉપરાંત સ્ત્રી સશક્તિકરણ, સાક્ષરતા, પર્યાવરણ રક્ષણ વગેરે જેવા સામાજિક ખ્યાલોનો સ્વીકાર ખાનગી ક્ષેત્ર કરે છે. આમ ખાનગી ક્ષેત્ર માટે નફાનો હેતુ મુખ્ય હોવા સાથે સામાજિક જવાબદારીઓનો સ્વીકાર પણ કરે છે.

**(3) રોજગારી :**

વિશ્વમાં અને ભારતમાં સૌથી વધારે રોજગારીની તકો ખાનગી ક્ષેત્ર પૂરું પાડી રહ્યું છે. માર્ચ 2022 માં મેન્યુફેક્ચરિંગ, છૂટક ધંધા, (I.T.) Information Technology ફાર્માસ્યુટીકલ વગેરે ખાનગી કંપનીઓમાં લગભગ 52 મિલિયન લોકો રોજગારી મેળવી શક્યા છે. આજે દેશમાં વિવિધ આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ થવાથી વધુ લોકોને રોજગારી મળતી થઈ છે.

**(4) બહુરાષ્ટ્રીય કંપનીઓનો સમાવેશ :**

બહુરાષ્ટ્રીય કંપનીઓનું મુખ્ય મથક એક દેશમાં હોય અને ઉત્પાદન કે વ્યાપારની પ્રવૃત્તિ અનેક દેશોમાં ચાલતી હોય તેવી કંપની એટલે બહુરાષ્ટ્રીય કંપની, બહુરાષ્ટ્રીય કંપનીઓનું મુખ્ય મથક સામાન્ય રીતે અમેરિકા, બ્રિટન, પશ્ચિમ જર્મની, જાપાન, યુરોપના દેશો વગેરે ઔદ્યોગિક રીતે વિકસિત દેશોમાં હોય છે અને વિશ્વના અનેક દેશોમાં તેમની ધંધાકીય પ્રવૃત્તિઓ ચલાવે છે. વર્તમાન સમયમાં વોલમાર્ટ સૌથી મોટી બહુરાષ્ટ્રીય કંપની છે. 19 મી સદીમાં આ કંપનીઓનું વિશ્વમાં વર્ચસ્વ વધતા આ કંપનીઓએ એક કરતાં વધુ દેશોમાં ઉત્પાદન અને વેચાણ શરૂ કરતાં સમગ્ર વિશ્વમાં રોજગારીની તકો વધતાં જીવન ધોરણમાં સુધારો થયો છે.

**(5) જરૂરિયાત અનુસાર ફેરફાર :**

ખાનગી ક્ષેત્રનો મુખ્ય ઉદ્દેશ નફો છે તેથી ખાનગી ક્ષેત્ર પરિવર્તનશીલતા ધરાવે છે. સમય અને સંજોગો બદલાતાં ધંધાકીય સાહસના સ્વરૂપમાં ફેરફાર થતા રહે છે. આમ ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત થતી વસ્તુઓમાં વિવિધતા આવી છે.

## 13.3 ખાનગીકરણ

નવી ઔદ્યોગિક નીતિ અમલમાં આવી ત્યારથી ખાનગીકરણની દિશામાં પગલાં લેવાની શરૂઆત થઈ ચૂકી છે. સામાન્ય રીતે જાહેર ક્ષેત્રના એકમોની જાહેરમાં નીલામી(હરાજી) કરવામાં આવે અને એ રીતે તેની માલિકી ખાનગી વ્યક્તિઓને સોંપવામાં આવે ત્યારે તેને ખાનગીકરણ કહેવામાં આવે છે.

**ખાનગી ક્ષેત્રનો અર્થ :**

ખાનગીકરણ એટલે ઔદ્યોગિક એકમની માલિકીની હેરફેર. બીજા શબ્દોમાં કહીએ તો ઔદ્યોગિક માલિકીનું જાહેર ક્ષેત્રમાંથી ખાનગી ક્ષેત્રમાં હસ્તાંતરણ. આ માલિકી અને સંચાલન પૂર્ણરૂપે અથવા આંશિક રીતે ખાનગી ક્ષેત્રને સોંપવાની પ્રક્રિયા એટલે ખાનગીકરણની પ્રક્રિયા ડી.આર.પેન્ડસે ખાનગીકરણની વિસ્તૃત વ્યાખ્યા કરતા લખે છે કે "ભારત જેવા દેશમાં ખાનગીકરણ એ પ્રતિરાષ્ટ્રીયકરણ કરતાં કાંઈક વિશેષ છે."

**ભારતમાં ખાનગીકરણનાં કારણો :**

ભારતમાં જાહેર સાહસના અનુભવને જોતા ખાનગીકરણની આવશ્યક્તા નીચેનાં કારણોસર જણાઈ છે.

**(1) સરકારની મૂડી છૂટી થાય :**

ભારતમાં જાહેર સાહસના એકમોનું ખાનગીકરણ કરવામાં આવે તો સરકારની આ સાહસોમાં રોકાયેલી મૂડી છૂટી થતાં અન્ય વિકાસ કાર્યોમાં તેનો ઉપયોગ કરી શકાય.

**(2) બિનકાર્યક્ષમતા ઘટાડવા :**

ખાનગીકરણનો મુખ્ય ઉદ્દેશ જાહેર સાહસની કાર્યક્ષમતા સુધારવાનો છે. ભારતમાં H.M.T. જેવા અપવાદો બાદ કરતાં તેમજ ઓઈલ કોર્પોરેશનની નફા-ખોરીને બાદ કરતાં મોટા ભાગના જાહેર સાહસનાં એકમોમાં બિનકાર્યક્ષમતા પ્રર્વતે છે. આવા બિનકાર્યક્ષમ એકમો ખાનગી ક્ષેત્રને સોંપીને તેની કાર્યક્ષમતામાં વધારો કરી શકાય છે.

**(3) અંદાજપત્રનું ભારણ હળવું કરવા :**

જાહેર ક્ષેત્રના એકમોમાં સરકારનું ખર્ચ વધતાં અંદાજપત્રનું ભારણ પણ વધતું જાય છે. જેથી અંદાજપત્રમાં ખાદ્ય વધતી જાય છે. જે ફુગાવા જેવી ગંભીર સમસ્યા સર્જે છે. આથી ખોટ કરતાં જાહેર સાહસોનું ખાનગીકરણ કરીને અંદાજપત્ર પરનો બોજો હળવો કરી શકાય.

**(4) ખાદ્ય પુરવણીનું પ્રમાણ ઘટાડવા :**

ભારતમાં જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાં લાંચરુસ્વત અને ભ્રષ્ટાચારને કારણે મૂડી રોકાણનો દર ઊંચો હોવા છતાં તેમાંથી મળતું વળતર નીચું છે અને સરકારને આ ખર્ચને પહોંચી વળવા માટે ખાદ્ય પુરવણીનો માર્ગ લેવો પડે છે. જે દેશ માટે હિતનીય નથી. આથી જાહેર ક્ષેત્રરૂપી સફેદ હાથીને ખાનગી ક્ષેત્રને સોંપીને ખાદ્ય પુરવણીનો બોજો હળવો કરી શકાય.

**(5) ઔદ્યોગિક વિકાસનો દર ઊંચે લઈ જવા :**

ભારતના ઔદ્યોગિક વિકાસદરમાં છેલ્લા કેટલાક સમયથી ઘટાડો થતો રહ્યો છે. દા.ત., 1990-91 માં ભારતમાં ઔદ્યોગિક વિકાસ દર 8.2% હતો. જે 1998-99 માં 3.5%, 2011-12 માં 2.9% થયો હતો. જેમાં થોડોક સુધારો થતાં માર્ચ2023 માં ઔદ્યોગિક વિકાસ દર 3.8% થયો. આવી પરિસ્થિતિમાં ઉદ્યોગોનું ખાનગીકરણ કરીને ઔદ્યોગિક વિકાસદરને પ્રોત્સાહિત કરી શકાય છે.

**(6) ઝડપી આર્થિક વિકાસ માટે :**

જો દેશે ઝડપી આર્થિક વિકાસ સાધવો હોય તો જાહેર ક્ષેત્રના એકમોને નિયંત્રિત કરવાની ખૂબ જ આવશ્યક્તા છે. આથી ભારતના આર્થિક વિકાસ માટે પ્રવર્તમાન ઉદારીકરણ અનેવૈશ્વિકીકરણની પ્રક્રિયાનો વધુમાં વધુ લાભ મેળવવા જાહેર સાહસના ખોટ કરતાં એકમો ખાનગી ક્ષેત્રને સોંપવા જરૂરી બન્યા છે.

**(7) સમાજવાદી સમાજરચના :**

જાહેર ક્ષેત્રનું ખાનગીકરણ થવાથી આપણે સમાજવાદી નીતિમાં પીછેહઠ કરી રહ્યા છે. એમ કહી શકાય નહિ એનું કારણ એ છે કે બ્રિટનમાં ટેલિકોમ કંપનીનું ખાનગીકરણ થયા પછી તેના મોટા ભાગના (લગભગ 96%) શેરો કંપનીના કર્મચારીઓએ જ ખરીદ્યા હતા. આને સાચુ સમાજવાદી પગલું ગણાવી શકાય. જોકે એક ડર એ રહે છે કે ખાનગીકરણ કરતી વખતે આ એકમો વિદેશી મૂડી પડાવી ન જાય એ ધ્યાન રાખવું આવશ્યક છે.

**ખાનગીકરણની અસરો**

**ખાનગીકરણની હકારાત્મક અસરો**

ઔદ્યોગિક ક્ષેત્રમાં ખાનગીકરણની હકારાત્મક અસરો નીચે પ્રમાણે છે :

(1) ખાનગીકરણનો મુખ્ય ઉદ્દેશ જાહેર સાહસોની કાર્યક્ષમતા સુધારવાનો રહ્યો છે. જાહેર સાહસોની બિન કાર્યક્ષમતા દૂર કરીને તેમને નફાકારક બનાવવાનો હતો અને આ હેતુ ઘણાં અંશે સિદ્ધ પણ થયો છે.

(2) ઔદ્યોગિક ક્ષેત્રમાં ખાનગીકરણ પછી સાહસોની ઉત્પાદકતામાં વધારો થયો છે. સ્પર્ધાશક્તિ વધી અને તેઓ નફો કરતા થયા છે. ખાનગીકરણથી નફાના પ્રમાણમાં વધારો થયો છે.

(3) ગુણવત્તા યુક્ત વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ય બને છે.

(4) ઔદ્યોગિક એકમોમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થવા લાગ્યો છે.

(5) ઉત્પાદકો અને ગ્રાહકો બન્નેને - નવપ્રવર્તન - નવી શોધ-ખોળનો લાભ મળે છે.

(6) ઔદ્યોગિક વિકાસ થતા ખાનગીકરણથી માળખાગત સુવિધાઓનો વિસ્તાર થયો છે.

(7) ખાનગીકરણથી ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદનનાં સાધનોનો મહત્તમ ઉપયોગ થાય છે અને વણવપરાયેલી શક્તિ ઓછી રહે છે.

(8) સર્જનાત્મક શક્તિનો લાભ મળે છે.

(9) ઔદ્યોગિક એકમો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓનું માર્કેટિંગ વ્યવસ્થિત રીતે થાય છે.

(10) સંચાલકોને નિર્ણયો લેવાની સ્વતંત્રતા મળે છે પરંતુ સંચાલકો બેજવાબદાર બને તો ખોટ અને બરતરફીની સજા થાય છે તો ક્યારેક નોકરીમાંથી છૂટા પણ થવું પડે છે. તેથી જવાબદારીના ધોરણોની સ્થાપના થાય છે અને અમલ પણ થાય છે.

**ખાનગીકરણની નકારાત્મક અસરો :**

(1) ખાનગીકરણની નીતિના અમલથી કર્મચારીઓનું શોષણ થવાની પૂરી શક્યતા છે.

(2) કર્મચારીઓને નોકરીની સલામતીનો પ્રશ્ન નડે છે. કર્મચારીઓને એવો ડર રહે છે કે ખાનગીકરણને પરિણામે તેઓ હાલ જે લાભો મેળવી રહ્યા છે તે ગુમાવવા પડશે એટલું જ નહીં વેતન અને ભથ્થાં ઘટી જશે અને કામથી ઉપરી અધિકારીને સંતોષ ન થાય ત્યારે તેમને નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવશે.

(3) ખાનગીકરણને કારણે કુશળ કર્મચારીઓને પગારમાં મોટો વધારો જશે. જ્યારે બિનકુશળ કર્મચારીઓને ખૂબ ઓછા પગાર મળશે. આથી આવક અને પરિણામે સંપત્તિની અસમાન વહેંચણી થશે.

(4) ખાનગીકરણમાં મુખ્ય ઉદ્દેશ નફો છે. જેથી જેમાં નફો મળવાની શક્યતા ઓછી હશે તેવા સમાજ ઉપયોગી ક્ષેત્રોમાં રોકાણકારો રોકાણ કરશે નહિ.

**ખાનગીકરણના સફળ સંચાલન માટેના સૂચનો :**

(1) ખાનગીકરણના સફળ અમલ માટે તાલીમ પામેલ વ્યક્તિઓનું એક જૂથ તૈયાર કરવું.

(2) ખાનગીકરણની એવી વ્યૂહરચના અપનાવવી જોઈએ કે જેથી તેને ટેકો આપનાર વ્યક્તિઓની સંખ્યામાં વધારો થાય.

(3) ખાનગી માલિકોને અનુકૂળ આવે એવી આર્થિક આબોહવા ઊભી કરવી જોઈએ.

(4) શરૂઆતમાં ઓછામાં ઓછા વિવાદાસ્પદ હોય એવા ક્ષેત્રોનું શરૂઆતમાં ખાનગીકરણ કરવું જોઈએ અને જનતાને ખાનગીકરણની માહિતી પ્રાપ્ત થાય એ અંગેના પ્રયાસો કરવા.

(5) ખાનગીકરણ કર્યા પછી જાહેર સાહસોમાં પ્રાપ્ત થતા વિશિષ્ટ અધિકારોને રદ કરવાની વિચારણા હાથ ધરવી જોઈએ નહિ.

(6) ગણતરીપૂર્વક યોજનાબદ્ધ રીતે જાહેર ક્ષેત્રનું ખાનગીકરણ કરવું.

ટૂંકમાં ઉપરોક્ત સમગ્ર ચર્ચાનો સાર એજ છે કે જો હાલના સમયમાં યોજનાબદ્ધ રીતે ગણતરીપૂર્વક સાવચેતી સાથે જાહેર ક્ષેત્રનું ખાનગીકરણ કરવામાં આવે તો નિઃશંકપણે તેનાથી અર્થતંત્રને ફાયદો થશે. ખાનગીકરણ એ જનતાનો મૂડીવાદ બનશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

## 13.4 ઉદારીકરણ

1985 માં તત્કાલિન વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ એક નવી આર્થિક નીતિ અમલમાં મૂકવાની જાહેરાત કરી હતી. પરંતુ સંજોગોવસાત શ્રી રાજીવ ગાંધીએ લીધેલાં પગલાં અધુરા હતા. આથી દેશના બદલાયેલા સંજોગોને અનુરૂપ દેશની પરિસ્થિતિને સુધારવા માટે તત્કાલિન વડાપ્રધાન પી.વી. નરસિંહરાવે જુદી જુદી આર્થિક નીતિઓને નવો ઓપ આપવાનો નિર્ધાર કર્યો. જે અન્વયે નાણાંમંત્રી શ્રી મનમોહન સિંઘે 24 જુલાઈ, 1991 ના રોજ આર્થિક વિકાસને વેગ મળે એવા ત્રણ આર્થિક સુધારાઓ અમલમાં મૂક્યા જેમાંનો એક સુધારો ઉદારીકરણ અંગેનો છે.

**ઉદારીકરણનો અર્થ :**

સરકાર ઔદ્યોગિક નીતિ દ્વારા ખાનગી ક્ષેત્ર પરના અંકુશો અને નિયંત્રણોમાં ક્રમશઃ ઘટાડો કરે અને વિકાસને પ્રોત્સાહિત કરે તેને ઉદારીકરણની નીતિ તરીકે ઓળખવામાં આવે છે.

બીજા અર્થમાં કહીએ તો રાજ્ય અંકુશિત અર્થ-વ્યવસ્થામાં ખાનગી સાહસ વ્યક્તિગત નિર્ણયોનું સ્વાતંત્ર્ય બજાર પરિબળો દ્વારા તેના વ્યાપમાં વધારો કરે અને રાજ્યના હસ્તક્ષેપમાં ઘટાડો કરે તો તેને ઉદારીકરણ કહે છે.

ટૂંકમાં મિશ્ર અર્થતંત્ર ધરાવતા ભારતમાં રાજ્યના અંકુશોવાળા આર્થિક નિર્ણયોમાં ખાનગી તેમજ બજાર આધારિત ક્ષેત્રનો સ્વીકાર કરવામાં આવે તો તેને ઉદારીકરણ કહે છે.

**ભારતમાં ઉદારીકરણની પ્રક્રિયા :**

ભારતમાં ઉદારીકરણની પ્રક્રિયા તબક્કાવાર અમલમાં મૂકેલ છે એ અનુસાર સૌ પ્રથમ દેશના ઉત્પાદકો તેમજ મૂડી રોકાણ કરનાર માટે નિયમોમાં કેટલીક છૂટછાટો આપી ત્યાર પછી

વિદેશી મૂડી રોકાણકારોને પ્રવેશની છૂટ આપવામાં આવી બિલકુલ એજ રીતે આર્થિક ક્ષેત્રો પણ વ્યૂહાત્મક રીતે અંકુશ મુક્ત કરવામાં આવ્યા.

આર્થિક નીતિઓનું પરિવર્તન દેશમાં તબક્કાવાર કાયદાકીય રીતે કરવામાં આવ્યું જેમ કે :

(1) MRTP Act (1969) ને Competition Act (2002) માં બદલવામાં આવ્યો.

(2) FERA માંથી Regulation શબ્દને દૂર કરી તેના સ્થાને Management શબ્દ રાખવામાં આવ્યો.

(3) વિદેશી મૂડી રોકાણની પ્રક્રિયા વધુ સરળ બનાવાઈ.

(4) 1991 ની ઔદ્યોગિક નીતિમાં કેટલુંક પરિવર્તન કરીને જાહેર ક્ષેત્ર માટે આરક્ષિત ક્ષેત્રોમાં ઘટાડો કરવામાં આવ્યો અને નાના પાયાના ઉદ્યોગોમાં નવીનીકરણ માટે ખર્ચ કરી શકાય એ હેતુથી નાના પાયાના ઉદ્યોગો માટેની મૂડી રોકાણની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો.

(5) આર્થિક નિર્ણયોની પ્રક્રિયામાં બજાર પરિબળોને વધુ મહત્ત્વ આપી શકાય તે માટે રાજકોષીય નીતિ, વ્યાપાર નીતિ અને આયાત-નિકાસ નીતિનો ઉપયોગ કરવામાં આવ્યો.

(6) આ નીતિમાં સબસિડી ખર્ચમાં ઘટાડો કરવામાં આવ્યો.

(7) હૂંડિયામણનો દર વધુ મુક્ત બનાવવામાં આવ્યો.

(8) આયાત-નિકાસ પરવાના નીતિ હળવી બનાવાઈ.

(9) રાજ્ય સંચાલિત સેવાઓના અમુક ભાગનું સંચાલન ખાનગી પેઢીઓને સોંપવામાં આવ્યું.

**ઉદારીકરણની અસરો :**

**ઉદારીકરણની હકારાત્મક અસરો :**

ઉદારીકરણની કેટલીક હકારાત્મક અસરો આ પ્રમાણે છે :

**(1) ઔદ્યોગિક વિકાસદરમાં વૃદ્ધિ :**

ઉદારીકરણની નીતિને કારણે દેશમાં ઔદ્યોગિક વિકાસ દરમાં વૃદ્ધિ થયેલ છે. છેલ્લા દાયકામાં સરેરાશ વૃદ્ધિદર 3.1% થયો છે. 1991-92 માં ઔદ્યોગિક વૃદ્ધિદર 1.7% હતો. જે 2007-08 માં 9.2% થયો. વર્ષ 2018-19 માં 4.4% થયો અને માર્ચ 2022 માં આ દર 11% થયો છે. જોકે કોવિડને કારણે 2020-21 માં ઔદ્યોગિક વૃદ્ધિ દર -8.4% નોંધાયો હતો.

**(2) નિકાસોમાં વૃદ્ધિ :**

ઉદારીકરણને કારણે ભારતના વિદેશ વ્યાપારને બળ મળ્યું છે. ભારતની નિકાસોમાં વૃદ્ધિ થઈ છે. વર્ષ 1990-91 માં રૂ. 17900 મિલિયનના મૂલ્યની નિકાસો થઈ હતી. જે વર્ષ 2023 માં મુખ્ય ચીજવસ્તુઓની નિકાસ રૂ. 360 લાખ મિલિયનની થઈ છે. જોકે નિકાસોની સાથે આયાતોમાં પણ વૃદ્ધિ થઈ છે એ બાબત નોંધવી ઘટે.

**(3) વિદેશી હૂંડિયામણની અનામતોમાં વધારો :**

વિદેશ વ્યાપારમાં વધારો થવાથી વિદેશી હૂંડિયાણની અનામતોમાં વધારો થયો છે. ઉદારીકરણની નીતિને કારણે વર્ષ 1990-91 માં વિદેશી હૂંડિયામણ US ડોલર 6 બિલિયન

હતું. જે વધીને વર્ષ 2000-01 માં US ડોલર 42 બિલિયન થયું અને ડિસેમ્બર 2022 માં US ડોલર 563 બિલિયન થયું છે.

**(4) ગુણવત્તાવાળી વસ્તુ અને સેવાની પ્રાપ્તિ :**

MRTP એકટની મહત્તમ મર્યાદા દૂર કરવામાં આવતા દેશનાં મોટા ઔદ્યોગિક ગૃહોમાં ખાનગી ક્ષેત્રના રોકાણમાં વધારો થયો છે જેથી આ એકમો આંતરરાષ્ટ્રીય કોર્પોરેશનો સામે અસરકારક હરિફાઈ કરી રહ્યાં છે. એટલું જ નહિ પરવાના મુક્તિ મળતાં ખાનગી ક્ષેત્રનો ઝડપી વિકાસ થતાં પ્રજાને વૈવિધ્યપૂર્ણ અને સારી ગુણવત્તાવાળી વસ્તુઓ અને સેવાઓ વ્યાજબી કિંમતે મળવા લાગી છે.

**(5) આંતર માળખાકીય સગવડોમાં વધારો :**

ઉદારીકરણની નીતિને કારણે દેશમાં પ્રજાને મળતી આંતર માળખાકીય સગવડોમાં વધારો થયો છે. એનું કારણ એ છે કે ઔદ્યોગિક નીતિના અમલથી વિકેન્દ્રીત આયોજનનો અમલ થયો. ઔદ્યોગિક વિકાસ ઝડપી બન્યો. આથી સરકારે પણ ઔદ્યોગિક વિકાસ માટે આંતર માળખાકીય સગવડો ઊભી કરવાનું આયોજન કર્યું જેનો લાભ આમ જનતાને પણ મળવા લાગ્યો.

**(6) પરવાના નાબૂદી :**

દેશમાં કોઈપણ નવો ઉદ્યોગ ચાલુ કરવો હોય કે ચાલુ ઉદ્યોગોનું વિસ્તરણ કરવું હોય તો એ માટે 1951 ના ઉદ્યોગોના કાયદા હેઠળ પરવાનો મેળવવાનું જરૂરી હતું. પરંતુ 1991 ની ઔદ્યોગિક નીતિમાં જણાવ્યા અનુસાર અગત્યના 6 ઉદ્યોગો (નશીલા પદાર્થ, સિગારેટ, સંરક્ષણના સાધનો, ઔદ્યોગિક વિસ્ફોટકો, જોખમકારક રસાયણો તેમજ દવાઓ) સિવાયનાં ઉદ્યોગોમાં હવે ઉદારતા દાખવતા આર્થિક વિકાસમાં વધારો થશે.

**ઉદારીકરણની નકારાત્મક અસરો :**

ઉદારીકરણની કેટલીક નકારાત્મક અસરો આ પ્રમાણે છે :

**(1) કૃષિક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિનો દર ઘટ્યો :**

ઉદારીકરણને કારણે કૃષિક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિનો દર ઘટ્યો છે. એટલું જ નહિ. રાસાયણિક ખાતરની વપરાશમાં વધારો થવાથી જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થયો છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ પેટન્ટ દ્વારા ભારતીય કૃષિ સંપત્તિ પર પોતાનો અંકુશ જમાવવાનો પ્રયત્ન કરે છે.

ભારતમાં કૃષિ અને તેને સંલગ્ન સેક્ટરનો વૃદ્ધિ દર 2010-11 માં 8.6% હતો. જે 2016-17 માં 6.8% થયો. 2019-20 માં 5.5% થયો. 2021-22 માં 3% થયો હતો. સરેરાશ વૃદ્ધિ દર છેલ્લા પાંચ વર્ષોમાં 4.6% રહ્યો હતો.

**(2) બેકારીમાં વધારો :**

ઉદારીકરણને કારણે સસ્તી કિંમતે આધુનિક ટેકનોલોજી પ્રાપ્ત થતાં જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં રોજગારીની તકો ઘટતા બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે. ઉદારીકરણને કારણે હરિફાઈમાં વધારો થયો છે તેથી નાના ઉદ્યોગોની ઉત્પાદિત ચીજ વસ્તુઓ મોટા ઉદ્યોગોની ચીજવસ્તુઓ સામે હરિફાઈ કરી શકતી નથી. એટલું જ નહિ કેટલાય કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવા પડે છે અને બેકારીમાં વધારો થાય છે.

**(3) બચત પર વિપરીત અસર :**

ઉદારીકરણની નીતિને કારણે વિકાસ માટે અનિવાર્ય ક્ષેત્રમાં વિદેશી મૂડી રોકાણ જરૂર હોય એના કરતાં ઓછું થાય છે. જ્યારે નફાકારક વપરાશી ચીજવસ્તુના ઉત્પાદન કરતા ઉદ્યોગોમાં તેમજ મોજશોખની ચીજવસ્તુઓના ઉત્પાદન કરતાં ઉદ્યોગોમાં વધુ મૂડી રોકાણ થાય છે. આથી મોજશોખની ચીજવસ્તુ પાછળ લોકો વધુ ખર્ચ કરે છે જેથી સામાન્ય બચત કરવાની વૃત્તિ અને શક્તિ પર વિપરીત અસર થાય છે.

**(4) આવકની અસમાનતા :**

ઉદારીકરણને કારણે મહત્તમ લાભ મોટા ઉત્પાદકોને મળ્યા છે. ઉદ્યોગોના નફાનો મોટો લાભ ધનિકોને મળે છે. જ્યારે ગરીબ વર્ગને આ લાભ ઓછા મળે છે. તેથી ધનિક વધુ ધનિક બને છે અને ગરીબ વધુ ગરીબ બનતાં આવકની અસમાનતામાં વધારો થાય છે.

**(5) નાના ઉદ્યોગો પર વિપરીત અસર :**

ઉદારીકરણને કારણે ચાઈના, કોરિયા જેવા દેશોના રમકડાં, ઈલેક્ટ્રોનિક્સની વસ્તુઓ તેમજ વપરાશી વસ્તુઓ ભારતીય બજારમાં નીચી કિંમતે મળતી થઈ છે. જેની વિપરીત અસર નાના અને ગૃહ ઉદ્યોગો પર થાય છે.

આર્થિક ઉદારીકરણના 33 વર્ષ પછી ભારતમાં ખૂબ મોટા પરિવર્તનો આવ્યા છે. 1991 પહેલા ભારતમાં માત્ર એક જ ટી.વી. ચેનલ દૂરદર્શન હતી. એક જ વિમાન સેવા ઈન્ડિયન એરલાઈન્સ હતી. ઘરમાં લેન્ડલાઈન ફોન હોય એ બહુ મોટી પ્રતિષ્ઠા માનવામાં આવતી હતી. આજે દેશમાં 800 કરતાં વધુ ટી.વી. ચેનલ છે. એજ રીતે ઘણી બધી એરલાઈન્સ છે. આજે લેન્ડલાઈનની જરૂર લાગતી જ નથી. સ્માર્ટ ફોનનો જમાનો છે. ટેલિકોમ ક્રાંતિની ઝડપ 1991 પછી જ આવી હતી. આજે આર્થિક ઉદારીકરણને કારણે ભારતમાં એક નવો મધ્યમ વર્ગ તૈયાર થયો જે રેલ્વેની જગ્યાએ વિમાનમાં પ્રવાસ કરતા સક્ષમ બન્યો. સરકારે પણ આ સેક્ટરમાં 49% વિદેશી મૂડી રોકાણ માટે મંજૂરી આપી દીધી છે. આ બધી જ આર્થિક ઉદારીકરણની દેણગી છે.

## 13.5 વૈશ્વિકીકરણ

1991 ની નવી ઔદ્યોગિક નીતિ અન્વયે જે આર્થિક સુધારાઓ હાથ ધર્યા છે એમ એક નવો સુધારો એ વૈશ્વિકીકરણનો છે. વૈશ્વિકીકરણ આધુનિકીકરણ અને અનુ-આધુનિકીકરણનું અંગ છે. વૈશ્વિકીકરણની પ્રક્રિયા સાપેક્ષ રૂપમાં એક અર્વાચીન ઘટના છે. આ પ્રક્રિયા આધુનિકીકરણ અને આધુનિકવાદ તેમજ અનુઆધુનિકીકરણ અને અનુઆધુનિકવાદ સાથે જોડાયેલી છે. આ પ્રક્રિયા સમગ્ર દુનિયાને એક રચનાતંત્રના સ્તર પર સાકરરૂપે મૂકે છે.

**વૈશ્વિકીકરણનો અર્થ :**

“વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા કે જેના પરિણામે વસ્તુઓ, સેવાઓ, ટેકનોલોજી અને શ્રમનો પ્રવાહ વિશ્વમાં સરળતાથી પ્રાપ્ત થાય તે.”

વૈશ્વિકીકરણને કેટલાક અર્થશાસ્ત્રીઓ - અભ્યાસીઓએ વ્યાખ્યામાં બાંધવાનો પ્રયાસ કર્યો છે.

“વેપાર, પ્રત્યક્ષ વિદેશી મૂડી રોકાણ, ટૂંકાગાળાની મૂડીની આવાજાહી કામદારોના આંતરરાષ્ટ્રીય પ્રવાહોના આવાગમન અને ટેકનોલોજીની આવાજાહી દ્વારા જે તે દેશના અર્થતંત્રનું

આંતરરાષ્ટ્રીય અર્થકારણ સાથે સાયુજ્ય તે વૈશ્વિકીકરણ છે.''

**- પ્રો. જગદીશ ભગવતી**

''વાહન વ્યવહાર તથા સંદેશાવ્યવહારના સુધારાને કારણે તથા વસ્તુઓ અને સેવાઓના મુક્ત આવાગમન, મૂડી જ્ઞાન અને માણસોના આવાગમન ઉપરના અંકુશોથી ઉભી થયેલી બનાવટી સરહદોમાં ઘટાડો થવાથી ખર્ચમાં ઘરખમ ઘટાડો થવાથી દેશો અને લોકોનું વિશ્વ સાથે વધારે નિક્ટનું સમાયોજન એટલે વૈશ્વિકીકરણ.''

**- જોસેફ સ્ટિગલિત્ઝ**

ટૂંકમાં વૈશ્વિકીકરણ એક એવી પ્રક્રિયા છે કે જે સ્પર્ધાત્મક વાતાવરણનું સર્જન કરી ઉત્પાદન કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપે છે તથા સાધનોની ઈષ્ટતમ ફાળવણી કરે છે. ભારતના સંદર્ભમાં વિચારીએ તો વૈશ્વિકીકરણ એટલે કે :

(1) દેશના વિવિધ આર્થિક ક્ષેત્રોમાં વિદેશી કંપનીઓને સવલતો આપી પ્રત્યક્ષ મૂડી રોકાણ માટે અર્થતંત્રને ખુલ્લું મૂકવું.

(2) ભારતમાં બહુરાષ્ટ્રીય કંપનીઓને પ્રવેશ આપવા અંગેના અંતરાયો અને અવરોધો દૂર કરવા.

(3) ભારતીય કંપનીઓને વિદેશી કંપનીઓના સહયોગની છૂટ આપવી.

(4) વિનિમય દરમાં સમાયોજન કરી નિકાસોને પ્રોત્સાહન આપવું.

(5) આયાત જકાતના દરમાં નોંધપાત્ર ઘટાડો કરવો.

(6) આયાત ઉદારીકરણનો કાર્યક્રમ મોટા પાયા પર અપનાવીને આયાતો પરનાં પરિમાણિક નિયંત્રણો દૂર કરવા.

**વૈશ્વિકીકરણનાં કારણો :**

વૈશ્વિકીકરણ માટેના જવાબદાર કારણો નીચે પ્રમાણે છે :

(1) વૈશ્વિક સ્વરૂપના બજારના અસ્તિત્વ માટે.

(2) ચીજવસ્તુઓ અને સેવાઓમાં વધારો કરવા.

(3) દૂરસંચાર વ્યવહાર, પર્યટન, સ્થળાંતર, સંદેશાવ્યવહાર વગેરે પ્રક્રિયાઓ ઝડપી બનાવવા.

(4) વૈશ્વિક સંસ્કૃતિનું સમન્વયીકરણ શક્ય બનાવવા.

(5) ટેકનોલોજીના ઝડપી ફેલાવા માટે.

(6) આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં મૂડીનો પ્રવાહ ઝડપી બનાવવા.

(7) સમાન મૂડી, સેવા અને શ્રમના પ્રવાહમાં સરળતા લાવવા માટે.

(8) દેશની ધંધાકીય પ્રવૃત્તિઓની પાંખો વિદેશના બજાર સુધી ફેલાવવા માટે.

(9) વિશ્વના વિવિધ ભાગોમાં (MNC) બહુરાષ્ટ્રીય કંપનીઓની વૃદ્ધિ માટે.

(10) ટેરિફ અવરોધોમાં ઘટાડો કરવા.

**વૈશ્વિકીકરણની અસરો**

**વૈશ્વિકીકરણની હકારાત્મક અસરો**

વૈશ્વિકીકરણની ભારતીય અર્થતંત્ર પરની હકારાત્મક અસરો આ પ્રમાણે છે :

(1) વૈશ્વિકીકરણને પરિણામે દેશમાં વિદેશી મૂડી રોકાણને પ્રોત્સાહન મળ્યું છે.

(2) વૈશ્વિક સ્પર્ધા થવાથી વસ્તુઓ અને સેવાઓની કિંમતો નિયંત્રિત રહે છે અને સર્જનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહન મળે છે.

(3) નવા બજારોમાં વૃદ્ધિ થાય છે અને બજાર પસંદ કરવા માટે વિવિધ વિકલ્પ મળી રહે છે.

(4) દેશને આંતરરાષ્ટ્રીય હરિફાઈમાં ટકી રહેવાનું બળ મળી રહે છે.

(5) ભારત જેવા દેશમાં સીધા વિદેશી મૂડી રોકાણને કારણે આર્થિક સફળતા હાંસલ કરવાની અને તેમના જીવનસ્તરને વધારવાની વધુ સારી તક મળે છે.

(6) વૈશ્વિકીકરણે વૈશ્વિક બજારો, વૈશ્વિક ટેકનોલોજી અને માનવ સ્વાતંત્ર્ય વિચારોનું સર્જન કર્યું છે.

(7) વિકસિત દેશોમાં ઉત્પન્ન થતી જરૂરી વસ્તુઓ સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે.

(8) સંસ્કૃતિ, જ્ઞાન અને ટેકનોલોજીનો લાભ વૈશ્વિક ધોરણે બધાને મળતા રોજગારીને પ્રોત્સાહન મળે છે.

**વૈશ્વિકીકરણની નકારાત્મક અસરો :**

(1) વૈશ્વિકીકરણનો લાભ મોટા ઉદ્યોગોને વધુ મળ્યો છે જ્યારે નાના ઉદ્યોગોને લાભ ઓછો મળ્યો છે.

(2) ભ્રષ્ટાચારમાં વૃદ્ધિ થઈ છે.

(3) વૈશ્વિકીકરણથી ગરીબી અને બેકારી જેવી સમસ્યાઓ હલ કરવામાં ધારી સફલતા મળી નથી.

(4) કર્મચારીઓનું શોષણ થાય છે.

(5) વૈશ્વિકીકરણથી નિકાસ વૃદ્ધિ દ્વારા જે લાભ મળવા જોઈએ. તે ભારત જેવા વિકાસશીલ દેશને પૂરતા પ્રમાણમાં મળ્યા નથી.

(6) વિવિધ સંસ્કૃતિ ધરાવતા લોકો વૈશ્વિકીકરણ થતાં એકબીજાના સંપર્કમાં આવે છે ત્યારે એક મુખ્ય ચિંતા એ થાય કે દરેક દેશના લોકો પોતાની સાંસ્કૃતિક ઓળખ ગુમાવી દેશે.

(7) આવક અને સંપત્તિની અસમાનતામાં વધારો થાય છે.

(8) વસ્તુના પુરવઠા કરતાં માંગ વધુ હોવાથી ફુગાવાની સમસ્યા સર્જાય છે.

## 13.6 સમીક્ષા :

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે વૈશ્વિકીકરણની પ્રક્રિયાથી હજારો લોકો માટે એકબાજુ નવી તકો ઊભી થઈ છે. તો બીજી તરફ કેટલીક સમસ્યાઓ સર્જાઈ છે. જોકે એના કારણે ભારત વૈશ્વિકીકરણના દ્વારા બંધ કરી શકે નહિ. આ દિશામાં પીછેહઠનો કોઈ પ્રશ્ન નથી. પરંતુ વૈશ્વિકીકરણના લાભ મેળવવા શિક્ષણ, આરોગ્ય અને આંતરરાષ્ટ્રીય માળખાનો વિકાસ, રાજકોષીય ખાદ્ય ઘટાડવી, નાણાંકીય વ્યવહારોમાં સંપૂર્ણ પારદર્શિતા, સબસિડીઓની નાબૂદી વગેરે આવશ્યક શરતોનું યથાર્થ પાલન કરી શકીએ. તો તેના ગેરલાભ કરતાં લાભ આપણે વધુ પ્રમાણમાં મેળવી શકીશું.

પ્રોબિસ અને ગુન્નાર મિરડાલ જેવા અર્થશાસ્ત્રીઓના મત મુજબ વૈશ્વિકીકરણની સંયમિત ઝડપની સાથે ભારત જેવા વિકસતા દેશો માટે અંર્તમુખ-પ્રેરિત નીતિ અગત્યની છે. ઉદ્યોગો માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધા હોવી જોઈએ. પરંતુ એકાએક અને પૂરતી સાવચેતીના પગલા લીધા સિવાય વિદેશી ચીજવસ્તુઓ તેમજ વિદેશી મૂડી પ્રવાહ માટેના દ્વાર સંપૂર્ણપણે ખોલી નાંખવા એ પણ ઈચ્છનીય અને સલાહભર્યું નથી.

## 13.7 ચાવીરૂપ શબ્દો

**(1)** **જાહેર ક્ષેત્ર :** જે એકમોની માલિકી સંચાલન અને અંકુશ સરકાર હસ્તક હોય તેને જાહેર ક્ષેત્રના સાહસ કહે છે.

**(2)** **ખાનગી ક્ષેત્ર :** ધંધાનું સંચાલન કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ દ્વારા નફાના હેતુ માટે કરવામાં આવે છે તેને ખાનગી ક્ષેત્ર કહે છે.

**(3)** **ખાનગીકરણ :** ખાનગીકરણ એટલે ઔદ્યોગિક એકમની માલિકીની હેરફેર.

**(4)** **ઉદારીકરણ :** સરકાર ઔદ્યોગિક નીતિ દ્વારા ખાનગી ક્ષેત્ર પરના અંકુશો અને નિયંત્રણોમાં ક્રમશઃ ઘટાડો કરે અને વિકાસને પ્રોત્સાહિત કર તેને.

**(5)** **વૈશ્વિકીકરણ :** વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા.

**(6)** **બહુ રાષ્ટ્રીય કંપનીઓ :** કંપનીનું મુખ્ય મથક એક દેશમાં હોય અને ઉત્પાદન કે વ્યાપારની પ્રવૃત્તિ અનેક દેશોમાં ચાલતી હોય તેવી કંપની.

**(7)** **આર્થિક વિકાસ :** આર્થિક વિકાસમાં રાષ્ટ્રીય આવકમાં ઉત્તરોત્તર વધારા સાથે લોકોના જીવન ધોરણમાં થતાં સુધારો.

## 13.8 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) ભારતના ઔદ્યોગિકરણમાં જાહેર સાહસોની શી ભૂમિકા રહેલી છે ?

(2) ભારતમાં જાહેર ક્ષેત્રનાં સાહસોની કામગીરીમાં સુધારો લાવવા માટે તમે કયાં કયાં સૂચનો કરશો ?

(3) ખાનગી ક્ષેત્રનો અર્થ આપી તેની લાક્ષણિકતાઓ જણાવો.

(4) ભારતમાં ખાનગીકરણની દિશામાં થયેલી પ્રગતિની સમીક્ષા કરો.

(5) ઉદારીકરણનો અર્થ આપી ઉદારીકરણની અસરો વર્ણવો.

(6) વૈશ્વિકીકરણના કારણો અને અસરો ચર્ચો.

**(બ) ટૂંકમાં જવાબો આપો :**

1. જાહેર ક્ષેત્રનો અર્થ આપો.
2. જાહેર સાહસોમાં ફાજલ ઉત્પાદન ક્ષમતા એટલે શું ?
3. ભારતમાં ખાનગીકરણના કારણો જણાવો.
4. ખાનગી ક્ષેત્રમાં કયા પ્રકારની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે ?
5. ઉદારીકરણ ક્યારે કરવામાં આવ્યું ?

6. ઉદારીકરણની ત્રણ હકારાત્મક અસરો જણાવો.

7. વૈશ્વિકીકરણની વ્યાખ્યા આપો.

**(ક) યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો વિકલ્પ લખો :**

(1) જાહેર ક્ષેત્રનાં સાહસોની માલિકી, નિયંત્રણ અને સંચાલન કોના દ્વારા થાય છે ?

(અ) ખાનગી સંસ્થાઓ (બ) જાહેર અને ખાનગી બન્ને સંસ્થાઓ (ક) કેન્દ્ર અને રાજ્ય સરકાર તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (ડ) એક પણ નહીં

(2) ભારતમાં આર્થિક ઉદારીકરણની નીતિ ક્યારથી અમલમાં આવી છે ?

(અ) 1980 (બ) 1985 (ક) 1991 (ડ) 2001

(3) રાજ્ય સંચાલિત જાહેર ક્ષેત્રના એકમોના શેરનું અંશતઃ કે સંપૂર્ણ રીતે ખાનગી ક્ષેત્રને કરાતું વેચાણ એટલે .......

(અ) ઉદારીકરણ (બ) ખાનગીકરણ (ક) વૈશ્વિકીકરણ (ડ) ઉપરોક્ત તમામ

(4) નીચેનામાંથી કયા સાહસનો સમાવેશ જાહેર ક્ષેત્રના સાહસમાં થતો નથી ?

(અ) Indian Oil Corporation (બ) Indian Petrochemical Ltd.

(ક) Steel Outhority of Indian Limited (ડ) Reliance Industries

(5) ભારતીય અર્થતંત્રને વિશ્વની અર્થવ્યવસ્થાનો ઘટક બનાવી દેવાની નીતિને કઈ નીતિ કહેવાય ?

(અ) વૈશ્વિકીકરણ (બ) ખાનગીકરણ (ક) ઉદારીકરણ (ડ) જાહેરીકરણ

(6) આર્થિક સુધારણાના કાર્યક્રમમાં ભારતમાં જાહેર ક્ષેત્રનાં સાહસોની ભૂમિકા નીચેનામાંથી કેવું વલણ બતાવી રહી છે ?

(અ) ઘટવાનું વલણ (બ) વધવાનું વલણ (ક) સ્થિર રહેવાનું (ડ) ઉપરોક્ત તમામ

(7) ખાનગી ક્ષેત્રના સાહસનો મુખ્ય ઉદ્દેશ કયો હોય છે ?

(અ) નફો (બ) ખોટ (ક) અઅનેબ બન્ને (ડ) એક પણ નહીં

(8) વર્ષ 2022-23 માં સૌથી વધુ ખોટ કરતું જાહેર સાહસ કયું છે ?

(અ) Oil and Natural Gas Corporation
(બ) National Thermal Power Corporation
(ક) Bharat Sanchar Nigam Limited
(ડ) Indian Oil Corporation Limited

(9) વૈશ્વિકીકરણના કારણોમાં નીચેનામાંથી કયા કારણનો સમાવેશ થાય છે.

(અ) વૈશ્વિક સ્વરૂપનાં બજારના અસ્તિત્વ માટે (બ) ટેકનોલોજીના ઝડપી ફેલાવા માટે (ક) ટેરિફ અવરોધોમાં ઘટાડો કરવા (ડ) ઉપરોક્ત તમામ

(10) જાહેર સાહસો માટે કયો શબ્દ પ્રયોગ થાય છે ?

(અ) કાળો હાથી (બ) ધોળો હાથી (ક) લાલ હાથી (ડ) એક પણ નહીં

- **સંદર્ભ સૂચિ**

1. જોષી એમ.વી. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ક્રિએટીવ પ્રકાશન.
2. પટેલ બી.એસ. અને ભટ્ટ કાર્તિકેય એસ. "ભારતીય અર્થશાસ્ત્ર. સી. જમનાદાસ પ્રકાશન ગૃહ, અમદાવાદ.
3. જોષી આર.સી. શાહ, રમા.જે., સ્વામી લીલાબેન તેમજ અન્ય સહલેખક : "નાણું વિતવ્યવસ્થા અને ભારતીય અર્થતંત્ર પર બી.એસ.શાહ, પ્રકાશન - અમદાવાદ (2021-22)

   Website : https:www.Business Standard.com

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(1) ક (2) ક (3) બ (4) ડ (5) અ (6) અ (7) અ (8) ક (9) ડ (10) બ

એકમ 14

# ભારતમાં-ઉદ્યોગોનો પ્રાદેશિક વિકાસ

-: રૂપરેખા :-


**14.0 ઉદ્દેશો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 ભારતમાં ઉદ્યોગોનો પંચવાર્ષિક યોજનામાં વિકાસ**

**14.3 પ્રાદેશિક અસમાનતાનો અર્થ અને ભારત**

**14.4 પ્રાદેશિક અસમાનતાના કારણોઃ**

**14.5 ભારતના ઔદ્યોગિક ક્ષેત્રમાં આર્થિક સતાના કેન્દ્રીકરણ**

**14.6 ભારતનો આર્થિક સત્તાના કેન્દ્રીકરણના કારણો**

**14.7 સારાંશ**

**14.8 ચાવીરૂપ શબ્દો**

**14.9 તમારી પ્રગતિ ચકાસો**

- **સંદર્ભ સૂચિ**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**


## 14.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

(1) ભારતની પંચ વર્ષિય યોજનાઓ અને તે દરમિયાન થયેલ ઔદ્યોગિક વિકાસ સમજી શકશો.

(2) ભારતમાં પ્રાદેશિક અસમતુલા અને તેના ઉદભવવાના કારણો ચર્ચા કરી શકશો.

(3) આર્થિક સતાનું કેન્દ્રીકરણ તેના કારણોની અને ભારતીય અર્થતંત્ર ઉપર તેની અસર સમજાવી શકશો.

## 14.1 પ્રસ્તાવના

15 મી ઓગસ્ટ અને 1947 એ ભારતે આઝાદી મેળવી ત્યારબાદ ભારતે દેશનો વિકાસ ઝડપી બનાવવા માટે પંચવર્ષીય યોજનાનો સહારો લીધો અને 1951થી પંચ વર્ષિય યોજનાઓની શરૂઆત કરી. આ સમયે ભારતે મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કર્યો હતો. જેમાં સમાજવાદ અને મૂડીવાદ બંનેની સારી બાબતોને આવરી લેવામાં આવી છે. ભારતેમાં 1 લી એપ્રિલ 1951 થી આયોજનનો માર્ગ અપનાવવામાં આવ્યો અને અત્યાર સુધી લગભગ 12 પંચવર્ષીય યોજનાઓ પૂર્ણ કરી છે. આયોજનના આ વર્ષોમાં ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રે કેટલી પ્રગતિ કરી છે જે અત્યારે હાલ આપે વર્તમાનમાં અનુભવી રહ્યા છીએ જેને આપણે આંકડાઓમાં નીચે પ્રમાણે જાણી શકીએ છીએ.

## 14.2 ભારમાં ઉદ્યોગોનો પંચવાર્ષિક યોજનામાં વિકાસ :

1. **પ્રથમ પંચ વાર્ષિક યોજના અને ઔદ્યોગિક વિકાસ :** ભારતે 1 લી એપ્રિલ 1951 થી 31 માર્ચ 1956 સુધી પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆત કરી આ સમયે ભારતે આઝાદી બાદ ભારત પાકિસ્તાનના ભાગલાથી સર્જાયેલી કેટલીક મુશ્કેલીઓ હતી એના પર ભાર મૂક્યો હતો. અને તેની સાથે ઔદ્યોગિક વિકાસ, માટેના પણ પ્રયત્ન ચાલુ રાખ્યા હતા. જેમાં ખાસ કરીને આ યોજનામાં ખાતર, ટેલીફોન, મશીન-ટૂલ, સિમેન્ટ વગેરે જેવા ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા હતા. આ યોજનામાં લગભગ 7.5% ના દરે ઔદ્યોગિક વિકાસ થયો હતો. આ યોજના દરમિયાન સરકાર દ્વારા 1960 કરોડ ખર્ચ કરવામાં આવ્યા હતા. જેમાં ગૃહ ઉદ્યોગો, નાના ઉદ્યોગો સંગઠિત ઉદ્યોગો અને ખનીજ ઉદ્યોગો પાછળ જુદો જુદો ખર્ચ કરવામાં આવ્યો હતો.

2. **બીજી પંચ વાર્ષિક યોજના અને ઔદ્યોગિક વિકાસ :** બીજી પંચવર્ષીય યોજનામાં સરકાર દ્વારા ઔદ્યોગીકરણનો પાયો તૈયાર કરવા માટે બીજી યોજનામાં ઔદ્યોગીકરણ પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. આ યોજનામાં ભીલાઈ, દુર્ગાપુર ખાતે વિદેશોના સહકારથી લોખંડ-પોલાદના મોટા કારખાના નાખવાની પહેલ કરી હતી. અને ઔદ્યોગિક વિકાસ માટે જાહેર સાહસ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. ઔદ્યોગિક વિકાસ માટે કુલ મૂડી રોકાણ લગભગ 24% રકમ જાહેર ક્ષેત્ર પાછળ ફાળવવામાં આવી હતી. આ યોજનામાં વાહન-વ્યવહાર ટેક્સટાઈલ, સિમેન્ટ, કાગળ તથા ઓઈલ મીલની મશીનરી બનાવવાના ઉદ્યોગો પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો.અને આ સમયગાળા દરમિયાન લગભગ ભારતમાં ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક 6.6% આજુબાજુ રહ્યો હતો. આ યોજનામાં સરકાર દ્વારા 4600 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેને બીજી યોજનાને ઔદ્યોગિક ક્રાંતિનો સમયગાળો પણ કહેવાય છે.

3. **ત્રીજી પંચ વાર્ષિક યોજના અને ઔદ્યોગિક વિકાસ :** આ યોજનામાં બીજી યોજનાની વ્યુહરચના ચાલુ રખાઈ હતી અને ભારે પાયાના, મૂડી ઉદ્યોગો અને જાહેર ક્ષેત્રની નીતિ પર ભાર મુકવામાં આવ્યો હતો. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસ ખર્ચના 23% જાહેર ક્ષેત્રના ઉદ્યોગો પાછળ ખર્ચ કરવામાં આવ્યા હતા. આ યોજનામાં અંદાજિત 8500 કરોડનો ખર્ચ થયો હતો. જેમાં ગૃહ ઉદ્યોગો, નાના ઉદ્યોગો, ખનીજોના ઉદ્યોગો વગેરેના વિકાસ માટે ખર્ચ કરવામાં આવ્યો હતો. 23% રકમ ઔદ્યોગિક વિકાસ માટે ખર્ચ કરવામાં આવી હતી અને ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક સરેરાશ દર 8.25% જેટલો રહેવા પામ્યો હતો. 1966 થી 1969 ના ત્રણ વર્ષનો સમયગાળાનો વાર્ષિક યોજનાનો હતો. આ ત્રણ વર્ષોમાં ઔદ્યોગિક પ્રગતિનો વાર્ષિક સરેરાશ દર 2% જેટલો રહ્યો હતો.

4. **ચોથી પંચ વાર્ષિક યોજના અને ઔદ્યોગિક વિકાસ :** ચોથી પંચ વાર્ષિક યોજનામાં જાહેર ક્ષેત્ર પાછળ 15900 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેમાં મોટા ઉદ્યોગો, ગૃહ ઉદ્યોગો, નાનો ઉદ્યોગો, સંગઠિત ઉદ્યોગો અને ખનીજના ઉદ્યોગોના વિકાસ માટે વાપરવામાં આવ્યા હતા. આ યોજનામાં લોખંડ-પોલાદ બિન-લોહધાતુ રાસાયણિક ખાતરો, પેટ્રોલિયમ પેદાશો, કાચું લોખંડ, કોલસો વગેરેના ઉત્પાદનોમાં વધારો કરવા કુલ ઔદ્યોગિક વિકાસ માટેના રોકાણની 75% રકમ ખર્ચ કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન 4.68% ના દરે ઔદ્યોગિક વિકાસ સિદ્ધ થઈ શક્યો હતો. આ સમયગાળા દરમિયાન કાચા માલની તંગી, કૃષિ ક્ષેત્રે મંદ પ્રગતિ, અને ઔદ્યોગિક અશાંતિ જેવા પ્રશ્નો પણ ઉદ્‌ભવ્યા હતા.

5. **પાંચમી પંચ વાર્ષિક યોજના અને ઔદ્યોગિક વિકાસ :** આ યોજનાના સમયગાળા દરમિયાન પોલાદ, ફર્ટિલાઈઝર્સ, ખનીજ તેલ, કોલસો અને યંત્રો બનાવવાના ઉદ્યોગને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. ઉપરાંત નાના પાયાના ઉદ્યોગોને વપરાશના ક્ષેત્રે વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન જાહેર ક્ષેત્ર 39430 કરોડ ખર્ચાયા હતા. જેમાંથી 592 કરોડ ગૃહ ઉદ્યોગો પાછળ, નાના ઉદ્યોગો માટે જ્યારે 8989 કરોડ અને ખનીજ ઉદ્યોગો માટે ખર્ચ કરવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન ઔદ્યોગિક વિકાસનો સરેરાશ દર 5% જેટલો રહ્યો હતો.

6. **છઠ્ઠી પંચ વાર્ષિક યોજના અને ઔદ્યોગિક વિકાસ :** આ યોજનામાં જાહેર ક્ષેત્ર પાછળ 19290 કરોડ ખર્ચાયા હતા. તેમાંથી લા કરોડ ગૃહ ઉદ્યોગો અને નાના ઉદ્યોગો પાછળ જ્યારે 20407 કરોડ સંગઠિત ઉદ્યોગો પાછળ ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ સ્થાપિત ઉદ્યોગોને વણ-વપરાયેલી શક્તિ, ખોટી ટેકનોલોજી પસંદગી બળતણની તંગી વગેરેને લીધે અપેક્ષિત સફળતા મળી ન હતી પરિણામે ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિનો વાર્ષિક સરેરાશ 3.7% જેટલો નજીવો રહ્યો હતો.

7. **સાતમી પંચ વાર્ષિક યોજના અને ઔદ્યોગિક વિકાસ :** સાતમી પંચ વાર્ષિક યોજનાઓ ઔદ્યોગિક વિકાસનું લક્ષાંક રાખવામાં આવ્યો હતો. અને એના માટે નાના અને ગૃહ ઉદ્યોગો વિકાસ દ્વારા રોજગારી ઉત્પાદન અને વિકાસમાં વધારો કરવા મોટા પાયાના ઉદ્યોગોમાં ખેતીલક્ષી વિકાસ કરવો ફુગાવાને ડામવા માટે ખાંડ, વનસ્પતિ તેલ, દવાઓ, કાપડ વગેરે વપરાશ ઉદ્યોગોનો વિકાસ કરવો દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે લોખંડ, પોલાદ સિમેન્ટ કોલસો વગેરે પાયાના ઉદ્યોગો વિકસાવવા જુદી જુદી યોજનાઓનો સ્વીકાર કર્યો હતો. તેમજ ઔદ્યોગિક વિકાસથી ઉદભવેલ ઊર્જાની માંગના પ્રમાણમાં પુરવઠો ઓછો હોવાથી બળતણની કટોકટી નિવારવા વીજળીના ઉત્પાદનમાં 12% ના દરે વધારો કરવાનો લક્ષાંક પણ આપવમાં આવ્યો હતો. આ યોજનાના સમયગાળા દરમિયાન વિકાસદર 7% જેટલો રહ્યો હતો.

   1991 થી 1993 ના સમયગાળા દરમિયાન અનિશ્ચિત દરે પ્રગતિ થઈ છે. 1991 થી દેશમાં ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વીકરણ નીતીનો સ્વીકાર કરી. નવી ઔદ્યોગનીતિ અમલમાં આવી અને તેના પરિણામો આઠમી યોજના પછી જોઈ શકાય છે.

8. **આઠમી પંચ વાર્ષિક યોજના અને ઔદ્યોગિક વિકાસ :** 1991ની નવી ઔદ્યોગનીતિની જાહેરાત બાદ આઠમી યોજના 1992 થી 1997 સુધી લાગુ કરવામાં આવી હતી. આ વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે ઉર્જા, પરિવહન, સંદેશા-વ્યવહાર અને સિંચાઈ ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ યોજનામાં જાહેર ક્ષેત્રે પાસે 4 લાખ કરતા વધુ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેમાંથી 40623 કરોડ ઉદ્યોગો માટે ખર્ચવામાં આવ્યા હતા. અને આ યોજના દરમિયાન ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક સરેરાશ દર 7.4% હતો. જ્યારે લક્ષ્યાંક 7.3% હતો.

9. **નવમી પંચવર્ષીય યોજના અને ઔદ્યોગિક વિકાસ :** 1 લી એપ્રિલ 1997 થી 31 માર્ચ 2002 ની નવમી યોજનામાં વાર્ષિક સરેરાશ 9.3% ના દરે ઔદ્યોગિક ઉત્પાદન વધારવાનું લક્ષણ રાખવામાં આવ્યું હતું. આ યોજનામાં જાહેર ક્ષેત્ર માટે 859200 કરોડ માંથી 44695 કરોડ એટલે કે 4.7 % ઉદ્યોગો અને ખાણો પાછળ ખર્ચ કરવામાં આવ્યા હતા. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસનો સરેરાશ વાર્ષિક 5% જેટલો રહ્યો હતો. આ યોજનામાં સસ્તા નાણાની

તથા ખાનગીકરણ, ઉદારીકરણ, વૈશ્વિકરણ (LPGની નીતી)દ્વારા ઉદ્યોગિક વિકાસને વેગ આપવાનો પ્રયત્ન થયો છતાં મોટા ભાગના વર્ષોમાં આંતરિક અને વૈશ્વિક મંદીથી અપેક્ષિત વિકાસ કરી શકાયો ન હતો.

**10. દસમી પંચ વાર્ષિક યોજના અને ઔદ્યોગિક વિકાસ :** 10મી વાર્ષિક યોજના એ 1991 પછીની જોવા મળતી અસરોની યોજના પણ કહી શકાય છે. આ યોજના દરમિયાન સરેરાશ 9 % વિકાસના દરના લક્ષણને સ્વીકારવામાં આવ્યો હતો. અને લક્ષણની સિદ્ધિ માટે ઉદ્યોગો તથા ખનીજો માટે 58939 કરોડની જોગવાઈ કરવામાં આવી દતી. એટલે કે 10મી યોજનામાં કુલ જાહેર ક્ષેત્રના 3.9% જેટલી રકમ ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસ માટે ફાળવવામાં આવી હતી. જેમાં આર્થિક ઉદારીકરણ નીતિ હેઠળ ખાનગી ઉદ્યોગોને વધુ સ્વતંત્રતા આપવામાં આવી હતી. આ યોજનાથી વૈશ્વિક પરિસ્થિતિ સુધરતા અને સરકારની પ્રોત્સાહક ઉદ્યોગનીતિની રીતે ઔદ્યોગિક ક્ષેત્રે સુધારા પણ શરૂ થયા છે.

## 14.3 પ્રાદેશિક અસમાનતાનો અર્થ અને ભારત :

અર્થશાસ્ત્રની પરિભાષામાં પ્રાદેશિક અસમતુલાનો અર્થ જોઈએ તો અસમતુલા એટલે સમતોલ ન હોવું અને પ્રાદેશિક રીતે એક પ્રદેશમાં ટૂંકમાં આર્થિક દ્રષ્ટિએ દેશના જુદા જુદા રાજ્યો કે પ્રદેશો વચ્ચે કે એક જ રાજ્યમાં જુદા જુદા પ્રદેશો વચ્ચેનો તફાવત જૈને પ્રાદેશિક અસમતુલા કહી શકીએ છીએ. એટલે કે કેટલાક રાજ્યો આર્થિક રીતે સધ્ધર હોય છે. તો કેટલાક રાજ્યો આર્થિક રીતે સધ્ધર નથી હોતા પરિણામે જોવા મળતી અસમતુલાને પ્રાદેશિક અસમતુલા પણ કહી શકાય.

ભારતના બધા જ રાજ્યોમાં એક જ સરખો વિકાસ થયેલો હોતો નથી. કેટલાક રાજ્યોનો વિકાસ સારો થયો હોય છે. તો કેટલાક રાજ્યોનો વિકાસ ઓછો થયેલો હોય છે. જે રાજ્યમાં ઉદ્યોગોને જરૂરી કાંચો માલ પૂરતા પ્રમાણમાં મળી રહે છે કે વાહન વ્યવહાર સરળતાથી થતો હોય અથવા તો પ્રાદેશિક કે વાતાવરણ અનુકૂળ હોય એવી જગ્યાએ ઉદ્યોગો વધુ હોય છે. અને જે જગ્યાએ આ પ્રમાણે અનુકૂળતા નથી હોતી ત્યાં ઉદ્યોગોનું પ્રમાણ ઓછું હોય છે. જે નીચેના ચાર્ટ દ્વારા આપણે જાણી શકીએ છીએ...

| **ક્રમ (Sr.)** | **રાજ્ય (State)** | **ઉદ્યોગોની ટકાવારી (Factories)** |
|---|---|---|
| 1. | તમીલનાડુ | 16.6 |
| 2. | મહારાષ્ટ્ર | 13.0 |
| 3. | ગુજરાત | 10.2 |
| 4. | આંધ્રપ્રદેશ | 7.0 |
| ૫. | ઉત્તરપ્રદેશ | 6.4 |
| 6. | તેલંગાણા | 6.3 |
| 7. | પંજાબ | 5.5 |
| 8. | કર્ણાટક | 5.4 |
| 9. | પશ્ચિમ બંગાળ | 3.9 |
| 10. | રાજસ્થાન | 3.9 |
| 11. | મધ્યપ્રદેશ | 1.8 |
| 12. | બિહાર | 1.5 |

સ્રોત : https://Image.aap.goo.gle/eTxqUFsubnRKeS5WA

કોષ્ટકના અંદર જુદા જુદા રાજ્યોમાં ફેક્ટરી એટલે કે ઉદ્યોગોનું પ્રમાણ દર્શાવવામાં આવેલું છે. જેમાં ઘણા રાજ્યોમાં બે આંકડાઓ એટલે કે 10% કરતાં પણ વધુ ઔદ્યોગિક વિકાસ થયેલો નજરે આવે છે. જ્યારે બીજા અન્ય રાજ્યોમાં 5 થી 6 ટકાની આજુબાજુ છે. તો ઘણા રાજ્યોમાં એક થી ત્રણ ટકાની આજુબાજુ ઉદ્યોગોનો વિકાસ થયો છે. કોષ્ટક મુજબ જોવા જઈએ તો તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત જેવા રાજ્યોમાં 10% કે તેથી વધુ વિકાસ થયેલો જોવા મળ્યો છે. જ્યારે આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, તેલંગણા, પંજાબ અને કર્ણાટકમાં 5% થી 7% ની આજુબાજુ વિકાસ થયેલો જોવા મળે છે. જ્યારે પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાં 1% થી 3% સુધીનો વિકાસ થયેલો જોવા મળે છે. જે એક પ્રકારનું પ્રાદેશિક અસમાનતા દર્શાવે છે. એટલે કે ઘણા રાજ્યોમાં ઔદ્યોગિક વિકાસનું ચિત્ર ઉપસી આવે છે. તો ઘણા રાજ્યોમાં ઔદ્યોગિક ચિત્ર વિકાસનું ચિત્ર ઉપસી આપતું નથી. કારણ કે આ રાજ્યોમાં ઉદ્યોગોનો વિકાસ ઘણો ઓછો થયો છે. દાખલા તરીકે ગુજરાતની વાત કરીએ તો દેશની ઔદ્યોગિક રીતે અગ્રીમ વિકસિત રાજ્ય છે. પરંતુ ગુજરાતનો ઉદ્યોગિક વિકાસ વડોદરા થી વાપી સુધી ઔદ્યોગિક પટ્ટી સુધી અને અમદાવાદની ઔદ્યોગી પટ્ટીમાં વિકાસ થયો છે. જ્યારે ગુજરાતના અન્ય જિલ્લાઓની વાત કરીએ તો ડાંગ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, મહેસાણા, ખેડા, સુરેન્દ્રનગર જેવા જિલ્લામાં ગુજરાતમાં છે. પરંતુ તેનો ઔદ્યોગિક વિકાસ નહીં બરાબર છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ જીલ્લો ઉદ્યોગ રીતે વિકસિત છે.પરંતુ રાજકોટ જિલ્લાના અમુક વિસ્તારમાં ઉદ્યોગો વિકસ્યા છે. આ આપણા દેશમાં ઔદ્યોગિક રીતે પ્રાદેશિક અસમાનતા જોવા મળે છે તે તીવ્ર છે. અમુક પ્રદેશોમાં જરૂર કરતાં અનેક ઉદ્યોગો વિક્સ્યા છે. તેના કારણે શહેરીકરણ ઔધોગીકરણના ગંભીર પ્રશ્નો સર્જાયા છે. તો બીજી બાજુ વસ્તીનો પ્રશ્ન પણ મોટાભાગે સર્જાતો ગયો છે. અને પ્રાદેશિક સમાનતાને. કારણે આવક અને રોજગારીના સર્જનના પ્રશ્નો ઉપસ્થિત થયા છે.

## 14.4 પ્રાદેશિક અસમાનતાના કારણોઃ

### 1. ભૌગોલિક કારણ :

ભારતના દરેક રાજ્યોમાં ભૌગોલિક અસમાનતા જોવા મળે છે દરેક રાજ્યમાં ભૌગોલિકતા જુદી જુદી છે કો રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધુ છે તે કોઈ રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધુ જોવા મળે છે પરિણામે તે પ્રદેશમાં કૃષિ અને અન્ય કાચો માલ પર તફાવત જોવા મળે છે અને પરિણામે તેને આધારે ઉદ્યોગોનો વિકાસ થાય છે જેમ કે ગુજરાતની વાત કરીએ તો ગુજરાતના અંદર દક્ષિણ ગુજરાતમાં શેરડીનું ઉત્પાદન વધુ થાય છે તો ત્યાં મોટાભાગે ખાંડ અનેઃગોળનું ઉત્પાદન માટેના ઉદ્યોગો નાખવામાં આવેલા છે જ્યારે ઉત્તર ગુજરાતમાં સેનેટરી. ઉદ્યોગનો વિંકાસ ઝડપી થયો છે આમ રાજ્યના અંદર ભૌગોલિક અસમાનતા હોવાથી પ્રાદેશિક અસમાનતા જોવા મળી છે.

### 2. શ્રમ દળનું પ્રમાણ :

ભારતના દરેક રાજ્યમાં ઉદ્યોગોનો વિકાસ "થયો છે ઉદ્યોગોમાં ટેકનોલોજી પણ જોવા મળી છે પરંતુ ટેકનોલોજીના સંચાલન માટે માણસોની જરૂર પડે છે અને નાના કે મોટા કામ એ શ્રમિકો દ્વારા થતા હોય છે આમ જે રાજ્યમાં શ્રમિકો વધુ કાર્યશીલ ઓછી કિંમતે અને સરળતાથી પ્રાપ્ત થતા હોય તેવા જગ્યાએ કે તેવા રાજ્યમાં ઉદ્યોગોનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે ખાસ કરીને સિમેન્ટ લોખંડ અને પોલાદ જેવા ઉદ્યોગોમાં શ્રમિકોની જરૂર વધુ પડે છે તો તેવા ઉદ્યોગો મોઢાભાગે જે રાજ્યમાં ઝડપથી પ્રાપ્ત થતું હોય તેવા સ્થળે સ્થાનિકરણ થતું હોય છે પરિણામે પ્રાદેશિક અસમાનતા જોવા મળી છે.

**3. ઐતિહાસિક પરિબળ :**

ભારતમાં અંગ્રેજો દ્વારા 200 વર્ષ સુધી રાજ કરવામાં આવ્યું હતું. જેનો એક જ ઉદ્દેશ હતો કે પોતાના રાજ્યનો વિકાસ કરવો. પરિણામે અંગ્રેજો દ્વારા પોતાના દેશમાં કે પ્રદેશોનો વિકાસ થયો છે. જ્યારે ભારતમાં અસમતુલા સર્જાય છે. બ્રિટિશ સરકારના શાસન હેઠળ આ અસમતુલાનો પ્રારંભ, થયો છે. બ્રિટિશ સરકારે માત્ર એવા પ્રદેશોને વિકાસને મદદ આપી છે કે જ્યાં મેન્યુફેક્ચરેંગ તેમજ વેપારની સગવડો હતી. બ્રિટીશ ઉદ્યોગપતિએ મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ પર પસંદગી ઉતારી હતી અને કોલકત્તા, મુંબઈ, ચેન્નઈ આ ત્રણ મેટ્રોપોલિટન શહેરો ઉદ્યોગો માટે આકર્ષક હતા. બીજું કે બ્રિટિશ સરકારની જમીન મહેસુલ જે નીતિ અપનાવી જેના કારણે ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારો ધીમે ધીમે પાયમલ થતા ગયા. જમીનદારો અને શાહુકારો માલામાલ થયા. સિંચાઈની અપૂરતી સગવડોને કારણે પણ ખેતરોનો પૂરતો વિકાસ થઈ શક્યો નથી. જેના કારણે પ્રાદેશિક અસમતુલા સર્જાય છે.

**4. કાચામાલની પ્રાપ્તિ :**

વર્તમાનમાં કોઈપણ વસ્તુ તૈયાર કરવા માટે કાચા માલની જરૂર પડે છે. કાચા માલ વિના તૈયાર માલ બનાવી શકતા નંથી. માટે ઉદ્યોગો એવા સ્થળે સ્થાનિકરણ થતું હોય છે કે જે જગ્યાએ કાચો માલ એમને સરળતાથી પ્રાપ્ત થાય અને જે પ્રમાણે ઉદ્યોગો હોય એ પ્રમાણે કાચો માલ તે વિસ્તારમાંથી પ્રાપ્ત થતો હોવાથી તે વિસ્તારમાં ઉદ્યોગો સ્થાનિકરણ કરે છે. જેના કારણે પ્રાદેશિક જ સમતુલા સર્જાય છે. દાખલા તરીકે દરિયા કિનારાના વિસ્તારમાં મોટાભાગે શણનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે. જ્યારે કપાસનું ઉત્પાદન થતું હોય તેવા રાજ્યોમાં કાપડના ઉદ્યોગોનો વિકાસ થયો છે. આમ કાચામાલની પ્રાપ્તિ પણ પ્રાદેશિક અસમતુલા સર્જાવાનું કારણ ગણાવી શકાય.

**5. આયોજન :**

ભારતે આઝાદી બાદ પંચવર્ષીય યોજનાનો સ્વીકાર કર્યો છે. જેના કારણે અન્ય દેશોની માફક ભારતનો પણ ઝડપી વિકાસ થઈ શકે તે મોટાભાગે સરકારે દર વર્ષે પંચવાર્ષિક યોજના અમલીકરણ કર્યું, છે. જેમાં ખર્ચાઓની ફાળવણીમાં સમૃધ્ધ રાજ્યોની તરફેણ કરવામાં આવી છે. જ્યારે પછાત રાજ્યોમાં તરફ દુર્લક્ષ સેવવામાં આવ્યું છે. પ્રથમ યોજનાથી છેક આઠમી યોજના સુધી પંજાબ, હરિયાણામાં આયોજિત ખર્ચ સૌથી વધુ રહ્યો છે. જ્યારે બિહાર, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં સાવ ઓછો ખર્ચ રહ્યો છે. આમ આર્થિક આયોજન પણ પ્રાદેશિક અસમતુલાનું કારણ ગણાવી શકાય.

**6. રાજકારણ :**

પ્રાદેશિક અસમતુલામાં રાજકારણ પણ એક મહત્ત્વનું કારણ ગણાવી શકાય છે. કેટલાક રાજ્યોની સરકારે પોતાના વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ માટે સઘન પ્રયત્નો કર્યા છે. જેમાં પંજાબ, હરિયાણા ગુજરાત, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં જ્યારે અન્ય કેટલાક રાજ્યોની સરકાર આંતરિક વિખવાદ, વિવાદ અને ગંદા રાજકારણમાં વ્યસ્ત રહે છે. તેથી પોતાના વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ તરફ પૂરતું ધ્યાન આપી શકતી નથી. જેના કારણે પ્રાદેશિક અસમતુલા સર્જાય છે.

**7. આંતરમાળખાકીય સુવિધાઓ :**

આંતર માળખાકીય સુવિધાઓ પણ પ્રાદેશિક અસમતુલા માટે જવાબદાર ગણાવી શકાય કારણ કે કોઈ પણ ઉદ્યોગોનું સ્થાનિકરણ એવી જગ્યાએ પસંદ કરવામાં આવે છે કે જે જગ્યાએ આંતરરાષ્ટ્રીય સુવિધા જેવી વીજળી, પાણી, રોડ રસ્તા, વાહન-વ્યવહાર, સંદેશ-વ્યવહાર વગેરે

સરળતાથી પ્રાપ્ત થાય.જેથી ઉદ્યોગ સારો નફો પ્રાપ્ત કરી શકે. આમ જે પ્રદેશમાં, વિસ્તારમાં કે રાજ્યોમાં આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ ઝડપી થયો હોય તેવા રાજ્યોમાં કે પ્રદેશમાં ઉદ્યોગોનું પ્રમાણ વધુ હોય છે. પરિણામે પ્રાદેશિક અસમતુલા સર્જાઈ છે.

## 14.5 ભારતનાં ઔદ્યોગિક ક્ષેત્રમાં આર્થિક સતાના કેન્દ્રીકરણ :

ભારતે આઝાદી બાદ સમાજવાદ સામ્યવાદ અને મૂડીવાદ આ ત્રણ મને આધારે ભારતે મિશ્રત તંત્રનો સ્વીકાર કર્યો છે કારણ કે મૂડીવાદી અર્થસ્થાના વિકાસ સાથે આધુનિક વિશ્વના જુદા જુદા દેશોમાં વ્યક્તિઓની આવક અને સંપત્તિ અસમાનતા જોવા મળી છે કારણ કે ઔદ્યોગિક ગૃહો જુદી જુદી યુક્તિઓ અઠલાવીને ઉદ્યોગો ક્ષેત્ર સ્થાપિત કરેલી પરિણામે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અમુક જ વ્યક્તિઓના આત્મકે કુટુંબમાં સ્થાપિત થવા પામ્યું છે ઔદ્યોગિક ક્ષેત્રે ઈજારાના સર્જનના કારણે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ પણ વધવા લાગી છે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ લિસ્ટ મારે ઘણું નુકસાનકારક છે આ અનિષ્ટને શક્ય હોય તેટલું નિવાર અને ઘટાડવું જરૂરી છે અમેરિકા જેવા દેશોમાં ઈજારા નિયંત્રણ અને આર્થિક સત્તાને કેન્દ્રીતાને અટકાવવા ટ્રસ્ટ વિરોધી કાયદાઓ પણ પસાર કરવામાં આવ્યા હતા અને ભારતમાં અન્ય દેશોની માફક આજે પણ આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ જોવા મળે છે જેની ચર્ચા આપણે આ પ્રકરણમાં કરીશું

## 14.6 ભારતનો આર્થિક સત્તાના કેન્દ્રીકરણના કારણો :

1991 નીતિઓમાં અપનાવલી વ્યાખ્યા અનુસાર : "ઈજાદાર પેઢી એટલે કુલ બજાર પુરવઠામાં જેનો ફાળો 25% થી વધુ હોય તેવી પેઢી".

પ્રો.સી.એન.વકીલના મત મુજબ : "એક કે થોડી વ્યક્તિઓ કોઈપણ રીતે પ્રાપ્ત કરેલી શક્તિઓ દ્વારા વિશાળ સંખ્યા ધરાવતા લોકોના જીવનની અસર કરી શકે તેવા આર્થિક નિર્ણયોને પ્રભાવક રીતે અસર પહોંચાડનાર છે તેમની શક્તિને આર્થિક સત્તાનો કેન્દ્રીકરણ કહી શકાય".

વર્ષ 1964 માં ઈજારા તપાસ પંચની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ કે.સી.દાસ ગુપ્તાના અધ્યક્ષ પદે પાંચ સભ્યોનું તપાસ પંચ નીમ્યું હતું. આ પંચ "ઈજારાતપાસ" પંચ તરીકે જાણીતું થયું છે. જેમને 1965 માં પોતાનો અહેવાલ રજૂ કર્યો જેમને જાહેર ક્ષેત્ર અને કૃષિ ક્ષેત્રને બાકાત રાખી પોતાની તપાસમાંથી આ. પંચે સંગઠિત ખાનગી ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

1. **ઔદ્યોગિક નીતી :** ભારતની આઝાદી બાદ અપનાવવામાં આવેલી જુદી-જુદી ઔદ્યોગિક નીતિ જાહેર કરવામાં આવી. જેમાં ભારતે મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કરી જાહેર ક્ષેત્ર સાથે ખાનગી ક્ષેત્ર પણ વિકાસ થાય તે માણે નિર્ણય લીધા હતા. જેને કારણે લોખંડ, પોલાદ, રસાયણ, યંત્ર સામગ્રી, એલ્યુમિનિયમ, ટાયર, ટુવિલર, ફોરવીલર, ટેલિકોમ્યુનિકેશન,સ્ટીલની કંપની વગેરે કંપની મોટાભાગે ખાનગી ક્ષેત્રના હાથમાં છે. અને પરિણામે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું છે તેમ કહી શકાય.

2. **ઔદ્યોગિક ધિરાણ :** આર્થિક સત્તાનો કેન્દ્રીકરણ થવાનું એક મહત્ત્વનું કારણ એ પણ હતું કે ઉદ્યોગ અને આપવામાં આવતી નાણાકીય સવલતો કારણ કે બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ઉદ્યોગોના ધિરાણ માટે પ્રથમ પસંદગી આપતા હતા. અને પરિણામે ઉદ્યોગોને ધિરાણ વધતું જતું હતું જેથી ઉદ્યોગોનો વિકાસ થતો ગયો પરંતુ આ ઉદ્યોગોનો નફો શ્રમિક કે અન્ય વર્ગો સુધી ઓછો પહોંચ્યો અને પરિણામે આર્થિક સત્તાનો કેન્દ્રીકરણ થવા લાગ્યું બીજી બાજુ એ પણ થયું છે કે નાના ઉદ્યોગોને કે ગૃહ ઉદ્યોગોને પૂરતું ધિરાણ ન મળતા તેઓ સામે ટકી શક્યા નહિ.

3. **ઔદ્યોગિક વસ્તુની માંગ :** ભારતમાં આયોજનના સમયગાળા દરમિયાન લોકોની આવકોમાં ઝડપી વધારો થયો છે તેના કારણે લોકોની ચીજવસ્તરી માંગમાં પણ વૃદ્ધિ થઈ છે વર્તમાનમાં કુટુંબો તેમની આવકને આધારે ગુણવત્તાવાળી ચીજ વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખે છે જેના કારણે ગૃહ ઉદ્યોગો કે નાના ઉદ્યોગોને બદલે મોટા ઉદ્યોગોને ચીજ વસ્તુને પસંદ કરે છે જેના કારણે મોટા ઉદ્યોગોનું કેન્દ્રીકરણ વધવા લાગ્યું છે અને નાના ઉદ્યોગો ધીમે ધીમે બંધ થવા લાગ્યા છે તેની સાથે સાથે બ્રાન્ડેડ વસ્તુઓની માંગ પણ વધી છે અને વિદેશી વસ્તુની માંગ પણ વધી છે જેને પણ એક પ્રકારનું કેન્દ્રીકરણ કહી શકાય.

4. **બ્રાન્ડેડ વસ્તુની માંગ :** વર્તમાનમાં વ્યક્તિની આવક વધતા જીવન ધોરણમાં સુધારો થવા લાગ્યો છે તેની વ્યક્તિ વસ્તુની કિંમતને બદલે ગુણવત્તાને વધુ મહત્ત્વ આપે છે એટલે કે સારી ગુણવત્તાવાળી બ્રાન્ડેડ ચીજ વસ્તુઓની માંગ કરે છે પછી વિદેશી વસ્તુ હોય કે દેશની વસ્તુઓ હોય જેના કારણે તે ઉદ્યોગોનું કેન્દ્રીકરણ વધવા લાગ્યું છે આજે મોટાભાગની ચીજ વસ્તુઓ ઓનલાઈન ચીજ વસ્તુઓ દ્વારા મંગાવવામાં આવે છે જેમાં પણ મોટા ઉદ્યોગોને ચીજ વસ્તુઓની કેન્દ્રીકરણ વધતું ગયું છે. અને આ બ્રાન્ડેડ વસ્તુઓ મોટાભાગે મોટા ઉદ્યોગોને વસ્તુ હોય છે જેમ નાના ઉદ્યોગોની વસ્તુઓની ઓછા પસંદ કરે છે પરિણામે લક્ઝરીયસ એટલે કે ચીજવસ્તુના ઉદ્યોગોને કેન્દ્રીકરણ વધતું ગયું છે.

૫. **વિદેશી સહયોગ :** દેશમાં નવી ઔદ્યોગિક નીતિ માં વિદેશી મૂડીના સહયોગની શિકારવામાં આવ્યો હતો પણી ઉદ્યોગોની સરખામણીમાં મોટા ઉદ્યોગી ગૃહો વિદેશી ટેકનોલોજી મેળવવા સફર આયા હતા પરિણામે મોટા ઉદ્યોગોમાં વિદેશી ટેકનોલોજીથી ઊંચી ગુણવત્તા અને નીચી કિંમતવાળી વસ્તુઓનું ઉત્પાદન વધતું ગયું છે. અને તેની સામે દેશની નાની કંપનીઓની ચીજ વસ્તુઓ હરીફાઈ કરી શકે નથી બીજી બાજુ વિદેશ કંપનીના સહયોગને કારણે ભારતીય કંપનીઓને પ્રતિષ્ઠા મળતી ગઈ છે જેના કારણે મોટા બજારના લાભો થયા છે અને આર્થિક કેન્દ્રીકરણ વધવા લાગ્યું છે.

6. **ધિરાણમાં ભેદભાવ :** ભારતમાં બેંકો અને અન્ય નાણાકીય સંસ્થા દ્વારા આપવામાં આવતા ઉદ્યોગોને ધિરાણમાં કેટલાક ભેદભાવ જોવા મળ્યા છે એટલે કે જેટલા નાણા કે ધિરાણ ગૃહ ઉદ્યોગોને મળે છે તેના કરતાં ઝડપી અને વધુ મોટા ઉદ્યોગોને આપવામાં આવે છે પરિણામે મોટા ઉદ્યોગો એ વધુને વધુ વિકાસ કરતા જાય છે અને આર્થિક કેન્દ્રીકરણ વધતું ગયું છે જ્યારે એના વિરુદ્ધમાં નાના ઉદ્યોગો ધીમે ધીમે પડી ભાગવા લાગ્યા છે આમ ધિરાડમાં ભેદભાવ પણ આર્થિક સત્તા ના કેન્દ્રીકરણમાં મહત્ત્વનું પરિબળ ગણી શકાય.

**આર્થિક સત્તાના કેન્દ્રીકરણના પરિણામો (અસરો)**

1. **સામાજિક અસર :** આર્થિક સત્તાના કેન્દ્રીકરણને કારણે રોજગારી મેળવતા સુખ સગવડો અને વૈભવી ભોગવે છે. જેના કારણે સામાજિક અને શૈક્ષણિક મૂલ્યો પણ વિપરીત અસરો નીપજે છે. ધનિકોનું વર્ચસ્વ અને સંપત્તિનું પ્રદર્શન ગરીબ લોકોના માનસ પર ધનિક વર્ગના પ્રત્યે ઈર્ષા, તિરસ્કાર ની લાગણી જન્મ આવે છે. અને અંતે સામાજિક સંઘર્ષ અને વર્ગવિગ્રહમાં પરિણમે છે.

2. **નાના ઉદ્યોગો પર થતી અસર :** આર્થિક સત્તાના કેન્દ્રીકરણને કારણે લોકોની આવકમાં વધારો થયો છે પરિણામે લોકો ઊંચી કિંમત આપીને પણ ગુણવત્તાયુક્ત વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખે છે તેની સાથે સાથે વિદેશી વસ્તુને વધુ વપરાશ કરે છે પરિણામે દેશના ગૃહ ઉદ્યોગો નાના ઉદ્યોગો અને તેની સાથે સાથે ખેતી ક્ષેત્ર સાથે સંકળાયેલા

ઉદ્યોગો પર વિપરીત અસર થાય છે અને લાંબા ગાળે ગરીબી અને બેકારી પર એની અસર પ્રતિકૂળ પડે છે.

3. **પર્યાવરણ ઉપર થતી અસર :** જ્યારે નાના ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગો ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરે છે એ મોટાભાગે ઔદ્યોગિક કચરો સૌથી ઓછો બહાર પાડે છે. પરંતુ જ્યારે મોટા ઔદ્યોગિક ગૃહો કોઈ ચીજ વસ્તુનું ઉત્પાદન કરે છે. તો એના કારણે જમીન, પાણી અને આકાશમાં પણ મોટાભાગે પ્રદૂષણ ફેલાય છે. જેથી વ્યક્તિના સ્વાસ્થ્ય ઉપર વિપરીત અસર પડે છે. જે લાંબા ગાળે વ્યક્તિનું આયુષ્ય ઘટાડે છે. આમ ઔદ્યોગિક કેન્દ્રીકરણને કારણે જેમ જેમ ઉદ્યોગો વધતા ગયા છે તેમ તેમ લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર પણ થતી ગઈ છે એમ પણ કહી શકાય.

4. **ગ્રાહકોનું શોષણ :** આર્થિક સત્તાના કેન્દ્રીકરણને કારણે ઇજારાશાહીનો પણ ઉદ્ભવ થાય છે. અને જ્યારે એ જે તે દેશના બજાર અને લોકો માટે નુકસાનકારક નીવડે છે. આર્થિક સત્તાને કેન્દ્રીકરણના પરિણામે મોટા ઔદ્યોગિક ગૃહો સરેરાશ ખર્ચથી ઊંચા ભાવ લઈને ગ્રાહકોનું શોષણ કરે છે. અને ઉત્પાદકતા કરતાં ઓછું વેતન આપીને કામદારોનું પણ શોષણ કરે છે.

5. **આવક અને સંપત્તિની અસમાનતા :** આર્થિક સત્તાના કેન્દ્રીકરણના પરિણામે આવક અને સંપત્તિની અસમાનતા એટલે કે ધનિક અને ગરીબો વચ્ચેની ખાઈ ધીમે ધીમે વધતી જાય છે. મોટા ઔદ્યોગિક ગૃહો આર્થિક સત્તાના જોડે રાજકારણમાં દાખલગીરી કરતા થઈ જાય છે. અને ચૂંટણીના ફંડ આપીને રાજકીય પક્ષો અથવા સરકાર પોતાના માટે સારા એવા નિર્ણય લે છે. પરિણામે એનો ગેરલાભ ઉઠાવીને મોટા ઉદ્યોગો સૌથી વધુ નફો મેળવતા જાય છે. અને કર્મચારીનું શોષણ વધતું જાય છે, આમ ધનિકો વધુ ધનિક અને ગરીબ વધુ ગરીબ બનતો જાય છે. પરિણામે આવકની અસમાનતા વધતી જાય છે અને સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોના પાયામાં જે વિનાશકારી સમાન નિવડે છે.

## 14.7 સારાંશ

અહીં આપણે જોયું કે ભારતે આઝાદી બાદ મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કર્યો અને પંચ વાર્ષિક યોજના શરૂ કરી જેથી ભારતીય અર્થતંત્રમાં કૃષિ અને ઉદ્યોગો બંને ક્ષેત્રોનો વિકાસ થયો છે. જેના કારણે ગ્રાહકોનું મહતમ કલ્યાણ થાય છે.તેની સાથે ઉદ્યોગો ક્યા સ્થળે સ્થાનીય કરણ થતું હોય છે.અને તેને અસર કરતા પરિબળો દ્વારા તેની સમજુતી મેળવી છે. આ ઉદ્યોગો કોઈ પ્રદેશમાં વધુ તો કોઈ પ્રદેશમાં ઓછા પ્રમાણમાં જોવા મળ્યા છે. તેના કારને સર્જાતી પ્રાદેશિક અસમાનતા તેની સાથે મોટા ઉદ્યોગોનું કેન્દ્રીકરણ થવાથી દેશના નાના અને ગૃહ ઉદ્યોગો પર વિપરીત અસરોની માહિતી આ પ્રકરણ દ્વારા મેળવી છે.

## 14.8 ચાવી રૂપ શબ્દો :

(1) **પંચ વાર્ષિક યોજના :** આયોજન પંચ દેશના વિકાસ માટે દૂરલક્ષી યોજના, પાંચ વર્ષની હોય તેને પંચ વાર્ષિક યોજના કહેવાય.

(2) **સ્થાનીયકરણ :** એટલે જે જગ્યાએ કાચો માલ એમને સરળતાથી પ્રાપ્ત થાય અને જે પ્રમાણે ઉદ્યોગો હોય એ પ્રમાણે કાચો માલ તે વિસ્તારમાંથી પ્રાપ્ત થતો હોવાથી તે વિસ્તારમાં ઉદ્યોગો સ્થાનીયકરણ કહે છે.

**(3)** **પ્રાદેશિક સમાનતા અને પ્રાદેશિક અસમાનતા :** એટલે સમતોલન હોવું અને પ્રાદેશિક રીતે એક પ્રદેશમાં આર્થિક દૃષ્ટિએ દેશના જુદા જુદા રાજ્યો કે પ્રદેશો વચ્ચે તફાવત જેને પ્રાદેશક અસમતુલા કહે છે.

**(4)** **શ્રમદળ :** 15 થી 60 વર્ષના ઉત્પાદકીય પ્રવૃત્તિ કાર્યરત વસ્તી શ્રમદળ તરીકે ઓળખવામાં આવે છે.

**(5)** **આર્થિક કેન્દ્રીકરણ :** કોઈ એક ઉદ્યોગમાં ઉત્પાદન અને રોજગારી જેવી બાબતમાં જૂજ પેઢીઓનો હિસ્સો મોટો હોય તેવી સ્થિતિ.

**(6)** **ઈજારાશાહી :** ઈજારોઓનું વર્ચસ્વ જેમાં હોય તેવી ઉત્પાદન કે વિતરણની આર્થિક પ્રવૃત્તિ.

## 14.9 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

1. પ્રાદેશિક અસમાનતાનો અર્થ આપી તેના કારણોની ચર્ચા કરો ?
2. પંચવાર્ષિક યોજના દરમિયાન ભારતનો ઔદ્યોગિક વિકાસ વણવો ?
3. આર્થિક સતાના કેન્દ્રીકરણની વ્યાખ્યા સમજાવી તેના કારણોની ચર્ચા કરો.
4. આર્થિક સતાના કેન્દ્રીકરણની પરિભાષા સમજાવી તેના અસરોની ચર્ચા કરો.

**(બ) નીચેના પ્રશ્નોના ટૂંકા જવાબ આપો :**

1. પ્રથમ પાંચ પંચવાર્ષિક યોજના દરમિયાન થયેલો ઔદ્યોગિક વિકાસ સમજાવો.
2. પંચવાર્ષિક યોજના દરમિયાન થયેલો ઔદ્યોગિક વિકાસ ટૂંકા સમજાવો.
3. પ્રાદેશિક અસમાનતા સમજાવો.
4. પ્રાદેશિક અસમાનતાના કારણો સમજાવો.
5. આર્થિક સતાના કેન્દ્રીકરણના કારણો સમજાવો.
6. આર્થિક સતાના કેન્દ્રીકરણના પરિણામો સમજાવો.

**(ક) ટૂંક નોંધ લખો :**

1. પ્રાદેશિક અસમાનતા સમજાવો.
2. પંચવાર્ષિક યોજના દરમિયાન ભારતનો ઔદ્યોગિક વિકાસ
3. પ્રાદેશિક અસમાનતાના કારણો સમજાવો.
4. આર્થિક સતાના કેન્દ્રીકરણના કારણો સમજાવો.

૫. આર્થિક સતાના કેન્દ્રીકરણના પરિણામો સમજાવો.

**(ડ) બહુ વૈકલ્પિક પ્રશ્નો :**

1. ભારતમાં ક્યા વર્ષથી પંચવાર્ષિક યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.

   (અ) 1950 (બ) 1951 (ક) 1952 (ડ) 1956

2. ભારતમાં છેલ્લી પંચ વાર્ષિક યોજના કઈ છે.

   (અ) 10 મી (બ) 13 મી (ક) 12 મી (ડ) 11 મી

3. કઈ પંચવાર્ષિક યોજનામાં કાચા માલની તંગી, કૃષિ ક્ષેત્રે માંડી અને ઔદ્યોગિક અશાંતિ જે પ્રશ્નો ઉપસ્થિત થયા હતા.

   (અ) 10 મી ( બ) 8 મી (ક) 4 થી (ડ) બધાય

4. ભારતના બધાજ રાજ્યોમાં એક સરખો વિકાસ નથી તેને .....

   (અ) પ્રાદેશિક અસમાનતા (બ) મૂડીની અસમાનતા (ક) આવકની અસમાનતા (ડ) એક પણ નહી

5. ગુજરાતના ક્યા જીલ્લામાં ઉદ્યોગ સારી રીતે વિકાસ પામેલો છે.

   (અ) મહેસાણા (બ) કચ્છ -ભુજ (ક) અમદાવાદ (ડ) રાજકોટ

6. ક્યા કારણોથી ભારતના રાજ્યોમાં ઔદ્યોગિક અસમાનતા જોવા મળે છે.

   (અ) શ્રમ દળનું પ્રમાણ (બ) ભૌગોલિક પરિસ્થિતિ (ક) કાચા માલની પ્રાપ્તિ (5) બધાય

7. ગુજરાતના ક્યા પ્રદેશમાં શેરડીનું ઉત્પાદન વધુ થાય છે.

   (અ) ઉત્તર ગુજરાત (બ) મધ્ય ગુજરાત (ક) દક્ષિણ ગુજરાત (ડ) એક પણ નહિ

8. વર્ષ 1991 ની નીતિને ________ નીતિ કહે છે.

   (અ) LPG (બ) PLG (ક) PDF (ડ) GPL

9. આર્થિક સતાના કેન્દ્રીકરણના કારણો ક્યા છે.

   (અ) ઔદ્યોગિક નીતિ (બ) ઔદ્યોગિક ધિરાણ (ક) ઔદ્યોગિક વસ્તુની માંગ (ડ) બધાય

10. ઈજારાતપાસ પંચક્યા વર્ષે નીમાયું હતું ?

    (અ) 1961 (બ) 1964 (ક) 1947 (ડ) 1991

## • સંદર્ભ સૂચિ


1. ભારતનાં ઉદ્યોગીકરણ માટેનું આયોજન, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ.
2. Economic & Business Environment, Ramesh Book Depot, Jaipur.
3. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ક્રિયેટીવ પ્રકાશન.
4. https://gujarativishwakosh.
5. https://delhiplanning.delhi.gov.in/sites/default/fiels/Planning/chapter 9.pdf
6. ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ભારત પ્રકાશન.
7. Industrial Economics, New popular Prakashan, Surat.


## • તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) બ (2) ક (3) ક (4) અ (5) ડ (6) ડ (7) ક (8) અ (9) ડ (10) બ

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-739-6